BAOU
Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

B.A. અર્થશાસ્ત્ર

ECOM 307

ECONMJ 401

આંતરરાષ્ટ્રીય વેપાર અને જાહેર અર્થશાસ્ત્ર



સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

અસ્તુ!

પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય

કુલપતિ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ

BA Paper - 7

(મુખ્ય વિષય) ECONMJ-401, ECOM-307

જાહેર અર્થશાસ્ત્ર અને આંતરરાષ્ટ્રીય વેપાર

એકમ સંખ્યા	એકમનું નામ અને સમાવિષ્ટ મુદ્દાઓ
1	જાહેર અર્થશાસ્ત્ર - અર્થ, સ્વરૂપ અને કાર્યક્ષેત્ર. જાહેર અને ખાનગી ક્ષેત્ર વચ્ચે તફાવત
2	બજારની નિષ્ફળતા અને સરકારની ભૂમિકામહત્તમ સામાજિક લાભનો સિદ્ધાંત, બજારની નિષ્ફળતા અને સરકારની ભૂમિકા
3	જાહેર ખર્ચ- અર્થ, જાહેર ખર્ચનું વર્ગીકરણ, જાહેર ખર્ચના સિદ્ધાંતો
4	ભારતમાં જાહેર ખર્ચ-જાહેર ખર્ચનો અસરો, જાહેર ખર્ચનું વલણ. જાહેર ખર્ચ વધવાનાં કારણો
5	જાહેર આવક - જાહેર આવકના સ્રોતોનો પરિચય - કરવેરા. જાહેર દેવું (આંતરિક, આંતરરાષ્ટ્રીય) જાહેર સાહસોનો નફો, દંડ, ફી
6	કરવેરા- I : અર્થ, પ્રકારો, કરવેરાના સિદ્ધાંતો, કરભારનું વિભાજન, કરાધાત અને કરસંપાત
7	કરવેરા - II : અસરો, આદર્શ કર વ્યવસ્થાનાં લક્ષણો, સરકારના મુખ્ય કરવેરાની આવકનાં વલણો
8	જાહેર દેવું અને નાણાકીય વહીવટ - જાહેર દેવાના સ્રોત (આંતરિક, આંતરરાષ્ટ્રીય), જાહેર દેવાની અસરો, દેવાની ચૂકવણીની રીતો
9	ભારતનાં જાહેર દેવાનાં વલણો, જાહેર દેવામાં વધારાનાં કારણો
10	જાહેર બજેટ- બજેટના પ્રકારો, વર્ગીકરણ, બજેટ તૈયાર કરવું, બજેટ પસાર કરાવવું
11	આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપારઃ આંતરરાષ્ટ્રીય વેપારના અલગ અભ્યાસનું મહત્ત્વ, આંતરરાષ્ટ્રીય વેપારનું મહત્વ
12	આંતરરાષ્ટ્રીય વેપારના સિદ્ધાંતોઃ નિરપેક્ષ લાભનો સિદ્ધાંત, તુલનાત્મક લાભનો સિદ્ધાંત (રિકાર્ડો, એડમ સ્મિથ)
13	આંતરરાષ્ટ્રીય વેપાર અગે વિનિમયદરના સિદ્ધાંતો (હેક્સર- ઓહલીન, જે. એસ. મિલ)
14	વ્યાપારની શરતો અને વિનિમયદરના સિદ્ધાંતો : ખ્યાલ, સ્થિર, અસ્થિર અને પરિવર્તનક્ષમ વિનિમયદર, સમખરીદશક્તિનો સિદ્ધાંત
15	લેણદેણની તુલા - અર્થ, મૂડીખાતું, ચાલુ ખાતું, અનામત ખાતું, લેણદેણની તુલા અને વેપારતુલા, ભારતનો વિદેશ વેપાર અને લેણદેણની તુલા
16	ભારતનો વિદેશ વેપાર - I : ૧૯૯૧ પછી ભારતના વિદેશ વેપારમાં આવેલાં પરિવર્તનો, ભારતના વિદેશ વેપારનું બંધારણ
17	ભારતનો વિદેશ વેપાર - II : ભારતના વિદેશવેપારની દિશા, ભારતની લેણદેણની તુલામાં અસમતુલી, કારણો, અસરો
18	ભારતની વર્તમાન વિદેશ વેપાર નીતિઃ વર્તમાન વિદેશ વેપાર નીતિની સમીક્ષા

Public Economics and International Trade
Syllabus
ECONMJ-401, ECOM-307

Unit No.	Title of Unit	Content
1	Public Economics	Meaning, nature and Scope
2	Market failure and role of Government	Theory of maximum social advantage
3	Public expenditrure	Meaning, classification and theories
4	Public expenditure in India	Impact, trend and reasons of increase in public expenditure
5	Public revenue	Sources of public revenue
6	Taxes - I	Meaning, types, theories
7	Taxes - II	Impact of taxation, features of ideal tax system, trend of government income from taxes
8	Public debt and financial management	Classification of public debt, sources of public debt, effects of public debt and methods of repayment of public debt
9	Trend of public debt in India	Trend and causes of increase in public debt
10	Public budget	Meaning, features, objectives, types, process of budge making, types of deficits
11	Internal and international trade	Importance of separate study of international trade, importance of international trade
12	Theories of International trade	Difference between internal and international trade, theories of international trade (Absolute advantage and comparative advantage)
13	Theories of rate of exchange	Theories of trade (Heckscher-Ohlin, J. S. Mill)
14	Terms of trade and rate of exchange	Concept, types, real cost t6erms of trade, ulilily terms of trade, fix and variable rate of exchange, purchasing power parity theory.
15	Balance of payment	Meaning, concept, , India's BOP (Imaginary)
16	Foreign trade of India - I	Contemporary changes in India's foreign trade (after 1991)
17	Foreign tade of India - II	Constitution, size and direction of foreign trade of India, causes of imbalance in BOP of India, effects of deficit in BOP, remedies to correct BOP deficit
18	Current EXIM policy of India	Trends of foreign trade policy of India, analysis of current EXIM policy.

BAOU
Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ.
ECOM-307
પેપર-7, જાહેર અર્થશાસ્ત્ર અને આંતરરાષ્ટ્રીય વેપાર
ECONMJ-401

વિભાગ
1

પેપર-7, જાહેર અર્થશાસ્ત્ર અને આંતરરાષ્ટ્રીય વેપાર

એકમ : 1 **1-9**
જાહેર અર્થશાસ્ત્ર - અર્થ, સ્વરૂપ અને કાર્યક્ષેત્ર

એકમ : 2 **10-24**
બજારની નિષ્ફળતા અને સરકારની ભૂમિકા

એકમ : 3 **25-33**
જાહેર ખર્ચ : અર્થ, વર્ગીકરણ અને સિદ્ધાંતો

એકમ : 4 **34-54**
ભારતમાં જાહેર ખર્ચ : અસરો, વલણ અને વધવાનાં કારણો

એકમ : 5 **55-62**
જાહેર આવકના સ્ત્રોતો

એકમ : 6 **63-77**
કરવેરા - I

એકમ : 7 **78-91**
કરવેરા - II

એકમ : 8 **92-105**
જાહેર દેવું અને નાણાકીય વહીવટ

એકમ : 9 **106-117**
ભારતમાં જાહેર દેવાંનાં વલણો

એકમ : 10 **118-133**
જાહેર બજેટ

નિદર્શન	
પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય	નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ સોસિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ. બાબસાહેબ આંબેડકર ઓપર યુનિવર્સિટી, અમદાવાદ
સંપાદન	
ડૉ. કૃતિ છાયા	આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
વિષય સમિતિ	
ડૉ. કૃતિ છાયા	આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્ષશાસ્ત્ર, ડૉ. બાબસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
ડૉ. ગૌરાંગ રામી	પ્રોફેસર, અર્થશાસ્ત્ર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
ડૉ. ગીતા પંડ્યા	આચાર્ય, સરકારી વિનયન કોલેજ, શ્રી કે. કે. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ
વિષય પરામર્શક	
ડૉ. મંજુલા લક્ષમણ	એસોસિએટ પ્રોફેસર, ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
ડૉ. જી. ડી. ત્રિપાઠી	પ્રિન્સિપાલ, સી.એન. આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ, કડી
ડૉ. હરેશ મહેતા	એસોસિએટ પ્રોફેસર, પી.એન.આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પાલિતાણા
લેખલ	
ડૉ. રાજેશ ગાંવિત	આસિસ્ટન્ટ પ્રોફેસર, એસ. ડી. આર્ટસ એન્ડ બી. આર. કોમર્સ કોલેજ, માણસા
ડૉ. હરેશ મહેતા	એસોસિએટ પ્રોફિસર, પી.એન.આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પાલિતાણા
ડૉ. દીના લોઢીયા	આસિસ્ટન્ટ પ્રોફેસર, બહાઉદ્દીન આર્ટસ કોલેજ, જૂનાગઢ
ડૉ. શૈલેશ ચાવડા	આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી કે.એચ. માધવાણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર
ડૉ. કેસર ચૌધરી	આસિસ્ટન્ટ પ્રોફેસર, રાષ્ટ્રભાષા આર્ટસ કોલેજ, અમદાવાદ
ડૉ. કૃતિ છાયા	આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
ભાષા પરામર્શન	
ડૉ. દિવ્યેશ વ્યાસ	આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
પ્રકાશક	
ડૉ. ભાવિન ત્રિવેદી	કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
આવૃત્તિ	
વર્ષ 2022	

ISBN 978-9355-98-567-5

સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

એકમ 1

જાહેર અર્થશાસ્ત્ર - અર્થ, સ્વરૂપ અને કાર્યક્ષેત્ર

-: રૂપરેખા :-

1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 જાહેર અર્થવિધાનનો અર્થ

1.3 જાહેર અર્થવિધાનનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર

1.4 જાહેર અને ખાનગી અર્થવિધાન વચ્ચે તફાવત

1.5 સારાંશ

1.6 ચાવીરૂપ શબ્દો

1.7 તમારી પ્રગતિ ચકાસો

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1.0 ઉદ્દેશો :

પ્રસ્તુત એકમનો અભ્યાસ નીચેના ઉદ્દેશોને ધ્યાનમાં લઈને કરવામાં આવે છે.

(1) જાહેર અર્થવિધાનનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર તપાસવું.

(2) જાહેર અને ખાનગી જમાખર્ચ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરવો.

1.1 પ્રસ્તાવના :

18મી અને 19મી સદી દરમિયાન સરકારની કામગીરીનું કાર્યક્ષેત્ર ખૂબ જ મર્યાદિત હતું. તેની પાછળનું કારણ એ હતું કે સરકારની કામગીરી માત્ર કાયદો, વ્યવસ્થા અને ન્યાયતંત્ર પૂરતી જ હતી. પ્રજાલક્ષી કલ્યાણની પ્રવૃત્તિઓમાં રાજ્યનો કોઈ જ હસ્તક્ષેપ જોવા મળતો નહીં. આ સંદર્ભમાં વિચારીએ તો લોકોના કલ્યાણને અનુલક્ષીને રાજ્યોએ કોઈ પણ કાર્યો કરવાનાં રહેતાં નહીં. સમગ્ર વિશ્વના દૃષ્ટિકોણથી જોઈએ તો કેટલીયે એવી પ્રવૃત્તિઓ છે કે જેમાં પ્રત્યક્ષ રીતે કોઈ આર્થિક લાભ નથી પરંતુ પ્રજાના કલ્યાણમાં તેનાથી વધારો થતો હોય છે. આ સંજોગોમાં પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના સ્વૈરવિહારી અભિગમથી તદ્દન વિરુદ્ધ આર્થિક પ્રવૃત્તિમાં સરકારના હસ્તક્ષેપની આવશ્યકતા ઊભી થઈ. 20મી સદીની શરૂઆતમાં વિશ્વરાજકારણમાં આવેલાં અનેક પરિવર્તનો અને 1929ની વૈશ્વિક મહામંદીમાંથી અર્થતંત્રને બહાર કાઢવાના કેઈન્સના સૂચન સાથે સરકારની કામગીરીમાં પણ બદલાવ આવ્યો અને રાજ્ય કહેતા સરકારની કામગીરીમાં પણ બદલાવ આવ્યો, રાજ્ય કહેતા સરકારની પ્રવૃત્તિઓ અને તેના વ્યાપ વિસ્તારમાં વધારો થવા પામ્યો. સરકારની આર્થિક પ્રવૃત્તિમાં ફેરફાર થતાં બધા રાજ્યો હવે અનેકવિધ આર્થિક પ્રવૃત્તિ હાથ ધરવા લાગ્યાં અને લોકોના કલ્યાણમાં વધારો કરવા જાહેર અર્થવિધાનનું સ્વરૂપ પણ બદલાયું. 20મી સદીમાં સમાજવાદી વિચારધારાનો પ્રચાર-પ્રસાર થતાં સરકારોએ

પોતાની કામગીરી સારી રીતે બજાવવા વ્યક્તિના જીવનને સ્પર્શતી બધી જ આર્થિક પ્રવૃત્તિઓમાં દરમિયાનગીરી શરૂ કરી, જેના પરિણામ સ્વરૂપે જાહેર અર્થવિધાનનું મહત્ત્વ વધ્યું. આ સમગ્ર બાબતને સમજવા માટે વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં લઈને આપણે હવે તેનો વિગતે અભ્યાસ કરીશું.

1.2 જાહેર અર્થવિધાનનો અર્થ :

જાહેર અર્થવિધાનનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર સમજવા માટે સૌ પ્રથમ તેના અર્થને તપાસીએ. જુદા જુદા અર્થશાસ્ત્રીઓ દ્વારા જાહેર અર્થવિધાનની આપવામાં આવેલી વિવિધ વ્યાખ્યાઓ-અર્થ-નીચે મુજબ છે.

(1) પ્રો. ડાલ્ટન :- "જાહેર જમાખર્ચ જાહેર સંસ્થાઓની આવક અને ખર્ચ સાથે તથા તે એકબીજાનો મેળ કેવી રીતે બેસાડે છે તે સાથે સંબંધ ધરાવે છે."

પ્રો. ડાલ્ટનની આ વ્યાખ્યા વિસ્તૃત અર્થવાળી હોવા છતાં તેમાં જાહેર સંસ્થાઓ અંગે કોઈ સ્પષ્ટીકરણ નહીં કરવામાં આવેલ હોવાથી તેની મર્યાદા છે.

(2) પ્રો. બેસ્ટેબલ :- "જાહેર સત્તાની આવક અને ખર્ચનો પારસ્પરિક સંબંધ તથા નાણાકીય, વહીવટી અને નિયંત્રણ તપાસે તે જાહેર જમાખર્ચ કહેવાય."

(3) હેરોલ્ડ ગ્રુબ્ઝ :- "જાહેર જમાખર્ચ સમવાયી રાજ્ય અને સ્થાનિક સરકારોની આવક અને ખર્ચની તપાસ કરે છે."

(4) શ્રીમતી ઉર્સુલા હિક્સ :- "સરકારની સત્તાધારી સંસ્થાઓ સામુદાયિક જરૂરિયાતોની જોગવાઈઓ કેવી રીતે કરે છે અને તે માટે નાણાં કેવી રીતે પ્રાપ્ત કરે છે તેની પદ્ધતિઓનું મૂલ્યાંકન જાહેર જમાખર્ચ કરે છે."

જાહેર જમાખર્ચની ઉપરોક્ત જુદી જુદી વ્યાખ્યાઓ આધુનિક યુગમાં જાહેર ખર્ચમાં જે વિવિધ બાબતોનો સમાવેશ થાય છે તેનો નિર્દેશ કરે છે.

1.3 જાહેર અર્થવિધાનનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર :

પ્રસ્તાવનામાં જણાવ્યા અનુસાર 20મી સદીમાં સરકારની પ્રવૃત્તિનો વ્યાપ વિસ્તાર થતાં જાહેર અર્થવિધાનના સ્વરૂપમાં ઘણો ફેરફાર થયો છે અને તે વિશાળ બન્યું છે અને આજે 21મી સદીમાં તો સરકારની આર્થિક પ્રવૃત્તિમાં અનેકગણો વધારો થઈ રહ્યો છે. સરકાર જે આર્થિક પ્રવૃત્તિ હાથ ધરે છે તેમાં કેટલાંક વિશિષ્ટ કાર્યો પણ હોય છે, જેને બે વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

(i) પ્રાથમિક જવાબદારીનાં કાર્યો, જેમાં દેશનું સંરક્ષણ, શાંતિ અને સલામતી જેવાં કાર્યોનો સમાવેશ કરવામાં આવે છે.

(ii) મરજિયાત અને સ્વૈચ્છિકપણે કરવામાં આવતાં કાર્યો, જેમાં, શિક્ષણની જોગવાઈ, હોસ્પિટલોનું બાંધકામ વગેરેનો સમાવેશ થાય છે.

આ બધાં કાર્યોને પહોંચી વળવા માટે સરકાર સક્ષમ અને કાર્યક્ષમ હોવી જોઈએ તથા સરકાર પાસે પૂરતાં નાણાકીય સાધનો હોવાં પણ જરૂરી છે. આમ, જાહેર અર્થવિધાન એ એવું અર્થવિધાન છે કે જે સરકારના આવક અને ખર્ચ સાથે ઘનિષ્ઠ સંબંધ ખરાવે છે. ફીંડલે શિરાઝ તો એવું કહે છે કે, "Public finance is the study of the principles underlying the spending and raising of funds by public authorities."

ભારત જેવા વિકાસમાન રાષ્ટ્રમાં સરકારનો મૂળભૂત હેતુ તો આર્થિક વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો હોય છે. આ સમગ્ર પ્રક્રિયાનો આધાર દેશના મૂડીસર્જનના દર ઉપર છે અને તે દરમાં વધારો કરવાનું કામ રાષ્ટ્રીય અર્થવિધાન થકી થાય છે.

કાર્યક્ષેત્રના દૃષ્ટિકોણથી તપાસીએ તો જાહેર જમાખર્ચનું કાર્યક્ષેત્ર ખૂબ જ વિશાળ છે. જેને કારણે તેમાં એક કરતાં વધારે વિભાગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેને આપણે નીચે પ્રમાણે વિભાજિત કરી શકીએ.

(i) જાહેર આવક :- જાહેર આવક એ એવો વિભાગ છે, જેમાં સરકાર દ્વારા લોકો પાસેથી જે કરવેરા વસૂલ કરવામાં આવે છે, તેની જુદી જુદી રીતો અને તે સાથે સંકળાયેલા કરવેરાના વિવિધ સિદ્ધાંતો ઉપરાંત, તેની અસરોનો અભ્યાસ કરવામાં આવે છે. આ ઉપરાંત, સરકાર દ્વારા પ્રાપ્ત કરવામાં આવતી અન્ય આવકોનો પણ સમાવેશ કરવામાં આવે છે. જેમકે, જાહેર દેવું, ખાધ પુરવણી, રાજ્યસંચાલિત ઉદ્યોગોમાંથી પ્રાપ્ત થતી આવક, રાજ્યની માલિકીની સંપત્તિમાંથી પ્રાપ્ત થતી આવક, વગેરે. ઉપરાંત, રાજ્યની આવકનાં કેટલાંક અન્ય સાધનો જેવાં કે, કિંમત અને ફી, વિશેષ કર આકારણી, દંડ અને દાનનો પણ સમાવેશ કરવામાં આવે છે.

(ii) જાહેર ખર્ચ :- જાહેર જમા ખર્ચનો આ વિભાગ એવો છે, જેમાં જાહેર ખર્ચનો અર્થ, મહત્ત્વ, તેનું સ્વરૂપ, તે વધવા માટેનાં કારણો, તેના વિવિધ પ્રકારો, જાહેર ખર્ચના વિવિધ સિદ્ધાંતો અને તેની અર્થતંત્ર ઉપર પડતી વિવિધ અસરોનો સમાવેશ કરવામાં આવે છે.

(iii) જાહેર ઋણ :- જાહેર ઋણના અભ્યાસમાં સરકાર તરફથી કરવામાં આવતું દેવું, તેનાં વિવિધ કારણો અને પદ્ધતિઓનો સમાવેશ કરવામાં આવે છે. આ ઉપરાંત, આંતરિક અને બાહ્ય દેવાની અર્થતંત્ર પર કેવા પ્રકારની અસરો પડે છે, તેનો અભ્યાસ પણ આ વિભાગમાં કરવામાં આવે છે.

(iv) નાણાકીય વહીવટ :- જાહેર જમાખર્ચનો આ વિભાગ એવો છે, જેમાં સરકારે પોતાનું અંદાજપત્ર કઈ રીતે તૈયાર કરવું અને હિસાબોની ચકાસણીની વ્યવસ્થા કેવી રીતે કરવી તેના સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવે છે.

(v) રાજકોષીય નીતિ :- આ વિભાગમાં અર્થતંત્રમાં આર્થિક સ્થિરતા જાળવવા તથા આર્થિક વિકાસનો યોગ્ય દર જાળવી રાખવા માટે સરકાર રાજકોષીય નીતિનો કેવી રીતે ઉપયોગ કરે છે અને તે માટે ક્યા સિદ્ધાંતોનો આધાર લેવામાં આવે છે, તેનો અભ્યાસ કરવામાં આવે છે.

(vi) સમવાય નાણાતંત્ર :- આવકની વહેંચણીના એક ભાગ રૂપે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે આવકનાં વિવિધ સાધનોની ફાળવણી કરી આપવામાં આવેલી છે. જે અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેના નાણાકીય સંબંધોની જાળવણી અંગેના વિવિધ સિદ્ધાંતોની સમજૂતી આપવામાં આવે છે.

જાહેર જમાખર્ચના અહીં દર્શાવેલા બધા જ વિભાગોને અભ્યાસની સરળતાને અનુલક્ષીને અલગ પાડવામાં આવે છે. હકીકતમાં આ બધા જ વિભાગો પરસ્પરાવલંબી હોવાથી જાહેર જમાખર્ચની નીતિના એક ભાગ રૂપે જ વિચારવામાં આવે છે.

1.4 જાહેર અને ખાનગી અર્થવિધાન વચ્ચેનો તફાવત :

જાહેર જમાખર્ચના સ્વરૂપ અને કાર્યક્ષેત્રને વિસ્તૃત રીતે સમજવા માટે જાહેર જમાખર્ચ અને ખાનગી જમાખર્ચ વચ્ચે સરખામણી કરવામાં આવે છે. સમાજની અંદર રહેતી જુદી જુદી વ્યક્તિઓ પોતાની આવક અને ખર્ચનો મેળ એવી રીતે બેસાડવાનો પ્રયત્ન કરે છે કે જેને કારણે આ બધી જ વ્યક્તિઓ પોતાની મર્યાદિત આવક વડે મહત્તમ સંતોષ પ્રાપ્ત કરી શકે. તેવી જ રીતે સરકાર પણ પોતાનાં મર્યાદિત સાધનોનો એવી રીતે ઉપયોગ કરે છે કે જેને કારણે સમાજનું મહત્તમ કલ્યાણ પ્રાપ્ત કરી શકાય. પરંતુ અહીં નોંધપાત્ર વાત એ છે કે સરકારની અને સમાજમાં રહેલી વ્યક્તિઓની આવક પ્રાપ્ત કરવાની અને ખર્ચ કરવાની રીતો જુદી છે. આથી આ બંને વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે.

(1) આવક અને ખર્ચનો મેળ બેસાડવાના દૃષ્ટિકોણ સંબંધી તફાવત :

વ્યક્તિ પોતાની આવકને અનુરૂપ પોતાના ખર્ચનું આયોજન કરે છે. આવક કરતાં વધારે પ્રમાણમાં ખર્ચ કરવાનું તેને પરવડતું નથી. આમ થવાનું કારણ એ છે કે વ્યક્તિ પોતાની આવકમાં ધારે ત્યારે અને ઈચ્છે એટલો વધારો કરી શકતી નથી. પરિણામે તે પ્રથમ પોતાની આવકનો અંદાજ કાઢીને તેને અનુરૂપ પોતાના ખર્ચની ગોઠવણ કરે છે. જ્યારે સરકારની વાત કરીએ તો તે સૌ પ્રથમ પોતાના ખર્ચના અંદાજોની યાદી તૈયાર કરે છે અને ત્યાર પછી તે પ્રમાણેની આવક મેળવવાના પ્રયત્નો કરે છે. આમ થવાનું કારણ એ છે કે સરકાર પોતાની જરૂરિયાત પ્રમાણે આવકમાં વધારો કરી શકે એમ હોવાથી તે ખર્ચના આગવા અંદાજો પહેલા ગોઠવે છે અને પછી ખર્ચ કરે છે. જો કે, સરકાર પોતાની આવકમાં અમર્યાદિત પ્રમાણમાં વધારો કરી શકતી નથી.

(2) સાધનોના સ્વરૂપ સંબંધી તફાવત :

સમાજમાં રહેલી દરેક વ્યક્તિની આવકનાં સાધનો મર્યાદિત હોય છે. આ તેની સામે સરકાર ધારે તો બળ વડે પણ સમગ્ર સમાજનાં સાધનો પોતાના હસ્તક લઈ શકે છે. કરપાત્ર વ્યક્તિ કર ભરવાની ના પાડી શકતી નથી. જેને કારણે સરકારની કર અંગેની આવક નિશ્ચિત હોય છે. કુદરતી પ્રતિકૂળતા, દુષ્કાળ, ધરતીકંપ જેવા ખાસ સંજોગોમાં જ સરકારની કરની આવકમાં ઘટાડો થાય છે. આ ઉપરાંત, સરકાર લોકો પાસેથી જાહેર દેવું કરીને પણ વધારાનાં આવકનાં સાધનો ઊભાં કરી શકે છે, તદુપરાંત, જરૂર પડ્યે વિદેશી દેવાનો આશ્રય પણ લઈ શકે છે. જેની સામે કોઈ વ્યક્તિ આવું કરી શકતી નથી. કેટલીકવાર સરકાર દ્વારા ખાધપુરવણીનો ઉપયોગ કરીને પણ નવાં નાણાંનું સર્જન કરવામાં આવે છે.

(3) આવક તથા ખર્ચના અલગ અલગ હેતુઓ :

વ્યક્તિ અને સરકારના આવકપ્રાપ્તિ અને ખર્ચ સંબંધી ભિન્ન ભિન્ન ઉદ્દેશો હોય છે. સરકાર જ્યારે પોતાની આવક અને ખર્ચની ગોઠવણી કરે છે ત્યારે તેની સમક્ષ સમાજકલ્યાણનો હેતુ હોય છે. જેની સામે વ્યક્તિ પોતાની આવકપ્રાપ્તિ અને ખર્ચની ગોઠવણી માત્ર ને માત્ર પોતાના હિતને ધ્યાનમાં લઈને કરે છે. વ્યક્તિ પોતે પોતાની આવકમાંથી એવી રીતે ખર્ચનું આયોજન કરે છે કે જેને કારણે તેને હાથ ધરેલી આર્થિક પ્રવૃત્તિમાંથી તેને મહત્તમ લાભની પ્રાપ્તિ થાય. સામા પક્ષે, સરકારનો હેતુ મહત્તમ લાભ કે નફો પ્રાપ્ત કરવાનો નથી હોતો, પણ સમાજનું કલ્યાણ મહત્તમ કેવી રીતે થાય તે જ હોય છે.

(4) અંદાજપત્રની પદ્ધતિમાં તફાવત :

સામાન્ય રીતે જોઈએ તો વ્યક્તિ પોતાના બજેટને હંમેશાં સમતોલ રાખવાનો પ્રયત્ન કરે છે. આથી વિરુદ્ધ, સરકારનું બજેટ હંમેશાં અસમતોલ જ હોય છે. વ્યક્તિગત અંદાજપત્ર ટૂંકા સમયગાળા માટેનું હોય છે. જેની સામે સરકારનું અંદાજપત્ર સામાન્ય રીતે એક વર્ષ માટેનું હોય છે. વ્યક્તિનો પ્રયત્ન હંમેશાં એવો હશે કે થોડી બચતો થાય, જેની સામે સરકારનું બજેટ ખાધયુક્ત જ હોવાનું. બંનેના અંદાજપત્રના તફાવતનો નિષ્કર્ષ એ છે કે સરકાર પોતાની પ્રવર્તમાન આર્થિક સ્થિતિને ધ્યાનમાં લઈને તેને અનુરૂપ પોતાના આવક ખર્ચના અંદાજો ગોઠવે છે.

(5) નાણાકીય વ્યવહારમાં ગુપ્તતા :

સામાન્ય રીતે જોઈએ તો વ્યક્તિ પોતાના બધા જ નાણાકીય વ્યવહારોને ખાનગી રાખવાનો પ્રયત્ન કરે છે, જેની સામે સરકાર પોતાના નાણાકીય વ્યવહારોને જાહેર જનતા સમક્ષ ખુલ્લા કરે છે. લોકશાહી રાષ્ટ્રોમાં સંસદમાં કે સંસદની બહાર સરકારની બજેટ નીતિની લોકો દ્વારા કડક ટીકા પણ કરવામાં આવતી હોય છે. આ ઉપરાંત, સરકારી હિસાબોનું વ્યવસ્થિત ઓડિટ પણ કરવામાં આવે છે. સામા પક્ષે, વ્યક્તિ પોતાના હિસાબોની ગેરકાયદેસર નોંધ રાખી છેતરપિંડી પણ કરી શકે છે.

(6) ખર્ચની રીત અને ઈરાદા સંબંધી તફાવત :

ખાનગી વ્યક્તિ જ્યારે કોઈપણ પ્રકારનું ખર્ચ કરે છે ત્યારે તેની ઉપર સામાજિક સ્થિતિ, રીતરિવાજો, રૂઢિ, પ્રતિષ્ઠા જેવાં વિવિધ પરિબળોની અસર પડતી હોય છે, પરંતુ સરકાર પોતાના ખર્ચ કરતી વખતે હંમેશાં કેટલાક સિદ્ધાંતોનું પાલન કરે છે. સરકારી ખર્ચ કરતી વખતે કેટલાક ચોક્કસ ઈરાદાઓ નક્કી કરવામાં આવે છે અને તેને ધ્યાનમાં લઈને જ ખર્ચ કરવામાં આવતું હોય છે.

(7) ભવિષ્ય અંગેની જોગવાઈ :

ખાનગી અને જાહેર જમાખર્ચ વચ્ચેનો આ એક મહત્ત્વનો તફાવત છે. વ્યક્તિ પોતે ભવિષ્ય કરતાં વર્તમાન જરૂરિયાતને વિશેષ મહત્ત્વ આપતો હોય છે, પરંતુ સરકાર પોતે આવી રીતે ખર્ચ કરે છે કે જેનો લાભ ભવિષ્યમાં લોકોને વધુમાં વધુ મળે. એમ કહી શકાય કે સરકાર એ ભવિષ્યની પેઢીની રખેવાળ હોવાને કારણે લોકોના લાંબા ગાળાનાં હિતોને ધ્યાનમાં રાખીને યોજનાકીય ખર્ચ કરે છે. જ્યારે વ્યક્તિ વર્તમાનને જ લક્ષમાં રાખીને પોતાની મિલ્કત અને સંપત્તિનો ઉપયોગ કરે છે. આમ થવાનું કારણ એ છે સરકાર પોતાનાં મર્યાદિત સાધનોને વેડફી નાખવાં નથી માંગતી. આથી, શિક્ષણ, આરોગ્ય, નહેરોનું બાંધકામ વગેરે પાછળનો ખર્ચ ભવિષ્યની પ્રજાને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા કરવામાં આવતો હોય છે.

(8) ખર્ચ અને કલ્યાણ વચ્ચેના સંબંધ અંગે તફાવત :

દરેક વ્યક્તિ તેણે પ્રાપ્ત કરેલી મર્યાદિત આવકમાંથી જુદી જુદી વસ્તુઓ પાછળ એવી રીતે ખર્ચ કરે છે કે જેથી તેણે તેમાંથી મળતો સંતોષ મહત્તમ થાય. ખર્ચ કરવાથી થતાં અસંતોષ બરાબર તે વસ્તુમાંથી પ્રાપ્ત થતાં સીમાવર્તી તુષ્ટિગુણનું માપ સરખું થવું જોઈએ. સરકાર પણ પોતાના ખર્ચ અને આવકની ગોઠવણી એવી રીતે કરે છે કે જેથી કરેલા ખર્ચ બરાબર

પ્રાપ્ત થતો સામાજિક સંતોષ એ બંને સરખા થઈ રહે. બંને વચ્ચેના ખર્ચનો તફાવત એ છે કે વ્યક્તિ પોતાના કલ્યાણને ધ્યાનમાં રાખે છે, સામા પક્ષે સરકાર સમગ્ર સમાજના હિતને ધ્યાનમાં રાખે છે.

(9) આયોજનના કદ સંબંધી તફાવત :

સરકાર અને વ્યક્તિના આયોજનમાં મોટો તફાવત રહેલો છે. સરકારનું આયોજન લાંબાગાળાનું અને વિસ્તૃત હોય છે. દા.ત., ભારતની પંચવર્ષીય યોજનાઓની વિરુદ્ધ વ્યક્તિગત આયોજન મર્યાદિત સાધનોને કારણે ટૂંકાગાળાનું અને મર્યાદિત સ્વરૂપનું હોય છે. સરકાર એક કાયમી સંસ્થા હોવાને લીધે પોતાનું આયોજન વિસ્તૃત રીતે કરી શકે છે.

ઉપરોક્ત મુદ્દાઓ દ્વારા જાણી શકાય કે જાહેર અને ખાનગી જમાખર્ચ વચ્ચે ઘણો બધો તફાવત છે. તેમ છતાં બંને વચ્ચે કેટલુંક સામ્ય પણ જોવા મળે છે. એક દૃષ્ટિએ વિચારીએ તો ખાનગી જમાખર્ચના હેતુઓ પણ માનવજરૂરિયાતોને પરિપૂર્ણ કરવા માટેના જ છે. સરકારના ઉદ્દેશો સામુદાયિક જરૂરિયાતોને ખ્યાલમાં રાખે છે. આમ, બંનેનું અંતિમ ધ્યેય તો એક જ છે. આ દૃષ્ટિએ વિચારીએ તો જાહેર જમાખર્ચ એ ખાનગી જમાખર્ચનું જ એક વિસ્તૃત સ્વરૂપ ગણી શકાય. વાસ્તવિક રીતે તો આ બંને વચ્ચેનો તફાવત એક જ અવસ્થાના બે અંતર્ગત ભાગો જ છે કે જેના દ્વારા સમગ્ર અર્થતંત્ર ક્રિયાશીલ બને છે.

1.5 સારાંશ :

પ્રસ્તુત એકમમાં આપણે ખાનગી અને જાહેર જમાખર્ચ એટલે શું, તેમનું કાર્યક્ષેત્ર, સ્વરૂપ, બંને વચ્ચેનો તફાવત જોવાનો પ્રયત્ન કર્યો. આ સમગ્ર મુદ્દાઓ ઉપરથી એવું પુરવાર થાય છે કે જાહેર અર્થવિધાનનો ખ્યાલ આધુનિક યુગમાં અતિ મહત્ત્વનો બની ગયો છે. જેને કારણે તેનો વ્યાપ સતત વધી રહ્યો છે. આ જાહેર અર્થવિધાનનાં મુખ્ય બે પાસાંઓ ગણાવી શકાય, એક સરકારની આવકો અને બીજું તેના ખર્ચાઓ. જો કોઈપણ દેશની સરકાર પોતાની પ્રજાનું વધુમાં વધુ કલ્યાણ કરવા ઈચ્છતી હોય તો તેણે આવક મેળવવાની બાબતમાં અને ખર્ચ કરવાની બાબતમાં ખૂબ જ સાવધાની રાખવી પડે છે. સરકારે પોતાની આવક અને ખર્ચનાં પાસાંઓને એવી રીતે ગોઠવવાં જોઈએ કે જેથી કરીને એક રૂપિયાની વસૂલાત કરવાથી લોકોમાં જેટલો અસંતોષ પેદા થાય તેટલો જ સંતોષ તે રૂપિયાનું ખર્ચ કરવાથી લોકોને મળતા લાભમાંથી પેદા થવો જોઈએ. જે દેશની સરકાર આ બાબતને ધ્યાનમાં રાખીને જાહેર ખર્ચ કરે છે તે ઉત્તમ સરકાર કહી શકાય.

1.6 ચાવીરૂપ શબ્દો :

(1) જાહેર સત્તા :- બંધારણ દ્વારા સ્થાપવામાં આવેલ સ્વ-રાજ્યનું કોઈપણ સત્તાતંત્ર.

(2) જાહેર આવક :- સરકાર દ્વારા ઉઘરાવવામાં આવતી રકમ. જેમાં કરવેરા, ફી, દંડ અને જાહેર સાહસોના એકમોનો નફો પણ સમાવિષ્ટ થઈ શકે છે.

(3) જાહેર ખર્ચ :- સરકારના કોઈપણ વિભાગ દ્વારા કરવામાં આવતો ખર્ચ.

(4) જાહેર દેવું :- સરકાર દ્વારા કરવામાં આવતું દેવું. જેમાં આંતરિક અને બાહ્ય બંને પ્રકારના દેવાનો સમાવેશ કરવામાં આવે છે. આંતરિક દેવું સરકાર દેશના લોકો, બેંકો, નાણાં સંસ્થાઓ અને રિઝર્વ બેંક પાસેથી લે છે. બાહ્ય દેવું એટલે દેશની બહારથી સરકાર વિશ્વ બેન્ક, આઈએમએફ, ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક વગેરે જેવી સંસ્થાઓ પાસેથી અને વિશ્વની

સરકારો પાસેથી જે દેવું લે છે તે.

(5) રાજકોષીય નીતિ : અર્થતંત્રમાં આર્થિક પ્રવૃત્તિઓના નિયંત્રણ માટે અને પૂર્વનિર્ધારિત ઉદ્દેશોને હાંસલ કરવા માટે પ્રયોજવામાં આવતી જાહેર આવક અને જાહેર ખર્ચને સ્પર્શતી નીતિ.

(6) સમવાય નાણાતંત્ર :- કેન્દ્ર-રાજ્યો વચ્ચે નાણાકીય સત્તાની સમાન રીતે વહેંચણી.

(7) અંદાજપત્ર :- વાર્ષિક ઊપજખર્ચના અડસટ્ટાનું તારણ, 'બજેટ'. અંદાજપત્રમાં આગામી વર્ષ માટેના આવક-જાવકના અંદાજો હોય છે. તેને અંદાજપત્રીય અંદાજો (Budget Estimates-BE) કહેવામાં આવે છે. પૂરા થઈ રહેલા કે થયેલા વર્ષ દરમિયાનના આવક-જાવકના સુધારેલા અંદાજો (Revised Estimates-RE) આપવામાં આવે છે અને તે અગાઉના વર્ષના ખરેખર (actual) થયેલા આવક-ખર્ચના આંકડા પણ તેમાં આપવામાં આવે છે.

અંદાજપત્ર બે વિભાગમાં વહેંચાયેલું હોય છે : (1) મહેસૂલી (revenue) વિભાગ અને (2) મૂડી (capital) વિભાગ. મહેસૂલ વિભાગમાં એવી આવક દર્શાવવામાં આવે છે, જેની પ્રાપ્તિથી સરકારની નાણાકીય જવાબદારી (ઋણ)માં વધારો થતો નથી. કરવેરાની આવક, જાહેર સાહસોના નફાની આવક, કેટલાક લાગા, ફીની આવક વગેરેનો મહેસૂલી આવકમાં સમાવેશ થાય છે. મહેસૂલી આવકને કરવેરાની આવક અને કરેત્તર આવક એવા બે વિભાગોમાં વહેંચવામાં આવે છે. એ જ રીતે જે ખર્ચથી કોઈ ભૌતિક કે નાણાકીય અસ્કયામતનું સર્જન કે પ્રાપ્તિ ન થાય તેનો સમાવેશ મહેસૂલી ખર્ચમાં કરવામાં આવે છે. દા.ત., સરકારી કર્મચારીઓને ચૂકવવામાં આવતું વેતન, વિવિધ હેતુઓ માટે અપાતી સબસિડી, ભૂતકાળમાં કરવામાં આવેલાં દેવાં પર ચૂકવવામાં આવતું વ્યાજ વગેરે.

(8) જાહેર જમા ખર્ચ :- નાગરિકોના રક્ષણ માટે તથા તેમના આર્થિક અને સામાજિક ઉત્કર્ષ માટે જાહેર સંસ્થાઓ દ્વારા કરવામાં આવતો ખર્ચ તેમજ વિવિધ સ્રોત દ્વારા મેળવવામાં આવતી આવકને સંયુક્ત રીતે જાહેર જમાખર્ચ કહે છે. જમા એટલે જાહેર ક્ષેત્રના ખાતામાં જમા થતી આવક તથા ખર્ચ એટલે જાહેર ખાતામાંથી થતો ખર્ચ. જાહેર સંસ્થાઓમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારો અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે. જાહેર ખર્ચ એ જાહેર વિત્તવ્યવસ્થા કે જાહેર અર્થવિધાનનો અંતર્ગત ભાગ છે.

1.7 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :

(1) જાહેર અર્થવિધાનનો અર્થ આપી જાહેર અર્થવિધાનનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર સમજાવો.

(2) જાહેર અર્થવિધાન એટલે શું? જાહેર અને ખાનગી જમાખર્ચ વચ્ચેનો તફાવત વિસ્તૃત રીતે સમજાવો.

(ખ) નીચેના હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો :

(1) 19મી સદીનાં રાજ્યોને કેવાં રાજ્યો તરીકે ઓળખવામાં આવતા હતા?

(અ) પોલીસ રાજ્યો (બ) કલ્યાણ રાજ્યો

(ક) સામાજિક રાજ્યો (ડ) આર્થિક રાજ્યો

(2) જાહેર ખર્ચનો મુખ્ય ઉદ્દેશ શું છે?

(અ) સમાજનું કલ્યાણ (બ) વ્યક્તિનું કલ્યાણ

(ક) પક્ષનું કલ્યાણ (ડ) એકેય નહીં

(3) સામાન્ય રીતે વ્યક્તિ પોતાનું બજેટ કેવું રાખે છે?

(અ) સમતોલ (બ) અસમતોલ

(ક) સ્થિર (ડ) નાનું

(4) વ્યક્તિ પોતાના નાણાકીય વ્યવહારોને કેવા રાખે છે?

(અ) જાહેર (બ) ખાનગી

(ક) બંને (ડ) એકેય નહીં

(5) સરકારી હિસાબોનું શું થાય છે?

(અ) ઓડિટ (બ) તપાસ

(ક) જાહેરાત (ડ) કંઈ નહીં

(6) શિક્ષણ અને આરોગ્ય પાછળનું ખર્ચ કેવા પ્રકારનું ખર્ચ છે?

(અ) જાહેર (બ) ખાનગી

(ક) સંયુક્ત (ડ) એકેય નહીં

(7) વ્યક્તિની આવકનાં સાધનો કેવાં હોય છે?

(અ) અમર્યાદિત (બ) મર્યાદિત

(ક) બંને (ડ) એકેય નહીં

(8) સરકારનું આયોજન કેવું હોય છે ?

(અ) વિસ્તૃત અને દીર્ઘકાલીન

(બ) ટૂંકાગાળાનું

(ક) અલ્પકાલીન

(ડ) એકેય નહીં

⇨ કેટલાક ઉપયોગી પુસ્તકોની યાદી :

(1) Burstein, M.L. (1963) Money (Cambridge, Mass. : Schenkman).

(2) Crowther, G., An outline of Money

(3) Dalton, H. 2013, (2003), Principles of Public Finance, (1st Edi.,) Routledge, London.

(4) Halm, G.N., (1948), Monetary Theory, Literary Licensing, LLC

(5) Lerner, A.P. (1952) 'The Essential Properties of Intertest and Money', Quarterly Journal of Economics, Vol. 66-reprinted in his Essays in Economic Analysis (London: Macmillan, 1953).

(6) Mill, J.S., (1940 reprint). Principles of Political Economy, Ashley (ed.) London: Longmans, Green?

(7) Milton Briggs & Perly Jordan, (1935), Textbook of Economics, University Tutorial Press

(8) Misra, S.K., & Puri, V.K.,(2015), Indian Economy, Himalaya Publishing House.

(9) Moulton, H.G., (5 October 2015), The Financial Organisation of Society, (3rd Ed.). Arkose Press.

(10) Musgrave, R.A. (1959). Theory of Public Finance, Mc Graw-hill

(11) Robertson, D.H. (1948) Money. London : Pitman.

(12) Thomas, (January 1, 1924), Elements of Economics, St. Albans : The Donnington Press' First Edition

(13) Wicksell, K. (1935) Lectures on Political Economy, Vol.2 (Money) (London : George Routledge) - English translation. edited and introduced by Lionel Robbins

⇨ MCQના ઉત્તરો.

(1) અ (2) અ (3) અ (4) બ (5) અ (6) અ

(7) બ (8) અ

*** *** ***

એકમ 2

બજારની નિષ્ફળતા અને સરકારની ભૂમિકા

-: રૂપરેખા :-

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 મહત્તમ સામાજિક લાભનો સિદ્ધાંત

2.3 સામાજિક કલ્યાણની વસ્તુલક્ષી કસોટીઓ

2.4 બજારતંત્રની નિષ્ફળતા

2.5 સરકારની ભૂમિકા

2.6 સારાંશ

2.7 ચાવીરૂપ શબ્દો

2.8 તમારી પ્રગતિ ચકાસો

⇨ ઉપયોગી પુસ્તકની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

2.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી નીચેની બાબતોમાં તમારી ક્ષમતા કેળવાશે.

- સરકારની આવક મેળવવાની અને ખર્ચ કરવાની પ્રવૃત્તિ થકી પ્રજાના આર્થિક કલ્યાણમાં વધારો થાય તે ઈચ્છનીય છે, તે ક્યા ચોક્કસ ધોરણો અને સિદ્ધાંત અનુસાર થવી જોઈએ તે અંગેના સિદ્ધાંતની સમજ.
- જાહેર અર્થવિધાનના મહત્તમ સામાજિક કલ્યાણ નક્કી કરતા નિયમની સમજૂતી
- સામાજિક કલ્યાણની વસ્તુલક્ષી કસોટીઓ
- બજાર ભાવતંત્ર શા માટે ઈષ્ટતમ સ્થિતિ પ્રાપ્ત કરી શકતું નથી તે માટેના કારણો.
- બજાર તંત્રની નિષ્ફળતા સામે સરકારની કેવા પ્રકારની ભૂમિકા હોવી જોઈએ તે વિશે સમજી શકશો.

2.1 પ્રસ્તાવના :

અગાઉના પ્રકરણમાં આપે જાહેર અર્થવિધાનનો અર્થ, સ્વરૂપ અને કાર્યક્ષેત્ર તેમજ જાહેર અને ખાનગી અર્થવિધાન વિશેનો અભ્યાસ કર્યો. તેમાં એ બાબત જોઈ કે જાહેર આવક અને ખાનગી આવક એ જાહેર અર્થવિધાનનાં મહત્ત્વનાં અંગો છે. સરકારની આવક મેળવવાની અને ખર્ચ કરવાની પ્રવૃત્તિ દેશના અર્થતંત્ર ઉપર વ્યાપક અસર ઉપજાવે છે. આથી જાહેર આવક મેળવવાની અને ખર્ચ કરવાની પ્રવૃત્તિઓ ઈચ્છનીય છે કે નહિ તે ખૂબ જ જરૂરી છે. જાહેર

અર્થવિધાનનો હેતુ પ્રજાના કલ્યાણમાં વધારો કરતો હોવો જોઈએ.

2.2 મહત્તમ સામાજિક લાભનો સિદ્ધાંત :

જાહેર અર્થવિધાનની બધી જ પ્રવૃત્તિઓ અમુક ચોક્કસ ધોરણો અને સિદ્ધાંત અનુસાર થવી જોઈએ અને તેમ થઈ શકે તે માટે ડૉ. ડાલ્ટને એક માર્ગદર્શક સિદ્ધાંત આપ્યો છે જેને 'મહત્તમ સામાજિક કલ્યાણ' (Principle of Social Advantage) તરીકે ઓળખવામાં આવે છે. પ્રો. પીગુ આ સિદ્ધાંતને 'કુલ સામાજિક કલ્યાણ'ના સિદ્ધાંત તરીકે ઓળખાવે છે. જ્યારે અન્યો તેને 'જાહેર અર્થવિધાનના સિદ્ધાંત તરીકે ઓળખાવે છે.'

મહત્તમ સામાજિક લાભનો સિદ્ધાંત એમ દર્શાવે છે કે જાહેર અર્થવિધાનની ઉત્તમ વ્યવસ્થા એ છે કે જે તેના વ્યવહારોના પરિણામે અધિકતમ સામાજિક કલ્યાણ મેળવી આપે. અન્ય રીતે કહીએ તો જાહેર અર્થવિધાનના વ્યવહારો થકી મહત્તમ સામાજિક કલ્યાણ સાધી શકાય. કરવેરાના લીધે લોકો પાસેથી સરકાર પાસે ખરીદશક્તિ ઘટાડો થાય છે જ્યારે જાહેરખર્ચના કારણે સરકાર પાસેથી લોકોની ખરીદશક્તિ વધારો થાય છે. મહત્તમ સામાજિક લાભનો સિદ્ધાંત એ બાબતનો નિર્દેશ કરે છે કે ખરીદશક્તિનું હસ્તાંતરણ એવી રીતે થવું જોઈએ કે જેથી સમાજનું મહત્તમ કલ્યાણ સાધી શકાય.

જાહેર અર્થવિધાનની વ્યવસ્થા અધિકતમ સામાજિક કલ્યાણ સિદ્ધ કરશે કે કેમ તે નીચેની ત્રણ બાબતો નક્કી કરશે.

(1) જાહેર આવક અને જાહેર ખર્ચની મર્યાદા, (2) જાહેર ખર્ચની વહેંચણી (3) કરબોજની વહેંચણી.

➢ જાહેર આવક અને જાહેર ખર્ચની મર્યાદા :

સરકાર કરવેરા દ્વારા જે નાણાં ઉઘરાવે છે તે માટે સમાજને ત્યાગ કરવો પડે છે, કારણ કે લોકોને કરવેરાનો ભાર લાગતો હોય છે. જ્યારે જાહેરખર્ચ દ્વારા સમાજને લાભ થતો હોય છે, કારણ કે જાહેર ખર્ચ દ્વારા લોકોના કલ્યાણમાં વધારો થતો હોય છે. આ બાબત આપણે નીચેના આપેલા ઉદાહરણની મદદથી સમજીએ.

કોષ્ટક-1

કરના એકમો અને જાહેર ખર્ચના એકમો	સામાજિક ત્યાગ	સામાજિક લાભ જાહેર ખર્ચના (પરિણામે પ્રાપ્ત થતો તુષ્ટિગુણ)
1	10	90
2	20	75
3	30	65
4	40	55
5	50	50
6	60	35
7	70	25
8	80	15

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ રીતે જોઈ શકાય કે,

દરેક કરવેરાના દરમાં વૃદ્ધિના કારણે ત્યાગનું પ્રમાણ વધતું જ જાય છે, એનાથી ઊલટું, દરેક વધારાનાં ખર્ચના પરિણામે સમાજ માટે પ્રાપ્ત થતી વસ્તુની ઉપયોગિતા પહેલાની સરખામણીમાં ઓછી થતી જાય છે. અહીં પ્રાપ્ત કરવામાં આવેલ પાંચમા કરના એકમના પરિણામે પ્રાપ્ત થતો સીમાંત સામાજિક ત્યાગ અને સામાજિક લાભ સરખા થાય છે, જ્યાં કર અને જાહેર ખર્ચની સીમા નક્કી થશે. આ સીમા સુધી એટલે કે પાંચમા એકમ સુધી સરકાર કર મેળવી શકે, જ્યાં કરવામાં આવતા જાહેરખર્ચ અને સીમાંત તુષ્ટિગુણ સરખા થાય છે. આ બાબત આગળ આકૃતિની મદદથી પણ સ્પષ્ટ કરવામાં આવી છે.

➢ સીમાંત સામાજિક ત્યાગ :-

રાજ્ય લોકો પર કર લાદે તેના પરિણામે બોજો પડે છે, આ ત્યાગના કારણે તુષ્ટિગુણમાં ઘટાડો થાય છે. પ્રત્યેક કરના એકમથી સીમાંત તુષ્ટિગુણ ઘટે છે. જેમ જેમ વધારે નાણાં કરવેરાના માધ્યમથી મેળવે તેમ તેમ લોકોના ત્યાગનું પ્રમાણ વધતું જાય છે. વધારે નાણાં આપવાથી નાણાંનો તુષ્ટિગુણ વધતો જાય છે, અને કરવેરાના એકમદીઠ ત્યાગનું પ્રમાણ વધતું જાય છે. આ બાબત આપણે આકૃતિની મદદથી સમજીએ.

આકૃતિ-1



ઉપરોક્ત આકૃતિ-1માં,

આડી ધરી OX પર કરવેરાનું પ્રમાણ અને ઊભી ધરી OY પર કરવેરાના પરિણામે કરવો પડતો સામાજિક ત્યાગ દર્શાવવામાં આવેલ છે. કરના પ્રત્યેક વધારાના એકમના લીધે સામાજિક ત્યાગનું પ્રમાણ વધતું જ જાય છે. જે MS રેખા દ્વારા વ્યક્ત કરવામાં આવેલ છે. સીમાંત સામાજિક ત્યાગનો વક્ર ડાબી બાજુથી જમણી બાજુ ઉપરની તરફ વધતો વક્ર છે.

➢ સીમાંત સામાજિક લાભ :-

જાહેર ખર્ચના પરિણામે લોકોને લાભ પ્રાપ્ત થાય કે તુષ્ટિગુણમાં વધારો કરે છે. રાજ્ય દ્વારા કરવામાં આવેલ પ્રત્યેક ખર્ચના એકમના પરિણામે સીમાંત તુષ્ટિગુણ વધારે છે. શરૂઆતના તબક્કે રાજ્ય દ્વારા સૌથી વધુ અને ત્યાર બાદ ઓછી જરૂરી વસ્તુઓ પર ખર્ચ કરવામાં આવે છે. સરકાર દ્વારા જાહેર ખર્ચ કરવાથી લોકોને પ્રાપ્ત થતો સંતોષ કે લાભ જાહેરખર્ચના પ્રત્યેક એકમદીઠ ક્રમિક રીતે ઘટતો રહે છે. કારણ કે, ઘટતા સીમાંત તુષ્ટિગુણના નિયમ મુજબ વધારાના ખર્ચમાં

પ્રાપ્ત થતો તુષ્ટિગુણ કે સંતોષ ઘટે છે. આ બાબત આપણે નીચેની આકૃતિ દ્વારા સમજીએ.

આકૃતિ-2



ઉપરોક્ત આકૃતિ-2માં,

આડી ધરી OX રાજ્ય દ્વારા કરવામાં આવતા ખર્ચનું પ્રમાણ અને ઊભી ધરી OY પર રાજ્ય દ્વારા કરવામાં આવતા જાહેર ખર્ચના પરિણામે પ્રાપ્ત તુષ્ટિગુણ કે લાભ દર્શાવવામાં આવેલ્યો છે. અહીં રાજ્યના જાહેર ખર્ચના પરિમાણે લોકોને પ્રાપ્ત થતો સંતોષ કે લાભ જાહેરખર્ચના પ્રત્યેક એકમદીઠ ક્રમિક રીતે ઘટતો રહે છે. આમ, સીમાંત સામાજિક લાભનો વક્ર ડાબી બાજુથી જમણી બાજુ તરફ ઢળતી રેખા છે, જે MS રેખા દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

➢ મહત્તમ સામાજિક લાભનો મુદ્દો :-

સામાજિક લાભ એ બિંદુએ મહત્તમ થાય છે કે જ્યાં સીમાંત સામાજિક ત્યાગ અને સીમાંત સામાજિક લાભ સરખા થાય. રાજ્ય દ્વારા ઉઘરાવવામાં આવેલ કર જેના પરિણામે સમાજે કરવો પડતો ત્યાગ અને જાહેર ખર્ચ કરવાથી લોકોને પ્રાપ્ત થતો સંતોષ કે લાભ અને જાહેરખર્ચની હવે આપણે નીચે આકૃતિની મદદથી સમજૂતી મેળવીએ.

આકૃતિ-3



ઉપરોક્ત આકૃતિ-3 પરથી,

આડી ધરી OX રેખા ઉપર ખર્ચ અને આવકનું પ્રમાણ દર્શાવે છે, ઊભી ધરી OY રેખા પર કરના લીધે કરવામાં આવેલ ત્યાગ કે સરકાર દ્વારા કરવામાં આવેલ ખર્ચના પરિણામે પ્રાપ્ત સામાજિક લાભ દર્શાવે છે. રેખા MS સામાજિક ત્યાગ દર્શાવે છે, જ્યારે રેખા MB પ્રાપ્ત તુષ્ટિગુણ કે લાભ દર્શાવે છે.

P બિંદુએ સામાજિક લાભનું પ્રમાણ મહત્તમ છે. P1 બિંદુએ સીમાંત સામાજિક લાભ P1M1 જેટલો થાય છે, આ બિંદુએ સીમાંત સામાજિક ત્યાગ, સીમાંત સામાજિક લાભ કરતાં ઓછો હોવાથી, કરવેરા અને જાહેર ખર્ચનું પ્રમાણ વધારવા માટેનું કારણ બને છે. જેથી જાહેર ખર્ચ માટે કર વધારશે, જેના પરિણામે સામાજિક ત્યાગ અને મળતો સીમાંત તુષ્ટિગુણ P બિંદુની ડાબી બાજુની સ્થિતિ સુધી વધારો શક્ય છે. P બિંદુએ સામાજિક લાભ મહત્તમ થાય છે. જો P બિંદુથી વધુ કોઈપણ કરવેરાના દરમાં વધારો અને જાહેર ખર્ચમાં વધારાથી સામાજિક લાભ ઘટી શકે છે. અહીંથી વધારાના કરવેરાના દરેક વધતા એકમ સીમાંત સામાજિક ત્યાગમાં વધારો કરશે. આ સ્થિતિને P2 બિંદુ વડે દર્શાવી છે. P2 બિંદુએ P2M2 સીમાંત સામાજિક ત્યાગ, સીમાંત સામાજિક લાભ કરતાં વધુ છે. P બિંદુએ જાહેર ખર્ચનો સીમાંત સામાજિક લાભ અને કરવેરાના પરિણામે કરવો પડતો સીમાંત સામાજિક ત્યાગ સમાન છે.

આમ, આવક અને ખર્ચની સરખામણી કરતાં, એક એવી કક્ષાએ આપણે પહોંચીએ છીએ કે જ્યારે ખર્ચના એક વધારાના એકમથી પ્રાપ્ત થતો લાભ એ કરવેરા દ્વારા ઊભા કરવામાં આવેલ નાણાંના ગેરલાભ બરાબર થઈ રહે. ત્યારે સરકારે અટકવું જોઈએ. કારણ કે રાજ્ય, આ સીમાથી વધુ કરવેરા નાખશે તો લોકોને એનું ભારણ લાગશે, જ્યારે એ સીમાથી વધુ નાણાં ખર્ચવાથી પ્રાપ્ત થતો લાભ પ્રમાણમાં ઓછો હશે, કે રાષ્ટ્રને નુકસાનકારક હશે.

અહીં ડૉ. ડાલ્ટનના શબ્દોમાં – 'દરેક હેતુ માટે થતા ખર્ચમાં એટલે સુધી વધારો કરવો જોઈએ કે જેથી તે વધારાના ખર્ચથી મળતો સંતોષ વધારાના કરવેરામાંથી થતા અસંતોષ બરાબર થઈ રહે'. જાહેર આવક અને જાહેર ખર્ચનું પ્રમાણ એટલે સુધી વધારવું જોઈએ કે જેથી વધારાની આવક (સીમાંત આવક)ને કારણે ઊભો થતો અસંતોષ વધારાના ખર્ચ (સીમાંત ખર્ચા)ને કારણે પ્રાપ્ત થતા સંતોષની બરાબર થઈ રહે. આમ થાય તો રાષ્ટ્રીય અર્થવિધાનની વ્યવસ્થાથી અધિકતમ સામાજિક કલ્યાણ સિદ્ધ થયું છે તેમ કહી શકાય. પ્રો. મસગ્રેવ દ્વારા રજૂ કરવામાં આવેલ ઈષ્ટતમ બજેટના ખ્યાલમાં આ બાબત બજેટ નિર્ધારણના મહત્તમ કલ્યાણ સિદ્ધાંત તરીકે અભિપ્રેત છે.

નીચેની આકૃતિ, રાજ્યની ઈષ્ટત્તમ આવક - ખર્ચના પ્રમાણ અંગેની સમજૂતી આપે છે.



જાહેર ખર્ચ દ્વારા પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટિગુણ કે લાભ OY ધરી પર અને કરવેરા અને ખર્ચનું પ્રમાણ OX ધરી પર દર્શાવેલ છે.

AB રેખા જાહેર ખર્ચના પરિણામે પ્રાપ્ત થતા સીમાંત તુષ્ટિગુણની માત્રા ક્રમિક રીતે જેમ જેમ જાહેર ખર્ચ વધારવામાં આવે છે તેમ ઘટતું જાય છે, તે દર્શાવે છે. CD રેખા સરકારના કરવેરાના પરિણામે નાગરિકોએ કરવા પડતા ત્યાગનું પ્રમાણ દર્શાવે છે. EF રેખા સમાજને પ્રાપ્ત થતો ચોખ્ખો લાભ AB રેખા અને નાગરિકોના ત્યાગની સપાટીના CD રેખાનું સંયુક્ત પરિણામ છે. EF રેખા OX રેખાને જે બિંદુએ છેદે તે P બિંદુએ સીમાંત લાભ અને સીમાંત ગેરલાભ સરખા થાય છે. તે બિંદુએ સામાજિક લાભની માત્રા મહત્તમ થાય છે. આ બિંદુ પછી કરવેરામાં વધારો કરી સરકારનું વધુ જાહેર ખર્ચ કરે તે ઈચ્છનીય નથી, કારણ કે આ સ્થિતિમાં સમાજને લાભ કરતાં વિશેષ ગેરલાભ વેઠવો પડે છે.

➢ જાહેર ખર્ચની વહેંચણી :-

અહીં જાહેર આવક અને જાહેર ખર્ચની મર્યાદા નક્કી કરવામાં સીમાંત તૃષ્ટીગુણનો ખ્યાલ ઉપયોગી નીવડે છે. જુદા જુદા હેતુઓ માટે કરવામાં આવતો જાહેર ખર્ચ એ રીતે થવો જોઈએ કે જેથી જુદા જુદા હેતુઓમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ આવકના પ્રમાણમાં સરખો થઈ રહે. આમ કરવાથી અધિકતમ સામાજિક કલ્યાણ સિદ્ધ કરી શકાય છે. દા.ત. વધારાનો એક રૂપિયો કેળવણી પાછળ ખર્ચ કરવાથી સંરક્ષણ પાછળ કરવામાં આવતા ખર્ચ કરતાં વધુ સંતોષ આપે તો રૂપિયો સંરક્ષણના બદલે કેળવણી પાછળ ખર્ચવો જોઈએ.

➢ કરબોજની વહેંચણી :-

કરવેરા એ જાહેર આવકનું મહત્ત્વનું સાધન છે. કરબોજની વહેંચણી સમાજના જુદા જુદા વર્ગ ઉપર એવી રીતે થવી જોઈએ કે જેથી સમાજને કરવો પડતો કુલ ત્યાગ ઓછામાં ઓછો હોય. કર ભરનાર દરેક વર્ગનો સીમાંત કરબોજ સરખો થાય તો તે કરબોજની સમાજને ઓછામાં ઓછો બોજ સહન કરવો પડે. અન્ય રીતે કહીએ તો, કર ભરનાર દરેકવર્ગ પર પડતો સીમાંત કરબોજ સરખો થાય તેનું ધ્યાન રાજ્યે રાખવું જોઈએ.

2.3 સામાજિક કલ્યાણની વસ્તુલક્ષી કસોટીઓ :-

ડૉ. ડાલ્ટનના મત મુજબ, સામાજિક કલ્યાણનો વિચાર કરતી વખતે કેટલીક બાબતોને લક્ષમાં રાખવી જરૂરી છે. (i) કાયદો, વ્યવસ્થા અને સંરક્ષણ (ii) ઉત્પાદનમાં અધિકતમ વધારો (iii) વહેંચણીમાં વધારો (iv) જાહેર ઋણનીતિ (v) આર્થિક સ્થિરતા (vi) ભવિષ્ય પર અસરો.

➢ કાયદો, વ્યવસ્થા અને સંરક્ષણ :-

રાજ્ય દ્વારા કાયદો, વ્યવસ્થા અને સંરક્ષણ પાછળ કરવામાં આવતો ખર્ચ ઉત્પાદકીય ન હોવા છતાં તેના અસ્તિત્વ અને વિકાસ માટેની આ મૂળભૂત આવશ્યકતા હોવાથી આ પ્રકારનો ખર્ચ જરૂરી છે. દેશમાં શાંતિ જળવાય અને નાગરિકોનું આર્થિક અને સામાજિક જીવન વિકસાવી શકાય તે માટે કાયદો અને વ્યવસ્થાની જરૂરી વ્યવસ્થા સરકાર દ્વારા નિભાવવી જોઈએ અને તે માટેનાં નાણાં કરવેરા અથવા અન્ય સાધનો દ્વારા પ્રાપ્ત કરવાં જોઈએ.

➢ ઉત્પાદનમાં મહત્તમ વધારો :-

રાષ્ટ્રીય અર્થવિધાનમાં જે પગલાં ઉત્પાદન પદ્ધતિમાં થાય અને ઉત્પાદનમાં મહત્તમ વધારો થાય તે ઈચ્છનીય છે. ઉત્પાદનમાં અવરોધ કરે તેવાં પગલાં સામાજિક કલ્યાણ માટે વિધાયક ગણવાં જોઈએ. ઉત્પાદનમાં વધારો થાય એટલું જ પૂરતું નથી, પરંતુ તેમાં ગુણાત્મક રીતે સુધારો

થવો જોઈએ. દા.ત. સંશોધન પાછળનો ખર્ચ, તાલીમ, શિક્ષણ, ઉત્પાદન પદ્ધતિમાં સુધારો વગેરેના પરિણામે ઉત્પાદનનું માળખું એવી રીતે બદલવું જોઈએ કે જેથી પ્રજાના વપરાશ મતે જીવન જરૂરિયાતની વસ્તુઓનું ઉત્પાદન વધે અને સમાજની સાચી જરૂરિયાતો સંતોષાય. અને એ મતે નાણાંકીય સહાય આપવામાં આવે તો સામાજિક કલ્યાણમાં વધારો થાય.

➢ વહેંચણીમાં સુધારો :-

ઊંચા આર્થિક વિકાસના પરિણામે રાષ્ટ્રીય ઉત્પાદનમાં ઝડપી ગતિએ વધારો થાય તેની સાથે સમાજના ગરીબ વર્ગોની આર્થિક સ્થિતિમાં આપોઆપ વધારો થઈ શકશે એવું માનવાને કોઈ કારણ નથી એવું પ્રો. એલ્વિન હેન્સન અને પ્રો. ગીલબ્રેથ કહે છે. 'એશિયન ડ્રામા' નામના પુસ્તકમાં મિર્ડાલ કહે છે કે દેશોમાં અસમાનતા તેના વિકાસ પામતા, કરતાં વધારે તીવ્ર અસમાનતા અલ્પવિકસિત દેશોમાં જોવા મળે છે, એક સામાન્ય ન્યાય પ્રમાણે જોઈએ તો ગરીબ વધુને વધુ ગરીબ જ્યારે ધનવાન વધુને વધુ ધનવાન બનતો રહે છે. આ પરિસ્થિતિ સામાજિક ન્યાય તેમજ આર્થિક કલ્યાણની દૃષ્ટિએ ઈષ્ટ નથી તેમ ડૉ. ડાલ્ટન કહે છે. તીવ્ર આર્થિક અસમાનતા મહત્તમ સામાજિક કલ્યાણના સિદ્ધાંત સાથે સુસંગત નથી. આથી જાહેર જમા ખર્ચ ઉપર વિશેષ ધ્યાન આપવું રહ્યું. પ્રશ્ન પ્રગતિશીલ કરવેરા નાખવા પૂરતો જ રહેતો નથી, પરંતુ તેની સાથે એ પમ ધ્યાનમાં રાખવું જોઈએ કે દર કેટલો ? કેટલા સમયના અંતરે ફેરફાર કરવા જોઈએ ? તેમજ આવકની અસમાનતા ઘટાડાની સાથે લોકોની બચતકાર્યવૃત્તિ, ઉત્પાદન, મૂડીરોકાણ વગેરે પર શી અસર થાય ? તે પણ તપાસવું જોઈએ. આથી જાહેર જમાખર્ચની આવક અને સંપત્તિની જાહેર અર્થવિધાનની પ્રવૃત્તિઓનું આયોજન થવું જોઈએ કે જેથી આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો લાવી સામાજિક ન્યાયનો આદર્શ સાકાર કરી શકાય.

➢ ઋણનીતિ :-

જાહેર ઋણની નીતિની પણ સામાજિક કલ્યાણ પર અસર પડતી હોય છે. જાહેર દેવાની ચૂકવણી પ્રશ્ન ઝીણવટભરી તપાસ માંગી લે છે. પ્રો. લર્નર અને હેન્સન જેવા વિદ્વાનો એવો મત ધરાવે છે કે ''આંતરિક દેવું એ દેવું જ નથી''. તેમ છતાં આ પ્રશ્ન સરળ નથી, કારણ કે આંતરિક દેવાની ચૂકવણી માટે ક્યા કરવેરાનો સરકારે આશ્રય લેવો પડે છે ? વ્યાજની આવક કોને મળે છે ? તેનો બોજો કોના પર પડે છે ? કરવેરાના દર કેટલા રાખવા પડે ? નિયોજનોની વૃત્તિ ઉપર શી અસર થાય ? વગેરે પ્રશ્નો ખૂબ જ અગત્યના છે. આથી મહત્તમ કલ્યાણનો વિચાર કરતી વખતે ધ્યાનમાં લેવાવા જોઈએ.

➢ આર્થિક સ્થિરતા :-

મુક્ત અર્થતંત્રમાં આર્થિક અસ્થિરતા કે જેને મંદી અને ફુગાવો દ્વારા માપવામાં આવે છે. આ તત્ત્વના કારણે સમાજે ઘણું સહન કરવું પડે છે. રાજ્યોનાં આધુનિક કાર્યો પ્રમાણે, આર્થિક અસ્થિરતા ઘટાડવાનું અને શક્ય હોય તો નાબૂદ કરવાનું ધ્યેય રાજ્ય સ્વીકારે છે. અર્થતંત્રનો વિકાસ સરળ અને ઝડપી બનાવે છે. તેમજ સામાજિક કલ્યાણમાં વધારો કરે છે. આથી આર્થિક સ્થિરતાને એક જાહેર વિત્તવ્યવસ્થાને ચકાસવાની કસોટી તરીકે સ્વીકાર કરવામાં આવે છે.

➢ ભવિષ્ય પર અસરો:-

જાહેર જમાખર્ચની નીતિમાં માત્ર વર્તમાન સામાજિક કલ્યાણને જ નહિ પરંતુ ભવિષ્યના સામાજિક કલ્યાણને પણ અગત્યનું સ્થાન આપવું જોઈએ. રાજ્ય કાયમી સંસ્થા છે. વ્યક્તિઓ ભવિષ્ય કરતાં વર્તમાનને વધુ પસંદ કરે છે. તે વર્તમાન પેઢીના કલ્યાણને જેટલું મહત્ત્વ આપે છે તેટલું જ મહત્ત્વ ભવિષ્યની પેઢીને મળે તેવી જાહેર જમાખર્ચની નીતિ અપનાવે છે. જાહેર

વિત્તવ્યવસ્થાની નીતિ ઘડતી વખતે ભવિષ્યની અસરો પણ લક્ષમાં લેવી ઘટે.

➢ સમીક્ષા :-

સિદ્ધાંતની દૃષ્ટિએ વિચાર કરતાં મહત્તમ સામાજિક કલ્યાણનો સિદ્ધાંત ખૂબ જ આકર્ષક અને વાજબી જણાય છે, પરંતુ વાસ્તવિક રીતે રાજ્ય જ્યારે અમલમાં મૂકવા પ્રયત્ન કરે ત્યારે માર્ગમાં અનેક મુશ્કેલીઓ ઊભી થાય છે. કરવેરાના એક એકમથી અનુભવવો પડતો સીમાંત ત્યાગ તે એકમના ખર્ચથી મળતા લાભો સાથે સરખાવવાનું કામ ઘણું અટપટું અને મુશ્કેલ તેમજ કંઈક અંશે અવ્યવહારું લાગે છે. ખર્ચ અને કરવેરાથી લાભાલાભ ચોક્કસ પ્રમાણમાં માપી શકાય નહીં.

2.4 બજારતંત્રની નિષ્ફળતા :-

એડમ સ્મિથ માનતા હતા કે અર્થતંત્રમાં જ્યારે પૂર્ણ હરીફાઈ પ્રવર્તમાન હોય ત્યારે ભાવતંત્ર દ્વારા ઉત્પાદનનાં સાધનોની ફાળવણી ઈષ્ટતમ રીતે થાય છે. બજારમાં ઉપભોક્તાઓની અભિરુચિ પ્રમાણે ઉત્પાદન થાય એ સ્થિતિમાં વસ્તુનું કુલ ઉત્પાદન કુલ માંગ જેટલું હશે. ઉત્પાદનનાં સાધનોની કાર્યક્ષમ રીતે ફાળવણી થશે આથી ઉત્પાદન ખર્ચ ઓછામાં ઓછું હશે અને ઉત્પાદન વધુમાં વધુ હશે. આથી વ્યક્તિગત લાભની સાથે સમગ્ર સમાજનું કલ્યાણ થશે.

હકીકતમાં કોઈ પણ દેશમાં કોઈ પણ વસ્તુનું બજાર પૂર્ણ હરીફાઈવાળું જોવા મળતું નથી. પરંતુ કેટલેક અંશે અપુર્ણ હરીફાઈવાળા કે ઈજારાવાળા બજારો જોવા મળે છે. (જેનો અભ્યાસ આપણે 'બજાર માળખુંમાં કર્યો.) આથી સાધન ફાળવણીના પ્રશ્નો સર્જાય છે. બજારતંત્ર ઈષ્ટત્તમ સ્થિતિ સિદ્ધ કરી ન શકવાનું બીજું કારણ એ છે કે મોટાભાગની વસ્તુના ઉત્પાદન તથા ઉપભોગની પ્રક્રિયાઓમાંથી કેટલીક બાહ્ય અસરો ઉદ્‌ભવે છે, જેને બાહ્યતા (Externalities) કહેવામાં આવે છે. વાસ્તવિક ભાવતંત્ર ઈષ્ટત્તમ રીતે કામ ન કરી શકે તેનું અન્ય કારણ એ છે કે કેટલીક વસ્તુ કે સેવાઓનો વપરાશ સાર્વજનિક ધોરણે થતો હોય છે. આથી આવી જાહેર વસ્તુ (Public goods)નું વેપારી ધોરણે ઉત્પાદન અને વેચાણ કરી શકાય નથી. આ ઉપરાંત આવક અને સંપત્તિની અસમાનતાઓ પણ બજારતંત્રમાં ઉત્પાદનનાં સાધનોની ઈષ્ટત્તમ ફાળવણી સામે મર્યાદા લાવે છે.

બજારતંત્રની ગંભીર ત્રુટી એ છે કે આવક અને સંપત્તિની અસમાનતા વધારે છે કે અસમાનતા માટેનું વાતાવરણ પૂરું પાડે છે.

➢ અપૂર્ણ હરીફાઈ :-

અપૂર્ણ હરીફાઈવાળા કે ઈજારાવાળા બજારમાં બજારભાવ ઉપર ઉત્પાદકોનો કાબૂ હોય છે. ઉત્પાદન ક્ષમતાનો પૂર્ણ ઉપયોગ થતો નથી. ઉત્પાદન કાર્યક્ષમતાથી નીચી સપાટી પર હોય છે. ભાવો ઉત્પાદન ખર્ચથી વધુ હોય છે.



પૂર્ણહરીફાઈવાળા બજારમાં સીમાંત આવક-સીમાંત ખર્ચ (MR=MC) સરખા થાય ત્યાં પેઢી સમતુલામાં આવે છે. ઉપરોક્ત આકૃતિમાં, Q બિંદુએ પેઢી OP કિંમતે OM જેટલું ઉત્પાદન હાથ ધરે છે, જે સામાજિક દૃષ્ટિએ ઈષ્ટત્તમ ઉત્પાદન છે, એટલે કે ઉત્પાદનનાં તમામ સાધનોનો ઈષ્ટત્તમ ઉપયોગ થાય છે. પરંતુ વાસ્તવિક જગતમાં પૂર્ણ હરીફાઈના સ્થાને અપૂર્ણ હરીફાઈ - ઈજારો, અલ્પહસ્તક ઈજારો વગેરેથી ઉત્પાદન થાય છે, જે સ્થિતિ નીચેની આકૃતિમાં બતાવી છે.



ઉપરોક્ત આકૃતિમાં, ઈજારદારની સરેરાશ આવકની રેખા સીમાંત આવકની રેખાથી ઉપરના સ્થાને છે. સરેરાશ આવક કરતાં નીચેની સપાટીએ એટલે કે જ્યાં MC = MR <P થાય એટલું ઉત્પાદન હાથ ધરે છે. જે OM દ્વારા દર્શાવવામાં આવેલ છે. અહીં સીમાંત આવક = સીમાંત ખર્ચ (MR = MC) સરખા ન થતાં P = AR > MR છે. સીમાંત આવકની તુલનામાં કિંમત ઊંચી છે. સમાજની દૃષ્ટિએ ઈષ્ટત્તમ ઉત્પાદન, સીમાંત આવક = સીમાંત ખર્ચ (MR=MC) =P કિંમત થાય ત્યાં OM1 જેટલું હોવું જરૂરી છે.

➢ બાહ્ય અસરો :-

બજારમાં ગ્રાહક નાણું ચૂકવીને ઉત્પાદન કે વિક્રેતા પાસેથી વસ્તુ કે સેવા ખરીદે છે અને આ સાથે આ વિનિમય-વ્યવહાર પૂરો થાય છે. પરંતુ ઘણીવાર આ વિનિમયની અસર બહારના એવા લોકો પર પડે છે, જેમને આ વ્યવહાર સાથે સંબંધ નથી. અને તેમને આ અસર સ્વીકારવી જ પડે છે. આ બાહ્ય અસર ક્યારેક નકારાત્મક હોય છે. દા.ત. કારખાનામાંથી નીકળતો ધુમાડો, તેની અસર આસપાસના રહેવાસી પર પડે છે અને તેમનું સ્વાસ્થ્ય બગાડે છે. વસ્તુના ઉત્પાદન ખર્ચમાં સામાન્ય રીતે કાચોમાલ, મજૂરી, મૂડી, વગેરેની ગણતરી કરી ચીજવસ્તુની કિંમત નક્કી કરવામાં આવે છે, પરંતુ ધુમાડાના કારણે પ્રજાના સ્વાસ્થ્ય પર પડતી અસર ગણતરી કરવામાં આવતી નથી. એટલે કે પ્રદૂષણનો બોજો સમગ્ર સમાજે ઉઠાવવો પડે છે, આ સંજોગોમાં બજારતંત્ર સમાજની દૃષ્ટિએ ઈષ્ટત્તમ પરિણામ આપતી નથી.

નકારાત્મક બાહ્ય અસરોને કારણે ઉત્પાદન કાર્યક્ષમતાની દૃષ્ટિએ જેટલું હોવું જોઈએ તેના કરતાં વધુ થતું હોય છે. સકારાત્મક બાહ્ય અસરો હોય છે ત્યાં ઉત્પાદન કાર્યક્ષમતાની દૃષ્ટિએ જેટલું હોવું જોઈએ તેના કરતાં ઓછું થતું હોય છે. એટલે આ બંને સ્થિતિમાં સરકારે હસ્તક્ષેપ કરવો જરૂરી છે. એટલે જ સરકાર કેટલાક કાયદાઓ બનાવતી હોય છે, દા.ત. પ્રદૂષણ વિરોધી કાયદા, ટ્રાફિક અંગેના કાયદા, વગેરે. કેટલીકવાર સરકાર સકારાત્મક બાહ્ય અસરો અંગેના પગલાં લેતી હોય છે. દા.ત. શિક્ષણનો પ્રસાર થાય તેવાં પગલાં, જાહેર વાહન વ્યવહારની સેવાઓ, વનસંવર્ધન વગેરે.



ઉપરોક્ત આકૃતિમાં, OM જેટલું વસ્તુનું ઉત્પાદન અને SS રેખા દ્વારા ખર્ચ દર્શાવવામાં આવેલ છે. ઉત્પાદનના પરિણામે ફેક્ટરીમાંથી નીકળતો ધુમાડો, ઘોંઘાટ વગેરેના કારણે સમાજે સ્વાસ્થ્ય પાછળ વધારાનો ખર્ચ કરવો પડતો હોય છે, વાસ્તવમાં આ પ્રકારના સામાજિક ખર્ચની ગણતરી ઉત્પાદકો દ્વારા કરવામાં આવતી નથી. જેના કારણે OM1 સ્થાને OM જેટલું વધુ ઉત્પાદન થાય છે. આવી સ્થિતિમાં સામાજિક રીતે ઈષ્ટતમ ઉત્પાદન જાળવી રાખવા માટે અને લોકોના સ્વાસ્થ્યને થતાં નુકસાન અટકાવવા સરકારે ઉત્પાદકો ઉપર વિશિષ્ટ કરવેરા નાખવા જોઈએ.

કેટલીકવાર બાહ્ય અસરો સકારાત્મક હોય છે. દા.ત. શિક્ષણ મેળવનાર વ્યક્તિને શિક્ષણથી લાભ થાય જ છે, પરંતુ સમગ્ર સમાજની દૃષ્ટિએ કાર્યક્ષમ જવાબદાર નાગરિકોના લાભ મળી શકે છે.



ઉપરોક્ત આકૃતિમાં, DD જુદી જુદી વસ્તુઓ અને સેવાઓ માટેની માંગ રેખા છે, જેની સમાજ કિંમત ચૂકવવાની તૈયારી દર્શાવે છે, SS એ પુરવઠા રેખા છે. તેમજ QM જેટલી કિમત ચૂકવે છે. સમાજ માટે જરૂરી શિક્ષણ, આરોગ્ય વગેરેની અપેક્ષાઓ D1D1 માંગ રેખા દ્વારા દર્શાવેલ છે. અહીં સમાજ તેમની જરૂરિયાતની તીવ્રતા ધરાવતી હોવાથી સામૂહિક રીતે વધુ કિંમત ચૂકવવા તૈયાર થાય છે. માત્ર OM જેટલું ઉત્પાદન થાય છે. પરંતુ સમાજને પ્રાપ્ત લાભની રીતે ઉત્પાદન OM1 થાય તો સ્વાસ્થ્ય અને કેળવણીની સુવિધાઓ પૂરી પાડી શકાય. આ સંજોગોમાં

સરકારે વધારાનું ખર્ચ ભોગવીને અને વસ્તુના ઉત્પાદનના સંદર્ભમાં સબસીડી પૂરી પાડીને સમાજની માંગ રેખાને અનુરૂપ ઉત્પાદન હાથ ધરવું જોઈએ. આકૃતિમાં DD રેખાથી D1D1 રેખા પ્રસાર લાભને દર્શાવે છે.

➢ સામૂહિક જરૂરિયાતની વસ્તુઓ :-

બજારતંત્રની નિષ્ફળતાનું અગત્યનું કારણ જાહેર અથવા સામાજિક વસ્તુઓ છે. જાહેર વસ્તુઓ એટલે જેનો વપરાશ સાર્વજનિક રીતે થતો હોય અને હરીફાઈ વગર વપરાશ થતો હોય, અહીં આવી પરિસ્થિતિમાં કિંમત ચૂકવનાર અને કિંમત નહિ ચૂકવનાર વ્યક્તિઓને એક સરખો લાભ થતો હોય છે, અને પ્રાપ્ત લાભમાંથી કોઈને પણ વંચિત રાખી શકાતા નથી. જાહેર બગીચાઓ, સંરક્ષણ, સરકારી શાળાઓ વગેરે જાહેર વસ્તુઓ છે. આવી વસ્તુઓનો લાભ સમાજ મફત પ્રાપ્ત કરવાનું વલણ ધરાવે છે. પરિણામે મહત્તમ નફાનો ધ્યેય રાખનાર ખાનગી વ્યક્તિ આવી સામાજિક વસ્તુનું ઉત્પાદન કરવા તૈયાર ન થાય. બજારપદ્ધતિ ઉપર સંપૂર્ણ આધાર રાખવામાં આવે તો અર્થવ્યવસ્થામાં થતું મૂડીરોકાણ સામાજિક કલ્યાણની દૃષ્ટિએ અપૂરતું નીવડવાનો સંભવ છે. આનું કારણ એ છે કે મૂડીરોકાણ બચત ઉપર આધાર રાખે છે અને બજાર પદ્ધતિમાં વ્યક્તિઓના બચત અંગેના નિર્ણયમાં બચતમાં રહેલ પ્રસારણના (Spil Over) વધારાના લાભનો સમાવેશ થતો નથી. આપને આગળના મુદ્દામાં જોયું કે જ્યાં બાહ્ય લાભ હોય ત્યાં બજારપદ્ધતિ સામાજિક દૃષ્ટિએ ઈષ્ટત્તમ કરતાં ઓછા ઉત્પાદનમાં પરિણમશે. બજારપદ્ધતિમાં વ્યક્તિ પોતાને પ્રાપ્ત થતા લાભનો જ વિચાર કરશે. વર્તમાન જરૂરિયાતો વધુ અગત્યની લાગશે. અહીં વ્યક્તિ વ્યક્તિઓનો સમૂહ બચત કરે તો તે માટે તૈયાર થશે. મરજિયાત રીતે આવાં પગલાંઓ સફળ ન થતાં હોવાથી આ પ્રશ્નના ઉકેલ માટે રાજ્ય તરફથી પગલાં લેવાય તો સામાજિક દૃષ્ટિએ ઈષ્ટત્તમ બચત અને મૂડીરોકાણ શક્ય બને.

➢ સમીક્ષા :-

આમ બજારપદ્ધતિ આધારિત સંપૂર્ણ ઉત્પાદન કરવામાં આવે તો અર્થકારણમાં મૂડીરોકાણ સામાજિક દૃષ્ટિએ અપૂરતું લાગે છે. બાહ્યતાની અસરોને કારણે બજાર દ્વારા સામાજિક ઈષ્ટત્તમ ઉત્પાદન પ્રાપ્ત થઈ શકતું નથી. બાહ્યતાની અસરોના કારણે બાહ્ય ગેરલાભ પ્રાપ્ત થતો હોય તેને સરકાર દ્વારા સહાય અને ગેરલાભ થતો હોય (અહીં ખાનગી ખર્ચ કરતાં સામાજિક ખર્ચ વધુ થતો હોય) ત્યાં સરકાર દ્વારા કરવેરા લાદવા જોઈએ. સરકારે સામાજિક ઈષ્ટત્તમ સાધનોની ફાળવણી થાય તે અંગે આ પ્રકારનાં પગલાં લેવાં જોઈએ.

2.5 આર્થિક વિકાસ અને સામાજિક કલ્યાણમાં સરકારની ભૂમિકા :-

બજારતંત્રની મર્યાદાઓ દૂર કરવા માટે રાજ્યએ હસ્તક્ષેપ કરવો જરૂરી બને છે. કેટલાક સંજોગોમાં રાજ્ય દ્વારા નીચે જણાવેલ મુજબનાં કાર્યો હાથ ધરવાં પડે છે.

➢ કાયદો અને વ્યવસ્થાનું કાર્ય :-

અર્થતંત્રમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાનું મુખ્ય અને પ્રાથમિક કાર્ય રાજ્ય કે કેન્દ્ર સરકારનું છે. પોલીસ રાજ્યના આ પ્રકારનાં કાર્ય કરતી નથી. રાજ્યની આંતરિક ને બાહ્ય સલામતી જાળવવી, લશ્કર નિભાવવું. શાસ્ત્રોનું ઉત્પાદન કરવું, પોલીસ ખાતાની વ્યવસ્થા કરવી, ન્યાયની અદાલતો સ્થાપવી, તેનું સંચાલન કરવું વગેરે કાર્યો રાજ્ય દ્વારા શક્ય બને છે. આ કાર્યો ખાનગી ક્ષેત્ર પર છોડી ના શકાય. ટૂંકમાં, રાજ્યમાં કાયદો, વ્યવસ્થા, શાંતિ-સલામતી જાળવવાનું કાર્ય સરકારનું છે. તેથી બજારતંત્રમાં રાજ્યનો હસ્તક્ષેપ જરૂરી બને છે.

➢ સામુહિક સેવાઓ પૂરી પાડવી :-

બજારતંત્રમાં ખાનગીક્ષેત્ર સામૂહિક વસ્તુઓનું ઉત્પાદન કરતું નથી. કારણ કે આ પ્રકારની વસ્તુઓના વપરાશ ચૂકવનાર અને કિંમત ન ચૂકવનાર વ્યક્તિઓને એક સરખો લાભ પ્રાપ્ત થાય છે. જેમકે, સંરક્ષણ, દીવાદાંડી, બાગબગીચા, રસ્તાઓ પુલો, સ્ટ્રીટ લાઈટ વગેરે આવી સેવાઓ પૂરી પાડવાનું કાર્ય રાજ્યે પ્રજાના કલ્યાણ અને આર્થિક વિકાસની દૃષ્ટિએ કરવું પડે છે. બજાર પદ્ધતિ ઉપર સંપૂર્ણ રીતે આધાર રાખવામાં આવે તો અર્થવ્યવસ્થામાં થતું મૂડીરોકાણ સામાજિક કલ્યાણની દૃષ્ટિએ અપૂરતું નીવડવાનો સંભવ છે.

➢ શોષણ અટકાવવું :-

ખાનગી ક્ષેત્ર શ્રમિકોનું નીચા વેચન અને ગ્રાહકોનું ઊંચી કિંમતો દ્વારા શોષણ કરતા હોય છે. તદુપરાંત ગ્રાહકોને નીચી ગુણવત્તાવાળી વસ્તુઓ આપીને ભેળસેળવાળી વસ્તુઓ આપીને શોષણ કરવામાં આવે છે. કેટલીકવાર ખાનગી ઉત્પાદકો દ્વારા પરસ્પર જોડાણ સાધીને ઈજારા રચવામાં આવે છે, જેમાં ગ્રાહકોનું શોષણ થાય છે. તેથી સરકાર કાયદા અને નિયંત્રણો દ્વારા શ્રમિકો, પ્રજાનું શોષણ અટકાવવા પ્રયાસ કરે છે.

➢ સામાજિક કલ્યાણનાં કાર્યો કરવાં :-

વર્તમાન રાજ્યો કલ્યાણ રાજ્યો હોવાથી કાયદો, વ્યવસ્થા, ન્યાય, સંરક્ષણ વગેરેની સાથે પ્રજાના કલ્યાણમાં વધારો થાય તેવાં કેટલાંક મહત્ત્વનાં કાર્યો કરે છે. રાજ્ય શિક્ષણ, તાલીમ, સંશોધન વગેરે પાછળ વિપુલ પ્રમાણમાં ખર્ચ કરે છે. રાજ્ય તબીબી, ઈજનેરી કોલેજો અને ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો વગેરે ચલાવે છે. પ્રજાની જાહેર તંદુરસ્તી જળવાય તે માટે દવાખાનાં, હોસ્પિટલો, જાહેર શૌચાલયોનું બાંધકામ વગેરે પાછળ સરકાર જાહેર ખર્ચ કરતી હોય છે. આ સામે સામાજિક સલામતીની યોજનાઓ દ્વારા પ્રજાને મદદરૂપ થાય છે. આમ સરકાર સામાજિક કાર્યો કરે છે.

➢ આર્થિક વિકાસ માટે પગલાં ભરવાં :-

અલ્પવિકસિત દેશના ઝડપી આર્થિક વિકાસ માટે મૂડીરોકાણમાં વધારો કરવો આવશ્યક થઈ પડે છે. આ દેશમાં મૂડી-સંચયનો દર ધીમો હોવાનું એક અગત્યનું કારણ સામાજિક મૂડીના અભાવમાં રહેલું છે. સામાજિક મૂડી એટલે રસ્તાઓ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વીજળી, પાણી, સિંચાઈ વગેરે સગવડો પૂરતા પ્રમાણમાં પૂરી પાડવા બજાર પદ્ધતિ પર આધાર રાખી ન શકાય. આ પ્રકારની સગવડો પૂરી પાડવાની જવાબદારી રાજ્ય સરકાર ઉઠાવે તે આવશ્યક છે.

➢ આવકની અસમાનતાનું નિવારણ કરવું :-

સાધનોની ઈષ્ટત્તમ ફાળવણીની સાથે બજારતંત્ર ન્યાયી સમાનતા અને સામાજિક ન્યાયની દૃષ્ટિએ પણ ઊણું ઉતારવાની શક્યતા રહેલી છે. આવકની અતિશય અસમાનતા કે જેની સ્થિતિ ઉચિત વહેંચણી થયેલી હોવી જોઈએ તેના કરતાં વિપરીત સ્થિતિ બજારતંત્ર સુધારવામાં નિષ્ફળ નીવડે છે. આ સંજોગોમાં સામાજિક ન્યાય અને આવકની ઉચિત વહેંચણી માટે સરકારે દરમિયાનગીરી કરવી પડે, મસગ્રેવ સરકારના આ કાર્યને 'વહેંચણીનું કાર્ય' (distributive Role) તરીકે ઓળખાવે છે.

➢ આર્થિક સ્થિરતા જાળવવી :-

ઘણી વખત અમુક સમયાંતરે અર્થવ્યવસ્થામાં ફુગાવો-મંદી, બેરોજગારી, લેણદેણ તુલામાં ચૂકવણી, આર્થિક અસ્થિરતા વગેરે પ્રશ્નો ઊભા થતાં હોય છે. આવે સમયે સરકારની

દરમિયાનગીરી આવશ્યક થઈ પડે છે. આ પ્રકારની દરમિયાનગીરીને મસગ્રેવ 'સ્થિરતાના કાર્ય' તરીકે ઓળખાવે છે. દા.ત. અર્થતંત્રમાં આવતા તેજી અને મંદીના સપાટાઓને રાજ્ય તેની જાહેરખર્ચની નીતિ દ્વારા વેગળા રાખી શકે છે.

➢ સમીક્ષા :-

સામાન્ય રીતે બજારતંત્ર સામાજિક કલ્યાણમાં રસ દાખવતું નથી. તે સ્વહિતને જ ધ્યાનમાં રાખે છે. જ્યારે રાજ્ય નફાના હેતુને અવગણી લોકોના કલ્યાણને મહત્ત્વ આપે છે. રાજ્ય ગરીબ લોકોને લક્ષમાં રાખીને બજાર પર અંકુશો અને નિયંત્રણ મૂકે છે. કેટલીકવાર ખાનગી ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા માટે નિયંત્રણો હળવા પણ કરે છે. આમ, રાજ્યે સામાજિક કલ્યાણને મહત્તમ કરવા માટે પ્રોત્સાહક, સ્પર્ધાત્મક, નિયંત્રક તરીકેની કામગીરી કરવાની હોય છે. સાધનોને સામાજિક દૃષ્ટિએ ઈચ્છનીય ક્ષેત્રો તરફ વળવા જોઈએ. અહીં રાજ્યની દરમિયાનગીરી રાષ્ટ્રના વિકાસને પ્રેરક બને છે.

2.6 સારાંશ :-

➢ કોઈપણ અર્થતંત્ર માત્ર બજાર આધારિત હોય એટલે કે મુક્ત હોય તો તેમાં સમાજના કેટલાક ભાગને લાભ મળે છે તો કેટલાક લોકો વિકાસના લાભ મેળવ્યા વિના રહી જાય છે.

➢ મહત્તમ સામાજિક લાભના હેતુથી તેમજ બજારતંત્રની નિષ્ફળતાથી સરકારનો હસ્તક્ષેપ જરૂરી બને છે.

➢ સરકાર તેની આવકના જુદાજુદા સ્ત્રોતોથી તેમ જ ખર્ચ કરવાનાં જુદાં જુદાં ક્ષેત્રોથી અર્થતંત્રમાં હસ્તક્ષેપ કરે છે અને તે રીતે મહત્તમ સામાજિક લાભ થાય તેવા પ્રયત્નો કરે છે. તેનાથી આર્થિક સ્થિરતા પણ આવે છે.

2.7 ચાવીરૂપ શબ્દો :-

➢ સબસીડી :-

વસ્તુના ગ્રાહક દ્વારા ચૂકવવામાં આવતી કિંમતને તેના ઉત્પાદન ખર્ચ કરતાં ઓછી રાખવા મતે સરકાર દ્વારા ચૂકવવામાં આવતાં નાણાં.

➢ સામાજિક કલ્યાણ :-

સમાજની વ્યાપક સુખાકારી અથવા વ્યાપક રીતે સમાજનું કલ્યાણ.

➢ સામાજિક ખર્ચ :-

કોઈ એક વસ્તુનું ઉત્પાદન કરવાથી સમગ્ર સમાજને ભોગવવું પડતું વૈકલ્પિક ખર્ચ.

➢ સામૂહિક વસ્તુઓ :-

એવી વસ્તુઓ કે સેવા, જે કોઈ એક વ્યક્તિને પૂરી પાડવામાં આવે તો બીજી વ્યક્તિને પણ કોઈ વધારાના ખર્ચ વિના પૂરી પાડી શકાય.

➢ બાહ્ય અસરો (Externalities Spill Over) :-

એવી બાબતો જેમનો સમાવેશ રાષ્ટ્રીય પેદાશમાં કરવામાં આવતો નથી, પરંતુ જેમની માનવ સુખાકારી પર અસર પડે છે.

➢ રાજકોષીય નીતિ :-

સમગ્રલક્ષી આર્થિક નીતિનું એક સાધન જેમાં સરકારના ખર્ચ અને કરવેરાનો ઉપયોગ કરીને આર્થિક પ્રવૃત્તિઓની સપાટીને પ્રભાવિત કરવાનું લક્ષ્ય રાખવામાં આવે છે.

2.8 તમારી પ્રગતિ ચકાસો :-

➢ નીચે આપેલા પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.

1. અધિકત્તમ સામાજિક કલ્યાણના સિદ્ધાંતનો હેતુ સમજાવો.

2. અધિકતમ સામાજિક કલ્યાણની વસ્તુલક્ષી કસોટીઓ કઈ છે ?

3. અપૂર્ણ હરીફાઈમાં ઉત્પાદનનાં સાધનોનો ઈષ્ટત્તમ ઉપયોગ ન થવાથી સામાજિક કલ્યાણ ઘટે છે ? સમજાવો.

4. સામૂહિક જરૂરિયાતની વસ્તુઓના ઉત્પાદનમાં બજારતંત્ર શા માટે નિષ્ફળ નીવડે છે?

5. આર્થિક વિકાસ અને સામાજિક કલ્યાણમાં રાજ્યની ભૂમિકા સમજાવો.

⇨ તમારી પ્રગતિ ચકાસો - ૨

➢ નીચે આપેલ પ્રશ્નોના જવાબો વિકલ્પ પસંદ કરી આપો.

(1) બજાર પદ્ધતિ ક્યારે નિષ્ફળ નીવડે છે ?

(અ) ઈજારાની પરિસ્થિતિ બજારમાં હોય ત્યારે

(બ) જ્યારે ગ્રાહકો કિંમતને પ્રભાવી કરે ત્યારે

(ક) જ્યારે બજારનો અભાવ હોય ત્યારે

(ડ) ઉપરોક્ત બધા જ

(2) વર્તમાન રાજ્ય પોલીસ રાજ્યના રહેતાં કેવા પ્રકારનાં રાજ્યોની ભૂમિકા ભજવે છે ?

(અ) સૈનિક રાજ્યો (બ) મૂડી રાજ્યો (ક) કલ્યાણ રાજ્યો

(3) પુલનું નિર્માણ કેવા પ્રકારનો લાભ જન્માવે છે ?

(અ) પ્રસાર (બ) ખાનગી (ક) વ્યક્તિગત

(4) કેવા પ્રકારની વસ્તુઓની કિંમત ચૂકવનાર કે ન ચૂકવનાર વ્યક્તિઓને એકસરખો લાભ થાય છે ?

(અ) ખાનગી (બ) જાહેર (ક) ભૌતિક

(5) બજારતંત્ર શેના કલ્યાણમાં રસ દાખવતું નથી ?

(અ) વ્યક્તિગત (બ) સામાજિક (ક) આર્થિક

⇨ ઉપયોગી પુસ્તકો ની યાદી :-

(1) ભટ્ટ, મહેશ (2001) 'જાહેર વિત્તવ્યવસ્થાના સિદ્ધાંતો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય.

(2) રાવલ, એમ.એન.(1976) 'આર્થિક સિદ્ધાંતો' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય.

(3) મસગ્રેવ, રીચાર્ડ (1978) 'જાહેર અર્થવિધાનના સિદ્ધાંતો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ-ગુજરાત રાજ્ય.

(4) Musgrave R.A. (1959). 'The Theory of Public Finance', McGraw-Hill: NewYork.

(5) Musgrave R. A. and P. B. Musgrave (1989). "Public Finance in Theory and Practice", MCGraw-Hill, New York.

⇨ તમારી પ્રગતિ ચકાસો-2ના ઉત્તરો :

(1) ઉપરોક્ત બધા જ (2) કલ્યાણ રાજ્યો (3) પ્રસાર

(4) જાહેર (5) સામાજિક

*** *** ***

એકમ 3

જાહેર ખર્ચ : અર્થ, વર્ગીકરણ અને સિદ્ધાંતો

-: રૂપરેખા :-

3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 જાહેર ખર્ચનો અર્થ

3.3 જાહેર ખર્ચનું વર્ગીકરણ

(અ) મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ

(બ) વિકાસ ખર્ચ અને બિનવિકાસ ખર્ચ

(ક) સંરક્ષણ ખર્ચ અને નાગરિક ખર્ચ

(ડ) સામાન્ય લાભ અને વિશિષ્ટ લાભનો ખર્ચ

(ઈ) ઉત્પાદનનાં સાધનોનો ઉપયોગ કરનાર ખર્ચ અને ઉત્પાદનનાં સાધનોની ફેરબદલી કરનાર ખર્ચ

3.4 જાહેર ખર્ચના સિદ્ધાંતો

(અ) મહત્તમ સામાજિક લાભનો સિદ્ધાંત

(બ) કરકસરનો સિદ્ધાંત

(ક) સંમતિનો સિદ્ધાંત

(ડ) ઉત્પાદકતાનો સિદ્ધાંત

(ઈ) સ્થિતિસ્થાપકતાનો સિદ્ધાંત

(ફ) પુરાંતનો સિદ્ધાંત

3.5 સારાંશ

3.6 ચાવીરૂપ શબ્દો

3.7 તમારી પ્રગતિ ચકાસો

⇨ કેટલાક ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.0 ઉદ્દેશો :

પ્રસ્તુત એકમનો અભ્યાસ નીચેના ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે.

(1) જાહેર ખર્ચનો અર્થ અને વર્ગીકરણ તપાસવું

(2) જાહેર ખર્ચ કરતી વખતે ક્યાં સિદ્ધાંતોને ધ્યાનમાં રાખવા પડે છે, તે સમજવું.

3.1 પ્રસ્તાવના :

19મી સદી સુધી માત્ર એવો ખ્યાલ હતો કે સરકાર ની જવાબદારી માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવા પૂરતી જ છે, પરંતુ 20મી સદી શરૂ થતાં જ આ ખ્યાલમાં મોટો બદલાવ આવ્યો. 1929માં વૈશ્વિક મહામંદી અને તેના પરિણામ સ્વરૂપે સરકારની આર્થિક પ્રવૃત્તિઓમાં સતત વધારો થવા લાગ્યો. જનસમાજનું કલ્યાણ એ કેન્દ્રસ્થાને આવતાં સરકારના ખર્ચમાં જંગી વધારો થવા લાગ્યો. લોકોનું મહત્તમ કલ્યાણ એ રાજ્યોની જવાબદારી બની ગઈ. આથી સરકારની નાણાવ્યવસ્થામાં જાહેર ખર્ચના વિભાગે અગત્યનું સ્થાન લઈ લીધું. રાષ્ટ્રીય અર્થવિધાનમાં જેટલું મહત્ત્વ આવકનાં સાધનોને આપવામાં આવે છે, તેટલું જ મહત્ત્વ જાહેરખર્ચની અસરો અને તેના અભ્યાસને આપવામાં આવે છે. પ્રસ્તુત એકમમાં આપણે જાહેર ખર્ચ એટલે શું, તેના પ્રકારો, તેના વિવિધ સિદ્ધાંતો વિશે વિગતવાર અભ્યાસ કરીશું.

3.2 જાહેર ખર્ચનો અર્થ :

સામાન્ય રીતે વિચારીએ તો જાહેર ખર્ચ એ જાહેર સંસ્થાના સંદર્ભમાં વિચારવામાં આવે છે. તેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સરકારોના ખર્ચનો સમાવેશ કરવામાં આવે છે. સરકારના આ પ્રકારનો ખર્ચ લોકોના કલ્યાણમાં વધારો થાય એટલા માટે કરે છે. આમ, **જાહેર ખર્ચ એ સરકારી સત્તાના કોઈપણ અંગ દ્વારા કરવામાં આવતો ખર્ચ છે.** ટૂંકમાં કહીએ તો, જાહેર સત્તા અર્થતંત્રમાં જુદા જુદા ઉદ્દેશોની પ્રાપ્તિ માટે જાહેર ખર્ચ કરે છે. જેમાં નાગરિકોના રક્ષણ માટેનો ખર્ચ અને તેમના સામાજિક, આર્થિક કલ્યાણમાં વધારો કરવા માટેનો ખર્ચ પણ આવી જાય.

આ ઉપરાંત, બીજી દૃષ્ટિએ જોઈએ તો પણ, અર્થતંત્ર વિકસિત હોય કે વિકાસમાન, દરેક દેશ માટે જાહેર ખર્ચ અનિવાર્ય બન્યો છે. સરકાર સંરક્ષણ, કાયદો, વ્યવસ્થા, જાહેર શાંતિ, વિકાસનાં કાર્યો વગેરે બધા જ પ્રકારની લોકોની સામુદાયિક જરૂરિયાતો માટે મોટા પાયા પર જાહેર ખર્ચ કરે છે. આ ઉપરાંત, શ્રમિકોના કલ્યાણ માટે, આર્થિક અસમાનતા ઘટાડવા માટે, કુદરતી સંકટોના નિવારણાર્થે તથા સામાજિક સલામતી માટે મોટા પાયા પર સરકાર દ્વારા ખર્ચ કરવામાં આવે છે.

➢ ભારતમાં જાહેર ખર્ચની સ્થિતિ :

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ખર્ચની સ્થિતિ સમજવા માટે નીચે આપેલું કોષ્ટક-1 જોઈએ, જેમાં છેલ્લાં 50 વર્ષમાં કેન્દ્ર સરકારના કુલ ખર્ચમાં GDPના સંદર્ભમાં થયેલો ખર્ચ બતાવવામાં આવેલો છે. કોષ્ટક જોતાં કહી શકાય છે કે 1990ના દાયકા પછી ખાનગીકરણની નીતિ આપનાવ્યા પછી પણ સરકારનો ખર્ચ વધતો રહ્યો છે.

કોષ્ટક-1

વર્ષ	ખર્ચનું પ્રમાણ GDPના %
1970	14
1990	18
2000	15
2020	17.6

સ્ત્રોત : Various issyes of Indian Finance Statistics

કોષ્ટક - ૨ માં સરકારનો ખર્ચ એટલે કે જાહેર ખર્ચ નાણાંકીય સ્વરૂપમાં દર્શાવેલો છે.

કોષ્ટક-2 - કેન્દ્ર સરકારનો ખર્ચ નાણાકીય સ્વરૂપમાં

વર્ષ	ખર્ચ ₹ કરોડમાં
1950-51	503.7
1960-61	1,805.70
1970-71	5,576.7
1990-91	1,00,879
2000-01	3,13011
2010-11	11,87,898
2018-19	23,15,113

સ્ત્રોત : various issues of Indian Finance Statistics

3.3 જાહેર ખર્ચનું વર્ગીકરણ (પ્રકારો) :

વહીવટી સરળતા ખાતર જાહેર ખર્ચનું અનેક દૃષ્ટિએ વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જુદા જુદા અર્થશાસ્ત્રીઓ જુદા જુદા દૃષ્ટિકોણને લક્ષમાં રાખીને જાહેર ખર્ચને બે ભાગમાં વિભાજિત કરે છે.

(અ) મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ :-

સરકારના <u>મહેસૂલી ખર્ચ</u>માં મુખ્યત્વે સંરક્ષણ, કાયદો, વ્યવસ્થા, ન્યાય, કરવેરા ઉઘરાવવાનો ખર્ચ, સામાજિક કલ્યાણની યોજનાઓ પાછળનો ખર્ચ, દેવાના વ્યાજની ચૂકવણી તથા આકસ્મિક બાબતો માટેના ખર્ચને સમાવવામાં આવે છે.

જ્યારે સરકારના <u>મૂડીખર્ચમાં</u> ઉદ્યોગોના વિકાસ પાછળનો ખર્ચ, ખેતી વિકાસ, જાહેર બાંધકામો, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર જેવી સેવાઓના વિકાસ પાછળના ખર્ચનો સમાવેશ કરવામાં આવે છે.

સામાન્ય રીતે, માલસામાન અને સેવાઓના ઉત્પાદનમાં વૃદ્ધિના પરિણામે આર્થિક વૃદ્ધિ થાય છે. ઉપભોક્તા ખર્ચમાં વધારો, આંતરરાષ્ટ્રીય વેપારમાં વધારો અને મૂડી ખર્ચમાં તેમના રોકાણમાં વધારો કરતા વ્યવસાયો અર્થતંત્રમાં માલસામાન અને સેવાઓના ઉત્પાદનના સ્તરને અસર કરી શકે છે.

ઉદાહરણ તરીકે, જેમ જેમ ગ્રાહકો વધુ મકાનો ખરીદે છે, મકાન બાંધકામ અને કોન્ટ્રાક્ટરોની આવકમાં વધારો જોવા મળે છે. જેમ જેમ કંપનીઓ તેમનાં ઉત્પાદનો અને સેવાઓને વિસ્તૃત કરવા માટે તેમના વ્યવસાયોમાં રોકાણ કરે છે, તેઓ વધુ કર્મચારીઓને નોકરીએ રાખે છે અને પગાર અથવા વેતનમાં વધારો કરે છે. આ તમામ પ્રવૃત્તિ આર્થિક વૃદ્ધિ તરફ દોરી જાય છે, જેને ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) દ્વારા માપી શકાય છે.

મૂડીરોકાણ કર્યાવિના નવીનતા શક્ય નથી, જેમાં કુદરતી સંસાધનોના નવા ભંડારની શોધ અથવા તકનીકી પ્રગતિનો સમાવેશ થાય છે. મૂડીરોકાણ ત્યારે થાય છે, જ્યારે વ્યવસાયો

કેપિટલ ગુડ્સ ખરીદે છે, જે ઈમારતો, મશીનરી, સાધનો, વાહનો અને સાધનો જેવી મૂર્ત સંપત્તિ છે. આ મૂર્ત અસ્કયામતો પછી માલ અથવા સેવાઓના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાય છે. મૂડીરોકાણ એ કંપની માટે તેના વ્યાવસાયિક ઉદ્દેશ્યોને આગળ વધારવાનું એક માધ્યમ છે. મૂડીરોકાણો લાંબા ગાળાના રોકાણો છે, તેઓ કંપનીઓને ઉત્પાદન સુવિધાઓ ઉમેરીને અથવા સુધારીને અને ઓપરેશનલ કાર્યક્ષમતામાં વધારો કરીને ઘણા વર્ષો સુધી આવક પેદા કરવાની મંજૂરી આપે છે. જ્યારે ધંધો કેપિટલ ગુડ્સમાં રોકાણ કરે છે ત્યારે તે આવકમાં તાત્કાલિક વધારો જોતો નથી.

મૂડીરોકાણમાં વધારો મૂડી માળખામાં વધુ સંશોધન અને વિકાસ નાં દ્વારા ખોલે છે. જો કોઈ કંપની નવાં ઉત્પાદનો અને સેવાઓને બજારમાં લઈ જવા માંગે છે, તો તેઓ સામાન્ય રીતે સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓમાં નવીનતા લાવવા અને નવાં ઉત્પાદનો અને સેવાઓનો પરિચય આપવા અથવા તેમની હાલની તકોમાં સુધારો કરવા તરફના પ્રથમ પગલા તરીકે જોડાશે.

વધારાના અથવા સુધારેલા મૂડી માલનો હેતુ કંપનીઓને વધુ ઉત્પાદન અને કાર્યક્ષમ બનાવીને શ્રમ ઉત્પાદકતા વધારવાનો છે. નવાં સાધનો અથવા ફેક્ટરીઓ વધુ અને ઝડપી દરે ઉત્પાદનોનું ઉત્પાદન કરવા તરફ દોરી જાય છે. ઉદાહરણ તરીકે, નવી ઉત્પાદન સુવિધા ઓછી વીજળીનો ઉપયોગ કરે છે, કારણ કે તે નવાં સાધનોનો ઉપયોગ કરે છે અને વધુ ઊર્જા-કાર્યક્ષમ હોય છે. પરિણામે, ઓછા ખર્ચે અને ઝડપી ટર્નઅરાઉન્ડ સમય સાથે વધુ ઉત્પાદનોનું ઉત્પાદન કરી શકાય છે. આ કંપનીના નફામાં વધારો કરી શકે છે. જેમ જેમ શ્રમ વધુ કાર્યક્ષમ બને છે તેમ, દેશભરમાં આ વધેલી કાર્યક્ષમતા સમગ્ર દેશની આર્થિક વૃદ્ધિ અને ઉચ્ચ રાષ્ટ્રવ્યાપી જીડીપી તરફ દોરી જાય છે.

(બ) વિકાસ ખર્ચ અને બિનવિકાસ ખર્ચ :-

આ પ્રકારના ખર્ચને બીજા શબ્દોમાં ઉત્પાદક ખર્ચ અને બિન ઉત્પાદક ખર્ચ પણ કહેવામાં આવે છે. જે ખર્ચ દ્વારા સરકાર વર્તમાન કે ભવિષ્યમાં કોઈપણ વસ્તુ કે સેવાઓનું ઉત્પાદન કરવા માંગતી હોય અને જેમાંથી સરકારને ભવિષ્યમાં વળતર પ્રાપ્ત થવાની ખાતરી હોય એવા પ્રકારના ખર્ચને ઉત્પાદક (વિકાસ) ખર્ચ કહેવામાં આવે છે. જેમ કે, ખેતી કે ઉદ્યોગોના વિકાસ માટે થતો ખર્ચ વિકાસ ખર્ચ ગણાવી શકાય, પરંતુ યુદ્ધ પાછળ કરવામાં આવતા ખર્ચ, દેવા પરના વ્યાજનો ખર્ચ વિ.ને બિન-વિકાસ વ્યાખ્યામાં મૂકવામાં આવે છે.

(ક) સંરક્ષણ ખર્ચ અને નાગરિક ખર્ચ :-

શ્રીમતી ઉર્સુલા હિક્સ દ્વારા કરવામાં આવેલું જાહેર ખર્ચનું વર્ગીકરણ જોઈએ તો જેમાં મૂડી સાધનો, રાજ્ય દ્વારા ચાલતાં કારખાનાંઓ, ધંધાકીય ખર્ચ, સૈનિકોનો પગાર વગેરેનો સમાવેશ થઈ જાય તેવા પ્રકારનો બધો જ ખર્ચ સંરક્ષણ ખર્ચ ગણાવી શકાય. વહીવટી ખર્ચ, કાયદો અને વ્યવસ્થા દ્વારા શાંતિ જાળવવા માટે કરવામાં આવતા ખર્ચને નાગરિક ખર્ચની વ્યાખ્યામાં મૂકવામાં આવે છે.

આ ઉપરાંત, શ્રીમતી હિક્સ દ્વારા વિકાસ ખર્ચનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ તથા વિકાસ માટેના અન્ય જાહેર ખર્ચનો સમાવેશ કરવામાં આવે છે. દા.ત. રસ્તાઓનું બાંધકામ, કેળવણી, તબીબી સેવાઓ વગેરે પાછળ થતો

ખર્ચ એ વિકાસ ખર્ચ કહી શકાય.

(ડ) સામાન્ય લાભ અને વિશિષ્ટ લાભનો ખર્ચ :-

ખર્ચનું આ પ્રકારનું વર્ગીકરણ લોકોને જાહેર ખર્ચના પરિણામે જે લાભ મળે છે, તેના આધારે કરવામાં આવે છે.

સામાન્ય લાભનો ખર્ચ એ એવા પ્રકારનો છે કે જેનો લાભ સમાજની દરેક વ્યક્તિને પ્રાપ્ત થાય છે. પરંતુ અમુક પ્રકારના ખર્ચને પરિણામે જાહેર ખર્ચનો લાભ જો કોઈ એક વિશિષ્ટ કે ખાસ વર્ગના લોકોને જ મળતો હોય તો તેવા પ્રકારના ખર્ચને વિશિષ્ટ લાભનો ખર્ચ કહેવામાં આવે છે. દા.ત. શ્રમિકોના હિતને ધ્યાનમાં લઈને કરવામાં આવેલ ખર્ચ.

(ઈ) ઉત્પાદનનાં સાધનોનો ઉપયોગ કરનાર ખર્ચ અને ઉત્પાદનનાં સાધનોની ફેરબદલી કરનાર ખર્ચ :-

આ પ્રકારના ખર્ચમાં રાજ્ય પોતે જ ઉત્પાદનનાં સાધનોની ખરીદી કરે છે અને તે પછી તેનો ઉપયોગ કરે છે. દા.ત. ભારતમાં પંચવર્ષીય યોજનાઓ માટે કરવામાં આવતો ખર્ચ એ ઉત્પાદનનાં સાધનોનો ઉપયોગ કરનાર ખર્ચ ગણી શકાય. જ્યારે ઉત્પાદન સાધનોની હેરફેર કરવા માટે જે ખર્ચ કરવામાં આવે છે તેને ઉત્પાદનનાં સાધનોની ફેરબદલી કરનાર ખર્ચમાં સમાવી શકાય.

3.4 જાહેર ખર્ચના સિદ્ધાંતો :

આપણે જોયું કે 20મી સદીમાં દુનિયાના મોટાભાગના દેશોમાં કલ્યાણ રાજ્યનો આદર્શ સ્વીકારાયો અને તે અંતર્ગત રાજ્યના જાહેર ખર્ચમાં સતત વધારો થવાનું વલણ જણાયું. જાહેર ખર્ચમાં વધારો થવા માટેનાં જવાબદાર પરિબળો જોઈએ તો, કલ્યાણ રાજ્યનો આદર્શ તો ખરો જ, આ ઉપરાંત, યુદ્ધ અને સંરક્ષણ ખર્ચ, આર્થિક વિકાસ, મંદી અને આર્થિક અસમાનતા ઘટાડવાનો હેતુ, વસ્તી વધારો અને શહેરીકરણ, લોકશાહી સંસ્થાઓનો વિકાસ, સામાજિક ઉત્થાન, પછાત દેશોના વિકાસમાં સહયોગ જાહેર સત્તાની કાર્યક્ષમતામાં વધારો, વગેરેને ગણાવી શકાય. જાહેર ખર્ચના આ બધા જ હેતુઓને સિદ્ધ કરવા માટે સરકાર દ્વારા જે જાહેર ખર્ચ કરવામાં આવે છે તે ક્યાં સિદ્ધાંતોને આધારે તથા ક્યારે અને કેટલો ખર્ચ કરવો ફાયદાકારક છે તે અંગેનું માર્ગદર્શન આપતા સિદ્ધાંતોને જાહેર ખર્ચના સિદ્ધાંતો તરીકે ઓળખવામાં આવે છે. જાહેર ખર્ચના જે સિદ્ધાંતો રજૂ કરવામાં આવે છે તેમાં ફીંડલે શિરાજ નામના અર્થશાસ્ત્રીનો મોટો ફાળો છે. હવે આપણે જાહેર ખર્ચના વિવિધ સિદ્ધાંતોને તપાસીએ.

(અ) મહત્તમ સામાજિક લાભનો સિદ્ધાંત :-

જાહેર વિત્તવ્યવસ્થા નાગરિકો અને સરકાર (રાજ્ય) વચ્ચે ખરીદશક્તિની ફેરબદલી કરે છે. આ ફેરબદલી એવી રીતે થવી જોઈએ કે, જેને કારણે સમગ્ર સમાજનું કલ્યાણ મહત્તમ થાય. જાહેર ખર્ચમાં આ સિદ્ધાંતને મહત્તમ સામાજિક કલ્યાણના સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. મહત્તમ સામાજિક લાભનો આ સિદ્ધાંત એવું પ્રતિપાદિત કરે છે કે, સરકારે તેનો જાહેર ખર્ચ એવી રીતે કરવો જોઈએ કે, જેના પરિણામે લોકોને મહત્તમ સામાજિક લાભ પ્રાપ્ત થાય. આ માટે જુદાં જુદાં કાર્યો પાછળ ખર્ચવામાં આવતી રકમ એવી રીતે ખર્ચાવી જોઈએ કે જેથી કરીને સીમાંત સામાજિક લાભ અને સીમાંત સામાજિક ત્યાગ સમાન થઈ રહે. ટૂંકમાં કહીએ તો, આ સિદ્ધાંત સમ-સીમાંત તુષ્ટિગુણના નિયમ પર આધારિત છે. વપરાશના ક્ષેત્રમાં ઉપભોક્તા

જેવી રીતે પોતાની મર્યાદિત આવકમાંથી મહત્તમ લાભ મેળવવા માટે સમ-સીમાંત તુષ્ટિગુણનો નિયમ અપનાવે છે, તેવી જ રીતે આ નિયમનો ઉપયોગ જાહેર ખર્ચ કરતી વખતે સરકાર કરી શકે. બીજા શબ્દોમાં કહીએ તો, સરકાર દ્વારા જે જાહેર ખર્ચ કરવામાં આવે છે તે સમાજના લોકો પાસેથી જ કરવેરાના સ્વરૂપમાં એકત્રિત કરેલો હોય છે. અને કર ભરનાર વ્યક્તિ કર ભરવાથી જે ભોગ આપવો પડે છે તેને જાહેર ખર્ચ કરતી વખતે સરકારે ધ્યાનમાં રાખવો જોઈએ, એવું આ સિદ્ધાંતમાંથી પ્રતિપાદિત થાય છે.

(બ) કરકસરનો સિદ્ધાંત :-

કરકસરના આ સિદ્ધાંત પ્રમાણે સરકારે જાહેર ખર્ચ કરવામાં કરકસર કરવી જોઈએ એવું જણાવે છે. કરકસર એટલે એવું નહીં કે, સરકારે જરૂરી ખર્ચાઓ ના કરવા, પણ બિનજરૂરી અને અયોગ્ય ખર્ચાઓ ઉપર કાપ મૂકવો જોઈએ કે બિલકુલ ના કરવા જોઈએ. સરકારે પોતાના જાહેર ખર્ચના કાર્યક્રમોનું અમલીકરણ ખૂબ જ સંયમપૂર્વક કરવું જોઈએ. આ સિદ્ધાંતનું હાર્દ એ છે કે સરકાર દ્વારા જે ખર્ચાઓ કરવામાં આવે છે, તે પૈકી મોટાભાગની આવક લોકો ઉપર કર લાદીને મેળવવામાં આવી હોય છે. જેથી તેનો ઉપયોગ વાજબી હેતુઓ પાછળ જ થવો જોઈએ. નાણાકીય સાધનોનો બગાડ કે દુર્વ્યય ના થવો જોઈએ. કીમતી અને મર્યાદિત સાધનોના કાર્યક્ષમ ઉપયોગ દ્વારા જ ઈષ્ટતમ ઉત્પાદન પ્રાપ્ત થઈ શકે છે.

(ક) સંમતિનો સિદ્ધાંત :-

લોકશાહી શાસન પ્રણાલી ધરાવતા રાજ્યમાં આ સિદ્ધાંતની ખૂબ જ અગત્યતા અને આવશ્યકતા હોવાનું મનાય છે. યોગ્ય રીતે નિમાયેલા અને યોગ્ય સત્તા ધરાવતા અધિકારીઓએ મંજૂર ના કર્યો હોય એવો કોઈપણ ખર્ચ લોકશાહીમાં જાહેર સત્તા દ્વારા ન થવો જોઈએ. દરેક સરકારી વિભાગો દ્વારા કેટલોક ખર્ચ કરવાનો છે તે અગાઉથી નિશ્ચિત અને મંજૂર થયેલો હોવો ખૂબ જ જરૂરી છે. આ ઉપરાંત, જે રકમ જે હેતુ માટે મંજૂર કરવામાં આવેલી હોય તે હેતુ માટે જ વપરાવી જોઈએ. જોકે, કેટલાક વિભાગોને અમુક પ્રમાણમાં જાહેર ખર્ચ કરવાની સ્વતંત્રતા પણ આપવામાં આવેલી હોય છે.

(ડ) ઉત્પાદકતાનો સિદ્ધાંત :-

આ સિદ્ધાંત દ્વારા એવું સૂચવવામાં આવે છે કે, સરકાર દ્વારા કરવામાં આવતો ખર્ચ ઉત્પાદક પણ હોવો જોઈએ. અહીં ઉત્પાદકતાનો અર્થ આર્થિક દૃષ્ટિકોણથી કરવામાં આવે છે. આ સિદ્ધાંત પ્રમાણે સરકારનો જાહેર ખર્ચ એવી રીતે થવો જોઈએ કે જેથી દેશમાં ઉત્પાદન અને વહેંચણી પર તેની અવળી અસરો ન જન્મે અને સાથે સાથે ઉત્પાદન મહત્તમ થાય. કેટલાક અર્થશાસ્ત્રીઓના મતે આ સિદ્ધાંત ને તટસ્થતાનો સિદ્ધાંત પણ કહી શકાય. એટલે કે, જાહેર ખર્ચ એવી રીતે થવો જોઈએ કે, જેથી દેશમાં ઉત્પાદન અને વહેંચણી પર કોઈ આડ અસર ઊભી ન થાય.

(ઈ) સ્થિતિસ્થાપકતાનો સિદ્ધાંત :-

જાહેર ખર્ચનો આ સિદ્ધાંત એવું પ્રતિપાદિત કરે છે કે, સરકારના જાહેર ખર્ચનું પ્રમાણ અને સ્વરૂપ સ્થિતિસ્થાપક હોવું જોઈએ. પરિસ્થિતિને અનુલક્ષીને તેમાં ફેરફાર થઈ શકવા જોઈએ. કેટલીકવાર અર્થતંત્રમાં આવતી મુશ્કેલીઓ જેવી કે, મંદી, યુદ્ધ, કુદરતી આફતો વગેરેનો સામનો કરવા માટે સરકારે મોટા પાયા પર ખર્ચ કરવાની જરૂરિયાત ઊભી થતી હોય છે. આવા સંજોગોમાં સરકાર પોતાના જાહેર ખર્ચમાં વધારો કરી શકતી હોવી જોઈએ. વ્યાપારચક્રને પરિણામે ઉદ્ભવતી મંદીમાંથી અર્થતંત્રને બહાર કાઢવા માટે અસરકારક માંગમાં વધારો કરવાની

આવશ્યકતા ઊભી થાય છે. આવા સંજોગોમાં સરકારને જાહેર ખર્ચમાં મોટા પાયા પર વધારો કરવાની જરૂર પડે છે. આથી વિરુદ્ધ તેજીના સમયમાં ખર્ચમાં ઘટાડો કરવાની જરૂરિયાત ઊભી થતી હોવાથી, સરકારે કેટલાક ખર્ચાઓમાં કાપ મૂકવાની આવશ્યકતા ઊભી થાય છે. આથી ખર્ચના આ સિદ્ધાંત પ્રમાણે જાહેર ખર્ચમાં અમુક ભાગ એવો હોવો જોઈએ કે જેમાં વધઘટ કરી શકાય.

(ફ) પુરાંતનો સિદ્ધાંત :-

આ સિદ્ધાંત અનુસાર સરકારની આવક તેના ખર્ચ કરતાં હંમેશાં વધારે હોવી જોઈએ. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ આ સિદ્ધાંત ને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. આ સિદ્ધાંત એવી માન્યતા પર રચાયેલો છે કે સરકારે પોતાનો ખર્ચ પોતાની આવક જેટલો જ અથવા બની શકે તો તેનાથી પણ ઓછો રાખવો જોઈએ. આ સરકારે પોતાના ચાલુ ખર્ચને પહોંચી વળવા મહેસૂલી આવક પર જ આધાર રાખવો જોઈએ. જાહેર લોન વગેરેનો ઉપયોગ બને ત્યાં સુધી ના કરવો જોઈએ. આ સિદ્ધાંતનું પાલન કરવાથી સરકારની નાણાકીય સધ્ધરતામાં લોકોને વિશ્વાસ પેદા થાય છે. જોકે, આધુનિક અર્થશાસ્ત્રીઓ આ સિદ્ધાંતનો અસ્વીકાર કરતાં જણાવે છે કે, સરકાર દ્વારા પુરાંતયુક્ત બજેટની નીતિ અપનાવવામાં આવશે તો કલ્યાણ રાજ્યના આદર્શને પ્રાપ્ત કરવામાં મુશ્કેલી ઊભી થશે.

અહીં આપણે જાહેર ખર્ચના વિવિધ સિદ્ધાંતોની ચર્ચા કરી. ઉપરોક્ત બધા જ સિદ્ધાંતો એકસરખું મહત્ત્વ ધરાવતા નથી.

3.5 સારાંશ :

પ્રસ્તુત એકમમાં આપણે જાહેર ખર્ચનાં વિવિધ પાસાંઓ વિષે જાણવાનો પ્રયાસ કર્યો. તેના પરથી ફલિત થાય છે કે વર્તમાન સમયમાં દરેક દેશની સરકારે કલ્યાણ રાજ્યની વિભાવનાનો સ્વીકાર કર્યો છે. તેથી તેને અમલમાં મૂકવા માટે 20મી સદીના આરંભે સરકારે તેના જાહેર ખર્ચમાં ખૂબ જ વધારો કર્યો છે અને આજે 21મી સદીમાં તેનું મહત્ત્વ ખૂબ જ વધી ગયું છે. અહીં જાહેર ખર્ચમાં વધારો કરતી વખતે સરકારે એક વાતને ખાસ ખ્યાલમાં રાખવી પડે છે કે જાહેર ખર્ચના વધારો સાથે લોકોના કલ્યાણમાં વધારો થવો જોઈએ.

3.6 ચાવીરૂપ શબ્દો :

(1) જાહેર ખર્ચઃ- નાગરિકોના રક્ષણ માટે તથા તેમના આર્થિક અને સામાજિક ઉત્કર્ષ માટે જાહેર સંસ્થાઓ દ્વારા કરવામાં આવતો ખર્ચ. જાહેર સંસ્થાઓમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારો અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે.

(2) મૂડી ખર્ચ :- મૂડી ખર્ચ એ એક વર્ષથી વધુ સમયથી (સામાન્ય રીતે એકાઉન્ટિંગ સમયગાળો એક વર્ષ માટે) ખર્ચનો ફાયદો મેળવવાના હેતુ સાથે કરવામાં આવેલા ખર્ચ છે. ઉદાહરણ તરીકે, લાંબા ગાળાની અસ્કયામતો જેવી કે મશીનરી, પ્લાન્ટ્સ, ઈમારતો વગેરે પર ખર્ચવામાં આવેલી રકમ, ક્યાં તો સુધારો કરવા અથવા મેળવવા માટે, મૂડી ખર્ચ છે.

(3) (1) સંમતિ : સમાન મત હોવાની સ્થિતિ, મળતો વિચાર હોવો એ (2) અનુમતિ, અનુમોદન, ટેકો. (3) મત, અભિપ્રાય.

(4) પુરાંત : દરરોજના કે માસિક હિસાબનાં બેઉ ખાતાં મંડાઈ ગયા પછી જમા ખાતા પર રહેતી સિલક, જણસ બાકી, તારણ, 'બેલેન્સ'

3.7 તમારી પ્રગતિ ચકાસો :

(ક) સવિસ્તાર પ્રશ્નો :-

(1) જાહેરખર્ચનો અર્થ આપી, જાહેરખર્ચનું વર્ગીકરણ સમજાવો.

(2) જાહેરખર્ચ એટલે શું ? જાહેરખર્ચના વિવિધ સિદ્ધાંતો જણાવો.

(ખ) હેતુલક્ષી પ્રશ્નો (સાચા વિકલ્પની પસંદગી કરો)

(A) 19મી સદીના રાજ્યો ક્યાં નામે ઓળખાતા હતા ?

(1) પોલીસ રાજ્યો (2) કલ્યાણ રાજ્યો

(3) આર્થિક રાજ્યો (4) સામાજિક રાજ્યો

(B) મંદી દરમિયાન જાહેર ખર્ચમાં શું થાય છે ?

(1) ઘટાડો (2) વધારો

(3) સ્થિર રહે છે (4) કંઈજ નહી

(C) સંરક્ષણ, કાયદો, વ્યવસ્થા, વ્યાજ ચૂકવણી, પાછલા ખર્ચનો સમાવેશ ક્યાં પ્રકારના ખર્ચમાં કરવામાં આવે છે ?

(1) વિકાસ ખર્ચ (2) મહેસૂલી ખર્ચ

(3) મૂડી ખર્ચ (4) નાગરિક ખર્ચ

(D) ખેતી વિકાસ ખર્ચનો સમાવેશ ક્યાં પ્રકારના ખર્ચમાં કરવામાં આવે છે ?

(1) મૂડી ખર્ચ (2) મહેસૂલી ખર્ચ

(3) બિનવિકાસ ખર્ચ (3) સામાન્ય લાભનો ખર્ચ

(E) જે જાહેર ખર્ચનો લાભ સમાજની દરેક વ્યક્તિને પ્રાપ્ત થાય તેને ક્યાં પ્રકારનો ખર્ચ કહે છે ?

(1) વિશિષ્ટ લાભનો ખર્ચ (2) નાગરિક ખર્ચ

(3) સામાન્ય લાભનો ખર્ચ (3) ઉત્પાદન ખર્ચ

(F) સરકારે તેનો જાહેર ખર્ચ કેવી રીતે કરવું જોઈએ ?

(1) લોકોને મહત્તમ સામાજિક લાભ પ્રાપ્ત થાય એવી રીતે

(2) લોકોને ઓછો લાભ પ્રાપ્ત થાય એવી રીતે

(3) ગરીબ લોકોને ફાયદો થાય એવી રીતે

(4) સરકારને જ લાભ થાય એવી રીતે

(G) પુરાંતવાળું અંદાજપત્ર એટલે કેવું અંદાજપત્ર ?

(1) જેમાં સરકારની આવક કરતાં ખર્ચ વધારે હોય

(2) જેમાં સરકારની આવક કરતાં ખર્ચ ઓછું હોય

(3) જેમાં સરકારની આવક અને ખર્ચ બંને સરખા હોય

(4) ઉપરમાંથી એકેય નહી

(H) જાહેર ખર્ચનો સ્થિતિસ્થાપકતાનો સિદ્ધાંત શું કહે છે ?

(1) સરકારનો ખર્ચ સંજોગો અનુસાર ફેરફારક્ષમ ના હોવું જોઈએ

(2) સરકારનો ખર્ચ સંજોગો અનુસાર ફેરફારક્ષમ હોવો જોઈએ

(3) સરકારને ખર્ચ સ્થિર હોવું જોઈએ.

(4) ઉપરમાંથી એકેય નહીં

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :

(1) Burstein, M. L. (1963) Money (Cambridge, Mass.: Schenkman).

(2) Crowther, G., An outline of Money

(3) Dalton, H. 2013, (2003), Principles of Public Finance, (1st Edi.,) Routledge, London.

(4) Halm, G.N., (1948), Monetary Theory, Literary Licensing, LLC

(5) Lerner, A. P. (1952) 'The Essential Properties of Interted and Money', Quarterly Journal of Economics, Vol. 66-reprinted in his Essays in Economic Analysis (London: Macmillan, 1953).

(6) Mil, J.S., (1940 reprint). Principles of Political Economy, Ashley (ed.) London.: Longmans, Green

(7) Milton Briggs & Perly Jordan, (1935), Texbook of Economics, University Tutorial Press

(8) Misra, S.K., & Puri, V.K., (2015). Indian Economy. Himalaya Publishing House.

(9) Moulton, H.G., (5 October 2015), The Financial Organisation of Society, (3rd Ed.). Arkose Press.

(10) Musgrave, R.A. (1959). Theory of Public Finance, Mc Graw-Hill

(11) Robertson, D.H. (1948) Money. London: Pitman.

(12) Thoman, (January 1, 1924), Elements of Economics, St. Albans : The Donnington Press; First Edition

(13) Wicksell, K. (1935) Lectures on Political Economy, Vol. 2 (Money) (London: Geroge Routledge) - English translation, edited and introduced by Lionel Robbins

⇨ હેતુલક્ષી પ્રશ્નોના ઉત્તર :

(A) - 1 (B) - 2 (C) - 2 (D) - 1 (E) - 3 (F) - 1

(G) - 2 (H) - 2

*** *** ***

એકમ 4

ભારતમાં જાહેર ખર્ચ : અસરો, વલણ અને વધવાનાં કારણો

-: રૂપરેખા :-

4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 જાહેર ખર્ચની અસરો

4.2.1 જાહેર ખર્ચાઓની ઉત્પાદન પરની અસરો

4.2.2 જાહેર ખર્ચની વહેંચણી પરની અસરો

4.2.3 જાહેર ખર્ની અન્ય અસરો

4.3 ભારતમાં જાહેર ખર્ચનું વલણ : કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના ખર્ચનાં વલણો

4.4 જાહેર ખર્ચ વધવાનાં કારણો

4.5 સારાંશ

4.6 ચાવીરૂપ શબ્દો

4.7 તમારી પ્રગતિ ચકાસો

⇨ કેટલાક ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

4.0 ઉદ્દેશો :

❖ આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે :

➢ જાહેર ખર્ચના ખ્યાલને વ્યાખ્યાયિત કરી શકશો.

➢ રાજ્યના વધતાં જતા જાહેર ખર્ચનાઁ કારણો સમજી શકશો.

➢ સરકાર જે જાહેર ખર્ચ કરે છે તેની સાનુકૂળ અને પ્રતિકૂળ એમ બંને પ્રકારની અસરો જાણી શકશો.

➢ ભારતના સંદર્ભે 1981-82થી 2019-20ના સમયગાળા દરમિયાન કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના જાહેર ખર્ચ અંગેનાં વલણો અંગેની વિવિધ પ્રકારના ખર્ચની સમજૂતી મેળવી શકશો.

4.1 પ્રસ્તાવના :

રાજ્ય સામાન્ય રીતે કેટલાક ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને જાહેર ખર્ચ કરે છે. જાહેર ખર્ચ એટલે રાજ્ય દ્વારા કરવામાં આવતો ખર્ચ, આર્થિક વિકાસ અને સામાજિક વસ્તુઓની જરૂરિયાતો સંતોષવા સરકારે ખર્ચ કરવો પડે છે. તેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, નગરપાલિકાઓ અને પંચાયતો દ્વારા થતા ખર્ચનો સમાવેશ થાય છે. 19મી સદી દરમિયાન જાહેર ખર્ચની ઉપેક્ષા કરવામાં આવી અને માત્ર જાહેર આવકના પ્રશ્નોને મહત્ત્વ આપવામાં આવ્યું હતું. અગાઉના

સમયગાળા દરમિયાન સ્વૈર-પદ્ધતિનો સ્વીકાર કરવામાં આવેલો હોવાથી જાહેર ખર્ચનું પ્રમાણ ઓછું રહેતું હતું. રાજ્યનું કામ માત્ર કાયદો-વ્યવસ્થાની જાળવણી કરવાની હોવાથી 'પોલીસ રાજ્ય' (Police State) તરીકે ઓળખાતું.

આધુનિક રાજ્યે 'કલ્યાણ રાજ્ય' (Welfare State)નો હેતુ સ્વીકાર્યો હોવાથી જાહેર ખર્ચમાં વધારો થવાનું વલણ જોવા મળે છે. દેશ નાનો હોય કે મોટો હોય, મૂડીવાદી હોય કે સામ્યવાદી, ગરીબ હોય કે ધનિક હોય બધા જ દેશોમાં જાહેર ખર્ચમાં વધારો થયો છે. તેનું મુખ્ય કારણ એ છે કે રાજ્યના કાર્યક્ષેત્રનો વ્યાપ વધ્યો છે તેમજ કલ્યાણલક્ષી અને વિકાસલક્ષી ખર્ચાઓ જરૂરી બન્યા છે. પ્રો. વીટો તાંઝી (Vito Tanzi) અને પ્રો. લુડગર શુકનેટ (Ludger Schuknecht) એ ઔદ્યોગિક દેશો પર કરવામાં આવેલ અભ્યાસ '20મી સદીમાં જાહેર ખર્ચ' (Public Spending in the 20th century A Global Prospective), ના આધારે બે વિશ્વયુદ્ધોને લીધે જાહેર ખર્ચમાં વધારો નોંધાયો હતો. પરંતુ 1960 અને 1980ના દાયકામાં આ દેશોના જાહેર ખર્ચમાં ઝડપી વધારો થવા માટેનું કારણ આ ગાળા દરમિયાન અર્થવ્યવસ્થામાં રાજ્યની વધેલી સક્રિય ભૂમિકાએ ભાગ ભજવ્યો હતો. રાજ્ય દ્વારા સામાજિક સલામતીની યોજનાઓ, કેળવણી, સ્વાસ્થ્ય, પેન્શન વગેરેની નીતિએ જાહેર ખર્ચમાં થયેલા વધારામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.

જોકે, 1980 અને 1990ના દાયકામાં રાજ્યની જાહેર ખર્ચ અંગેની ભૂમિકા બદલાયેલી છે, જેના કારણે વલણો બદલાયાં છે. વધતા જાહેર ખર્ચમાં ઘટાડાના આ અભિગમનાં મૂળમાં આર્થિક સુધારો રહેલ છે. 19મી સદીમાં એડોલ્ફ વેગ્નર નામના અર્થશાસ્ત્રીએ રાજ્યના વધતા ખર્ચનો નિયમ રજૂ કર્યો. તેમના મત પ્રમાણે સરકારી ખર્ચમાં વધારો થવા માટેનું સ્વાભાવિક વલણ હોય છે. વેગ્નરના મતે, "ઔદ્યોગીકરણ પામતા દેશોમાં માથાદીઠ આવકમાં થતા વધારાની સાથેસાથ જાહેર ક્ષેત્રનું સાપેક્ષ મહત્ત્વ વધવા પામે છે." વેગ્નર માને છે કે, વ્યક્તિની આવક વધતાં સરકારી સેવાઓનું સાપેક્ષ મહત્ત્વ વધે છે, પરંતુ જો સરકારી સેવાઓ અંગેની આવક સાપેક્ષતા ખાનગી વસ્તુઓની આવક સાપેક્ષતા કરતાં વધુ હોય છે. આમ, જ્યારે લોકોની આવક નીચી હોય ત્યારે કાયદો, વ્યવસ્થા અને સંરક્ષણ સિવાયની સરકારી પ્રવૃત્તિની જરૂરિયાત ખોરાક, કપડાની પ્રાથમિક જરૂરિયાત જેટલી રહેતી નથી, પરંતુ જેમ આવક નીચી હોય ત્યારે કાયદો, વ્યવસ્થા અને સંરક્ષણ વગેરે જાહેર સેવાની માંગમાં વધારો થાય છે. આમ, આવકની અમુક હદ સુધી જાહેર સેવાઓ માટેની આવક સાપેક્ષતા વધુ હોય છે.

❖ જાહેર ખર્ચના ઉદ્દેશો :

સામાન્ય રીતે રાજ્ય નીચેના ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને જાહેર ખર્ચ કરતી હોય છે.

(1) દેશનું આંતરિક અને બાહ્ય સંરક્ષણ કરવા

(2) કાયદો અને રાજ્યની વ્યવસ્થા જાળવવા

(3) દેશનો આર્થિક વિકાસ સાધવા

(4) અર્થતંત્રની આર્થિક સ્થિરતા જાળવવા

(5) આવક અને સંપત્તિની અસમાનતા નિવારવા

(6) સામાજિક કલ્યાણની યોજનાઓ

(7) લોકો માટે સામૂહિક સેવાઓ પૂરી પાડવા

(8) અર્થતંત્રનો વહીવટ ચલાવવા અને નિભાવવા

4.2 જાહેર ખર્ચની આર્થિક અસરો :

અર્થતંત્રમાં સરકાર જે જાહેર ખર્ચ કરે છે તેની સાનુકૂળ અને પ્રતિકૂળ એમ બંને પ્રકારની અસરો થાય છે. ડૉ. ડાલ્ટનો એ જાહેર ખર્ચની અસરોનો અભ્યાસ નીચે મુજબના ત્રણ વિભાગ હેઠળ વહેંચેલ છે, તે મુજબ આપણે અભ્યાસ કરીશું.

4.2.1 જાહેર ખર્ચની ઉત્પાદન પરની અસરો :

જાહેર ખર્ચની ઉત્પાદન પરની અસરોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય :

➢ કામ કરવાની અને બચત કરવાની શક્તિ પરની અસર :

જાહેર ખર્ચ અનેક રીતે લોકોની કામ કરવાની અને બચત કરવાની શક્તિ વધારનારું પરિબળ છે. જાહેર ખર્ચના પરિણામે સમાજના લોકોની કાર્યક્ષમતામાં વધારો થાય છે. શિક્ષણ, તાલીમ, સંશોધન અને સામાજિક સેવાઓ જેવી કે સ્વાસ્થ્યના કાર્યક્રમો પાછળ રાજ્ય દ્વારા કરવામાં આવતો ખર્ચ ખૂબજ મહત્ત્વનો છે. આ સાથે જાહેર ખર્ચનો લાભ પ્રાપ્ત કરનાર લોકોની સાથે અન્ય સંબંધિત લોકોને પણ તેનો પરોક્ષ લાભ પ્રાપ્ત થાય છે. સામાજિક કલ્યાણની યોજનાઓનો લાભ લેનાર વ્યક્તિઓને નાણાકીય અથવા વાસ્તવિક લાભ મળે છે. તેની સાથે લાભ લેનારની બચત કરવાની શક્તિમાં વધારો થવાથી બચતશક્તિપ્રાપ્ત કરનાર સંસ્થાની આવકમાં વધારો થતાં તેમની મૂડીરોકાણ કરવાની શક્તિમાં વધારો થાય છે. દા.ત. તાલીમ પ્રાપ્ત કરવાની શ્રમિકને ઊંચા વેતનની રોજગારી મળે છે. એક તરફ ઉત્પાદકતા વધે છે જ્યારે બીજી બાજુ બચત શક્ય બને છે, જે સમયાંતરે મૂડીરોકાણમાં પરિણમે છે.

જાહેર ખર્ચની લોકોની બચત કરવાની શક્તિ પણ વધે છે. રાજ્ય ખર્ચ કરીને અમુક સગવડો જેવી કે, શિક્ષણ તબીબી સારવાર, રહેઠાણ જેવી સગવડો લોકોને પૂરી પાડે છે. રાજ્ય એ આ સગવડો પૂરી ન પાડી હોત તો વ્યક્તિને પોતાની આવકમાંથી ખર્ચ કરીને મેળવવી પડત. આમ, જાહેર ખર્ચના પરિણામે વ્યક્તિની વાસ્તવિક આવકમાં વધારો થાય છે. આમ, જાહેર ખર્ચના પરિણામે વ્યક્તિની આવક વધતાં બચતશક્તિ વધે છે.

આમ, શિક્ષણ, તાલીમ, સંશોધન, જાહેર આરોગ્યની સેવાઓ, સામાજિક માળખાકીય સુવિધાઓ વગેરે પાછળ રાજ્ય તરફથી કરવામાં આવતું ખર્ચ લોકોની કાર્યક્ષમતામાં વધારો કરી તેમની કામ કરવાની શક્તિમાં વધારો કરે છે.

➢ કામ કરવાની અને બચત કરવાની વૃત્તિ પરની અસરો :

જાહેર ખર્ચથી લોકોની કામ કરવાની અને બચત કરવાની વૃત્તિ ઉપર પણ અસર થાય છે. લોકોની કામ કરવાની શક્તિ સાથે તે અંગેની ઈચ્છા કે વૃત્તિ અગત્યની બાબત છે. જો લોકોની આ અંગેની વૃત્તિ વધે તો ઉત્પાદન પર સાનુકૂળ અસર થશે. સરકાર વિવિધ પ્રકારની સામાજિક સલામતીની યોજના પાછળ ખર્ચ કરે છે.

દા.ત. બેકારોને બેકારી ભથ્થું, વિધવા સહાય, વૃદ્ધોને પેન્શન, બીમારી વખતે રાહત દરે કે મફત સારવાર વગેરે તે જ પ્રમાણે ઉત્પાદકોને કરવેરામાં રાહત, સબસીડી, માળખાકીય સુવિધામાં વધારો, વિદેશી હરીફાઈ સામે રક્ષણ આપવા માટે ખર્ચ કરે છે. આ બધા જ ખર્ચની લોકોની કામ કરવાની વૃત્તિ અને બચત વૃત્તિ પર કેવી અસર પડશે, તે ચોક્કસ રીતે કહી શકાય નહીં, કેમ કે તેનો આધાર કેટલાંક પરિબળો પર અવલંબે છે. જો સરકાર લોકોને બિનશરતે

મદદ આપશે તો તેની ઉત્પાદન પર વિપરીત અસરો થશે. બીજાન શબ્દોમાં કહીએ તો, સામાજિક સલામતીની યોજનાઓ હેઠળ સરકાર ઘણી ઉદાર બિનશરતી મદદ કરે તો લોકોની કામ કરવાની અને બચત કરવાની વૃત્તિમાં ઘટાડો થાય એવી શક્યતા છે. દા.ત. જો સરકાર કોઈપણ શરત વગર બેકારી ભથ્થું ચૂકવે તો લોકોની કામ કરવાની અને બચત કરવાની વૃત્તિ ઘટી જશે. તેથી આ મદદ શરતી રાખવી જોઈએ. અમુક સંજોગોમાં કામદારના વલણમાં પરિવર્તન લાવીને કામ કરવાની વૃત્તિમાં વધારો કરી શકાય, જો સહાય પ્રમાણસર હોય તો કામ કરવાની અને બચત કરવાની વૃત્તિમાં વધારો થવાની શક્યતા છે. લોકોની આવકની માંગની મૂલ્યસાપેક્ષતા પણ તેમની કાર્યવૃત્તિ અને બચત વૃત્તિને અસર કરે છે. જો આ મૂલ્ય સાપેક્ષતા સ્થિર હશે તો પ્રજા તેના પ્રવર્તમાન જીવનધોરણથી સંતોષ માનશે. પરિણામે સરકાર જ્યારે તેના માટે આ ખર્ચ કરશે ત્યારે તે પોતાનું ખર્ચ ઘટાડશે, ખર્ચ ઘટતાં આવક મેળવવાની તેની વૃત્તિ મોળી પડશે. એટલે તેમની કાર્યવૃત્તિ અને બચતવૃત્તિને અસર કરશે. આ જ બાબત ઉદ્યોગોને લાગુ પાડી શકાય. ઉદ્યોગોને કાયમ માટે સંરક્ષણ આપવામાં આવે તો હરીફાઈ ન થવાથી તેમની કાર્યક્ષમતા ઘટી જશે. એવા પ્રકારના ઉદ્યોગોને સહાય આપવી જોઈએ કે ભવિષ્યમાં વિદેશી ઉદ્યોગો સામે હરીફાઈ કરી શકે.

➢ સાધનોની ફેરબદલી કરવાની અસરો :

જાહેર ખર્ચના પરિણામે ઉત્પાદનનાં સાધનોની માંગ એક ક્ષેત્રમાંથી અન્ય ક્ષેત્રમાં બદલાય છે. જો ઉત્પાદનનાં સાધનો ખાનગી ક્ષેત્રો કરતાં જાહેર ક્ષેત્રોમાં વધુ હોય તે ઈચ્છનીય ગણાય. આ સાથે જાહેર ખર્ચ દ્વારા સરકાર સાધનોની પ્રાદેશિક ફેરબદલી કરીને પ્રાદેશિક અસમાનતા ઘટાડી શકે છે. એક ઉદ્યોગમાંથી બીજા ઉદ્યોગમાં જવા, એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં ઉત્પાદનનાં સાધનોનું સ્થળાંતર કરવામાં જાહેર ખર્ચ મદદરૂપ થાય છે. ઉદ્યોગમાં હરીફાઈ થવાના કારણે ઉત્પાદન અને રોજગારીની તકોમાં વધારો થાય છે. અહીં સરકાર દ્વારા જાહેર ખર્ચ કરવામાં આવે કે ખરેખર યોગ્ય પાત્ર હોય તેવા ઉદ્યોગોને જ નાણાકીય સહાય મળે તે ઈચ્છનીય છે. બીજી બાબત એ પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે સહાય કે ખર્ચ કાયમી સ્વરૂપનું ન હોવું જોઈએ. તેમજ ચોક્કસ સમયમાં પોતાના પગ પર ઊભા રહેવું જરૂરી છે. દેશના જે વિસ્તારોમાં સેવાઓ ઉપલબ્ધ ન હોય ત્યાં આવી સેવાઓ લોકોને પ્રાપ્ત થતાં ફાયદો થાય છે. આર્થિક રીતે પછાત વિસ્તારોનો આર્થિક વિકાસ જાહેર ખર્ચ દ્વારા સાધી શકાય.

દા.ત. પછાત વિસ્તારોમાં વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વીજળી, પાણી વગેરેની સેવાઓ પૂરી પાડી ખાનગી ક્ષેત્રના ઉદ્યોગોને આકર્ષી શકાય. આ ઉપરાંત ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો આકર્ષવા માટે લોન, સબસીડી કે કરવેરામાં રાહત આપી શકાય. રાજ્ય પોતે પણ આવા વિસ્તારોમાં ઉદ્યોગો સ્થાપી શકે છે. આમ, દેશના વિવિધ વિસ્તારોમાં સમતોલ વિકાસ માટે જાહેર ખર્ચને આજે એક અસરકારક સાધન ગણવામાં આવે છે.

4.2.2 જાહેર ખર્ચની વહેંચણી પરની અસરો :

જાહેર ખર્ચની વહેંચણી પરની અસરો સામાન્ય રીતે નીચે મુજબની જોઈ શકાય :

➢ આવકની અસમાનતામાં ઘટાડો :

જાહેર ખર્ચનો અન્ય પૈકીનો મહત્ત્વનો હેતુ આવકની અસમાનતામાં ઘટાડો કરવાનો છે. આપણે જાણીએ છીએ કે આધુનિક સમાજમાં આવકની ભારે વિષમતા જોવા મળે છે. સરકારનો જાહેર ખર્ચ કરવાનો એક મહત્ત્વનો ઉદ્દેશ મહત્તમ સામાજિક કલ્યાણ સિદ્ધ કરવાનો હોય તો

સમાજમાં પ્રવર્તતી વિષમતાઓ ઘટાડવી જરૂરી છે. આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડાના હેતુથી ધનિકો પર ઊંચા દરે કરવેરા નાખીને ધનિકોની વપરાશવૃત્તિ ઘટાડી શકાય. આ રીતે સરકારે કરવેરા દ્વારા મેળવેલી આવક જાહેર ખર્ચ દ્વારા ગરીબોને પ્રાપ્ત થતાં તેમની વાસ્તવિક આવકમાં વધારો થાય છે. આમ, જાહેર ખર્ચ આવકની અસમાનતામાં ઘટાડો લાવે છે.

➢ વિશિષ્ટ પ્રકારના લાભ :

આવકની અસમાનતામાં ઘટાડો કરવાના હેતુથી સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લાભાર્થે સરકાર તરફથી કેટલુંક ખર્ચ કરવામાં આવે છે. આ રીતે જાહેર ખર્ચના પરિણામે સમાજના નીચી આવકવાળા વર્ગને લાભ આપવાથી આવકની પુનઃવહેંચણી થાય છે. દા.ત., ગરીબ વર્ગ માટે સરકાર દ્વારા આપવામાં આવતું મફત શિક્ષણ, તબીબી સારવાર, વૃદ્ધાવસ્થા પેન્શન, મકાન બાંધકામ માટેની સહાય વગેરેથી ગરીબોને લાભ પ્રાપ્ત થાય છે. અમુક પ્રકારની સહાય વર્તમાનની જ નહિ પરંતુ ભવિષ્યની પણ અસમાનતા ઘટાડે છે. તેમજ સમાજના કલ્યાણમાં વધારો થાય છે.

➢ સામાન્ય પ્રકારના લાભ :

સરકાર જાહેર ખર્ચ દ્વારા સમગ્ર સમાજને લાભ થાય તેવી યોજનાઓ પાછળ ખર્ચ કરે તો તેનાથી સમગ્ર સમાજને લાભ પ્રાપ્ત થાય છે. દા.ત. પાણી પુરવઠાની યોજનાઓ, સિંચાઈની યોજનાઓ, રેલવે-રસ્તાઓ પાછળનો ખર્ચ, ઘણી વાર જે વસ્તુઓ અને સેવાઓનો વપરાશ સમાજના ગરીબ વર્ગો તરફથી વધુ પ્રમાણમાં કરવામાં આવતો હોય તો ઓછી કિંમતે પૂરી પાડીને આવકની અસમાનતા ઘટાડી શકાય છે.

આપણે અહીં જાહેર ખર્ચને આવકની અસમાનતા ઘટાડવા હેતુના દૃષ્ટિકોણથી તપાસી, તેનું મૂલ્યાંકન કાર્ય બાદ જ કહી શકીએ કે - આવકની અસમાનતા ઘટાડવાની યોજના સમગ્ર સમાજના કલ્યાણની દૃષ્ટિએ ઉપયોગી છે. પરંતુ કેટલીકવાર આ પ્રકારનાં પગલાંથી આવકની અસમાનતામાં થોડો ઘટાડો થતો હોય, જ્યારે કુલ ઉત્પાદન, રોજગારી, બચત અને મૂડીરોકાણ પર આની માઠી અસરો પડે તો સરવાળે લાભ થવાના બદલે હાનિ થાય.

ધનિક લોકોની કામ અને બચત કરવાની શક્તિ તેમજ વૃત્તિ પર આની વિપરીત અસર પડવાનો સંભવ છે. ભારે કરવેરા ધનિક લોકોની કામ અને બચત કરવાની શક્તિ તેમજ વૃત્તિને કુંઠિત કરે છે. બીજું કે, સરકારની જાહેર યોજનાઓથી લોકોને લાભ મળવાથી તેઓ આળસુ બનવાનો સંભવ છે. ગરીબો ઓછી મહેનત અને ઓછી બચત કરી પોતાનું અમુક જીવનધોરણ જાળવી રાખે. પરિણામે તેઓ કામ કરવાનું તથા બચત કરવાનું ઓછું કરી નાખે.

4.2.3 જાહેર ખર્ચની અન્ય અસરો :

જાહેર ખર્ચની અન્ય અસરોમાં મુખ્યત્વે ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.

➢ વહીવટ ખર્ચ પરની અસરો :

સરકાર દ્વારા જ્યારે જાહેર ખર્ચની નીતિ અપનાવવામાં આવે છે ત્યારે જાહેર ખર્ચના વધારા સાથે સરકારના વહીવટી ખર્ચમાં વધારો થાય છે. વહીવટી ખર્ચમાં જો વધુ વધારો થાય તો જાહેર ખર્ચની નીતિ ઓછી ફળદાયી બને તેથી વહીવટી ખર્ચમાં કરકસર કરીને જાહેર ખર્ચ કરવામાં આવે તો જ તે સફળતા મેળવી શકે છે.

➢ રોજગારી પરની અસરો :

સરકાર દ્વારા કરવામાં આવતા જાહેર ખર્ચથી રોજગારીમાં વધારો થાય છે. શ્રમિકો અને અન્ય લોકોની આવકમાં વધારો થતાં વપરાશવૃત્તિમાં વધારો થાય છે. આમ, અસરકારક માંગમાં વધારો થતાં મૂડીરોકાણ પણ વધવા પામે છે. વર્તમાન સમયમાં મોટાભાગના દેશોમાં સરકાર પૂર્ણ રોજગારીની પ્રાપ્તિના ઉદ્દેશ માટે જાહેર ખર્ચની નીતિ અપનાવતી હોય છે. આમ જાહેર ખર્ચ રોજગારીમાં ઘટાડો કરવાના સાધન તરીકે મહત્ત્વની કામગીરી બજાવે છે. સરકાર દ્વારા રોડ-રસ્તા, મકાનો, પુલ, પાણી પુરવઠા યોજના, શિક્ષણ, આરોગ્ય વિષયક સેવાઓનો વિસ્તાર કરવાના પરિણામે લોકોને વધુ રોજગારીની તકો પ્રાપ્ત થાય છે. આ સાથે ગરીબોની વાસ્તવિક આવકમાં પણ વધારો થાય છે. પરિણામ સ્વરૂપે લોકોની વપરાશવૃત્તિ અને અસરકારક માંગમાં વધારો થતાં પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવામાં જાહેર ખર્ચની નીતિ મહત્ત્વનો ભાગ ભજવે છે.

➢ સમીક્ષા :

આધુનિક રાજયે 'કલ્યાણ રાજય' (Welfare State)નો હેતુ સ્વીકાર્યો હોવાથી જાહેર ખર્ચમાં વધારો થવાનું વલણ જોવા મળે છે. રાજયના કાર્યક્ષેત્રનો વ્યાપ વધ્યો છે તેમજ કલ્યાણલક્ષી અને વિકાસલક્ષી ખર્ચાઓ જરૂરી બન્યા છે. અર્થતંત્રમાં સરકાર જે જાહેર ખર્ચ કરે છે તેની સાનુકુળ અને પ્રતિકૂળ એમ બંને પ્રકારની અસરો થાય છે. આમ, અહીં જાહેર ખર્ચાઓમાં વધારો કે ઘટાડો કરવામાં આવે કે ફેરફાર કરવામાં આવે ત્યારે ઉત્પાદન કાર્ય, બચત અને મૂડીરોકાણની શક્તિ અને વૃત્તિ પરની અસરો, જાહેર ખર્ચની વહેંચણી પરની અસરો અને જાહેર ખર્ચની અન્ય અસરો સાનુકૂળ કે પ્રતિકૂળ પડે છે.

4.3 જાહેર ખર્ચનું વલણ : કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના ખર્ચનાં વલણો :

જાહેર ખર્ચ એટલે રાજ્ય દ્વારા કરવામાં આવતો ખર્ચ, તેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, નગરપાલિકાઓ અને પંચાયતો તથા અન્ય જાહેર સંસ્થાઓ દ્વારા થતાં ખર્ચનો સમાવેશ થાય છે. અહીં આપણે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતા ખર્ચના આંકડાઓ વિશેનું ચિત્ર જોઈશું, તે પહેલા જાહેર ખર્ચના જુદા જુદા વિભાગોમાં સમાવિષ્ટ ખર્ચની સમજૂતી મેળવીશું.

➢ જાહેર ખર્ચનું માળખું :

ભારતમાં જાહેર ખર્ચનું બે વર્ગોમાં વિભાજન કરવામાં આવે છે.

(અ) મહેસૂલી ખર્ચ અને (બ) મૂડી ખર્ચ

(અ) મહેસૂલી ખર્ચ : (Revenue Expenditure) મહેસૂલી ખર્ચમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(1) સામાન્ય સેવાઓ માટેનો ખર્ચ, જેમાં નીચેની વિગતો સમાવિષ્ટ છે.

સંસદ, ધારાસભા, કારોબારી તથા ન્યાયતંત્ર, જેવાં રાજ્યનાં અંગો પાછળ થતો ખર્ચ, વહીવટી સેવાઓ તથા વસૂલાત માટેનો ખર્ચ, વ્યાજની ચૂકવણી માટેનો ખર્ચ, પેન્શન અને ઈતર સેવાઓ પાછળ થતો ખર્ચ, સંરક્ષણ ખર્ચ.

(2) સામાન્ય સેવાઓ અંગેનો ખર્ચ, જેમાં કેળવણી, શિક્ષણ, તાલીમ, સંશોધન, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સેવાઓ, કુટુંબ નિયોજન, વસવાટ, શ્રમ-કલ્યાણ અને સમાજ કલ્યાણ યોજનાઓ, રોજગાર યોજનાઓ.

(3) આર્થિક સેવાઓ માટેનો ખર્ચ, જેમાં ખેતી અને સંબંધિત સેવા

(4) રાજ્ય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જેવીકે, નગરપાલિકાઓ, પંચાયતોને અપાતું અનુદાન.

(બ) મૂડી ખર્ચ (Capital Expenditure) : મૂડી ખર્ચમાં સામાન્ય સેવાઓ (સંરક્ષણ સહિતની), સામાજિક સેવાઓ, આર્થિક સેવાઓ તથા રાજ્ય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને અપાયેલી લોન વગેરેનો સમાવેશ થાય છે.

➢ જાહેર ખર્ચનું અન્ય રીતે વર્ગીકરણ આ પ્રમાણે કરી શકાય :

(1) બિનયોજનાકીય ખર્ચ :

(અ) બિનયોજનાકીય મહેસૂલી ખર્ચ અને (બ) બિનયોજનાકીય મૂડી ખર્ચ

બિનયોજનાકીય મહેસૂલી ખર્ચમાં વ્યાજની ચૂકવણી, સંરક્ષણ માટેનો મહેસૂલી ખર્ચ, સબસીડી પેટે થતો ખર્ચ, પેન્શન, સામાન્ય સેવાઓ તથા સામાજિક અને આર્થિક સેવાઓ, રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સ્થાનિક સ્વરાજ્યને અપાતું અનુદાન વગેરેનો સમાવેશ થાય છે.

બિનયોજનાકીય મૂડી ખર્ચમાં સંરક્ષણ અંગેનું મૂડી ખર્ચ, જાહેર સાહસો, રાજ્ય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તથા વિદેશી સરકારોને અપાયેલી લોનનો સમાવેશ થાય છે.

(2) યોજનાકીય ખર્ચ :

આ ખર્ચ અન્વયે કેન્દ્ર અને રાજ્ય સરકારોની યોજના જેવીકે, ખેતી અને સંબંધિત ક્ષેત્રો, ઉદ્યોગો, ખનીજો, વાહનવ્યવહાર, વિજ્ઞાન અને ટેક્નોલૉજી, સિંચાઈ અને ઊર્જા, સામાજિક સેવાઓ વગેરે પાછળ થતાં ખર્ચનો સમાવેશ થાય છે.

➢ ભારતમાં જાહેર ખર્ચનાં બદલાતાં વલણો (Changing Pattern of Public Expenditure in India) :

આઝાદી પહેલાં, બ્રિટિશ સરકાર મુખ્યત્વે સંરક્ષણ અને વહીવટીતંત્ર પાછળ જાહેર ખર્ચનો મોટો ભાગ ખર્ચ કરતી હતી. આઝાદી પછી કેન્દ્ર અને રાજ્ય સરકારોનો જુદા જુદા સમયે તબક્કાવાર ઝડપી આર્થિક વિકાસ અને ગરીબી નાબૂદી જેવા સામાજિક ઉદ્દેશો સિદ્ધ કરવા માટે ખર્ચમાં વધારો જોવા મળે છે. દા.ત. પ્રથમપંચવર્ષીય યોજના (1951-56)માં કૃષિક્ષેત્રને પ્રાધાન્ય આપવામાં આવ્યું. બીજી પંચવર્ષીય યોજના (1956-61)માં ભારે અને પાયાના ઉદ્યોગોને મહત્ત્વ આપવામાં આવ્યું. પાંચમી પંચવર્ષીય યોજના (1974-78)માં ગરીબી નાબૂદી અને સ્વનિર્ભરતા ઉપર ભાર મૂકવામાં આવેલ, જ્યારે 80ના દાયકા વ્યાજની ચૂકવણી અને જાહેર દેવાના કદમાં વધારો થયો. આ સ્થિતિમાં સરકાર દ્વારા વધતી જતી રાજકોષીય ખાધને દૂર કરવા માટે અને આર્થિક સ્થિરતા માટે માળખાકીય સમાયોજનના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. ત્યાર બાદ ક્રમિક રીતે અર્થતંત્રમાં ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણના ભાગરૂપે સતત સરકાર દ્વારા બદલાવ કરવામાં આવ્યા, પરિણામ સ્વરૂપે સરકારના જાહેર ખર્ચમાં મોટા ફેરફારો આવ્યા. આ બાબત આપ, અહીં આપેલા કોષ્ટક પરથી જોઈ શકશો.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ જાહેર ખર્ચ : (રૂ. કરોડમાં)

કોષ્ટક - 1

વર્ષ	રાજ્ય સરકારનો ખર્ચ	કેન્દ્ર સરકારનો ખર્ચ	કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલો ખર્ચ
1982-83	28,742	30791	59533
1991-92	1,07,929	111414	219343
1995-96	1,74,632	178275	352907
2000-01	3,39,835	325592	665427
2005-06	5,61,682	505738	1067420
2010-11	11,58,730	1197328	2356058
2015-16	23,60,229	1790783	4151012
2019-20	29,36,269	2698552	6634821

(સ્ત્રોત : આંકડાકીય હેન્ડબુક, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, 2020-21)

➢ જાહેર ખર્ચમાં અભિવૃદ્ધિ :

આયોજનકાળ દરમિયાન જાહેર ખર્ચમાં સતત વધારો થતો રહ્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા સમયગાળા દરમિયાન કરવામાં આવેલ ખર્ચને મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ તેમજ મહેસૂલી ખાધ અને રાજકોષીય ખાધ, અન્ય બિનયોજનાકીય ખર્ચમાં થયેલા વધારા સંબંધિત માહિતીનું વિશ્લેષણ અહી કરવામાં આવેલ છે. 1982-83થી 2019-20ના સમયગાળા દરમિયાન કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ જાહેરખર્ચની આંકડાકીય માહિતીને આલેખના સ્વરૂપમાં નીચે દર્શાવેલ છે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો કુલ જાહેર ખર્ચ

આકૃતિ - 1



(સ્ત્રોત : આંકડાકીય હેન્ડબુક, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, 2020)

ઉપરના આલેખમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ ખર્ચની વલણ રેખા પરથી કહી શકાય કે, છેલ્લા દાયકા દરમિયાન જાહેર ખર્ચમાં ઝડપી રીતે વધારો થયો છે. 2015-16ના વર્ષ પછી રાજ્ય સરકારના જાહેર ખર્ચમાં નોંધપાત્ર વધારો થવા માટેનું એક કારણ એ છે કે 14માં નાણાં પંચની ભલામણથી કેન્દ્રમાંથી રાજ્ય સરકારને ફાળવવામાં

આવતા અનુદાનમાં વધારો કરવામાં આવ્યો હતો.

➢ **મહેસૂલી ખર્ચ તથા મૂડી ખર્ચમાં થયેલો નોંધપાત્ર વધારો :**

તારેજેતરના વર્ષોમાં કેન્દ્ર તથા રાજ્યોના મહેસૂલી ખર્ચ તેમજ મૂડી ખર્ચ, એમ બંનેમાં નોંધપાત્ર વધારો થયો છે, જુદા જુદા સમયગાળા દરમિયાન કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ અંગેની વિગત અહીં નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

કોષ્ટક - 2

	કેન્દ્ર સરકાર (ખર્ચ ₹ કરોડમાં)					**રાજ્ય સરકાર (ખર્ચ ₹ કરોડમાં)**				
વર્ષ	મહેસૂલી ખર્ચ	કુલ ખર્ચના ટકા	મૂડી ખર્ચ	કુલ ખર્ચના ટકા	કુલ ખર્ચ	મહેસૂલી ખર્ચ	કુલ ખર્ચના ટકા	મૂડી ખર્ચ	કુલ ખર્ચના ટકા	કુલ ખર્ચ
1982-83	18742	60.87	12049	39.13	30791	20238	70.41	8504	29.59	28742
1985-86	33924	64.41	18742	35.59	52666	32770	73.04	12097	26.96	44867
1990-91	73516	69.82	31782	30.18	105298	71776	78.80	19312	21.20	91088
1991-92	82292	73.86	29122	26.14	111414	86186	79.85	21743	20.15	107929
1992-93	92702	75.60	29916	24.40	122618	96205	80.62	23129	19.38	119335
1993-94	108169	76.25	33684	23.75	141853	108868	81.34	24980	18.66	133849
1994-95	122112	75.97	38627	24.03	160739	127009	79.81	32138	20.19	159147
1999-00	249078	83.57	48975	16.43	298053	257475	83.60	50501	16.40	307977
2001-02	301468	83.21	60842	16.79	362310	309819	84.03	58861	15.97	368680
2005-06	439376	86.88	66362	13.12	505738	438034	77.99	123648	22.01	561682
2010-11	1040723	86.92	156605	13.08	1197328	932297	80.46	226433	19.54	1158730
2011-12	1145785	87.84	158580	12.16	1304365	1074571	79.50	277041	20.50	1351612
2012-13	1243514	88.17	166858	11.83	1410372	1231702	80.28	302553	19.72	1534255
2013-14	1371772	87.97	187675	12.03	1559447	1379750	80.87	326394	19.13	1706145
2014-15	1466992	88.18	196681	11.82	1663673	1637288	80.82	388495	19.18	2025783
2015-16	1537761	85.87	253022	14.13	1790783	1838267	77.89	521962	22.11	2360229
2016-17	1690584	85.59	284610	14.41	1975194	2086892	77.06	621323	22.94	2708215
2017-18	1878833	87.72	263140	12.28	2141973	2300520	79.97	576381	20.03	2876901
2018-19	2007399	86.71	307714	13.29	2315113	2828243	77.95	800233	22.05	3628476
2019-20	2349645	87.07	348907	12.93	2698552	3093898	78.60	842371	21.40	3936269

(સ્ત્રોત : આંકડાકીય હેન્ડબુક, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, 2021)

➢ 1982-83માં કેન્દ્રનો મહેસૂલી ખર્ચ ₹ 15408 કરોડ જે કુલ ખર્ચના 60.87 % અને જે વધીને 1991-92માં મહેસૂલી ખર્ચ ₹ 82292 કરોડ, જે કુલ ખર્ચના 73.86 % 2001-

02ના વર્ષમાં 83.21 % અને 2011-12 ₹ 1145785 કરોડ, જે કુલ ખર્ચના 87.84 % જેટલો થયો હતો. 2018-19ના વર્ષમાં મહેસૂલી ખર્ચ 86.71 % કરવામાં આવ્યોલ છે.

આ બાબત બતાવે છે કે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલો જાહેર ખર્ચમાં મહેસૂલી ખર્ચનો હિસ્સો ક્રમિક રીતે વધ્યો છે.

- રાજ્ય સરકાર દ્વારા 1982-83ના વર્ષમાં મહેસૂલી ખર્ચ ₹ 20238 કરોડ હતો, જે કુલ ખર્ચના 70.41 % જેટલો, 1990-91માં 78.80 % અને 2001-02ના વર્ષમાં 79.50 % અને 2019-20 માં 78.60 % જેટલો કરવામાં આવ્યો, એટલે કે લગભગ સ્થિર વલણ જોવા મળે છે.
- 1982-83માં કેન્દ્રનો મૂડી ખર્ચ ₹ 12049 કરોડ હતો, જે કુલ ખર્ચના 39.13 ટકા જેટલો હતો. 1990-91માં ₹ 31782 કરોડ જેટલો કરવામાં આવેલ જે કુલ ખર્ચના 30.18% હતો. આ પ્રમાણ 2001-02ના વર્ષમાં કુલ ખર્ચના 16.79 % જેટલું થયું હતું. જે ઘટીને 2014-15માં કુલ ખર્ચના 11.82% અને 2019-20ના વર્ષમાં 12.93 ટકા જેટલું હતું.

  આમ, સમગ્ર રીતે જોતાં કહી શકાય કે, કેન્દ્ર સરકારનો મૂડી ખર્ચના કદમાં વધારો થયો હોવા છતાં કુલ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે.
- રાજ્ય સરકાર દ્વારા 1982-83ના વર્ષમાં મૂડી ખર્ચ ₹ 8504 કરોડ હતો, જે કુલ ખર્ચના 70.41% જેટલો હતો, 1993-94 ₹ 24980 કરોડ હતો જે કુલ ખર્ચના 18.66% અને 2001-02ના વર્ષમાં ઘટીને કુલ ખર્ચના 15.97% જેટલો થયો હતો. આ પ્રમાણ 2011-12ના વર્ષમાં વધીને 20.50% અને 2019-20માં 21.40% જેટલું કરવામાં આવ્યું, એટલે કે રાજ્ય સરકારનો મૂડીખર્ચનું વલણ સ્થિર જોવા મળે છે.
- રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના મહેસૂલી ખર્ચ તેમજ મૂડી ખર્ચ એમ કુલ ખર્ચમાં નોંધપાત્ર રીતે વધારો થયો છે.
- કેન્દ્ર સરકારનો મહેસૂલી ખર્ચનું પ્રમાણ સમયાંતરે ક્રમિક રીતે વધતું અને મૂડી ખર્ચમાં ઘટતું જોવા મળે છે. જેના મૂળમાં સંરક્ષણ, સબસીડી અને લોનની ચૂકવણી પાછળનો ઊંચો ખર્ચ જવાબદાર ગણી શકાય.

  સંબંધિત આંકડાકીય માહિતીના આધારે કેન્દ્ર રાજ્ય સરકારના મહેસૂલી ખર્ચનું પ્રમાણ આલેખમાં નીચે મુજબ આપવામાં આવેલ છે.

આકૃતિ-2



આકૃતિ-3



- મહેસૂલી ખાધ અને રાજકોષીય ખાધ :

 મહેસૂલી ખાધ(revenue deficit) એ મહેસૂલી ખર્ચ અને મહેસૂલી આવક વચ્ચેની ખાધ દર્શાવે છે.

 સૂત્રના સ્વરૂપે,

⇨ મહેસૂલી ખાધ : = મહેસૂલી આવક - મહેસૂલી ખર્ચ

 મહેસૂલી ખર્ચથી કોઈ નવી અસ્ક્યામતનું સર્જન થતું નથી. વહીવટી ખર્ચ, સંરક્ષણ ખર્ચ, વ્યાજ ખર્ચ અને સબસીડી ખર્ચ એ મહેસૂલી ખર્ચ છે. મહેસૂલી આવક એટલે કરવેરા અને જાહેર સાહસોના નફા વગેરેની આવક જે સરકાર પર જવાબદારી લાદતી નથી. સામાન્ય રીતે મહેસૂલી ખર્ચ કરતાં મહેસૂલી આવક વધુ હોવી જોઈએ કે જેથી ઉત્પાદકીય અસ્કયામતોના સર્જન માટે તેનો ઉપયોગ કરી શકાય, પરંતુ ભારતમાં મહેસૂલી ખાધ સતત વધતી ગઈ છે.

 સરકારના બજેટમાં કુલ ખર્ચ (મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ) મહેસૂલી આવકથી વધુ હોય તો તે તફાવતને રાજકોષીય ખાધ કહેવામાં આવે છે. બીજી રીતે, રાજકોષીય ખાધ એટલે અંદાજપત્રકીય ખાધ વત્તા આંતરિક અને બાહ્ય સાધનો દ્વારા ઉછીની લીધેલી રકમ અને અન્ય જવાબદારીઓ. કારણ કે મહેસૂલી આવકથી કુલ ખર્ચ વધુ હોય તો કેટલાક વધારાના ખર્ચ નવાં નાણાંનું સર્જન કરીને કરવામાં આવે છે. અને બાકી વધારાના ખર્ચા માટે આંતરિક તેમજ બાહ્ય દેવાંનો આશરો લેવામાં આવે છે.

 રાજકોષીય ખાધ = કુલ ખર્ચ - કુલ મહેસૂલી આવક - પાછી ફરેલી લોનની રકમ - વિનિવેશની આવક

⇨ પ્રાથમિક ખાધ : રાજકોષીય ખાધમાંથી વ્યાજ ચૂકવણીઓ બાદ કરીને પ્રાથમિક ખાધનું માપ મેળવવામાં આવે છે. પ્રાથમિક ખાધ એ બતાવે છે કે સરકાર દેવું કરીને જે નાણાં મેળવે છે, એમાંથી કેટલી રકમ વ્યાજ ચૂકવણી માટે વપરાય છે. અને કેટલી રકમ અન્ય હેતુ માટે વપરાય છે, પ્રાથમિક ખાધ શૂન્ય હોય તો એનો અર્થ એ થાય કે ભૂતકાળમાં

લીધેલ લોન અને વ્યાજ ચૂકવવા માટે જેટલાં નાણાંની જરૂરિયાત છે એટલું જ દેવું સરકાર કરે છે. પ્રાથમિક ખાધ હકારાત્મક હોય તો એનો અર્થ એ છે કે સરકારનું દેવું વ્યાજ ચૂકવણી પૂરતું નથી, અન્ય ખર્ચ પણ દેવું કરીને કરવામાં આવે છે.

ભારતમાં 1991માં આર્થિક સુધારાઓ અમલમાં આવ્યા બાદથી મહેસૂલી ખાધ, પ્રાથમિક ખાધ અને રાજકોષીય ખાધનો ખ્યાલો વધુ પ્રચલિત બન્યા છે. વર્ષ 1990-91થી 2018-19ના સમયગાળા દરમિયાન આ ખાધની રકમમાં થયેલા ફેરફારોની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવી છે.

કોષ્ટક-3

કુલ આંતરિક ઉત્પાદનમાં વિવિધ ખાધનું પ્રમાણ (ટકા)							
કેન્દ્ર સરકાર				રાજ્ય સરકાર			
વર્ષ	પ્રાથમિક ખાધ	મહેસૂલી ખાધ	રાજકોષીય ખાધ	વર્ષ	પ્રાથમિક ખાધ	મહેસૂલી ખાધ	રાજકોષીય ખાધ
1990-91	4.0	3.2	7.7	1990-91	1.8	0.9	3.3
1995-96	0.8	2.5	5.0	1995-96	0.8	0.7	2.6
2000-01	0.9	4.0	5.6	2000-01	1.8	2.5	4.2
2009-10	3.2	5.3	6.6	2009-10	1.2	0.4	3.0
2010-11	1.8	3.3	4.9	2010-11	0.4	-0.2	2.1
2011-12	2.8	4.5	5.9	2011-12	0.4	-0.3	2.0
2012-13	1.8	3.7	4.9	2012-13	0.4	-0.3	2.0
2013-14	1.1	3.2	4.5	2013-14	0.7	0.0	2.2
2014-15	0.9	2.9	4.1	2014-15	1.1	0.3	2.6
2015-16	0.7	2.5	3.9	2015-16	1.5	0.0	3.0
2016-17	0.4	2.1	3.5	2016-17	1.8	0.2	3.5
2017-18	0.4	2.6	3.5	2017-18	0.7	0.1	2.4
2018-19	0.4	2.4	3.4	2018-19	0.6	0.1	2.1

(સ્ત્રોત : આંકડાકીય હેન્ડ બુક, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, 2021)

- ➢ કેન્દ્ર સરકારની મહેસૂલી ખાધ 1990-91માં કુલ ઘરેલું પેદાશ 3.2% હતી, જ્યારે આ સમયગાળા માટે રાજ્ય સરકારની મહેસૂલી ખાધ 0.9% જેટલી હતી.
- ➢ 1990-91માં કેન્દ્રની રાજકોષીય ખાધ કુલ ઘરેલું પેદાશના 7.7 ટકા હતી, જે 2010-2011માં ઘટીને 4.9 ટકા જેટલી થઈ હતી અને વર્ષ 2018-19 ના વર્ષ માટે તે 3.4 ટકા જેટલી થઈ.
- ➢ કેન્દ્ર સરકારની મહેસૂલી ખાધ છેલ્લા બે દાયકામાં ઘટતી જોવા મળી છે, રાજકોષીય ખાધના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.
- ➢ રાજ્યની રાજકોષીય ખાધ 1990-91માં કુલ ઘરેલું પેદાશના 3.3 ટકા હતી, જે 2011-

2012માં ઘટીને 2.0 ટકા જેટલી થઈ હતી. વર્ષ 2016-17ના વર્ષ માટે તે 3.5 ટકા જેટલી વધી હતી.

➢ રાજ્ય સરકારની મહેસૂલી ખાધ 1990-91માં કુલ ઘરેલું પેદાશના 0.9% હતી, જે ઘટીને 2018-19માં 0.01% જેટલી થઈ છે.

આમ, રાજ્ય સરકારની મહેસૂલી ખાધ ઘટીને શૂન્ય થતી જોવા મળે છે.

⇨ બિનયો નાકીય ખર્ચમાં જંગી વધારો :

આગળ આપણે 4.2.5 ના મથાળા હેઠળ કેન્દ્ર સરકારના મહેસૂલી ખર્ચમાં સતત વધારો થયો છે, એ અંગેની ચર્ચા કરી. આ બાબત હવે આપણે કેન્દ્ર સરકારના બિનયોજનાકીય ખર્ચમાં થયેલા જંગી વધારાના મુદ્દા અંગે ચર્ચીએ. તાજેતરનાં વર્ષોમાં કેન્દ્ર તથા રાજ્યોના બિનયોજનાકીય ખર્ચમાં ગણનાપાત્ર વધારો થયો છે. કેન્દ્ર સરકારના બિનયોજનાકીય ખર્ચમાં વ્યાજની ચૂકવણી, સંરક્ષણ, સબસીડી વગેરે મુખ્ય બાબતો છે. જુદા જુદા સમયગાળામાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ બિનયોજનાકીય ખર્ચની ટકાવારી કેન્દ્ર દ્વારા કરવામાં આવેલ કુલ ખર્ચ સંબંધિત ટકાવારીની માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવી છે.

કોષ્ટક-4

વર્ષ	મહેસૂલી ખર્ચ	મહેસૂલી ખર્ચ પૈકી						કુલ ખર્ચ (₹ કરોડમાં)
		સંરક્ષણ ખર્ચ	કુલ ખર્ચના ટકા	વ્યાજની ચૂકવણી (₹ કરોડમાં)	કુલ ખર્ચના ટકા	સબસીડી (₹ કરોડમાં)	કુલ ખર્ચના ટકા	
1982-83	18742	4494	14.60	3938	12.79	2262	7.35	30791
1985-86	33924	7021	13.33	7512	14.26	4796	9.11	52666
1991-92	82292	11442	10.27	26596	23.87	12253	11.00	111414
1995-96	139861	18841	10.57	50045	28.07	12666	7.10	178275
2000-01	277839	37238	11.44	99314	30.50	26838	8.24	325592
2005-06	439376	48211	9.53	132630	26.23	47522	9.41	505738
2010-11	1040723	92061	7.69	234022	19.55	173420	14.48	1197328
2011-12	1145785	103011	7.90	273150	20.94	217941	16.71	1304365
2012-13	1243514	111277	7.89	313170	22.20	257079	18.23	1410372
2013-14	1371772	124374	7.98	374254	24.00	254632	16.33	1559447
2014-15	1466992	136807	8.22	402444	24.19	258258	15.52	1663673
2015-16	1537761	145937	8.15	441659	24.66	264106	14.75	1790783
2016-17	1690584	165410	8.37	480714	24.34	234809	11.89	1975194
2017-18	1878833	186127	8.69	528952	24.69	224455	10.48	2141973
2019-20	2350604	207572	7.73	612070	22.78	262304	9.76	2686330
2020-21	3011142	209312	6.07	692900	20.08	648736	18.80	3450305

(સ્ત્રોત : આંકડાકીય હેન્ડબુક, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, 2021)

⇨ ઉપરોક્ત કોષ્ટક પરથી,

➢ 1982-83માં સંરક્ષણ પેટેનો ખર્ચ ₹.4494 કરોડ હતો, જે કુલ ખર્ચના 14.60%, 2000-01માં ₹ 37238 કરોડ, જે કુલ ખર્ચના 11.44%, 2010-11માં કુલ ખર્ચના 7.69% જેટલો હતો, જે ઘટીને 2019-20માં 7.73% થયો છે, અહીં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા સંરક્ષણ પાછળના ખર્ચમાં સમય જતાં ક્રમિક રીતે છેલ્લા ત્રણ દાયકા દરમિયાન કુલ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.

➢ 1991-82માં વ્યાજની ચુકવણી પૈકીનો ખર્ચ ₹ 26,596 કરોડ હતો જે કુલ ખર્ચના 23.87%, 2000-01માં ₹ 99,314 કરોડ, જે કુલ ખર્ચના 30.50% જેટલો હતો. 2011-12માં કુલ ખર્ચમાં વ્યાજની ચૂકવણીનું પ્રમાણ 20.94 ટકા તે 2018-19માં વધીને 25.17% જેટલું થયું હતું.

➢ 1982-83ના વર્ષમાં કેન્દ્ર સરકારનો સબસીડી પાછળનો કુલ ખર્ચ ₹.2262 કરોડ, જે કુલ ખર્ચના 7.35% જેટલો હતો. 1991-92માં વધીને ₹ 2011-12માં કુલ ખર્ચના 16.71% અને 2013-14ના વર્ષમાં વધીને 18.23% જેટલ કરવામાં આવેલ. ત્યારબાદના 2018-19ના વર્ષમાં ઘટીને કુલ ખર્ચના 9.63% જેટલો થયો હતો.

4.4 જાહેર ખર્ચ વધવાનાં કારણો :

એડોલ્ફ વેગ્નર (Adolph Wagner), વિખ્યાત જર્મન અર્થશાસ્ત્રીએ 1883માં એવો સિદ્ધાંત રજૂ કર્યો હતો કે, જેમ-જેમ કોઈ એક રાષ્ટ્રનો વિકાસ થતો જાય છે તેમ તેમ જાહેર ખર્ચનું સાપેક્ષ મહત્ત્વ વધે છે. આંકડાકીય દૃષ્ટિએ વિચારીએ તો, જે દરે આર્થિક વિકાસ થાય છે તેના કરતાં ઊંચા દરે જાહેર ખર્ચમાં વધારો થાય છે. જાહેર ખર્ચને રાષ્ટ્રીય આવકના ટકાવારી પ્રમાણે મૂકીએ તો તેમાં સતત વૃદ્ધિ થવાનું વલણ જોવા મળે છે. વેગ્નરે રજૂ કરેલો સિદ્ધાંત છેલ્લાં ઘણા વર્ષોમાં વિસ્તૃત ચર્ચા પામ્યો છે. આંકડાકીય માહિતીના સંદર્ભમાં આ સિદ્ધાંત કેટલો સાચો છે તે અંગે અમુક સંશોધનાત્મક અભ્યાસો પણ હાથ ધરવામાં આવ્યા છે.

'Law of increasing expansion of public and particularly state activities'નામે રજૂ થયેલા અભ્યાસનું તારણ એ છે કે જેમ સમાજનો વિકાસ થાય છે તેમ 'સામાજિક પ્રગતિ'ની ઝંખના વધતી જાય છે. આર્થિક વિકાસની સાથે કેળવણી, શિક્ષણ, જાહેર આરોગ્યની સેવાઓ, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર જેવી સામાજિક સેવાઓની માંગ વધતી જ જાય છે. આર્થિક વિકાસની સાથે સરકારે કાયદો-વ્યવસ્થા, વહીવટી, નિયંત્રણ વગેરે પર ધ્યાન આપવું પડે છે, પરિણામ સ્વરૂપ રાજ્ય દ્વારા થતાં જાહેર ખર્ચનું પ્રમાણ વધારાની જરૂરિયાત ઊભી થાય છે.

વેગ્નરના નિયમ મુજબ જાહેર ખર્ચમાં વધારો થવા માટેનાં કારણો આપણે નીચે મુજબના મુદ્દા હેઠળ ચર્ચી શકાય.

⇨ રાજ્યના કાર્યક્ષેત્રનો વિસ્તાર

⇨ આર્થિક વિકાસ અને આયોજન

⇨ સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પરિવર્તનો

⇨ વસ્તી વધારો અને શહેરીકરણની પ્રક્રિયાનો વધતો વેગ

⇨ ટેક્નોલૉજિકલ ફેરફારો

⇨ યુદ્ધ અને સંરક્ષણ

➢ રાજ્યના કાર્યક્ષેત્રનો વિસ્તાર :

કલ્યાણ રાજ્યની ભાવના : પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ સ્વૈર પદ્ધતિમાં ઊંડી શ્રદ્ધા ધરાવતા હોવાથી રાજ્યનાં કાર્યો મર્યાદિત રાખ્યાં હતાં. તેમના મત મુજબ રાજ્યનું કાર્ય દેશની અંદર કાયદો-વ્યવસ્થા જાળવવાનું તથા બાહ્ય આક્રમણથી રક્ષણ કરવાનું હતું. વર્તમાન સમયમાં સરકાર દ્વારા 'પોલીસ રાજ્ય'ની ભાવનાને બદલે કલ્યાણ રાજ્યની ભાવનાનો સ્વીકાર થયેલો જોવા મળે છે. જેના કારણે રાજ્યનું કાર્યક્ષેત્ર વિસ્તરવા પામ્યું છે. રાજ્યને તેના કલ્યાણલક્ષી અને વિકાસલક્ષી ખર્ચાઓ કરવા જરૂરી બન્યા છે. આધુનિક રાજ્ય અર્થતંત્રના જુદાં જુદાં ક્ષેત્રના વિકાસ માટે વિપુલ પ્રમાણમાં ખર્ચ કરે છે. દેશના નાગરિકોને ઉત્તમ પ્રકારની માળખાકીય અને સામાજિક સેવાઓ જેવી કે, શિક્ષણ, તાલીમ, કેળવણી, સંશોધન, સારી આરોગ્યની સેવાઓ, પાણી પુરવઠો, રસ્તા તેમજ ગટર વ્યવસ્થાની સુવિધા, વસવાટ, સામાજિક સલામતીની યોજનાઓ વગેરે પૂરી પાડવા પાછળ પુષ્કળ પ્રમાણમાં ખર્ચ કરે છે. આ સાથે અર્થતંત્રનાં જુદાં જુદાં ક્ષેત્રો જેવાં કે, ખેતી, ઉદ્યોગો, વાહન અને સંદેશાવ્યવહાર, વેપાર અને વાણિજ્યના વિકાસમાં સરકારની ભૂમિકા વધી છે. આમ, આધુનિક રાજ્યના કાર્યક્ષેત્રમાં વધારો થયો હોવાથી જાહેર ખર્ચનું પ્રમાણ વધવા પામ્યું છે.

➢ આર્થિક વિકાસ :

વર્તમાન સમયે વિકસિત અને વિકસતાં બધા જ રાજ્યો ઝડપી આર્થિક વિકાસ માટે સતત પ્રયત્નશીલ હોય છે. પ્રો. રોસ્ટવ અને પ્રો. મસ્ગ્રેવના મતે, વિકાસના પ્રારંભિક તબક્કામાં રાજ્ય દ્વારા થતા કુલ મૂડીરોકાણમાં જાહેર ક્ષેત્રના મૂડીરોકાણનું પ્રમાણ ઊંચું હોય છે. આર્થિક વિકાસને અસર કરનાર એક પ્રબળ પરિબળ માળખાકીય સગવડતા સામાજિક મૂડી હોય છે. આ માટેની માંગમાં મોટો વધારો થાય છે. આર્થિક વિકાસ માટે સરકારે રસ્તા, વાહનવ્યવહાર, કાયદો અને વ્યવસ્થા, કેળવણી, જાહેર સ્વાસ્થ્યની સગવડતા વગેરે પાછળ ખર્ચ કરવો આવશ્યક બની જાય છે. આ જ રીતે આર્થિક વિકાસના પરિણામે વપરાશની વસ્તુઓની માંગમાં પણ વધારો થાય તેમ જાહેર વસ્તુઓ અને સેવાઓની માંગ વધે છે. રોસ્ટવ કહે છે કે, એક વખત આર્થિક વિકાસ વેગીલો બની પૂર્ણ રીતે વિકસિત તબક્કામાં પહોંચ્યા બાદ માળખાકીય સુવિધાઓ પર થતા ખર્ચમાં કેળવણી, જાહેર સ્વાસ્થ્ય અને કલ્યાણલક્ષી કાર્યક્રમો પાછળ વધુ ભાર અપાય છે, આથી જાહેર ખર્ચ વધે છે.

➢ સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પરિવર્તનો :

તાજેતરનાં વર્ષોમાં બિનઆર્થિક કહી શકાય તેવાં આ પરિબળો જાહેર ખર્ચની વૃદ્ધિ માટે અમુક અંશે કારણભૂત બન્યાં છે. સમાજમાં પ્રવર્તતી આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો થવો જોઈએ, એ વિચારસરણીનો સ્વીકાર થયેલ હોવાથી રાજ્યનાં કાર્યો અને ખર્ચમાં જંગી વધારો થવા પામ્યો છે. લોકશાહી શાસનવ્યવસ્થા હેઠળ અન્ય રાજકીય વ્યવસ્થાની તુલનામાં રાજ્યની કલ્યાણ માટેની પ્રવૃત્તિ અને તેનાં ક્ષેત્રો સંખ્યા અને પરિણામની દૃષ્ટિએ ઘણાં મોટાં હોય છે. પૂર્ણ રોજગારીની જાળવણી અને રાજ્યની સામાજિક-આર્થિક નીતિનો એક મહત્ત્વનો હેતુ બનવાથી પણ જાહેર ખર્ચમાં વધારો આવશ્યક બન્યો છે. વળી, અલ્પવિકસિત દેશોમાં આર્થિક વિકાસના ઉદ્દેશ અર્થે જાહેર

ખર્ચમાં વધારો જોવા મળે છે. આમ, સામાજિક-આર્થિક વિચારસરણી પણ જાહેર ખર્ચની વૃદ્ધિ માટે કારણભૂત બની છે.

➢ વસ્તી વધારો અને શહેરીકરણની પ્રક્રિયાનો વધતો વેગ :

વસ્તીનો વધારો થાય તેમ જાહેર સેવાઓ અને વસ્તુની માંગ વધે છે. માથાદીઠ આવક વધી ન હોય અને વસ્તીમાં નિરપેક્ષ વધારો થયો હોય ત્યારે મૂળભૂત જાહેર સેવાઓ અને તે અંગેના ખર્ચમાં વધારો આવશ્યક બને છે. વસ્તી વધારાની સાથોસાથ શહેરીકરણની પ્રક્રિયા વેગવંત બને છે, જેને લીધે પણ રાજ્યના ખર્ચમાં વધારો થાય છે. શહેરીકરણ વધતાં વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સેવાઓ, વસવાટ, પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, સ્વાસ્થ્યની સેવાઓ વગેરે માટે જાહેર ખર્ચમાં વધારો થાય છે. બીજું કે, વસ્તી વિષયક સેવાઓની સાથે વસ્તીનું વય બંધારણના ફેરફારના પરિણામે જાહેર ખર્ચમાં ફેરફાર થાય છે. દા.ત. કુલ વસ્તીમાં બાળકોની સંખ્યામાં વધારો થાય તો પ્રાથમિક શિક્ષણ તેમજ આગળ જતાં કેળવણી અને તાલીમ પાછળ રાજ્યનો ખર્ચ વધે છે. જો મરણ દરમાં ઘટાડો થાય તો કુલ વસ્તીમાં વૃદ્ધોનું પ્રમાણ વધે, તેમના પેન્શન અને આરોગ્ય પાછળ જાહેર ખર્ચમાં વધારો થાય છે.

આમ, નિરપેક્ષ સ્વરૂપમાં થતો વસ્તી વધારો કે તેમાં થતા બંધારણ વિષયક ફેરફારો જાહેર ખર્ચમાં વધારો લાવે છે.

➢ ટેકનોલૉજિકલ ફેરફારો :

વિજ્ઞાન અને ટેક્નોલૉજિનો બદલાવ પણ જાહેર ખર્ચમાં વધારા માટે જવાબદાર ગણી શકાય. ટેક્નોલૉજિકલ પરિવર્તનો અનુસાર જાહેર તથા ખાનગી ઉત્પાદનની વસ્તુઓની તરાહ અને પદ્ધતિઓ બદલાય છે. દા.ત. યુ.એસ.એ.માં મોટર ઉદ્યોગના વિકાસના પરિણામે રસ્તાઓના બાંધકામમાં ઊંચા દરે વધારો થયો હતો, જેના પરિણામે રાજ્યના ખર્ચમાં ગણનાપાત્ર વધારો નોંધાયો હતો. એ જ રીતે સંરક્ષણના ક્ષેત્રે શસ્ત્ર સરંજામ અને અન્ય સામગ્રીના સ્વરૂપમાં થયેલા ટેક્નોલૉજિકલ ફેરફાર જાહેર ખર્ચમાં વધારામાં પરિણમ્યા છે.

➢ યુદ્ધ અને સંરક્ષણ :

વીસમી સદીમાં જાહેર ખર્ચમાં વધારો થવા માટેનું બીજું એક મહત્ત્વનું કારણ યુદ્ધ અને સંરક્ષણ છે. બે વિશ્વ યુદ્ધોને પરિણામે રાજ્યના જાહેર ખર્ચમાં વ્યાપક વધારો નોંધાયો છે. આધુનિક યુદ્ધ ખૂબ જ ખર્ચાળ છે. અને સમગ્ર દેશને અસર કરે છે તેમજ સાધન સંપત્તિનો વિપૂલ પ્રમાણમાં ભોગ લે છે. પોતાના દેશની સમૃદ્ધિ અને સંપત્તિના રક્ષણ માટે સંરક્ષણ માટેનું મોટું ખર્ચ કરવું પડે છે. યુદ્ધ માટેની સાધન-સામગ્રીમાં સંશોધન અને શોધખોળોને પરિણામે ઝડપી ફેરફારો થતા હોય છે. જેના પરિણામે થોડા જ સમયમાં સાધન સામગ્રી નકામી અને બિનઅસરકારક બને છે. આમ દેશને અદ્યતન સાધનોથી સુસજ્જ રાખવા પાછળનો ખર્ચ સતત વધતો જાય છે. જાહેર ખર્ચના વૃદ્ધિના એક સબળ કારણ તરીકે અવશ્ય ગણાવી શકાય.

અહીં એક પ્રશ્ન ઊભો થાય છે કે યુદ્ધ પૂરું થયા બાદ કેટલાક યુદ્ધકીય ખર્ચાઓ થવાના અને યુદ્ધ-પશ્ચાત સ્થિતિમાં અગાઉના નાગરિક અને સંરક્ષણ વિષયક ખર્ચાઓનું પ્રમાણ

પૂર્વવત્ જળવાઈ રહે તો યુદ્ધની જાહેર ખર્ચ પરની અસર કેવળ અલ્પકાલીન ગણાય. વિશ્વના વિકસિત દેશોમાં જાહેર ખર્ચનું લાંબા ગાળાનું અને સતત વૃદ્ધિનું વલણ જણાયું છે, તેમાં યુદ્ધ એક સહાયક કારણ હોય શકે, પરંતુ મૂળભૂત કારણ તો ન જ ગણાય. પરંતુ આ સામે એલન પિકોક અને જેક વાઈઝમેન જેવા અર્થશાસ્ત્રીઓએ બ્રિટનના જાહેર ખર્ચના કેટલાંક વર્ષોના (1890-1960) આંકડાઓના આધારે એવી રજૂઆત કરી કે યુદ્ધ (અને મહામંદી) જેવી આકસ્મિક ઘટનાઓને કારણે જ જાહેર ખર્ચમાં સતત વૃદ્ધિ થતી રહી છે. એટલે કે જાહેર ખર્ચના વધારા માટે યુદ્ધ એક મૂળભૂત કારણ છે.

➢ સમીક્ષા :

આધુનિક અર્થવ્યવસ્થામાં જાહેર ખર્ચ અનિવાર્ય બન્યું છે. જાહેર ખર્ચ વિવિધ હેતુઓ અર્થે કરવામાં આવે છે. મહત્તમ સામાજિક કલ્યાણ તેમાં અગ્રીમતા ધરાવે છે. તેથી જાહેર ખર્ચ કરકસરપૂર્વક થવો જોઈએ. જરૂરી હોય તેના કરતાં જાહેર ખર્ચ વધુ કરવો જોઈએ નહીઃ. બિનઉત્પાદકીય અને બિનજરૂરી જાહેર ખર્ચમાં ઘટાડો કરવો જોઈએ. જો કે મંદીની સ્થિતિમાં જાહેર ખર્ચમાં વધારો કરી શકાય અને ફુગાવાના સમયમાં જાહેર ખર્ચમાં ઘટાડો કરી શકાય છે. અર્થતંત્રમાં કુલ ઉત્પાદન, રોજગારી અને આવકમાં વધારો થાય તેમજ આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો, સામાજિક કલ્યાણમાં વૃદ્ધિ અને આર્થિક વિકાસને વેગ મળે તે માટે જાહેર ખર્ચમાં વધારો જરૂરી છે.

4.5 સારાંશ :

➢ જાહેર સત્તા દ્વારા કરવામાં આવતા ખર્ચને જાહેર ખર્ચ કહેવામાં આવે છે.

➢ જાહેર ખર્ચથી પ્રજાની કામ કરવાની ક્ષમતા અને વૃત્તિ ઉપર પણ અસર થાય છે. જે આગળ જતાં અર્થતંત્ર પર કુલ અસરો ઉપજાવે છે.

➢ જાહેર ખર્ચથી આવકની વહેંચણી તેમજ ઉત્પાદન ઉપર પણ અસર થાય છે. તેનાથી કુલ માંગ, ઉત્પાદન, રોજગારી વગેરે ઉપર પ્રભાવ પડે છે.

➢ જાહેર ખર્ચના મુખ્યત્વે બે પ્રકાર હોય છે. (1) મહેસૂલી ખર્ચ અને (2) મૂડી ખર્ચ તે દરેકના ઉદ્દેશો તેમજ અસરો ભિન્ન હોય છે. આ ઉપરાંત જાહેર ખર્ચના યોજનાકીય અને બિનયોજનાકીય એવા પ્રકારો પણ પાડવામાં આવે છે.

➢ સરકારનાં કાર્યોનો વ્યાપ વધતો હોવાથી જાહેરખર્ચ વધવાનું વલણ જોવા મળે છે.

➢ જાહેર ખર્ચ વધવાનાં કારણોમાં મુખ્યત્વે સંરક્ષણ પાછળનો ખર્ચ, વસ્તીવધારો, વહીવટીખર્ચ, આર્થિક વિકાસનાં કાર્યો વગેરે છે.

4.6 ચાવીરૂપ શબ્દો :

➢ જાહેર ખર્ચ :

સરકારના વિવિધ સ્તરો (પંચાયતો, નગરપાલિકાઓ, રાજ્ય સરકારો, કેન્દ્ર સરકાર) દ્વારા લોકાના સામાજિક કલ્યાણ માટે કરવામાં આવતો ખર્ચ

➢ જાહેર અર્થવિધાન :

સરકારના આવક-ખર્ચનું અર્થશાસ્ત્રીય વિશ્લેષણ કરતી અર્થશાસ્ત્રની શાખા, વધુમાં જાહેર

ક્ષેત્રના સિદ્ધાંતો અને સમસ્યાઓ કહેવામાં આવે છે.

➢ બચતવૃત્તિ :

બચતવૃત્તિ એ આવક અને બચત વચ્ચેનો સંબંધ દર્શાવે છે. બચતવૃત્તિ એ આવકની જુદી જુદી સપાટીએ વ્યક્તિ દ્વારા કરવામાં આવતી બચતનો નિર્દેશ કરે છે.

➢ નાણાંપંચ (Finance Commission) :

બંધારણની કલમ 293 હેઠળ રાષ્ટ્રપતિ દર પાંચ વર્ષે કે જરૂર જણાય તો તે પહેલાં પાંચ સભ્યોના બનેલા નાણાં પંચની નિમણૂક કરે છે, પંચનું મુખ્ય કામ વહેંચણીપાત્ર આવકમાંથી રાજ્યોને કેટલો હિસ્સો આપવો તેની ભલામણ કરવાની હોય છે.

➢ રાજકોષીય ખાધ (Fiscal Deficit) :

કરજ દ્વારા પ્રાપ્ત કરેલ આવકને બાદ કર્યા પછી રહેલ કુલ સરકારી આવક કરતાં કુલ સરકારી ખર્ચ વધી જાય ત્યારે તેને રાજકોષીય ખાધ કહે છે.

➢ અંદાજપત્ર (Budget) :

અંદાજપત્ર ગત વર્ષ દરમિયાન સરકારે કરેલી પ્રવૃત્તિઓની આવક-જાવકની નાણાંકીય માહિતી અને ચાલુ વર્ષના તથા નાણાકીય વર્ષ દરમિયાન ખર્ચ અને આવકના અંદાજોની માહિતી આપે છે.

➢ પ્રાથમિક ખાધ :

રાજકોષીય ખાધમાંથી વ્યાજ ચૂકવણીઓ બાદ કરીને પ્રાથમિક ખાધનું માપ મેળવવામાં આવે છે.

4.7 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ લખો :

(1) જાહેર ખર્ચ એટલે શું? જાહેર ખર્ચની ઉત્પાદન, આવક અને રોજગારી ઉપરની અસરો વર્ણવો.

(2) જાહેર ખર્ચ એટલે શું? જાહેર ખર્ચ વધવાનાં વલણો ની ચર્ચા કરો તથા જાહેર ખર્ચ શા માટે વધે છે, તે જણાવો.

(3) જાહેર ખર્ચ એટલે શું? જાહેર ખર્ચના જુદા જુદા પ્રકારો સમજાવો.

(ખ) નીચે પ્રશ્નોના જવાબો ટૂંકમાં લખો :

(1) જાહેર ખર્ચાઓની ઉત્પાદન પરની અસરો પૈકી કામ કરવાની અને બચત કરવાની શક્તિ પરની અસરો સમજાવો.

(2) જાહેર ખર્ચની વહેંચણી પરની અસરના સંદર્ભમાં આવકની અસમાનતામાં ઘટાડો કઈ રીતે આવે છે, તે સમજાવો.

(3) ક્યાં બિનઆર્થિક પરિબળો છે કે જેના કારણે રાજ્યે જાહેર ખર્ચમાં વધારો કરવો પડે છે?

(4) રાજ્ય સરકારના વધતા ખર્ચ માટે ક્યાં પરિબળો જવાબદાર છે?

(5) વેગ્નર દ્વારા વધતા જતાં જાહેર ખર્ચ સંબંધિત ત્રણ પરિબળો સમજાવો.

(6) કેન્દ્ર સરકારના મહેસૂલી ખર્ચમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

(7) કેન્દ્ર સરકારના મૂડી ખર્ચમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

(8) કેન્દ્ર સરકારના મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચનાં વલણો અંગેના મુદ્દા લખો.

❖ તમારી પ્રગતિ ચકાસો :

➢ નીચે આપેલ બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.

(1) ક્યા અર્થશાસ્ત્રીએ વધતા જતાં જાહેર ખર્ચનો નિયમ આપ્યો?

(અ) વેગ્નર (બ) માર્શલ (ક) સ્મિથ

(2) જાહેર ખર્ચ દ્વારા વ્યક્તિની કામ કરવાની ઈચ્છા પર કેવા પ્રકારની અસર થાય છે?

(અ) ઘટાડો (બ) વધારો (ક) સ્થિર

(3) જાહેર ખર્ચની વહેંચણી પર સામાન્ય પ્રકારની કેવી અસર થાય છે?

(અ) અસમાનતામાં વધારો

(બ) અસમાનતામાં ઘટાડો

(ક) સ્થિર

(4) આર્થિક વિકાસના દર પર જાહેર ખર્ચની કેવી અસર થાય છે?

(અ) વધારો (બ) ઘટાડો (ક) સ્થિર

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :

(1) ભટ્ટ, મહેશ (2001) 'જાહેર વિત્તવ્યવસ્થાના સિદ્ધાંતો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય.

(2) રાવલ, એમ.એન.(1976) 'આર્થિક સિદ્ધાંતો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ- ગુજરાત રાજ્ય.

(3) ત્રિવેદી, રવિશંકર (1978) 'જાહેર અર્થવિધાનના સિદ્ધાંતો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય

(4) Musgrave R.A. and P.B. Musgrave (1989) "Public Finance in Theory and Practice", McGraw-Hill, New York.

(5) Lerner, A. P. (1952) 'The Essential Properties of Interted and Money', Quarterly Journal of Economics, Vol. 66-reprinted in his Essays in Economic Analysis (London: Macmillan, 1953).

(6) Mil, J.S., (1940 reprint). Principles of Political Economy, Ashley (ed.) London.: Longmans, Green

(7) Milton Briggs & Perly Jordan, (1935), Texbook of Economics, University Tutorial Press

(8) Misra, S.K., & Puri, V.K., (2015). Indian Economy. Himalaya Publishing House.

(9) Moulton, H.G., (5 October 2015), The Financial Organisation of Society, (3rd Ed.). Arkose Press.

(10) Musgrave, R.A. (1959). Theory of Public Finance, Mc Graw-Hill

(11) Robertson, D.H. (1948) Money. London: Pitman.

(12) Thoman, (January 1, 1924), Elements of Economics, St. Albans : The Donnington Press; First Edition

(13) Wicksell, K. (1935) Lectures on Political Economy, Vol. 2 (Money) (London: Geroge Routledge) - English translation, edited and introduced by Lionel Robbins

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1)	(અ) વેગ્નર	(2)	(બ) વધારો
(3)	(બ) અસમાનતામાં ઘટાડો,	(4)	(અ) વધારો

*** *** ***

એકમ 5

જાહેર આવકના સ્ત્રોતો

-: રૂપરેખા :-

5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 જાહેર આવકના સ્ત્રોતો

5.3 સારાંશ

5.4 ચાવીરૂપ શબ્દો

5.5 તમારી પ્રગતિ ચકાસો

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

5.0 ઉદ્દેશો :

- વિદ્યાર્થીઓને રાજ્યની પ્રવૃત્તિથી પરિચિત કરાવવા.
- કરવેરા, જાહેરબિંદુ, ખાધપૂરવણી, દંડ વગેરે પાછળ રહેલા રાજ્યના ઉદ્દેશોથી માહિતગાર થવું.
- રાજ્યના બજેટમાં આવક-જાવકના સ્ત્રોત અંગે પરિચય મેળવવો.
- રાજ્યની વિવિધ પ્રવૃત્તિનો વ્યાપ અને તેની પાછળના મુખ્ય હેતુઓ દ્વારા તેની મહત્ત્વતા સમજાવી.
- જાહેર આવકના સ્ત્રોત અને તેની પ્રવૃત્તિમાં સામાન્ય જનતાની ભૂમિકા સમજવી.

5.1 પ્રસ્તાવના :

સમયમાં આવતાં પરિવર્તન સાથે રાજ્યની જવાબદારી અને કાર્યોમાં સતત વધારો થતો રહ્યો છે. 18મી સદીના અંત ભાગ સુધી રાજ્યનું કાર્યક્ષેત્ર મર્યાદિત હતું. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ રાજ્યની વધુ પડતી આર્થિક પ્રવૃત્તિ અને દરમિયાનગીરીનો વિરોધ કરતા. આધુનિક કલ્યાણલક્ષી રાજ્યોએ આવક પ્રાપ્ત કરવાનાં વિવિધ ક્ષેત્રો વિસ્તાર્યાં છે. 20મી સદીમાં મોટા ભાગનાં રાજ્યો આર્થિક વિકાસ અને કલ્યાણ રાજ્યની ભાવનાને સિદ્ધ કરવા અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરે છે. આ કાર્યો હાથ ધરવા માટે રાજ્યને મોટા પ્રમાણમાં નાણાંની જરૂરિયાત ઊભી થાય છે. આ બાબતને ધ્યાન પર રાખીને રાજ્ય જુદી જુદી રીતે આવક મેળવવા સતત પ્રયત્ન કરે છે.

રાજ્ય મોટા ભાગે આવક મેળવવા કરવેરાનો સહારો લે છે. કરવેરાના બદલા તરીકે રાજ્ય સમાજના પ્રત્યેક સભ્યને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જુદા-જુદા પ્રકારની સેવાઓ પૂરી પાડે છે. રાજ્યની આર્થિક પ્રવૃત્તિનો હેતુ મહત્તમ સમાજિક કલ્યાણનું ધ્યેય સિદ્ધ કરવાનો હોય છે. આ ધ્યેયને નજર સામે રાખી સરકાર આવક પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. કરવેરા સિવાયની આવક પણ રાજ્ય ઠીકઠીક પ્રમાણમાં પ્રાપ્ત કરે છે. રાજ્ય આવક મેળવવાનાં સાધનો કઈ રીતે અને ક્યા માર્ગે મેળવે છે, તેનો અભ્યાસ પ્રસ્તુત એકમમાં કરીશું.

5.2 જાહેર આવકના સ્ત્રોતો :

20મી સદીના ઉત્તરાર્ધથી રાજ્યની આર્થિક પ્રવૃત્તિઓના અભ્યાસનું મહત્ત્વ વધ્યું છે. મુક્ત અર્થતંત્રની સાથે આવકની અસમાનતા, બેરોજગારી તથા આર્થિક અને સામાજિક વિષમતાઓ ઉદ્‌ભવી હતી. જેના કારણે રાજ્યનો હસ્તક્ષેપ આર્થિક ક્ષેત્રે અનિવાર્ય બન્યો. રાજ્યનાં કાર્યો વિશેની વિચાર-સરણીમાં પરિવર્તન આવ્યું અને સાથે સાથે રાજ્યની આર્થિક પ્રવૃત્તિઓની દેશના અર્થતંત્ર પર તેમજ સમગ્ર સમાજ પર ઊંડી અસરો પડવા લાગી છે. પરિણામે દરેક દેશમાં જાહેર આવકના સ્ત્રોતોનું મહત્ત્વ વધ્યું છે. જાહેર આવકમાં રાજ્ય દ્વારા પ્રજા પાસેથી પ્રાપ્ત કરવામાં આવતી આવકનો સમાવેશ થાય છે. જેના સ્ત્રોત નીચે મુજબ છેઃ

A કરવેરા

B જાહેર દેવું

C જાહેર સાહસોનો નફો

D રાજ્યની માલિકીની સંપત્તિમાંથી પ્રાપ્ત થતી આવક

E ખાધ પૂરવણી

F કિંમત અને ફી

G દંડ

H દાન

I વિશેષ કર આકારણી

ઉપરોક્ત દર્શાવેલ જાહેર આવકના સ્ત્રોતોનો હવે મુદ્દાસર અભ્યાસ કરીએઃ

A કરવેરા :

કરવેરા સરકારની આવકનાં સાધનોમાં સૌથી વધુ મહત્ત્વનું સાધન છે. કર એટલે સરકારે લાગુ પાડેલો ફરજિયા ફાળો જેના બદલામાં કરદાતાને પ્રત્યક્ષ રીતે અને સરખા પ્રમાણમાં લાભ મળતો નથી. પ્રો. સેલિઝમેને આપેલી વ્યાખ્યા મુજબ ''કર એટલે સમગ્ર સમાજના લાભાર્થે સરકાર જે ખર્ચા કરે છે. તેને પહોંચી વળવા માટે વ્યક્તિએ સરકારને ફરજિયાત અને બદલામાં વિશિષ્ટ લાભ મેળવ્યા વિના જે રકમ આપવી પડે છે તે.'' આમ કરના બદલામાં નાગરિકને પ્રત્યક્ષ રીતે કોઈ વિશિષ્ટ લાભ કે સેવા મળતા નથી. રાજ્ય પ્રજા પર અનેક પ્રકારના પ્રત્યક્ષ તથા પરોક્ષ કરવેરા નાખે છે. જેમાં આવકવેરો, વેચાણવેરો, વસ્તુઓ સેવાઓ પરનો કર, મૃત્યુવેરો, વેચાણવેરો, આયાત-નિકાસ જકાત, આબકારી જકાત વગેરેનો સમાવેશ થાય છે. વિવિધ પ્રકારના કર નાખવાનો હેતુ કેવળ આવક પ્રાપ્ત કરવાનો હોતો નથી. રાજ્યનો આવક કમાવવાના હેતુ ઉપરાંત કલ્યાણનો હેતુ પણ રહેલો છે. આમ છતાં રાજ્ય દ્વારા જે કર લાદવામાં આવે છે, તેને પણ અમુક મર્યાદા હોય છે. રાજ્ય ગમે તેટલા પ્રમાણમાં લોકો પર કર નાખી શકતું નથી. વધુ પડતા કરવેરાની પ્રજા અને અર્થતંત્ર પર માઠી અસરો પડે છે. મૂડીરોકાણ અને બચતનું પ્રમાણ પણ ઘટે છે. ભારત જેવા વિકાસમાન દેશોમાં વિકાસકાર્યો કરવા માટેનાં નાણાં મેળવવા માટે રાજ્ય કરવેરાનો આશ્રય લે છે, છતાં પણ કરવેરા અમુક હદ સુધી જ ઈચ્છનીય ગણાય છે. લોકશાહી દેશોમાં ઘણીવાર આર્થિક અસમાનતા ઘટાડવા માટે પણ કરવેરાનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રો. ટાઉસિંગના શબ્દોમાં કહીએ તો ''સરકાર અને કરદાતા વચ્ચે પ્રત્યક્ષ લેવડ-દેવડનો અભાવ એ કરવેરાનું હાર્દ છે.''

B જાહેર દેવું/ જાહેર ઋણ/ જાહેર લોન :

કરવેરા પછીનું રાજ્યની આવકનું બીજુ મહત્ત્વનું સાધન જાહેર દેવું છે. અમુક સમયે જ્યારે રાજ્યના ખર્ચમાં ખૂબ મોટા પ્રમાણમાં વધારો થાય છે. ત્યારે આ ખર્ચ કરવેરા દ્વારા પૂર્ણ કરવાનું શક્ય ન હોવાથી રાજ્ય સમાજમાં વસતા લોકો પાસેથી જાહેર દેવું કરે છે. રાજ્ય દેશના કે પરદેશના નાગરિકો પાસેથી અથવા અન્ય દેશોની સરકાર કે વિશ્વબેંક પાસેથી જે નાણાં લોન સ્વરૂપે લે છે, તેને જાહેર દેવુ કે જાહેર ઋણ કહેવામાં આવે છે. જાહેર દેવામાં સરકાર પણ નાણાકીય જવાબદારી આવી પડે છે. દર વર્ષે એના પર વ્યાજ ચૂકવવું પડે છે અને નિશ્ચિત મુદતને અંતે મુદલ રકમ પણ પરત કરવી પડે છે. જાહેર દેવા અંતર્ગત સરકાર માત્ર દેશના લોકો પાસેથી નાણાં પ્રાપ્ત કરે તેવું નથી, પરંતુ તે વિદેશી સરકાર કે વિદેશી લોકો પાસેથી પણ નાણાં ઉછીનાં લે છે. આમ, જાહેર દેવાના સ્ત્રોતને આધારે તેના બે પ્રકાર પાડવામાં આવે છેઃ

➢ આંતરિક દેવું :

દેશના નાગરિકો, દેશની બેંકો અને દેશની અન્ય નાણાકીય સંસ્થાઓ પાસેથી સરકાર લોન લે તો તેને આંતરિક દેવું કહેવામાં આવે છે.

➢ આંતરરાષ્ટ્રીય દેવું :

જ્યારે રાજ્ય અન્ય દેશના નાગરિકો, બેંકો, સંસ્થાઓ કે સરકાર પાસેથી લોન લે તો તેને બાહ્ય દેવું અથવા આંતરરાષ્ટ્રીય દેવા તરીકે ઓળખવામાં આવે છે. બાહ્ય દેવું કેટલા પ્રમાણમાં કોઈ એક દેશને પ્રાપ્ત થશે તેનો આધાર જે તે દેશની આર્થિક સધ્ધરતા અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પર રહેલો છે. વિકાસશીલ રાષ્ટ્રોમાં મોટાભાગે લાંબાગાળાનાં મૂડીરોકાણો કરવાં તથા યોજનાકીય ખર્ચાને પહોંચી વળવા આવાં દેવાંનો આશ્રય લેવામાં આવે છે. રાજ્ય આ પ્રકારના દેવામાંથી મૂડીરોકાણ કરે છે. અને ભવિષ્યમાં તેમાંથી પ્રાપ્ત થતી આવકમાંથી તેની ભરપાઈ કરે છે. જાહેર દેવાની એક વિશિષ્ટતા એ છે કે તે કરની જેમ લોકો પાસેથી ફરજિયાત વસૂલ કરવામાં આવતું નથી. દેશભક્તિ કે રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈને કે સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવા લોકો તેમાં સ્વેચ્છાએ પોતાનું નાણું રોકે છે.

C જાહેર સાહસોનો નફો :

વર્તમાન સમયમાં કલ્યાણકારી રાજ્યો જે અનેક પ્રવૃત્તિઓ કરે છે. તેને પરિણામે તેને વધુને વધુ આવકની આવશ્યકતા ઊભી થાય છે, જે મેળવવા માટે સરકાર જાહેર ક્ષેત્રે ઘણા સાહસોની (ઉદ્યોગોની) સ્થાપના કરે છે, અને તેનું સંચાલન પણ રાજ્ય દ્વારા જ કરવામાં આવે છે. ભારતમાં રાજ્ય દ્વારા સંચાલિત ઉદ્યોગોમાં લોખંડ-પોલાદનાં કારખાનાં, વિદ્યુત માલ-સામાનના ભારે ઉદ્યોગો, દવા બનાવતાં કારખાનાં, રાસાયણિક ખાતરનાં કારખાનાં, ટેલિફોન ઉદ્યોગ, રેલવેના ડબ્બાઓ બનાવવાનાં કારખાનાં વગેરે આજે રાજ્યની માલિકીપણા હેઠળ ચલાવવામાં આવતાં જાહેર સાહસો છે. રાજ્ય આવાં સાહસો દ્વારા વેચાતી વસ્તુઓ અને સેવાઓની કિંમતમાંથી ઘણી મોટી આવક પ્રાપ્ત કરે છે. ભારત સરકાર દ્વારા સંચાલિત ખાનગી ક્ષેત્રના ઘણા ઉદ્યોગો વર્તમાન સમયમાં નફો કરતા થઈ ગયા છે, જે રાજ્યની તિજોરીમાં સારી એવી આવક કમાવી આપે છે.

D રાજ્યની માલિકીની સંપત્તિમાંથી પ્રાપ્ત થતી આવક :

રાષ્ટ્ર કે દેશ પાસે કુદરતી ખનીજ સંપત્તિ, કાચું લોખંડ, ધાતુઓ, જંગલો, ખાણો વગેરે પોતાની માલિકીની સંપત્તિમાંથી રાજ્યને સારી એવી આવક પ્રાપ્ત થતી હોય છે. રાજ્ય આ

સાધનોનો પ્રત્યક્ષ રીતે રાજ્ય સંચાલિત ઉદ્યોગો માટે કાચા માલ તરીકે પણ ઉપયોગ કરી શકે છે અથવા તેનું વેચાણ કરીને કે જંગલો તથા ખાણોના ખાનગી વ્યક્તિઓ ઈજારા હક આપીને તેમાંથી આવક મેળવી શકે છે. ભારત આ પ્રકારની કુદરતી સંપત્તિથી ભરેલો દેશ છે, પરંતુ ટેક્નોલૉજીના અભાવે આપણે તેનો પૂરતો ઉપયોગ કરી શકતાં નથી. ક્યારેક આવા સાધનોમાંથી પ્રાપ્ત થતી આવકનું પ્રમાણ રાજ્યની કુલ આવકની સરખામણીએ ઘણું જ નજીવું જોવા મળે છે.

E ખાધ પૂરવણી :

કલ્યાણ રાજ્યની વિભાવનાને પરિણામે વર્તમાન સમયનાં રાજ્યો આવક કરતાં વધારે ખર્ચનું પ્રમાણ પોતાના બજેટમાં દર્શાવતાં જોઈ શકાય છે. રાજ્યની વધતી જતી જવાબદારીને કારણે કરવેરા તથા અન્ય સાધનોમાંથી મળતી આવક રાજ્યને ખર્ચ માટે પૂરતી થતી નથી ત્યારે સરકાર ખાધ પૂરવણીનો સહારો લે છે. સરકાર વધારાના ખર્ચને પહોંચી વળવા માટે ખાધ યુક્ત બજેટ બનાવે છે. બજેટની ખાધપૂરવા નવું નાણું છાપે છેકે પછી દેશની મધ્યસ્થ બેંક પાસેથી નાણું ઉછીનું લે છે. જેને ખાધ પૂરવણી તરીકે ઓળખવામાં આવે છે. આ માર્ગ વધારે સહીસલામત નથી. મંદીજન્ય વાતાવરણ, યુદ્ધના સંજોગો અથવા આર્થિક કટોકટીના સમય પૂરતો મર્યાદિત ઉપયોગ કરવો હિતાવહ છે, પરંતુ તેનો અવારનવાર ઉપયોગ કરવાથી ઘણાં જોખમો પેદા થવાની શક્યતા રહેલી છે. વિકાસ પામતા દેશોમાં વારંવાર ખાધ પૂરવણીના ઉપયોગથી ફુગાવો પેદા થવાનો ભય રહેલો છે. આથી સરકારે કાળજીપૂર્વક અને મર્યાદિત પ્રમાણમાં ખાધ પૂરવણીનો ઉપયોગ કરવો હિતાવહ છે.

F કિંમત અને ફી :

રાજ્ય પોતાના લોકોને વાહનવ્યવહાર, વિજળી, ટેલીફોન, બસ, તારટપાલ, રેલવે શિક્ષણ વગેરે જેવી પ્રાથમિક અને ઉપયોગી સેવાઓ પૂરી પાડે છે. આ સેવાઓના બદલામાં સરકાર લોકો પાસેની ન્યૂનત્તમ રકમ (કિંમત) વસૂલ કરે છે. આ કિંમત સાવ નજીવી કિંમત રૂપે હોય છે. આવી સેવાઓ પાછળનો સરકારનો મુખ્ય ઉદ્દેશ નફો નહિ પરંતુ સમાજ કલ્યાણ રહેલો છે. રાજ્ય કેટલીકવાર સેવાઓ પૂરી પાડવા બદલ સેવાનો લાભ મેળવનાર વ્યક્તિ પાસેની ફી વસૂલ કરે છે. શિક્ષણ ફી, તબીબી સારવાર ફી, જન્મ-મૃત્યુનો નોંધણી ફી, ધંધાની નોંધણીની ફી વગેરે દ્વારા સરકાર ફી સ્વરૂપે આર્થિક ભંડોળ પ્રાપ્ત કરે છે. કિંમત અને ફી બંનેમાં રકમના બદલામાં સેવારૂપી વળતર મળે છે, પરંતુ બંનેમાં પાયાનો બેદ રહેલો છે. કિંમત મેળવવા પાછળનો હેતુ વ્યાપારી ધોરણે લોકોને કેટલીક સેવાઓ પૂરી પાડવાનો છે. અને સાથે આવક મેળવવાનો પણ છે. જ્યારે ફી પાછળ મુખ્ય હેતુ સમાજને અમુક પ્રકારની સેવા આપવી અથવા કેટલાક પ્રકારનાં કાર્યો પર નિયંત્રણ મૂકવાનો હોય છે. કિંમત ઉત્પાદન ખર્ચને ધ્યાનમાં રાખીને વસૂલ કરવામાં આવે છે, જ્યારે ફીમાં ઉત્પાદન ખર્ચને ધ્યાનમાં રાખવામાં આવતું નથી. જે લોકો સરકારી સેવાની પ્રત્યક્ષ લાભ મળે તેઓ જ ફી ચુકવે છે. જ્યારે કિંમત એવી સેવાઓ માટે ચૂકવાય છે, જે ધંધાકીય સ્વરૂપની પ્રવૃત્તિ હોય. બંને પાછળનો મુખ્ય હેતુ સરકારને આવક પ્રાપ્તિનો રહેલો છે.

G દંડ :

રાજ્ય સરકાર રાજ્યના સુચારુ સંચાલન અને નિયંત્રણ માટે અમુક કાયદાઓ અને નિયમોનું ઘડતર કરે છે. રાજ્યની પ્રવર્તમાન કાયદાઓનો ભંગ કરનાર તથા બિનકાયદેસર આર્થિક પ્રવૃત્તિ કરનાર લોકો પાસેની દંડ સ્વરૂપે કેટલીક રકમ વસૂલ કરે છે. જે સરકારની

આવકમાંથૂ ઉમેરાય છે. ઉ.દા. કરચોરી કરનાર વ્યક્તિ પાસેથી, દારૂગાળવા કે વેચવા જેવી પ્રવૃત્તિ કરનાર પાસેથી, કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિ કરનાર પાસેથી દંડ સ્વરૂપે રાજ્ય સરકાર આવક પ્રાપ્ત કરે છે. દંડની રકમ કરવેરાની જેમ ફરજિયાત ચૂકવવાની રહે છે. દંડ એ શિક્ષાત્મક જોગવાઈ છે. જેના પરિણામે વ્યક્તિ અમુક પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા અટકે અને ભવિષ્યમાં આવો ગુનો ફરીવાર ન કરે તે હેતુથી દંડ વસૂલ કરવામાં આવે છે. યુદ્ધ અથવા લડાઈમાં વિજેતા બનેલ દેશ હાર પામનાર દેશ પાસેથી યુદ્ધદંડ તરીકે કેટલીક રકમ વસૂલ કરી શકે છે. કસ્ટમ જકાતની બાબતમાં જોઈને તો તેમાં ફરજિયાતપણું રહેલું છે. અને શિક્ષાત્મક જોગવાઈ પણ છે. આયાત કરેલી વસ્તુઓ પર સરકાર કસ્ટમ જકાત નાખે છે. તેની પાછળનો એક હેતુ આવક પ્રાપ્ત કરવાનો છે. તથા બીજો હેતુ આયાત પર પ્રતિબંધ મુકવા દંડ નાખવાનો છે. આમ, આયાતો પર પ્રતિબંધ મૂકવા દંડ નાખવાનો છે. આમ, આયાતો પર પ્રતિબંધ મૂકવા નાખવામાં આવતી કસ્ટમ ડ્યૂટીમાં શિક્ષાનું તત્ત્વ અને નિયંત્રણ તત્ત્વ બંને રહેલું છે.

H દાન :

અમુક સમયે રાજ્ય કોઈ પ્રકારની આર્થિક પ્રવૃત્તિ હાથ ધરવા દેશના લોકો કે વિદેશના લોકો પાસેથી દાનરૂપી આવક પ્રાપ્ત કરે છે. સામાન્ય રીતે રાજ્યના લોકોને ઉપયોગી સેવાઓ પૂરી પાડવા માટે આવા દાનનો સહારો લેવામાં આવે છે. જેમકે, સ્કૂલ, કોલેજોનું બાંધકામ કરવું, હોસ્પિટલ બનાવવી, લાયબ્રેરીનું બાંધકામ કરવું વગેરે માટે મળતું દાન પણ રાજ્યની આવકનું એક સાધન છે. શ્રીમંત કે ધનવાન વ્યક્તિ આવા દાન દ્વારા સમાજને સહાય કરે છે. આવું દાન ઘણીવાર વસ્તુ કે સેવા સ્વરૂપે અથવા અમુક સમયે નાણાં સ્વરૂપે જોવા મળે છે. દા.ત. હોસ્પિટલ બનાવવા માટે નાણાંની સહાય એટલે દાન આપવામાં આવે છે. તો બીજી બાજુ હોસ્પિટલમાં ઉપયોગી સાધનો સ્વરૂપે પણ દાન આપવામાં આવે છે. દાનમાંથી પ્રાપ્ત થતી આવક સામાન્ય પ્રકારની હોય છે. તેમાં ફરજિયાતપણું નહિ પરંતુ મરજિયાતપણું રહેલું છે. વ્યક્તિ પોતાની ઈચ્છા અને શક્તિ પ્રમાણે સરકારને આવું દાન આપી સહાય કરે છે, જે રાજ્યની આવકનું સાધન બને છે.

I વિશેષ કર આકારણી :

રાજ્ય જે કોઈ પણ પ્રવૃત્તિ કરે છે, તેના પરિણામે ક્યારેક સમાજની અમુક ચોક્કસ વ્યક્તિઓને તેનો વિશિષ્ટ લાભ પ્રાપ્ત થાય છે. તેથી રાજ્ય આવી વ્યક્તિઓ પાસેથી વિશેષ કર પ્રાપ્ત કરે છે. દાખલા તરીકે રાજ્યની સિંચાઈ યોજનાઓથી જે તે વિસ્તારના જમીન માલિકોને પાણીની સવલતોમાં વધારો થતાં તેમની આવક વધવા પામે છે. તેથી જમીનની કિંમત પણ વધે છે. શહેરી વિસ્તારમાં ઔદ્યોગિક વસાહતો, સંકુલ, કોલેજ, યુનિવર્સિટીની સ્થાપનાથી તે વિસ્તારની જમીનના માલિકોને લાભ પ્રાપ્ત થાય છે. તેમની જમીનની કિંમતમાં વધારો થાય છે. લોકોની મિલકતના મૂલ્યમાં થતા આવા વધારાને કારણે રાજ્યને તેમાંથી અમુક હિસ્સો પ્રાપ્ત કરવાનો અધિકાર મળે છે. તેથી રાજ્ય આવી મિલકતો પર વિશેષ કર નાખી આવક મેળવે છે. કેટલીક વાર આ પ્રકારના કરને બેટરમેન્ટ લેવી કે કેપિટલ લેવ્રી તરીકે પણ ઓળખવામાં આવે છે. સામાન્ય કરની જેમ આ વિશેષ કર આકારણીમાં પણ ફરજીયાતપણું રહેલું છે. જે લોકો ફાયદો ઉઠાવે છે, તેને ફરજિયાતપણે આ રકમ સરકારને ચૂકવવી પડે છે. અહીં વ્યક્તિએ મેળવેલ ચોક્કસ વળતરના બદલામાં રકમ ચૂકવવાની હોય છે, જ્યારે કરવેરામાં આવું નથી. અહીં વ્યક્તિ કરચોરી કરી શકતી નથી. આમ આ પ્રકારના વર્ગભેદથી સ્પષ્ટ થાય છે કે રાજ્યની આવકનાં સાધનો વચ્ચે બહું સ્પષ્ટ ભેદ રહેલો નથી. તેઓ એકબીજાના સ્વરૂપે એકબીજામાં પ્રતિબિંબિત થાય છે.

5.3 સારાંશ :

આમ, ઉપર જોયા મુજબ આધુનિક રાજ્યો આવકનાં અનેક સાધનો ધરાવે છે. અને તે બધાને આપણે તેના સ્વરૂપ અને પાયાને આધારે જુદાં-જુદાં નામે ઓળખીએ છીએ. રાજ્યની આવકનાં વિવિધ સાધનો વચ્ચેનો તફાવત બહું સ્પષ્ટ નથી અને તે એકબીજામાં વત્તે ઓછે અંશે વ્યક્ત થાય છે. વિવિધ હેતુઓને ધ્યાનમાં રાખીને રાજ્ય જુદી-જુદી રીતે આવક મેળવે છે. અને રાજ્ય પોતાની આર્થિક પ્રવૃત્તિ માટે જરૂરી આવક પ્રાપ્ત કરે છે. સમાજ માટે કલ્યાણલક્ષી આર્થિક પ્રવૃત્તિ કરવા માટે આ આવક ખૂબ જ ઉપયોગી છે. વર્તમાન સમયમાં રાજ્યના કાર્યક્ષેત્રમાં થતા વધારા સાથે આવક પ્રાપ્ત કરવાના ક્ષેત્રો પણ વિસ્તરતાં જાય છે. સમયમાં થતાં પરિવર્તન સાથે રાજ્યની પ્રવૃત્તિ અને જવાબદારીમાં પણ ફેરફારો થાય છે. તેના પરિણામે આવકનાં સાધનો પણ વિસ્તૃત થાય છે.

5.4 શબ્દાવલી :

➢ જાહેર આવક : રાજ્ય આર્થિક પ્રવૃત્તિ કરવામાં વિવિધ ક્ષેત્રોમાંથી કરવેરા, કિંમત, ફી, દંડ, દાન વગેરે સ્વરૂપે જે નાણાં મેળવે છે, તેને જાહેર આવક કહેવાય.

➢ કરવેરા : રાજ્યમાં રહેતા લોકો પાસેથી કોઈ પણ પ્રકારનો પ્રત્યક્ષ કે સપ્રમાણ બદલો આપ્યા વગર ફરજિયાતપણે જે રકમ વસૂલ કરવામાં આવે છે, તેને કર કહેવાય.

➢ જાહેર દેવું : રાજ્ય સમાજમાં વસતા લોકો કે વિદેશના લોકો અથવા સંસ્થા પાસેથી જે ઉછીનાં નાણાં પ્રાપ્ત કરે છે, તેને જાહેર દેવું કહેવાય.

➢ ખાધ પૂરવણી : સરકાર નવું નાણું છાપે અથવા દેશની મધ્યસ્થ બેંક પાસેથી નાણું ઉછીનું લે તેને ખાધ પૂરવણી કહેવાય.

➢ કેપિટલ લેલી : રાજ્યના કોઈ આર્થિક પ્રવૃત્તિને પરિણામે તે વિસ્તારમાં જમીન માલિકી ધરાવતા વ્યક્તિઓને વિશિષ્ટ આવક પ્રાપ્ત થાય છે. તેના બદલામાં રાજ્ય જે વધારાનો કર તેના પર દાખલ કરે છે, તેને કેપટલ લેવી તરીકે ઓળખવામાં આવે છે.

5.5 તમારી પ્રગતિ ચકાસો :

❖ આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) રાજ્યની આવકનાં સાધનોમાં સમાવેશ કરી શકાતો વિકલ્પ.

(A) કરવેરા (B) જાહેર દેવું

(C) દંડ (D) ઉપરોક્ત ત્રણેય

(2) દેશના લોકો અથવા નાણાકીય સંસ્થાઓ પાસેથી સરકાર લોન લે તો તેને_______દેવું કહેવાય.

(A) બાહ્ય (B) કાયમી

(C) આંતરિક D) ફરજિયાત

(3) બિનકાયદેસર આર્થિક પ્રવૃત્તિ કરનાર વ્યક્તિ પાસેથી રાજ્ય_______વસૂલ કરે છે.

(A) ફી (B) દંડ

(C) કિંમત (D) વેરો

(4) ખાધ પૂરવણીનો ઉપયોગ________કરવો હિતાવહ છે.

(A) કાયમી (B) એકાંતરે

(C) દર મહિને (D) કાળજીપૂર્વક

❖ નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :

(1) રાજ્યની આવકનાં સાધનો વિસ્તારપૂર્વક સમજાવો.

(2) જાહેર આવકના સાધન તરીકે કરવેરા અને જાહેર દેવું વિસ્તારપૂર્વક સમજાવો.

(3) ટૂંકનોંધ લખો : ખાધ પૂરવણી

⇨ **ઉપયોગી પુસ્તકોની યાદી :**

(1) Public Finance, Hug Dalton

(2) Theory of Public Finance R.A Musgrave

(3) The Theory of Public Finance P.F. Taylor

(4) Public Finance Theory & Practice A.R. Priest

⇨ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

(1) ઉપરોક્ત ત્રણેય (2) આંતરિક

(3) દંડ (4) કાળજીપૂર્વક

❖ **નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(1) કરવેરા ફરજિયાત હોય છે અને બદલામાં પ્રત્યક્ષ કોઈ લાભ મળતો નથી.

(2) સરકારની આવક કરતાં ખર્ચ વધુ હોય ત્યારે સરકાર મધ્યસ્થ બેંક પાસેથી દેવું કરે તેને ખાદ્ય પુરવણી તરીકે ઓળખવામાં આવે છે.

(3) સરકાર કાળજીપૂર્વક અને મર્યાદિત પ્રમાણમાં ખાદ્ય-પૂરવણી કરવામાં આવે તો અર્થતંત્રમાં મંદીજન્ય સ્થિતિ ઊભી થાય છે.

(4) કરવેરા માત્ર રાજ્ય દ્વારા જ લેવામાં આવે છે.

❖ **જવાબો :**

(1) ખરું (2) ખરું (3) ખોટું (4) ખરું

*** *** ***

એકમ 6

કરવેરા - I

-: રૂપરેખા :-

6.0 ઉદ્દેશો

6.1 પ્રસ્તાવના

6.2 કરવેરાની વ્યાખ્યા

6.3 કરવેરાના પ્રકારો

6.3.1 પ્રત્યક્ષ કરવેરા અને પરોક્ષ કરવેરા

6.3.2 પ્રમાણસર, પ્રગતિશીલ અને પ્રતિગામી કરવેરા

6.4 કરવેરાના સિદ્ધાંતો

6.4.1 ન્યાયી સમાનતાનો સિદ્ધાંત

6.4.2 લાભનો સિદ્ધાંત

6.4.3 કર ભરવાની શક્તિ

6.5 કરાઘાત

6.6 કરસંપાત

6.6.1 કરસંપાતનું માપન

6.6.2 કરસંપાત અંગે મસગ્રેવનો ખ્યાલ

6.7 કરસંપાતને અસર કરતાં પરિબળો

6.7.1 માંગની મૂલ્ય સાપેક્ષતા

6.7.2 પુરવઠાની મૂલ્યસાપેક્ષતા

6.7.3 કરવેરાનું સ્વરૂપ

6.7.4 કરવેરાનું પ્રમાણ

6.7.5 ભાવસપાટી

6.7.6 હરીફાઈ

6.7.7 સમયનું તત્ત્વ

6.8 સારાંશ

6.9 ચાવીરૂપ શબ્દો

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

6.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતોની સ્પષ્ટ સમજૂતી મેળવી શકશો :

- ➢ કરવેરા એ સરકારની આવકનું મુખ્ય સાધન છે.
- ➢ ભારત સરકાર વિવિધ સ્વરૂપે પ્રજા પાસેથી કર વસૂલ કરે છે.
- ➢ કરવેરા કોની પાસેથી, કેટલા પ્રમાણમાં, કેવી રીતે અને ક્યારે લેવા જોઈએ, તેનું માર્ગદર્શન મેળવી શકાશે.
- ➢ કરવેરાની વિવિધ ક્ષેત્રો પરની અસરો જાણી શકાશે.
- ➢ કરાઘાત અને કરસંપાત વચ્ચેનો તફાવત સમજી શકાશે.

6.1 પ્રસ્તાવના :

કરવેરાના વિવિધ સિદ્ધાંતોની ચર્ચા કરીએ એ પહેલાં કરવેરાની આવશ્યકતા, કરવેરાનો અર્થ, વર્ગીકરણ અને કરવેરાના વિવિધ ખ્યાલોની સમજ મેળવવી જરૂરી છે. બીજા એકમમાં જોઈ ગયા તે મુજબ બજાર વ્યવસ્થા જાહેર વસ્તુઓની જોગવાઈ કરવામાં નિષ્ફળ સાબિત થઈ છે, માટે સરકારે જાહેર વસ્તુઓની જોગવાઈ કરવી પડે છે. જો કે, સરકાર પાસે સાધનો અપૂરતાં હોવાથી તેનાં સાધનો ઊભા કરવા પડે છે. સરકાર કરવેરા, દંડ, જાહેર સાહસોનો નફો, અનુદાન, ભેટ વગેરે દ્વારા સાધનરૂપી આવક મેળવે છે. જોકે, કરવેરા એ સરકારની આવકનો મુખ્ય સ્ત્રોત છે. કરવેરા એ દંડ નથી. છતાં, સરકારને આપવી પડતી એવી ફરજિયાત ચૂકવણી છે કે જેના બદલામાં વ્યક્તિને કોઈ વસ્તુ કે સેવા અથવા બદલો મળતો નથી. કરવેરા ભરવા એ વ્યક્તિની નૈતિક અને કાનૂની ફરજ છે, જ્યારે કરચોરી એ ગુનો છે.

6.2 કરવેરાની વ્યાખ્યા :

મોન્ટેસ્ક્યુના મત મુજબ "કરવેરા એ વ્યક્તિની સંપત્તિનો એવો હિસ્સો છે કે જેની ચૂકવણી કર્યા બાદ બાકી રહેલી આવકમાંથી વ્યક્તિને સુરક્ષિત આનંદ આપે છે."

➢ સેલિંગમેનના મતે "કરવેરા એ વ્યક્તિએ કોઈ પણ પ્રકારના પ્રત્યક્ષ લાભ વિના કરવી પડતી ફરજિયાત ચૂકવણી છે."

આમ, કરવેરા એ સરકારને આપવી પડતી એવી ફરજિયાત રકમ છે કે જેના બદલામાં વસ્તુ કે સેવા સીધી રીતે મળતી નથી.

6.3 કરવેરાના પ્રકારો :

કરવેરાના મુખ્યત્વે બે પ્રકાર પાડી શકાય. જે નીચે મુજબ છે :

(i) પ્રત્યક્ષ કરવેરા અને પરોક્ષ કરવેરા

(ii) પ્રમાણસર, પ્રગતિશીલ અને પ્રતિગામી કરવેરા

6.3.1 પ્રત્યક્ષ કરવેરા અને પરોક્ષ કરવેરા :

પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરા વચ્ચે પરંપરાગત રીતે તફાવત પાડવામાં આવ્યો હોય તે વ્યક્તિએ જ કર ભરવો પડતો હોય તેને પ્રત્યક્ષ કરવેરા કહે છે. વ્યક્તિ આ કરમાંથી છટકી શકતી નથી કે અન્ય વ્યક્તિ પર લાદી શકતી નથી. દા.ત. આવકવેરો, સંપત્તિ વેરો વગેરે.

જે કરવેરાને અન્ય વ્યક્તિ પર ખસેડી શકાય તેને પરોક્ષ કરવેરો કહે છે. કોઈ એક વ્યક્તિ કે સંસ્થા ઉપર નાંખવામાં આવેલો વેરો તે પોતે ન ભરતા અન્ય પર ખસેડી દે તેવો વેરો. દા.ત. વેચાણવેરો, કેન્દ્રીય ઉત્પાદન કર વગેરે.

ભારતના સંદર્ભમાં કરવેરાનું વર્ગીકરણ નીચે મુજબ કરી શકાય :

6.3.2 પ્રમાણસર, પ્રગતિશીલ અને પ્રતિગામી કરવેરા :

કર ભરનાર વ્યક્તિની આવક, સંપતિ અથવા આર્થિક સામર્થ્ય અને કરમાળખાના દર વચ્ચેના સંબંધોના આધારે કરવેરા પ્રમાણસર, પ્રગતિશીલ કે પ્રતિગામી હોઇ શકે છે. સામાન્ય રીતે કરવેરા પ્રમાણસર, પ્રગતિશીલ કે પ્રતિગામી છે તે કર ભરનારની આવક પર લેવાતા કરની ટકાવારી મુજબ નક્કી થાય છે.

➢ પ્રમાણસર કર :

તમામ પ્રકારની આવક (વધુ કે ઓછી) પર લેવાતો એક સરખો વેરો એટલે પ્રમાણસર કર. વ્યક્તિની આવક ગમે તેટલી હોય છતાં કરવેરાનુ પ્રમાણ એક સરખું જ રહે.

➢ પ્રગતિશીલ કર :

આવક વધવાની સાથે કરવેરાનું પ્રમાણ પણ વધતું જાય તેને પ્રગતિશીલ કર કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો ઓછી આવક ધરાવનાર વ્યક્તિએ ઓછો વેરો ભરવાનો અને વધુ આવક ધરાવનારને વધુ વેરો ભરવાનો.

➢ પ્રતિગામી કર :

આવકના વધારા સામે કરવેરા ઘટતા જતા હોય તેને પ્રતિગામી કર કહે છે. એટલે કે ઓછી આવક પર વધુ કર અને વધુ આવક પર ઓછો કર.

ઉપરોક્ત ત્રણેય પ્રકારના કરને નીચે મુજબ કોષ્ટકમાં દર્શાવી શકાય.

પ્રમાણસર, પ્રગતિશીલ અને પ્રતિગામી કરવેરા :

આવક (રૂ માં)	દર (ટકામાં) (કરોડમાં)	પ્રમાણસર કરની રકમ (કરોડમાં)	દર (ટકામાં) (કરોડમાં)	પ્રગતિશીલ કરની રકમ (કરોડમાં)	દર (ટકામાં) માં વૃદ્ધિ	પ્રતિગામી કરની રકમ માં વૃદ્ધિ
20,000	5	1000	5	1000	5	1000
60,000	5	3000	10	6000	4	2400
1,20,000	5	6000	15	18000	3	3600
2,50,000	5	12500	30	75000	2	5000

આધુનિક કલ્યાણલક્ષી રાજ્યોમાં પ્રગતિશીલ કરવેરાના ખ્યાલને સામાન્ય રીતે તેની સ્થિતિસ્થાપકતા, સમાનતા અને સંપત્તિના પુનઃ વિતરણના સાધન તરીકે ઉપયોગી ગણવામાં આવે છે. વળી વપરાશમાં સંભવિત વધારો કરવાના કારણે પણ આ ખ્યાલનો સ્વીકાર કરવામાં આવે છે.

6.4 કરવેરાના સિદ્ધાંતો :

કરવેરાના સિદ્ધાંતો એટલે કરવેરા કોની પાસેથી કેટલા પ્રમાણમાં, કેવી રીતે અને ક્યારે

લેવા જોઈએ તે વિશે માર્ગદર્શન આપતી સૈધ્ધાંતિક ચર્ચાને કરવેરાના સિદ્ધાંતો કહી શકાય. વિશ્વમાં સૌપ્રથમ એડમ સ્મિથે કરવેરાની ચર્ચા કરી હતી. જ્યારે ભારતમાં કૌટિલ્યએ તેમના પુસ્તક અર્થશાસ્ત્રમાં કરવેરાના સિદ્ધાંતોની ચર્ચા કરી હતી.

6.4.1 ન્યાયી સમાનતાનો સિદ્ધાંત : (The Principle of Equity)

કરવેરાના તરફેણની પ્રમુખ દલીલ એ છે કે કરવેરા 'ન્યાયી સમાનતાના' સિદ્ધાંતને સંપૂર્ણ જાળવતા હોવા જોઈએ. વળી, કર પદ્ધતિ એવી હોવી જોઈએ કે જેનો કુલ કરબોજ ઓછો હોય. આ સિદ્ધાંત ન્યૂનતમ બલિદાનના સિદ્ધાંત તરીકે પણ જાણીતો છે. આ સિદ્ધાંત મુજબ નિશ્ચિત આવકમર્યાદા બાદની આવકને એક સપાટી ઉપર લાવી દેવી જોઈએ. જોકે, આમ કરવાથી અન્ય વિપરીત અસરો ઊભી થઈ શકે છે. માટે આ સિદ્ધાંતનો વિરોધ કરવામાં આવે છે. આથી જ, ન્યાયી વિતરણને ધ્યાનમાં લઈ અહીં બે વિકલ્પો રજૂ કરી શકાય :

6.4.2 લાભનો સિદ્ધાંત

પ્રો. એડમ સ્મિથના મતે કરદાતાઓ જે જાહેર સેવાઓનો ઉપયોગ કરે છે તેના પ્રમાણમાં તેની કિંમત નક્કી કરવી જોઈએ. કરદાતા પાસેથી જે કિંમતો વસૂલ કરવામાં આવે છે તે કર સ્વરૂપે નહી, પરંતુ સેવાઓના ઉપયોગ માટે ચૂકવવામાં આવતા મૂલ્ય સ્વરૂપે હોય છે. રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવતી જુદી જુદી સેવાઓનો લાભ સમગ્ર સમાજને થતો હોય છે. સલામતી, સંરક્ષણ વગેરે અંગેની જોગવાઈ કોઈ એકાદ વ્યક્તિને જ નહિ, પરંતુ સમગ્ર સમાજને ફાયદારૂપ થાય છે. દા.ત. સંરક્ષણ પાછળનો ખર્ચ કોઈ એક વ્યક્તિગત કરદાતાને અનુલક્ષીને કરવામાં આવ્યો નથી. કારણ કે કોઈ એક વ્યક્તિ માટે સંરક્ષણ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવે છે, તે અંદાજવું મુશ્કેલ છે.

વળી, જાહેર સેવાઓનું ખાનગી વ્યક્તિ દ્વારા વેચાણ શક્ય નથી. કારણ કે આ પ્રકારની સેવાઓ અન્ય વસ્તુઓની જેમ નાના-નાના ભાગ કરીને વેચી શકાતી નથી. વળી, આવી સેવાઓની ખાસિયત એ છે કે વ્યક્તિ તેની ખરીદી કરે કે ન કરે, પરંતુ આ પ્રકારની સેવાઓની જોગવાઈ કર્યા બાદ આપોઆપ તેની કિંમત ચૂકવ્યા વિના તેનો લાભ પ્રાપ્ત થશે. આવી પરિસ્થિતિમાં જો કોઈ આવી સેવાઓનું વેચાણ કરશે તો ભાગ્યે જ કોઈ તેને ખરીદવાનો આગ્રહ રાખશે. કોઈ ખાનગી વ્યક્તિ આવી સેવાઓને પૂરી પાડવાની જવાબદારી લેશે નહીં. માટે રાજ્યે જ આ પ્રકારની સેવાઓ પૂરી પાડવાની જવાબદારી લેવી પડે છે.

રાજ્યની આ પ્રકારની સેવાઓની જોગવાઈ થકી સમાજના ક્યા વર્ગને વધુ લાભ થશે એ નક્કી કરવું મુશ્કેલ છે, કારણ કે આવી સેવાઓનો લાભ પરોક્ષ હોય છે. આવા સંજોગોમાં ક્યા વર્ગને વધુ લાભ થાય છે, તેનો સરળ અંદાજ કાઢવાની રીત એ છે કે આ પ્રકારની સેવાઓ આપવાનું બંધ કરી દેવું. જે વર્ગને સૌથી વધુ સહન કરવું પડે તે વર્ગને સૌથી વધુ લાભ થાય છે તેમ કહી શકાય. શિક્ષણ, સ્વાસ્થ્ય, સલામતી વગેરે જેવી સેવાઓમાં ધનિકો કરતાં ગરીબોને વધુ લાભ થતો હોય છે, કારણ કે ધનિકો આ પ્રકારની સેવાઓ સહેલાઈથી ખરીદી શકે તેમ હોય છે.

6.4.3 કર ભરવાની શક્તિ (Ability to Pay)

ન્યાયી સમાનતાના સિદ્ધાંત પ્રમાણે દરેક વ્યક્તિ પાસેથી તેની કર ભરવાની શક્તિ પ્રમાણે કર ઉઘરાવવો જોઈએ. અહીં કર ભરવાની શક્તિ એટલે ત્યાગ કરવાની શક્તિ. જો કોઈ વ્યક્તિ પાસેથી રૂા.100 કર ઉઘરાવવામાં આવે અને તેના પરિણામે વ્યક્તિને કરવો પડતો

ત્યાગ જો ઓછો હોય તો તેની કર ભરવાની શક્તિ વધુ છે, જ્યારે વધુ ત્યાગ કરવો પડતો હોય તો તેની કર ભરવાની શક્તિ ઓછી છે, એમ કહી શકાય. ઉઘરાવવામાં આવતો દરેક કર, કર ભરનારના કલ્યાણને અસર કરતો હોય છે. આમ, કર ભરવાથી કરદાતાના કલ્યાણમાં કેટલો ફેરફાર થાય છે તેનો અંદાજ કાઢી શકાય તો કર ભરવાની શક્તિ વિશે યોગ્ય ખ્યાલ બાંધી શકાય છે. અહીં ત્યાગના સિદ્ધાંત વિશે ત્રણ ઉપસિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા છેઃ

6.4.3.1 સમાન ત્યાગનો સિદ્ધાંત :

જે.એસ. મીલના મંતવ્ય મુજબ દરેક વ્યક્તિ સરકારી ખર્ચને પહોંચી વળવા માટે જે કર આપે છે અને જેટલો ત્યાગ કરે છે તેટલો જ ત્યાગ પોતે પણ કરવાનો રહેશે. એટલે કે ગરીબ અને ધનિક વર્ગને કરવો પડતો ત્યાગ સરખો હોય છે. પ્રો. પીગુએ આ ખ્યાલની ટીકા કરતાં જણાવ્યું કે સમાન પરિસ્થિતિમાં મુકાયેલી સમાન વ્યક્તિઓ માટે કદાચ આ ખ્યાલ લાગુ પાડી શકાય, પરંતુ અસમાન પરિસ્થિતિઓમાં મુકાયેલી વ્યક્તિઓના સંદર્ભમાં આ ખ્યાલ લાગુ પાડવો મુશ્કેલ છે.

6.4.3.2 સપ્રમાણ ત્યાગનો સિદ્ધાંત :

એડમ સ્મિથના અભિપ્રાય મુજબ દરેક વ્યક્તિએ પોતાની કર ભરવાની શક્તિના પ્રમાણ મુજબ કર ભરવો જોઈએ. તેમના મતે કર ભરવાની શક્તિનું પ્રમાણ રાજ્યના રક્ષણ નીચે વ્યક્તિ જે આવક કમાય છે તેના આધારે જાણી શકાય. દા.ત. રૂા.3 લાખ વાર્ષિક આવક કરનાર રૂા.7000 કર ભરશે. અહીં રૂા.2500 કર ભરનાર વ્યક્તિ સામાન્ય કર્મચારી હશે તો તેને કર અસહ્ય લાગશે. આમ સપ્રમાણ ત્યાગનો સિદ્ધાંત અસમાનતા ઊભી કરે છે.

6.4.3.3 ન્યૂનતમ ત્યાગનો સિદ્ધાંત :

સમાન ત્યાગ અને સપ્રમાણ ત્યાગના સિદ્ધાંત મુજબ તમામ વ્યક્તિઓએ (ગરીબ અને ધનવાન) કર ભરવો પડે છે. જ્યારે ન્યુનતમ ત્યાગના સિદ્ધાંતમાં અમુક આવક મર્યાદાને કર બાદ આપી તેનાથી ઊંચી આવક પર વધતાં દરે કર નાંખવાની હિમાયત કરવામાં આવી છે. આમ ન્યુનતમ ત્યાગનો સિદ્ધાંત આગળના બંને સિદ્ધાંત કરતાં ચઢિયાતો છે, કારણ કે જે વ્યક્તિ કર નથી આપી શકતા તેઓને કર ભરવામાંથી મુક્તિ આપવામાં આવે છે. જ્યારે ઊંચી આવક ધરાવનાર પર વધુ ઊંચા દરે કર વસૂલ કરવાની છૂટ આપે છે.

➢ તમારી પ્રગતિ ચકાસો (ક) :

(1) કૌંસમાં દર્શાવેલ યોગ્ય શબ્દ સમૂહ વડે ખાલી જગ્યા પૂરોઃ

(ક) મૂલ્યવર્ધિત કરનો સમાવેશ__________કરવેરામાં થાય છે.
(પ્રત્યક્ષ, પરોક્ષ)

(ખ) આવક વધવાની સાથે કરવેરાનું પ્રમાણ પણ વધતું જાય તેને__________કર કહે છે.
(પ્રગતિશીલ, પ્રતિગામી)

(ગ) વિશ્વમાં સૌપ્રથમ કરવેરાની ચર્ચા__________કરી હતી.

(સાર્શલે, એડમ સ્મિથે)

(2) પ્રમાણસર કર પ્રતિગામી કરથી કઈ રીતે અલગ પડે છે? (50 શબ્દો સમજાવો.)

(3) સપ્રમાણ ત્યાગના સિદ્ધાંત વિશે ટૂંમાં સમજાવો. (50 શબ્દોમાં)

(4) નીચેના વિધાનો ખરાં (✓) છે કે ખોટાં (✗) તપાસો.

(ક) જે કરવેરાને અન્ય પર ખસેડી શકાતો હોય તેને પરોક્ષ કરવેરો કહેવાય.

(ખ) લાભનો સિદ્ધાંત ન્યુનતમ બલિદાનના સિદ્ધાંત તરીકે પણ જાણીતો છે.

(ગ) ન્યુનતમ ત્યાગનો સિદ્ધાંત ઊંચી આવક ધરાવનાર પર વધુ ઊંચા દરે કર વસૂલ કરવાની છૂટ આપે છે.

6.5 કરાઘાત (Impect of Taxation) :

સરકાર દ્વારા જે વ્યક્તિ કે સંસ્થા પર કર નાખવામાં આવે પરિણામે, તે વ્યક્તિ કે સંસ્થાને ફરજિયાતપણે કર ભરવાની જવાબદારી આવી પડે તો તેના પર કરના કારણે સૌપ્રથમ કરાઘાત થયો તેમ કહી શકાય. ટૂંકમાં, કરાઘાત એટલે કરવેરાનો સૌપ્રથમ પડતો પ્રાથમિક બોજો. દા.ત. સરકાર કોઈ વેપારી ઉપર કર નાખે તો સૌપ્રથમ આ વેરો વેપારીએ ભરવાનો થાય છે. જો કે, વેપારી બાદમાં આ વેરાની રકમ ગ્રાહક પાસેથી વસૂલ કરી લે છે. છતાં, સૌપ્રથમ કરબોજ વેપારી પર આવતો હોવાથી તેને કરાઘાત થયો તેમ કહેવાય.

6.6 કરસંપાત (Tax Incidence) :

કરવેરામાં કરસંપાતનો ખ્યાલ અતિ મહત્ત્વનો છે. કરસંપાતનો ખ્યાલ કરનો બોજો એક વ્યક્તિ પરથી બીજા પર ખસેડવાની પ્રક્રિયાનો નિર્દેશ કરે છે. કરસંપાતનો ખ્યાલ સામાન્ય રીતે કર કોણ ભરશે એ સમસ્યાને સમજાવે છે. વધુ સારી રીતે કહેવું હોય તો કરનો પ્રત્યક્ષ નાણાકીય બોજો કોના પર પડશે તેનો નિર્દેશ કરે છે. અહીં જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ તેને Impact, Shifting, effect અને incidence એવા શબ્દપ્રયોગ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરેલ છે.

અહીં Impect માટે 'કરાઘાત' Shifting માટે 'કરવિવર્તન' effect માટે 'કરની અસર' અને incidence માટે 'કરસંપાત' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. કરાઘાત એટલે કરની આકારણીની અસર જે વ્યક્તિ ઉપર પડે છે અને જે કરનાં નાણાં ભરે છે. કરવિવર્તન એટલે જે વ્યક્તિ કરની થોડી કે પૂરી રકમ અન્ય પર ખસેડી શકવા સમર્થ હોય છે તે. ધારો કે કોઈ એક વેપારી જે ચીજવસ્તુ કે સેવાઓનું વેચાણ કરે છે તેના પર સરકાર કર નાંખે છે. વેપારી ચીજવસ્તુઓ કે સેવાઓની કિંમતમાં વધારો કરીને તે ગ્રાહકને વેચે છે અને કરનો બોજો ગ્રાહક પર ખસેડે છે. ગ્રાહક પોતે ખરીદેલી ચીજવસ્તુઓ કે સેવાઓની કિંમત વધઘટ કરી શકવા શક્તિમાન ન હોવાથી

તેની વાસ્તવિક આવકમાં કર ભરવાથી ઘટાડો થાય છે. અહીં વેપારી ઉપર સરકારે કર નાખ્યો હોવાથી સૌપ્રથમ અસર તેને થાય છે, માટે વેપારીએ કરાઘાત સહન કરવો પડે છે, પરંતુ વેપારી વસ્તુની કિંમતમાં વધારો કરીને કરની રકમ અથવા કરનો બોજો ગ્રાહક પર ખસેડી શકે છે. આમ, વેપારી ગ્રાહક પર કરવિવર્તન કરે છે. ગ્રાહક વસ્તુની કિંમતમાં વધારો-ઘટાડો કરી શકતો ન હોવાથી કરનો અંતિમ બોજો સહન કરે છે. માટે કહી શકાય કે, કરસંપાત ગ્રાહકે બનવું પડે છે.

જોકે, પ્રો.સેલિગ્મેન જણાવે છે કે કરાઘાત માત્ર પ્રથમ જે વ્યક્તિ પર કરનો બોજો પડ્યો છે તેને જ સહન કરવો પડે તેવું નથી, પરંતુ કરવિવર્તનની પ્રક્રિયા દ્વારા જેટલા માણસો ઉપર કરબોજ આવે છે તે બધા જ માણસોએ કરાઘાત સહન કરવો પડે છે. જ્યાં સુધી કરબોજ અન્ય પર ખસેડી દેવાંમાં વ્યક્તિ સફળ ન થાય ત્યાં સુધી તે કરાઘાત સહન કરે છે. જ્યારે કોઈ વ્યક્તિ વિવર્તન થયેલ કરબોજ અન્ય પર ખસેડી દેવાંમાં સમર્થ ન હોય ત્યારે તે છેવટનો કરસંપાત બન્યો ગણાય.

કરસંપાતને આપણે પ્રત્યક્ષ નાણાકીય કરબોજ તરીકે ઓળખ્યો. આ પ્રકારના કરને લીધે ઘણા બધા પ્રત્યાઘાતો થતા હોય છે, જેને બે વિભાગમાં વહેંચી શકાય. એક પ્રત્યક્ષ વાસ્તવિક કરબોજ અને બીજો પરોક્ષ વાસ્તવિક કરબોજ. એક ઉદાહરણ દ્વારા તેને સમજીએ. ધારો કે, રૂા.25નો કરબોજ આપવાથી ધનિક વર્ગના કલ્યાણમાં જેટલો ઘટાડો થાય છે તેના કરતાં વધુ ઘટાડો ગરીબના કલ્યાણમાં થાય છે, જે પ્રત્યક્ષ વાસ્તવિક કરબોજ છે. એવી જ રીતે કાપડ, ખાંડ, ચા-કોફી, અનાજ વગેરે જેવી ઘરવપરાશની ચીજવસ્તુઓ પર કર નાંખવાથી તે વસ્તુઓની વપરાશ ઘટે છે, જે પરોક્ષ વાસ્તવિક કરબોજ છે.

આ ઉપરાંત સરકાર જ્યારે વપરાશી વસ્તુનું વેચાણ કરનાર વેપારી ઉપર કર નાખે છે ત્યારે વેપારી કરની રકમ ગ્રાહક પાસેથી વસૂલ કરવાનો પ્રયત્ન કરે છે. જોકે, સરકાર દ્વારા વેપારી ઉપર નાંખવામાં આવેલ કર અને વેપારી દ્વારા ગ્રાહકને વસ્તુ વેચી કરબોજ ખસેડવાની પ્રક્રિયા આ બંને વચ્ચે સમય અંતર હોય છે. એટલે કે વેપારીએ ગ્રાહકને વસ્તુ વેચતા પહેલાં સરકારને કરની રકમ ભરપાઈ કરવાની રહે છે. શક્ય છે કે વેપારી કરની રકમ ઉછીના કે વ્યાજે નાણાં લાવીને ભરપાઈ કરે, અને તેને કરની રકમ સામે વ્યાજની રકમ ગુમાવવી પડે. જો કે વેપારી વસ્તુના વેચાણ વખતે કરની રકમ, વ્યાજ અને નફો ઉમેરીને વસ્તુની કિંમત નક્કી કરે છે. આમ, વસ્તુની કિંમતમાં કરની રકમ કરતાં વધુ વધારો થવાની સંભાવના રહેલી છે. તેમ છતાં, તેને કરસંપાત ન ગણતાં પરોક્ષ નાણાકીય કરબોજ ગણવામાં આવે છે. આમ, કરતા પ્રત્યક્ષ નાણાકીય કરબોજ સિવાયના અન્ય કરબોજને કરની અસરો તરીકે ઓળખવામાં આવે છે.

કરસંપાત અને કરની અસરો વચ્ચેનો ઉપરોક્ત તફાવત દેખાય એટલો સ્પષ્ટ નથી. કારણ કે, કરવેરા નાખવામાં આવ્યા પછી અર્થવ્યવસ્થા પર તેની ઘણી અસરો થાય છે, જે કર-વિવર્તનની પ્રક્રિયાને અસર કરે છે. અર્થવ્યવસ્થા પર થતી આ પ્રકારની અસરોમાંથી અમુક અસરો કરવેરાની અસર અને અમુકને કરસંપાત તરીકે વર્ણવી શકાય નહીં. પ્રો. મસગ્રેવના મત મુજબ અર્થવ્યવસ્થામાં ક્યાં અંતિમ કરસંપાત થાય છે અને ક્યાં કરની અસરો થાય છે તે નક્કી કરવું અતિ મુશ્કેલ છે.

6.6.1 કરસંપાતનુ માપન :

ચીજવસ્તુઓ અને સેવા પર કર નાખવાના કારણે તેની માંગમાં નોંધપાત્ર ઘટાડો થાય તો તે ચીજવસ્તુઓ કે સેવાઓની માંગ મૂલ્યસાપેક્ષ ગણાય છે. પરંતુ જો ચીજવસ્તુઓની કિંમતમાં

વધારો થવા છતાં પણ તેની માંગમાં નજીવો ઘટાડો થાય તો તેની માગ મૂલ્ય અનપેક્ષ ગણાય છે. જો ચીજવસ્તુઓની માગ વધુ મૂલ્યસાપેક્ષ હશે તો ચીજવસ્તુઓ પર નાખેલ કર ગ્રાહક પર ખસેડવામાં આવશે તો ગ્રાહકો ખરીદીમાં વધુ પ્રમાણમાં ઘટાડો કરશે. પરિણામે ઉદ્યોગ કે પેઢીના વેચાણમાં ઘટાડો થતાં તેના નફામાં પણ ઘટાડો થાય છે. માટે ગ્રાહકો પર કર ખસેડવો ઉત્પાદક પેઢી માટે યોગ્ય નથી. આથી કહી શકાય કે કરસંપાત ઉત્પાદકો બને છે.

તેથી ઊલટું જો ચીજવસ્તુઓ કે સેવાઓની માંગ વધુ મૂલ્ય અનપેક્ષ હશે તો ઉત્પાદક પેઢીના લાભમાં વધારો થાય છે. તે સરળતાથી કરની રકમ જેટલો કિંમતમાં વધારો કરીને કરનો બોજો ગ્રાહક પર ખસેડી શકે છે, પરિણામે કરસંપાત ગ્રાહક બને છે.

પ્રો. ડાલ્ટને કરસંપાતની વહેંચણી ગ્રાહક અને વેચનાર વચ્ચે માંગ અને પુરવઠાની મૂલ્યસાપેક્ષતાના પ્રમાણ દ્વારા થાય છે, જેની રજૂઆત નીચેની આકૃતિ દ્વારા સમજાવી છે.



ઉપરોક્ત આકૃતિમાં કરની રકમ ઉત્પાદક અને વેપારી વચ્ચે સરખે ભાગે વહેંચાય છે તે દર્શાવવામાં આવ્યું છે. આકૃતિમાં DD એ માગરેખા છે અને SS એ કર નાખ્યા અગાઉની પુરવઠા રેખા છે. P બિંદુ એ માગ અને પુરવઠો બંને સમતોલ થાય છે ત્યારે વસ્તુની કિંમત PN જેટલી છે. કર નખાયા બાદની પુરવઠા રેખા S_1S_1 છે. કર બાદ કિંમત વધીને QM થાય છે. ગ્રહકો પર કર બાદ QR જેટલો નાણાકીય બોજ આવે છે, જ્યારે RT જેટલો નાણાકીય બોજ ઉત્પાદક પર પડે છે. કુલ કરસંપાત QT જેટલો છે, જે ગ્રાહકો અને ઉત્પાદક વચ્ચે સરખે ભાગે અનુક્રમે QR અને RT વહેંચાયેલો જોવા મળે છે.

ડાલ્ટને કરસંપાતનુ જે વિશ્લેષણ કર્યું તેની એક મર્યાદા એ છે કે જ્યાં કોઈ પ્રકારનો વિનિમય ન થતો હોય ત્યાં કરસંપાત નક્કી કરવો મુશ્કેલ છે. જેમ કે વારસાવેરો. વારસાવેરામાં મૃત્યુ પામનાર વ્યક્તિ પોતાના વારસદારને મિલકત સોંપતો જાય છે, જ્યાં કોઈ પ્રકારની વિનિમયની પ્રક્રિયા થતી નથી.

6.6.2 કરસંપાત અંગે મસગ્રેવનો ખ્યાલ :

જાહેર ખર્ચ અથવા કરવેરાના કારણે આવકની વહેંચણી પર જે અસરો ઊભી થાય છે તેને મસગ્રેવ કરસંપાત તરીકે ઓળખાવે છે. મસગ્રેવે તેના ત્રણ ખ્યાલો રજૂ કર્યા છે. જે નીચે મુજબ છે:

(ક) વિશિષ્ટ કરસંપાત

(ખ) તફાવતી કરસંપાત

(ગ) બજેટ કરસંપાત

6.6.2.1 વિશિષ્ટ કરસંપાત :

જાહેરખર્ચને યથાવત રાખી સરકાર જ્યારે કરવેરામાં વધારો કરે અને તેથી

આવકની વહેંચણીમાં જે ફેરફાર થાય તે વિશિષ્ટ કરસંપાત છે. દા.ત. આવકવેરાના દરમાં વધારો કરવાથી આવકની વહેંચણીમાં ફેરફાર થાય છે. અહીં જાહેરખર્ચ યથાવત રહેતો હોવાથી સરકારની આવકમાં વધારો થાય છે, જે ખાનગી વ્યક્તિઓ પાસેથી સરકાર પાસે સ્થાનાંતર થાય છે. ખર્ચ યથાવત રહેતાં અને આવકમાં વધારો થતાં તે બજેટમાં પુરાંત ઊભી કરે છે. સરકારનો ખર્ચ સ્થિર રહેતો હોવાથી ભાવસપાટીમાં ઘટાડો થાય છે. કારણ કે કરબોજને કારણે વસ્તુઓની વાસ્તવિક આવકમાં ઘટાડો થવાથી તેઓ માગ ઘટાડે છે. ભાવસપાટીમાં ઘટાડો થવાથી સરકાર જાહેરખર્ચને યથાવત રાખવા ફરીથી જાહેરખર્ચમાં ઘટાડો કરે છે અને ફરીથી ચીજવસ્તુઓની માગમાં ઘટાડો થશે. આમ, પુરાંત ન ખર્ચવાથી મંદીપ્રેરક અસર ઉત્પન્ન થાય છે, જે આવકની વહેંચણીને અસર પહોંચાડે છે.

તેનાથી ઊલટું જો સરકાર આવકવેરાના દર ઘટાડે તો બજેટમાં ખાધ રહી જવાથી ફુગાવાપ્રેરક અસર ઉત્પન્ન થાય છે, જે પણ આવકની વહેંચણીને અસર પહોંચાડે છે.

6.6.2.2 તફાવતી કરસંપાત :

ઉપરની મુશ્કેલી દૂર કરવા સરકાર આવક અને ખર્ચને યથાવત રાખી એક કરને સ્થાને એટલી જ આવક આપતા અન્ય કરનો ઉપયોગ કરે ત્યારે આવકની વહેંચણી પર જે અસર થાય તેને તફાવતી કરસંપાત કહે છે. ધારો કે દસ કરોડની આવક આપતાં આવકવેરાને નાબૂદ કરી એટલી જ આવક જેટલી આબકારી જકાત સિગારેટ પર નાખે તો તે તફાવતી કરસંપાત કહેવાય. જો કે અહીં એક મર્યાદા એ છે કે કોઈ એક કરને સ્થાને અન્ય કર નાખતાં આવકની વહેંચણીમાં ફેરફાર થતાં જાહેરખર્ચમાં પણ ફેરફાર થઈ શકે છે. કારણ કે વહેંચણીમાં થયેલ પરિવર્તન જાહેરવસ્તુની માગમાં પરિવર્તન લાવી શકે છે.

6.6.2.3 બજેટ કરસંપાત :

સમતોલ બજેટ વખતે જાહેરખર્ચમાં થતો ફેરફારની દિશામાં તેટલો જ ફેરફાર કરવેરામાં કરવામાં આવે અને આવકની વહેંચણી ઉપર જે અસર થાય તેને બજેટ સંપાત કહેવાય છે.

6.7 કરસંપાતને અસર કરતાં પરિબળો : (Factors of Attecting Tax Incidence)

જ્યારે કરવેરા નાખવામાં આવે છે ત્યારે હંમેશાં કરસંપાત ગ્રાહક જ બનશે એવું જરૂરી નથી. કરસંપાત ગ્રાહક બનશે કે વેપારી તેનો આધાર નીચે આપેલાં પરિબળો ઉપર છે.

6.7.1 માગની મૂલ્યસાપેક્ષતા :

6.7.1.1 સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માગ :



ઉપરોક્ત આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે માગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ હોય ત્યારે કરસંપાત સંપૂર્ણપણે વેચનાર બને છે. આકૃતિમાં $S_1 S_1$ પુરવઠારેખા અને DD માગરેખા P બિંદુએ એકબીજાને છેદે છે, જ્યાં PM કિંમતે OM જથ્થો વેચાય છે. જ્યારે P,R જેટલો એકમદીઠ કર નાખવાથી નવી પુરવઠારેખા S_1 S_1 મૂળ પુરવઠારેખાથી ડાબી બાજુ ખસે છે, જ્યાં સ્થિર કિંમતે વસ્તુનું વેચાણ ઘટીને OM_1 થાય છે. અહીં, વેચનાર કરસંપાતનો ભોગ બનવા છતાં વસ્તુની કિંમત ઊંચી લઈ જઈ શકતો નથી.

6.7.1.2 સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માગ :



જો માગ સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ હોય તો સંપૂર્ણ કરસંપાત ગ્રાહકે બનવું પડે છે. આકૃતિમાં મૂળ કિંમત PM બને છે, જ્યારે એકમ દીઠ કર P_1 P નાખવામાં આવતા નવી પુરવઠારેખા S_1 S_1 ડાબી બાજુ ઉપરની તરફ ખસે છે, અને કિંમતમાં વધારો થવાથી કરની કુલ રકમ P_1 M જેટલી થાય છે. આ કરની સંપૂર્ણ રકમ ગ્રાહકે ચૂકવવી પડે છે. પરંતુ ગ્રાહકની અન્ય વસ્તુ ખરીદવા માટેની આવકમાં ઘટાડો થવાથી કિંમતમાં ઘટાડો થાય. આમ છતાં તમામ કરવેરા ગ્રાહક પર ખસેડી શકાતા નથી.

6.7.1.3 મૂલ્યસાપેક્ષ માગ :



જો માંગ મૂલ્યસાપેક્ષ હોય (મોજ-શોખની વસ્તુઓના સંદર્ભમાં) તો કરસંપાતનો મોટો ભાગ વેચનારે બનવું પડે છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ PM મૂળ કિંમત છે. P_1R

એ એકમ દીઠ કર P_1T નાખ્યાં બાદની કિંમત છે. P_1T એ P_1R ટેક્સનો ગ્રાહકોએ ભરવો પડતો નાનકડો ભાગ છે, જ્યારે TR જેટલો ભાગ વેચનારે સહન કરવો પડે છે.

6.7.1.4 મૂલ્ય અનપેક્ષ માંગ :



જો માંગ મૂલ્ય અનપેક્ષ હોય (જીવનજરૂરિયાતની વસ્તુઓના સંદર્ભમાં) તો કરનો મોટો ભાગ ગ્રાહકો પર ખસેડી શકાય છે. આકૃતિમાં જોઈ શકાય છે કે કરવેરા પહેલાંની કિંમત PM છે. એકમદીઠ કર P_1R છે. કર નાખ્યાં બાદની કિંમત P_1M_1 છે. જે PM કરતાં P_1T જેટલી વધુ છે. માટે અહીં કરનો મોટો ભાગ P_1T ગ્રાહકોએ ભરવો પડે છે અને TR જેટલો હિસ્સો વેચનારે સહન કરવો પડે છે.

આપેલા પુરવઠાએ કરનો બોજો ગ્રાહકો પર કેટલા પ્રમાણાં ખસેડી શકાય તે માગની મૂલ્યસાપેક્ષતા પર આધાર રાખે છે. વધુ મૂલ્યસાપેક્ષ માંગ હોય તો કરનો બોજો નહિવત ખસેડી શકાય છે, અને જો ઓછી મૂલ્ય સાપેક્ષ માંગ હોય તો કરબોજ વધુ પ્રમાણમાં ખસેડી શકાય છે.

6.7.2 પુરવઠાની મૂલ્યસાપેક્ષતા :

6.7.2.1 સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ પુરવઠો :



જો પુરવઠો સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ હોય અથવા તો ટૂંકા ગાળે કે લાંબા ગાળે સ્થિર ખર્ચની સ્થિતિએ ઉત્પાદન થતું હોય તો પુરવઠારેખા X-એક્સને સમાંતર આકૃતિમાં, દર્શાવ્યા મુજબ SS હોય છે. જ્યારે P_1R જેટલો જ એકમદીઠ કર નાખવામાં આવે ત્યારે પુરવઠારેખા $S_1 S_1$ ઉપર તરફ ખસે છે. વધતી કિંમતે કરનો સંપૂર્ણ બોજો ગ્રાહકોએ સહન કરવો પડે છે. અહીં કરને સંપૂર્ણપણે ખસેડી શકાય છે.

6.7.2.2 સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ પુરવઠો :



જો પુરવઠો સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ હોય (નાશવંત વસ્તુઓ) તો પુરવઠારેખા Y અક્ષને સમાંતર હોય છે. આ સંજોગોમાં કરનો સંપૂર્ણ બોજો વેચનારે સહન કરવો પડે છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ મૂળ કિંમત PM છે. જો એકમ દીઠ AA_1 જેટલો કર ઉઘરાવવામાં આવે તો કિંમત વધતાં વસ્તુની માગ ઘટીને ON થઈ જાય છે, અને NM જેટલો જથ્થો વેચાયા વગરનો પડ્યો રહે છે. આમ વેચનાર પોતાની પાસે વસ્તુનો જથ્થો રહેવા દેવાંને બદલે આપેલી કિંમતે (OA) વસ્તુનું વેચાણ કરીને કરનો બોજ સહન કરે છે.

6.7.2.3 મૂલ્યસાપેક્ષ પુરવઠો :



જો લાંબાગાળે પુરવઠો મૂલ્યસાપેક્ષ હોય અને જ્યારે વધતા ખર્ચે ઉત્પાદન થતું હોય ત્યારે પુરવઠારેખા આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ઓછો ઢાળ ધરાવે છે. અહીં કરનો વધુ બોજો ગ્રાહક પર ખસેડી શકાય છે અને ઓછો બોજો વેચનારે સહન કરવો પડે છે. આકૃતિમાં જોઈ શકાય છે. કે, જ્યારે એકમદીઠ કર P_1R નાખવાથી કિંમત PM થી

વધીને P_1M_1 થાય છે, જ્યાં P_1T જેટલો કરનો વધુ બોજો ગ્રાહકોએ સહન કરવો પડે છે. જ્યારે TR જેટલો જ કરબોજ વેચનાર સહન કરે છે.

6.7.2.4 મૂલ્યઅનપેક્ષ પુરવઠો :



જો પુરવઠો ટૂંકાગાળે મૂલ્ય અનપેક્ષ હોય અને વધતા ખર્ચે ઉત્પાદન થતુ હોય ત્યારે પુરવઠારેખાનો ઢાળ વધુ હોય છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ P_1R જેટલો એકમદીઠ કર નાખતાં કિંમત PM થી વધીને P_1M_1 થાય છે અને પુરવઠારેખા અથવા સીમાંતખર્ચ રેખા S_1S_1 ઉપર તરફ ગતિ કરે છે, અહીં કિંમત વધતાં કરનો વધુ બોજો TR વેચનારે સહન કરવો પડે છે અને P_1T જેટલો ભાગ ગ્રાહકોએ સહન કરવો પડે છે.

6.7.3 કરવેરાનુ સ્વરૂપ :

કરવેરા બે રીતે વસૂલ કરી શકાય છે. એક ઉત્પાદનના એકમ દીઠ અને બીજું વેચાણના મૂલ્યદીઠ. જો કરવેરા એકમદીઠ વસૂલ કરવામાં આવે તો ભાવમાં થયેલો વધારો કર જેટલો હશે, અને જો વેચાણના મૂલ્ય પર કર વસૂલવામાં આવે તો ભાવમાં થયેલો વધારો વેપારીના નફા ઉપર આધારિત છે.

6.7.4 કરવેરાનું પ્રમાણ :

કરસંપાત કોના પર પડે છે, તે નક્કી કરનારું પરિબળ કરનું પ્રમાણ છે. જો વસ્તુની કિંમત કરતાં કરની રકમ વધુ હોય તો વેચનાર કરનો બોજો ગ્રાહક પર ખસેડવાનો પ્રયત્ન કરે છે અને જો કરની રકમવસ્તુની કિંમત કરતાં ઓછી હશે તો વેચનાર પોતે કર સહન કરવાની તૈયારી દર્શાવે છે.

6.7.5 ભાવસપાટી :

કેટલીક વસ્તુઓના ભાવ જુદાં જુદાં કારણોસર વારંવાર બદલાતા હોય છે, જ્યારે ઘણી વસ્તુઓના ભાવ સ્થિર હોય છે. જો ભાવમાં વારંવાર પરિવર્તન થતા હોય તો કરસંપાત ગ્રાહકે બનવું પડતું હોય છે. અને જો ભાવ સ્થિર હોય તો કરસંપાત વેચનારે સહન કરવો પડતો હોય છે.

6.7.6 હરીફાઈ :

બજારમાં વિવિધ પ્રકારની હરીફાઈ જોવા મળતી હોય છે. પૂર્ણ હરીફાઈવાળા બજારમાં ઉત્પાદકને સામાન્ય નફો પ્રાપ્ત થતો હોવાથી જો કરની રકમ વેચનાર ચૂકવે તો તેને સામાન્ય નફો પણ મળવાપાત્ર નથી રહેતો. જો ઈજારાવાળું બજાર હોય તો વસ્તુનું વેચાણ કરતી એક માત્ર વ્યક્તિ કે પેઢી કરને સંપૂર્ણપણે ગ્રાહક પર ખસેડીને અસામાન્ય નફો જાળવી રાખે છે.

6.7.7 સમયનુ તત્ત્વ :

વિવિધ સમયગાળામાં વસ્તુની માગની મૂલ્યસાપેક્ષતા અને પુરવઠાની મૂલ્યસાપેક્ષતા જુદી જુદી હોય છે. જો મૂલ્યસાપેક્ષતા ઓછી હોય તો કરસંપાત વેચનારે સહન કરવો પડે છે.

➢ તમારી પ્રગતિ ચકાસો :

(1) વિશિષ્ટ કરસંપાત વિશે 50 શબ્દોમાં નોંધ લખો.

____

____

____

(2) જો પુરવઠો સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ હોય તો કરબોજ કોણે સહન કરવો પડે છે? (50 શબ્દોમાં સમજાવો.)

____

____

____

(૩) કૌસમાં દર્શાવેલ યોગ્ય શબ્દસમૂહ વડે ખાલી જગ્યા પૂરોઃ

(ક) 'Shifting' માટે__________શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. (કરાઘાત, કરવિવર્તન)

(ખ) __________માં વિનિમયની કોઈ પ્રક્રિયા થતી નથી.

(વારસાવેરા, વેચાણવેરા)

(ગ) જો ભાવમાં વારંવાર પરિવર્તન થતા હોય તો કરસંપાત__________બનવું પડતું હોય છે.

(વેચનારે, ગ્રાહકે)

6.8 સારાંશ :

કરવેરાની ઉપરોક્ત ચર્ચાના આધારે રહી શકાય કે વિવિધ કરવેરા નાખવાથી કોને લાભાલાભ થાય છે અને અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રો પર કેવી અને કેટલી અસર સર્જાશે, તેનો આધાર કરવેરાના દર અને પ્રકાર પર રહેલો છે. વળી, સૌથી અગત્યની બાબત એ છે કે કરવેરાનો અમલ કેવી રીતે થાય છે. ભારતનાં સંદર્ભમાં વધુ પડતા કરવેરા ઉત્પાદનમાં અવરોધક સાબિત થાય છે. વળી, કરવેરાનો ઉદ્દેશ્ય આવક પ્રાપ્તિ ઉપરાંત આવક અને મિલકતની અસમાન વહેંચણી દૂર કરવાનો હોવાં છતાં દેશમાં આવકની અસમાન વહેંચણી સતત વધતી રહી છે. વળી કરવેરામાં રહેલી છટકબારીઓ પણ ઘણી વધારે હોવાથી કરચોરીનું પ્રમાણ વધતું ગયું છે.

6.9 ચાવીરૂપ શબ્દો :

કરવિવર્તન :-

કરબોજ ખસેડવાનીક્રિયાને કરવિવર્તન કહેવામાં આવે છે. જો કરબોજ ગ્રાહક પર ખસેડવામાં આવે તો તેને 'આગળ કરવિવર્તન' થયું ગણાય, જો ઉત્પાદનનાં સાધનો પર કર ખસેડવામાં આવે તો 'પાછળ કરવિવર્તન' થયું કહેવાય.

મૂલ્યવર્ધિત કર :-

વેચાણના દરેક તબક્કે વસ્તુના મૂલ્યમાં થતાં વધારા પર લેવાતો કર. જેને VAT (Value Added Tax) પણ કહે છે.

ફ્રિન્ઝ બેનિફિટ ટેક્સ :-

જે નોકરીદાતાઓ તેમના કર્મચારીઓને પગાર ઉપરાંત વધારાના લાભો આપે છે, તેની ઉપર જે કર તેણે ચૂકવવો પડે છે તે.

સમતોલ બજેટ :-

અંદાજપત્રમાં દર્શાવેલી આવકના પ્રમાણમાં ખર્ચ દર્શાવેલો હોય તો તેને સમતોલ બજેટ કહે છે.

પુરાંતવાળું બજેટ :-

અંદાજપત્રમાં ખર્ચના પ્રમાણમાં આવકના અંદાજે વધુ દર્શાવવામાં આવ્યા હોય તેને પુરાંતવાળુ બજેટ કહે છે.

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :

- ડૉ. એમ.એન. રાવલ, 1976, આર્થિક સિદ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય
- ડી.એમ. મિથાની, પી.એસ. ત્રિવેદી, 1978, રાષ્ટ્રીય અર્થવિધાન, ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ
- H.L. Bhatia, 1976, Public Finance, Vikash Publishing house private Ltd. kanpur
- Giancarlo Gandolfo, 2004, Elements of International Economics, Springer - Verlag Berlin Heiddberg

⇨ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ :**

❖ **તમારી પ્રગતિ ચકાસો (ક) :**

(1) (ક) પરોક્ષ (ખ) પ્રગતિશીલ (ગ) એડમ સ્મિથે

(2) પેટા વિભાગ 6.3.2 વાંચો

(3) પેટા વિભાગ 6.4.3.2 વાંચો

(4) (ક) ✓ (ખ) ✗ (ગ) ✓

❖ **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) પેટા વિભાગ 6.6.2.1 વાંચો

(2) પેટા વિભાગ 6.7.2 વાંચો

(3) (ક) કરવિવર્તન

(ખ) વારસાવેરા

(ગ) ગ્રાહકે

*** *** ***

એકમ 7

કરવેરા - II

-: રૂપરેખા :-

7.0 ઉદ્દેશો

7.1 પ્રસ્તાવના

7.2 કરવેરાની અસરો

7.2.1 કરવેરાની ઉત્પાદન પરની અસર

7.2.1.1 કાર્ય, બચત અને મૂડીરોકાણ કરવાની શક્તિ પરની અસર

7.2.1.2 કાર્ય, બચત અને મૂડીરોકાણ કરવાની ઈચ્છા પરની અસર

7.2.2 આવકની વહેંચણી પર અસર

7.2.2.1 કરના દર

7.2.2.2 કરવેરાના પ્રકાર

7.2.3 કરવેરાની અન્ય અસરો

7.2.3.1 ખર્ચ પરની અસર

7.2.3.2 રોજગારી પરની અસર

7.2.3.3 આયોજનના લક્ષ્યાંક પરની અસર

7.3 આદર્શ કરવ્યવસ્થાનાં લક્ષણો

7.4 સરકારના મુખ્ય કરવેરાની આવકનાં વલણો

7.5 સારાંશ

7.6 ચાવીરૂપ શબ્દો

⇨ ઉપયોગી પુસ્તકો ની યાદી

⇨ 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

7.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે કરવેરાની અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રો ઉપર કેવી અસર થાય છે, તે સમજી શકશો. આ ઉપરાંત જાણી શકશો કે...

- રાષ્ટ્ર માટે ઉત્તમ કરવેરાની લાક્ષણિકતા કઈ હોઈ શકે.
- સરકાર દ્વારા નાખવામાં આવતા વિવિધ કરવેરા.
- કરવેરા દ્વારા સરકારને પ્રાપ્ત થતી આવક વગેરેની સ્પષ્ટ સમજૂતી મેળવી શકશો.

7.1 પ્રસ્તાવના :

કરવેરા એ અતિ મહત્ત્વનું અને આર્થિક વિકાસ પર દૂરોગામી અસર કરતું સાધન છે. કરવેરાનો આર્થિક સંદર્ભમાં વિચાર કરતાં આપણી સમક્ષ કરવેરાની ઉત્પાદન પરની અસરો, કરવેરાની રોજગારી પરની અસરો અને કરવેરાની વહેંચણી પરની અસરો નજર સમક્ષ આવે છે, "સારા કર માળખાનું અગત્યનું લક્ષણ એ છે કે આર્થિક અસમાનતા ઘટાડવા માટેનું અગત્યનું સાધન છે. જે વિકસતાં દેશોમાં આંતરાષ્ટ્રીય વિકાસ માટે પણ મહત્ત્વનું બની રહે છે."

7.2 કરવેરાની અસરો :

કરવેરાથી માત્ર રાજ્ય કે રાષ્ટ્રને આવક પ્રાપ્ત થતી નથી, પરંતુ દેશના અર્થતંત્રને અસર કરનારું એ મહત્ત્વનું સાધન છે. ડૉ. ડાલ્ટનના મત પ્રમાણે કરવેરા એવા હોવાં જોઈએ કે જે વધુમાં વધુ લાભદાયી અને ઓછામાં ઓછી ખરાબ અસરો ઉપજાવે. આથી જ, કરવેરાની અસરોની વિચારણા સમગ્ર અર્થતંત્રની દૃષ્ટિએ અગત્યની મનાય છે. કરવેરાની અસરોની ચર્ચા નીચે મુજબના ત્રણ વિભાગોમાં વિભાજિત કરવામાં આવે છે.

કરવેરાની અસરોને નીચે મુજબ ચાર્ટમાં રજૂ કરી શકાય :



7.2.1 કરવેરાની ઉત્પાદન પરની અસર :

➢ કરવેરા ઉત્પાદન પર ત્રણ રીતે અસર કરે છે.

(1) કાર્ય, બચત અને મૂડીરોકાણ કરવાની શક્તિ પરની અસર

(2) કાર્ય, બચત અને મૂડીરોકાણ કરવાની ઇચ્છા પરની અસર

(3) ઉત્પાદનનાં સાધનોની ફાળવણી પરની અસર

7.2.1.1 કાર્ય, બચત અને મૂડીરોકાણ કરવાની શક્તિ પરની અસર :

કરવેરા વ્યક્તિની આવકને અસર કરે છે. પ્રત્યક્ષ કરવેરા વ્યક્તિની આવકમાંથી થોડા ભાગ પડાવી લે છે, જ્યારે પરોક્ષ વેરા ચીજવસ્તુઓને મોંઘી બનાવે છે. આમ સરકાર પ્રત્યક્ષ કરવેરા દ્વારા વ્યક્તિની આવકમાં કાપ મૂકે છે અને પરોક્ષ વેરા દ્વારા ચીજવસ્તુઓ અને સેવાઓની વપરાશમાં ઘટાડો કરે છે. ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની આવકમાં કાપ મૂકતા અને વપરાશમાં ઘટાડો થતાં તેઓ પોતાની પ્રાથમિક જરૂરિયાતો વિપરીત અસર થવાથી કાર્ય કરવાની શક્તિ ઘટે છે.

નીચી આવક ધરાવતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ પણ પૂરતા પ્રમાણમાં ખરીદી શકતા નથી. આવા સમયે સરકાર પ્રત્યક્ષ અથવા પરોક્ષ કરવેરા નાખે તો પ્રજાની બચત કરવાની શક્તિ ઘટે છે. કરના લીધે માત્ર ગરીબ જ નહિ પરંતુ શ્રીમંત લોકોની પણ બચતમાં ઘટાડો થાય છે. આમ, બચતો ઘટવાથી મૂડીરોકાણ પણ ઘટવા પામે છે.

7.2.1.2 કાર્ય, બચત અને મૂડીરોકાણ કરવાની ઈચ્છા પરની અસર :

વ્યક્તિની કાર્ય, બચત અને મૂડીરોકાણ કરવાની ઈચ્છા પરની અસરોનો આધાર નીચેની બે બાબતો પર રહેલો છેઃ

(1) કરવેરાનું સ્વરૂપ

(2) કરદાતાઓની કર ભરવાની પ્રતિક્રિયા

(1) કરવેરાનું સ્વરૂપ :

એક દલીલ એવી છે કે કરવેરા નાખવાથી વ્યક્તિને વધુ કામ અને વધુ બચત કરવાનું પ્રોત્સાહન મળે છે. છતાં, જુદા જુદા કરવેરા જુદી જુદી અસરો ઊભી કરે છે. ઘણા કરવેરા વ્યક્તિની કામ કરવાની અને બચત કરવાની શક્તિ પર વિરોધી અસર કરતા નથી. જેવી રીતે ઈજારદાર વસ્તુનું ઉત્પાદન કરવામાં સ્વતંત્ર છે, તેના પર કરવેરા નાખવામાં આવે તો તેની કાર્યશક્તિ અને બચત પર કોઈ આડ અસર થતી નથી. એ જ રીતે ઉત્પાદકોને ઊંચી આયાત-જકાત દ્વારા વિદેશી હરિફાઈથી સુરક્ષિત રાખવામાં આવે તો તેની કાર્ય, બચત અને મૂડીરોકાણ કરવાની ઈચ્છામાં વધારો થાય છે અને નીચી આયાત જકાતથી તેને ઉત્પાદન કરવાનું પ્રોત્સાહન ઘટી જાય છે.

આવકવેરાનો ઊંચો સ્લેબ વ્યક્તિની કામ, બચત અને મૂડીરોકાણ કરવાની ઈચ્છામાં ઘટાડો કરે છે. સરકાર કરવેરા દ્વારા વધુ આવક મેળવવાનું પ્રોત્સાહન છીનવી લે છે.

(2) કરદાતાઓની કર ભરવાની પ્રતિક્રિયા :

વ્યક્તિએ વ્યક્તિએ આવક અલગ હોવાથી તેઓની પ્રતિક્રિયા અલગ-અલગ હોય છે. જો વ્યક્તિની આવક સતત વધતી જતી હોય તો વ્યક્તિ વધુ કામ કરવાને બદલે આરામને વધુ પસંદ કરે છે અને ઓછો કર ભરે છે. પરંતુ જો વધતી આવક સામે કર ઓછો ભરવાનો થાય તો ઉત્પાદક વધુ આવક મેળવવાની અપેક્ષાએ વધુ કામ કરે છે. આમ, આવકમાં વધારો થવાથી બચત અને મૂડીરોકાણમાં વધારો શક્ય બને છે.

7.2.1.3 ઉત્પાદનનાં સાધનોની ફાળવણી પરની અસર :

ઉત્પાદનનો આધાર ઉત્પાદનનાં ક્યાં સાધનોની, ક્યા ક્ષેત્રમાં, કેટલા પ્રમાણમાં,

કેવી રીતે ફાળવણી થાય છે તેના પર છે. એટલે કે જો કરવેરા દ્વારા સાધનોની ફાળવણી પર અસર થતી હોય તો ઉત્પાદન પર અસર થવી, સ્વાભાવિક છે. આ પ્રકારની અસરોને નીચે પ્રમાણે સમજાવી શકાયઃ

(ક) કરવેરાની ક્ષેત્રીય અસરો :

જે વિસ્તારમાં અથવા ક્ષેત્રમાં કરવેરા નાખવામાં આવ્યા હોય એ ક્ષેત્રનાં ઉત્પાદનનાં સાધનો જ્યાં કરવેરા નાખવામાં નથી આવ્યા એ ક્ષેત્ર કે વિસ્તાર તરફ ગતિ કરે છે. વર્તમાનમાં નાના પાયાના ઉદ્યોગો અને ગૃહઉદ્યોગ પર કરમુક્તિ આપવામાં આવતી હોવાથી ઉત્પાદનનાં સાધનો ત્યાં ગતિ કરે છે.

(ખ) ભવિષ્ય તરફ ગતિ :

ઉત્પાદનનાં સાધનો કરવેરાના કારણે વર્તમાન વપરાશ તરફથી ભવિષ્યની વપરાશ તરફ ગતિ કરશે. દા.ત. જો સરકાર વસ્તુ ઉપર ખૂબ ઊંચા દરે વેરો વસૂલ કરે તો ભાવમાં વધારો થવાથી ઉત્પાદન ઘટે છે. પરિણામે વર્તમાનમાં ફાજલ સાધનો ભવિષ્યની વપરાશ તરફ ગતિ કરે છે.

7.2.2 આવકની વહેંચણી પર અસર :

કરવેરા એ આવક અને સંપત્તિની સમાન ફાળવણી કરવામાં ઉપયોગી પરિબળ છે. સરકાર માટે એ અગત્યનું છે કે આધુનિક સમયમાં આવક અને સંપત્તિની અસમાનતા દૂર કરી આર્થિક કલ્યાણમાં વધારો કરવો. આ માટે સરકારે ધનિક વર્ગ પર વધુ કરવેરા નાખી તેમની આવક ગરીબ સુધી પહોંચતી કરવી જરૂરી છે.

- કરવેરા દ્વારા આવકની વહેંચણી પરની અસરોનો આધાર બે પરિબળો પર છેઃ

કરના દર :

કરના દરના આધારે કરવેરાને ત્રણ ભાગમાં વિભાજિત કરી શકાય. (ક) પ્રગતિશીલ (ખ) પ્રમાણસર (ગ) પ્રતિગામી, પ્રતિગામી કરવેરા આવક અને સંપત્તિની અસમાનતા વધારે છે, કારણ કે કરનો બોજો ધનિકો કરતાં ગરીબોએ વધુ સહન કરવો પડે છે. પ્રમાણસર કરવેરામાં આવકની અસમાનતા પહેલાં જેટલી જ સ્થિર રહે છે. પરંતુ પ્રગતિશીલ કરદર આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો કરે છે. કારણ કે ઊંચી આવક અને સંપત્તિ ધરાવનારને નીચી આવક ધરાવનારની સરખામણીમાં વધુ કર ભરવો પડે છે.

આવક અને સંપતિની અસમાન વહેંચણીને ઘટાડવા અંગેનો નિર્ણય સમાજની સર્વસંમતિ દ્વારા લેવાયેલો હોવો જોઈએ. ઊંચી અને નીચી આવક વચ્ચે કેટલો તફાવત હોવો જોઈએ, એ સમાજે નક્કી કરવું પડે છે. એક બાબત નક્કી છે કે પ્રગતિશીલ કરવેરા દ્વારા ધનિક વ્યક્તિ પાસેથી એકત્ર કરેલ અધિશેષ આવકને સરકાર દ્વારા ઓછી આવક ધરાવનાર સુધી રોકડ કે અન્ય સ્વરૂપમાં પહોંચાડવી જોઈએ. નીચી આવક ધરાવનારને કરમાંથી મુક્તિ આપવી જોઈએ. ટૂંકમાં, કર ભરવાની શક્તિના આધારે તેની પાસેથી કર વસૂલ કરવો જોઈએ.

કરવેરાના પ્રકાર :

કરવેરાના બે પ્રકાર છે, એક પ્રત્યક્ષ કરવેરા અને બીજો પરોક્ષ કરવેરા. આયાત

જકાત અને વેચાણ-વેરો એ પરોક્ષ કરવેરા છે. ધનિક અને ગરીબ જે વસ્તુઓની વપરાશ કરે છે, કરવેરાના કારણે તેઓએ પોતાની આવકનો વધુ ભાગ ખરીદી પાછળ ખર્ચી નાખવો પડે છે. આમ છતાં, પરોક્ષ કરવેરા પ્રગતિશીલ હોવા જોઈએ. એટલે કે ગરીબ વર્ગ માટેની પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓને કર મુક્તિ અને ધનિક વર્ગ માટેની મોજશોખની વસ્તુઓ પર ઊંચા દરેક કર વસૂલ કરવો જોઈએ.

આયાત જકાતનો ઉદ્દેશ ઘરેલું ઉદ્યોગોને રક્ષણ આપવાનો છે. આ ઉદ્યોગો ઊંચા વેતનદર ચૂકવે છે, સામાન્ય રીતે કામદારો ઊંચા વેતનદર પ્રાપ્ત થાય તે તરફ વળવાનું વલણ ધરાવે છે. બીજી તરફ ધનિક વર્ગ માટેની મોજશોખની વસ્તુઓ પર ઊંચા દરે જકાત નાખવામાં આવે તો કરનો બોજો તેમના પર પડે છે. આમ, ધનિકો પાસેથી પ્રાપ્ત આવક અધિશેષને ગરીબ સુધી પહોંચાડીને આવકની અસમાન તા દૂર કરી શકાય છે.

7.2.3 કરવેરાની અન્ય અસરો :

ઉત્પાદન અને આવકની વહેંચણી પરની અસરો સિવાય કરવેરાથી અર્થતંત્ર પર અન્ય કેટલીક અસરો પણ ઉત્પન્ન થાય છે, જે નીચે મુજબ છે:

7.2.3.1 ખર્ચ પરની અસર :

સરકારને કરવેરા ઉઘરાવવા જે ખર્ચ કરવો પડે છે તેનો સમાવેશ અહીં થાય છે. કર ઉઘરાવવાથી સરકારને વધુ પડવો બિનજરૂરી ખર્ચ થાય તો તેનાથી ઉત્પાદનના સાધનોનો બગાડ થાય છે, જે ઉત્પાદનમાં ઘટાડો કરી શકે છે. આ ઉપરાંત કર ભરનાર વ્યક્તિએ પણ હિસાબ-કિતાબ માટે જરૂરી ખર્ચ કરવો પડે છે. તેથી પણ સાધનો વેડફાય છે. માટે જ કર ઉઘરાવવાનો ખર્ચ ઓછામાં ઓછો હોય તેવી કર પદ્ધતિ આદર્શ ગણાય છે.

7.2.3.2 રોજગારી પરની અસર :

કરવેરાની રોજગારી પરની અસરોને બે દૃષ્ટિકોણથી વિચારી શકાય. એક તરફેણની દલીલ અને બીજી વિરુધ્ધની દલિલ.

તરફેણની દલીલ કરનાર વિચારકો માને છે કે કરવેરા દ્વારા ઉઘરાવેલી રકમનો ઉપયોગ સરકાર જાહેરખર્ચ રૂપે કરે છે. જો આમ થાય તો અર્થતંત્રમાં મૂડીરોકાણ વધે છે પરિણામે રોજગારીનું પ્રમાણ પણ વધે છે. વળી, ગરીબ લોકોને રોજગારી દ્વારા જે આવક પ્રાપ્ત થાય છે તુરંત જ તેને ખર્ચ કરશે. જે વપરાશી વસ્તુઓની માંગ વધારે છે ઉત્પાદકો વપરાશી વસ્તુના ઉત્પાદન પાછળ મૂડીરોકાણ કરશે જે પુનઃ રોજગારીના પ્રમાણામાં વધારો કરશે. આમ, કરવેરા લાંબાગાળે ઉત્પાદન અને રોજગારી બંનેમાં વધારો કરે છે.

વિરુદ્ધની દલીલ કરનારના મતે શ્રીમંતો પર નાખવામાં આવતા ઊંચા કરવેરાના કારણે ઉત્પાદન અને મૂડીરોકાણ પર વિપરીત અસર થશે. શ્રીમંતો મૂડીરોકાણ ઘટાડશે પરિણામે શ્રમિકો ફાજલ થવાથી બેરોજગારી સર્જાશે.

7.2.3.3 આયોજનના લક્ષ્યાંક પરની અસર :

સરકાર કરવેરા દ્વારા આયોજનના નિશ્ચિત લક્ષ્યાંક સિદ્ધ કરી શકે છે. સરકાર અગત્યનાં ક્ષેત્રોનો વિકાસ કરવા કે અગત્યનાં ક્ષેત્રો તરફ ઉત્પાદનનાં સાધનોને વાળવા માટે વિવિધ સ્વરૂપની કર રાહતો આપે છે. એથી ઊલટું કોઈ ચોક્કસ ક્ષેત્રમાં મૂડીરોકાણ ઘટાડવા માટે એવાં ક્ષેત્રો પર વધુ પડતા ઊંચા કરવેરા નાખે છે. આમ, સરકાર કરવેરા

દ્વારા આર્થિક વિકાસના ધ્યેયને હાંસલ કરવા પ્રયત્ન કરે છે.

ઉપરોક્ત ચર્ચાને આધારે કહી શકાય કે, કરવેરાની ઉત્પાદન, વહેંચણી, રોજગારી અને અન્ય બાબતો પર કેવી અને કેટલી અસર સર્જાશે તેનો આધાર કરવેરાના દર અને પ્રકાર પર રહેલો છે. સૌથી અગત્યની બાબત એ છે કે કરવેરાનો અમલ કેવી રીતે થાય છે ? ભારતના સંદર્ભમાં વધુ પડતાં કરવેરા ઉત્પાદનમાં અવરોધક સાબિત થાય છે. વળી, કરવેરાનો ઉદ્દેશ આવક પ્રાપ્તિ ઉપરાંત આવક અને મિલકતની અસમાન વહેંચણી દૂર કરવાનો હોવાં છતાં દેશમાં આવકની અસમાન વહેંચણી સતત વધતી રહી છે. વળી, કરવેરામાં રહેલી છટકબારીઓ પણ વધારે હોવાથી કરચોરીનું પ્રમાણ વધતું ગયું છે.

➢ તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) યોગ્ય શબ્દસમૂહ વડે નીચે આપેલી ખાલી જગ્યા પૂરોઃ

(ક)__________ના મતે કરવેરા એવા હોવા જોઈએ કે જે વધુમાં વધુ લાભદાયી અને ઓછામાં ઓછી ખરાબ અસરો ઉપજાવે. (ડૉ. ડાલ્ટન, કેઈન્સ)

(ખ)__________કર આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો કરે છે. (પ્રતિગામી, પ્રગતિશીલ)

(2) કરવેરાની રોજગારી પરની અસરો હકારાત્મક હોય છે. 30 શબ્દોમાં સમજાવો.

____

____

____

(3) કરવેરા એ કાર્ય, બચત અને મૂડીરોકાણ કરવાની શક્તિ પર વિપરીત અસર કરે છે, સમજાવો.

____

____

____

7.3 આદર્શ કરવ્યવસ્થાનાં લક્ષણો :

કોઈ પણ રાષ્ટ્રની કર પદ્ધતિ કેવી હોવી જોઈએ તથા ક્યા અને કેટલા કરવેરા નાખવા જોઈએ, તે નીચે દર્શાવ્યા મુજબના આદર્શ કરવ્યવસ્થાનાં લક્ષણો દ્વારા જાણી શકાય છે. એડમ સ્મિથે તેમના પુસ્તક 'Wealth of Nations' માં સમગ્ર કરવ્યવસ્થાની દૃષ્ટિએ તેની યોગ્યતાના કેટલાક માપદંડો રજૂ કર્યા છેઃ

7.3.1 સમાનતા :

સમાનતા શબ્દ ત્યાગની સમાનતાને દર્શાવે છે. રાજ્યે જુદા જુદા વર્ગની વ્યક્તિ પાસેથી સમાનતાના ધોરણે કર વસૂલ કરવો જોઈએ. એટલે કે કર ભરનાર દરેક વ્યક્તિને સરખો ત્યાગ થવો જોઈએ. એડમ સ્મિથના મતે દરેક પ્રજાજને રાજ્ય કે રાષ્ટ્રને મદદ કરવા પોતાની યોગ્યતા પ્રમાણે કર આપવો જોઈએ. અથવા તો તેઓનો ત્યાગ સરખો થાય એ માટે સરકાર દ્વારા જે રક્ષણ મળે છે તેના પ્રમાણમાં કર ચૂકવવો જોઈએ.

જોકે સ્વેચ્છાએ બધાં વ્યક્તિઓ કર ચૂકવવા તૈયાર થશે નહીં, માટે સરકારે વધુ આવક ધરાવનાર ધનિક પાસેથી ઊંચા દરે અને ઓછી આવક ધરાવનાર ગરીબ પાસેથી નીચા દરે કર લેવો જોઈએ.

7.3.2 સગવડનો સિદ્ધાંત :

આ સિદ્ધાંત મુજબ સરકાર દ્વારા કર નાખતી વખતે કરદાતાઓની સગવડનું ધ્યાન રાખવું જોઈએ. કર એવા સમયે એકત્રિત કરવો જોઈએ કે કરદાતાઓ પાસે કરની ચૂકવણી માટે નાણું હોય. વળી કર ભરવાનો સમય અને કર ભરવાની પદ્ધતિ લોકો જાણતા હોવા જોઈએ જેથી સહેલાઈથી કર ભરી શકે. જેમ કે, નોકરિયાત વ્યક્તિ પાસેથી કરની વસૂલાત તેમના પગારમાંથી કરવી જોઈએ. આ જ રીતે, જમીન-મહેસૂલ ત્યારે જ વસૂલ કરવી જોઈએ કે જ્યારે પાક તૈયાર થઈને બજારમાં વેચાવા આવે. ટૂંકમાં કર એવી રીતે એકત્ર કરવો જોઈએ કે જેથી કરદાતાને કરની રકમ ચૂકવવામાં સરળતા રહે.

7.3.3 નિશ્ચિતતાનો સિદ્ધાંત :

આ સિદ્ધાંત મુજબ કરદાતાએ જે રકમ ચૂકવવાની છે તે અગાઉથી નિશ્ચિત હોવી જોઈએ. મનફાવે તેમ કરની વસૂલાત કરવી જોઈએ નહીં. વળી કરની રકમ, કર ભરવાનો સમય, કર ભરવાની રીત વગેરેની માહિતી કરદાતાઓને અગાઉથી આપવી જોઈએ, જેથી કરીને તે પોતાના ખર્ચની ગોઠવણી કરી શકે. આ પ્રકારની વ્યવસ્થા ગોઠવવાથી કર ભરનાર વ્યક્તિ કેટલો કર ભરવો પડશે તેના વિશે નિશ્ચિત થઈ જાય છે અને કર ભરવા ટેવાઈ જાય છે.

7.3.4 કરકસરનો સિદ્ધાંત :

આ સિદ્ધાંત જણાવે છે કે રાજ્યે કર ઉઘરાવતી વખતે ઓછામાં ઓછું ખર્ચ કરવો જોઈએ. એટલે કે કર દ્વારા ઉઘરાવેલ રકમ કરતાં કર વસૂલ કરવાનો ખર્ચ વધવો ન જોઈએ. જો કરવેરા એકત્ર કરવાનો ખર્ચ વધી જશે તો કરવેરા ઉઘરાવવાનો ઉદ્દેશ નિષ્ફળ જશે, વહીવટી ખર્ચ વધી જવાથી મૂડીરોકાણ પર તેની પ્રતિકૂળ અસર પડશે. આથી જ કરવેરા માટે સાધનોનો દુર્વ્યય ન થાય તેવી કરવ્યવસ્થા હોવી જોઈએ.

આધુનિક અર્થશાસ્ત્રીઓએ એડમ સ્મિથના સાચી કરવ્યવસ્થાના સિદ્ધાંત ઉપરાંત અન્ય પૂરક સિદ્ધાંતો આપ્યા છે, જે નીચે મુજબ છેઃ

7.3.5 ઉત્પાદકતાનો સિદ્ધાંત :

આ સિદ્ધાંત મુજબ કરવેરા એવા હોવા જોઈએ કે જે સરકારને જરૂરી આવક મેળવી આપતા હોય. નોંધપાત્ર આવક ન કમાઈ આપતા કરવેરા અર્થહીન છે. વળી કરવેરા દ્વારા ઉત્પાદન પર કોઈ માઠી અસર પડવી ન જોઈએ. જો ઉત્પાદક પ્રવૃત્તિ નિરુત્સાહી થશે તો લાંબેગાળે કરમાંથી પ્રાપ્ત થતી આવકમાં ઘટાડો થશે. દા.ત. નિકાસને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા ઉદ્યોગોને કરમુક્તિ કે કરમાં છૂટછાટ આપવામાં આવે છે.

7.3.6 વિવિધતાનો સિદ્ધાંત :

આ સિદ્ધાંત મુજબ કરમાળખું વૈવિધ્ય ધરાવતું હોવું જોઈએ. વર્તમાન સરકાર એકાદ કરને બદલે વિવિધ પ્રકારના પ્રત્યક્ષ અને પરોક્ષ કરનો ઉપયોગ કરીને જુદા જુદા લોકો પાસેથી આવક પ્રાપ્ત કરે છે. આ પ્રકારની કર વ્યવસ્થાથી કરબોજ કોઈ એક વ્યક્તિ પર ન પડતાં સમગ્ર સમાજ વચ્ચે વહેંચાઈ જાય છે, જેથી લોકોને કર ભરવામાં સરળતા રહે છે. જો કોઈ વ્યક્તિ એક કરમાંથી છટકવાનો પ્રયત્ન કરે તો બીજા કરમાં છટકી શકતી નથી.

7.3.7 પરિવર્તનશીલતાનો સિદ્ધાંત :

આ સિદ્ધાંત સૂચવે છે કે કરપદ્ધતિ પરિવર્તનશીલ હોવી જોઈએ. અર્થતંત્રની જરૂરિયાત પ્રમાણે સરકાર ફેરફાર કરી શકે તેવી કરપદ્ધતિ ઉત્તમ ગણાય છે. સરકારને જરૂર જણાય તો જૂના કરને કાઢી તેના સ્થાને નવા કર દાખલ કરી શકાતી હોવી જોઈએ. આધુનિક વિદ્વાનો આ સિદ્ધાંતને રાજયની સ્થિરતા અને કાર્યક્ષમતાનો સૂચક ગણાવે છે.

7.3.8 સ્થિતિસ્થાપકતાનો સિદ્ધાંત :

આ સિદ્ધાંત મુજબ કર પદ્ધતિ રાજયને જરૂર પડ્યે આવકમાં વધારો કરી આપે તેવી હોવી જોઈએ. રાષ્ટ્રીય આવકમાં થતાં વધારા-ઘટાડા મુજબ કરની આવકમાં પણ વિસ્તરણ-સંકોચન થવું જોઈએ. યુદ્ધ, કટોકટી, કુદરતી આફતો વગેરેને પહોંચી વળવા રાજય કે રાષ્ટ્ર આવી સ્થિતિસ્થાપક કરપદ્ધતિ અપનાવે છે.

એડમ સ્મિથે આદર્શ કર વ્યવસ્થા માટે આપેલ ઉપરોક્ત સિદ્ધાંત ઉપરથી પણ ઉત્તમ કરવ્યવસ્થા માટે કેટલાંક બીજાં લક્ષણો પર તારવી શકાય. કારણ કે, કરપ્રથાના ગુણને જાણવો હોય તો તેને બધા જ દૃષ્ટિકોણથી જોવો જરૂરી છે. જાણીતા તત્ત્વચિંતક એડમંડ બર્કના મતે "કરવેરા નાખવા અને પ્રજાને ખુશ કરવી એ એટલું મુશ્કેલ કાર્ય છે કે જેમ બુદ્ધિશાળી રહીને પ્રેમ કરવો ! આથી જ, વિવિધ કરવેરામાંથી માત્ર સારા જ કરવેરા નાખવા, કે જેથી કરદાતાઓને નુકસાન ન થાય, પ્રજાને ઓછામાં ઓછો સામૂહિક ત્યાગ કરવો પડે અને ઉત્પાદનને પ્રોત્સાહન મળી રહે."

ઉત્તમ કરવ્યવસ્થામાં નીચે મુજબની મહત્ત્વની લાક્ષણિકતાઓ હોવી જોઈએઃ

7.3.9 ન્યૂનતમ સામૂહિક ત્યાગ :

જો ધનિકો ઉપર વધુ ઊંચા દરે અને ગરીબ પર નીચા દરે કરવેરા નાખવામાં આવે તો સામૂહિક ત્યાગ ન્યૂનતમ બની શકે છે. વળી, પ્રગતિશીલ કરવેરા નાખવાથી આવક અને સંપત્તિની અસમાનતા ઘટશે અને ન્યાયી વહેંચણી થશે.

7.3.10 મહત્તમ સામાજિક લાભ :

સરકાર દ્વારા પ્રજા પાસેથી એકત્ર કરેલી કર આવકને જાહેર ખર્ચ દ્વારા પ્રજા સુધી પહોંચાડવામાં આવે તો મહત્તમ સામાજિક લાભ શક્ય બને છે.

7.3.11 આર્થિક વિકાસ :

ઉત્તમ કરવ્યવસ્થા વેપાર-વાણિજયને પ્રોત્સાહન આપતી હોવી જોઈએ. ઉત્પાદનનાં સાધનોને પ્રોત્સાહન પૂરું પાડીને દેશના આર્થિક વિકાસને ઉત્તેજન આપી શકાય તેવી કર વ્યવસ્થા ઉત્તમ ગણાય છે.

7.3.12 સંકલિત કરવ્યવસ્થા :

કોઈ એક જ સ્વરૂપના કરના બદલે બધા જ પ્રકારના કરનું યોગ્ય સંકલન કરવું જોઈએ. જેમકે પ્રમાણસર, પ્રગતિશીલ કે પ્રતિગામી કરવેરા જ નહિ પણ બધાનું યોગ્ય સંકલન થયું હોવું જોઈએ. સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ વેરાનું પણ સંકલન કરવું જોઈએ.

7.4 સરકારના મુખ્ય કરવેરાની આવકનાં વલણો :

સમગ્ર આયોજનકાળ દરમિયાન ભારતમાં કરવેરાનું માળખું ઊંડું અને વ્યાપક બન્યું છે. કેન્દ્ર સરકારની કુલ આવક કરના દરમાં વધારો થવાથી અને કંઈક અંશે ફુગાવાથી વધવા પામી

છે. આઝાદી સમયથી આજદિન સુધી પ્રત્યક્ષ અને પરોક્ષ બંને પ્રકારના કરમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. એમાં પણ, પ્રત્યક્ષ કરવેરાની તુલનામાં પરોક્ષ કરવેરાની આવક વધી રહી છે. જે દર્શાવે છે કે ભારતમાં વસ્તુઓ અને સેવાઓ પરના કર સતત વધ્યા છે. કરવેરાનો આ બોજો ખાસ કરીને મધ્યમ વર્ગ અને નીચી આવકવાળા લોકો જ ભોગવે છે. આ પાછળનું મુખ્ય કારણ એ છે કે ભારતમાં પ્રત્યક્ષ કરવેરાની મોટા પ્રમાણમાં ચોરી થાય છે અથવા લોકો તેમાંથી છટકવાનો પ્રયત્ન કરે છે, જ્યારે, પરોક્ષ કરવેરામાંથી લોકો છટકી શકતા નથી. માત્ર વપરાશમાં ઘટાડો કરી શકે છે. જો આમ થાય તો ઉત્પાદન, માંગ અને રોજગારી પર વિપરીત અસર થઈ શકે છે.

ભારત લોકશાહીને વરેલો દેશ છે, માટે જ બંધારણની સાતમી અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ કરવેરા ઉઘરાવવાની સત્તા કેન્દ્ર અને રાજ્ય વચ્ચે વહેંચાયેલી છે. આવકવેરો, આબકારી જકાત, સીમા શુલ્ક અને સેવા કર કેન્દ્ર દ્વારા ઉઘરાવવામાં આવે છે, જ્યારે જમીન મહેસૂલ, વસ્તુવેરો, રોડ-વાહનવ્યવહાર અને દારૂ વગેરે પરના કરવેરા રાજ્ય સરકાર દ્વારા વસૂલ કરવામાં આવે છે. આમ, કરવેરાને કેવી રીતે ઉઘરાવવામાં આવે છે તેના આધારે તેને પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે ભાગમાં વિભાજિત કરી શકાય છે. હવે આપણે કેન્દ્ર અને રાજ્ય દ્વારા વસૂલવામાં આવતા પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરાની આવકનાં વલણો તપાસીશું અને કેન્દ્રની કુલ આવકમાંથી તેનો હિસ્સો કેટલો છે, તેનો અભ્યાસ કરીશું.

7.4.1 ટેબલ-1 : પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરાની આવક

1	2	3	4	5	6
નાણાકિય વર્ષ	પ્રત્યક્ષ કર આવક (કરોડ ₹)	પરોક્ષ કર આવક (કરોડ ₹)	કુલ કર આવક (કરોડ ₹)	કુલ કર આવકમાં પ્રત્યક્ષ કરતો હિસ્સો %	કુલ કર આવકમાં પરોક્ષ કરનો હિસ્સો %
1980-81	2817	9909	12726	22.17	77.83
1990-91	10606	45158	55764	19.02	80.98
2000-01	68305	119814	188119	36.31	63.69
2012-13	558658	474482	1033140	54.07	45.93
2016-17	849818	861515	1711333	49.66	50.34
2018-19	1137685	939018	2076703	54.78	45.22

સ્ત્રોત : Director Budget (CBDT)

ટેબલ નં.1 જોતાં જણાય છે કે સરકારની પ્રત્યક્ષ અને પરોક્ષ કર આવકમાં 1980-81થી 2016-17 દરમિયાન સતત વધારો થયો છે. પ્રત્યક્ષ કર આવકની તુલનામાં પરોક્ષ કર આવક વધુ છે છતાં બંને વચ્ચેનો તફાવત નજીવો છે. 1980-81 અને 1990-91માં પરોક્ષ કર આવકની તુલનામાં પ્રત્યક્ષ કર આવક ખૂબ જ ઓછી હતી. 2004-05 સુધી આ તફાવત ક્રમશઃ ઘટતો ગયો, પરંતુ 2008-09થી 2014-15માં પ્રત્યક્ષ કર આવક પરોક્ષ કર આવકની તુલનામાં વધવા પામી છે. પ્રત્યક્ષ કર આવકમાં 1990-91 બાદ લગભગ બમણો વધારો થતો જણાય છે. જે 2012-13 સુધી આવક બમણી વધી. પરિણામ સ્વરૂપ કુલ કર આવકમાં પ્રત્યક્ષ કરનો હિસ્સો સતત વધવા પામ્યો છે. જે 1980-81માં 20.17 % હતો તે વધી ને 2014-15 માં 56.03 %

થવા પામ્યો છે. બીજી તરફ પરોક્ષ કરની તુલનામાં પ્રત્યક્ષ કરની આવક ઝડપથી વધી હોવાથી કુલ કર આવકમાં પરોક્ષ કરનો હિસ્સો સતત ઘટવા પામ્યો છે. 1980-81માં 77.83 % હતો, જે ઘટીને 2014-15 માં 43.97 % થવા પામ્યો છે.

7.4.2 ટેબલ-2 : ભારતમાં પ્રત્યક્ષ કરવેરાની આવક

કોર્પોરેટ કર, વ્યક્તિગત આવકવેરો અને અન્ય પ્રત્યક્ષ કર

1	2	3	4	5
નાણાકીય વર્ષ	કોર્પોરેટ આવક વેરો (કરોડમાં ₹)	વ્યક્તિગત આવક વેરો (કરોડમાં ₹)	અન્ય પ્રત્યક્ષ કર (કરોડમાં ₹)	કુલ પ્રત્યક્ષ કર આવક (કરોડમાં ₹)
1980-81	1377	1440	-	2817
1990-91	5335	5371	-	10606
2000-01	35696	31764	845	68305
2010-11	298688	147560	687	446935
2016-17	484924	349270	15624	849818
2018-19	663571	473121	993	1137685

સ્ત્રોત : CBDT, Statistics, 2019

ટેબલ નં.2 તપાસતાં જણાય છે કે, ભારતમાં પ્રત્યક્ષ કરવેરાની આવકમાં 1980-81થી 2016-17 સુધી ઉત્તરોત્તર વધારો થયો છે. જોકે, આવકવેરામાં થયેલ વૃદ્ધિ અસમાન છે. છતાં, કહી શકાય કે સરકાર દ્વારા કરદરમાં કરાયેલ પરિવર્તન થકી કુલ પ્રત્યક્ષ કર આવક વધવા પામી છે. 80થી 90ના સમયગાળા દરમિયાન કર આવક ખૂબ જ મર્યાદિત હતી, પરંતુ 96-97થી 2000-01 દરમિયાન તેમાં સામાન્ય વધારો થવા પામ્યો હતો. જે 2005 બાદ ખૂબ મોટા પ્રમાણમાં સરકારની તિજોરીમાં કર આવકનો ઉમેરો દર્શાવે છે.

કોર્પોરેટ આવકવેરો 1980-81માં ₹ 1337 કરોડ હતો જે વધીને 2016-17માં ₹ 4,84,924 કરોડ થયો છે. એટલે કે 36 વર્ષના સમયગાળામાં કોર્પોરેટ આવકવેરામાં લગભગ 36,300 ગણો ઉમેરો થયો છે, જ્યારે વ્યક્તિગત આવકવેરો ₹ 1440 કરોડથી વધીને ₹ 3,49,270 કરોડ થવા પામ્યો છે. વ્યક્તિગત આવકવેરામાં લગભગ 24,300 ગણો વધારો થવા પામ્યો છે. આ બંને આવકવેરાની તુલનામાં અન્ય પ્રત્યક્ષ કરની આવક ખૂબ જ ઓછી છે. કોર્પોરેટ આવકવેરા અને વ્યક્તિગત આવકવેરાની આવકના 1.87 ટકા જેટલી જ આવક અન્ય પ્રત્યક્ષ કર દ્વારા સરકારને પ્રાપ્ત થઈ છે.

આવકવેરામાં થયેલ વૃદ્ધિને તપાસતાં જણાય છે કે, ત્રણેય પ્રકારના આવકવેરામાં થયેલ વૃદ્ધિ અછત રહી છે. 80-81થી 2000-01 સુધી આવકવેરામાં થયેલ વૃદ્ધિનો દર ઘટવા પામ્યો છે. વળી2005-06માં ટોચની સપાટી હાંસલ કરી 2016-17માં સૌથી નીચલી સપાટીએ પહોંચ્યો છે. વ્યક્તિગત આવકવેરામાં તો વૃદ્ધિદર મોટા પ્રમાણમાં ચઢ-ઉતર થવા પામ્યો છે. જ્યારે અન્ય પ્રત્યક્ષ કર આવકનો વૃદ્ધિદર 2005-06 સુધી વધીને ત્યારબાદ સતત ઘટતો રહ્યો છે.

કરવેરામાં થયેલ વધારો (ઉછાળો) જોતાં જણાય છે કે, 2000-01 અને 2016-17 ના

વર્ષ સિવાયનાં બાકીનાં વર્ષોમાં કરવેરામાં થયેલો વધારો 2% કરતાં ઓછો રહ્યો છે, અહીં એક વિશેષ બાબત એ જોવા મળે છે કે, દેશમાં જ્યારે આર્થિક કટોકટી સર્જાઈ છે ત્યારે સરકારે કરદરમાં વધારો કરીને વધુ કર આવક પ્રાપ્ત કરવાના પ્રયત્નો કર્યા છે.

7.4.3 ટેબલ-3 : સીધા કરવેરા અને GDP વચ્ચેનો સંબંધ

1	2	3
નાણાકીય વર્ષ	GDP વૃદ્ધિ દર (%)	સીધા કરની આવકમાં વૃદ્ધિ દર (%)
2000-2001	7.7	17.85
2005-2006	13.92	24.44
2009-2010	14.69	13.25
2018-2019	11.20	13.54

સ્ત્રોત : www.incomtaxindia.gov.in/ Direct-taxes-Data

ઉપરના ટેબલ નં.3 તપાસતાં જણાય છે કે, GDP માં વધારો થાય એટલે કે રાષ્ટ્રના કુલ ઘરેલુ ઉત્પાદનમાં વધારો થાય તે સાથે સીધા એટલે કે પ્રત્યક્ષ કરની આવકમાં પણ વધારો થાય છે.

વળી, 2018-19ના વર્ષનો અભ્યાસ કરીએ તો જણાય છે કે GDP વૃદ્ધિ દર ઓછો છે તેમ છતાં સીધા કરની આવકમાં ઘટાડો નથી થયો, તે થોડોક વધ્યો પણ છે. આનું કારણ એ ગણી શકાય કે સરકારે વધુ લોકોને, વધુ વ્યવસાય અને આવકવાળા વર્ગને કરવેરા ચૂકવવો માટે આવરી લીધા હોય તેથી કરનો પાયો વધારે પહોળો થતાં કરવેરાની આવકમાં વધારો થાય છે. બીજા શબ્દોમાં, GDPમાં વૃદ્ધિ ન થવા છતાં કર આવકમાં ટકાવારીની દષ્ટિએ જોતાં ઘટાડો થયેલો જણાતો નથી.

7.5 સારાંશ :

ઉપરોક્ત બાબતને ચકાસ્યા બાદ કહી શકાય કે, પાછલાં 25 વર્ષોમાં સરકારની આવકમાં કરપ્રાપ્તિ દ્વારા ઉત્તરોત્તર વધારો થવા પામ્યો છે. આમ છતાં, 2017માં તત્કાલિન નાણાપ્રધાન અરુણ જેટલીએ કબૂલ કર્યું કે ભારતમાં હજુ પણ કરદાતાઓની સંખ્યા દેશની કુલ જનસંખ્યાના પ્રમાણમાં ખૂબ જ ઓછી છે. વળી, ઘણા કરદાતાઓ કર ભરવામાં છટકબારીઓ શોધે છે અથવા દેશમાં કરચોરીનું પ્રમાણ ખૂબ ઊંચું હોવાથી દેશની કુલ કર આવક ઓછી રહે છે.

પ્રવર્તમાન સમયગાળામાં દેશની પ્રત્યક્ષ કર આવક ઝડપથી વધી રહી છે, તો બીજી તરફ પરોક્ષ કર આવકમાં થતો વધારો ટકાવારીની દષ્ટિએ ઘટતો જાય છે. આ પાછળનું કારણ છે સરકારે WTOના નિયમોને અનુસરવા પડતા હોઈ આબકારી જકાત, સીમાશુલ્ક વગેરેમાં ઘટાડો કરવો પડ્યો છે. સરકાર દ્વારા આવકવેરા વિભાગની જેમ પરોક્ષ કરવેરા માટે પણ ઓનલાઈન સુવિધાઓ ઊભી કરી હોવા છતાં પણ ઘણા વેપારીઓ ઓનલાઈન તકનીકી સમજણના અભાવે અથવા જાણીબુજીને કરવેરો ભરવાથી દૂર રહે છે. સરકાર દ્વારા આ બાબતે વિશ્વના કરપ્રાપ્તિ માટે જરૂરી ટેકનિકલ સેવા ઊભી કરનાર દેશને અનુસરશે તો ચોક્કસ ટાળી શકાશે અને રાષ્ટ્રની કર આવકમાં વધારો કરી શકાશે.

➢ તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) નીચેના વિધાનો ખરાં (✓) છે કે ખોટાં (✗) તે જણાવો :

(ક) ઉત્તમ કર વ્યવસ્થા વેપાર વાણિજયને પ્રોત્સાહન આપતી હોવી જોઈએ.

(ખ) દિલ્હી એ સૌથી વધુ કર આવક કમાઈ આપતુ રાજય છે.

(ગ) 1980 બાદ દેશની પરોક્ષ કર આવકમાં ઘટાડો થયો છે.

(2) યોગ્ય શબ્દસમૂહ વડે ખાલી જગ્યા પૂરો :

(ક) __________તેમના પુસ્તકમાં કરવ્યવસ્થાની દૃષ્ટિએ યોગ્યતાના માપદંડો રજૂ કર્યા છે. (માર્શલે, એડમ સ્મિથે)

(ખ) __________સિદ્ધાંત મુજબ કરદાતાએ જે રકમ ચૂકવવાની છે તે અગાઉથી નિશ્ચિત હોવી જોઈએ. (સગવડના, નિશ્ચિતતાના)

(ગ) કરપ્રાપ્તિની દૃષ્ટિએ ગુજરાત__________સ્થાન ધરાવે છે. (પાંચમુ, છઠ્ઠું)

(3) સમાનતા શબ્દ ત્યાગની સમાનતાને દર્શાવે છે. 30 શબ્દોમાં સમજાવો.

____

____

____

____

(4) દેશમાં પ્રત્યક્ષ કર આવકની તુલનામાં પરોક્ષ કર આવક ટકાવારીની દૃષ્ટિએ ઘટી રહી છે. 30 શબ્દોમાં સમજાવો.

____

____

____

➢ નિબંધ લક્ષી પ્રશ્નો લખો.

(1) કરવેરા એટલે શું ? કરવેરાની જુદી જુદી અસરો વિસ્તારથી વર્ણવો.

(2) કરવેરાની ઉત્પાદન આવક અને રોજગારી ઉપરની અસરો લખો.

(3) આદર્શ કરવ્યવસ્થા એટલે શું ? આદર્શ કરવ્યવસ્થાનાં લક્ષણો સમજાવો.

➢ ટૂંકનોંધ લખો.

(1) સરકારને કરવેરામાંથી થતી આવકનાં વલણો.

(2) પ્રત્યક્ષ કરવેરાની અસરો

(3) પરોક્ષ કરવેરાની અસરો

7.6 ચાવીરૂપ શબ્દો :

➢ કરદર :

કરવેરા પ્રણાલીમાં કરદર એ ગુણોત્તર પ્રમાણ છે. જે સામાન્ય રીતે ટકાવારી તરીકે

દર્શાવવામાં આવે છે. કોઈપણ વ્યવસાય અથવા વ્યક્તિ પર કર નાખવામાં આવે છે તેને કર દર કહે છે. કરવેરા દર પ્રસ્તાવિત કરવા માટે વૈધાનિક, સરેરાશ સીમાંત અને અસરકારક જેવી વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

➢ કોર્પોરેટ આવકવેરો :

કંપનીઓ અથવા પેઢીઓની આવક પરના વેરાને કોર્પોરેટ આવકવેરો કહે છે. પેઢીની આવક ગણવા માટે પેઢીને જે આવક મળે તેમાંથી ઉત્પાદનખર્ચ બાદ કરવામાં આવે છે. ઉત્પાદનખર્ચમાં કાચોમાલ, મજૂરી, બળતણ વગેરેના ખર્ચ ઉપરાંત વ્યાજ, મૂડીનો ઘસારો વગેરેને પણ બાદ કરવામાં આવે છે.

➢ સીમાશુલ્ક (custom duties) :

દેશની સીમા પાર કરતી વખતે વસ્તુઓ પર જે વેરો વસૂલ કરવામાં આવે છે તે ટુંકમાં આયાત અથવા નિકાસ પરનો વેરો એટલે સીમાશુલ્ક, જો કે સીમાશુલ્ક આયાતોના સંદર્ભમાં જ પ્રયોજવામાં આવે છે.

➢ આયાત - જકાત (Import-duty) :

દેશમાં થતી વસ્તુની આયાત પર નાખવામાં આવતો વેરો એટલે આયાત જકાત, આ વેરો એકમલક્ષી કે મૂલ્યાનુસારી હોઈ શકે છે. આયાત જકાત મુખ્યત્વે ત્રણ ઉદ્દેશોથી નાખવામાં આવે છે. આવક મેળવવા માટે, દેશના ઉદ્યોગોને વિદેશના વધુ કાર્યક્ષમ ઉદ્યોગોની સ્પર્ધા સામે રક્ષણ આપવા અને આયાત થતી કેટલીક ચીજોની માંગ ઘટાડવા.

➢ આબકારી જકાત (Excise duty) :

દેશમાં ઉત્પન્ન કરવામાં આવતી વસ્તુ પરનો વેરો એટલે આબકારી જકાત, સામાન્ય રીતે સરકાર આબકારી જકાત દ્વારા આવક પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ ધરાવે છે, છતાં આબકારી જકાત દ્વારા સીગારેટ, દારૂ જેવી ચીજોની વપરાશ પર નિયંત્રણ કરવા માટે પણ આબકારી જકાત લાદવામાં આવે છે. આબકારી જકાત બે રીતે નાખવામાં આવે છે. વસ્તુની કિંમતના ટકા રૂપે અને વસ્તુના એકમ દીઠ. પહેલાના મૂલ્યાનુસારી અને બીજાને એકમલક્ષી જકાત કહે છે. આબકારી જકાત એ પરોક્ષ વેરો છે.

⇨ ઉપયોગી પુસ્તકો ની યાદી :

➢ Bagchi, Aamresh (1995), Strengthening Direct Taxes : Some Suggestion, Economic and Political Weekly, (Feb 18-25) : 380-84

➢ Bird, R M (1989), Administrative Dimension of Tax Reform in Developing Countries, In Malcolm Gills, Tax Reform in developing countries, London : Duke University Press.

➢ Andly & Sundram : 1969, Public economies and public finance, Ratan Prakashan Mandir, Agra.

➢ Website of Ministry of Finance, Govt. of India

www.finmin.nic.in

- Website of Income Tax Department, Govt of India

  www.incometaxindia.gov.in

- website of CBDT,

  www.irsofficeronline.org.in

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

- તમારી પ્રગતિ ચકાસો (ક) :

(1) (ક) ડૉ.ડાલ્ટન (ખ) પ્રગતિશીલ

(2) પેટા વિભાગ 7.2.3.2 વાંચો

(3) પેટા વિભાગ 7.2.1.1 વાંચો

- તમારી પ્રગતિ ચકાસો (ખ) :

(1) (ક) સાચુ (ખ) ખોટું (ગ) ખોટું (ટકાવારીમાં ઘટાડો થયો છે)

(2) (ક) એડમ સ્મિથે

(ખ) નિશ્ચિતતાના

(ગ) છઠ્ઠુ

(3) પેટા વિભાગ 7.3.1 વાંચો

(4) પેટા વિભાગ 7.5. વાંચો

*** *** ***

એકમ 8

જાહેર દેવું અને નાણાકીય વહીવટ

-: રૂપરેખા :-

8.1 ઉદ્દેશો

8.2 પ્રસ્તાવના

8.3 જાહેર દેવું અને નાણાકીય વહીવટ

8.3.1 સરકારી લોન અને કરવેરા વચ્ચે તુલના

8.3.2 ખાનગી દેવું અને જાહેરદેવાની તુલના

8.4 જાહેર દેવાનું વર્ગીકરણ :-

8.4.1 આંતરિક અને બાહ્ય જાહેર દેવું

8.4.2 ઉત્પાદકીય/ પુનઃ ઉત્પાદકીય અને બિન ઉત્પાદકીય જાહેર દેવું

8.4.3 પુનઃ ખરીદપાત્ર અને પુનઃ ખરીદ અપાત્ર જાહેર દેવું

8.4.4 સ્થાયી અને અસ્થાયી જાહેર દેવું

8.4.5 ફરજિયાત અને સ્વૈચ્છિક જાહેર દેવું

8.5 જાહેર દેવાંના સ્ત્રોત :-

8.5.1 આંતરિક જાહેર દેવું

8.5.2 બાહ્ય જાહેર દેવું (આંતરરાષ્ટ્રીય જાહેર દેવું)

8.6 જાહેર દેવાંની આર્થિક અસરો :

8.6.1 જાહેર દેવાંની વપરાશ પરની અસરો

8.6.2 જાહેર દેવાંની મૂડીરોકાણ પરની અસરો

8.6.3 જાહેર દેવાંની આવકની વહેંચણી પરની અસરો

8.6.4 વિદેશી જાહેર દેવાંની અર્થતંત્ર પરની અસરો

8.7 જાહેર દેવાંની ચૂકવણીની રીતો :

8.7.1 દેવાની ચૂકવણીનો ઈનકાર

8.7.2 નવી જામીનગીરીઓ દ્વારા

8.7.3 દેવાનું રૂપાંતર

8.7.4 કેપિટલ લેવી

8.7.5 ક્રમિક બોન્ડની ચૂકવણી

8.7.6 ડૂબતનિધિ

8.7.7 પુરાંતવાળું અંદાજપત્ર

8.7.8 વધારાના કરવેરા

8.8 સારાંશ :

8.9 ચાવીરૂપ શબ્દો :

⇨ ઉપયોગી પુસ્તકો ની યાદી :

⇨ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો :

8.1 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતોની સ્પષ્ટ સમજૂતી મેળવી શકશો :

- વિશ્વના તમામ દેશો પછી તે વિકસિત હોય કે વિકાસમાન, જાહેર દેવું કરે છે, કારણ કે, દેવું દેશના ઝડપી વિકાસ માટે આવશ્યક છે.
- દેવાની અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રો પર સારી કે માઠી અસરો થાય છે.
- સમય અને સંજોગો અનુસાર સરકારે જાહેર દેવાના પ્રકારોમાંથી કોઈ ચોક્કસ દેવાની પસંદગી કરવાની રહે છે.
- સરકારે પણ જાહેર દેવાની પરત ચૂકવણી કરવાની હોય છે કે જેથી ભવિષ્યમાં જ્યારે ફરીથી નાણાકીય સહાયની જરૂરિયાત ઊભી થાય ત્યારે મળી રહે.

8.2 પ્રસ્તાવના :

આ અગાઉના એકમોમાં આપણે જાહેરખર્ચ અને કરવેરા વિશે સમજ્યા. હવે આપણે અહિં જાહેર દેવું અથવા જાહેર ઋણ વિશે સમજીશું. રાજ્યે તેની વિવિધ આર્થિક પ્રવૃત્તિઓના સંચાલન માટે જે નાણાકીય પ્રબંધ વિચારવા પડે છે, તેમાંનું એક છે જાહેર દેવું, રાજ્ય અથવા રાષ્ટ્ર પોતાની પરના લેણપત્રો લોકોને જામીનગીરીના રૂપમાં આપી તેના બદલમાં જે નાણું પ્રાપ્ત કરે છે તેને જાહેર દેવું કહેવામાં આવે છે. જેમ કોઈ ખાનગી કંપની પોતાના બોન્ડ બહાર પાડી નાણાભંડોળ એકઠું કરે છે તેવી જ આ પદ્ધતિ છે. જોકે બંને વચ્ચે ઘણો તફાવત છે, જે હવે આગળની ચર્ચામાં આપણે સમજીશું.

8.3 જાહેર દેવું અને નાણાકીય વહીવટ :

પ્રવર્તમાન સમયમાં સરકાર વિવિધ હેતુઓની પૂર્તિ માટે નાણું ઉછીનું લે છે. કારણ કે સરકાર જાહેર દેવાને આર્થિક વિકાસ અને સ્થિરતા માટેના સાધન તરીકે જુએ છે. આજે સરકાર આવકપ્રાપ્તિનાં અન્ય સાધનોની જેમ જ જાહેર દેવાને ગણે છે. સરકાર બેંકો, નાણાકીય સંસ્થાઓ, ધંધાકીય એકમો કે ખાનગી વ્યક્તિ પાસેથી દેવું કરે છે. માત્ર દેશમાંથી જ નહી, પરંતુ વિદેશમાંથી પણ દેવું કરવામાં આવે છે. ઉછીનું નાણું લેવું અથવા તો જાહેર દેવું કરવું, તે એક સામાન્ય ઘટના બની ગઈ છે. કોઈ પણ આધુનિક બંધારણીય સરકાર રાષ્ટ્રના દેવામાં સતત વધારો કરતી રહેશે કે જેથી નાણાકીય અખંડિતતા અને સ્થિરતા દ્વારા આર્થિક વિકાસ શક્ય બને.

સાંપ્રત સમયમાં જાહેર દેવું વધવા માટેનું મહત્ત્વનું કારણ સરકાર દ્વારા કરવામાં આવતો જાહેર ખર્ચ છે. ખાસ કરીને યુદ્ધ પાછળ થતો ખર્ચ જાહેર દેવામાં વધારો જન્માવે છે. હાલમાં

મોટાભાગના દેશો શસ્ત્રોની આંધળી દોડમાં પુષ્કળ નાણાં ખર્ચ કરી રહ્યા છે. બે વિશ્વયુદ્ધ દરમિયાન મોટાભાગનાં રાષ્ટ્રોના જાહેરખર્ચમાં વધારો થયો હતો. જેના પરિણામે જાહેર દેવું પણ વધ્યું હતું. જાહેરદેવાના વધારા માટે બીજું મહત્ત્વનું પરિબળ છે જાહેર કાર્યો (પ્રવૃત્તિઓ) પાછળ થતો ખર્ચ. દા.ત. રેલ્વે, વાહનવ્યવહાર, સિંચાઈ, વીજળી વગેરે. અને ત્રીજું કારણ સરકારને અંદાજપત્રની નાણાકીય ખાધ દૂર કરવા માટે ઉછીના નાણાંની પ્રાપ્તિ કરવી પડે છે. સરકાર કરવેરા દ્વારા વધુ આવક ઊભી કરવાની નીતિ ઉચિત ગણતી નથી. કારણ કે, સરકારને ભય હોય છે કે કદાચ પ્રજા તેઓની કરવેરા અંગેની બદલાયેલી નીતિના કારણે લાંબા સમય સુધી સત્તા પર ટકવા દેશે નહીં.

8.3.1 જાહેર દેવું અને નાણાકીય વહીવટ :

કરવેરા અને સરકારી દેવું (માત્ર આંતરિક દેવું/લોન) બંને થોડું સરખાપણું ધરાવે છે. બંને દેશની પ્રજા પાસેથી જ લેવામાં આવે છે. બંને તબક્કે રાષ્ટ્રનાં કુલ નાણાંના પુરવઠામાં કોઈ ફેરફાર થતો નથી. સરકાર જેટલા પ્રમાણમાં દેવું અથવા કરવેરા દ્વારા નાણાંમેળવવાનો પ્રયત્ન કરશે તેટલા જ પ્રમાણમાં પ્રજાની પાસે રહેલાં નાણાંનાં જથ્થામાં ઘટાડો થશે.

જોકે, કરવેરા દ્વારા પ્રાપ્ત નાણાંને પ્રત્યક્ષ રીતે કોઈ પણ સમૂહને પરત કરવાનાં હોતાં નથી, પરંતુ દેવાની રકમ ધિરાણ કરનારને પરત કરવાની હોય છે. દેવું જ્યારે પરત કરવાનું હોય ત્યારે રાષ્ટ્રનાં કુલ નાણાંના પ્રમાણમાં કોઈ ફેરફાર થતો નથી. બીજી તરફ જ્યારે કરવેરા ઉઘરાવવામાં આવે છે ત્યારે સૌપ્રથમ તે વપરાશને, ત્યારબાદ બચતને અસર કરે છે. તો દેવું વપરાશને અસર ન કરતાં બચત અને મૂડીરોકણને ઘટાડે છે.

8.3.2 ખાનગી દેવું અને જાહેર દેવાની તુલના :

ખાનગી દેવા અને જાહેર દેવા વચ્ચે થોડા પ્રમાણમાં સરખાપણું અને કંઈક અંશે બંનેમાં તફાવત જોવા મળે છે. ખાનગી વ્યક્તિ દ્વારા વિવિધ સ્ત્રોતો દ્વારા જે દેવું કરવામાં આવે છે તેનો ઉપયોગ વિવિધ હેતુઓ માટે કરે છે, જ્યારે સરકાર જે દેવું કરે છે તેનો હેતુ વૈકલ્પિક તથા ઉત્પાદકીય હોય છે. ખાનગી વ્યક્તિ જે પ્રવૃત્તિ ન કરી શકે તે પ્રવૃત્તિમાં રોકાણ કરવાનો સરકારનો ઉદ્દેશ હોય છે. દા.ત. સિંચાઈની સગવડતા ઊભી કરવી. ખાનગી સાહસો માટે કદાચ આવાં ક્ષેત્રોમાં મૂડીરોકાણની અછતને કારણે અથવા લાંબાગાળે લાભ મળતો હોવાના કારણે કાર્ય કરવું મુશ્કેલ હોય ત્યારે સરકારે સામાજિક કલ્યાણને ધ્યાને લઈને આવી સુવિધાઓ ઊભી કરવા માટે રોકાણ કરવું પડે છે.

ખાનગી વ્યક્તિ જ્યાં સુધી નફો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દેવાની રકમ પરત કરતી નથી, જ્યારે સરકાર નફા સાથે સામાજિક કલ્યાણની અપેક્ષા રાખે છે. અપેક્ષા પ્રમાણે નફો અથવા કલ્યાણની પ્રાપ્તિ ન થાય તો પુનઃ દેવું કરે છે.

ખાનગી દેવાદાર દેવાની રકમનો ઉપયોગ માત્ર પોતાના માટે જ કરે છે, જ્યારે સરકાર દેવાનો ઉપયોગ સમગ્ર સમાજ માટે કરે છે. ખાનગી દેવાદાર દેવાનો બોજો પોતે સહન કરે છે, જ્યારે સરકાર દેવાનો બોજો પ્રજા પર ખસેડી શકે છે. સરકાર કરવેરા દ્વારા દેવાની રકમ સમગ્ર સમાજ પાસેથી વસૂલ કરે છે. એક મહત્ત્વની બાબત એ છે કે સરકારને દેવાનું ધિરાણ કરનારને પણ સરકારના કરવેરાની રકમ ચૂકવવી પડતી હોય છે. એટલે કે ધિરાણ કરનારે પોતાના ધિરાણની રકમનો સરકાર વતી બોજો થોડા ઘણા અંશે પોતે પણ સહન કરવો પડે છે. (આંતરિક દેવાના સંદર્ભમાં)

ખાનગી દેવામાં ધિરાણ કરનારને દેવાદાર તરફથી ખર્ચ કરવામાં આવેલી રકમનો કોઈ લાભ પ્રાપ્ત થતો નથી. જ્યારે જાહેર દેવામાં ધિરનારને સરકાર દ્વારા જે નાણાકીય ખર્ચ કરવામાં આવે છે તેનો લાભ પ્રાપ્ત થાય છે. દા.ત. સરકાર કોઈ વ્યક્તિ પાસેથી ઉછીનું નાણું લે (આંતરિક દેવું કરે) અને તે રકમનો ઉપયોગ રોડ-રસ્તાઓના નિર્માણ માટે કે સંદેશાવ્યવહારની સુવિધાઓનો વિકાસ કરવા માટે કરે તો, તેનો લાભ સરકારને ઉછીની રકમ આપનાર વ્યક્તિને પણ પ્રાપ્ત થાય છે.

આમ, સરકારને ધિરાણ કરનાર વ્યક્તિને લાભ અને નુકસાન બંને થાય છે. લાભ એટલા માટે કે સરકારી ખર્ચ દ્વારા ઊભી કરાયેલી સુવિધાઓનો પોતે પણ ઉપયોગ કરી શકે છે અને નુકસાન એટલા માટે કે સરકાર જ્યારે દેવાની રકમ પરત કરવા કરવેરા ઉઘરાવે છે ત્યારે ધિરાણ કરનારે પણ કરના સ્વરૂપમાં હિસ્સો આપવો પડતો હોય છે. જે ખાનગી અને જાહેર દેવા વચ્ચેનો મુખ્ય તફાવત છે. બીજો મહત્ત્વનો તફાવત એ છે કે ખાનગી વ્યક્તિ મુખ્યત્વે દેશની અંદરથી જ ઉછીનું નાણું પ્રાપ્ત કરી શકે છે, જ્યારે સરકાર દેશની બહારથી પણ દેવું કરી શકે છે. વળી, ખાનગી વ્યક્તિ ઉત્પાદકીય પ્રવૃત્તિ અને વપરાશના ઉદ્દેશથી દેવું કરી શકે છે જ્યારે, સરકાર મોટે ભાગે ઉત્પાદકીય પ્રવૃત્તિના ઉદ્દેશથી દેવું કરે છે. અને છેલ્લે ખાનગી દેવાના વ્યાજનો દર જાહેર દેવાના વ્યાજના દર કરતાં વધુ ઊંચો હોય છે. કારણ કે સરકારની દેવાની રકમ ખૂબ જ મોટી હોય છે અન્ય અન્યની તુલનામાં દેવું પરત કરવાની ક્ષમતા પણ વધુ હોય છે.

8.4 જાહેર દેવાનું વર્ગીકરણ :

જાહેર દેવાને ઘણી જુદી જુદી રીતો દ્વારા વર્ગીકૃત કરવામાં આવે છે. જેમાંની બધી જ રીતો એકસરખી ઉપયોગી હોતી નથી. નીચે દર્શાવ્યા મુજબ જાહેર દેવાને વર્ગીકૃત કરી શકાયઃ

8.4.1 આંતરિક અને બાહ્ય જાહેર દેવું :

જ્યારે સરકાર દ્વારા દેશમાંથી જ કોઈ વ્યક્તિ, બેંક કે નાણાકીય સંસ્થાઓ પાસેથી દેવું કરવામાં આવે તો તેને આંતરિક દેવું કહેવામાં આવે છે. જો સરકાર દ્વારા વિદેશી સરકાર, વિદેશી બેંકો કે આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ પાસેથી દેવું કરવામાં આવે તો તેને બાહ્ય જાહેર દેવું કહે છે. પ્રવર્તમાન સમયમાં બાહ્ય દેવું દરેક સરકાર માટે સામાન્ય બની ગયું છે.

8.4.2 ઉત્પાદકીય/ પુનઃ ઉત્પાદકીય અને બિન ઉત્પાદકીય જાહેર દેવું :

જાહેર દેવાને ત્યારે ઉત્પાદકીય કહી શકાય કે જ્યારે આ રકમ થકી જે મૂડીરોકાણ કરીને આવક ઊભી કરવામાં આવી હોય તે આવક માત્ર દેવાનું વ્યાજ ચૂકવવા પૂરતી ઉપયોગમાં ન લેતાં લાંબાગાળાના ઉત્પાદકીય હેતુ માટે ઉપયોગમાં લેવાતી હોય. સરકાર ઘણીવાર એવાં કાર્યક્રમને ધ્યાનમાં રાખી દેવું કરે કે જે કદાચ ઉત્પાદકીય ન હોય, પરંતુ સમગ્ર સમાજ માટે ઉપયોગી હોય. દા.ત. પછાત રાજ્યોને રેલવે થકી અન્ય રાજ્યો સાથે જોડવું, બિનપિયત વિસ્તારમાં સિંચાઈની સગવડ કરી તે વિસ્તારને ખેતીની દૃષ્ટિએ સમૃદ્ધ બનાવવો વગેરે. આમ છતાં, દેવું કરીને બિનઉત્પાદકીય પ્રવૃત્તિ કરવામાં આવે અને ચોક્કસ આવક થાય તેવા કાર્યક્રમો હાથ ન ધરવામાં આવે તો તેને ભારરૂપ દેવું કહેવામાં આવે છે.

8.4.3 પુનઃ ખરીદપાત્ર અને પુનઃ ખરીદઅપાત્ર જાહેર દેવું :

પરિપક્વતાની દૃષ્ટિએ જાહેર દેવાને બે રીતે વહેંચી શકાય છે. પુનઃ ખરીદપાત્ર જાહેર દેવું અને પુનઃ ખરીદઅપાત્ર જાહેર દેવું. ભવિષ્યમાં કોઈ ચોક્કસ તારીખે સરકાર દ્વારા દેવું ચૂકવવાનું વચન આપવામાં આવે તો તેને પુનઃ ખરીદપાત્ર દેવું કે અવેજ કહે છે. વળી આ પ્રકારની લોન કે દેવું ચૂકવવા માટે સરકારે જે વ્યવસ્થા કરવી પડે છે તેને લીધે આવા દેવાને

સીમાયોગ્ય (terminable) પણ કહે છે. સરકારે લોન ચૂકવવાની કોઈ ચોક્કસ તારીખ દર્શાવેલી ન હોય તો તેને બિન અવેજ અથવા પુનઃ ખરીદઅપાત્ર દેવું કહે છે. આ પ્રકારની લોન સામાન્ય રીતે લાંબાગાળાની હોય છે. આથી, સમાજ પર આ પ્રકારની લોન કે દેવાનો બોજ વધુ પડે છે.

8.4.4 સ્થાયી અને અસ્થાયી જાહેર દેવું :

મુખ્યત્વે સ્થાયી દેવાને લાંબાગાળાના જાહેર દેવા તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારના દેવાની ચૂકવણી માટે નિયમિત રીતે એક ભંડોળની રચના કરવામાં આવે છે કે જેથી મુદ્દલ અને વ્યાજની ચૂકવણી થઈ શકે. બીજી તરફ અસ્થાયી દેવું ટૂંકાગાળા માટે હોય છે. આ પ્રકારનું દેવું છ મહિના કે વર્ષની અંદર ચૂકવી દેવાનું હોય છે. સામાન્ય રીતે સરકાર વર્તમાન જરૂરિયાતને પૂર્ણ કરવાના હેતુથી અસ્થાયી દેવું કરે છે.

8.4.5 ફરજિયાત અને ઐચ્છિક (સ્વૈચ્છિક) જાહેર દેવું :

સામાન્ય રીતે સરકારી દેવું સ્વૈચ્છિક હોય છે. વ્યક્તિગત કે સંસ્થાકીય રીતે સરકારી બોન્ડ ખરીદવા માટે જાહેર આમંત્રણ આપવામાં આવે છે. બીજી તરફ ફરજિયાત લોન માટેનું દબાણ કરવું પ્રવર્તમાન સમયમાં સામાન્ય રહ્યું નથી. આમ છતાં, સરકાર દ્વારા બોન્ડ ખરીદવા માટે જે દબાણ કરવામાં આવે છે તેને ફરજિયાત જાહેર દેવું કહેવામાં આવે છે.

8.5 જાહેર દેવાના સ્ત્રોત :

દરેક સરકાર મુખ્યત્વે બે પ્રકારે જાહેર દેવું કરે છે. આંતરિક જાહેર દેવું અને બાહ્ય જાહેર દેવું. આંતરિક જાહેર દેવામાં સરકારે ખાનગી વ્યક્તિઓ, નાણાકીય સંસ્થાઓ, મધ્યસ્થ બેંક અને વાણિજ્ય બેંકો પાસેથી કરેલાં દેવાંનો સમાવેશ થાય છે, જ્યારે બાહ્ય જાહેર દેવામાં સરકાર વિદેશી વ્યક્તિ, વિદેશી બેંક, આંતરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ તથા વિદેશી સરકાર પાસેથી ઉછીનું નાણું પ્રાપ્ત કરે છે. આ બધાંને નીચે મુજબ રજૂ કરી શકાય :

8.5.1 આંતરિક જાહેર દેવું :

8.5.1.1 ખાનગી વ્યક્તિ પાસેથી નાણાંની પ્રાપ્તિ :

જ્યારે ખાનગી વ્યક્તિ સરકારની જામીનગીરીઓ ખરીદે છે ત્યારે તે પોતાના ભંડોળને વ્યક્તિગત રીતે જાહેર હેતુ તરફ વાળે છે. વ્યક્તિગત રીતે સરકારી જામીનગીરીનો ખરીદવાનો હેતુ પોતાના વપરાશને ઘટાડવા માટેનો હોય (ખૂબ જ ઓછા કિસ્સામાં) અથવા પોતાની નાણાકીય સલામતીનો હોય શકે. જોકે, સરકારનો જામીનગીરીના વેચાણનો ઉદ્દેશ લોકોની વપરાશ ઘટાડવાનો કે ધંધાનો વિસ્તાર કરવાનો હોતો નથી.

8.5.1.2 બિનબેંકિંગ નાણાકીય સંસ્થાઓ પાસેથી ઉછીનું નાણું :

સરકારી જામીનગીરી ખરીદવામાં ખાનગી વ્યક્તિની તુલનામાં વિવિધ બિનબેંકિંગ નાણાકીય સંસ્થાઓ જેવી કે, વીમા કંપનીઓ, બચત બેંકો વગેરેનો ફાળો મહત્ત્વનો છે. આ સંસ્થાઓ સરકારી જામીનગીરીઓ વધુ પસંદ કરે છે, કારણ કે, તેમને નાણાકીય સલામતી પ્રાપ્ત થાય છે તથા તેઓના નાણાકીય સોદાઓ અને તરલતા જળવાઈ રહે છે. જોકે, અહીં વ્યાજદર નીચો હોવાથી મોટાભાગની બિનબેંકિંગ નાણાકિય સંસ્થાઓ પોતાનું ભંડોળ વધુ સાહન અને વધુ વળતર આપતા શેર ખરીદવામાં રોકે છે. જો તેઓ સરકારી જામીનગીરીની ખરીદી કરશે તો તેમના નાણાકીય ભંડોળમાં ઘટાડો થવાનો

સંભવ છે.

8.5.1.3 વાણિજ્ય બેંકો પાસેથી ઉછીનાં નાણાંની પ્રાપ્તિ :

વાણિજ્ય બેંકો શાખસર્જન કરીને સરકારને ઉછીનું નાણું આપે છે, જેના બદલામાં તેને બીજા કોઈ ચોક્કસ લાભ જોઈતા હોતા નથી. જ્યારે પણ બેંકો દ્વારા વધુ નાણાંભંડોળ ઊભું કરવામાં આવ્યું હોય ત્યારે સરકાર બેંકોને જામીનગીરીનું વેચાણ કરીને વધારાનું નાણાંભંડોળ ખેંચી લે છે, બેંકોની વધુ પડતી શાખસર્જનની પ્રક્રિયા અર્થતંત્રમાં ફુગાવાજનક સ્થિતિ ઊભી કરે છે. શાખસર્જનના લીધે પ્રજાની ખરીદશક્તિ જેટલા પ્રમાણમાં વધે છે. તેટલા પ્રમાણમાં ઉત્પાદન ન વધતા અર્થતંત્રમાં ફુગાવાજન્ય દબાણ ઊભું થાય છે. સરકાર આ પ્રકારની ફુગાવાજનક સ્થિતિને કાબૂમાં રાખવા માટે વાણિજ્યક બેંકો પાસેથી દેવું કરે છે.

8.5.1.4 મધ્યસ્થ બેંક પાસેથી ઉછીનાં નાણાંની પ્રાપ્તિ :

દેશની મધ્યસ્થ બેંક પણ સરકારને લોનની રકમ આપી શકે છે. મધ્યસ્થ બેંક સરકારી જામીનગીરીની ખરીદી કરીને સરકારે ઉછીનાં નાણાં પૂરાં પાડે છે. મધ્યસ્થ બેંક, સરકાર પાસેથી ભવિષ્યમાં વ્યાજ સાથે જ્યારે આ નાણાં પરત મેળવશે ત્યારે તે વધુ શાખસર્જન કરવાની કે લોન આપવાની અપેક્ષા રાખે છે.

8.5.2 બાહ્ય જાહેર દેવુ (આંતરરાષ્ટ્રીય જાહેર દેવુ) :

સરકાર વિદેશમાંથી પણ જાહેર દેવું કરે છે. આ પ્રકારનું જાહેર દેવું યુદ્ધના સમયે (અથવા સંરક્ષણ માટે શસ્ત્ર સરંજામ ખરીદવા), વિકાસ કાર્યો પાછળ નાણાં ખર્ચવા, અથવા અંદાજપત્રને સમતોલ કરવા માટે હોય છે. સામાન્ય રીતે ચોક્કસ પ્રકારનાં વિકાસ કાર્યો માટે ખાનગી વ્યક્તિઓ, બેંકો કે અન્ય નાણાકીય સંસ્થાઓ પાસેથી નાણાં પ્રાપ્તિ કરવામાં આવે છે. દા.ત. રેલવે, સિંચાઈ, વગેરે... આમ છતાં, વર્તમાન સમયમાં સરકારનાં જાહેર દેવાં માટે બે સ્ત્રોત ખૂબ જ જાણીતા બન્યા છે. જેમાં (ક) આંતરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ વિકાસ કાર્યો હાથ ધરવા તથા કામચલાઉ રીતે ઊભી થયેલી નાણાકીય અસમતુલાને દૂર કરવા માટે ટૂંકા ગાળાની લોન આપે છે. અને (ખ) વિદેશી સરકાર સામાન્ય રીતે વિકાસને લગતા કાર્યક્રમો હાથ ધરવા માટે લોનના સ્વરૂપમાં મદદ કરે છે.

❖ તમારી પ્રગતિ ચકાસો (ક) :

(1) કૌંસમાં દર્શાવેલ યોગ્ય શબ્દસમૂહ વડે ખાલી જગ્યા પૂરો :

(ક) સરકાર જાહેર દેવાનો ઉપયોગ__________માટે કરે છે.

(સમગ્ર સમાજ, જૂજ વ્યક્તિઓ)

(ખ) IBRD પાસેથી કરવામાં આવેલું દેવું __________જાહેર દેવું કહેવાય છે.

(આંતરિક, બાહ્ય)

(ગ) ભવિષ્યમાં કોઈ ચોક્કસ તારીખે સરકાર દ્વારા દેવું ચૂકવવાનું વચન આપવામાં આવે તો તેને__________દેવું કહેવાય છે.

(અવેજ, પુનઃ ખરીદઅપાત્ર)

(2) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તપાસો :

(ક) જાહેર દેવું વધવા માટેનું મહત્ત્વનું કારણ સરકાર દ્વારા કરવામાં આવતો જાહેર ખર્ચ છે.

(ખ) બેંકોની વધુ પડતી શાખસર્જનની પ્રક્રિયા અર્થતંત્રમાં મંદીજન્ય સ્થિતિ ઊભી કરે છે.

(ગ) રાજ્યમાં સિંચાઈની સગવડ ઊભી કરવા સરકાર દ્વારા કરવામાં આવેલું જાહેર દેવું બિનઉત્પાદકીય ગણાય છે.

(3) ખાનગી દેવું, જાહેર દેવાથી કઈ રીતે અલગ પડે છે ? 50 શબ્દોમાં સમજાવો :

____

____

____

(4) આંતરિક દેવું કોને કહેવાય? બે વાક્યમાં જવાબ આપો.

____

____

____

8.6 જાહેર દેવાની આર્થિક અસરો :

જહોન એફ. ડ્યુ જાહેર દેવાની અસરોને બે તબક્કામાં વિભાજિત કરે છે. એક, જ્યારે જાહેર દેવું કરવામાં આવે છે ત્યારે પડતી અસરો, અને બીજો જાહેર દેવું કર્યા બાદની અસરો. જહોન ડ્યુના વર્ગીકરણને ધ્યાનમાં રાખી કહી શકાય કે જ્યારે જાહેર દેવું કરવામાં આવે ત્યારે જે વ્યક્તિ, સંસ્થા કે બેંકો દ્વારા સરકારનું દેવું ખરીદવામાં આવે (સરકારને જામીનગીરીના બદલામાં નાણાં ચૂકવે) તે પહેલા, તેમનું આકસ્મિક ભંડોળનું જે રોકડ માળખું હતું, તેમાં દેવું ખરીદવા બાદ બદલાવ આવે છે. કારણ કે તેઓ રોકડ નાણાંના બદલામાં સરકારી જામીનગીરીની અવેજી કરે છે, જેને પ્રાથમિક અસર કહી શકાય. અહીં વ્યક્તિ જયારે રોકડ નાણાંની જામીનગીરીમાં અવેજી કરે છે ત્યારે તરલતાની સ્થિતિ અને કુલ સંપત્તિમાં પણ ફેર પડે છે. વળી, સમગ્ર દૃષ્ટિએ જોઈએ તો વપરાશ, મૂડીરોકાણ અને આવકની વહેંચણી પર પણ તેની અસરો થાય છે. આ બધી અસરો જાહેર દેવું કર્યા પહેલાં અને પછીની અસરો છે.

પ્રો. વેગ્નર જાહેર દેવાની અસરોને અલગ રીતે સમજાવતા કહે છે કે, સરકાર જ્યારે કરવેરાનો ઉપયોગ કરે છે ત્યારે ચાલુ ખર્ચ પર તેની અસરો થાય છે, જ્યારે જાહેર દેવાંની અસરો મૂખર્ચ પર થાય છે. જોકે, વર્તમાન આર્થિક વિચારસરણી બદલાઈ છે. સામાન્ય રીતે કરવેરા અને જાહેરદેવાનો વિવિધ હેતુઓ પાછળ થતાં ખર્ચના આધારે ઉપયોગ કરવામાં આવે છે. ખાસ કરીને વિકાસમાન દેશો તેમના વિકાસને લગતાં કાર્યક્રમોને પાર પાડવા કરવેરા અને જાહેર દેવાનો ઉપયોગ કરે છે. સરકાર જાહેર દેવું કરીને જે ખર્ચ કરે અને કરવેરા દ્વારા મેળવેલી આવકમાંથી જે ખર્ચ કરે તેને બંને નીચે મુજબ જુદા પડે છે :

(ક) ફરજિયાત કરવેરા દ્વારા અને સ્વૈચ્છિક રીતે સરકારની સરકારી જામીનગીરી ખરીદનાર વ્યક્તિઓ દ્વારા નાણાકીય ભંડોળ પ્રજા પાસેથી સરકાર પાસે જાય છે.

(ખ) કરવેરા એ કરદાતાની સંપત્તિમાં ઘટાડો કરે છે, જ્યારે જાહેર દેવાં (લોન) દ્વારા નાણાં ધિરનારની સંપતિમાં ઘટાડો ન થતાં માત્ર તેનું સ્વરૂપ બદલાય છે.

(ગ) કરવેરા દ્વારા નાણાં પ્રાપ્ત કરવાં એ સંકુચિત અસર પેદા કરે છે, જ્યારે જાહેર દેવું એ વ્યાપક અસર ઉત્પન્ન કરે છે. કરવેરાની અસર સંકુચિત હોવાનું કારણ તે કદાચ વપરાશને જ ઘટાડે છે. જ્યારે જાહેર દેવામાં, નાણાં ધિરનાર સરકારને સ્વૈચ્છિક રીતે નાણાં પૂરાં પાડે છે. આ નાણું તેઓ પોતાની બચતમાંથી આપે છે માટે, તે વપરાશને અસર ન પણ કરે. જાહેર દેવાં દ્વારા પ્રાપ્ત કરવામાં આવતું નાણું સંપત્તિમાં ઘટાડો કરતું ન હોવાથી ઉદ્યોગ સાહસિક પર તેની વિપરીત અસર પડતી નથી, જેવી કે, કરવેરા દ્વારા થાય છે.

જાહેર દેવાં દ્વારા થતી વિવિધ આર્થિક અસરો નીચે મુજબ દર્શાવી શકાય :

8.6.1 જાહેર દેવાની વપરાશ પરની અસરો :

ઉપર દર્શાવ્યું તે પ્રમાણે જાહેર દેવું સામાન્ય રીતે વપરાશમાં કાપ મૂકતું નથી. કારણ કે, સરકારને નાણાં ધિરનાર, સ્વૈચ્છિક રીતે ધિરાણ કરતાં હોય છે. તેઓ પોતાની વર્તમાન વપરાશમાં કાપ ન મૂકતાં ભૂતકાળની બચતોને સરકારને ધિરતાં હોય છે. પરંતુ યુદ્ધ જેવા આકસ્મિક સંજોગો દરમિયાન ફરજિયાતપણે સરકારી લોન ખરીદવી પડે છે. આ સિવાયના સંજોગોમાં સરકાર વિશિષ્ટ લાભ અને ઊંચા વ્યાજદર આપે છે. ક્યારેક સરકાર જનતા અને નાણાકીય સંસ્થાઓને સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવા અને બચતોને પ્રોત્સાહિત કરવા લલચાવે છે.

8.6.2 જાહેર દેવાંની મૂડીરોકાણ પરની અસરો :

સરકાર દ્વારા કરવામાં આવતું જાહેર દેવું મૂડીરોકાણ પર વિપરીત અસર કરે છે, સાથે સાથે તટસ્થ પણ રહે છે. જેમકે, સરકાર દ્વારા દેશની મધ્યસ્થ બેંક અને વાણિજ્ય બેંકો પાસેથી જે દેવું કરવામાં આવે છે તે વધારાની ખરીદશક્તિ ઉત્પન્ન કરવા સ્વરૂપ હોય તો તેનાથી મૂડીરોકાણ ભંડોળમાં કાપ આવતો નથી. પરંતુ જો વ્યક્તિગત, નાણાકીય સંસ્થાઓ અને વાણિજ્યક બેંકો દ્વારા મૂડીરોકાણ કરવાના હેતુથી જમા કરેલું ભંડોળ સરકારનું દેવું ખરીદવા ઉપયોગમાં લેવાય તો તેનાથી મૂડીરોકાણમાં જરૂર કાપ આવે છે. પરંતુ વ્યાજનો દર બહુ અસરકારક ન હોય અને સરકાર જામીનગીરીની સામે કોઈ વિશિષ્ટ લાભ ન આપતી હોય તો આવા સંજોગોમાં ખાસ મૂડીરોકાણ પર બહુ ખાસ અસર પડતી નથી.

દા.ત. વ્યાજનો દર બહુ ઊંચો છે તથા સરકારી જામીનગીરીના લાભો ખૂબ વધુ હોય તો કંપનીના શેરની માંગ ઘટે છે, પરિણામે શેરની કિંમતમાં ઘટાડો થાય છે, જે ખાનગી મૂડીરોકાણમાં ઘટાડો કરે છે. આમ છતાં, સરકાર ઘણીવાર મૂડીરોકાણને નહિવત્ અસર થાય તેવી નીચે વ્યાજદરવાળી સસ્તા નાણાંની નીતિને અનુસરે છે કે જેથી જાહેર દેવાં પર નીચા વ્યાજદરરૂપી બોજો પડે.

8.6.3 જાહેર દેવાંની આવકની વહેંચણી પરની અસરો :

જાહેર દેવાં દ્વારા સરકાર જે ખર્ચ કરે છે તે ઊંચી વાસ્તવિક આવક માટે ફાયદારૂપ છે, તેવું દર્શાવે છે. જાહેર દેવાં ભંડોળ સરકારી જામીનગીરી ખરીદનારની વાસ્તવિક આવકમાં ઘટાડો કરતું નથી. જો જાહેરખર્ચનો હેતુ ઓછી આવક ધરાવનારા વર્ગને વધુ આર્થિક કલ્યાણ પૂરું પાડવાનો હોય તો પરિણામે અસમાનતા દૂર થશે અને પ્રજા વચ્ચે આવકની સમાન વહેંચણી થશે. જોકે ઘણી વખત વધુ પડતું જાહેરખર્ચ ફુગાવાજનક સાબિત થાય છે. જેમાં આગળ દર્શાવ્યા

પ્રમાણે પ્રજા વચ્ચે આવકની વહેંચણી બાબતે ઘણી સારી અસરો ઊભી કરે છે તો ક્યારેક તટસ્થ રહે છે. બીજો મહત્ત્વનો મુદ્દો એ દર્શાવવાનો કે વ્યાજની ચૂકવણી એ વાસ્તવિક આવકના કરદાતાથી બોન્ડ-હોલ્ડર તરફના પ્રવાહને સૂચવે છે. જો કરદાતા અને બોન્ડ હોલ્ડર (દેવું ખરીદનાર - જામીનગીરી ખરીદનાર) બંને એક જ વ્યક્તિ હોય તો આવકની પુનઃ વહેંચણીની કોઈ જરૂરિયાત જણાતી નથી. પરંતુ ખરેખર જેમની વચ્ચે આવકની પુનઃ વહેંચણી કરવામાં આવે છે તે કરદાતા અને બોન્ડ હોલ્ડર વચ્ચે સમય તથા સ્થળનું અંતર હોય છે. આમ, બંને અલગ-અલગ સમૂહ કે જૂથ હોવાથી આવકની પુનઃ વહેંચણી શક્ય બને છે.

8.6.4 વિદેશી જાહેર દેવાંની અર્થતંત્ર પરની અસરો :

વિદેશી લોન કે દેવું વપરાશ અને મૂડીરોકાણ પર સાનુકૂળ અસરો ઊભી કરી શકે છે. વિદેશી લોન દ્વારા તત્કાલિન નિકાસી આવક પ્રાપ્તિ વિના, અથવા નાણાકીય ચૂકવણી વિના પણ આયાત કરી શકાય છે. જો વિદેશી લોન એ વપરાશી વસ્તુઓના સંદર્ભમાં હોય તો તેમાંથી રાષ્ટ્રમાં વસ્તુના સંગ્રહ દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલી ફુગાવાજનક સ્થિતિને કાબૂમાં લાવવી શક્ય છે. જો યંત્રના, ઔદ્યોગિક કાચોમાલ કે ટેકનિકલ જ્ઞાનના સંદર્ભમાં હોય તો રાષ્ટ્રના ઝડપી ઔદ્યોગિકરણ માટે સાનુકૂળ અસર ઊભી કરે છે. પરંતુ જો વિદેશી લોન એ યુદ્ધ અથવા લશ્કરી તાકાતને વધારવાના સંદર્ભમાં હોય તો તે રાષ્ટ્રના મૂડીરોકાણ ઉપર કોઈ પણ પ્રકારની અસર પેદા કરશે નહી.

8.7 જાહેર દેવાની ચૂકવણી રીતો :

આધુનિક સરકારો બહુ મોટા પ્રમાણમાં દેવું કરે છે, જોકે, તેમની પાસે ચૂકવણી માટેનાં સાધનો સીમિત હોય છે. કોઈ પણ સરકાર માટે દેવું ચૂકવવું ખૂબ જ જરૂરી છે અન્યથા દેવામાં વધારો થવાથી સરકાર નાદાર થઈ શકે છે. જોકે, આંતરિક દેવામાં સરકારની નાદારી સંભવ નથી કારણ કે, સરકાર ઊંચા વેરા વસૂલ કરીને અથવા નવી ચલણી નોટો છાપીને દેવું ચૂકવી શકે છે. પરંતુ બાહ્ય દેવાની બાબતમાં સરકાર દ્વારા ઊંચા વ્યાજદર આપવા છતાં પણ લોન મળવામાં મુશ્કેલી જણાય તો સરકાર નાદાર જેવી સ્થિતિમાં મુકાય છે. આ પ્રકારની મુશ્કેલીઓથી બચવા માટે સરકાર યોગ્ય સમયે દેવાની ચૂકવણી કરી આપે છે.

જાહેર દેવાની ચૂકવણી માટે સામાન્ય રીતે નીચે મુજબની રીતો અપનાવવામાં આવે છેઃ

8.7.1 દેવાની ચૂકવણીનો ઈનકાર :

સરકાર દેવાની ચૂકવણી કરવાની ના પણ પાડી શકે છે. જો આમ થાય તો પ્રજાનો સરકાર પરનો વિશ્વાસ ઘટી જાય છે અને સરકારને ભવિષ્યમાં દેવુ કરવામાં મુશ્કેલી ઊભી થશે. વિદેશી દેવાની ચૂકવણીનો ઈનકાર કરવામાં આવે તો દેશને આર્થિક નાકાબંધી અથવા લશ્કરી પગલાં સહેવાં પડશે. માટે સરરકાર દેવાની ચૂકવણી કરવાની ના નહીં પાડે. આમ છતાં, વિશિષ્ટ કે અસામાન્ય સંજોગોમાં સરકાર દેવાની ચૂકવણી કરવાનો ઈનકાર કરી શકે છે.

8.7.2 નવી જામીનગીરીઓ દ્વારા :

કોઈ એક પ્રકારની જામીનગીરી કે લોનની મુદ્દત પૂરી થતાં તેની ચૂકવણી માટે સરકાર નવી જામીનગીરી કે બોન્ડ બહાર પાડીને પણ જરૂરી નાણાભંડોળ પ્રાપ્ત કરી શકે છે. સરકાર ટૂંકી મુદ્દતના દેવાની ચૂકવણી માટે લાંબી મુદ્દતના બોન્ડ અથવા જામીનગીરી બહાર પાડે છે. જેથી સરકાર પર કામચલાઉ બોજો ઘટે છે.

8.7.3 દેવાનું રૂપાંતર :

દેવું ચૂકવવાની બાબતમાં સરકાર એક લોન ભરપાઈ કરવા માટે અન્ય નવી લોનની મદદ લે છે. સામાન્ય રીતે નીચા વ્યાજમાંથી ઊંચા વ્યાજમાં લોનનું રૂપાંતર કરવામાં આવતું હોય છે, કે જેથી દેવાના બોજામાં ઘટાડો થાય. લોન રૂપાંતરનો માર્ગ નીચેના બે સંજોગોમાં અપનાવવામાં આવતો હોય છે :

(ક) ચૂકવણી માટે સરકાર પાસે પર્યાપ્ત નાણું ન હોય.

(ખ) જૂની લોનની તુલનામાં વર્તમાન નવી લોનનો વ્યાજના દરો સરકારને અનુકૂળ લાગતા હોય.

જોકે, આ પ્રકારે દેવાનું રૂપાંતર કરવાથી હકીકતમાં દેવાનો બોજો ઓછો થતો નથી.

8.7.4 કેપિટલ લેવી :

સરકાર પર દેવાનું ભારણ એ ખુબ વધી ગયું હોય ત્યારે સમાજ પર ઓછામાં ઓછો બોજ પડે એ માટે ડાલ્ટન કેપિટલ લેવી નાખવાથી ભલામણ કરે છે. આ વેરો એ કાયમને માટે ફક્ત એક જ વખત અમુક કિંમતની સંપત્તિના માલિક પર ઊંચા દરે લેવાતો વેરો છે.

ખાસ કરીને યુદ્ધ દરમિયાન થયેલાં દેવાંના બોજાની ચૂકવણી માટે આ વેરો નાખવામાં આવતો હોય છે. વિશ્વના ઘણા દેશોએ યુદ્ધ પછી કેપિટલ લેવી દ્વારા દેવાની રકમ એકઠી કરેલી હતી. આમ છતાં, કેપિટલ લેવી દરમિયાન નીચેની બાબતો પર ધ્યાન રાખવું આવશ્યક છે :

(ક) લોકોની કર ભરવાની શક્તિ પ્રમાણે કેપિટલ લેવી પ્રાપ્ત કરવી જોઈએ.

(ખ) યુદ્ધ દરમિયાન ઉત્પન્ન થયેલી ફુગાવાજન્ય સ્થિતિ અને નફાખોરીથી ઉત્પાદકો બહોળો નફો કમાયા હોય છે, માટે તેઓને કેપિટલ લેવીનાં નાણાં આપવા સરળ લાગે છે.

(ગ) કેપિટલ લેવી દ્વારા જ્યારે દેવું ચૂકવાય જાય ત્યાર બાદ સરકારે લેવી દ્વારા નાણાં મેળવવાં બંધ કરી દેવાં જોઈએ કે જેથી સમાજ પરનો વિશેષ બોજ ઘટશે અને તેઓ માનસિક સંતોષ અનુભવશે.

(ઘ) ધનિક ગ્રાહકની વપરાશવૃત્તિ ઘટાડવા અને ફુગાવાના દબાણને ઓછું કરવા કેપિટલ લેવી ઉચિત ગણાય છે.

આ ઉપરાંત યુદ્ધ પછીના સમયમાં રાષ્ટ્રમાં સુધારારૂપ, આઝાદી બાદ દેશના વિભાજન પછી નિર્વાસિતોના પુનઃ વસવાટ માટે જરૂરી નાણાંની પ્રાપ્તિ માટે કેપિટલ લેવીનું સૂચન કરવામાં આવ્યું હતું. આમ છતાં, કેપિટલ લેવી યુદ્ધ પછીના સમયમાં ઉઘરાવાનું વધુ વાજબી ગણવામાં આવે છે. કારણ કે આ સમયે સરકારનું દેવું પણ ખૂબ વધી ગયુ હોય છે અને સાથે વ્યાજની ચૂકવણી પણ કરવાની હોય છે.

8.7.5 ક્રમિક બોન્ડની ચૂકવણી :

આ રીતમાં સરકાર જાહેર દેવાની રકમને એકીસાથે ન ચૂકવતા દર વર્ષે થોડી થોડી રકમની ચૂકવણી કરે છે. સરકાર પાસે દેવાની પાકતી મુદતે પૂરેપૂરાં નાણાં ભરપાઈ કરવાની શક્તિ હોવા છતાં પણ અમુક પ્રતિકૂળતાઓ ઊભી થવાની શક્યતા હોવાથી ક્રમવાર લોનની રકમ ભરપાઈ કરે છે. આમ અમુક વર્ષે લોનની પૂરેપૂરી રકમ ભરપાઈ થઈ જાશે અને સરકારના દેવામાં પણ ઘટાડો થશે.

8.7.6 ડૂબતનિધિ (Sinking Fund - સિંકિંગ ફંડ) :

આ રીતમાં સરકાર પોતાની આવકમાંથી અમુક આવકને જુદી રાખીને એક ભંડોળ ઊભું કરે છે. આ રીતે એકઠું કરેલ ભંડોળ દેવાની ચૂકવણી માટે ઉપયોગમાં લઈ શકાય. દેવાની ચૂકવણી માટે આ પદ્ધતિ સૌથી ઉત્તમ ગણાય છે. કારણ કે તેનાથી સરકારની પ્રતિષ્ઠા પણ વધે છે અને લોન આપનારનો વિશ્વાસ પણ વધે છે. જોકે, આ એક ધીમી પ્રક્રિયા છે અને સરકાર કટોકટીના સમયે આ સમનો ઉપયોગ કરી નાખે તેવો પણ ભય રહે છે.

આધુનિક સમયમાં સરકાર આ પ્રકારની ડૂબતનિધિ દ્વારા નાણાંભંડોળ ઊભું કરતું નથી, પરંતુ દર વર્ષે પોતાની આવકના અમુક ભાગને જાહેર દેવાની ચૂકવણી માટે અલગથી ફાળવી આપે છે.

8.7.7 પુરાંતવાળું અંદાજપત્ર :

સરકાર દ્વારા દેવાની ચૂકવણી માટે ઘણીવાર પુરાંતવાળા અંદાજપત્રનો ઉપયોગ કરવામાં આવે છે. જોકે, પુરાંતવાળા અંદાજપત્ર માટે ભારે કરબોજનો આશરો લેવો પડતો હોય છે, જે ગંભીર અસરો પેદા કરી શકે છે. આથી ભારત જેવા દેશમાં પુરાંતવાળું બજેટ ભાગ્યે જ જોવા મળે છે.

8.7.8 વધારાના કરવેરા :

જાહેર દેવાની ચૂકવણી માટેનો અન્ય માર્ગ નવા કરવેરા દ્વારા આવક પ્રાપ્તિ કરવાનો છે. સરકાર માટે આ માર્ગ વધુ સરળ છે. પ્રમાણમાં નીચા દરવાળા એક કરતાં વધુ કરવેરા નાખીને સરકાર જે આવક પ્રાપ્ત થાય તેનો ઉપયોગ દેવાની ચૂકવણી કરવા ઉપયોગમાં લઈ શકે છે. વળી, આ પ્રક્રિયામાં આવકની પુનઃ વહેંચણી પણ સમાયેલી છે. છતાં, જો લાંબી મુદતના દેવાની ચૂકવણી માટે વધારાના કરવેરાનો ઉપયોગ કરવામાં આવે તો ભાવી પેઢી પર દેવાનો બોજ આવી શકે છે.

❖ તમારી પ્રગતિ ચકાસો : (ખ)

(1) સરકાર વિદેશી દેવાની ચૂકવણીનો ઈનકાર કરી શકે નહીં, બે વાક્યમાં જવાબ આપો.

___

___

___

(2) વિદેશી જાહેર દેવું દેશના અર્થતંત્ર પર સાનુકૂળ અસર ઊભી કરી શકે છે. 30 શબ્દોમાં સમજાવો.

___

___

___

(3) સરકાર દ્વારા કેપિટલ લેવી ક્યા સંજોગોમાં નાખવામાં આવે છે ? 50 શબ્દોમાં જણાવો.

___

___

___

(4) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં જણાવો :

(ક) પુરાંતવાળું અંદાજપત્ર ગંભીર અસરો પેદા કરી શકે છે.

(ખ) જાહેર દેવાં દ્વારા સરકાર જે ખર્ચ કરે છે તે ઊંચી વાસ્તવિક આવક માટે ફાયદારૂપ છે.

8.8 સારાંશ :

આ એકમમાં આપણે જાહેર દેવાના વિવિધ પાસાંઓની ચર્ચા કરી છે. ખાસ કરીને ૨૦મી સદીમાં કલ્યાણ રાજયના ખ્યાલ સાથે જાહેર દેવાનું મહત્ત્વ વધતું ગયું છે. માટે જ આધુનિક સરકારો પોતાનાં અંદાજપત્રોમાં જાહેર દેવાને વિશેષ મહત્ત્વ આપે છે અને વિવિધ હેતુઓ માટે દેવાનો ઉપયોગ કરે છે. અગાઉનાં વર્ષોમાં દેવું એ રાષ્ટ્રની નબળી સ્થિતિનું પ્રતીક માનવામાં આવતું હતું. આજે દેવું કરવું એ શરમ નહિ, પરંતુ રાષ્ટ્રના વિકાસનું મહત્ત્વનું સાધન બની ચુક્યું છે. આજે અલ્પવિકસિત, વિકાસમાન અને વિકસિત રાષ્ટ્રો દેવાનો ખુલ્લેઆમ ઉપયોગ કરી રહ્યાં છે. જ્યારે ચીલાચાલુ સાધનો દ્વારા આવક પ્રાપ્ત ન કરી શકાતી હોય ત્યારે દેવું જ આવક નિર્માણનું મહત્ત્વનું સાધન બની રહે છે. આંતરિક દેવું કરવું કે આંતરરાષ્ટ્રીય દેવું (બાહ્ય દેવું) કરવું એ રાષ્ટ્રની પરિસ્થિતિ પર આધાર રાખે છે. છતાં પણ એક બાબત યાદ રાખવી જરૂરી છે કે આંતરિક દેવાની તુલનામાં આંતરરાષ્ટ્રીય દેવું વધુ બોજારૂપ હોય છે. માટે જ, દેવાનો ઉપયોગ ઉત્પાદકીય હેતુ માટે જ થાય તેની સરકારે કાળજી રાખવી જોઈએ. સરકારે આંતરરાષ્ટ્રીય દેવાનો ઉપયોગ વપરાશ માટે ન કરતાં રાષ્ટ્રની આવકમાં વધારો થાય અને રાષ્ટ્રના વિકાસમાં દેવું સહાયક બની શકે તે માટે જ કરવો જોઈએ. જાહેર દેવાનો ખ્યાલ સાપેક્ષ છે. જાહેર દેવું કરવું ફાયદાકાર છે કે નુકસાનકારક, એ તો જે તે દેશની સરકાર દેવાનો ઉપયોગ ક્યા હેતુસર અને કેવી રીતે કરે છે, તેના પર આધાર રાખે છે.

8.9 ચાવીરૂપ શબ્દો :

❖ શાખસર્જન :

કુલ થાપણોનો અમુક ભાગ રોકડમાં હાથ પર રાખીને બાકીના ભાગનું ગ્રાહકોને ધિરાણ કરીને વ્યાપારી બેંકો શાખસર્જન કરતી હોય છે. બેંકો જ્યારે પોતાના ગ્રાહકોને લોન કે ધિરાણ આપે છે ત્યારે તે માટેની રકમ રોકડમાં આપવાને બદલે ગ્રાહકના ખાતામાં તેટલી જ રકમ જમા કરવામાં આવે છે. ધિરાણ લેનાર ગ્રાહકને જેટલાં પ્રમાણમાં નાણાંની જરૂર હોય અથવા અન્ય વ્યક્તિને નાણાં આપવાનાં હોય તો બેંકને ચેક લખે છે અને બેંક ચેકની ચૂકવણી કરે છે. આ રીતે બેંક ધિરાણ કે લોન આપે છે ત્યારે રોકડ ગુમાવ્યા વગર વ્યાજ કમાય છે. આ રીતે બેંક જે નવાં નાણાંનુ સર્જન કરે છે તેને શાખસર્જન કહેવાય છે.

❖ કલ્યાણ રાજય :

પાછલાં વર્ષોમાં રાજયનું કામ માત્ર પ્રજાને રક્ષણ અથવા સલામતી આપવાનું હતું. પરંતુ આજે રાજય દ્વારા માત્ર પ્રજાને સલામતી જ ન આપતા પ્રજાનો આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક વિકાસ થાય તે હેતુથી વિવિધ સેવાઓ પ્રદાન કરવાનું પણ છે. જેથી કરીને પ્રજાના કલ્યાણમાં વધારો થવાથી રાષ્ટ્રનો ઝડપી વિકાસ શક્ય બને.

❖ સસ્તાં નાણાંની નીતિ :

અર્થતંત્રમાં જ્યારે મંદીજન્ય સ્થિતિ હોય ત્યારે મધ્યસ્થ બેંક દ્વારા બેંકરેટ, રેપોરેટ, રિવર્સ રેપોરેટ વગેરેના દરમાં ઘટાડો કરવામાં આવે છે. વ્યાજદર ઘટવાથી વિવિધ પ્રકારની લોન

સસ્તી થાય છે. લોકો ધિરાણ લેતાં થાય છે. ટૂંકમાં પ્રજાના હાથમાં વધુ રોકડ નાણું આપવાથી ખરીદશક્તિમાં વધારો થાય છે. અર્થતંત્રમાં ઉત્પાદન, આવક, રોજગારી વધે છે અને મંદી દૂર થાય છે. મધ્યસ્થ બેંકની આ પ્રકારની નીતિને સસ્તાં નાણાંની નીતિ કહે છે.

❖ જાહેર દેવાનો બોજો :

જાહેર દેવાનો બોજો એટલે દેવું ભરપાઈ કરવા માટે જે રકમ ચૂકવવાની છે તે આ રકમમાં મુદલ અને વ્યાજનો સમાવેશ થાય છે. દેવું ભરપાઈ કરવાની જવાબદારી અને સમાજના સંતોષ અથવા કલ્યાણ, જે અસર પેદા થાય છે તે બોજ તરીકે ગણવામાં આવે છે.

❖ બોન્ડ :

કોઈ ચોક્કસ તારીખે ચોક્કસ રકમની ચૂકવણી કરવા માટે અથવા ચોક્કસ શરતોને પરિપૂર્ણ કરવા માટે એક લેખિત અથવા હસ્તાક્ષર કરેલું વચનપત્ર બધાં જ દસ્તાવેજીકૃત કરારો અને લોન કરારો એક પ્રકારના બોન્ડ જ છે.

❖ સરકારી જામીનગીરી :

સરકારી જામીનગીરી એક એવો બોન્ડ છે કે જેની પાકતી તારીખે સરકાર દ્વારા તેની ચૂકવણી કરવાનો વાયદો કરેલો હોય. આ બોન્ડને સરકારી સમર્થન હોવાથી તે ઓછા જોખમવાળું મૂડીરોકાણ ગણાય છે. સરકાર નાણાં એકત્ર કરવા રોકાણકારોને જામીનગીરી વેચીને દેવું કરે છે. ખાનગી ઉદ્યોગોની જેમ જ સરકાર પણ નાણાંની પ્રાપ્તિ માટે બોન્ડના સ્વરૂપમાં જામીનગીરી બહાર પાડે છે અને નાણાપ્રાપ્તિ કરે છે.

❖ નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :

(1) રાજ્ય દ્વારા કરવામાં આવતા દેવાને ખાનગી દેવું કહે છે.

(2) દેશનું બાહ્ય દેવું એ દેશનું એક રાજ્ય બીજા રાજ્ય પાસેથી મેળવે છે.

(3) જાહેર દેવું એ સામાન્ય રીતે લોકોમાં વપરાશમાં ઘટાડો કરતું નથી.

(4) વિદેશી જાહેર દેવું અર્થતંત્ર પર ત્યારે જ હકારાત્મક અસર થાય છે કે જેનો ઉપયોગ ઉત્પાદકીય ક્ષેત્રમાં કરવામાં આવે

(5) જાહેર દેવાનાં પરિણામે આવકની વહેંચણી વધુ સમાન બને છે.

(6) કરવેરા દ્વારા કરદાતાની સંપત્તિમાં ઘટાડો થાય છે.

(7) રાજ્ય દ્વારા કરવેરાથી પ્રાપ્ત થતી આવકના કારણે લોકોની વપરાશ ઘટે છે.

⇨ ઉપયોગી પુસ્તકો ની યાદી :

➢ ડૉ.એમ.એન. રાવલ : 1976 આર્થિક સિદ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

➢ ડી.એમ. મિથાની, પી.એસ.ત્રિવેદી : 1987 રાષ્ટ્રીય અર્થવિધાન, ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ

➢ R.C.Saxena, P.C Mathur : 1963 Public Economics, Sai Prakash Nath & Co.

➢ R.N. Tripathy : 1964, Public Finance in under developed Countries, World Press

➢ U.P. Saxena, V.P. Malhotra : Esay on Money and Public Finance, A Coreers digest Publication

➢ Andley & Sandaram : 1969 Public Economics and Public Finance, Ratan Prakashan Mandir Agra.

➢ H.L. Bhatia : 1976 Public Finance, Vikash Publishing house Pvt.Ltd. Kanpur.

⇨ 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો :

❖ તમારી પ્રગતિ ચકાસો (ક) :

(1) (ક) સમગ્ર સમાજ (ખ) બાહ્ય (ગ) અવેજ

(2) (ક) સાચુ (ખ) ખોટુ (ગ) ખોટુ

(3) પેટા વિભાગ 8.3.2 વાંચો

(4) પેટા વિભાગ 8.4.1 વાંચો

❖ તમારી પ્રગતિ ચકાસો (ખ) :

(1) પેટા વિભાગ 8.7.1 વાંચો

(2) પેટા વિભાગ 8.6.4 વાંચો

(3) પેટા વિભાગ 8.7.4 વાંચો

(4) (ક) ✓ (ખ) ✓

❖ જવાબ :

(1) ખોટું (2) ખોટું (3) ખરું (4) ખરું

(5) ખરું (6) ખરું (7) ખરું

*** *** ***

એકમ 9

ભારતમાં જાહેર દેવાંનાં વલણો

-: રૂપરેખા :-

9.0 ઉદ્દેશો

9.1 પ્રસ્તાવના

9.2 જાહેર દેવું એટલે શું ?

9.3 ભારતમાં જાહેર દેવાંનાં વલણો

9.4 ભારતમાં જાહેર દેવાંમાં વધારો થવાનાં કારણો

9.5 સારાંશ

9.6 ચાવીરૂપ શબ્દો

9.7 તમારી પ્રગતિ ચકાસો

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

9.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

- ➢ જાહેર દેવાંનો અર્થ સમજાવી શકશો.
- ➢ જાહેર દેવાંના ઉદ્દેશોનું વર્ણન કરી શકશો.
- ➢ જાહેર દેવાંનાં વલણોનું વિશ્લેષણ કરી શકશો.
- ➢ ભારતમાં જાહેર દેવાંમાં વધારો થવાનાં કારણોની ચર્ચા કરી શકશો.

9.1 પ્રસ્તાવના (Introduction) :

કલ્યાણ રાજ્યમાં સરકારે વિવિધ પ્રવૃત્તિઓ પર ખર્ચ કરવો પડે છે. આર્થિક વિકાસના કાર્યક્રમો માટે, સામાજિક સેવાઓ પૂરી પાડવા માટે સંરક્ષણ ખર્ચ, આકસ્મિક સંજોગોને પહોંચી વળવા માટે જાહેર ખર્ચમાં વધારો થયા કરે છે. ભારતમાં વધતાં જતાં ખર્ચને પહોંચી વળવા માટે આવક પ્રાપ્તિના મહત્ત્વના સાધન તરીકે કરવેરા પર આધાર રાખવામાં આવ્યો છે. પરંતુ વિકસતા દેશોમાં રાજકીય અને આર્થિક કારણોસર કરવેરાનું ક્ષેત્ર મર્યાદિત હોય છે.

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની એવી દૃઢ માન્યતા રહેલી છે કે સરકારી ખર્ચ બને એટલું ઓછું અને સરકારની પ્રાથમિક ફરજો પૂરતું જ મર્યાદિત રહેવું જોઈએ. કરવેરા અને જાહેર દેવાં વચ્ચે જો પસંદગી કરવાની હોય તો પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ કરવેરાને પસંદગી આપશે. કારણ કે કરવેરાની સરખામણીમાં જાહેર દેવાં દ્વારા સાધન પ્રાપ્ત કરવાનું કાર્ય સરકાર માટે પ્રમાણમાં સહેલું હોવાથી સરકારો આ સાધનો પ્રાપ્ત કરી ઉડાઉ તથા બિનજવાબદાર ખર્ચમાં વધારો કરી અર્થવ્યવસ્થા પર બોજો લાદશે. જાહેર દેવાંના સ્થાને કરવેરા દ્વારા યોજના માટે સાધનો પ્રાપ્ત કરાય તો વ્યાજની ચૂકવણીનો પ્રશ્ન પેદા થતો નથી.

બીજા વિશ્વયુદ્ધ પછી સ્વતંત્રતા મેળવેલા દેશો સામે આર્થિક વિકાસનો કપરો પ્રશ્ન ઉદ્દ્ભવ્યો, યુદ્ધમાં જોડાયેલાં રાષ્ટ્રોના પુનઃ નિર્માણનો પ્રશ્ન મહત્ત્વનો બન્યો અને આમ જાહેર દેવાંનું મહત્ત્વ વધ્યું. પ્રો.કેઈન્સે તેમના આર્થિક વિચારોમાં પણ જાહેર દેવાંનો ખ્યાલ વિકસાવ્યો છે, દેવું આંતરિક કે બાહ્ય હોય છે, પરંતુ દેશના લોકો પાસેથી લેવાયેલ દેવું બોજારૂપ નથી તેવો ખ્યાલ પ્રવર્તમાન બન્યો છે. કરવેરા હેઠળ રાજ્ય લોકો પાસેથી ફરજિયા પણે આવક મેળવી લે છે. જયારે જાહેર દેવું એ મરજિયાત સાધન પ્રાપ્તિનો માર્ગ છે.

1929 ની આ મહામંદીએ માત્ર અમેરિકાના અર્થતંત્રને નહી, પરંતુ વિશ્વના મોટા ભાગના દેશના અર્થતંત્રને હચમચાવી નાખેલ. મહામંદીના પૂર ખાળવામાં નાણાંકીય નીતિ બિનકાર્યક્ષણ નીવડી અને તેમાંથી જ રાજકોષીય નીતિની અગત્યતા ઊભી થઈ. રાજકોષીય નીતિનું એક મહત્ત્વનું પાસું ‘જાહેર દેવું’ છે.

જાહેર દેવું અને કરવેરામાં તફાવત એ છે કે કરવેરા નાગરિકોને ફરજિયાતપણે ભરવા પડે છે, જયારે જાહેર દેવું મરજિયાત હોય છે. સરકાર લોન બહાર પાડે ત્યારે લોકો સ્વૈચ્છિક રીતે સરકારી બોન્ડ ખરીદી સરકારને ઉછીનાં નાણાં આપે છે. બીજું કરવેરાને કારણે કર ભરનારની વાસ્તવિક આવક અથવા સંપત્તિમાં ઘટાડો થતો નથી, કારણ કે સરકારી બોન્ડ એ પણ એક પ્રકારની અસ્કયામત છે.

જાહેર દેવું એ રાજકીય નીતિનું મહત્ત્વનું અંગ છે. રાજય પોતાનાં વિકાસ કાર્યો માટે ખર્ચ કરે છે. આ ખર્ચની રકમ બે સાધનો દ્વારા એકઠી થઈ શકે છે. જે (1) જાહેર આવક (2) જાહેર ઋણ વિસ્તૃત અર્થમાં જાહેર આવકમાં જાહેર ઋણનો સમાવેશ થઈ જાય છે. આમ છતાં જાહેર આવકમાં જાહેર ઋણ વચ્ચે તફાવત છે. જાહેર આવક દ્વારા મેળવેલી રકમની લોકોને પ્રત્યક્ષ ચૂકવણી કરવી પડતી નથી. જાહેર ઋણ માટે મેળવેલી રકમ દાન-લોન તેની પ્રત્યક્ષ ચૂકવણી કરવી પડે છે. પ્રસ્તુત લોન લાભદાયી રકમ સાથે પરત કરવાની હોય છે. આમ, જાહેર દેવું એ રાજયની એક જવાબદારી બની જાય છે.

બીજી રીતે જોઈએ તો જાહેર દેવું રાષ્ટ્રની એક જવાબદારી પણ છે. જાહેર દેવાં દ્વારા રાજ્યે લીધેલી રકમ જેવી કે લોન જેટલા સમય માટે, જેની પાસેથી જે શરતોએ લીધેલી હોય તે પ્રમાણે તે સમયે તેના મૂળ માલિકને વ્યાજ સાથે ચૂકવવાની હોય છે. આપણી સરકાર લોન, બોન્ડ નાની બચત યોજના, વિદેશી સહાય વગેરે દ્વારા જે કોઈ નાણાં એકઠાં કરે છે, તે અમુક સમય માટે રાજયની આવક ભલે બને, પરંતુ લાંબા ગાળે તેની ચૂકવણી આવશ્યક છે વર્તમાન સમયમાં જાહેર દેવું જાહેર નાણાતંત્રનું કાયમી અંગ બની ગયું છે. અને તેમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે.

❖ જાહેર દેવાંના ઉદ્દેશો (Objectives of Public Debts) :

(1) અલ્પવિકસિત દેશના આર્થિક વિકાસ માટે

(2) નાણાકીય નીતિની અસરકારકતા માટે

(3) સામૂહિક જરૂરિયાત સંતોષવા માટે

(4) આર્થિક સ્થિરતા જાળવવા માટે

(5) કુદરતી આપત્તિને ટાળવા માટે

(6) અર્થતંત્રમાં મંદીને રોકવા માટે

(7) યુદ્ધની પરિસ્થિતિને પહોંચી વળવા માટે

9.2 જાહેર દેવું એટલે શું ? (What is Public Debt ?) :

જાહેર દેવાંને મુખ્યત્વે બે વર્ગમાં વહેંચવામાં આવે છે એક તો, જ્યારે દેશની સરકાર પોતાના નાગરિકો અથવા સંસ્થાઓ પાસેથી ઉછીનાં નાણાં પ્રાપ્ત કરે ત્યારે આંતરિક દેવું અસ્તિત્વમાં આવે છે. બીજું જ્યારે વિદેશમાંથી ઉછીનાં નાણાં પ્રાપ્ત કરાય ત્યારે બાહ્ય દેવું અસ્તિત્વમાં આવે છે.

કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જે દેવું કરે છે તેને જાહેર દેવું કહે છે. જાહેર દેવું અર્થતંત્રને અનેક રીતે અસર કરે છે. દેવું આંતરિક અને બાહ્ય એમ બંને પ્રકારનું હોય છે. જાહેર દેવાં અંગે અનેક અર્થશાસ્ત્રીઓએ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા છે.

(1) "આંતરિક દેવું એ દેવું નથી." - ડાલ્ટન

(2) "આંતરિક દેવું બોજારૂપ નથી." - એ.પી.લર્નર

(3) "વિદેશી દેવું એ પેઢીઓ વચ્ચે સાધનોની હેરફેર કરવાની એક પદ્ધતિ છે." - મસગ્રેવ

(4) "સામાન્ય રીતે આર્થિક વિકાસ વધતા દેવાં સાથે સુસંગત હોય છે." - પ્રો. ટારશીસ

આમ, "કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા જે લોન કે રકમ જેની પાસેથી જે શરતોએ લીધેલ હોય તે પ્રમાણે તે સમયે તેના મૂળ માલિક ને વ્યાજ સાથે ચૂકવવાની હોય છે. જેની ચૂકવણી આવશ્યક છે. તે લોન, વિદેશી સહાય ને જાહેર દેવું કહે છે."

જાહેર દેવું એ રાજ્યની પ્રવૃત્તિઓમાંની સાધન પ્રાપ્તિનું એક અગત્યનું સાધન છે. જ્યારે રાજ્ય બેંકો, પેઢીઓ અને વ્યક્તિઓ અથવા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અથવા વિદેશી સરકારો પાસેથી ઉછીનાં નાણાં પ્રાપ્ત કરે છે ત્યારે દેવું અસ્તિત્વમાં આવે છે. દેશમાંથી વ્યક્તિઓ તેમજ સંસ્થાઓ પાસેથી ઉછીની મેળવાયેલી રકમને આંતરિક જાહેર દેવું અને વિદેશમાંથી ઉછીની મેળવેલ રકમને વિદેશી જાહેર દેવું કહેવામાં આવે છે.

અગાઉ રાજાશાહી વ્યવસ્થામાં કે નાના સ્વાવલંબી આર્થિક એકમો દેશના જાહેર દેવાંમાં બાહ્ય દેવાં (વિદેશી દેવું)નું પ્રમાણ શુન્ય જોવા મળતું હતું,પરંતુ વર્તમાન સમયમાં દેશના વિકાસ અર્થે તેમજ કલ્યાણ રાજ્યોના વિકાસ અર્થે આંતરિક અને બાહ્ય બંને પ્રકારનાં ઋણ પ્રત્યેક રાજ્યના જાહેર ઋણ માળખામાં જોવા મળે છે.

9.3 ભારતમાં જાહેર દેવાંનાં વલણો (Trends in Public Debt in India) :

19મી સદી પહેલા પોલીસ રાજ્ય હતું ત્યારે જાહેર દેવું નાછુટકે જ કરાતું પરંતુ 19મી સદીથી મોટાભાગની સરકારોએ કલ્યાણ રાજ્યનો ધ્યેય સ્વીકાર્યો હોવાથી સરકારની પ્રજા કલ્યાણ અને આર્થિક વિકાસની જવાબદારીઓ વધી જતાં સરકારનો ખર્ચ તેની કર વિષયક આવકો કરતાં ઘણો વધી ગયો છે. આ વધેલા ખર્ચને પહોંચી વળવા જાહેર દેવાંનો આશ્રય લેવો અનિવાર્ય બન્યો છે. આ જાહેર દેવું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉત્પાદકીય અને કલ્યાણકારી હેતુ માટે વપરાતું હોવાથી આવકાર્ય પણ છે. સરકાર જાહેર દેવું સરળતાથી ચૂકવવા શક્તિમાન છે. ભારત સહિત વિશ્વના મોટાભાગના દેશોમાં આ જ કારણે જાહેર દેવાંનો વ્યાપ થઈ જાહેર અર્થવિધાનમાં આવક પ્રાપ્તિનું મહત્ત્વનું સાધન બન્યું છે.

ભારતનાં જાહેર દેવાંની ચર્ચામાં મુખ્યત્વે કેન્દ્ર સરકારનાં અને રાજ્ય સરકારોનાં દેવાંનો સમાવેશ થાય છે. વિદેશોમાંથી દેવું કરવાની સત્તા માત્ર એક સરકારને છે. એટલે રાજ્ય સરકારોનું સઘળું દેવું આંતરિક દેવાંના પ્રકારનું હોય છે. જ્યારે કેન્દ્ર સરકારનું દેવું આંતરિક દેવું અને બાહ્ય દેવું

એમ બન્ને સ્વરૂપનું હોય છે. આઝાદી સરકાદ્વારા દેશમાં રેલવે અને સિંચાઈ જેવી યોજનાઓ શરૂ કરવા માટે દેવું કરવામાં આવ્યું હતું. 1939માં ભારત સરકારનું દેવું ₹ 1206 કરોડ હતું જેમાં આંતરિક દેવાંનું પ્રમાણ ₹ 736 કરોડ અને વિદેશી દેવાંનું પ્રમાણ ₹ 470 કરોડ જેટલું હતું, જે બ્રિટન સાથેનું હતું.

1939 થી 1946ના સમયગાળામાં યુદ્ધના ખર્ચને પહોંચી વળવા માટે જાહેર દેવાંના ખર્ચની નીતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સમયમાં સરકારે જે લોનો બહાર પાડી હતી તેને સારો આવકાર મળ્યો હતો અને તેને પરિણામે યુધ્ધના અંતે સરકારનું દેવું વધીને ₹.2308 કરોડ જેટલું થયું હતું. જે પૈકીનું મોટાભાગનું દેવું આંતરિક દેવું હતું. આ સમયે બ્રિટન પાસેથી આપણે લીધેલું સ્ટર્લિંગ દેવું સંપૂર્ણ પણે ભરપાઈ કરી દેવાંયું હતું અને બ્રિટનમાં ભારત ખાતે મોટા પ્રમાણમાં સ્ટર્લિંગ પુરાંત જમા થવા પામી હતી.

આમ, આ સમય દરમિયાન ભારતને ઈંગ્લેન્ડ સાથેના વ્યાપારમાં પુરાંત મળેલ તેમજ ભારત સરકારે ઈંગ્લેન્ડ વતી ભારતમાંથી મોટા પ્રમાણમાં કાચો માલસામાન તેમજ અન્ય ચીજવસ્તુની ખરીદી કરી હતી અને તેની ચૂકવણી સ્ટર્લિંગમાં કરી હતી. આ ઉપરાંત કેટલીક જવાબદારી જેવી કે ભારતીય લશ્કરનું આધુનિકરણ કરવું તે ઈંગ્લેન્ડે સ્વીકાર્યું હતું અને તેની ચૂકવણી પણ સ્ટર્લિંગમાં કરવામાં આવી હતી. આમ, આ બધા પરિવર્તનોને કારણે એકંદરે આઝાદી પહેલાં ₹ 2294 કરોડની સ્ટર્લિંગ પુરાંત ભારત ખાતે જમા થયેલ હતી.

1951-52 પછીના સમયગાળામાં ભારતના જાહેર દેવાંના સ્વરૂપમાં તેમજ માળખામાં ખૂબ મોટા ફેરફારો નોંધાયા છે. અતિ મોટી પંચવર્ષીય યોજનાઓ માટે આવશ્યક સાધનો મેળવવાં માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને વધારાના કરવેરા ઉપરાંત વધુને વધુ જાહેર દેવાંનો સહારો લેવો પડ્યો છે. ભારતીય જાહેર દેવાંની આંતરિક તેમજ બાહ્ય દેવાંમાં વહેંચણી નીચે મુજબ રહેવા પામી છે.

❖ કેન્દ્ર સરકારનું જાહેર દેવું (₹.કરોડોમાં) (central government public debt) :

વર્ષ	આંતરિક દેવું	બાહ્ય દેવું	કુલ દેવું
1951	2022	32	2,054
1961	3975	782	4757
1971	7662	6485	14,147
1988-89	1,14,400	540	1,39,940
2002-03			6,88,421
2011-12	41,81,842	1,70,887	43,52,689
2014			54,90,763
2018			82,03,253

કેન્દ્ર સરકારનું દેવું 1950-51માં 2,054 કરોડ હતું, તે વધીને દસકામાં 1961માં આંતરિક દેવું જે 3975 રહેવા પામ્યું હતું, જ્યારે બાહ્ય દેવું 782 રૂપિયા કરોડ રહ્યું હતું, જે કુલ મળીને 4757 કરોડ રૂપિયા દેવું થવા પામ્યું હતું, તે વધીને 1971માં ₹ 7662 કરોડ અને 1988-89 માં ₹ 1,14,400 કરોડ થયું છે. છેલ્લા દાયકામાં તે સાત ગણું થયું છે. જ્યારે બાહ્ય અને આંતરિક કુલ દેવું 1,39,940 કરોડ રૂપિયા રહેવા પામ્યું હતું. જે કુલ દેવું વર્ષ 2003-04 માં 7,91,400 કરોડ રૂપિયા થયું હતું. જે વધીને 2011-12ના વર્ષમાં કેન્દ્રર સરકારનું આંતરિક દેવું 41,81,842 કરોડ રૂપિયા, જ્યારે બાહ્ય દેવું 1,70,847 કરોડ રૂપિયા જે બાહ્ય અને આંતરિક કુલ મળીને

43,52,689 કરોડ રૂપિયા થયું હતું. વર્ષ 2014માં કેન્દ્ર સરકારનું કુલ જાહેર દેવું 54,90,763 કરોડ રૂપિયા થવા પામ્યું છે. જે ઉપરના કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે કેન્દ્ર સરકારનું વર્ષ 2018નું જાહેર દેવું 82,03,253 કરોડ રૂપિયા થવા પામ્યું હતું.

ભારત સરકારનાં જાહેર દેવાંમાં વર્તમાનમાં News of Gujarat.com ના 26.27 ડિસેમ્બર 2016ના રિપોર્ટ મુજબ જેમ જેમ ભારતનો આર્થિક વિકાસ આગળ વધી રહ્યો છે તેમ તેમ ભારતનો ખર્ચ અને દેવું પણ વધી રહ્યું છે. દેશનો પ્રતિ વ્યક્તિ દેવાંના આંકડો માર્ચ 2016 સુધીમાં 9 ટકા વધીને 53,769 રૂપિયા પર પહોંચી ગયો છે. માથાદીઠ દેવાંનું પ્રમાણ કેન્દ્ર સરકારનું કુલ દેવું અને દેશની કુલ વસ્તીના આધારે કરવામાં આવે છે. ઊંચા વિકાસ દરને જાળવી રાખવા માટે ખર્ચ વધ્યો છે. જેના કારણે દેશના માથાદીઠ દેવાંમાં પણ વધારો થયો છે. માર્ચ 2015 માં ભારતમાં માથાદીઠ દેવું 49270 રૂપિયા હતું. જે માર્ચ 2010માં 30171 રૂપિયા હતું, જે 2014માં વધીને 45319રૂપિયા થયું હતું.

નાણાં મંત્રાલયના જણાવ્યા મુજબ માર્ચ 2016માં ભારત પર કુલ 4,41,659 કરોડ રૂપિયા દેવાંનું વ્યાજ ચૂકવ્યું હતું નાણાં મંત્રાલયના રિપોર્ટ મુજબ માર્ચ 2016માં ભારતીય નાગરિકો પર માથાદીઠ ₹ 53756 દેવું છે. ઉપરાંત માર્ચ 2016 સુધીમાં ભારત પર કુલ 32.2 લાખ કરોડ રૂપિયાનું બહારનું દેવું છે. વર્લ્ડ બેંકના આંકડા મુજબ ભારતનાં દેવાંનું પ્રમાણ દેશના કુલ GDPના 50 ટકા જેટલું થાય છે. જેના કારણે ભારત સરકારે દર વર્ષ પોતાની આવકમાંથી બહુ મોટી રકમ વ્યાજ સ્વરૂપે ચૂકવવી પડે છે. વર્ષ 2009-10 દરમિયાન સરકારે ₹ 2,13,000 કરોડ વ્યાજ સ્વરૂપે ચૂકવ્યું હતું. જે વર્ષ 2015-16માં વધીને ₹ 4,41,659 થઈ ગયું. વર્લ્ડ બેંકના રિપોર્ટ મુજબ અમેરિકા પર દેવું તેની GDPના 97 ટકા જેટલું છે, જ્યારે જાપાન પર 202 ટકા જ્યારે દુનિયાના અન્ય દેશો પણ આકરાં દેવાં નીચે દબાયેલા રહ્યા છે.

8 નવેમ્બર, 2019 Indian Newsમાં વ્યાપાર સમાચારમાં IMFના રિપોર્ટ અનુસાર સમગ્ર વિશ્વ પર દેવાંનો બોન્ડ લગભગ 188 લાખ કરોડ નો છે. રકમના અંદાજો આનાથી જ લગાવી શકાય છે કે ભારતની અર્થવ્યવસ્થાનો નુંકદ માત્ર 2.7 લાખ કરોડ ડોલરનું છે. જ્યારે દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા અમેરિકાનું કદ આશરે 21.35 લાખ કરોડ ડોલરનું છે.

ભારત પર 543 અરબ ડોલરનું વિદેશી દેવું જૂનના RBI ના એક રિપોર્ટ મુજબ હતું. જે ભારતના કુલ બહારનું દેવું માર્ચ 2019 સુધી 543 અરબ ડોલર હતું. માર્ચ 2018માં બહારના દેવાંની રકમ આશરે 13.7 અરબ ડોલરનું દેવું વધ્યું હતું. GDP સાથે તુલના કરીએ તો આ રકમ 19.7 ટકા હતી. આમ, ભારતનાં જાહેર દેવાંનાં વલણો જોતાં એવું નિષ્કર્ષ જોવા મળે છે કે આર્થિક વિકાસ અને દેશના વિકાસ, અર્થ ભારતના જાહેર દેવાંમાં સતત વધારાનાં વલણો જોવા મળી રહ્યાં છે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ વધતી વસ્તી અને આધુનિકતા તેમજ કુદરતી આપત્તિઓને પહોંચી વળવા માટે સતત જાહેર દેવાંનો માર્ગ અપનાવાનો રહ્યો છે. જેથી જાહેર દેવાંનું વલણ વધવા પામ્યું છે.

9.4 ભારતમાં જાહેર દેવાંમાં વધારો થવાનાં કારણો (Reasons for Increase in Public debt in India) :

➢ અણધારી વિપત્તિઓને પહોંચી વળવા માટે (To deal with Unforeseen Calamities) :

પ્રત્યેક દેશમાં એક અથવા બીજા સમયે ઓછા-વત્તા પ્રમાણમાં અણધારી વિપત્તિઓનો સામનો કરવો પડતો હોય છે. આવી અણધારેલી આફતોનો ભોગ બનેલા અર્થતંત્રને બેઠું કરવા માટે રાજ્યે તાત્કાલિક પગલાં લેવાં પડે છે. દાખલા તરીકે, ધરતીકંપ, પૂર, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ,

સુનામી મોજાં, રોગચાળો વગેરે જેવી એકાએક આવી પડેલી આફતોથી તારાજ થયેલા અર્થતંત્રને સ્થિર કરવા સરકારને વિશાળ પાયા પર ખર્ચ કરવું પડે છે. ઓગસ્ટ 2011માં અમેરિકામાં થયેલી તારાજી આનું એક જ્વલંત ઉદાહરણ છે તેમજ વિશ્વ ઉપર અને ભારતમાં ફેલાયેલ કોરોના વાઈરસ જેવી મહામારી દૂર કરવા માટે, કુદરતી આફતોને પહોંચી વળવા માટે અમુક મર્યાદા પછી વધુ કરવેરો લાદવામાં આવે તો અર્થતંત્ર પર તેની પ્રતિકૂળ અસરો પડવાનો સંભવ છે. આવા સંજોગોમાં તાત્કાલિક નાણાં ઊભાં કરવાં સરકારે દેવું કરવું પડે છે.

➢ યુદ્ધના સમયમાં (In War Times) :

યુદ્ધના સમય દરમિયાન લોન દ્વારા નાણાં મેળવવાં એક ક્ષમ્ય નીતિ છે, એટલું જ નહિ પરંતુ તે જરૂરી પણ છે. આધુનિક યુદ્ધ એટલું વ્યાપક અને ખર્ચાળ હોય છે કે કરવેરા અને બીજાં સાધનોમાંથી મળતી આવક તે માટે પૂરતી હોતી નથી કરવેરામાં વધારો કરીને આવક મેળવી શકાય, પરંતુ અમુક મર્યાદા કરતાં વધુ પ્રમાણમાં કરવેરો નાખવામાં આવે તો અર્થતંત્ર ઉપર તેની માઠી અસરો પડે છે. આથી સરકારને આવા સમય દરમિયાન કરજ લેવાની ફરજ પડે છે. વળી, યુદ્ધ દરમિયાન સરકાર પુષ્કળ પ્રમાણમાં નાણાં ખર્ચે છે જેથી પ્રજાની નાણાકીય આવકમાં વધારો થતાં ફુગાવાને વેગ મળે છે. પ્રજાની આવકમાં થયેલો જંગી વધારો માત્ર કરવેરા દ્વારા પાછો ખેંચી શકાય એમ હોતો નથી. આથી જાહેર લોનોમાં પ્રજા નાણાં રોકે તો તેટલે અંશે તેમની ખરીદશક્તિમાં ઘટાડો થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો યુદ્ધ દરમિયાન કરવામાં આવતું જાહેર ઋણ એ સરકારનાં નાણાકીય સાધનોમાં વધારો કરે છે. એટલું જ નહિ પરંતુ પ્રજાની ખરીદશક્તિમાં થયેલા વધારાને અંકુશિત કરે એટલે કે, ખરીદશક્તિમાં ઘટાડો લાવી ફુગાવાને નિયંત્રિત કરવામાં પણ મદદરૂપ થાય છે.

➢ સામાન્ય સમયમાં (In Normal Times) :

સામાન્ય સંજોગોમાં કે જ્યારે સરકાર કોઈ અસાધારણ ખર્ચનો કાર્યક્રમ હાથ ધરતી હોય ત્યારે પણ કેટલીક વાર લોન દ્વારા નાણાં મેળવવા ઈચ્છનીય બને છે. કરની આવક ઘણીવાર અનિશ્ચિત હોય છે, એટલે કે કેટલીક વાર ધાર્યા કરતાં પણ વધું આવક થતી હોય છે, જ્યારે કેટલીક વાર ધારણા કરતાં પણ ઓછી આવક કર દ્વારા સરકારને મળે છે. આમ, વર્ષોવર્ષની વધઘટને અનુસરીને જો કરવેરાના દરમાં દર વર્ષે ફેરફાર લાવવામાં આવે તો તે કરદાતાઓ (વ્યક્તિઓ અને કંપનીઓ) માટે એક પ્રકારની અનિશ્ચિતતા ઊભી કરે છે. એક બાબત તો સર્વસામાન્ય છે કે રાજ્યના અંદાજપત્રની અસરો નાણાં બજાર, મૂડી બજાર, વસ્તુ બજાર અને બીજાં અનેક ક્ષેત્રો પર પડતી હોય છે. આમ, કોઈપણ પ્રકારની અનિયમિતતા કે અનિશ્ચિતતા ઊભી થાય નહિ એટલા માટે અંદાજપત્રની પડનાર સંભવિત વિપરીત અસરોને ખાળવા માટે લોન દ્વારા નાણાં મેળવવાની નીતિ ઈચ્છનીય ગણાય છે.

➢ આર્થિક સ્થિરતા માટે (For Economic Stability) :

આર્થિક સ્થિરતાના સાધન તરીકે પણ આધુનિક સમયમાં જાહેર દેવાંની નીતિનો ઉપયોગ કરવામાં આવે છે. તેજી-મંદીની ઊથલ-પાથલો સામે અર્થતંત્રને રક્ષણ આપવા માટે જાહેર દેવાંની નીતિ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે એમ છે. દાખલા તરીકે મંદીના સમય દરમ્યાન પ્રજાની આવક અને રોજગારીની સપાટી ઘણી નીચી થઈ જવા પામે છે. વળી, પ્રજાની આવકમાં ઘટાડો થવાથી સરકારની કરની આવક પણ ઘટે છે. આગળ કહ્યું તેમ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની જાહેર દેવાં પ્રત્યેની દૃષ્ટીએ અતિ સંકુચિત હતી. કેવળ ઉત્પાદક હેતુ માટે જ રાજ્યે જાહેર દેવું કરવું જોઈએ એવો અભિપ્રાય તેઓ ધરાવતા હતા. અને તેમાંય વળી જે ક્ષેત્રોમાં ખાનગી સહાય પ્રવેશે તેમ ન હોય તેવાં ક્ષેત્રોમાં જ જાહેર દેવાંની રકમ ઘટવા પામે તો રાજ્યે તેનો ખર્ચ ઘટાડી

નાખવો જોઈએ એવો દૃઢ અભિપ્રાય આ અર્થશાસ્ત્રીઓ ધરાવતા હતા. આવક કરતાં થયેલ વધુ ખર્ચને લોન દ્વારા પહોંચી વળવાની નીતિ સાથે તેઓ કદી સંમત થયેલા નહિ, પરંતુ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની આ વિચારધારા આજે ભૂલભરેલ પુરવાર થઈ છે.

મંદીના સમય દરમિયાન મહત્ત્વની જરૂરીયાત ખાધયુક્ત અંદાજપત્ર દ્વારા અસરકારક માંગને ઉત્તેજિત કરવાની છે અને તેમાં સરકારની જાહેર દેવાંની નીતિની મહત્ત્વની ભૂમિકા છે. મંદીના સમયમાં મૂડીની સીમાન્ત કાર્યક્ષમતા નીચી ગઈ હોવાથી મૂડીરોકાણ ઘટે છે. આથી આ સમયે પ્રજા પાસેથી નિષ્ક્રિય પડી રહેલી બચતો વ્યાજનું પ્રલોભન આપી લોન સ્વરૂપે આ બચતો પ્રજા પાસેથી મેળવે તો સરકાર તેનો જાહેર બાંધકામ અને અન્ય કાર્યક્રમો માટે ઉપયોગ કરી શકે. આ નાણાં ખર્ચ કરવાથી પ્રજાની આવકમાં વધારો થતાં અસરકારકતા વધવા પામશે, રોજગારીમાં વધારો, ભાવોનું સમૃદ્ધિકરણ થશે અને મૂડીરોકાણ મળશે. આમ, જાહેર દેવાંની નીતિ અર્થતંત્રને પુનઃ સ્થિરતા તરફ લઈ જાય છે. સંક્ષિપ્તમાં જાહેર દેવાંની નીતિ રાષ્ટ્રીય ઉત્પાદન, રોજગારી, આવક અને ભાવો માટે ઉપકારક નીવડે છે. અલબત્ત આ પ્રકારનાં દેવાંની ચુકવણીમાંથી ભવિષ્યમાં કેટલાક પ્રશ્નો ઉદ્ભવે છે, જેની ચર્ચા આગળ કરવામાં આવી છે.

મહત્ત્વની હકીકત એ છે કે જાહેર દેવાંની નીતિનો વિચાર કેવળ મંદી નિવારણ માટે જ થાય એ પૂરતું નથી. ફુગાવાનાં સમયમાં પણ જાહેર દેવાંની નીતિ મદદરૂપ અને ઉપયોગી નીવડે છે. ફુગાવાદર્શક ખાધ જે અર્થકારણમાં પેદા થઈ હોય તે દૂર કરવામાં આવે તો જ ભાવોની ઉર્ધ્વ ગતિને રોકી શકાય. આ બધી જ ખાધ જો કરવેરા દ્વારા દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવે તો તેનાથી ઉત્પાદન પર માઠી અસર પડવાનો સંભવ છે. અને તે સાથે પ્રજા પાસેનું વધારાનું નાણું અથવા ખરીદશક્તિમાં થયેલા વધારાને ખેંચી લેવી એ પણ એટલું જ જરૂરી છે આથી આ માટે સરકાર જાહેર લોનનો કાર્યક્રમ હાથ ધરીને અર્થતંત્રમાંથી આ વધારાનું નાણું કે ખરીદશક્તિ પાછી ખેંચી લઈ શકે એમ છે. અલબત્ત અત્રે એ નોંધવું ઘટે કે સરકારે ખેચી લીધેલું આ નાણું તેને ખર્ચ કરવાનું નથી એ આ નીતિની ખૂબી છે. સરકાર તે નાણું ખર્ચ કરે તો ફુગાવાને નાથી શકાય નહિ. આથી આ નાણાંનો ઉપયોગ સરકારે પુરાંતયુક્ત અંદાજપત્ર ઊભું કરવા માટે કરવો જોઈએ. આમ, જાહેર દેવાંની નીતિ તેજી-મંદીના નિવારણમાં ઉપયોગી થઈ પડે એમ છે, જે કારણે જાહેર દેવું કરવું પડે છે.

➢ આર્થિક વિકાસ માટે (For Economic Development) :

જાહેર દેવાંની નીતિની સાર્થકતા તેજી-મંદી નિવારવા માટે મહત્ત્વની ગણવામાં આવે છે તેની આપણે ચર્ચા કરીએ. પરંતુ આ જાહેર દેવાંની નીતિ ઉપયોગમાં લેવા માટેની નીતિ નથી. આધુનિક સમયમાં આ નીતિનો ઉપયોગ આર્થિક વિકાસ માટે પણ થઈ રહ્યો છે. વિકાસની જરૂરિયાત રાષ્ટ્ર દ્વારા મોટા પાયે મૂડીરોકાણની અપેક્ષા રાખે છે. આટલા મોટા પ્રમાણમાં નાણાંકીય સાધનો કરવેરા દ્વારા ભાગ્યે જ મેળવી શકાય. રાષ્ટ્રની ઉત્પાદનેશક્તિ હાનિ પહોંચાડ્યા વિનાય કરવેરા દ્વારા મોટા પ્રમાણમાં આવક મેળવી શકાતી નથી. આથી રાષ્ટ્રની બચતો લોન દ્વારા મેળવીને તેનો ઉપયોગ મૂડીરોકાણ માટે કરવાની નીતિ અપનાવવી પડે છે. નિષ્ક્રિય બચતોને આ રીતે બહાર લાવીને એક પ્રકારની ઉપકારક કામગીરી રાજ્ય કરી શકે છે. દાખલા તરીકે જાહેર દેવાં દ્વારા મેળવેલાં નાણાં સરકાર કૃષિ વિકાસ, ઔદ્યોગિક વિકાસ, વાહન અને સંદેશા વ્યવહારના વિકાસ, ઊર્જા વિકાસ અને અન્ય માળખાકીય સવલતોના વિકાસ માટે વાપરે તો તે આર્થિક વિકાસને વેગીલો બનાવવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી શકે છે. એ જ રીતે જાહેર દેવાં મારફતે મેળવેલી રકમનો શિક્ષણ, ઔદ્યોગિક તાલીમ, સંશોધન અને વિકાસ, આરોગ્ય સંભાળ જેવા સામાજિક ક્ષેત્રોમાં ઉપયોગ કરવામાં આવે તો તે માનવ મૂડી અને માનવ સંસાધન વિકાસમાં અગત્યનો ફાળો આપી શકે છે. આ બધાં ક્ષેત્રો પાછળ થતો ખર્ચ ખાનગી સાહસના

વિકાસ માટે પણ આવશ્યક એવી ભૂમિકા પૂરી પડે છે. અત્રે એ નોંધવું ઘટે કે ભારતની પંચવર્ષીય યોજના માટે નાણાં પ્રાપ્તિનાં સાધનોમાં જાહેર દેવું એક અતિ મહત્ત્વનું સાધન રહેવા પામ્યું છે.

➢ આવકનો સરળ માર્ગ (Easy way to Income) :

સરકાર જ્યારે કરવેરા નાખે છે ત્યારે સંસદમાં તેને મંજૂર કરાવવા પડે છે અને પ્રજાને કરવેરા ભરવા ગમતા ન હોવાથી તેનો વિરોધ થાય છે. જ્યારે જાહેર દેવાંમાં પ્રજાનો કોઈ વિરોધ સહન કરવો પડતો નથી. એને કારણે સરકાર માટે આવક મેળવવાનો સરળ માર્ગ છે જાહેર દેવું તેથી સરકાર દેવું કરે છે.

➢ બેરોજગારીનો સમય (At the time of Unemployment) :

કરવેરાનો વધારો બેરોજગારીના સમયમાં કરી શકાય નહિ, પરંતુ મંદીના સમયમાં સરકારને ખાનગી ખર્ચ ઘટાડવાની આવશ્યકતા રહેતી નથી. આ સંજોગોમાં જે કરવેરાનો ઉપયોગ કરવામાં આવે તો તેટલે અંશે ખાનગી ક્ષેત્રોની પ્રવૃત્તિ ઘટે અને બેકારીમાં વધારો થાય. આવા સમયે સરકાર જાહેર દેવાંનો માર્ગ અપનાવી પરિસ્થિતિને વાજબી કરી શકે છે, જેથી જાહેર દેવું કરે છે.

➢ નાણાકીય નીતિની અસરકારકતા માટે (For the Effectiveness of Monetary Policy) :

વિકસતા દેશોએ આર્થિક સ્થિરતા અને આર્થિક વિકાસ સાધવા માટે નાણાકીય, રાજકોષીય અને આવક નીતિનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. સામાન્ય રીતે નાણાકીય નીતિમાં નાણાંનાં જથ્થામાં, નાણાંના પ્રવાહમાં તથા નાણાંના વહીવટ અને નિયંત્રણ તથા નાણાંનાં મૂલ્યો સાથે સંકળાયેલા મુદ્દાઓનો સમાવેશ થાય છે. વિકસતા દેશોમાં નાણાકીય નીતિ આર્થિક વિકાસ કરવા, ભાવસ્થિરતા જાળવવા, રોજગારીમાં વધારો કરવા માટે અમલમાં મૂકવામાં આવે છે. આથી નાણાકીય અને રાજકોષીય નીતિઓના ઉપયોગ દ્વારા વિકસતા દેશો સ્થિરતા સાથે આર્થિક વિકાસ સાધી શકે છે. જે નાણાકીય નીતિને અસરકારક બનાવવા માટે જાહેર દેવું ઘણું જ ઉપયોગી બની રહે છે.

➢ જાહેર યોજના માટે (For Public Planning) :

દેશમાં આયોજિત આર્થિક વિકાસ કરવા સમાજની જાહેરનિક યોજનાઓ માટે નાણાકીય સાધનો એકત્ર કરવા જાહેર દેવાંનો આશ્રય અન્ય સાધનો કરતાં વધુ ઈચ્છનીય ગણાય છે.

9.5 સારાંશ :

કલ્યાણ રાજ્યમાં સરકારે વિવિધ પ્રવૃત્તિ ઉપર ખર્ચ કરવો પડે છે. આર્થિક વિકાસના કાર્યક્રમો માટે, સામાજિક સેવાઓ પૂરી પાડવા માટે, સંરક્ષણ ખર્ચ, આકસ્મિક સંજોગોને પહોંચી વળવા માટે જાહેર ખર્ચમાં વધારો થયા કરે છે. બીજા વિશ્વ યુદ્ધ પછી સ્વતંત્રતા મેળવેલા દેશો સામે આર્થિક વિકાસનો કપરો પ્રશ્ન ઉદ્ભવ્યો. યુદ્ધમાં જોડાયેલાં રાષ્ટ્રોના પુનઃનિર્માણનો પ્રશ્ન મહત્ત્વનો બન્યો આમ જાહેર દેવાંનું મહત્ત્વ વધ્યું પ્રો.કેઈન્સે તેમના આર્થિક વિચારોમાં પણ જાહેર દેવાંનો ખ્યાલ વિકસાવ્યો છે.

જાહેર દેવાંના વિવિધ ઉદ્દેશો રહેવા પામ્યા છે; અલ્પવિકસિત દેશના આર્થિક વિકાસ માટે, નાણાકીય નીતિની અસરકારકતા માટે, સામૂહિક જરૂરિયાતો સંતોષવા માટે, આર્થિક સ્થિરતા જાળવવા માટે, કુદરતી આપત્તિઓને ટાળવા માટે વગેરે ઉદ્દેશોનો અભ્યાસ આ એકમમાં વિદ્યાર્થીઓને કરાવવામાં આવ્યો છે.

1929ની મહામંદીએ માત્ર અમેરિકાના અર્થતંત્રને નહિ પરંતુ વિશ્વના મોટા ભાગના

દેશના અર્થતંત્રને હચમચાવી નાખેલ જેમાં નાણાકીય નીતિ બિનકાર્યક્ષમ નીવડી. જેમાં રાજકોષીય નીતિનું એક મહત્ત્વનું પાસું જાહેર દેવું છે. જાહેર દેવું એ રાજકીય નીતિનું મહત્ત્વનું અંગ છે. રાજ્ય પોતાનાં વિકાસ કાર્યો માટે ખર્ચ કરે છે. આ ખર્ચ બે સાધનો દ્વારા એકઠો કરી શકાય છે. જેમાં જાહેર દેવાંનો સમાવેશ થાય છે. બીજી રીતે જોઈએ તો જાહેર દેવું રાષ્ટ્રની એક જવાબદારી પણ છે. જાહેર દેવાં દ્વારા રાજ્યે લીધેલી રકમ જેવી કે લોન જેટલા સમય માટે જેની પાસેથી જે શરતોએ લીધેલી હોય તે પ્રમાણે તે સમયે તેના મૂળમાલિકને વ્યાજ સાથે ચૂકવવાની હોય છે.

કેન્દ્ર સરકાર, રાજ્યસરકાર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જે દેવું કરે છે તેને જાહેર દેવું કહે છે. જાહેર દેવું એ રાજ્યની પ્રવૃત્તિઓમાંનું સાધનપ્રાપ્તિનું એક અગત્યનું સાધન છે. દેશની વ્યક્તિઓ તેમજ સંસ્થાઓ પાસેથી ઉછીની મેળવેલ રકમને આંતરિક જાહેર દેવું અને વિદેશોમાંથી ઉછીની મેળવેલ રકમને વિદેશી જાહેર દેવું કહેવામાં આવે છે.

ભારતનાં જાહેર દેવાંની ચર્ચામાં મુખ્યત્વે કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારોનાં દેવાંનો સમાવેશ થાય છે. વિદેશમાંથી દેવું કરવાની સત્તા માત્ર કેન્દ્ર સરકારને છે. 1939માં ભારત સરકારનું દેવું ₹ 1206 કરોડ હતું, જેમાં આંતરિક દેવાંનું પ્રમાણ 736 કરોડ અને વિદેશી દેવાંનું પ્રમાણ 470 કરોડ જેટલું હતું. 1951-52 પછીના સમયગાળામાં ભારતના જાહેર દેવાંના સ્વરૂપમાં ખૂબજ મોટા ફેરફારો નોંધાયા, જેમાં 1961માં આંતરિક દેવું જે 3975 કરોડ હતું, જ્યારે બાહ્ય દેવું ₹ 782 કરોડ હતું, જે વધીને 2011-12માં કેન્દ્ર સરકારનું આંતરિક દેવું ₹ 41,81,842 કરોડ જ્યારે બાહ્ય દેવું ₹ 1,70,847 કરોડ, જે કુલ મળીને ₹ 43,52,689 કરોડ થયું હતું.

નાણાં મંત્રાલયના જણાવ્યા મુજબ માર્ચ 2016માં ભારત પર કુલ ₹ 4,41,659 કરોડ દેવાંનું વ્યાજ ચૂકવ્યું હતું, જે વર્ષ 2009-10 દરમિયાન સરકારે ₹ 2,13,000 કરોડ વ્યાજ ચૂકવ્યું હતું. જે 2015-16માં વધીને ₹ 4,41,569 કરોડ થઈ ગયું. સમગ્ર વિશ્વ પર દેવાંનો બોજો 188 ટ્રિલિયન ડોલરનો છે. RBIના રિપોર્ટ મુજબ ભારતમાં કુલ બહારનું દેવું માર્ચ 2019માં 543અબજ ડોલરનું હતું, જે ભારતનાં જાહેર દેવાંમાં સતત વધારાનું વલણ જોવા મળ્યું છે.

ભારતમાં જાહેર દેવાંમાં વધારો થવાનાં કારણોમાં

1. અણધારી વિપત્તિઓ પહોંચી વળવા માટે સરકારે અર્થતંત્રને બેઠું કરવા માટે સરકારે તાત્કાલિક પગલાં લેવા પડે છે. ધરતીકંપ, પૂર અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, સુનામી મોજાં, કોરોના વાઈરસ વગેરે બાબતે જાહેર દેવું કરવું પડે છે.

2 યુદ્ધના સમયમાં (આધુનિક યુદ્ધ વ્યાપક અને ખર્ચાળ હોય છે) કરવેરા અને બીજા સાધનોમાંથી મળતી આવક તે માટે પૂરતી નથી આથી આવા સમય દરમિયાન સરકારને કરજ લેવાની ફરજ પડે છે.

3 સામાન્ય સમયમાં કોઈવાર સરકાર અસાધારણ ખર્ચનો કાર્યક્રમ હાથ ધરતી હોય ત્યારે પણ કેટલીકવાર ધારણા કરતાં ઓછી આવક કરમાંથી મળતી હોય છે. આ પ્રકારની અનિશ્ચિતતાને પહોંચી વળવા પણ સરકારે જાહેર દેવું કરવું પડે છે.

4 આર્થિક સ્થિરતા માટે આર્થિક સ્થિરતાના સાધન તરીકે પણ આધુનિક સમયમાં જાહેર દેવાંની નીતિનો ઉપયોગ કરવામાં આવે છે. તેજી-મંદીની ઊથલ-પાથલો સામે અર્થતંત્રને રક્ષણ આપવા માટે જાહેર દેવાં નીતિ મહત્ત્વની ભૂમિકા નિભાવી શકે એમ છે.

5. આર્થિક વિકાસ માટે આધુનિક સમયમાં આ નીતિનો ઉપયોગ આર્થિક વિકાસ માટે પણ થઈ રહ્યો છે.

6. આવકનો સરળ માર્ગ, સરકારની આવકના સરળ માર્ગ તરીકે જાહેર દેવાં એ ખૂબ જ મહત્ત્વની ભૂમિકા નિભાવે છે.

7. બેરોજગારીના સમયમાં કરવેરાનો વધારો દેશમાં જ્યારે બેરોજગારીનું પ્રમાણ વધારે હોય ત્યારે કરી શકાતો નથી તેવા સમયે જાહેર દેવાં કરી શકાય છે.

8. નાણાંકીય નીતિની અસરકારકતા માટે, વિકસતા દેશોએ દેશના આર્થિક વિકાસ અને આર્થિક સ્થિરતા માટે નાણાકીય નીતિ અને રાજકોષિય નીતિ અને આવક નીતિનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં પણ જાહેર દેવાંની ભૂમિકા મહત્ત્વની રહેવા પામે છે.

9. જાહેર યોજના માટે દેશમાં ચાલતી આર્થિક વિકાસની દરેક યોજના માટે આવક પ્રાપ્તિની સરળ માર્ગ તરીકે જાહેર દેવાં સ્વીકૃતિ પામ્યું છે.

9.6 ચાવીરૂપ શબ્દો :

➢ કલ્યાણ રાજ્ય :

ભૂતકાળમાં રાજ્યનું કાર્ય માત્ર કાયદો અને વ્યવસ્થાનું હતું. 19મી સદીમાં કલ્યાણ રાજ્યની વિભાવનાનો ઉદય અને વિકાસ થયો. રાજ્યોની જવાબદારીઓ વધી અને આવક તેમજ ખર્ચમાં વધારો થયો. હેતુલક્ષી જાહેર જમાખર્ચનો ખ્યાલ વિકસ્યો છે. અને રાજ્ય એ કલ્યાણ રાજ્ય બન્યું.

➢ આંતરિક દેવું :

કોઈ પણ દેશની સરકાર પોતાની પ્રજા પાસેથી આર્થિક વિકાસ માટે જે નાણાં મેળવે છે, તેને આંતરિક દેવું કહે છે.

➢ બાહ્ય દેવું :

કોઈ પણ દેશ જ્યારે અન્ય દેશ પાસેથી ચીજવસ્તુઓ તેમજ સેવાઓની ખરીદી કરે છે, જેને બાહ્ય દેવું કહેવામાં આવે છે.

➢ દેવું કરવાની જોગવાઈ :

કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારોને પોતાની જરૂરિયાત માટે નાણું મેળવવા દેવું કરવાની સત્તા આપણા બંધારણમાં આપવામાં આવી છે.

➢ ગ્રાન્ટ અનુદાન :

આપણા બંધારણમાં જે રાજ્યો જરૂરિયાતવાળા છે તેમને કયદા દ્વારા અનુદાન આપવાની જોગવાઈ છે.

➢ ખાધ પૂરવણી :

સરકારની મૂડી તેમજ મેહસૂલી આવક કરતાં તેનું મૂડી તથા મહેસૂલી ખર્ચ વધી જાય છે. જ્યારે અંદાજપત્રમાં ખાધ રહે છે. આ ખાધ વિવિધ રીતે પૂરવામાં આવે છે, જે ખાધપૂરક નાણાતંત્ર તરીકે ઓળખવામાં આવે છે.

➢ ફુગાવો :

ખાધપૂરક નાણાતંત્રને કારણે નાણાંના પુરવઠામાં અભૂતપૂર્વ વધારો થવાને કારણે ચીજવસ્તુની માંગ વધે છે, જ્યારે પુરવઠો ઓછો હોવાથી ભાવવધારાની સમસ્યા સર્જાય છે.

- સંરક્ષણનો ખર્ચ :

  પોલીસ, વ્યવસ્થા, ન્યાયતંત્રનો ખર્ચ

- વ્યાપારી ખર્ચ :

  રેલવે, પોસ્ટ કે ટેલિગ્રાફ વગેરે

- વિકાસાત્મક ખર્ચ :

  ઉત્પાદનનાં કાર્યો, કેળવણીનો ખર્ચ

9.7 તમારી પ્રગતિ ચકાસો :

- નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) જાહેર દેવું એટલે શું?

(2) ભારતમાં જાહેર દેવાંનાં વલણો તપાસો.

(3) ભારતમાં જાહેર દેવાંમાં વધારો થવાનાં કારણો જણાવો.

- ટૂંકનોંધ લખો :

(1) આર્થિક સ્થિરતા માટે જાહેર દેવું

(2) જાહેર દેવું રાજકીય નીતિનું અંગ

(3) જાહેર દેવાં દ્વારા આર્થિક વિકાસ

❖ નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો :

(1) પ્રો.કેઈન્સે તેમના આર્થિક વિચારોમાં જાહેર દેવાંનો ખ્યાલ વિકસાવ્યો છે.

(2) દેશના લોકો પાસેથી લેવાયેલું દેવું બોજારૂપ નથી.

(3) અર્થતંત્રમાં મંદીને રોકવા જાહેર દેવું ઉપયોગી નથી.

(4) જાહેર દેવું એ રાષ્ટ્રની એક જવાબદારી છે.

(5) વિદેશમાંથી દેવું કરવાની સત્તા કેન્દ્ર અને રાજ્ય બન્ને સરકારોને છે.

(6) પ્રજાની નાણાકીય આવકમાં વધારો થતાં ફુગાવાને વેગ મળે છે.

(7) આંતરિક દેવું એ દેવું નથી.

❖ જવાબો :

(1) સાચું	(2) સાચું	(3) ખોટું
(4) સાચું	(5) ખોટું	(6) સાચું
(7) સાચું		

❖ નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :

(1) જાહેર દેવાંનો અર્થ જણાવી ભારતમાં જાહેર દેવું વધવાના કારણો જણાવો.

(2) ભારતનાં સંદર્ભમાં જાહેર દેવાંના વલણો જણાવો.

(3) ભારતમાં આંતરિક અને બાહ્ય દેવાંમાં શા માટે વધારો થયો છે તેના કારણો જણાવો.

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :

(1) Ram N. (1975) 'An Introduction of micro Economics, mac millan Publishing House-New Delhi'

(2) News of Gujarat.com 26,27 ડિસેમ્બર-2016

(3) Indian News 8th નવેમ્બર-2019

*** *** ***

એકમ 10

જાહેર બજેટ

-: રૂપરેખા :-

10.0 ઉદ્દેશો

10.1 પ્રસ્તાવના

10.2 બજેટનો અર્થ અને લાક્ષણિકતાઓ

10.3 બજેટના હેતુઓ

10.4 બજેટના પ્રકારો

10.5 બજેટ તૈયાર કરવાની પ્રક્રિયા

10.6 બજેટ ખાધના જુદા જુદા પ્રકારો

10.7 સારાંશ

10.8 2020-21નું બજેટ - વિહંગાવલોકન

10.9 ચાવીરૂપ શબ્દો

10.10 તમારી પ્રગતિ ચકાસો

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

10.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- જાહેર બજેટનો અર્થ અને મહત્ત્વ સમજાવી શકશો
- જાહેર બજેટના જુદા જુદા પ્રકારોની યાદી બનાવી શકશો.
- બજેટ તૈયાર કરવાની પ્રક્રિયા જાણી શકશો.
- બજેટ ખાધના જુદા જુદા પ્રકારો નોંધી શકશો.

10.1 પ્રસ્તાવના :

સરકારનું કાર્ય આધુનિક સમયમાં માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સરહદોનું રક્ષણ કરવા પૂરતું મર્યાદિત નથી રહ્યું. આધુનિક સરકારો પ્રજાકલ્યાણના હેતુથી કાર્ય કરવા લાગી છે, અને તેનાથી પણ આગળ જતાં વર્તમાન સમયે સરકાર આર્થિક વિકાસની પ્રક્રિયામાં પણ રસ લેવા લાગી છે. આમ, કોઈ પણ સમાજના આર્થિક અને સામાજિક વિકાસમાં રાજ્ય એટલે કે સરકારની ભૂમિકા મહત્ત્વની બની રહી છે. પ્રદેશમાં રોજગારનું સર્જન થાય, જીવન જરૂરિયાતની તથા ગુણવત્તાયુક્ત જીવન માટેની બધી જરૂરિયાતો પૂરી થાય તે માટે સરકાર પોતે પણ આર્થિક પ્રવૃત્તિઓ કરે છે. આમ, સરકારની આવક અને ખર્ચની પ્રવૃત્તિ જે-તે અર્થતંત્રમાં નિર્ણાયક બને છે.

વીસમી સદીના પૂર્વાર્ધમાં વિશ્વમાં જે મંદી આવી અને તે પછી કેઈન્સની જનરલ થિયરી અપનાવ્યા પછી વિશ્વને એવી કોઈ મહામંદીનો સામનો કરવો પડ્યો નથી. ઉપરાંત leissez-faireની નીતિ કરતાં સરકારનો પ્રજાના આર્થિક વિકાસને લક્ષમાં રાખીને કરવામાં આવતો હસ્તક્ષેપ પણ સારું પરિણામ બતાવી શક્યો છે.

સરકાર તેની વિવિધ પ્રવૃત્તિઓ માટે ખર્ચ પણ કરે છે અને તેના માટે જુદા જુદા આવકના સ્ત્રોતોમાંથી આવક પણ મેળવે છે. જુદા જુદા વહીવટી વિભાગોનો નિભાવખર્ચ, કર્મચારીઓના પગાર, શસ્ત્રોની ખરીદી/ ઉત્પાદન, પરિવહન, બેંકિંગ, શિક્ષણ, સંચાર, કાયદો વ્યવસ્થા વગેરેની જાળવણી પાછળ ખર્ચ થાય છે. જાહેર બિલ્ડિંગોનું બાંધકામ, ડેમ, રસ્તાઓ જેવી અનેક સંપત્તિઓનું સર્જન પણ થાય છે. સરકાર દ્વારા કરવામાં આવતી આર્થિક સહાય વગેરે ખર્ચના જુદા જુદા પ્રકારો છે. તો કરવેરાની આવક જાહેર વસ્તુઓ અને સેવાઓનાં વેચાણમાંથી થતી આવક, સરકારે આપેલી લોનના વ્યાજની આવક, દંડ અને પેનલ્ટીની આવક તથા આંતરિક અને આંતરરાષ્ટ્રીય સ્તરેથી મળેલી નાણાકીય સહાય એ સરકારની આવકના સ્ત્રોતો છે.

આવક કમાવાની અને ખર્ચ કરવાની સરકારની દરેક પ્રવૃત્તિ સહેતુક હોય છે. અને તેની નિશ્ચિત અસરો હોય છે. સરકારની આવક અને ખર્ચની પ્રવૃત્તિ અંગેની નીતિ રાજકોષીય નીતિ કહેવાય છે. રાજકોષીય નીતિમાં અંદાજપત્ર (બજેટ)નું એક ખાસ મહત્ત્વ હોય છે. બજેટ સરકારની ખર્ચ અને આવકની પ્રવૃત્તિઓનો અંદાજ છે. જુદાં જુદાં લક્ષ્યાંકો પૂર્ણ કરવા માટે કેટલાં સાધનો જોઈશે, કેટલો સમય લાગશે કેટલો નાણાંકીય ખર્ચ થશે અને તે બધાં માટે જરૂરી સાધનો કેટલાં છે અને ક્યાંથી મેળવી શકાશે ? વગેરે મુદ્દાઓ બજેટ પ્રક્રિયાના જુદા જુદા તબક્કાઓ છે. કેટલીક વખતે અમુક સામાજિક - આર્થિક હેતુઓની પૂર્તિ માટે પણ રાજકીય સાધન તરીકે બજેટનો ઉપયોગ કરવામાં આવે છે.

આ પ્રકારે સરકારે પોતે ક્યાં લક્ષ્યાંકો પૂર્ણ કરવાં છે અને તેના માટે કેટલાં સાધનો ઉપલબ્ધ છે, તે માટે અંદાજ લગાવવાની ક્રિયા તે બજેટની પ્રક્રિયા છે. બજેટ બધાં જ તૈયાર કરે છે. વ્યક્તિ, પરિવાર અને કોઈ પણ પેઢી અંદાજપત્રીય પ્રક્રિયા કરે છે કે બજેટ બનાવે છે, તેને ખાનગી બજેટ કહે છે. પરંતુ આપણા અભ્યાસક્રમમાં જાહેર બજેટ એટલે કે સરકારની બજેટ પ્રક્રિયાનો અભ્યાસ કરવાનો છે. બજેટ કોણ બનાવે છે? કેવી રીતે બનાવે છે? ખાનગી અને જાહેર બજેટ વચ્ચે શું તફાવત છે? બજેટના પ્રકારો ક્યા ક્યા છે? વગેરે મુદ્દાઓનો આપણે આ એકમમાં અભ્યાસ કરવાના છીએ.

10.2 બજેટનો અર્થ અને લાક્ષણિકતાઓ :

બજેટ એટલે ગુજરાતીમાં તેને અંદાજપત્ર કહેવાય છે. બજેટ શબ્દ મૂળ ફ્રેન્ચ ભાષાના શબ્દ 'bougett' માંથી લેવાયો છે, જેનો અર્થ કોથળો કે થેલી જેવો થાય છે. જેમાં બ્રિટિશ કાઉન્સિલર સરકાર સમક્ષ મૂકવાના થતા દસ્તાવેજો કે કાગળો રાખતા. આપણે આગળ જોયું કે બજેટ બધાં જ બનાવે છે. વ્યક્તિ, પરિવાર, પેઢી અને રાષ્ટ્ર વગેરે. જોકે, ખાનગી બજેટ અને જાહેર બજેટમાં મૂળભૂત તફાવત એ હોય છે કે ખાનગી બજેટમાં આવકનું પ્રમાણ અને આવકના સ્ત્રોતને આધારે ખર્ચ નક્કી કરવામાં આવે છે, જ્યારે જાહેર બજેટમાં સરકારના આવકના સ્ત્રોત સ્થિતિસ્થાપક હોવાથી ખર્ચ પ્રમાણે આવક વધારવાના કે ઘટાડવાના પ્રયત્નો કરવામાં આવે છે. જાહેર બજેટ ગ્રામ પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા, રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરવામાં આવે છે. અહીં આપણે બજેટ વિશે વધારે સ્પષ્ટ સમજ મેળવવા માટે તેની જુદી જુદી વ્યાખ્યાઓ જોઈએ.

❖ બજેટની વ્યાખ્યાઓ :

(i) બજેટ એ સરકારની રાજકોષીય પ્રક્રિયાઓની પદ્ધતિસરની નોંધ છે, જેમાં ખર્ચ કરવાના વિવિધ મુદ્દાઓ, ઉપલબ્ધ સાધનો તથા તે માટેની આવકના અંદાજોનો સમાવેશ કરવામાં આવે છે.

(ii) બજેટ એ સમાનતા, સર્વગ્રાહીતા, નિયમિતતા તથા જવાબદારી વહન કરવાનું સરકારનું મુખ્ય નાણાકીય સાધન છે.

(iii) Bastable : "Budget has come to mean the financial arrangements of a given Period with the usual implication that they have been submited to the legislature for approval."

(iv) Gladstone : "Budget is not merely minutes of arithmatic, but it a thousand ways to go to the root or Prosperity of individuals and relation of classes and the strength of kingdom. "

આમ, બજેટને માત્ર આવક અને ખર્ચની નોંધ ન ગણતાં તે આર્થિક વિકાસ માટેની બ્લૂ પ્રિન્ટ સમાન છે. બજેટ એ સરકારે નિશ્ચિત સમયગાળા દરમ્યાન કરવાનાં થતાં કાર્યોની નાણાકીય રજૂઆત કહી શકાય. જે સામાન્ય રીતે એક વર્ષ માટેના સમયગાળાની હોય છે. અન્ય શબ્દોમાં, બજેટ એ સરકારે એક વર્ષ દરમ્યાન કરવાનાં થતાં કાર્યોના નાણાકીય ખર્ચનું આયોજન છે. આ બજેટ કે અંદાજપત્ર છે, જે ભવિષ્યમાં થનાર કાર્યો માટેના ખર્ચનો અંદાજ બતાવે છે. જેથી જરૂરિયાત પ્રમાણેનાં સાધનો ઉપલબ્ધ છે કે નહિ તે જાણીને આવકના કે સાધનોના નવા સ્ત્રોતો ઊભા કરીને નાણાકીય સાધનો એકઠાં કરી શકાય.

❖ આ રીતે બજેટનાં ત્રણ ઘટકો કહી શકાય :

(1) જે જે કાર્યો કરવાનાં છે તેના પર થનારા ખર્ચનો અંદાજ

(2) પ્રવર્તમાન સ્ત્રોતોને આધારે થનારી આવકનો અંદાજ તથા

(3) સંપત્તિઓ અને જવાબદારીઓને આધારે સરકારી તિજોરીની સ્થિતિ, એટલે કે સરકાર પાસે ઉબલબ્ધ ભંડોળ. આ ત્રણે ઘટકોને એક જ દસ્તાવેજમાં રજૂ કરીને પરસ્પરના સંબંધને આધારે આવક અને ખર્ચની રજૂઆત કરવામાં આવે છે.

❖ બજેટની ઉપરોક્ત જુદી જુદી વ્યાખ્યાઓને આધારે બજેટનાં લક્ષણો નીચે પ્રમાણે તારવી શકાય :

(i) બજેટ એ રાજનૈતિક સાધન છે, જે ઉપલબ્ધ જાહેર સાધનોને આધારે સામાજિક-આર્થિક પ્રાથમિકતા નક્કી કરે છે.

(ii) બજેટ એ સરકારે કરવાનાં થતાં કાર્યોની નાણાકીય સ્વરૂપમાં મૂકવામાં આવેલી નોંધ છે, જે કોઈ એક નાણાકીય વર્ષ દરમ્યાન થતી અપેક્ષિત આવક અને અપેક્ષિત ખર્ચના મુદ્દા અને વિષયો મુજબના અંદાજને દર્શાવે છે.

(iii) બજેટના અંદાજો કોઈ ખાસ સમયગાળા પૂરતા હોય છે, મોટા ભાગે તે એક વર્ષ માટે તૈયાર કરવામાં આવે છે.

10.3 બજેટના હેતુઓ :

અર્થશાસ્ત્ર ગતિશીલ શાસ્ત્ર છે, કારણ કે સમયમાં આવતાં પરિવર્તનોની સાથે આર્થિક અને સામાજિક પરિવર્તનો પણ થાય છે. સમયમાં પરિવર્તન આવવાની સાથે સરકારની ભૂમિકા પણ બદલાઈ ગઈ છે. આમ થવાથી સરકારના બજેટના કદમાં મોટો વધારો નોંધાયો છે, તેમજ તેની સાથે બજેટના હેતુઓમાં ફેરફાર થયો છે અને વધારો પણ થયો છે. જાહેર બજેટ નીચેના હેતુઓ ધરાવે છે.

(i) જેમ મનુષ્યની જરૂરિયાતો એકબીજા સાથે સ્પર્ધા કરે છે તેમ સરકાર દ્વારા કરવાનાં થતાં જુદાં જુદાં કાર્યો પણ પરસ્પર સ્પર્ધા કરે છે સમય અને પરિસ્થિતિને આધારે ક્યું કાર્ય પહેલાં પૂરું કરવું તેની પસંદગી કરવી પડે છે. આમ કરવાનું કારણ સમયની મર્યાદા તેમજ ઉપલબ્ધ સાધનોની મર્યાદા છે.

(ii) સરકારનાં સાધનો સ્થિતિસ્થાપક છે, તેમ છતાં આ સાધનોનું પ્રમાણ અને ગુણવત્તા જરૂરિયાત મુજબ તરત જ ફેરફારક્ષમ નથી હોતાં, આથી જરૂરિયાતની પસંદગી, ઉપલબ્ધ સાધનોનું પ્રમાણ વગેરેને આધારે સરકારે કરવાની થતી આર્થિક ક્રિયાઓનું માળખું બજેટ દ્વારા તૈયાર કરવામાં આવે છે.

(iii) બજેટ સાધનો અને ક્રિયાઓ પર નિયંત્રણ મૂકવાનું એક કાનૂની સાધન પણ છે. જ્યારે બજેટનાં નિર્માણ અને અમલ સંબંધે પ્રશ્નો ઊભા થાય ત્યારે સત્તા અને સાધનોના દુરૂપયોગ સામે રક્ષક બને છે.

(iv) સરકાર તેનું કાર્ય પારદર્શક રીતે પ્રજા સમક્ષ મૂકી શકે તે માટે બજેટ એક સ્ત્રોત બની શકે છે, જેનાથી સરકારનાં કાર્યો, પ્રવૃત્તિઓ, નીતિવિષયક નિર્ણયો અને ભાવિ અંદાજો વિશે પ્રજા જાણી શકે છે.

(v) ઝડપી અને સમતોલ આર્થિક વિકાસ માટે :

દેશમાં જુદા જુદા પ્રદેશોનો વિકાસ એકસરખો થયો નથી હોતો. પછાત પ્રદેશના વિકાસ માટે વિશેષ ધ્યાન આપીને તેની જરૂરિયાત અનુસારનાં સાધનોની ફાળવણી કરવાની હોય છે. કરવેરામાં છૂટછાટ, અનુદાન વગેરે સાધનોથી સરકાર પછાત પ્રદેશો અને જુદાં જુદાં ક્ષેત્રોનો વિકાસ કરી શકે છે, જેમકે, કોઈ પ્રદેશમાં ગૃહઉદ્યોગોનો વિકાસ કરવા માટેનાં પગલાં. તેવી જ રીતે મર્યાદિત સાધનોને ધ્યાનમાં રાખીને સાધનોની ફાળવણી વર્તમાન અને ભાવિ ઉપયોગો વચ્ચે પણ કરવાની હોય છે. સાધનોના અનિયંત્રિત ઉપયોગ, પ્રદૂષણ વગેરે રોકવા માટે સરકાર બજેટનાં સાધનનો ઉપયોગ કરી શકે છે. જેમકે, સૂર્યઊર્જાનો વપરાશ વધારવા માટે સબસિડી આપવી, પ્રદૂષણ કરતા ઔદ્યોગિક એકમ પાસેથી દંડ વસૂલવો વગેરે.

(vi) ગરીબી અને બેરોજગારી દૂર કરવી :

આર્થિક વિકાસનું પહેલું લક્ષ્ય ગરીબી અને બેરોજગારી દૂર કરવાનું છે. આ માટે સરકાર સ્વયં સક્રિય થઈને ઘણી આર્થિક પ્રવૃત્તિઓ કરે છે. જેમકે, જાહેર ક્ષેત્રમાં ઉદ્યોગો સ્થાપવા, જાહેર સુવિધાઓ પૂરી પાડવી, અછત-રાહત કાર્યો કરવાં વગેરે. આ દરેક માટે વહીવટી વ્યવસ્થા પણ જાળવવાની હોય છે. આ પ્રકારનાં કાર્યોથી રોજગારીની તકોનું સર્જન થાય છે, જેમાં ઘણા તાલીમી, બિન-તાલીમી કે અર્ધતાલીમી લોકોને રોજગાર મળે છે. સ્વરોજગાર માટે પણ સરકાર બેંકો મારફતે લોનની સહાય આપે છે. આ બધી બાબતો માટે ખર્ચની ફાળવણી બજેટમાં કરવામાં આવે છે.

(vii) આવકની પુનઃ વહેંચણી અને સમાનતા :

અર્થતંત્રમાં આવક વધવાની સાથે ગરીબો અને અમીરો વચ્ચેનો તફાવત વધે તો તે સતત આર્થિક વિકાસ માટે અવરોધ ઊભા કરે છે. દરેકને વિકાસની સમાન તકો મળે અને આવકની અસમાનતા ઓછી થાય તે માટે આવકની પુનઃ વહેંચણી કરવા માટે બજેટનો એક સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે છે. સરકાર વધારે આવક ધરાવતાં લોકો પાસેથી કરવેરા દ્વારા આવક ઊભી કરે છે. સરકારની આ કર આવક સરકાર ગરીબ લોકોની તરફેણમાં ખર્ચ કરે છે. મફત શિક્ષણ, સ્વાસ્થ્ય અને અન્ય સેવાઓ માટે ખર્ચ કરે છે. બસ, ટ્રેન વગેરેમાં ભાડાંના દર જુદા જુદા રાખીને ઓછી આવક ધરાવતાં લોકો માટે પણ સુવિધા આપવામાં આવે છે. તેવી જ રીતે અર્થતંત્રમાં બધા જ પ્રદેશોનો એકસમાન વિકાસ થયો હોતો નથી. તો ઘણી વખત વિકાસયાત્રામાં કોઈ ક્ષેત્ર પાછળ રહી ગયું હોય તેવું બને, જેમ કે કૃષિક્ષેત્રનો વિકાસ ન થયો હોય અથવા ઉદ્યોગો ન વિકસી શક્યા હોય તો તેવા સંજોગોમાં તે ક્ષેત્રના કે તે પ્રદેશના વિકાસ માટે બજેટમાં વિશેષ જોગવાઈઓ કરવામાં આવે છે. કરવેરામાં છૂટછાટ, વિશેષ નાણાકીય ફાળવણી, લોન સહાય વગેરેની બજેટમાં જોગવાઈ કરવામાં આવે છે.

(viii) વ્યાપારચક્રોની તીવ્રતા ઓછી કરવા :

વ્યાપારચક્રોની તીવ્રતા આર્થિક વિકાસની ગતિને અવરોધે છે. તીવ્ર મંદી કે તીવ્ર ફુગાવામાં અર્થતંત્ર અનિયંત્રિત રહે તો ઘણાં અનિષ્ટ પરિણામો આવે છે. આવા સમયે સરકારે હસ્તક્ષેપ કરવો જરૂરી બને છે. મંદીના સમયમાં અર્થતંત્રમાં નાણું ઉમેરવું પડે છે. આવા સમયે સરકાર તેની આર્થિક પ્રવૃત્તિઓ વધારી દે છે. ખાધવાળું બજેટ તૈયાર કરીને અર્થતંત્રમાંથી મંદીની અસરો દૂર કરી શકાય છે. તેવી જ રીતે ફુગાવાના સમયમાં કરવેરા વધારીને અર્થતંત્રમાંથી નાણું પાછું ખેંચી લેવામાં આવે છે. આ વખતે પુરાંતવાળું બજેટ બનાવવામાં આવે છે.

(ix) જાહેર સાહસો માટે નાણાં અને સાધનો મેળવવાં :

સરકાર જાહેર વહીવટ અને ઉદ્યોગો માટે નાણાકીય સાધનો ઊભાં કરવા બજેટ પ્રક્રિયાનો સહારો લે છે. કરવેરા, દંડ, ફી, જાહેર દેવાં વગેરે ઉપરાંત ખાધ પૂરવણી દ્વારા સરકાર નાણાંકીય આવકના સ્ત્રોતો ઊભા કરે છે.

(x) અન્ય ઉપયોગો :

ઉપરોક્ત તમામ હેતુઓ ઉપરાંત બજેટના માધ્યમથી સરકાર જાહેર સાધનો ઉપર નિયંત્રણ રાખવાનું કાર્ય પણ કરે છે. પ્રજા કલ્યાણનાં કાર્યો, સરકારની આર્થિક નીતિ વગેરે બજેટ દ્વારા સ્પષ્ટ થાય છે.

10.4 બજેટના પ્રકારો :

બજેટના જુદાજુદા પ્રકારો કે વિભાગો પાડવામાં આવે છે, આ પ્રકારો બજેટના સમયગાળા, કરવાનાં થતાં કાર્યો, હેતુઓ, રજૂ કરનાર વિભાગો, અર્થતંત્ર પરની અસરો વગેરેને આધારે પાડવામાં આવે છે. અર્થતંત્રમાં સરકાર દ્વારા કરવામાં આવતી આર્થિક પ્રવૃત્તિઓનું મહત્ત્વ વધ્યું છે. વળી સરકારની કામગીરીનો પણ વિસ્તાર થતો ગયો છે. આથી સરકારનાં વિવિધ કાર્યોને અનુલક્ષીને ઉપલબ્ધ સંસાધનો તથા ખર્ચનું વિભાજન જરૂરી બન્યું છે. સરકારની આર્થિક પ્રવૃત્તિઓ વધારે સ્પષ્ટ બને તે હેતુથી બજેટનું વર્ગીકરણ કરવામાં આવે છે તે જોઈએ.

(i) કાર્યાત્મક વર્ગીકરણ :

સરકાર દ્વારા કરવામાં આવતા સામાન્ય ખર્ચાઓનું હેતુઓના આધારે થતું આ વર્ગીકરણ છે. જે વર્ગ માટે ખર્ચ કરવામાં આવે છે તેમના દષ્ટિકોણથી કરવામાં આવતું આ કાર્યાત્મક વર્ગીકરણ છે. આનાથી થયેલો ખર્ચ યોગ્ય રીતે થયો છે અને તેનો હેતુ સિદ્ધ થયો છે કે કેમ તે જાણી શકાય છે. આ પ્રકારનું વર્ગીકરણ ખર્ચવામાં આવતાં નાણાકીય સાધનોના મહત્તમ ઉપયોગ માટે પણ દિશાનિર્દેશ કરે છે.

(ii) સંગઠનાત્મક વર્ગીકરણ :

સરકારના જુદા જુદા વિભાગો અથવા મંત્રાલયોના આધારે થતું આ વર્ગીકરણ છે. આ પ્રકારનું વર્ગીકરણ ખર્ચ બાજુએથી સરળતાથી કરી શકાતું હોય છે. પરંતુ આવક કે મહેસૂલની બાજુએ મુશ્કેલી પડી શકે છે. જેમકે, અગાઉ રેલવે બજેટ અલગથી બનાવવામાં આવતું હતું. સંરક્ષણનું બજેટ કે પછી શિક્ષણ કે સ્વાસ્થ્ય માટેનું બજેટ વગેરે.

(iii) હેતુ આધારિત વર્ગીકરણ :

આ વર્ગીકરણ એ ખાતાકીય સ્તરે ખર્ચને નિયંત્રિત કરવા માટેનું સાધન બને છે. તેનાથી સરકારી હિસાબી વ્યવસ્થાનું પણ મહત્ત્વ સ્થાપિત થાય છે. જુદા જુદા વિભાગોના પેટા વિભાગો પાડીને જ્યારે મુખ્ય અને ગૌણ એ રીતે હેતુઓ સાથે પ્રદર્શિત કરવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે સંગઠનાત્મક બજેટના વર્ગીકરણ સાથે આ પ્રકાર જોડવામાં આવે છે.

(iv) આર્થિક વર્ગીકરણ :

આ પ્રકારનું વર્ગીકરણ આર્થિક બાબતોને આધારે કરવામાં આવે છે, જેમાં સરકાર દ્વારા કરવામાં આવતા ખર્ચ અને અન્ય સોદાઓની તાત્કાલિક અને ટૂંકા ગાળાની અસરોનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ પ્રકારના વિશ્લેષણમાં ચાલુ ખાતામાં અને મૂડી ખાતામાં થતી ખરીદી વચ્ચેનો તફાવત પણ સ્પષ્ટ રાખવામાં આવે છે. આ પ્રકારનું વર્ગીકરણ ખર્ચની આર્થિક લાક્ષણિકતાઓ પણ બતાવે છે. બજેટની આર્થિક અસરોના મૂલ્યાંકન માટે આ પ્રકારનું વર્ગીકરણ ઉપયોગી બને છે. આ વર્ગીકરણ ટૂંકા ગાળાની અસરોનું મૂલ્યાંકન કરવામાં ઉપયોગમાં લેવાય છે, તેમ છતાં આખા રાષ્ટ્રની હિસાબી બાબતો તથા લાંબા ગાળાની યોજનાઓના નિર્માણમાં પણ ઉપયોગી થાય છે.

❖ બજેટનું તેની કામગીરી અને હેતુઓના આધારે થતું વર્ગીકરણ આપણે જોયું, બજેટના અન્ય સામાન્ય પ્રકારો નીચે મુજબ ગણાવી શકાય :

(i) સમતોલ બજેટ :

જે બજેટમાં સરકારના અંદાજિત ખર્ચ અને અંદાજિત આવકનાં પાસાંઓ સમાન થતાં હોય તેને સમતોલ બજેટ કહેવાય છે. આ પ્રકારની સ્થિતિ સરકારની નાણાકીય સ્થિરતા અને સધ્ધરતા બતાવે છે તથા ખર્ચનો દુરૂપયોગ અટકાવે છે. જોકે, આવી સ્થિતિ આધુનિક સમયમાં એક આદર્શ સ્થિતિ જ કહી શકાય, કારણ કે વાસ્તવમાં સમતોલ બજેટ જોવા મળતું નથી. વળી, આ પ્રકારનાં બજેટમાં આર્થિક વિકાસ અને પ્રજા કલ્યાણને ઓછું મહત્ત્વ અપાયું હોય તેમ પણ બને. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ જેવાકે, એડમ સ્મિથના મત અનુસાર જાહેર ખર્ચ જાહેર આવકથી વધવો ન જોઈએ. જોકે, કેઈન્સ અને અન્ય આધુનિક અર્થશાસ્ત્રીઓની વિચારધારા પ્રમાણે બજેટ સમતોલ રાખવાથી સરકારનું પૂર્ણ રોજગારીનું ધ્યેય સિદ્ધ થઈ શકે નહીં, તેથી પૂર્ણ રોજગારીની સ્થિતિ મેળવવા તથા મંદીને અટકાવવા પણ ખાધવાળું અસમતોલ બજેટ પસંદ

કરવા યોગ્ય છે, આમ સરકારે તેનો ખર્ચ વધારતાં રહેવું જોઈએ.

(ii) અસમતોલ બજેટ : અસમતોલ બજેટના પણ બે પ્રકાર પાડી શકાય :

(a) પુરાંતવાળું બજેટ :

જ્યારે સરકારના અંદાજિત ખર્ચ કરતાં અંદાજિત આવક વધી જાય ત્યારે બજેટ પુરાંતવાળું બને છે. જોકે, આ પ્રકારના બજેટને પસંદ કરવામાં આવતું નથી, કારણ પુરાંતવાળું બજેટ એમ સૂચવે છે કે સરકાર જેટલાં નાણાકીય સાધનો મેળવે છે તેના કરતાં ઓછાં નાણાં અર્થતંત્રમાં પરત રોકાણ કરે છે. આ પ્રકારનું બજેટ ફુગાવાને નિયંત્રિત કરવામાં ઉપયોગી થઈ શકે છે. પુરાંતવાળા બજેટથી માંગ ઘટે છે અને ભાવસપાટી નીચી આવે છે, પરંતુ મંદીની સ્થિતિમાં બજેટમાં પુરાંત ઈચ્છનીય નથી. અહીં નોંધપાત્ર વાત એ છે કે આધુનિક સરકાર પુરાંતવાળું બજેટ અતિ વિશેષ કિસ્સાઓમાં જ ઉપયોગમાં લેતી હોય છે.

(b) ખાધવાળું બજેટ :

જ્યારે સરકારની અંદાજિત આવક કરતાં અંદાજિત ખર્ચ વધી જતો હોય ત્યારે ખાધવાળું બજેટ કહેવાય છે. આધુનિક કલ્યાણકારી સરકારની કામગીરીઓ વધવાથી મોટાભાગે જાહેર બજેટ ખાધવાળું બનતું હોય છે. 1929-30ની વૈશ્વિક મહામંદીના અનુભવ પછી કેઈન્સ દ્વારા આ પ્રકારના બજેટની તરફેણ કરવામાં આવી હતી. ખાધવાળું બજેટ વિકાસશીલ અર્થતંત્ર માટે સારાં પરિણામો લાવનારું બને છે. જેમકે, તેનાથી વિકાસલક્ષી કાર્યોમાં ગતિ આવે છે, કલ્યાણલક્ષી યોજનાઓ માટે ભંડોળ ઊભું કરી શકાય છે અને તેનાથી મંદીની સ્થિતિમાંથી પણ બહાર આવી શકાય છે. જોકે, તેના કેટલાંક ઉધાર પાસાંઓ પણ છે, જેમકે, જો અર્થતંત્રમાં ભાવો વધી રહ્યા હોય તેવી સ્થિતિમાં ખાધવાળું બજેટ ભાવવધારાને પ્રબળ બનાવે છે અને ફુગાવો થાય છે. સતત ખાધવાળું બજેટ સરકારની નાણાકીય અને રાજકીય સ્થિતિ અસ્થિર બનાવે છે અને વિદેશી મૂડીરોકાણ કરનારાઓનો વિશ્વાસ પણ ડગે છે.

(iii) કારોબારી અને કાયદાકીય બજેટ (Executive and Legislative budget) :

પ્રથમ આપણે કાયદાકીય બજેટ સમજીએ, કાયદાકીય બજેટ એ છે કે જે વિધાનસભાની જુદી જુદી સમિતિઓ દ્વારા તૈયાર કરવામાં આવેલું હોય છે અને અપનાવવામાં આવતું હોય છે. બીજી બાજુ, કારોબારી બજેટ સરકારના વિવિધ વહીવટી વિભાગો દ્વારા તૈયાર કરવામાં આવતું હોય છે. આ બજેટ પણ વિધાનસભા દ્વારા મંજૂર કરવામાં આવતું હોય છે. પણ તેની શરૂઆત કારોબારી દ્વારા થતી હોવી જરૂરી છે. સામાન્ય રીતે વિધાનસભા દ્વારા તૈયાર કરવા કરતાં કારોબારી દ્વારા તૈયાર થતું બજેટ મહત્ત્વનું મનાય છે, કારણકે વહીવટી/ કારોબારી વિભાગ સંપત્તિમાંથી થનારી અંદાજી આવક અને ખર્ચ બાબતે વધુ જાણકારી રાખતો હોય છે, ઉપરાંત અંતે તો કોઈ પણ બજેટનો અમલ વહીવટી વિભાગો દ્વારા થવાનો હોય છે. તેથી તેના ઉપર કોઈ પણ રકમ કે આંકડા થોપી દેવાં તેના કરતાં તેના દ્વારા બનાવવામાં આવતા અંદાજોને મહત્ત્વ મળવું જોઈએ તથા જ્યારે વહીવટી કે કારોબારી વિભાગ જાતે જ જ્યારે બજેટ તૈયાર કરે ત્યારે તેની ક્ષતિઓ અને ખામીઓ પ્રત્યે તે વધુ જવાબદાર બને છે.

(iv) બહુવિધ અને એકીકૃત બજેટ (Multiple and Unified Budget) :

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં સરકારી વિભાગોના આધારે જુદા જુદા વિભાગોમાં બજેટ રજૂ કરવાની પ્રથા હતી, જેથી તે દરેક વિભાગનાં કાર્યોનું મૂલ્યાંકન થઈ શકે, પરંતુ હવે એવું માનવામાં આવે છે કે આ રીતે વિભાગીય બજેટ કરતાં એકીકૃત બજેટ રજૂ કરવું વધારે યોગ્ય છે, કારણ કે બજેટની જે અસર થાય છે તે કુલ અસર હોય છે. આથી એકીકૃત બજેટમાં જ જુદા જુદા પેટા વિભાગો જરૂરિયાત પ્રમાણે બનાવીને રજૂ કરવું વધારે યોગ્ય છે. ભારતમાં પણ અગાઉ રેલવે બજેટ અલગથી રજૂ કરવાની પરંપરા હતી, પરંતુ વર્ષ 2017 થી તે સામાન્ય બજેટ સાથે જ રજૂ કરવામાં આવે છે.

(v) પરંપરાગત બજેટ અને રોકડ બજેટ (Conventional Budget and Cash Budget) :

અન્ય ગૌણ તફાવતો ઉપરાંત મુખ્ય તફાવત એ છે કે પરંપરાગત બજેટમાં જે આવકના સ્ત્રોતો સરકારના નથી તેને રજૂઆતથી અળગા રાખવામાં આવે છે. આ બજેટની એ ખામી છે કે તેનાથી અર્થતંત્રમાં જે નાણાંનો પ્રવાહ આવવાથી અસરો ઊભી થાય છે તેનાથી સરકાર પોતાને અલગ રાખે છે, આમ તેની ક્ષતિઓથી પણ પોતાને દૂર રાખે છે. જોકે, સરકારની આવકના સ્ત્રોતો સિવાય રોકડ પ્રવાહની પણ અર્થતંત્ર ઉપર અસર તો હોય જ છે, આમ પરંપરાગત બજેટ કરતાં રોકડ બજેટનું કદ મોટું હોય છે, અને રોકડ બજેટ બધી જ આવકના પ્રવાહોને રજૂ કરતું હોવાથી વધારે ઈચ્છવા યોગ્ય પણ છે.

(vi) આવક અને મૂડી બજેટ (Revenue and Capital Budget) :

આવક બજેટ એ વિગતોનો સમાવેશ કરે છે જે ફરી ફરીને થતી હોય, જ્યારે મૂડી બજેટમાં મૂડી સંપત્તિને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. દરેક આર્થિક વિભાગ ચાલુ આવક - ખર્ચ તથા સંપત્તિ સર્જન માટેનાં આવક-ખર્ચનો હિસાબ અલગથી પણ રાખે તે જરૂરી હોય છે. આવક બજેટમાં કર આવક અને બિનકર આવકનો તથા તેમાંથી થતા ખર્ચનો સમાવેશ થાય છે. મૂડીખાતાની આવકમાં સરકારે લીધેલી લોન, રાજ્ય સરકારોએ પરત કરેલી લોન, ટ્રેઝરી બિલના વેચાણમાંથી થતી આવક વગેરે સમાવિષ્ટ છે. મૂડીખાતાના ખર્ચમાં જે ખર્ચથી સંપત્તિનું સર્જન થતું હોય તેવા ખર્ચાઓ આવે છે, જેમકે, જમીન અને મકાનોની ખરીદી, યંત્રોની ખરીદી, મકાનો વગેરેનું નિર્માણકાર્ય, કંપનીઓમાં મૂડીરોકાણ, શેર અને ડિબેન્ચરની ખરીદી વગેરે.

(vii) વચગાળાનું બજેટ (Interim Budget) :

કોઈ વિશેષ સંજોગોમાં જ્યારે આખા વર્ષ માટેનું પૂર્ણ સમયનું બજેટ તૈયાર થઈ શકે ત્યારે એક વર્ષ કરતાં ઓછા સમયગાળા માટેનું બજેટ રજૂ કરવામાં આવે છે, જેને વચગાળાનું બજેટ કહેવાય છે. આમ કરવાનો હેતુ જરૂરી ખર્ચને પહોંચી વળવાની વ્યવસ્થા કરવાનો હોય છે.

(viii) સામાન્ય બજેટ (Ordinary Budget) :

સામાન્ય સંજોગોમાં આખા વર્ષ માટેનું પૂર્ણ સમય માટેનું બજેટ સામાન્ય બજેટ કહેવાય છે.

10.5 બજેટ તૈયાર કરવાની પ્રક્રિયા :

બજેટ તૈયાર કરવાની પ્રક્રિયાના તબક્કાઓમાં થોડો ઘણો ફેરફાર હોઈ શકે છે, તેમ છતાં બધાં અર્થતંત્રોમાં બજેટ તૈયાર કરવાના મુખ્ય ચાર તબક્કાઓ હોય છે. (1) બજેટ તૈયાર કરવું (2) બજેટ મંજૂર કરાવવું (3) બજેટ અનુસાર જોગવાઈઓનો અમલ કરાવવો તથા (4) મૂલ્યાંકન

કરવું, બજેટ તૈયાર કરતી વખતે બજેટ તૈયાર કરનાર સમિતિ પાસે કેટલીક પૂર્વ માહિતીઓ હોવી જરૂરી છે, જેમકે, નક્કી કરેલાં લક્ષ્યાંકો, ઉપલબ્ધ સંસાધનોનું પ્રમાણ, સંભવિત ખર્ચનો અંદાજ અને આવકના સંભવિત સ્ત્રોતો.બધા દેશોની જેમ જ ભારતમાં પણ બંધારણીય વ્યવસ્થા અનુસાર બજેટ પસાર કરવામાં આવે છે. આ એક વાર્ષિક પ્રક્રિયા છે. ભારતમાં બજેટ તૈયાર થવાની અને તેનો અમલ થવાની પ્રક્રિયા સમજીએ...

(1) બજેટ તૈયાર કરવું :

ભારતમાં બજેટ એ ગત વર્ષે થયેલાં કાર્યો અને આગામી વર્ષ દરમ્યાન કરવાનાં થતાં કાર્યોના હિસાબની નાણાકીય રજૂઆત છે. ભારતમાં નાણાકીય વર્ષ 1 એપ્રિલથી શરૂ થાય છે અને 31 માર્ચના દિવસે પૂર્ણ થાય છે. દેશમાં કેન્દ્ર સરકારનું બજેટ તૈયાર કરવાની જવાબદારી નાણામંત્રીની હોય છે. તેવી જ રીતે દરેક રાજ્યના બજેટ પણ તૈયાર કરવામાં આવે છે. કારણ કે ભારતમાં સમવાયી પ્રકારની રાજ્યવ્યવસ્થા અપનાવવામાં આવી છે. રાજ્યોમાં સંબંધિત રાજ્યના નાણામંત્રી દ્વારા બજેટ તૈયાર કરવામાં આવે છે. નાણાં મંત્રાલયને બજેટ તૈયાર કરવામાં અન્ય વહીવટી વિભાગો જેવાકે, આયોજન પંચ, કરવેરા અને કસ્ટમ ડ્યુટીનો વિભાગ, હિસાબી વિભાગ વગેરે સહાય કરે છે. બજેટ એટલે કે અંદાજપત્રનો સામાન્ય નિયમ એવો છે કે જે નાણા ખર્ચ કરે છે તેની પાસે ખર્ચનો પૂર્વ અંદાજ હોવો જરૂરી છે. આમ, સરકારના જુદા જુદા વહીવટી વિભાગો પ્રાથમિક તબક્કે તેમણે કરવાના થતા ખર્ચના અંદાજો તૈયાર કરે છે, જે તેમને અપાયેલી માર્ગદર્શિકા અનુસાર હોય છે, તેનાથી બજેટનું માળખું તૈયાર થાય છે. આ માળખામાં ચાર મુખ્ય વિભાગો હોય છે; (i) ગત વર્ષનો વાસ્તવિક ખર્ચ, (ii) ચાલુ વર્ષનો મંજૂર થયેલો નાણાકીય અંદાજ, (iii) ચાલુ વર્ષનો સુધારેલો અંદાજ અને (iv) આવનારા વર્ષનો અંદાજ. આ રીતે સરકારના જુદા જુદા વિભાગો પાસેથી મળેલા અંદાજો પ્રમાણે નાણામંત્રી એકીકૃત કે સર્વગ્રાહી બજેટ તૈયાર કરે છે.

(2) બજેટની રજૂઆત અને અમલીકરણ :

બજેટ તૈયાર થયા બાદ તે લોકસભા અને રાજ્યસભામાં રજૂ કરવામાં આવે છે, રાજ્યો તેમનું અંદાજપત્ર વિધાનસભા અને વિધાન પરિષદની સમક્ષ રજૂ કરે છે. તેના ઉપર બંને ગૃહોમાં ચર્ચા થાય છે. જ્યાં સુધી બજેટને ધારાસભાની મંજૂરી ન મળે ત્યાં સુધી બજેટની જોગવાઈઓનો અમલ કરી શકાતો નથી. બજેટ ઉપર ચર્ચા થયા પછી તેની જુદી જુદી જોગવાઈઓ પર મત આપવાની પ્રક્રિયા થાય છે, જેમાં કેટલાક નોન વોટેબલ (non-votable) મુદ્દાઓ હોય છે જેના ઉપર ચર્ચા થતી નથી, અન્ય મુદ્દાઓ ઉપર ચર્ચા સમયે નાણામંત્રીએ સ્પષ્ટતા કરવાની હોય છે. નોન વોટેબલ મુદ્દાઓમાં ભારતના રાષ્ટ્રપતિનાં પગાર-ભથ્થાંઓ, સુપ્રીમ કોર્ટના જજ, કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનાં પગાર અને ભથ્થાંઓ, ભારત સરકારનું દેવું વગેરેનો સમાવેશ થાય છે.

10.6 બજેટ ખાધના જુદા જુદા પ્રકારો (Different Concepts of Budget deficits) :

અંદાજપત્ર તૈયાર કરવાનો હેતુ આવકના સ્ત્રોત જાણવા, ખર્ચની વિગતો જાણવી અને તેમાં ઊભી થતી અસમતુલાઓ જાણવાનો છે. આમ કરવાથી મર્યાદિત સાધનોનો વેડફાટ તો નથી થતો ને? આવકના પ્રવર્તમાન સ્ત્રોતોમાંથી જે આવક મળે છે તેને વધારી કે ઘટાડી શકાય

કેમ? બિનઉત્પાદક ખર્ચાઓ ઘટાડી શકાય તેમ છે કે કેમ? વગેરે જાણવાનો છે. આ હેતુથી બજેટને અને બજેટની ખાધને જુદાજુદા વિભાગોમાં વિભાજિત કરવામાં આવે છે, જેથી તે દરેક વિભાગનો અલગથી અભ્યાસ કરી શકાય. અહીં આપણે બજેટ ખાધના જુદાજુદા પ્રકારો જોઈએ.

(ક) પરંપરાગત બજેટ ખાધ (Conventional Budgetary deficit) :

જ્યારે સરકારની કુલ આવક કરતાં ખર્ચ કુલ (રેવન્યૂ ખર્ચ અને મૂડી ખર્ચ) વધી જાય તે સ્થિતિને બજેટ ખાધ કહેવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા નવા તિજોરી પત્રો જારી કરીને અથવા મધ્યસ્થ બેંક પાસેથી ઋણ લઈને આ ખાધ પૂરવામાં આવે છે. જોકે, આધુનિક સમયમાં સરકારના ખર્ચમાં વધારો થયો હાવાથી, તિજોરી પત્રોનો ઉપયોગ થતો હોવાથી તથા બજેટ ખાધ પ્રતિષ્ઠાનો કે સરકારની અસફળતાનો મુદ્દો ન હોવાથી બજેટ ખાધને ઓછું મહત્ત્વ આપવામાં આવે છે.

(ખ) રેવન્યૂ ખાધ (Revenue deficit) :

સરકારના જુદા જુદા વહીવટી વિભાગોની જાળવણી, સરકાર દ્વારા લેવામાં આવેલી લોનનાં વ્યાજની ચૂકવણી વગેરે જેવા ખર્ચાઓ કે જેનાથી કોઈ સંપત્તિનું નિર્માણ ન થતું હોય તેવા ખર્ચને રેવન્યૂ ખર્ચ કહેવામાં આવે છે. રેવન્યૂ આવકો એવી છે કે જેનાથી કોઈ જવાબદારીઓ વધતી નથી કે ન તો કોઈ સંપત્તિનું સર્જન થતું; જેમ કે વ્યાજની આવક, સપ્લાયર્સ પાસેથી મેળવેલ ડિસ્કાઉન્ટ, કરવેરાની આવકો, જાહેર સેવાઓ અને વસ્તુઓના વેચાણમાંથી થતી આવકો વગેરે. આમ, જ્યારે રેવન્યૂ ખર્ચ રેવન્યૂ આવક કરતાં વધારે હોય ત્યારે રેવન્યૂ ખાધ અસ્તિત્વમાં આવે છે.

આ રીતે Revenue receipt < revenue expenditure = revenue deficit

રેવન્યૂ ખાધનું પ્રમાણ વધારે હોય તે એ સૂચવે છે કે સરકારને તેના વિભાગો ચલાવવા માટે વધારે ખર્ચ થાય છે અને તે પ્રમાણેની આવક થતી નથી. આ ખાધના ઉપાય તરીકે સરકાર કરવેરાના દરમાં વધારો કરતી હોય છે, તે ઉપરાંત સરકારે વહીવટી ખર્ચ ઘટાડવાનો પણ પ્રયત્ન કરવો જોઈએ. એક ઉપાય તરીકે સરકાર વિનિવેશ (disinvestment) પણ કરે છે.

(ગ) નાણાકીય ખાધ (Monetized deficit) :

સરકારને તેના ખર્ચ માટે RBI જેટલા પ્રમાણમાં ઉધાર લેવામાં મદદ કરે છે તેને નાણાકીય ખાધ કહેવાય છે. બીજા શબ્દોમાં RBI પાસેથી સરકાર દ્વારા લેવામાં આવેલ કુલ ઋણને નાણાકીય ખાધ કહેવાય છે. આ સ્થિતિને ખાધનું નાણાકીયકરણ પણ કહેવામાં આવે છે. ખાધના નાણાકીયકરણથી અર્થતંત્રમાં કુલ નાણાંનું પ્રમાણ વધે છે, જો અર્થતંત્રમાં તેટલા પ્રમાણમાં વાસ્તવિક ઉત્પાદનમાં વધારો ન થયો હોય તો તે ફુગાવાને જન્મ આપે છે.

(ઘ) રાજકોષીય ખાધ (Gross fiscal deficit) :

રેવન્યૂ ખાધ, બજેટ ખાધ અને નાણાકીય ખાધ સરકારની માળખાકીય અસમતુલાને યોગ્ય રીતે પ્રસ્તુત કરતા નથી, તેથી આધુનિક સમયમાં રાજકોષીય ખાધને વધારે મહત્ત્વ આપવામાં આવે છે, કારણ કે સરકાર તેની આવક અને ખર્ચની અસમતુલા દૂર કરવા માટે નાની બચતો, પ્રોવિડન્ટ ફંડ, બાહ્ય દેવાં જેવાં અનેક સાધનોથી સાધનો ઊભાં કરવાનો પ્રયત્ન કરે છે, જે ઉપરોક્ત ત્રણે પ્રકારોમાં પ્રદર્શિત થતો નથી. સમગ્રલક્ષી અર્થતંત્રની અસમતુલા જાણવા માટે

રાજકોષીય ખાધનો ખ્યાલ અપનાવવામાં આવ્યો છે, જેમાં કુલ આવક અને કુલ ખર્ચની વિગતો ઉપરાંત સરકાર દ્વારા લેવામાં આવતું શુદ્ધ ઋણ પણ સમાવિષ્ટ હોય છે. આમ,

કુલ રાજકોષીય ખાધ = રેવન્યૂ આવક (કર આવક અને બિનકર આવક) + મૂડી આવક (માત્ર આપેલી લોનની રિકવરી અને અન્ય આવકો) - કુલ ખર્ચ (આયોજિત અને બિનઆયોજિત)

(ચ) પ્રાથમિક ખાધ (Primary deficit) :

રાજકોષીય ખાધ - વ્યાજની ચૂકવણી = પ્રાથમિક ખાધ

આ પ્રકાર સરકારની લોન ઉપર વ્યાજ ચૂકવણીની સ્થિતિ બતાવે છે. તેનાથી જાણી શકાય છે કે સરકાર ઋણ ક્યા દરે લે છે અને ઋણ લેવાનું પ્રમાણ કેટલું છે. સરકાર લોનની ચૂકવણી કરવા માટે પણ ઘણી વાર લોન લેતી હોય છે.

10.7 સારાંશ :

- સરકાર કે જાહેર વહીવટ કરતી સંસ્થા તેણે કરવાનાં થતાં કાર્યોને આધારે ભાવિ ખર્ચ અને સંભવિત આવકના સ્ત્રોતોનો અંદાજ બાંધે છે. આ અંદાજને નાણાકીય સ્વરૂપમાં દર્શાવવામાં આવે છે તેને નાણાકીય બજેટ કે અંદાજપત્ર કહેવામાં આવે છે.
- સામાન્ય રીતે બજેટ એક વર્ષ માટે તૈયાર કરવામાં આવે છે, તેમ છતાં કાર્યમાં લાગતા સમયને આધારે લાંબા ગાળાનું, વચગાળાનું વગેરે બજેટ પણ ક્યારેક તૈયાર કરવામાં આવે છે.
- બજેટનો અમલીકરણનો ગાળો એક નાણાકીય વર્ષ હોય છે, જે સામાન્ય રીતે 1 એપ્રિલથી 31 માર્ચ સુધીનુ ગણવામાં આવે છે.
- બજેટનું જુદાં જુદાં મથાળાં હેઠળ વર્ગીકરણ કરવામાં આવે છે, આ વર્ગીકરણ બજેટના હેતુઓ, આવકના સ્ત્રોતો, ખર્ચના પ્રકારો, અને તેની અસરોને આધારે કરવામાં આવે છે, જેમ કે રેવન્યૂ ખર્ચ અને રેવન્યૂ આવક, વિકાસકીય અને બિનવિકાસકીય ખર્ચ, મૂડી આવક અને મૂડી ખર્ચ વગેરે.
- કેન્દ્ર સરકારનું બજેટ નાણામંત્રી સરકારના જુદા જુદા વહીવટી વિભાગોની સહાયથી તૈયાર કરે છે અને તેને લોકસભા તથા રાજ્યસભામાં ચર્ચા અર્થે રજૂ કરવામાં આવે છે.

10.8 2020-21 નાં બજેટનું - વિહંગાવલોકન :

વિદ્યાર્થીમિત્રો, આ સાથે તમને ભારતનાં વર્ષ 2020-21ના સામાન્ય બજેટનો આછેરો પરિચય આપવામાં આવ્યો છે જેના આધારે તમે જાણી શકશો કે કેન્દ્ર સરકાર કઈકઈ બાબતો ઉપર ખર્ચ કરે છે અને તેના માટે આવકના ક્યા ક્યા સ્ત્રોત છે. આકૃતિ અને ગ્રાફના આધારે આ બજેટના જુદા જુદા ખર્ચ અને આવકના સ્ત્રોતોની સરખામણી પણ કરવામાં આવી છે. સામાન્ય ભાષામાં તેને રૂપિયો ક્યાંથી આવશે અને રૂપિયો ક્યાં ખર્ચાશે તેમ કહેવામાં આવે છે. આમ, સરકારના કુલ આવક અને કુલ ખર્ચમાં કઈ બાબત ઉપર વધારે ટકાવારી ખર્ચ થાય છે અને ક્યાંથી વધારે આવક મેળવી શકાય તેમ છે, તેનો અંદાજ બાંધવામાં આવે છે. આ રજૂઆત અંગ્રેજી અને હિન્દી ભાષામાં વેબસાઈટ પરથી લઈને યથાતથ મૂકવામાં આવી છે, તેમ હોવાથી તમે અન્ય ભાષામાં વાચન કરવાની પણ આદત કેળવી શકશો. જોકે, આ મુદ્દો પરીક્ષામાં પુછાશે નહીં, તેને માત્ર તમારી સમજ અને પરિચય કેળવવાના હેતુથી મૂકવામાં આવ્યું છે.

10.9 ચાવીરૂપ શબ્દો :

(i) સબસિડી :

Subsidy (સબસિડી) એ અંગ્રેજી શબ્દ છે, જેનો મતલબ થાય છે સહાય, અહીં આર્થિક કે નાણાકીય સહાય જે સરકાર દ્વારા આપવામાં આવે છે અને સબસિડી કહેવાય છે, સરકાર જે કોઈ આર્થિક બાબતને પ્રોત્સાહન આપવા ઈચ્છે તેના માટે તેના ઉત્પાદકોને અથવા ઉપભોક્તાઓને સબસિડી આપે છે, એટલે કે ધારો કે ઉપભોક્તા બજારમાંથી કોઈ વસ્તુ ખરીદે તો સરકાર તેને કિંમતમાં ડિસ્કાઉન્ટ આપે છે. આ ડિસ્કાઉન્ટથી વિક્રેતાને જે ઓછી આવક થાય છે તે સરકાર ભરપાઈ કરી આપે છે. આમ, ગ્રાહકને વસ્તુ ઓછી કિંમતે મળે છે પણ વિક્રેતાને ખોટ જતી નથી.

10.10 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ લખો.

(1) બજેટ એટલે શું? બજેટની જુદી જુદી વ્યાખ્યાઓને આધારે બજેના લક્ષણો અને હેતુઓનું વર્ણન કરો.

(2) બજેટ એટલે શું? બજેટના જુદા જુદા પ્રકારો લખો.

(3) બજેટ એટલે શું? બજેટ તૈયાર કરવાની પ્રક્રિયા લખો.

(4) બજેટ એટલે શું? બજેટ ખાધના વિવિધ પ્રકારોનું વર્ણન કરો.

(ખ) નીચેના વિષયો ઉપર ટૂંકનોંધ લખો.

(1) બજેટના પ્રકારો

(2) બજેટ તૈયાર કરવાની પ્રક્રિયા

(3) સમતોલ અને અસમતોલ બજેટ

(4) ખાધવાળું બજેટ

(ગ) હેતુલક્ષી પ્રશ્નો : નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો.

(I) સરકાર દર પાંચ વર્ષે બજેટ રજૂ કરે છે.

(II) બજેટ માત્ર કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવે છે.

(III) નાણાકીય વર્ષ 1 એપ્રિલથી 31 માર્ચ સુધીનું ગણવામાં આવે છે.

(IV) મંદીની સ્થિતિ દૂર કરવા ખાધવાળું અસમતોલ બજેટ ઉપયોગી થઈ શકે છે.

(V) સરકારે લીધેલી લોનના વ્યાજની ચૂકવણીનો મૂડીખાતામાં સમાવેશ થાય છે.

(VI) કેઈન્સ દ્વારા સમતોલ બજેટની તરફેણ કરવામાં આવી છે.

(VII) ભારતમાં 2016 સુધી રેલવે બજેટ અલગથી રજૂ કરવામાં આવતું હતું.

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :

(1) Chand S.N., 'Public Finance', Vol.2, (2008), Atlantic Publishers, New Delhi, India

(2) Musgrave R. A., : 'Public Finance in Theory and Practice', fifth edition, (2004), Tata Mcgraw-Hill, New Delhi

(3) https://www.nlc.org/public-budgets

(4) https://www.indiabudget.gov.in/bh.php

(5) https://www.economicsdiscussion.net/budget/government-of-india-budget-meaning-elements-objectives-and-types/755

(6) https://www.wikipedia.org/wiki/public_budgeting

(7) https://www.jagranjosh.com/general-knowledge/union-budget-of-india-definition-and-different-types-1491484497-1

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(I) ખોટું (II) ખોટું (III) સાચું (IV) સાચું

(V) ખોટું (VI) ખોટું (VII) સાચું

Appendix : Union Budget at a glance, government of India (2019-2020)

बजट का सार

BUDGET AT A GLANCE

2019-2020

बजट के सार में बजट अनुमानों को स्थूल समूहों में बांट कर परिलक्षित किया जाता है ताकि बजट को आसानी से समझा जा सके। यह दस्तावेज भारत सरकार की प्राप्तियों एवं व्यय के साथ-साथ राजकोषीय घाटे, राजस्व घाटे, प्रभावी राजस्व घाटे एवं प्राथमिक घाटे को दर्शाता है। इसके अतिरिक्त, इस दस्तावेज में उपयुक्त चार्टों और ग्राफों के माध्यम से प्राप्तियों के स्रोतों, उनके अनुप्रयोगों, ऋण के ब्यौरों तथा घाटे के संसूचकों, घाटा वित्त पोषण के स्रोतों तथा बजट को प्रभावित करने वाले महत्वपूर्ण संघटकों का चित्रात्मक ब्यौरा प्रस्तुत किया जाता है।

2. ***राजकोषीय घाटा*** राजस्व प्राप्तियों जमा ऋण-भिन्न पूंजी प्राप्तियों तथा कुल व्यय के बीच का अंतर है। यह सरकार की कुल उधार संबंधी आवश्यकताओं को दर्शाता है। ***राजस्व घाटे*** का अर्थ राजस्व प्राप्तियों की तुलना में राजस्व व्यय अधिक होना है। ***प्रभावी राजस्व घाटा*** राजस्व घाटे तथा पूंजीगत आस्तियों के सृजन के लिए अनुदानों के बीच का अन्तर है। ***प्राथमिक घाटे*** को ब्याज अदायगियां घटाकर राजकोषीय घाटे द्वारा मापा जाता है।

Budget at a Glance presents broad aggregates of the Budget in a reader-friendly document. This document shows receipts and expenditure as well as the Fiscal Deficit (FD), Revenue Deficit (RD), Effective Revenue Deficit (ERD), and the Primary Deficit (PD). of the Government of India. Besides, it presents a pictorial account of sources of receipts, their application, the details of debt and deficit indicators, sources of deficit financing and trends and composition of important budgetary variables through charts and graphs.

2. **Fiscal Deficit** is the difference between the Revenue Receipts plus Non-debt Capital Receipts (NDCR) and the total expenditure. FD is reflective of the total borrowing requirements of Government. **Revenue Deficit** refers to the excess of revenue expenditure over revenue receipts. **Effective Revenue Deficit** is the difference between Revenue Deficit and Grants for Creation of Capital Assets. **Primary Deficit** is measured as Fiscal Deficit less interest payments.

3. बजट 2019-20 कृषि, सामाजिक क्षेत्र, शिक्षा और स्वास्थ्य में निवेश को महत्वपूर्ण रूप से बढ़ाने की सरकार की दृढ़ प्रतिबद्धता दर्शाता है। यह राजकोषीय घाटे को स.घ.उ. के 3.4% पर रखते हुए सं.अ (2018-19) की तुलना में व्यय में ₹3,26,965 करोड़ बढ़ोतरी करके सिद्ध किया जाता है।

4. सं.अ. 2018-19 में कुल व्यय ₹24,57,235 करोड़ रखा गया है, जो ब.अ. 2018-19 से ₹15,022 करोड़ अधिक है। कुल व्यय में वृद्धि मुख्य रूप से कृषि क्षेत्र, ब्याज भुगतान और आंतरिक सुरक्षा के लिए सहायता में बढ़ोतरी के कारण हुई है।

5. राज्यों को जाने वाले कुल संसाधन, जिनमें करों में राज्य के हिस्से का अंतरण, अनुदान/ऋण और केंद्रीय प्रायोजित योजनाओं के तहत जारी निधियां शामिल हैं, ब.अ. (2019-20) में ₹13,70,620 करोड़ है, जिसमें सं.अ. (2018-19) की तुलना में ₹1,24,036 करोड़ का उछाल है और जो वास्तविक (2017-18) से ₹2,85,492 करोड़ अधिक है।

6. 2017-2018 के वास्तविक अनंतिम है।

3. Budget 2019-20 reflects the Government's firm commitment to substantially boost investment in Agriculture, Social Sector, Education and Health. This is substantiated by increase in expenditure of ₹ 3,26,965 crores over RE (2018-19) while keeping the fiscal deficit at 3.4% of GDP.

4. In RE 2018-19, the total expenditure has been kept at ₹ 24,57,235 crore and is more than BE 2018-19 by ₹ 15,022 crore. The increase in total expenditure is on account of increased support to agricultural sector, interest payments and internal security.

5. The total resources going to States including the devolution of State's share in taxes, Grants/Loans, and releases under Centrally Sponsored Schemes in BE (2019-20) is ₹13,70,620 crore, with a jump of ₹1,24,036 crore over RE (2018-19) and ₹ 2,85,492 crore more than the Actuals (2017-18).

6. Actuals for 2017-2018 are provisional.

बजट का सार *Budget at a Glance*

(₹ करोड़) (In ₹ crore)

		2017-2018 वास्तविक Actuals	2018-2019 बजट अनुमान Budget Estimates	2018-2019 संशोधित अनुमान Revised Estimates	2019-2020 बजट अनुमान Budget Estimates
1. राजस्व प्राप्तियां	**1. Revenue Receipts**	**1435233**	**1725738**	**1729682**	**1977693**
2. कर राजस्व (केंद्र को निवल)	2. Tax Revenue (Net to Centre)	1242488	1480649	1484406	1705046
3. कर भिन्न राजस्व	3. Non Tax Revenue	192745	245089	245276	272647
4. पूंजी प्राप्तियां[1]	**4. Capital Receipts [1]**	**706742**	**716475**	**727553**	**806507**
5. ऋणों की वसूली	5. Recovery of Loans	15633	12199	13155	12508
6. अन्य प्राप्तियां	6. Other Receipts	100045	80000	80000	90000
7. उधार और अन्य देयताएं [2]	7. Borrowings and Other Liabilities[2]	591064	624276	634398	703999
8. कुल प्राप्तियां (1+4)	**8. Total Receipts (1+4)**	**2141975**	**2442213**	**2457235**	**2784200**
9. कुल व्यय (10+13)	**9. Total Expenditure (10+13)**	**2141975**	**2442213**	**2457235**	**2784200**
10. राजस्व खाते पर जिसमें से	10. On Revenue Account of which	1878835	2141772	2140612	2447907
11. ब्याज भुगतान	*11. Interest Payments*	*528952*	*575795*	*587570*	*665061*
12. पूंजी परिसंपत्तियों के सृजन हेतु सहायता अनुदान	*12. Grants in Aid for creation of capital assets*	*191034*	*195345*	*200300*	*200740*
13. पूंजी खाते पर	13. On Capital Account	263140	300441	316623	336293
14. राजस्व घाटा (10-1)	**14. Revenue Deficit (10-1)**	**443602 (2.6)**	**416034 (2.2)**	**410930 (2.2)**	**470214 (2.2)**
15. प्रभावी राजस्व घाटा (14-12)	**15. Effective Revenue Deficit (14-12)**	**252568 (1.5)**	**220689 (1.2)**	**210630 (1.1)**	**269474 (1.3)**
16. राजकोषीय घाटा [9-(1+5+6)]	**16. Fiscal Deficit [9-(1+5+6)]**	**591064 (3.5)**	**624276 (3.3)**	**634398 (3.4)**	**703999 (3.4)**
17. प्राथमिक घाटा (16-11)	**17. Primary Deficit (16-11)**	**62112 (0.4)**	**48481 (0.3)**	**46828 (0.2)**	**38938 (0.2)**

[1] बाजार स्थिरिकरण योजना के अंतर्गत प्राप्तियों को छोड़कर।
[2] इसमें नकदी शेष में आहरण द्वारा कमी शामिल है।

टिप्पणी :

(i) 2018-2019 के संशोधित अनुमान में ₹ 18840731 करोड़ के अनुमानित सघउ की तुलना में 11.5 की वृद्धि दर मानते हुए 2019-2020 के बजट अनुमान में सघउ बढ़कर ₹ 21007439 करोड़ होने का पूर्वानुमान है।
(ii) इस दस्तावेज में पृथक-पृथक मदें पूर्णांकन के कारण संभवतः जोड़ से मेल न खाएं।
(iii) कोष्ठक में दिए गए आंकड़े सघउ के प्रतिशत के रूप में हैं।

[1] Excluding receipts under Market Stabilisation Scheme
[2] Includes drawdown of Cash Balance

Notes:

(i) GDP for BE 2019-2020 has been projected at ₹ 21007439 crore assuming 11.5% growth over the estimated GDP of ₹ 18840731 crore for 2018-19 (RE).
(ii) Individual items in this document may not sum up to the totals due to rounding off
(iii) Figures in parenthesis are as a percentage of GDP

रुपया कहां से आता है Rupee Comes From

(बजट Budget 2019-20)





टिप्पणियां:-1. कुल प्राप्तियों में करों और शुल्कों में राज्यों का हिस्सा शामिल है, जिन्हें पृष्ठ 1 पर सारणी में घटा दिया गया है
2. आंकड़ों को बुर्णकित किया गया है।

Notes:-*1.* ***Total receipts are inclusive of States' share of taxes and duties which have been netted in the table on page1.***
2. ***Figures have been rounded.***

रुपया कहां जाता है Rupee Goes To

(बजट Budget 2019-20)





टिप्पणी :-कुल व्यय में करों और शुल्कों में राज्यों का हिस्सा शामिल है, जिन्हें पृष्ठ 1 पर सारणी में प्राप्तियों में से घटा दिया गया है।

Note:- Total expenditure is inclusive of the States' share of taxes and duties which have been netted against receipts in the table on page 1.

https://www.indiabudget.gov.in/budget2019-20(I)/ub2019-20/bag/bag1.pdf

*** *** ***

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ.
ECOM-307
પેપર-7, જાહેર અર્થશાસ્ત્ર અને આંતરરાષ્ટ્રીય વેપાર
ECONMJ-401

વિભાગ 2

પેપર-૭, જાહેર અર્થશાસ્ત્ર અને આંતરરાષ્ટ્રીય વેપાર

એકમ : 11 **1-11**
આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર

એકમ : 12 **12-35**
આંતરરાષ્ટ્રીય વેપારના સિદ્ધાંતો

એકમ : 13 **36-52**
આંતરરાષ્ટ્રીય વિનિમય દરના સિદ્ધાંત

એકમ : 14 **53-80**
વેપારની શરતો અને વિનિમય દર

એકમ : 15 **81-90**
લેણદેણની તુલા

એકમ : 16 **91-103**
ભારતનો વિદેશ વેપાર - I

એકમ : 17 **104-114**
ભારતનો વિદેશવેપાર - II

એકમ : 18 **115-125**
ભારતની વર્તમાન વિદેશ વ્યાપાર નીતિ

નિદર્શન

પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય	નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ સોસિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ. બાબસાહેબ આંબેડકર ઓપર યુનિવર્સિટી, અમદાવાદ

સંપાદન

ડૉ. કૃતિ છાયા	આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

વિષય સમિતિ

ડૉ. કૃતિ છાયા	આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્ષશાસ્ત્ર, ડૉ. બાબસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
ડૉ. ગૌરાંગ રામી	પ્રોફેસર, અર્થશાસ્ત્ર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
ડૉ. ગીતા પંડ્યા	આચાર્ય, સરકારી વિનયન કોલેજ, શ્રી કે. કે. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ

વિષય પરામર્શક

ડૉ. નયન સોનારા	પ્રિનસિપાલ, સરકારી વિનયન કોલેજ, અમીરગઢ, બનાસકાંઠા
ડૉ. ગીતા પંડ્યા	આચાર્ય, સરકારી વિનયન કોલેજ, શ્રી કે. કે. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ
ડૉ. હરેશ મહેતા	એસોસિએટ પ્રોફેસર, પી.એન.આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પાલિતાણા

લેખલ

ડૉ. હિરેન રાવલ	આસિસ્ટન્ટ પ્રોફેસર, એસ.ડી.આર.એચ. સાયન્સ એન્ડ શ્રીમતી જે.એમ.કુંડલિયા મહિલા આર્ટસ કોલેજ, રાજકોટ
ડૉ. સુરેશ પરડવા	આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
નાથાણી રીના	આસિસ્ટન્ટ પ્રોફેસર, ટી.એમ.એસ.ડી. મહિલા કોલેજ, આદિપુર, કચ્છ
ડૉ. સુનીતા ઠક્કર	આસિસ્ટન્ટ પ્રોફેસર, ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા
ડૉ. જીજ્ઞેશ પુરબિયા	આસિસ્ટન્ટ પ્રોફેસર, એસ. ડી. આર્ટસ એન્ડ બી. આર. કોમર્સ કોલેજ, માણસા
ડૉ. અશોક ત્રિવેદી	આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી. ડી.કે. પટેલ આર્ટસ એન્ડ શ્રીમતી એલ.એમ. પટેલ કોમર્સ કોલેજ, સાવલી

ભાષા પરામર્શન

ડૉ. દિવ્યેશ વ્યાસ	આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રકાશક

ડૉ. ભાવિન ત્રિવેદી	કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

આવૃત્તિ

વર્ષ 2022

ISBN 978-9355-9-855-21

સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

એકમ 11

આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર

-: રૂપરેખા :-

11.0 ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.2 આંતરરાષ્ટ્રીય વ્યાપારના અલગ અભ્યાસનું મહત્ત્વ

11.3 આંતરરાષ્ટ્રીય વ્યાપારનું મહત્ત્વ

11.4 સારાંશ

11.5 ચાવીરૂપ શબ્દો

11.6 તમારી પ્રગતિ ચકાસો

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

11.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ દ્વારા

(1) આંતરિક અને આંતરરાષ્ટ્રીય વ્યાપારનો અર્થ સમજશો.

(2) આંતરરાષ્ટ્રીય વેપારનો અલગ અભ્યાસ શા માટે જરૂરી છે તે સમજાવી શકશો.

(3) આંતરરાષ્ટ્રીય વ્યાપાર કોઈ પણ દેશ માટે શા માટે જરૂરી છે અથવા તેનુ મહત્ત્વ સમજાવાનો પ્રયાસ કરીશું.

11.1 પ્રસ્તાવના :

વર્તમાન સમયમાં આપણી જેટલી આવશ્યકતાઓ અથવા જરૂરિયાતો છે, તેટલી જરૂરિયાતો પહેલાં સમયમાં ન હતી. પહેલાના સમયમાં લોકો જરૂરિયાતો ખૂબ જ મર્યાદિત હતી. જેમકે, ભોજન, કપડા, મકાન. મોટા ભાગે આ બધી જરૂરિયાતો પૂરી કરવા માટે વ્યક્તિએ અન્ય કોઈ વ્યક્તિ પર પણ આધાર રાખવાની જરૂરીયાત ઊભી ન થતી. કારણ કે અનાજ અને શાકભાજી પરિવાર પોતે ખેતી કરી મેળવતો હોવાથી રોજિન્દી જરૂરિયાત પણ પૂરી થઈ જતી અમુક અંશે કપડાની જરૂરિયાત પણ થોડા ઘણા અંશે પૂરી થતી. આ ઉપરાંત વધારાની જરૂરિયાતો પોતાના ગામ કે પ્રદેશમાંથી જ પૂરી થઈ જતી. આમ, લોકો વચ્ચે જે કંઈ પણ વ્યાપાર થતો એ વ્યાપાર ચોક્કસ વિસ્તાર કે પ્રદેશ પૂરતો મર્યાદિત રહેતો.

સમય જતાં લોકોની જરૂરિયાતો વધી માટે લોકોનો એકબીજા પરનો આધાર વધ્યો. લોકોની જરૂરિયાતોમાં માત્ર વધારો જ ન થયો, પરંતુ આ જરૂરિયાતોમાં વિવિધતા પણ વધી. આથી લોકો પોતાની વિવિધ પ્રકારની જરૂરિયાતો પૂરી કરવા માટે બીજા પ્રદેશો કે અન્ય વિસ્તારો પર આધાર રાખતા થયા. માત્ર જરૂરિયાતોનો વધારો કે વિવિધતા જ નહીં, પરંતુ કાર્ય કુશળતા, ઉત્પાદન ખર્ચ, ભૌગોલિક સાનુકૂળતાઓને કારણે પણ એક પ્રદેશના લોકો અન્ય લોકો સાથે

વ્યાપાર કરતા થયા. સમય જતાં વ્યાપારની આ પ્રવૃત્તિનો વિસ્તાર થયો આથી આંતર પ્રાદેશિક વ્યાપાર શરૂ થયો. અને ત્યાર બાદ વ્યાપક સ્વરૂપ તરીકે ધીમે ધીમે તેનું રૂપાંતર અન્ય રાષ્ટ્રો સુધી પણ વિસ્તર્યું. આથી સમયાંતરે આંતરરાષ્ટ્રીય વ્યાપારનો પણ ઉદ્ભવ થયો.

❖ આંતરિક અથવા આંતરપ્રાદેશિક વ્યાપાર :

જયારે કોઈ વ્યાપાર અથવા ખરીદ વેચાણની પ્રવૃત્તિ દેશની ભૌગોલિક સીમાઓની અંદર થતી હોય ત્યારે તેને આંતરિક અથવા આંતરપ્રાદેશિક વ્યાપાર કહેવામાં આવે છે. દા.ત. અમદાવાદ અને રાજકોટ વચ્ચે થતો વ્યાપર કે પછી ગુજરાત અને પંજાબ વચ્ચે થતો વ્યાપાર આ બન્ને ઉદાહરણો આંતરિક કે આંતરપ્રાદેશિક વ્યાપારના છે.

❖ આંતરરાષ્ટ્રીય વ્યાપાર :

જયારે કોઈ વ્યાપારિક પ્રવૃત્તિ રાષ્ટ્રની બહાર અન્ય રાષ્ટ્ર સાથે કરવામાં આવે ત્યારે તેને આંતરરાષ્ટ્રીય વ્યાપાર તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. ભારત અને અમેરિકા વચ્ચે થતી વ્યાપારિક પ્રવૃત્તિ આંતરરાષ્ટ્રીય વ્યાપાર તરીકે ઓળખવામાં આવે છે.

11.2 આંતરરાષ્ટ્રીય વ્યાપારના અલગ અભ્યાસનું મહત્ત્વ :

અગાઉ ચર્ચા કરી તે પ્રમાણે જયારે વ્યાપારિક પ્રવૃત્તિ બે રાષ્ટ્રો વચ્ચે થતી હોય ત્યારે તેને આંતરરાષ્ટ્રીય વ્યાપાર તરીકે ઓળખવામાં આવે છે. હવે અહીં પ્રશ્ન એ થાય છે કે આંતરરાષ્ટ્રીય વ્યાપારનો અલગ અભ્યાસ જરૂરી છે કે પછી તેનું સ્વરૂપ આંતરપ્રાદેશિક વ્યાપારના અભ્યાસના સ્વરૂપ મુજબ જ સમજી શકાયી?

ખરા અર્થમાં જોવા જઈએ તો આંતરરાષ્ટ્રીય વ્યાપારનું મૂળ તો ઉત્પાદનનાં સાધનોના વિશિષ્ટીકરણમાં રહેલ છે. કારણ કે ઉત્પાદનનાં સાધનોનો તેમના વિશિષ્ટીકરણ પ્રમાણે ઉપયોગ કરવાથી તે સાધનોની કાર્યક્ષમતા વધુ મળે છે. આથી દરેક રાષ્ટ્ર પોતાનાં ઉત્પાદનનાં સાધનોના વિશિષ્ટીકરણનો લાભ લેવાનો પ્રયાસ કરે છે. પરંતુ અહીં પણ નોંધવું ઘટે કે દરેક રાષ્ટ્ર માટે પોતાના ઉત્પાદન અને અન્ય દેશ સાથેના આંતરરાષ્ટ્રીય વ્યાપારનું પ્રમાણ અલગ અલગ હોય છે.

સ્વીડનના અર્થશાસ્ત્રી ઓહલીન આ સંદર્ભમાં નોંધે છે કે આંતરિક અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર બન્નેના અલગ અભ્યાસની જરૂર નથી, કારણ કે બન્ને ઉદ્ભવવાનાં કારણો એકસરખાં છે. બન્ને વિશિષ્ટીકરણના કારણે ઉદ્ભવે છે. તો અહીં આંતરરાષ્ટ્રીય વ્યાપાર એ આંતરિક વ્યાપારનું જ વ્યાપક સ્વરૂપ છે. આ ઉપરાંત જો દેશની ભૌગોલિક આંતરરાષ્ટ્રીય વ્યાપાર કહીએ તો હાલમાં ભારત અને બાંગ્લાદેશ સાથે થતો વ્યાપાર એ આંતરરાષ્ટ્રીય વ્યાપાર છે, પરંતુ 1947 પહેલા બન્ને દેશ અલગ ન હતા અને એક જ ભૌગોલિક સીમાની અંદર જ હતા ત્યારે તે આંતર પ્રાદેશિક વ્યાપાર તરીકે ઓળખાતા. આમ, માત્ર રાજકીય ઘટનાને કારણે રાષ્ટ્રની સીમાઓમાં પરિવર્તન આવેલ છે. અથવા એનાથી ઊલટુ બનવાની શક્યતા પણ કદાચ રહેલી છે. એટલે કે બે રાષ્ટ્રો જો એક થઈ જાય તો બે રાષ્ટ્રો વચ્ચેની ભૌગોલિક સીમાઓ સમાપ્ત થઈ જાય. આમ, ઓહલીનના દૃષ્ટિકોણ મુજબ આંતરરાષ્ટ્રીય વ્યાપારના અલગ અભ્યાસની આવશ્યકતા નથી.

પરંતુ જુદાં જુદાં વ્યાવહારિક દૃષ્ટિકોણથી આ બાબતને જોઈએ તો આંતરરાષ્ટ્રીય વ્યાપારના અલગ અભ્યાસની આવશ્યક્તા જરૂરી લાગે. રીકાર્ડોના મતે આંતરપ્રાદેશિક વ્યાપારમાં ઉત્પાદનનાં સાધનોની ગતિશીલતા વધુ હોય છે. આથી વસ્તુના માંગ અને પુરવઠા પર તેની અસર પડે છે. જેથી કરીને બે પ્રદેશ વચ્ચે વસ્તુઓના ભાવો સમાન થવાનું વલણ રહેલું છે.

આંતરરાષ્ટ્રીય વ્યાપારના અલગ અભ્યાસનું મહત્ત્વ છે તેને અહીં દર્શાવેલા અલગ અલગ મુદ્દાઓ દ્વારા વિગતવાર સમજીએ.

(1) ઉત્પાદનનાં સાધનોની ગતિશીલતા :

ઉત્પાદનનાં ચાર સાધનો જમીન, મૂડી ગતિશીલતા એટલે ઉત્પાદનનાં સાધનોનું એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થાનાંતરણ અથવા હેરફેર એટલે કે શ્રમ અથવા મૂડીનું એક વિસ્તારમાંથી અન્ય વિસ્તારમાં જવું.

આવી ગતિશીલતા વિચારીએ તો આંતર પ્રાદેશિક વ્યાપારમાં ઉત્પાદનનાં સાધનોનું સ્થાનાંતરણ (એક સ્થળેથી બીજા સ્થળે જવું) કે હેરફેર સરળ રહે છે. દા.ત. ગુજરાતની કોઈ વ્યક્તિને મહારાષ્ટ્રમાં વધુ સારી તક કે વળતર મળતું હોય તો તે મહારાષ્ટ્ર જવા તૈયાર થશે. આમ, શ્રમને વધુ વળતર પ્રાપ્ત થતું હોય તો તે અન્ય પ્રદેશ બાજુ ગતિ કરી શકે. આવું જ મૂડીની બાબતમાં પણ કહી શકાય. દા.ત. મૂડીરોકાણકારને ગુજરાતમાં મૂડી રોકાણથી જે વળતર પ્રાપ્ત થાય છે, તેના કરતાં હિમાચલ પ્રદેશના પ્રવાસન ઉદ્યોગોમાં વધુ વળતર પ્રાપ્ત થાય તો મૂડીરોકાણ હિમાચલ પ્રદેશમાં આકર્ષિત થાય છે. આમ, શ્રમ અને મૂડીની ગતિશીલતા, આંતર પ્રાદેશિક વ્યાપારમાં વધુ જોવા મળે છે. આ ઉપરાંત ટેકનોલોજી અથવા ટેકનીકલ જ્ઞાનની હેરફેર કે સ્થળાંતર આંતરિક વ્યાપારમાં સરળતાથી થઈ શકે છે. દા.ત. ગુજરાતમાં બનતી મશીનરી કે નિષ્ણાંત ટેકનીકલ જ્ઞાનને પૂર્વનાં રાજ્યો કે દક્ષિણનાં રાજ્યો સુધી પહોંચાડી શકાય છે. અહીં ઉત્પાદનનાં સાધનોની હેરફેર કે સ્થાનાંતરણ માટે અવરોધો કે સરકારનાં નિયંત્રણો પ્રમાણમાં ઓછા હોય છે. આથી જ આંતરિક વ્યાપારમાં સાધનોની ગતિશીલતા વધુ હોય છે.

જ્યારે આંતરરાષ્ટ્રીય વ્યાપારની વાત કરીએ તો ઉત્પાદનનાં સાધનોની ગતિશીલતાનું પ્રમાણ ઓછું જોવા મળે છે. કારણ કે શ્રમિકનું એક રાષ્ટ્રમાંથી અન્ય રાષ્ટ્રમાં સરળતાથી સ્થાનાંતરણ થયું એટલું સરળ નથી. કારણ કે રહેણીકરણી, ભાષા, ખોરાક, સંસ્કૃતિ આવા અનેક અવરોધોને કારણે શ્રમની ગતિશીલતા ઓછી રહે છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય વ્યાપારના મૂડીની ગતિશીલતા પણ ઓછી રહે છે. મૂડીની ગતિશીલતા સરકારનાં નિયંત્રણ, આર્થિક પરિબળ જેવા ઘણા અવરોધો જોવા મળે છે. આ જ પ્રમાણે ટેકનોલૉજી કે નિષ્ણાત જ્ઞાનનું પણ સ્થળાંતર આંતરીક વ્યાપાર જેટલું સરળ આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં રહેતું નથી.

ઉત્પાદનનાં સાધનોની ગતિશીલતા વધુ હોય તો સ્થળાંતરણ સરળ હોય છે, જેથી જે તે પ્રદેશમાં ભાવમાં અસમાનતા હોવાથી ત્યાં પુરવઠો વધી શકે છે. આમ, પુરવઠો વધવાને કારણે જે તે પ્રદેશો વચ્ચે ભાવોમાં સમાનતા આવવાનું વલણ ઉદ્‌ભવે છે. આ જ રીતે જ્યારે જુદાં જુદાં પ્રદેશમાં વ્યાજના દેશમાં તફાવત હોય ત્યારે મૂડીરોકાણ પણ એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જાય છે. જ્યાં મૂડીની અછત હોય ત્યાં વ્યાજના દર વધુ હશે, ત્યારે અન્ય પ્રદેશમાંથી મૂડી જ્યાં વ્યાજના દર વધુ હોય ત્યાં આવશે. આથી ત્યાં વ્યાજના દર ઘટશે, કારણ કે એ પ્રદેશમાં મૂડીનો પુરવઠો વધે છે.

આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં ઉત્પાદનનાં સાધનોની ગતિશીલતા ઓછી હોય છે, આથી પુરવઠામાં પરિસ્થિતિ પ્રમાણે, ફેરફાર થવો અઘરો છે, આથી ભાવોમાં સમાનતા આવવાનું વલણ પણ રહેતુ નથી. આથી જ આંતરરાષ્ટ્રીય વ્યાપારનો અલગ અભ્યાસ જરૂરી છે.

(2) ચલણમાં તફાવત :

આંતરીક વ્યાપાર એ દેશની સીમાઓમાં જ થતો હોય છે. આથી સ્વાભાવિક જ એક જ દેશના જુદાં જુદાં પ્રદેશોમાં એક જ માન્ય ચલણ હોય છે. દા.ત. ભારતમાં રૂપિયા આથી ભારતના

જુદાં જુદાં પ્રદેશોમાં આ એક જ ચલણ છે. અને દરેક વ્યાપાર આ ચલણના માધ્યમથી જ કરવામાં આવે છે. આથી સ્વાભાવિક જ બન્ને રાષ્ટ્રો વચ્ચેના ચલણ પણ અલગ જ હોવાના જ્યારે બે રાષ્ટ્રોના ચલણમાં તફાવત હોય ત્યારે વ્યાપારમાં ચલણની આપ-લેનો પ્રશ્ન પણ ઉદ્ભવે છે. જો રાષ્ટ્રો વચ્ચેનું નાણાકીય એકમ એક જ હોય તો આવો પ્રશ્ન ઉદ્ભવતો નથી. ભૂતકાળમાં 'સુવર્ણધોરણ'ની વ્યવસ્થામાં અંશતઃ રીતે આ હેતુ પાર પડતો. એટલે કે જે રાષ્ટ્રો 'સુવર્ણધોરણ' અદ્દપનાવતા ત્યાં આ પ્રશ્ન ઓછો અસરકારક રહેતો.

'સુવર્ણધોરણ' અદ્દપનાવતાં રાષ્ટ્રોમાં નાણાકીય એકમ (ચલણ) એક જ નહોતાં પરંતુ વિવિધ ચલણોના વિનિમય દર વચ્ચે પ્રમાણમાં સ્થિરતા જોવા મળતી. પરંતુ હાલમાં અન્ય ઘણા પરિબળોની ભૂમિકા વિનિમય દર નિર્ધારણમાં રહેલી છે. આથી વિનિમય સ્થિરતામાં પરિવર્તન થયા કરે છે. આમ, જ્યારે વિનિમય દરમાં સ્થિરતા ન જળવાતી હોય ત્યારે તેની અસર આંતરરાષ્ટ્રીય વ્યાપાર પર પણ પડે છે.

એક જ દેશના જુદાં જુદાં પ્રદેશોમાં થતો વ્યાપાર કે મૂડીની હેરફેરને જે તે રાજ્યની નીતિ કે નિયંત્રણો અથવા રાજ્ય સરકારના અભિગમની અસર થાય છે. પરંતુ વાત જ્યારે બે રાષ્ટ્રો વચ્ચે મૂડીની હેરફેરની હોય ત્યારે વિનિમયની અસ્થિરતા બહુ મોટો ભાગ ભજવે છે, કારણ કે જ્યારે બે રાષ્ટ્રો વચ્ચે મૂડીરોકાણની વાત હોય ત્યારે વિનમય દર અગત્યનું પરીબળ બની જાય છે. અને આથી જ આંતરરાષ્ટ્રીય વ્યાપારના અલગ અભ્યાસની આવશ્યકતા ઊભી થાય છે.

(3) આર્થિક નીતિઓ :

આર્થિક નીતિની વાત કરીએ તો કોઈ પણ રાષ્ટ્રની આર્થિક નીતિનો ઉદ્દેશ રાષ્ટ્રની પ્રગતિ અથવા તો આર્થિક વૃદ્ધિનો રહે છે. જ્યારે વિનિમય દરમાં અસ્થિરતા રહેતી હોય ત્યારે દરેક દેશ પોતાની આગવી અથવા અલગ આર્થિક નીતિનો અમલ કરાવવા પ્રયાસ કરે છે. નીતિ તૈયાર કરે ત્યારે તેનો હેતુ સમગ્ર રાષ્ટ્રને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવે છે. દા.ત. નાણાકીય નીતિ અને રાજકોષિય નીતિ જ્યારે ઘડવામાં આવે ત્યારે, આ નીતિનો હેતુ આખા રાષ્ટ્રને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે નહીં કે કોઈ પ્રદેશને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. હા, એવું ચોક્કસ કહી શકાય કે જે તે આર્થિકનીતિના અમલ બાદ જુદાં જુદાં પ્રદેશો પર તેની અસર જુદી જુદી હોઈ શકે ખરા છતાં પણ તે સહેતુક હોતી નથી. આમ છતાં આ અસરોને રાષ્ટ્રના ધોરણે જ વિચારવામાં આવે છે નહીં કે પ્રાદેશિક ધોરણે આ અસરોને વિચારાય છે.

પરંતુ અહીં નોંધનીય બાબત એ છે કે જ્યારે વાત અલ્પવિકસિત રાષ્ટ્રની કરીએ ત્યારે અલ્પવિકસિત રાષ્ટ્ર પછાત પ્રદેશ પર વધુ ધ્યાન આપી શકાય તેવી રણનીતિ હેઠળ પછાત પ્રદેશ પર વધુ કેન્દ્રિત રહે તેવી આર્થિક નીતિ ઘડી શકે ખરા. આમ છતાં મુખ્ય ઉદ્દેશ તો રાષ્ટ્રના સમગ્ર વિકાસનો જ રહેલો છે.

હવે વાત જ્યારે આંતરરાષ્ટ્રીય વ્યાપારની વાત કરીએ તો આર્થિક નીતિ કે વિદેશ વ્યાપારની નીતિ જુદાં જુદાં રાષ્ટ્ર માટે, અલગ અલગ હોય શકે ખરા. દા.ત. એક રાષ્ટ્રમાંથી જુદાં જુદાં રાષ્ટ્રમાં જ્યારે માલ જતો હોય ત્યારે તે રાષ્ટ્ર જુદાં જુદાં રાષ્ટ્ર માટે અલગ અલગ નીતિ અદ્દપાનાવી શકે. ભારત ઈલેક્ટ્રોનિક આઈટમની આયાત કરતું હોય તો તે અમેરિકા, જાપાન અને ચીન માટે એક જ સરખી વસ્તુ માટે અલગ અલગ આયાતના દર નક્કી કરી શકે ખરા. એટલે કે એક દેશની આયાત પર વધુ નિયંત્રણો રાખવાં અને બીજા દેશની આયાત પર હળવા નિયંત્રણો રાખવાં તેવું થઈ શકે ખરા.

જુદાં જુદાં રાષ્ટ્રો બધા રાષ્ટ્રો માટે એક સમાન નીતિને અનુસરે તો કદાચ આંતરરાષ્ટ્રીય

વ્યાપારમાં ઉદ્‌ભવતી સમસ્યાઓ ઓછી થઈ શકે, પરંતુ મોટાભાગે વ્યક્તિગત રાષ્ટ્રના ઉદ્દેશો આંતરરાષ્ટ્રીય નીતિરીતિ સાથે મેળ ખાતા નથી. આથી દરેક રાષ્ટ્ર પોતાના રાષ્ટ્રીય ઉદ્દેશોને જ એકસમાનતા આપે છે. આથી જ આંતરરાષ્ટ્રીય વ્યાપારના

(4) અલગ અલગ બજારો :

આંતરપ્રાદેશિક વ્યાપાર જુદાં જુદાં પ્રદેશો વચ્ચે થતો હોવાથી પ્રદેશો વચ્ચેની બજારમાં અમુક અંશે સમાનતા જોવા મળે છે. જ્યારે આંતરરાષ્ટ્રીય વ્યાપારની વાત કરીએ તો આ વ્યાપાર જુદાં જુદાં રાષ્ટ્રો વચ્ચે હાથ ધરવામાં આવે છે. આથી જુદાં જુદાં રાષ્ટ્રોના બજારો એકબીજા કરતાં ઘણી બધી રીતે જુદા પડે છે. જુદાં જુદાં રાષ્ટ્રો ભાષા, ચલણ, રુચી, પસંદગી, સંસ્કૃતિ, રહેણીકરણી કે જીવનશૈલી, વિચારસરણી, રૂઢી કે રીતિરિવાજ, શિક્ષણ, જીવનધોરણ, ખરીદશક્તિ તેવી ઘણી બાબતોથી એકબીજા કરતાં અલગ અલગ જોવા મળે છે. આ બધી બાબતોને કારણે પણ આંતરરાષ્ટ્રીય વ્યાપાર અવરોધાય છે. ઘણી બધી વાર તો જુદી જુદી બજારોમાં પેકિંગ, વેચાણ સાંકળ કે પછી તોલમાપ પદ્ધતીઓમાં પણ તફાવત જોવા મળે છે, જેના કારણે પણ આંતરરાષ્ટ્રીય વ્યાપાર સરળતાથી થઈ શકતો નથી.

ઉદાહરણ તરીકે ભારતના રસ્તાઓ અને બ્રિટનના રસ્તાઓ વચ્ચે તફાવત છે, આથી જ ભારતમાં બ્રિટનના રસ્તાઓ વચ્ચે તફાવત છે. આથી જો ભારતમાં મોટરકારની માંગ વધુ હોય તો તરત જ બ્રિટિશકાર કંદપાની ભારતમાં કારની નિકાસ કરી શકે નહિ કારણ કે બ્રિટનમાં મોટરકાર પ્રમાણમાં નીચી હોય છે જેની સામે રસ્તા સારા હોવાથી પ્રશ્ન ઉદ્‌ભવતા નથી. જેની સરખામણીએ ભારતમાં રસ્તાઓ પ્રમાણમાં એટલા સારા ન હોવાથી બ્રિટિશ કંદપાનીઓ અહીં તે મોટરકાર મોકલી શકતી નથી. અથવા જો તે કંદપાની મોટરકારની ભારતમાં નિકાસ કરવા માંગતી હોય તો મોટરકાર થોડી ઊંચી બનાવવી પડશે. આ જ પ્રમાણે જો પહાડી પ્રદેશ હોય તો તે ભૌગોલિક પ્રદેશને ધ્યાનમાં રાખીને વાહનની ક્ષમતા વધુ રાખવી પડે છે. આ જ રીતે લોકોની સંસ્કૃતિ અને રહેણીકરણીને પણ ધ્યાનમાં લઈને કોઈવાર વસ્તુઓમાં ફેરફાર કરવા જરૂરી બનતા હોય છે.

આમ, આંતરપ્રાદેશિક બજારો અને આંતરરાષ્ટ્રીય બજારો વચ્ચે ઘણો બધો તફાવત રહેલો હોય છે, આથી આંતરરાષ્ટ્રીય બજારોમાં વ્યાપારમાં એટલી સરળતા રહેતી નથી. તેથી આંતરરાષ્ટ્રીય વ્યાપારના અલગ અભ્યાસની આવશ્યકતા રહેલી છે.

(5) અલગ રાષ્ટ્રીય અસ્તિત્વ :

જો દરેક રાષ્ટ્ર એક જ રાષ્ટ્ર તરીકે વિશાળ સ્વરૂપમાં કાર્ય કરતા હોય તો વ્યાપારિક પ્રવૃત્તિ આંતરિક કે આંતરપ્રાદેશિક વ્યાપાર જેવી જ જોવા મળે છે. પરંતુ વ્યવહારુ રીત જોવા જોઈએ તો તેવું થતી નથી, કારણ કે દરેક રાષ્ટ્રનું અલગ એકમ તરીકેનું અસ્તિત્વ છે. આથી સ્વાભાવિક જ દરેક રાષ્ટ્રના ઉદ્દેશો પણ એકબીજાથી અલગ જ રહેતા હોય છે. દરેક દેશ એક સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતું એકમ હોવાથી પોતાના હિતને એટલે કે રાષ્ટ્રહિતને ધ્યાનમાં રાખીને જુદાં જુદાં રાષ્ટ્ર સાથે ભેદભાવની નીતિને અનુસરે છે. એટલે કે કોઈ રાષ્ટ્ર સાથે મુક્ત વ્યાપારની નીતિ તો વળી અન્ય રાષ્ટ્ર સાથે નિયંત્રણોવાળી વ્યાપારનીતિ અદપાનાવી શકે છે. કોઈ રાષ્ટ્રની વસ્તુઓ પર વધુ આયાતદર અને કોઈ રાષ્ટ્રની વસ્તુઓ પર ઓછો આયાત દર રાખી શકે છે. મોટા ભાગે એવું પણ જોવા મળે છે કે વિકસિત રાષ્ટ્રો એકબીજાના હરીફ તરીકે કાર્ય કરે છે. જ્યારે અલ્પવિકસિત રાષ્ટ્રો એકબીજાના સહયોગી તરીકે કાર્ય કરતા જોવા મળે છે.

આ ઉપરાંત બહુરાષ્ટ્રિય કંદપાનીઓ પણ જ્યારે અલ્પવિકસિત રાષ્ટ્રમાં કાર્ય કરે છે ત્યારે

ઘણા પ્રશ્નો ઊભા કરે છે. જેમ કે દેશમાં કાર્ય કરતી બહુરાષ્ટ્રીય કંદપાનીઓ દેશની કંદપાનીઓને એક યા બીજી રીતે નુકસાન કરે છે. અથવા રાજકીય કે પછી આર્થિક અને વિદેશીનીતિમાં હસ્તક્ષેપ કરવાનો પ્રયત્ન કરે છે. આમ છતાં, સરકાર રાષ્ટ્રના હિતને ધ્યાનમાં રાખીને પોતાની આર્થિકનીતિ નક્કી કરવાનો પ્રયાસ કરે છે. આમ, દરેક રાષ્ટ્ર એક અલગ જ રાષ્ટ્રીય એકમ તરીકે અસ્તિત્વ ધરાવતા હોવાથી એક જ પ્રકારની વિદેશનીતિ અનુસરી શકાય નહીં. આથી જ આંતરરાષ્ટ્રિય વ્યાપારના સ્તરે અલગ અલગ ઘણી સમસ્યાઓ ઉદ્‌ભવે છે. આથી જ આંતરરાષ્ટ્રિય વ્યાપાર

(6) કુદરતી સંસાધનોમાં તફાવત :

આતરરાષ્ટ્રિય વ્યાપાર એક રાષ્ટ્ર સાથેનો બીજા રાષ્ટ્ર સાથેનો વ્યાપાર છે. કુદરતે જુદાં જુદાં રાષ્ટ્રોને જુદાં જુદાં સંસાધનો આપેલાં છે. કોઈ એક દેશમાં અમુક કુદરતી સંપત્તિ ખૂબ જ મોટા પ્રમાણમાં હોય છે. જ્યારે આ જ કુદરતી સંસાધનની બીજા દેશમાં અછત હોય તેમ પણ બની શકે. આ જ કારણથી એક દેશમાં કોઈ એક વસ્તુનું ઉત્પાદન કરવાની ઉત્પાદન પડતર નીચી આવે છે. જ્યારે આ જ પ્રકારની વસ્તુનું ઉત્પાદન કરવા માટે બીજા દેશમાં વધુ ઉત્પાદન પડતર આવે તેમ બની શકે. દા.ત. ઈરાક અને ઈરાન જેવા દેશોમાં પૂરતા પ્રમાણમાં ક્રૂડ ઓઈલનો જથ્થો મળી રહે છે. જ્યારે અન્ય રાષ્ટ્રોમાં બીજાં કુદરતી સંસાધનો ઉપલબ્ધ હોય છે. આમ, જુદાં જુદાં રાષ્ટ્રો પાસે ઉપલબ્ધ કુદરતી સંપત્તિનો મહત્તમ ઉપયોગ કરી શકાય તેવો પ્રયત્ન કરે છે.

જુદાં જુદાં રાષ્ટ્રો પાસે જુદી જુદી કુદરતી સંપત્તિ કે સંસાધનો ઉપલબ્ધ હોવાથી જે તે વસ્તુઓનું ઉત્પાદન જ્યારે જે તે દેશ કરે ત્યારે ઉત્પાદન પડતર જુદી જુદી આવે છે. આથી જે દેશ પાસે જે કુદરતી સંસાધન વધારે પ્રમાણમાં ઉપલબ્ધ હોય ત્યારે તે વસ્તુનું ઉત્પાદન કરવાની પડતર તે દેશને નીચી આવે છે. જ્યારે અન્ય દેશ પાસે તે પ્રકારની કુદરતી સંપત્તિનું પ્રમાણ ઓછું હોય ત્યાં આ વસ્તુની ઉત્પાદન પડતર ઊંચી આવે છે. આથી બન્ને દેશ એકબીજા સાથે એવી વસ્તુઓની નિકાસ કરશે જેમાં પોતાના રાષ્ટ્રમાં ઉત્પાદન પડતર નીચી આવતી હોય અને એવી વસ્તુઓ અન્ય રાષ્ટ્ર પાસેથી મંગાવશે જે વસ્તુની ઉત્પાદન પડતર પોતાના દેશમાં ઊંચી આવે છે. આથી જુદી જુદી આર્થિક સમસ્યાઓ ઉદ્‌ભવે છે જેનો અભ્યાસ કરવા માટે આંતરરાષ્ટ્રીય વ્યાપારના અલગ અભ્યાસની આવશ્યકતા ઊભી થાય છે.

આમ, ઉપરોક્ત દરેક મુદ્દા આંતરરાષ્ટ્રીય વ્યાપારના અલગ અભ્યાસની આવશ્યકતાને રેખાંકિત કરે છે.

11.3 આંતરરાષ્ટ્રીય વ્યાપારનું મહત્ત્વ :

પહેલાંનાં વર્ષોની સરખામણીએ દરેક રાષ્ટ્રની આવશ્યકતાઓ વધતી જાય છે અને બહુવિધ થતી જાય છે. આથી દરેક દેશને વિકાસ તરફ આગળ વધવા માટે જુદાં જુદાં સંસાધનો અને ટેકનોલોજીની આવશ્યકતા પૂરી કરવા બીજા રાષ્ટ્ર પર આધાર રાખવો પડે છે. અહીં આપણે જે તે રાષ્ટ્ર માટે આંતરરાષ્ટ્રીય વ્યાપાર શા માટે મહત્ત્વનો છે, તેના વિશે ચર્ચા કરીશું.

(1) વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત કરવા :

જે તે રાષ્ટ્રના ચલણના મૂલ્યનો આધાર જે તે રાષ્ટ્ર પાસે વિદેશી હૂંડિયામણ કેટલા પ્રમાણમાં છે તેના પર રહેલો છે. આથી દરેક રાષ્ટ્ર પોતાની પાસે વધુ પ્રમાણમાં વિદેશી હૂંડીયામણ રહે તેવો પ્રયાસ કરે છે. વિદેશી હૂંડીયામણ મેળવવાનો મુખ્ય સ્ત્રોત દેશની નિકાસ છે. નિકાસ સિવાય પણ વિદેશી દેવું, સહાય, વિદેશી મૂડીરોકાણ વગેરે છે. પરંતુ વિદેશી, હૂંડિયામણનો

વિશ્વસનીય સ્ત્રોત દેશમાંથી થતી નિકાસ છે. આથી દરેક દેશ જે વસ્તુમાં કુશળતા ધરાવે છે અથવા જરૂરિયાત કરતાં વધુ પ્રમાણમાં જથ્થો હોય તે વસ્તુને નિકાસ અન્ય રાષ્ટ્રમાં કરી વિદેશી હૂંડિયામણની કમાણી કરવાનો પ્રયાસ કરે છે.

(2) લોકોના ઊંચા જીવનધોરણના હેતુને પાર પાડવા :

જે તે અલ્પવિકસિત કે પછાત રાષ્ટ્ર એવી જ વસ્તુઓનો ઉપયોગ સામાન્ય રીતે કરે છે, જે પોતાના રાષ્ટ્રમાં બને છે. આથી તેમને વધુ સારી ગુણવત્તા કે ટેક્નોલોજીવાળી વસ્તુઓનો ઉપયોગ કરવા ન મળે તેવું બની શકે. જો રાષ્ટ્ર અન્ય રાષ્ટ્ર સાથે આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં જોડાય તો પોતાના દેશના લોકો માટે ઉચ્ચ ગુણવત્તા કે આધુનિક ટેકનોલોજીવાળી વસ્તુઓ પ્રાપ્ત કરી શકે છે. દા.ત. આધુનિક મોટરકાર, નવી ટેકનોલોજીવાળા મોબાઈલ ફોન અથવા વધુ સારી આરોગ્ય સેવા બીજા દેશમાંથી આયાત કરી પોતાના દેશના લોકોને ઉપલબ્ધ કરાવી પોતાના દેશના

(3) ઔદ્યોગિક વિકાસ કરવા માટે :

અલ્પવિકસિત કે પછાત રાષ્ટ્રના ઉદ્યોગો દ્વારા જે સાધનો અથવા મશીનરીનો ઉપયોગ કરવામાં આવતો હોય તે પછાત અથવા પ્રમાણમાં ઓછી આધુનિક હોય છે. ઘણી વાર અમુક રાષ્ટ્રોમાં વધુ પ્રમાણમાં શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતીનો ઉપયોગ થતો હોય છે. આથી ઉત્પાદનનું પ્રમાણ અને ગુણવત્તા બન્ને સીમિત રહે છે. જો દેશ આંતરરાષ્ટ્રીય વ્યાપાર હાથ ધરે તો વિકસિત રાષ્ટ્રો પાસેથી આધુનિક ટેકનોલોજી આયાત કરી પોતાના દેશના ઉદ્યોગોને ઉપલબ્ધ કરાવી શકે છે. જેના કારણે ઉદ્યોગોના ઉત્પાદનમાં વધારો કરી શકાય છે. તેમજ વધુ સારી ગુણવત્તા વાળી વસ્તુનું ઉત્પાદન હાથ ધરીને દેશના ઉદ્યોગોને વધુ વિકસિત કરી શકાય છે.

(4) બજાર વિસ્તારવાના હેતુ માટે :

જો કોઈ રાષ્ટ્ર અન્ય રાષ્ટ્ર સાથે વ્યાપાર ન કરે તો જે તે પેઢી કે ઉદ્યોગોએ તેટલા જ પ્રમાણમાં ઉત્પાદન કરવાની જરૂરિયાત રહે છે. જેટલી માંગ પોતાના દેશના લોકો દ્વારા કરવામાં આવે છે. દા.ત. અમેરિકા અન્ય દેશ સાથે વ્યાપાર ન કરે તો ફોર્ડ કંદપાનીએ માત્ર અમેરિકાના લોકોની કારની માંગ સંતોષવા પૂરતું જ કારનું ઉત્પાદન કરવાની જરૂરિયાત રહે છે. આથી દેશની પેઢી કે ઉદ્યોગો માટે બજાર મર્યાદિત રહે છે, પરંતુ અમેરિકા અન્ય રાષ્ટ્રોમાં વ્યાપારની છૂટ આપે તો અન્ય દેશને કારની નિકાસ કરવા માટે ફોર્ડ કંદપાનીએ ઉત્પાદનમાં વધારો કરી અન્ય દેશને વેચાણ કરવાનું થાય છે. આમ, આંતરરાષ્ટ્રીય વ્યાપારથી જે તે રાષ્ટ્રના ઉદ્યોગો કે પેઢીઓ માટે બજારનો વિસ્તાર થાય છે.

(5) રોજગારીની તકો વધારી શકાય છે :

જ્યારે એક દેશ આંતરરાષ્ટ્રીય વ્યાપાર હાથ ધરે ત્યારે અન્ય દેશમાં વસ્તુઓની નિકાસ કરવા માટે પોતાના દેશના ઉદ્યોગોમાં ઉત્પાદન વધારવાની આવશ્યકતા ઊભી થાય છે. આથી ઉત્પાદન વધારવા માટે દેશના ઉદ્યોગોને રાષ્ટ્રો દ્વારા દેશમાં રોકાણ કરવામાં આવે એટલે કે વિદેશી મૂડીરોકાણ થાય ત્યારે દેશમાં નવા ઉદ્યોગોની સ્થાદપાના થાય છે. અને રોજગારીની તકોમાં ફરી વધારો થાય છે. આમ, આંતરરાષ્ટ્રીય વ્યાપાર રોજગારીની તકોમાં વધારો કરે છે.

(6) આર્થિક વિકાસમાં ભૂમિકા :

આંતરરાષ્ટ્રીય વ્યાપારના ભાગરૂપે કોઈ પણ રાષ્ટ્ર પોતાના દેશના ખેતી, ઉદ્યોગ કે સેવાક્ષેત્રમાં ઉત્પાદન વધારવા અન્ય રાષ્ટ્ર પાસેથી આધુનિક ટેકનોલોજી આયાત કરે છે અને ઉત્પાદનમાં વધારો કરી રાષ્ટ્રીય આવકમાં વધારો કરવાનો પ્રયાસ કરે છે. જે રાષ્ટ્રીય આવકમાં

વધારો થાય છે, તેનો ઉપયોગ માળખાગત સુવિધાઓ વધારવા, આરોગ્ય અને શિક્ષણમાં વધારે નાંણાનું રોકાણ કરી લોકોના જીવનધોરણમાં સુધારો કરવાનો પ્રયાસ કરે છે. આમ, આર્થિક વિકાસમાં પણ આંતરરાષ્ટ્રીય વ્યાપારની ભૂમિકા છે.

(7) સંશોધન અને નવપ્રવર્તનને વેગ આપવા :

જયારે કોઈ રાષ્ટ્ર આંતરરા, રાષ્ટ્રીય વ્યાપારમાં જોડાય છે ત્યારે અન્ય દેશ પાસેથી પોતાના દેશની સંશોધન પ્રવૃત્તિને વેગ આપવા માટે મદદ મેળવી શકે છે. અલ્પવિકસિત રાષ્ટ્રો પાસે મર્યાદિત માત્રામાં સાધનો અને નિષ્ણાતો હોય છે. આવા સમયે પોતાનાં સંશોધન અને નવપ્રવર્તનને ગતિ આપવા માટે અન્ય દેશની મદદ મેળવી વધુ સંશોધન કરી શકે છે. આ ઉપરાંત વિકસિત રાષ્ટ્રમાં પોતાના સંશોધન એકમની સ્થાદપાના કરી શકે છે. જેના કારણે અલ્પવિકસિત રાષ્ટ્રના ઉદ્યોગો વધારે સાર્પ સંશોધનથી ગુણવત્તાવાળી વસ્તુઓ અને વધારે પ્રમાણમાં ઉત્પાદન કરી શકે છે.

(8) ગ્રાહકો માટે ફાયદારૂપ :

કોઈ દેશ જયારે અન્ય દેશમાંથી આયાત ખરીદવાનો વિકલ્પ બંધ રાખે છે, જે વસ્તુઓનું ઉત્પાદન દેશમાં થાય છે. અથવા કોઈ રાષ્ટ્ર અન્ય રાષ્ટ્રો પર વધુ પડતા નિયંત્રણ રાખે ત્યારે પણ આ સમસ્યા ઊભી થાય છે. દા.ત. ઉત્તર કોરિયાના લોકો પાસે ખરીદીના બહુ જ ઓછા વિકલ્પ છે કારણ કે ઉત્તર કોરિયા ખૂબ જ વધારે નિયંત્રણોવાળો દેશ છે. જેની સામે કોઈ રાષ્ટ્ર બહુ ઓછા નિયંત્રણો સાથે અન્ય રાષ્ટ્ર સાથે વ્યાપાર કરે છે ત્યારે તે રાષ્ટ્રના લોકો પાસે બજારમાં ખરીદવા માટેના વિકલ્પ વધારે પ્રમાણમાં ઉપલબ્ધ રહે છે. આમ, આંતરરાષ્ટ્રીય વ્યાપાર દેશના ગ્રાહકોને વધારે વિકલ્પ ઉપલબ્ધ કરાવે છે. દા.ત. ભારતના લોકો પાસે મોબાઈલ કે મોટરકારની ખરીદી માટે ઘણા વિકલ્પો ઉપલબ્ધ છે.

(9) સાંસ્કૃતિક આદાનપ્રદાન :

આંતરરાષ્ટ્રીય વ્યાપાર એ માત્ર વસ્તુ અથવા મૂડીની હેરફેર કે વ્યાપાર પૂરતો મર્યાદિત રહેતો નથી, પરંતુ તેની સાથે સાથે એક રાષ્ટ્ર અન્ય રાષ્ટ્ર સાથે પોતાના દેશની સંસ્કૃતિનું પણ આદાનપ્રદાન કરે છે. સંસ્કૃતિના આદાનપ્રદાનમાં લોકો એકબીજાની રહેણીકરણી, કપડા, ભાષા,ખોરાક, ઉત્સવ, રીત-રિવાજો, વિચારસરણીનું આદાનપ્રદાન પણ કરે છે. જે તે રાષ્ટ્ર અન્ય રાષ્ટ્ર પાસેથી સારી વસ્તુઓ અદપાનાવવાનો પ્રયાસ કરે છે. દા.ત. ભારતના લોકોએ ઘણા બધા રાષ્ટ્રોની રહેણીકરણી, ખાણીપીણી,પહેરવેશ, ભાષા વગેરે જેવી ઘણી વસ્તુઓ અન્ય રાષ્ટ્રો પાસેથી અદપાનાવી છે. આમ, આંતરરાષ્ટ્રીય વ્યાપાર માત્ર વસ્તુ પૂરતું મર્યાદિત ન રહેતા સાંસ્કૃતિક આદાનપ્રદાનને પણ આગળ વધારે છે.

(10) સુદૃઢ આંતરરાષ્ટ્રીય સબંધો :

આંતરરાષ્ટ્રીય વ્યાપાર દ્વારા દરેક રાષ્ટ્ર એકબીજા સાથે મળીને એકબીજાની જરૂરિયાતો પૂરી કરવાનો પ્રયાસ કરે છે. કારણ કે દરેક રાષ્ટ્ર પોતાની જરૂરિયાતની વસ્તુઓ અન્ય દેશ પાસેથી મેળવે છે. જેથી આ સંબંધ માત્ર વ્યાપાર પૂરતો મર્યાદિત રહેતો નથી, પરંતુ એકબીજાને સહયોગ આપવા જેટલો સુદૃઢ બને છે. દરેક રાષ્ટ્ર અન્ય રાષ્ટ્રને શિક્ષણ પ્રણાલીમાં, ટેકનોલોજીમાં, નિષ્ણાત સેવામાં, માળખાગત સુવિધાઓ વગેરે જેવી ઘણી બાબતોમાં અન્ય રાષ્ટ્રને સહાય અને સહયોગ આપવાનો પ્રયાસ કરે છે. જેથી પછાત કે અલ્પવિકસિત રાષ્ટ્રોને પોતાના દેશના વિકાસ માટે વિકસિત કે વિકાસશીલ રાષ્ટ્રો સાથેના સુદૃઢ સંબંધો મદદરૂપ થાય છે. અને તેમનો સહયોગ

મળી રહે છે, પરંતુ અહીં પણ વિકસિત કે વિકાસશીલ રાષ્ટ્રોનો પ્રત્યક્ષ અથવા પરોક્ષ સાથ રહેલો હોય છે.

(11) કુદરતી આફતમાં સહાય :

આંતરરાષ્ટ્રીય વ્યાપારના ભાગરૂપે દરેક રાષ્ટ્ર એકબીજા સાથે જોડાય છે. આ ઉપરાંત રાષ્ટ્ર સાથે સંબંધોને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરે છે. સ્વાભાવિક જ અન્ય રાષ્ટ્ર દ્વારા જરૂરિયાતો પૂરી થતી હોય ત્યારે રાષ્ટ્રના સંબંધોને નવી દિશા મળે છે. આ સંબંધો બધીવાર કુદરતી કે માનવીય આફતોના સમયમાં સમૃદ્ધ રાષ્ટ્રો પછાત કે અલ્પવિકસિત રાષ્ટ્રનો નાણાકીય સહાય, મેડિકલ સહાય, ટેકનીકલ સહાય વગેરે પૂરી પાડે છે કે જેથી કુદરતી આફતનો ભોગ બનેલ રાષ્ટ્ર ઝડપથી એ મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર આવી શકે અને લોકો ફરીથી સામાન્ય જનજીવન મેળવી શકે.

(12) વૈશ્વિક શાંતિ સ્થાદ્પાનામાં મદદરૂપ :

અગાઉ ચર્ચા કરી તે પ્રમાણે આંતરરાષ્ટ્રિય વ્યાપારનો ઉદ્ભવ જ પરસ્પરની જરૂરિયાતો પૂરી કરવા માટે જુદાં જુદાં રાષ્ટ્રો વચ્ચે થયો. આથી દરેક રાષ્ટ્ર અન્ય રાષ્ટ્રને સહયોગ કરે છે. કારણ કે જે તે રાષ્ટ્રને પોતાની ઘણી બધી જરૂરિયાતો પૂરી કરવા માટે બીજાં રાષ્ટ્રોની જરૂર રહે છે. અને તેમના પર આધાર રાખવો પડે છે. આથી દરેક રાષ્ટ્ર સાથે રાષ્ટ્રએ વૈશ્વિક રીતે વિચારવું પડે છે અને અન્ય રાષ્ટ્રોને સહકાર આપવો પડે છે. આથી પરસ્પરના આ પ્રકાર સંબંધ વૈશ્વિક શાંતિ સ્થાપવામાં મદદરૂપ થાય છે.

11.4 સારાંશ :

દરેક રાષ્ટ્રની જરૂરિયાતો વધી રહી છે અને આ જરૂરિયાતો વિવિધતાવાળી છે, જે જરૂરિયાતો પૂરી કરવા રાષ્ટ્રો એકબીજા પર આધાર રાખતા થયા છે. જેથી આંતરરાષ્ટ્રીય વ્યાપારનો મોટા પ્રમાણમાં વિસ્તાર થયો છે. આ આંતરરાષ્ટ્રીય વ્યાપારથી કુદરતી સંસાધનો, ઉત્પાદનનાં સાધનોનો શ્રેષ્ઠતમ ઉપયોગ શક્ય બને છે સાથે સાથે જે તે રાષ્ટ્ર ઓછી ઉત્પાદન પડતર સાથે વસ્તુનું ઉત્પાદન કરી શકે છે. આમ છતાં દરેક રાષ્ટ્ર બજાર, ચલણ, આર્થિકનીતિ, કુદરતી સંસાધનો વગેરે જેવી ઘણી બાબતોમાં એકબીજાથી અલગ પડે છે. આથી આંતરિક વ્યાપાર કરતાં આંતરરાષ્ટ્રીય વ્યાપાર ઘણો અલગ માલૂમ પડે છે અને આથી જ આંતરરાષ્ટ્રીય વ્યાપારના અલગ અભ્યાસની જરૂર પડે છે. આથી જ આંતરરાષ્ટ્રીય વ્યાપારને સમજવા માટે અલગ અલગ સિધ્ધાંતો રજુ થયા છે.

આ ઉપરાંત બંધ અર્થતંત્ર એટલે કે આયાત નિકાસની પરવાનગી વગરના અર્થતંત્રની કલ્પના કરવી શક્ય નથી. એટલે કે કોઈ પણ રાષ્ટ્ર અન્ય કોઈ રાષ્ટ્ર સાથે સંબંધ જ ન રાખે તે લગભગ અશક્યની નજીક છે. દરેક દેશ પોતાના રાષ્ટ્રહિતને પ્રાથમિકતા આપી આંતરરાષ્ટ્રીય વ્યાપાર માટે ઓછા કે વધારે નિયંત્રણવાળી વ્યાપારનીતિ નક્કી કરે છે. અને વર્તમાન સમયમાં આર્થિક પ્રગતિ તથા લોકોની સુખાકારી વધારવા માટે દરેક રાષ્ટ્ર વૈશ્વિકરણની દિશામાં સતત વિચારે છે. પરિસ્થિતિઓ અને સમયની સાથે આર્થિકનીતિઓ અને વ્યાપારનીતિમાં ફેરફાર કરે છે કે જેથી વિશ્વની સાથે તાલ મિલાવી ચાલી શકાય. પોતાના રાષ્ટ્રના ચલણને મજબૂત કરવા, ઉદ્યોગોને વિકસાવવા, સંશોધનો કરવા, આપણા દેશના લોકોનું જીવનધોરણ સુધારવા, રોજગારીની તકોમાં વધારો કરવા, માળખાગત સુવિધાઓ વધારી વિદેશી મૂડીરોકાણને આકર્ષવા આવા અનેકવિધ હેતુઓ માટે આંતરરાષ્ટ્રીય વ્યાપારનું મહત્ત્વ અનેકગણું વધારે છે. માટે જ આપણે રાજદવ્યારી સંબંધોને

11.5 ચાવીરૂપ શબ્દો :

(1) સ્થળાંતરણ : વસ્તુ કે માણસો અથવા મૂડીની એક સ્થળેથી બીજા સ્થળે હેરફેર.

(2) વૈશ્વિકરણ : દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે જોડવાની પ્રક્રિયા એટલે વૈશ્વિકરણ.

(3) ઔદ્યોગિકરણ : દેશના ઉદ્યોગોનો વિકાસ થાય તે માટે માળખાગત સુવિધા તથા આર્થિકનીતિ દ્વારા પ્રોત્સાહનભર્યું વાતાવરણ ઊભું કરવું એટલે ઔદ્યોગિકરણ.

(4) વિદેશ વ્યાપાર નીતિ : આંતરરાષ્ટ્રીય વ્યાપારનાં લક્ષ્યાંકો પાર પાડવા આયાત અને નિકાસ માટે ઘડવામાં આવતી નીતિ એટલે વિદેશ વ્યાપાર નીતિ.

(5) વિદેશી મૂડીરોકાણ : જ્યારે દેશમાં અન્ય દેશ દ્વારા ધંધાકીય એકમમાં, શેરબજારમાં કે ભાગીદારીના સ્વરૂપમાં રોકાણ દ્વારા કરવામાં આવે ત્યારે તે વિદેશી મૂડીરોકાણ તરીકે ઓળખાય છે.

(6) વિદેશી દેવું : જ્યારે એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્ર પાસેથી અથવા આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ જેવી કે વિશ્વબેંક, એશિયન ડેવલપમેન્ટ બેંક પાસેથી ઉછીનાં નાણાં મેળવે તેને વિદેશી દેવું કહેવામાં આવે છે.

11.6 તમારી પ્રગતિ ચકાસો :

(1) આંતરરાષ્ટ્રીય વ્યાપર એટલે શું ? સમજાવો

(2) આંતરીક અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર વચ્ચેનો તફાવત સમજાવો.

(3) આંતરરાષ્ટ્રીય વ્યાપારનું મહત્ત્વ સમજાવો.

(4) આંતરરાષ્ટ્રીય વ્યાપારનો અલગ અભ્યાસ શા માટે જરૂરી છે? તેની ચર્ચા કરો.

(5) આંતરરાષ્ટ્રીય વ્યાપારના ફાયદાની ચર્ચા કરો.

❖ નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં જણાવો :

(1) આંતરરાષ્ટ્રીય વેપારમાં ચલણ તફાવત જોવા મળતો નથી.

(2) આંતરિક વેપાર એ દેશના કોઈ બે પ્રદેશો વચ્ચે થાય છે.

(3) બે દેશ વચ્ચે થતા વેપારને આંતરરાષ્ટ્રીય વેપાર કહે છે.

(4) પ્રો.ઓહલીનામત અનુસાર આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપારના અલગ અભ્યાસની જરૂરિયાત નથી.

(5) બે દેશ વચ્ચે વિવિધ સાધનોની ગતિશીલતા વધુ જોવા મળે છે.

(6) બે દેશ વચ્ચે વિવિધ વસ્તુની કિંમતમાં તફાવતનું એક કારણ સાધનોની ગતિશીલતા છે.

(7) આંતરરાષ્ટ્રીય વેપાર ઉદ્ભવવાનું એક કારણ અસમાન કુદરતી સંસાધન પણ છે.

(8) આંતરરાષ્ટ્રીય વેપાર થી બજારનું વિસ્તરણ થાય છે.

(9) આંતરરાષ્ટ્રીય વેપારથી સંશોધન અને નવપ્રવર્તન વિકાસને વેગ મળે છે.

(10) આંતરરાષ્ટ્રીય વેપારથી ગ્રાહકની પસંદગીની તકોમાં વધારો થાય છે.

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :

(1) International Trade, Dr. Pawankumar Oberoi, Global Academic Publishers.

(2) આર્થિક સિદ્ધાંતો, ડો.એમ.એન.રાવલ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત.

❖ જવાબો :

(1)	ખોટું	(2)	ખરું	(3)	ખરું	(4)	ખરું
(5)	ખોટું	(6)	ખરું	(7)	ખરું	(8)	ખરું
(9)	ખરું	(10)	ખરું				

*** *** ***

એકમ 12

આંતરરાષ્ટ્રીય વેપારના સિદ્ધાંતો

-: રૂપરેખા :-

12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવના

12.2 આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચેનો તફાવત

12.3 નિરપેક્ષ લાભનો સિદ્ધાંત

12.4 તુલનાત્મક લાભનો સિદ્ધાંત

  12.4.1 આંતરરાષ્ટ્રીય વેપાર પછીની સ્થિતિ

  12.4.2 બંને દેશો વચ્ચે વિનિમય દરનું નિર્ધારણ

12.5 સારાંશ

12.6 ચાવીરૂપ શબ્દો

12.7 તમારી પ્રગતિ ચકાસો

  ⇨ ઉપયોગી સંદર્ભ વાચન

  ⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

12.0 ઉદ્દેશો :

- ➢ વિદ્યાર્થીમિત્રોને આંતરિક વ્યાપારનો અર્થ, આંતરરાષ્ટ્રીય વ્યાપારનો અર્થ સમજાવવો.
- ➢ અભ્યાસ કરતા વિદ્યાર્થીમિત્રોને નિરપેક્ષ લાભનો ખ્યાલ, અર્થ તથા તેની વ્યાખ્યા વિગતે સમજાવવી.
- ➢ વિશ્વના બે દેશો વચ્ચે કેવી રીતે આંતરરાષ્ટ્રીય વ્યાપાર થાય છે, તેનાં કારણો અને અસર કરતાં પરિબળો જણાવવાં.
- ➢ આંતરરાષ્ટ્રીય વ્યાપાર સંબંધિત દેશો માટે વૈશ્વિક અર્થશાસ્ત્ર તથા અર્થકારણ માટે કેવી રીતે ઉપયોગી બને છે, તેનું મહત્ત્વ જણાવવું.
- ➢ અભ્યાસુ વિદ્યાર્થીમિત્રોને શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ કેવી રીતે થાય છે તેમજ તેના આધારે આંતરરાષ્ટ્રીય વ્યાપાર થાય છે, તેનું મહત્ત્વ સમજાવવું.
- ➢ પ્રસ્તુત સિદ્ધાંતનાં વિવિધ કોષ્ટકો, ઉદાહરણો તથા આકૃતિ દ્વારા સિદ્ધાંતને સરળતાથી સમજાવવાનો ઉદ્દેશ.

12.1 પ્રસ્તાવના :

વૈશ્વિક અર્થકારણમાં આંતરરાષ્ટ્રીય વ્યાપર એ આંતરરાષ્ટ્રીય શ્રમવિભાજનનું પરિણામ છે. જે તે દેશનાં ઉત્પાદનનાં સાધનોનો જથ્થો અને સાધનોની ઉત્પાદનશક્તિ યથાવત રહેવા છતાં શ્રમ વિભાજનના પરિણામે થતી સાધનોની વધુ કાર્યક્ષમ ફાળવણીને લીધે વિશ્વમાં કુલ

ઉત્પાદનમાં ઝડપી વધારો થાય છે. આંતરરાષ્ટ્રીય શ્રમવિભાજનને કારણે ઉત્પાદનમાં થતા વધારાથી જે લાભ પ્રાપ્ત થાય તેને વ્યાપારથી થતો લાભ કહેવામાં આવે છે. જુદા જુદા દેશોમાં ઉત્પાદનનાં જુદાં જુદાં સાધનો અસમાન પ્રમાણમાં વહેંચાયેલાં છે. જેમકે અમેરિકા, રસિયા, ચીન વગેરે દેશો જમીનનો પૂરતો પુરવઠો ધરાવે છે. તેમજ મૂડીનો પણ પૂરતો પુરવઠો ધરાવે છે. બીજી બાજુ ભારત અને ચીન માનવશ્રમની સમૃદ્ધિ ધરાવે છે જેનાથી ઉત્પાદનનાં સાધનોની અસમાન વહેંચણી જુદા જુદા દેશોમાં જુદી જુદી વસ્તુઓના ઉત્પાદનમાં સાપેક્ષ કાર્યક્ષમતા વધતા-ઓછા અંશે હોય છે, તેને પરિણામે આંતરરાષ્ટ્રીય શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ અમલમાં આવે છે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર પ્રાદેશિક ધોરણે વસ્તુઓના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ શક્ય બનાવે છે. વિવિધ વસ્તુઓના ઉત્પાદન માટે વિવિધ સાધન સંયોજનોની જરૂર પડે છે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર વગર કોઈપણ દેશ વિવિધ સંયોજનો કે વસ્તુઓ પ્રાપ્ત કરી શકે નહીં. વિવિધ દેશો અસમાન સાધન વહેંચણી ધરાવતા હોવાથી માનવ કૌશલ્યને પરિણામે સાધનોના કુદરતી, ભૌગોલિક વિસ્તરણમાં તફાવતો ઊભા થાય છે. અલબત્ત, સાધનોની આંતરરાષ્ટ્રીય ગતિશીલતા મર્યાદિત હોય છે. આંતરરાષ્ટ્રીય વ્યાપર સંબંધિત દેશો માટે તથા વૈશ્વિક અર્થકારણ માટે ઉપકારક છે. તેથી આંકડા વિષયક માહિતી વિશ્વના દેશોના આર્થિક ઈતિહાસમાંથી મળી રહે છે. ઔદ્યોગિક ક્રાંતિના ફાયદાઓ વિશ્વને પ્રાપ્ત થયા તેમાં આંતરરાષ્ટ્રીય વ્યાપારનો ફાળો ઘણો જ મોટો છે. વિશ્વના આર્થિક સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ આંતરરાષ્ટ્રીય વ્યાપારને આભારી છે. સંબધિત દેશોનું ઉત્પાદન અને ઉપભોગ માળખુ વૈવિધ્યપૂર્ણ બન્યુ છે, તેથી વિશ્વની આર્થિક સમૃદ્ધિ વધી છે.

આંતરરાષ્ટ્રીય વ્યાપારથી દેશની સમૃદ્ધિ વધે છે તેથી આંતરરાષ્ટ્રીય વ્યાપાર વધવો જોઈએ. ઘણી વાર કુદરતદત્ત પરિબળો, માનવસર્જિત પરિબળો તથા અન્ય પરિબળોને કારણે આંતરરાષ્ટ્રીય વ્યાપાર ઉદ્ભવે છે. આવાં પરિબળોના તફાવતને લીધે જુદા જુદા દેશોના જુદા જુદા લોકો તેમજ ઉત્પાદનનાં બીજા સાધોની જુદી જુદી વસ્તુઓના ઉત્પાદનમાં સાપેક્ષ કાર્યક્ષમતા જુદી જુદી હોય છે. વ્યાપારવાદીઓ એમ માનતા હતા કે સોનાની આયાત કરવાથી જ લાભ થાય છે. જયારે પ્રો. એડમ સ્મિથે એવું મંતવ્ય રજૂ કર્યું કે માત્ર સોનાથી નહીં પરંતુ વસ્તુ-વસ્તુ વચ્ચેના વ્યાપારથી પણ લાભ થાય છે.

❖ આંતરરાષ્ટ્રીય વેપારનો પ્રશિષ્ટ મત :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ આંતરરાષ્ટ્રીય વ્યાપારના લાભને જે રીતે સમજ્યા હતા. તે અન્વયે આંતરરાષ્ટ્રીય વ્યાપારથી દેશમાં વાસ્તવિક ખર્ચને યથાવત રાખીને સંતોષની ઊંચી સપાટી પ્રાપ્ત કરી શકાય છે. અથવા તો વ્યાપાર પહેલાની સંતોષની સપાટી પ્રાપ્ત કરવા માટે દેશને વાસ્તવિક ખર્ચ ઓછું કરવું પડે છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ વાસ્તવિક ખર્ચને ઉત્પાદન પાછળ ખર્ચાયેલા મજૂર સમયના આધારે માપતા હતા. તેથી આંતરરાષ્ટ્રીય વ્યાપારના લાભને જુદા શબ્દોમાં પણ રજૂ કરી શકાય. જેમ કે દેશમાં થતા ઉત્પાદન પાછળ ખર્ચાતા કુલ મજૂર સમયને યથાવત્ રાખીને દેશ આંતરરાષ્ટ્રીય વ્યાપાર પછી સંતોષની ઊંચી સપાટી મેળવી શકે છે.

❖ આંતરરાષ્ટ્રીય વેપારનો આધુનિક મત :

આંતરરાષ્ટ્રીય વ્યાપારમાંથી મળતા લાભને આધુનિક અર્થશાસ્ત્રીઓ સમાજ તટસ્થરેખા અને તુષ્ટિગુણ શક્યતા રેખા જેવા ખ્યાલોનો ઉપયોગ કરીને સમજાવે છે. તેમના મતે આંતરરાષ્ટ્રીય વ્યાપાર પછી સમાજ તટસ્થરેખા જમણી બાજુ ઉપર તરફ ગતિ કરે છે એટલે કે દેશ અને વિશ્વની સંતોષની સપાટી ઊંચી જાય છે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર શરૂ થવાનું કારણ વ્યાપારથી થતા લાભો છે. જો વ્યાપારથી કોઈ લાભ ન થતો હોય તો આંતરરાષ્ટ્રીય વ્યાપાર ઉદ્ભવે જ નહીં.

આંતરરાષ્ટ્રીય વ્યાપારથી થતા લાભોને બે રીતે સમજાવી શકાય જેમ કે (1) આંતરરાષ્ટ્રીય વ્યાપારથી થતો નિરપેક્ષ લાભ અને (2) આંતરરાષ્ટ્રીય વ્યાપારથી થતો સાપેક્ષ કે તુલનાત્મક લાભ.

❖ આંતરરાષ્ટ્રીય વેપારથી થતા નિરપેક્ષ લાભો :

➢ કુલ ઉત્પાદનમાં વૃદ્ધિ :

આંતરરાષ્ટ્રીય વ્યાપારથી દેશના અને વિશ્વના કુલ ઉત્પાદનમાં વૃદ્ધિ થાય છે. અગાઉ આંતરરાષ્ટ્રીય વ્યાપારના પ્રશિષ્ટ સિદ્ધાંત અન્વયે આપણે જોયું કે જ્યારે આંતરરાષ્ટ્રીય વ્યાપારનું અસ્તિત્વ ન હતું ત્યારે સ્વાવલંબનની પરિસ્થિતિમાં બે દેશો વચ્ચે વસ્તુઓનું આદાન-પ્રદાન થતું હતું. આંતરરાષ્ટ્રીય વ્યાપાર અસ્તિત્વમાં આવ્યા પછી તે વધવા પામ્યું છે. ખાસ કરીને શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણને કારણે દરેક દેશના કુલ ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ છે તેમજ માથાદીઠ વસ્તુ કે સેવાના પ્રમાણમાં વધારો થયો છે.

➢ વસ્તુઓ અને સેવાઓ નીચી કિંમતે પ્રાપ્ય બને :

આંતરરાષ્ટ્રીય વ્યાપાર થવાથી દરેક દેશ જે તે વસ્તુ કે સેવાનું તુલનાત્મક ખર્ચ ઓછું હોય તો તે વસ્તુ કે સેવાના ઉત્પાદનમાં વધારો કરે છે. જે તે વસ્તુ કે સેવાનો ઉત્પાદન ખર્ચ ઓછો હોવાથી તેની વેચાણ કિંમત નીચી રાખી શકાય છે. જેથી વૈશ્વિકકક્ષાએ ગ્રાહકોને જે તે ચીજવસ્તુ કે સેવા સસ્તા દરે પ્રાપ્ય બને છે.

➢ અપ્રાપ્ય વસ્તુઓ પ્રાપ્ય બને છે :

આંતરરાષ્ટ્રીય વ્યાપારથી દેશને વસ્તુ કે સેવા પ્રાપ્ય બને છે. એક દેશ બીજા દેશ પાસેથી વસ્તુ કે સેવાની આયાત કરીને વસ્તુ પ્રાપ્ય બનાવે છે. વર્તમાનમાં અલ્પવિકસિત દેશો, વિકાસમાન દેશો કે વિકસિત દેશો પાસેથી અલભ્ય વસ્તુ કે સેવાની આયાત કરીને જરૂરિયાત પૂર્ણ કરે છે. જેનાથી દેશના ગ્રાહકોને સંતોષ આપી શકાય છે.

➢ ઉત્પાદનમાં વધારો થવાથી રોજગારીનું સર્જન :

આંતરરાષ્ટ્રીય વ્યાપાર થવાથી જે વસ્તુઓના ઉત્પાદનમાં ઓછો તુલનાત્મક ખર્ચ થતો હોય તેનું મોટા પાયા પર ઉત્પાદન કરવું શક્ય બને છે. જેનાથી રોજગારીની નવીનતમ તકોનું સર્જન થાય છે. આ ઉપરાંત શ્રમ, મૂડી અને નિયોજન જેવાં સાધનોની જરૂર પડવાથી રોજગારી વધે છે.

➢ સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે :

આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં જોડાયેલા દેશો જે વસ્તુ ઓછા તુલનાત્મક ખર્ચે ઉત્પન્ન કરી શકાય તેવી વસ્તુઓનું મોટા પાયા પર ઉત્પાદન કરે છે. તેથી ઉત્પાદનનાં સાધનોનો કાર્યક્ષમ અને કરકસરપૂર્વક ઉપયોગ થાય છે. તો બીજી બાજુ સાધનોનો દુર્વ્યય અટકે છે. આંતરરાષ્ટ્રીય વ્યાપારના પરિણામે ઉત્પાદન ક્ષેત્રે હરિફાઈ સર્જાવાથી પણ સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે.

➢ ઈજારાશાહી પરિબળો નાબૂદ થાય છે :

આંતરરાષ્ટ્રીય વ્યાપારની ગેરહાજરી હોય તેવા સંજોગોમાં દેશમાં ઈજારાશાહી પરિબળો જોવા મળે છે. કેમ કે અનિવાર્ય વસ્તુઓના ઉત્પાદન-વેચાણમાં અલ્પ સંખ્યામાં પેઢીઓ હોય છે, પરંતુ આંતરરાષ્ટ્રીય વ્યાપાર થવાથી જરૂરી વસ્તુઓની આયાતો થતી હોવાથી ઈજારાશાહી પરિબળો ઘટે છે અથવા નાબૂદ થાય છે.

➢ સાધનોના શોષણની શક્યતા ઘટે છે :

આંતરરાષ્ટ્રીય વ્યાપાર જો મુક્ત હોય તો વિશ્વમાં આર્થિક ક્ષેત્રે હરિફાઈને પ્રોત્સાહન મળે છે. ઉત્પાદનનાં સાધનોના શોષણની શક્યતા ઘટે છે. જો તેને સીમાંત ઉત્પાદકતા પ્રમાણે વળતર ન મળે તો તેઓ અન્ય વ્યવસાય કે દેશોમાં સ્થળાંતર કરી શકે છે.

➢ ચીજવસ્તુ અને સેવાની ગુણવત્તામાં સુધારો :

આંતરરાષ્ટ્રીય વ્યાપાર હરિફાઈને પ્રોત્સાહન આપે છે તેથી ઉત્પાદકોને પોતાની ચીજવસ્તુઓ કે સેવાઓની ગુણવત્તામાં સુધારો કરવાની અનિવાર્યતા ઉદ્ભવે છે. જે ગુણવત્તા નીચી હોય તો વિદેશોમા માંગ ઘટે છે કે બંધ થઈ જાય છે તેવી જ પોતાની ઘરગથ્થુ માંગ પણ ઓછી થઈ જાય છે. વસ્તુ કે સેવાની વધેલી કે ઊંચી ગુણવત્તા ગ્રાહકોના કલ્યાણમાં વધારો કરે છે.

➢ દેશની આર્થિક વૃદ્ધિ થાય છે :

આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં જોડાવવાથી દરેક પેઢી, ઉદ્યોગ કે દેશ તેનું ઉત્પાદન ખર્ચ ઘટાડવાનો પ્રયાસ કરે છે. પરિણામે તેનો નફો વધે છે. તેમજ તેનું પુનઃ મૂડીરોકાણ કરી શકાય છે.

➢ ટેકનોલોજીની પ્રગતિ થાય છે :

આંતરરાષ્ટ્રીય વ્યાપાર એ આંતરરાષ્ટ્રીય સ્તરે હરિફાઈનું સર્જન કરે છે તેથી તેનું જ્ઞાન, વિજ્ઞાન, સંશોધન, ટેકનોલોજી વગેરે ક્ષિતિજો વિસ્તરવા લાગે છે. તેથી ટેકનોલોજીને બળ મળે છે. જેના યોગ્ય ઉપયોગથી ગ્રાહકોને તેનો ફાયદો થાય છે. કોઈ એક દેશમાં નવી વસ્તુઓની શોધ થાય ત્યારે આંતરરાષ્ટ્રીય વ્યાપારના માધ્યમથી અન્ય દેશોમાં પ્રસરે છે. તેમજ આર્થિક વિકાસની પ્રક્રિયા ઝડપી બને છે.

વ્યાપારવાદીઓ એમ માનતા હતા કે માત્ર સોનાની આયાત-નિકાસ કરવાથી બંને દેશોને લાભ થાય છે. પરંતુ નિરપેક્ષ લાભનો સિદ્ધાંત જણાવે છે કે ચીજવસ્તુઓ અને સેવાઓની બાબતમાં પણ આંતરરાષ્ટ્રીય લાભો પ્રાપ્ય બને છે. સામાન્ય રીતે જ્યારે આંતરિક વેપાર કે આંતરરાષ્ટ્રીય વેપાર થાય છે ત્યારે ઘણા પ્રશ્નો ઊભા થાય છે, જેમકે, ક્યો દેશ કઈ વસ્તુની નિકાસ કરશે અને કઈ વસ્તુની આયાત કરશે, આયાત અને નિકાસ ક્યા દેશમાંથી થશે, કોને લાભ થશે ? આ બધા પ્રશ્નોના ઉત્તર પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી પ્રો. એડમ સ્મિથે પોતાના પુસ્તક 'રાષ્ટ્રની સંપત્તિ'માં આપ્યા છે.

12.2 આંતરિક વ્યાપાર અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચેનો તફાવત :

સામાન્ય રીતે વિશ્વના બે દેશો વચ્ચે ચીજવસ્તુઓ કે સેવાઓની આયાત-નિકાસ થાય તેને આપણે આંતરરાષ્ટ્રીય વ્યાપાર કહીએ છીએ, જ્યારે એક જ દેશમાં બે રાજ્યો વચ્ચે જે વ્યાપાર થાય તેને, એક જ રાજ્યના બે જિલ્લાઓ વચ્ચે વ્યાપાર થાય તેને, એક જ જિલ્લાના બે તાલુકાઓ વચ્ચે વ્યાપાર થાય તેને તથા એક જ તાલુકાનાં બે ગામડાંઓ વચ્ચે જે ચીજવસ્તુઓ કે સેવાઓની લેવડ-દેવડ થાય તેને આંતરિક વ્યાપાર કહેવાય છે. ટૂંકમાં, કોઈ પણ દેશની આંતરરાષ્ટ્રીય હદની અંદર જે વ્યાપાર થાય તેને આંતરિક વ્યાપાર કહેવાય છે. મિત્રો અહીં આપ સમજી શકશો કે ભારત જેવા વિકાસમાન દેશમાં આંતરિક વેપારનું કદ એ આંતરરાષ્ટ્રીય વેપારના કદ કરતાં મોટું હોય છે. આંતરિક વ્યાપારમાં વ્યાપાર નિયંત્રણો અને તેના ચૂકવણા તરીકેના ચલણમાં ભિન્નતા જોવા મળતી નથી. જ્યારે આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં વ્યાપાર નિયંત્રણો તથા તેના ચૂકવણાના ચલણમાં ભિન્નતા જોવા મળે છે. આ ઉપરાંત તોલમાપના ધોરણો, સાધનો,

નિયમો, તેમાં વપરાતું ધાતુ વગેરેનો જથ્થો એ આંતરરાષ્ટ્રીય વ્યાપાર તથા આંતરિક વ્યાપારને જુદા પાડે છે. સાધનોની ગતિશીલતા, કાચામાલની ઉપલબ્ધતા, માલસામાનની હેરફેર વગેરેમાં ઘણો જ તફાવત જોવા મળે છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ રજુ કરેલા ખર્ચલાભના સિદ્ધાંતોમાં નિરપેક્ષ ખર્ચલાભનો સિદ્ધાંત, તુલનાત્મક ખર્ચલાભનો સિદ્ધાંત, પારપરિક માંગનો સિદ્ધાંત, પ્રો. હેકસર-ઓહલીનનો શ્રમપ્રચૂરતા અને મૂડી પ્રચૂરતાનો સિદ્ધાંત, પ્રો.લીયોન્તિફનો વિરોધાભાસ, પ્રો. ડોનાલ્ડ કેસીંગનો સિદ્ધાંત, પ્રો. ગૃબર, પ્રો.મહેતા અને પ્રો. વર્નોનનો સિદ્ધાંત વગેરે જુદા જુદા સિદ્ધાંતો જોવા મળે છે. તેમાંથી ચાલો આપણે નિરપેક્ષ ખર્ચલાભના સિદ્ધાંતની વિગતવાર ચર્ચા કરીએ.

12.3 નિરપેક્ષ લાભના સિદ્ધાંતનો ઈતિહાસ :

18મી સદીમાં યુરોપ અને પશ્ચિમનાં રાષ્ટ્રોમાં ઝડપી વિકાસ કરવાની એક હોડ હતી. તે સમયે વ્યાપારવાદીઓનો વ્યાપાર કરવાનો વિચાર સરળ હતો, જેમકે, કોઈ દેશ બીજા દેશમાં ચીજવસ્તુઓ કે સેવાની નિકાસ કરીને સોનાની આયાત કરતો હતો. આમ થવાથી બંને દેશોને વ્યાપારિક લાભ થવાનો અંદાજ હતો. પરંતુ, સોનાનો જથ્થો મર્યાદિત હોવાથી બજાર મર્યાદિત બની જતું હતું. આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રો. એડમ સ્મિથે એવું સમજાવ્યું કે જો બન્ને દેશો ચીજવસ્તુના બદલામાં ચીજવસ્તુની નિકાસ કરે તો પણ બંને દેશોને આંતરરાષ્ટ્રીય વ્યાપારથી લાભ થશે. આ બાબતને સાબિત કરવા માટે પ્રો. એડમ સ્મિથે નિરપેક્ષ ખર્ચલાભના સિદ્ધાંતની રચના કરી હતી. જેની સમજૂતી મેળવતા પહેલા આપણે આંતરિક વ્યાપાર અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર વચ્ચેનો તફાવત જોઈ લઈએ.

❖ નિરપેક્ષ ખર્ચલાભના સિદ્ધાંતની રજૂઆત :

"કોઈ એક દેશ એક વસ્તુના ઉત્પાદનમાં અને બીજો દેશ બીજીવસ્તુના ઉત્પાદનમાં નિરપેક્ષ ખર્ચલાભ ધરાવતો હશે તો આંતરરાષ્ટ્રીય વ્યાપારથી લાભ પ્રાપ્ત થશે."

- પ્રો. એડમ સ્મિથ

આધુનિક અર્થશાસ્ત્રના પિતા ગણાતા પ્રો. એડમ સ્મિથે કલ્યાણલક્ષી બાબતોને ધ્યાને રાખીને આંતરરાષ્ટ્રીય વ્યાપારના નિરપેક્ષ ખર્ચલાભનો સિદ્ધાંત આપ્યો હતો. આ ઉપરાંત પ્રો. ડેવિડ રિકાર્ડો તથા પ્રો. જે.એસ.મિલ જેવા અર્થશાસ્ત્રીઓએ માનવ જરૂરિયાતોને સંતોષવાના સંદર્ભમાં જરૂરી ગણાતી ચીજવસ્તુઓ કે સેવાઓના કુલ ઉત્પાદન કે પ્રાપ્તિ તરફ મુખ્ય ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આથી જ આંતરરાષ્ટ્રીય વ્યાપારની સમજૂતીમાં પણ કલ્યાણનું પાસું કેન્દ્રસ્થાને રહેલું છે. તેથી આ સિદ્ધાંતને વધારે સમજવા માટે પ્રો.એડમ સ્મિથે નીચેની ધારણાઓ કરેલી છે.

❖ નિરપેક્ષ ખર્ચલાભના સિદ્ધાંતની ધારણાઓ :

➢ બે જ દેશો બે વસ્તુઓનું ઉત્પાદન કરે છે :

સામાન્ય રીતે સિદ્ધાંતની સરળ રજૂઆત કરવા માટે તથા વિશ્લેષણ અટપટું ન બને તે માટે ધારી લેવામાં આવ્યું છે કે બે જ દેશો અસ્તિત્વ ધરાવે છે તથા તેમની વચ્ચે બે જ વસ્તુનું આદાન-પ્રદાન કે આયાત-નિકાસ થાય છે. જેથી વિશ્લેષણનો મોટો ભાગ સરળતાથી સમજવા માટે આ ધારણા કરવામાં આવી છે.

➢ બે જ વસ્તુનું ઉત્પાદન, વેચાણ, વિનિમય અને વપરાશ થાય છે :

આ ધારણા સમજૂતી આપે છે. બે જ દેશો વચ્ચે બે જ વસ્તુનું ઉત્પાદન થાય છે, તેનું વેચાણ તથા

વિનિમય થાય છે તેમજ વપરાશ થાય છે. જેથી આ સિદ્ધાંત સરળતાથી સમજાવી શકાય છે.

➢ ઉત્પાદન ખર્ચની ગણતરી માનવશ્રમના સંદર્ભમાં કરવામાં આવે છે :

નિરપેક્ષ ખર્ચના ખ્યાલને યોગ્ય રીતે સમજાવવા માટે કોઈ સ્થિર એકમમાં બે દેશો કે વસ્તુઓના ખર્ચની ગણતરી કરવામાં આવે છે. જેમકે, એક વસ્તુના એક એકમના ઉત્પાદનમાં એક માનવશ્રમ એ બે એકમના ઉત્પાદનમાં બે માનવશ્રમ થાય તો તુલનાત્મક રીતે ઉત્પાદન ખર્ચ બમણો થશે અને તેની કિંમત પણ બમણી થશે. તેનું તુલનાત્મક મૂલ્ય નક્કી થશે.

➢ ઉત્પાદન ખર્ચની સરખામણી થઈ શકે તેવા એકમની ગણતરી કરવી શક્ય છે :

પ્રસ્તુત સિદ્ધાંતને સમજાવવા માટે બે દેશોમાં બે જુદી જુદી વસ્તુઓનું ઉત્પાદન ખર્ચ ગણતરી કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે ભારત કાપડના ઉત્પાદનમાં અને મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં ઓછો ખર્ચ કરે છે. તેથી ભારત રબ્બરનું ઉત્પાદન બંધ કરીને માત્ર કાપડનું જ ઉત્પાદન કરશે તથા મલેશિયા કાપડનું ઉત્પાદન બંધ કરીને રબ્બરનું ઉત્પાદન કરશે, તેથી ભારત કાપડની નિકાસ અને મલેશિયા રબ્બરની નિકાસ કરશે. પરંતુ, ચલણમાં તફાવત હોવાથી આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં તુલનાત્મક ખર્ચની ગણતરી થશે આથી માનવશ્રમની ગણતરી કરવામાં આવે છે. સમાનગુણી એકમની સરખામણી કરવામાં આવે છે. કારણ કે ઉત્પાદન ખર્ચની ગણતરી માનવશ્રમના સંદર્ભમાં કરવામાં આવે છે.

➢ શ્રમનું દેશમાં સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ અને બે દેશો વચ્ચે સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ છે :

ભારતમાં કાપડના ઉત્પાદનમાં રહેલા શ્રમ અને રબ્બરના ઉત્પાદનમાં રહેલા શ્રમના સંદર્ભમાં રબ્બરમાં રોકાયેલા શ્રમિકોને વધુ વેતન મળશે. તેથી આવા પ્રકારની માંગ વધશે, કારણ કે એક જ દેશમાં માંગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ છે. પરંતુ, ભારત અને મલેશિયાના શ્રમિકો એકબીજા દેશમાં સ્થળાંતર કરી શકશે નહીં તેથી માંગની મૂલ્યસાપેક્ષતા સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ છે.

➢ બંને દેશમાં બંને વસ્તુઓની ઉત્પાદન પ્રક્રિયામાં સ્થિરશ્રમની પરિસ્થિતિ છે :

ઉત્પાનના એક સ્થિર સાધન પર જેમ જેમ અસ્થિર સાધન વધારતા જઈએ તેમ તેમ પ્રારંભમાં ઉત્પાદન વધતા દરે, ત્યારબાદ સ્થિર દરે અને ત્યારબાદ ઘટતા દરે ઉત્પાદન વધે છે.

➢ વાહનવ્યવહારનો ખર્ચ શૂન્ય છે :

વાસ્તવિક પરિસ્થિતિમાં વાહનવ્યવહારના ખર્ચને પરિણામે ચીજવસ્તુની કિંમતમાં તફાવત જોવા મળે છે. ઉત્પાદનખર્ચમાં રહેલો તફાવત કુદરતી પરિબળોના ઉત્પાદન ખર્ચ સિવાયનો કોઈ ખર્ચ નથી, તેવું ધારી લેવામાં આવ્યું છે.

➢ મુક્ત વ્યાપાર અસ્તિત્વમાં છે :

આ સિદ્ધાંતને સમજાવવા માટે બે દેશો વચ્ચે મુક્ત વ્યાપાર અસ્તિત્વમાં છે, તેવું ધારી લેવામાં આવ્યું છે કારણ કે ઉત્પાદન ખર્ચ લાભ માટે અન્ય કોઈ પરિબળ જવાબદાર નથી. આયાત, જકાત, કરવેરા લાઈસન્સ પ્રથા વગેરે થાય છે. પરંતુ અહીં આવો ખર્ચ થતો નથી, તેવું માનવામાં આવે છે.

➢ અર્થતંત્રમાં વ્યાપારચક્રો ઉદ્‌ભવતાં નથી :

નિરપેક્ષ ખર્ચ સમજવા માટે આ ધારણા સમજવી ખૂબ જ જરૂરી છે. કેમ કે તેજીમાં ઉત્પાદન, રોજગારી અને ભાવસપાટી વધે છે અને તે જ સમયે અન્ય દેશમાં મંદી હોય તો આથી વિરુદ્ધ પરિસ્થિતિ હોય છે. જેથી આવી પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય વ્યાપાર થતો નથી. તેથી આવી ધારણા કરવામાં આવી છે.

➢ બંને દેશો એક-એક વસ્તુના ઉત્પાદનમાં તુલનાત્મક રીતે નીચો ખર્ચ ધરાવે છે :

આ ધારણા સમજાવે છે કે ભારત રબ્બરના ઉત્પાદનમાં કાપડ કરતાં વધારે ખર્ચ કરે છે તેવી જ રીતે મલેશિયા કાપડના ઉત્પાદનમાં રબ્બર કરતાં વધારે ખર્ચ કરે છે. આથી આ બંને દેશો જે વસ્તુમાં ઓછો ખર્ચ આવતો હશે તે જ વસ્તુનું ઉત્પાદન કરીને તેની નિકાસ કરીને બીજી વસ્તુની આયાત કરશે. આમ, આંતરરાષ્ટ્રીય વેપાર અસ્તિત્વમાં આવશે.

➢ અર્થતંત્રમાં પૂર્ણ હરિફાઈની સ્થિતિ છે :

અહીં એવી ધારણા કરવામાં આવી છે કે અર્થતંત્રમાં પૂર્ણ હરિફાઈની સ્થિતિ પ્રવર્તમાન છે એટલે કે ઉત્પાદનનાં સાધનોને તેની સીમાંત ઉત્પાદકતા જેટલું વળતર મળે છે તેથી સરેરાશ ખર્ચ પૂર્ણ મહત્તમ થશે અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર થશે.

➢ પુરવઠો અને કાર્યક્ષમતા અસ્તિત્વમાં છે :

આ સિદ્ધાંતમાં ધારણા કરવામાં આવી છે કે ભારત અને મલેશિયાના શ્રમિકો સરખી કાર્યક્ષમતા ધરાવે છે તેમ છતાં કુદરતી સંસાધનોના તફાવતને કોઈ એક દેશ કોઈ એક વસ્તુના વધારે કાર્યક્ષમતા ધરાવે છે અને પરિણામે વ્યાપાર થાય છે.

❖ સિદ્ધાંતની સમજૂતી (ઉદાહરણ સહિત) :

આ સિદ્ધાંતની રજૂઆત પહેલાની સ્થિતિમાં કેટલાક વ્યાપારવાદીઓ એવી ગૂઢ માન્યતાઓ ધરાવતા હતા કે આપણા દેશમાંથી ચીજવસ્તુની નિકાસ થવી જોઈએ અને સામેના દેશમાંથી સોનાની આયાત થવી જોઈએ. પરંતુ સોનાનો જથ્થો મર્યાદિત હોવાથી આ બાબત ખોટી પૂરવાર થઈ તેથી કેટલીક મર્યાદાને કારણે પ્રો. એડમ સ્મિથે નિરપેક્ષ ખર્ચલાભના સિદ્ધાંતની રજૂઆત કરી. પ્રો.એડમ સ્મિથે જણાવ્યું કે સોનાની આયાત-નિકાસ કરવાથી જે વ્યાપાર થાય છે તે મર્યાદિત વ્યાપાર થાય છે પરંતુ, આંતરરાષ્ટ્રીય વ્યાપાર વસ્તુ-વસ્તુ વચ્ચે થઈ શકે છે. આ બાબતને નીચે પ્રમાણે દર્શાવી શકાય.

ધારો કે વિશ્વમાં બે જ દેશ ભારત કે મલેશિયા બે જ વસ્તુઓ કાપડ કે રબ્બરનું ઉત્પાદન કરે છે. જેમાં ભારત કાપડના ઉત્પાદનમાં વધુ કાર્યક્ષમતા ધરાવે છે જ્યારે મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં વધુ કાર્યક્ષમતા ધરાવે છે. એટલે કે જો ભારતમાં બધા જ શ્રમિકો કાપડના ઉત્પાદનમાં રોકવામાં આવે તો કાપડના 100 એકમ ઉત્પન્ન થાય છે અને રબ્બરના ઉત્પાદનમાં રોકવામાં આવે તો રબ્બરના 50 એકમનું ઉત્પાદન થાય છે.

તેવી જ રીતે મલેશિયા પોતાના બધા જ શ્રમિકો રબ્બરના ઉત્પાદનમાં રોકે તો રબ્બરના 100 એકમોનું ઉત્પાદન કરે છે અને કાપડના 50 એકમનું ઉત્પાદન કરે છે. તેથી કહી શકાય કે ભારતને એક એકમ રબ્બરનું ઉત્પાદન કરવા માટે કાપડના બે એકમો જતા કરવા પડે છે જ્યારે

મલેશિયાને કાપડનું ઉત્પાદન કરવા માટે રબ્બરના બે એકમો જતા કરવા પડે છે. જે નીચેની આકૃતિ દ્વારા વિગતવાર સમજાવી શકાય.





આગળની આકૃતિમાં અભ્યાસ કરતા જણાય છે કે બંને આકૃતિમાં આડી ધરી પર રબ્બરના એકમો અને ઊભી ધરી પર કાપડના એકમો દર્શાવેલા છે. બંને આકૃતિમાં PP રેખા અને SS રેખા ઉત્પાદન શક્યતા રેખા છે. આકૃતિ A ભારતની કાર્યક્ષમતા દર્શાવે છે, જેમાં ભારતનું કુલ ઉત્પાદન 150 એકમ થાય છે, પરંતુ ભારત રબ્બર કરતાં કાપડના ઉત્પાદનમાં વધુ કાર્યક્ષમતા ધરાવે છે એટલે કે બધા શ્રમિકો કાપડના ઉત્પાદનમાં રોકે તો કાપડના 100 એકમો અને રબ્બરના 50 એકમોનું ઉત્પાદન થાય છે.

આકૃતિ B નો અભ્યાસ કરતા જણાય છે કે મલેશિયા પોતાના બધા જ શ્રમિકો રબ્બરના ઉત્પાદનમાં રોકે તો રબ્બરના 100 એકમો અને કાપડના 50 એકમોનું ઉત્પાદન કરે છે. આથી એમ કહી શકાય કે ભારત અને મલેશિયા એક-એક વસ્તુની બાબતમાં કાર્યક્ષમતા ધરાવે છે. જો બંને દેશો વચ્ચે વ્યાપાર થાય તો લાભ થાય છે, જે નીચે પ્રમાણે દર્શાવી શકાય.

❖ આંતરરાષ્ટ્રીય વ્યાપાર પહેલા બંને દેશોમાં ઉત્પાદન અને વ્યાપારની પરિસ્થિતિ :

દેશ	કાપડ	રબ્બર	કુલ
ભારત	50	25	75
મલેશિયા	25	50	75
કુલ	75	75	150

ઉપરોક્ત કોષ્ટકમાં ભારત અને મલેશિયાની આંતરરાષ્ટ્રીય વ્યાપાર પહેલાની સ્થિતિ દર્શાવેલ છે જેમાં બંને દેશો બંને વસ્તુઓનું ઉત્પાદન કરે છે, જે 75 એકમ થાય છે. બંને દેશો કોઈ એક વસ્તુના ઉત્પાદનમાં કાર્યક્ષમતા ધરાવતા હોવા છતાં પણ પોતાના બધા જ શ્રમિકો બંને વસ્તુના ઉત્પાદનમાં રોકે છે. અહીં કોષ્ટકમાં જોઈ શકાય છે કે ભારત અને મલેશિયાનું બંને વસ્તુનું ઉત્પાદન 75 એકમનું બંને દેશો પોતાની કાર્યક્ષમતામાં શ્રમિકોનું રોકાણ કરે તો ભારત કાપડના 100 એકમો તથા મલેશિયા રબ્બરના 100 એકમોનું ઉત્પાદન કરીને 25 એકમ વધારે મેળવી શકે છે. આ પરિસ્થિતિ પછી બંને દેશો એકબીજાને કહે છે કે જો ભારત કાપડના ઉત્પાદનમાં અને મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ કરે તો ઉત્પાદનમાં પ્રત્યેક દેશને 25 એકમનો ફાયદો થશે, જે આ પ્રમાણે દર્શાવી શકાય.

❖ આંતરરાષ્ટ્રીય વ્યાપાર પછી બંને દેશોમાં ઉત્પાદન અને વ્યાપારની સ્થિતિ :

ભારત અને મલેશિયા બંને દેશો અનુક્રમે કાપડ અને રબ્બરના ઉત્પાદનમાં શ્રમવિભાજન

અને વિશિષ્ટકરણ કરે છે. એટલે કે ભારત પોતાના બધા જ સાધનો કાપડના ઉત્પાદન પાછળ રોકે છે જ્યારે મલેશિયા પોતાના બધા જ સાધનો રબ્બરના ઉત્પાદનમાં રોકે છે તેથી ભારત કાપડના ઉત્પાદનમાં વધારો કરીને કાપડની નિકાસ મલેશિયામાં કરશે. તેમજ મલેશિયા રબ્બરનું ઉત્પાદન કરીને તે રબ્બરની નિકાસ ભારતમાં કરશે જે નીચેના કોષ્ટકમાં આ પ્રમાણે દર્શાવી શકાય.

❖ વિશિષ્ટીકરણ પછી ઉત્પાદન અને વ્યાપારની સ્થિતિ :

દેશ	કાપડ	રબ્બર	કુલ
ભારત	100	શૂન્ય	100
મલેશિયા	શૂન્ય	100	100
કુલ	100	100	200

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે બંને દેશોમાં વિશિષ્ટીકરણની પછીની સ્થિતિ જોતા ઓછા ખર્ચે જે તે વસ્તુનું વધુ ઉત્પાદન કરી શકે છે. જેમાં ભારત કાપડના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ કરીને કાપડના 100 એકમોનું અને મલેશિયા રબ્બરના 100 એકમોનું ઉત્પાદન કરે છે. તેમજ તેની નિકાસ કરે છે. જેમાં ભારત મલેશિયામાં કાપડની નિકાસ કરીને રબ્બરની આયાત કરશે તેવી જ રીતે મલેશિયા રબ્બરની નિકાસ ભારતમાં કરીને ભારત પાસેથી કાપડની આયાત કરશે. આમ, આ બંને દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય વ્યાપારનો પાયો નંખાશે. જેનાથી બંને દેશોને 25-25 એકમોનો ફાયદો થશે તેમજ વિશ્વના કુલ ઉત્પાદનમાં 50 એકમોનો વધારો થશે.

હવે પછીની પરિસ્થિતિમાં ભારત અને મલેશિયા વ્યાપારથી જોડાવવાનું નક્કી કરે છે તેમજ બંને દેશો આંતરરાષ્ટીય વ્યાપાર અંગેની કિંમતનીતિ નક્કી કરે છે. તે માટે બંને દેશોના નિકાસકારો તથા આયાતકારો એક એકમ કાપડ = એક એકમ રબ્બરની કિંમત નક્કી કરીને વ્યાપારની શરૂઆત કરશે. જેના ત્રણ પ્રકારની પરિસ્થિતિને સમજી શકાય, જે આ પ્રમાણે છે.

(1) જો એક એકમ કાપડ બરાબર એક એકમ રબ્બર નક્કી થાય તો બંને દેશોને લાભ થશે.

(2) જો એક એકમ કાપડ બરાબર બે એકમ રબ્બર નક્કી થશે તો ભારતને લાભ થશે.

(3) જો એક એકમ રબ્બર બરાબર બે એકમ કાપડ નક્કી થશે તો મલેશિયાને લાભ થશે.

❖ વપરાશ વિનિમયની સ્થિતિ (1 કાપડ = 1 રબ્બર) :

દેશ	કાપડ	રબ્બર	કુલ ઉત્પાદન
ભારત	60	40	100
મલેશિયા	40	60	100
કુલ	100	100	200

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે બંને દેશો 100-100 એકમનું ઉત્પાદન કરીને તેના 40 એકમોની નિકાસ કરી અન્ય વસ્તુના 40 એકમોની આયાત કરે છે. જ્યારે 60

એકમ સ્વવપરાશ માટે રાખશે. આ રીતે એક એકમ કાપડ બરાબર એક એકમ રબ્બરનો વિનિમય દર નક્કી થશે. આમ થવાથી કુલ ઉત્પાદન 200 એકમનું થશે તેમજ આંતરરાષ્ટ્રીય લાભની સમાન વહેંચણી થશે.

❖ વપરાશ વિનિમયની સ્થિતિ (1 કાપડ = 2 રબ્બર) :

➢ હવે પછીની સ્થિતિમાં આપણે વપરાશ વિનિમયની 1 એકમ કાપડ = 2 એકમ રબ્બર જોઈએ :

દેશ	કાપડ	રબ્બર	કુલ
ભારત	60	80	140
મલેશિયા	40	20	60
કુલ	100	100	200

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે ભારત 100 એકમ કાપડના ઉત્પાદનમાંથી 60 એકમ કાપડ સ્વવપરાશ માટે અને 40 એકમ કાપડની નિકાસ કરશે અને તેના બદલામાં 80 એકમ રબ્બરની આયાત કરશે, કારણ કે વ્યાપાર વિનિમયની શરત 1 કાપડ = 2 રબ્બર છે. જ્યારે મલેશિયા પોતાના 100 એકમ રબ્બરના ઉત્પાદનમાંથી 20 એકમ રબ્બર સ્વપરાશ માટે રાખે છે તથા 80 એકમ રબ્બરની નિકાસ ભારતમાં કરીને 40 એકમ કાપડની આયાત કરે છે.

❖ વપરાશ વિનિમયની સ્થિતિ (2 કાપડ = 1 રબ્બર) :

દેશ	કાપડ	રબ્બર	કુલ
ભારત	60	20	80
મલેશિયા	40	80	120
કુલ	100	100	200

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે જો ભારત 100 એકમ ઉત્પાદનમાંથી 60 એકમ કાપડ સ્વવપરાશ માટે રાખશે અને 40 એકમ કાપડની મલેશિયામાં નિકાસ કરશે અને 20 એકમ રબ્બરની આયાત કરશે જ્યારે બીજી બાજુ મલેશિયા 100 એકમ રબ્બરમાંથી 80 એકમ રબ્બર સ્વવપરાશ માટે રાખશે અને 20 એકમ રબ્બરની ભારતમાં નિકાસ કરીને 40 એકમ કાપડના એકમો મેળવશે. કારણ કે અહીં વસ્તુ વિનિમય દર 2 એકમ કાપડ = 1 એકમ રબ્બર છે. જેનો વ્યાપારિક લાભ મલેશિયાને મળશે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને ક્યા દેશને કેટલો આર્થિક લાભ થશે તે માટે નીચેનાં તારણો નક્કી થાય છે.

(1) જો પ્રથમ કક્ષાએ વિનિમયનીતિ કે કિંમતનીતિ 1 કાપડ = 2 રબ્બર હોય તો ભારત અને મલેશિયા બંને દેશોને લાભ થશે.

(2) જો દ્વિતિય કક્ષાએ વિનિમયનીતિ કે કિંમતનીતિ 1 કાપડ = 2 રબ્બર હોય તો ભારતને વધારે વ્યાપારિક લાભ થશે.

(3) જો તૃતિય કક્ષાએ વિનિમયનીતિ કે કિંમતનીતિ 1 રબ્બર = 1 કાપડ હોય તો મલેશિયાને વધારે વ્યાપારિક લાભ થશે.

❖ સિદ્ધાંતની મર્યાદાઓ :

પ્રો. એડમ સ્મિથ દ્વારા રજૂ થયેલ સિદ્ધાંતમાં કેટલીક મર્યાદાઓ છે, જે આ પ્રમાણે છેઃ

➢ કેટલાક અર્થશાસ્ત્રીઓના મતે આ સિદ્ધાંત ખુબ જ મર્યાદિત છે કારણ કે વિશ્વમાં માત્ર બે જ દેશ હોય કે બે જ વસ્તુઓ હોય તે શક્ય નથી. આ સિદ્ધાંત મર્યાદિત પરિસ્થિતિની સમજૂતી આપે છે તેથી અહીં બે જ દેશો હોય કે બે જ વસ્તુઓ હોય તે ધારણા ખોટી પડે છે. વાસ્તવિક પરિસ્થિતિમાં અનેક દેશો વચ્ચે ઘણી બધી વસ્તુઓનો આંતરરાષ્ટ્રીય વ્યાપાર થાય છે. તેની સમજુતી આ સિદ્ધાંત આપી શકતો નથી, જે એક મર્યાદા છે.

➢ આ સિદ્ધાંતમાં એવું ધારી લેવામાં આવ્યું છે કે એક દેશ એક વસ્તુના ઉત્પાદનમાં અને બીજો દેશ બીજી વસ્તુના ઉત્પાદનમાં કાર્યક્ષમતા ધરાવે છે. પરંતુ, વાસ્તવમાં તેવું હોતું નથી. ક્યારેક એવું પણ હોય કે એક જ દેશ બંને વસ્તુના ઉત્પાદનમાં બીજા દેશ કરતાં વધુ કાર્યક્ષમતા ધરાવતો હોય છે અને ઉત્પાદન હાથ ધરે છે, તે વસ્તુની નિકાસ કરે છે. બીજી બાજુ અન્ય દેશ બંને વસ્તુના ઉત્પાદનમાં ઓછી કાર્યક્ષમતા ધરાવતો હોવા છતાં આંતરરાષ્ટ્રીય વ્યાપારથી જોડાય છે.

➢ આ સિદ્ધાંતમાં એવુ ધારવામાં આવ્યું છે કે ઉત્પાદન મૂલ્યની ગણતરી શ્રમના મૂલ્યમાં કરવામાં આવે છે, પરંતુ તે શક્ય નથી. વિશ્વના દરેક દેશમાં શ્રમનું મૂલ્ય સરખુ હોય તે જરૂરી નથી આથી આ ધારણા મર્યાદા બની જાય છે.

➢ આ સિદ્ધાંતમાં એવું ધારવામાં આવ્યું છે કે દરેક દેશમાં દરેક જગ્યાએ શ્રમ સમાનગુણી હોય છે, પરંતુ, વાસ્તવમાં જુદા જુદા દેશોમાં શ્રમિકો જુદા જુદા હોય છે, તે શ્રમિકોની કાર્યક્ષમતા નક્કી કરે છે. તેથી ઉત્પાદન અને નિકાસમાં ભિન્નતા ઊભી થાય છે. જે આ સિદ્ધાંતની મર્યાદા છે.

➢ આ સિદ્ધાંતમાં એવું માનવામાં આવ્યું છે કે શ્રમનો પુરવઠો એક જ દેશમાં સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ છે. જ્યારે બંને દેશો વચ્ચે સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ છે. આ ધારણા સાચી નથી. કારણ કે સ્થળાંતર માત્ર વેતનને કારણે થતું નથી ઘણીવાર વ્યવસાયને કારણે પણ થતું હોય છે.

➢ આ સિદ્ધાંતમાં એવું ધારવામાં આવ્યું છે કે ઉત્પાદનની પ્રક્રિયા સ્થિર વળતરની પરિસ્થિતિ ધરાવે છે. કેમ કે જેટલાં સાધનો વધે તેટલું ઉત્પાદન વધે પરંતુ, વાસ્તવમાં આવું થતું નથી અથવા ભાગ્યે જ જોવા મળે છે. વાસ્તવિક પરિસ્થિતિમાં પ્રારંભમાં વધતા મળતરની સ્થિતિ, સ્થિર મળતરની સ્થિતિ અને ઘટતા મળતરની સ્થિતિ હોય છે, જે ધ્યાને લેવાયુ નથી.

➢ આ સિદ્ધાંતમાં ધારણા કરવામાં આવી છે કે બે દેશો વચ્ચેના વ્યાપારમાં વાહનવ્યવહાર ખર્ચ શૂન્ય છે, પરંતુ વાસ્તવમાં આ ધારણા અવાસ્તવિક છે, આવું હોતુ નથી.

➢ આ સિદ્ધાંતમાં મુક્ત વ્યાપારની ધારણા પણ અવાસ્તવિક છે. વિશ્વનો કોઈપણ દેશ પોતાની નિકાસો તથા આયાતો પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વત્તા-ઓછા અંશે વ્યાપારિક નિયંત્રણો ધરાવે જ છે, જેનો અહીં કોઈ ઉલ્લેખ કરેલ નથી. જે આ સિદ્ધાંતની મર્યાદા છે.

➢ આ સિદ્ધાંતમાં એવી ધારણા કરવામાં આવી છે કે દેશનું અર્થતંત્ર સ્થિર છે એટલે કે કોઈ વ્યાપારચક્ર ઉદ્ભવતું નથી. પરંતુ, વાસ્તવિક સ્થિતિ આવી હોતી નથી, જે આ સિદ્ધાંતની મર્યાદા છે.

➢ પ્રસ્તુત સિદ્ધાંતમાં માત્ર શ્રમને ઉત્પાદનનું સાધન ગણવામાં આવ્યું છે, પરંતુ, જમીન, મૂડી અને નિયોજક જેવાં સાધનોનું ઘણું જ મહત્ત્વ છે. આ સાધનોનું સંયોજન ઉત્પાદનને અસર કરતું હોય છે. જેની સરવાળે આયાત-નિકાસ પર અસરો પડતી હોય છે, જે આ સિદ્ધાંતની મર્યાદા છે.

❖ **સારાંશ :**

મિત્રો, આપણે જાણીએ છીએ કે વર્ષ 1776માં અર્થશાસ્ત્રના પિતા ગણાતા એવા પ્રો.એડમ સ્મિથે ''સંપત્તિનું શાસ્ત્ર'' પુસ્તક લખ્યુ હતું જેમાં વિશ્વના બે દેશો વચ્ચે કેવી રીતે આંતરરાષ્ટ્રીય વેપાર થાય છે તેની પ્રથમ સમજૂતી આપી હતી અને દેશ નિરપેક્ષ લાભ પ્રાપ્ત કરતો હોય તો આંતરરાષ્ટ્રીય વેપાર થાય છે. આપણે જાણીએ છીએ કે આ સિદ્ધાંતમાં ધારણારૂપી મર્યાદાઓ હોવા છતાં આ સિદ્ધાંત ચાવીરૂપ સિદ્ધાંત ગણાય છે. કારણ કે અહીંથી સિદ્ધાંત આપવાની શરૂઆત થઈ છે. અને વિશ્વના બે દેશો વચ્ચે કેવી રીતે વ્યાપાર થાય છે. તેની યોગ્ય સમજૂતી આપી છે જે આ સિદ્ધાંતનું મહત્ત્વ વધારે છે.

12.4 તુલનાત્મક ખર્ચ લાભનો સિદ્ધાંત :

વ્યાપારવાદીઓની વિચારસરણી અનુસાર વ્યાપાર અર્થે સોનાની આયાત થવી જોઈએ એટલે કે ચીજવસ્તુના બદલામાં સોનાની આયાત થવી જોઈએ. પરંતુ, સોનાનો જથ્થો મર્યાદિત હોવાથી કેટલાક અંશે મર્યાદાઓ સર્જાય છે. તેથી આ મર્યાદાને દૂર કરવા માટે પ્રો. એડમ સ્મિથે નિરપેક્ષ ખર્ચલાભનો સિદ્ધાંત આપ્યો છે જેની આપણે આગળ ચર્ચા પૂર્ણ કરી. પરંતુ, મિત્રો આપણે જાણીએ છીએ કે તેની ધારણાઓ રૂપી મર્યાદાઓ હોવાથી પ્રો. ડેવિડ રિકાર્ડોએ તુલનાત્મક ખર્ચલાભનો સિદ્ધાંત આપ્યો છે. પ્રો. ડેવિડ રિકાર્ડોના મતે નિરપેક્ષ ખર્ચલાભ ન હોય પરંતુ સાપેક્ષ કે તુલનાત્મક ખર્ચલાભથી બે દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય લાભો થાય છે. ઈ.સ. 1817માં પોતાના પુસ્તક 'Principles of Political Economies and Taxation'માં 'Trade Theory' પ્રકરણમાં આ સિદ્ધાંતને વિગતવાર સમજાવ્યો છે. પ્રો. ડેવિડ રિકાર્ડોના મતે બે દેશો વચ્ચે વ્યાપાર ત્યારે જ શક્ય બને કે જ્યારે બે દેશો વચ્ચે ઉત્પાદનમાં તુલનાત્મક ખર્ચ તફાવત સર્જાવે છે. જે દેશને ઉત્પાદનમાં તુલનાત્મક રીતે ઓછો ખર્ચ થતો હશે. તે દેશ તેનું ઉત્પાદન કરીને તેની નિકાસ કરશે અને જે વસ્તુનો તુલનાત્મક રીતે ખર્ચ વધુ હશે તેનું ઘર આંગણે ઉત્પાદન બંધ કરીને તેની આયાત કરીને તુલનાત્મક લાભ લેવાના પ્રયાસો કરશે.

''કોઈ એક દેશ અન્ય દેશોની સરખામણીમાં બન્ને વસ્તુના ઉત્પાદનમાં નીચી કાર્યક્ષમતા ધરાવતો હોય તો તે સ્થિતિમાં આંતરરાષ્ટ્રીય વેપારથી લાભ થશે.''

- પ્રો.ડેવિડ રિકાર્ડો

''ખર્ચની તફાવતની કક્ષા એ આંતરરાષ્ટ્રીય વ્યાપારનું નિર્ણાયક પરિબળ છે, બે દેશોનો બે વસ્તુના ઉત્પાદનમાં જે ખર્ચ થાય તેની તુલનાને તુલનાત્મક ખર્ચ કહેવાય છે.''

- પ્રો.ડેવિડ રિકાર્ડો

❖ સિદ્ધાંતની ધારણાઓ :

➢ વિશ્વમાં બે દેશો અને બે વસ્તુઓ છે :

આ સિદ્ધાંતમાં એવુ ધારવામાં આવ્યુ છે કે માત્ર બે જ દેશો વચ્ચે બે જ વસ્તુઓનો વ્યાપાર થાય છે. જેથી આ સિદ્ધાંતને સરળતાથી સમજાવી શકાય.

- ઉત્પાદનમાં સ્થિર મળતર લાગુ પડે છે :

આ સિદ્ધાંત ત્યારે જ સરળતાથી સમજાવી શકાય જ્યારે બંને વસ્તુઓના ઉત્પાદનમાં સ્થિર મળતર કે સ્થિર ખર્ચનો નિયમ અમલમાં હોય ત્યારે આ સિદ્ધાંત સમજાવી શકાય છે. એટલે કે વિકાસ ને કારણે વધતી પેદાશ કે ઘટતી પેદાશનો નિયમ કામ કરતો નથી.

- બંને દેશો બંને વસ્તુઓનું ઉત્પાદન કરે છે :

આ સિદ્ધાંતમાં એવુ જણાવવામાં આવે છે કે બંને દેશો એકબીજા પર આધારિત નથી એટલે કે વ્યાપાર વગર પણ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે. સ્વાવલંબી દેશો છે.

- એક દેશ બીજા દેશ કરતાં બંને વસ્તુના ઉત્પાદનમાં કાર્યક્ષમતા ધરાવે છે :

બે દેશોમાંથી કોઈ પણ એક દેશ બીજા દેશ કરતા બંને વસ્તુના ઉત્પાદનમાં કાર્યક્ષમતાપૂર્વક આગળ છે અને તે કાર્યક્ષમતાને ઉપયોગ કરીને ઉત્પાદન તથા નિકાસ કરે છે, તેવું ધારી લેવામાં આવે છે.

- ઉત્પાદન ખર્ચની ગણતરી તથા વસ્તુની કિંમત શ્રમ મૂલ્યના આધારે નક્કી થાય છે :

પ્રસ્તુત સિદ્ધાંતમાં વસ્તુની કિંમત તથા ઉત્પાદન ખર્ચની ગણતરી મૂલ્યના આધારે કરવામાં આવે છે તેવી ધારણા કરવામાં આવી છે. એક એકમનું ઉત્પાદન કરવા માટે જેટલા કલાક કામ થતું હોય તો તેટલા સમયનું મૂલ્ય ખર્ચ થાય છે એટલે કે ઉત્પાદન ખર્ચ નાણાંમાં વ્યક્ત થતું નથી, પરંતુ શ્રમના કામના કલાકોમાં વ્યક્ત કરવામાં આવે છે.

- અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ છે :

પ્રસ્તુત સિદ્ધાંતમાં માનવામાં આવે છે કે કોઈ પણ ઉત્પાદન સાધન બેકાર નથી. તેમને એક જગ્યાએથી ખસેડવામાં આવે તો બીજી જગ્યાએ કામ મળી રહે છે. વેતન સરખા હોવાથી અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી પ્રવર્તમાન છે.

- અર્થતંત્રમાં પૂર્ણ હરિફાઈની સ્થિતિ છે :

આ સિદ્ધાંતમાં એવુ ધારવામાં આવ્યું છે કે અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ પ્રવર્તમાન છે. એટલે કે અપૂર્ણ હરિફાઈની સ્થિતિ જોવા મળતી નથી કે તેની કોઈ લાક્ષણિકતા જોવા મળતી નથી.

- વસ્તુવિનિમય પ્રથા અસ્તિત્વમાં છે :

અર્થતંત્રમાં વસ્તુવિનિમય પ્રથા એટલે કે સાટા પદ્ધતિ જોવા મળે છે, જેમાં નાણાંની અવેજીમાં વસ્તુનો વ્યાપાર થાય છે એટલે કે વસ્તુ-વસ્તુ વચ્ચે વ્યાપાર દ્વારા વિનિમય થાય છે.

- વાહનવ્યવહાર ખર્ચનો અભાવ છે :

પ્રસ્તુત સિદ્ધાંતમાં એવું જણાવવામાં આવે છે કે વિદેશ વ્યાપારમાં વાહનવ્યવહાર ખર્ચને ગણતરીમાં લેવામાં આવતો નથી. એટલે કે વાહનવ્યવહાર ખર્ચ શૂન્ય છે તેથી તે ઉત્પાદન ખર્ચ કે તેની કિંમતને અસર કરતો નથી.

- શ્રમ એક દેશમાં સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ અને બે દેશો વચ્ચે સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ છે :

આ સિદ્ધાંતમાં એવું માનવામાં આવે છે કે બે દેશો વચ્ચે વ્યાપાર ત્યારે જ થઈ શકે જ્યારે એક દેશનો શ્રમિક બીજા દેશમાં ગતિ કરતો નથી. પરંતુ એક જ દેશની હદમાં ગમે તે સ્થળે જઈ શકે છે, જેથી એક જ દેશમાં ઉત્પાદન ખર્ચ સરખો અને જુદો જુદો દેશોમાં ઉત્પાદન

ખર્ચ જુદુ જુદુ આવે છે.

❖ ઉત્પાદનખર્ચમાં ત્રણ પ્રકારના તફાવત છે :

➢ સંપૂર્ણ કે નિરપેક્ષ ખર્ચ તફાવત :

પ્રો. એડમ સ્મિથ એવું માનતા હતા કે જ્યારે કોઈ એક દેશ દ્વારા એક વસ્તુનું અને બીજા દેશ દ્વારા બીજી વસ્તુનું સંપૂર્ણપણે ઓછા ખર્ચે ઉત્પાદન કરવામાં આવે ત્યારે તેના ઉત્પાદનખર્ચમાં નિરપેક્ષ તફાવત જોવા મળે છે. પરિણામે, બંને દેશો વચ્ચે વ્યાપાર ઉદ્ભવે છે. જે ઉદાહરણ દ્વારા આ પ્રમાણે જોઈ શકાય. જે પડતર વિનિમયદર છે.

➢ એક દિવસના શ્રમ વડે

દેશ	કાપડ	રબ્બર	વિનિમય દર
ભારત	30	15	1 : 0.5
મલેશિયા	15	30	1 : 2

ઉપરોક્ત કોષ્ટક દ્વારા સમજી શકાય છે કે બંને દેશો એક-એક વસ્તુના ઉત્પાદનમાં એકબીજા કરતાં બમણા ચડિયાતા છે. એટલે કે ભારત કાપડના ઉત્પાદનમાં અને મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં કાર્યક્ષમતા ધરાવે છે. જો બંને દેશો આનું ઉત્પાદન કરે તો બંને વસ્તુના 45-45 એકમોનું ઉત્પાદન કરીને કુલ 90 એકમોનું ઉત્પાદન કરે છે. પરંતુ, વ્યાપારથી જોડાઈને વસ્તુના એકમો ઓછા ખર્ચે ઉત્પાદન કરી શકે તો ભારત 60 એકમ કાપડ અને મલેશિયા 60 એકમ રબ્બરનું ઉત્પાદન કરે તો કુલ ઉત્પાદન 120 એકમ થશે અને વૈશ્વિક અર્થતંત્રમાં 30 એકમ ઉત્પાદન વધુ થશે, જે નીચેના કોષ્ટકમાં આ પ્રમાણે દર્શાવી શકાય.

➢ એક દિવસના શ્રમ વડે

દેશ	કાપડ	રબ્બર	વિનિમય દર
ભારત	60	-	1 : 0
મલેશિયા	-	60	0 : 1

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી જાણી શકાય છે કે વ્યાપારથી કુલ ઉત્પાદનમાં વધારો થવાથી સમૃદ્ધિની સ્થિતિ સુધરે છે. તેથી નિરપેક્ષ ખર્ચ લાભ લાભદાયી હોવા છતાં સામાન્ય વ્યવહારમાં આવું હોતું નથી.

➢ સમાન ખર્ચ તફાવત :

જ્યારે કોઈ એક દેશ બંને વસ્તુના ઉત્પાદનમાં બીજા દેશ કરતાં સમાનતા કે ચડિયાતાપણું ભોગવતો હોય ત્યારે ખર્ચમાં સરખો તફાવત ઉદ્ભવે છે, જે નીચેના ઉદાહરણ પરથી જોઈ શકાશે.

➢ એક દિવસના શ્રમ વડે

દેશ	કાપડ	રબ્બર	વિનિમય દર
ભારત	30	30	1 : 1
મલેશિયા	15	15	1 : 1

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે ભારત 1 એકમ કાપડના બદલામાં 1 એકમ રબ્બર હેઠળ લઈ શકે તેમ નથી. તેવી જ રીતે મલેશિયા 1 એકમ રબ્બરના બદલામાં 1 એકમ કાપડ મેળવી શકે તેમ નથી. આમ, બંને દેશોમાં વ્યાપાર પહેલા બંને વસ્તુઓનું મૂલ્ય એકસરખું હોવાથી વ્યાપાર અસ્તિત્વમાં આવશે નહીં, કારણ કે આ પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય વ્યાપાર લાભદાયી નથી.

➢ તુલનાત્મક ખર્ચ તફાવત :

પ્રો. ડેવિડ રિકાર્ડોએ જણાવ્યું છે કે ખર્ચમાં સંપૂર્ણ તફાવત ન હોય તેમ છતાં બે દેશો વચ્ચે વ્યાપાર ઉદ્ભવી શકે છે. અહીં શરત એ છે કે બંને વસ્તુના ઉત્પાદન ખર્ચમાં તુલનાત્મક તફાવત હોવો જોઈએ. કોઈ એક દેશની તુલનામાં બંને વસ્તુનો ઉત્પાદનખર્ચ ઓછો હોય તો બંને વસ્તુ એના ઓછા ઉત્પાદન ખર્ચની કક્ષા જુદી જુદી હોય ત્યારે ખર્ચમાં તુલનાત્મક તફાવત ઉદ્ભવે છે. જે દેશ જે વસ્તુના ઉત્પાદનમાં તુલનાત્મક રીતે ઓછા ખર્ચે ઉદ્ભવતું હશે તે વસ્તુનું વધુ ઉત્પાદન કરીને તેની નિકાસ કરશે અને જે વસ્તુના ઉત્પાદનમાં વધુ તુલનાત્મક ખર્ચ વધુ થતો હશે તેનું ઉત્પાદન ઘરઆંગણે કરવાને બદલે આયાત કરવાનું પસંદ કરશે. જેને કોષ્ટક દ્વારા આ મુજબ સમજાવી શકાય.

➢ એક દિવસના શ્રમ વડે

દેશ	કાપડ	રબ્બર	વિનિમય દર
ભારત	30	15	1 : 0.50
મલેશિયા	15	10	1 : 0.66

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે ભારતમાં કાપડ અને રબ્બર બંનેના ઉત્પાદનમાં મલેશિયા કરતાં વધુ લાભ છે, પરંતુ ભારતમાં કાપડના ઉત્પાદનમાં રબ્બરના ઉત્પાદન કરતાં ઓછો ખર્ચ થાય છે. તે તેમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ કરીને ઉત્પાદન કરવામાં આવે છે અને તેની નિકાસ કરવામાં આવે છે. તેના બદલામાં જે વસ્તુનું ઉત્પાદન ઘરઆંગણે બંધ કરેલ છે અને તેની આયાત કરવામાં આવશે. ભારત કાપડના ઉત્પાદનમાં 100% કાર્યક્ષમતા અને રબ્બરના ઉત્પાદનમાં 50% કાર્યક્ષમતા ધરાવે છે. તેને કાપડના ઉત્પાદનમાં વધુ લાભ પ્રાપ્ત થશે. અને સામે મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ કરીને રબ્બરનું ઉત્પાદન કરીને તેની નિકાસ તથા કાપડની આયાત કરશે.

જે વસ્તુના ઉત્પાદનમાં ગુણોત્તર પ્રમાણ વધુ હોય તે વસ્તુના ઉત્પાદનમાં દેશને ઓછો તુલનાત્મક ખર્ચ થાય છે, તેથી તેના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ સાધે છે. ઉપરોક્ત કોષ્ટક મુજબ ભારતની દૃષ્ટિએ કાપડના ઉત્પાદનમાં ગુણોત્તર પ્રમાણ 30:15 છે અને રબ્બરના ઉત્પાદનનું ગુણોત્તર પ્રમાણ 15:10 છે અહીં નોંધવું જોઈએ કે ભારત કાપડના ઉત્પાદનમાં વધુ લાભ ધરાવતો હોવાથી કાપડના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરશે.

મલેશિયાની દૃષ્ટિએ જોઈએ તો રબ્બરનું ગુણોત્તર પ્રમાણ 15:10 છે. અહીં મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશેષીકરણ કરશે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર થતા ભારત કાપડનું ઉત્પાદન અને મલેશિયા રબ્બરનું ઉત્પાદન કરશે. એટલે કે ભારત રબ્બરના 15 એકમોનું ઉત્પાદન જતું કરીને કાપડના 30 એકમોનું ઉત્પાદન કરશે તેમજ તેની નિકાસ કરશે અને મલેશિયામાંથી રબ્બરની આયાત કરશે. તેવી જ રીતે મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશેષીકરણ કરીને તેની નિકાસ કરશે તથા ભારતમાંથી કાપડની આયાત

કરશે જેને નીચેની આકૃતિ દ્વારા આ મુજબ સમજાવી શકાય.





ઉપરોક્ત બંને આકૃતિમાં OX ધરી પર રબ્બરના એકમો અને OY ધરી પર કાપડના એકમો દર્શાવવામાં આવે છે. E બિંદુ અને E1 બિંદુ સમતુલાનું બિંદુ છે. આકૃતિ A ભારતની અને આકૃતિ B એ મલેશિયાની સ્થિતિ દર્શાવે છે.

આકૃતિનો અભ્યાસ કરતા જણાય છે કે ભારત પોતાનાં બધાંજ સાધનો કાપડના ઉત્પાદનમાં અને મલેશિયા પોતાના બધાંજ સાધનો રબ્બરના ઉત્પાદનમાં પ્રસ્થાપિત કરે છે. ભારત બંને વસ્તુના ઉત્પાદનમાં સરખાપણું ધરાવતો હોવાથી તેનું ગુણોત્તર પ્રમાણ 1:1 થાય છે. આવી જ રીતે આકૃતિ Bમાં મલેશિયાની કાર્યક્ષમતા દર્શાવેલી છે. મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશેષીકરણ કરતુ હોવાથી તેનો ગુણોત્તર પ્રમાણ 1:2 છે. તેથી મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશેષીકરણ કરીને તેનું ઉત્પાદન કરશે, નિકાસ કરશે અને આંતરરાષ્ટ્રીય લાભો પ્રાપ્ત કરશે.

12.4.1 આંતરરાષ્ટ્રીય વ્યાપાર પછીની પરિસ્થિતી :

❖ એક દિવસના શ્રમ વડે

દેશ	કાપડ	રબ્બર	વિનિમય દર
ભારત	60	શૂન્ય	1 : 0
મલેશિયા	શૂન્ય	20	0 : 1

ઉપરોક્ત કોષ્ટક્નો અભ્યાસ કરતા જણાય છે કે જ્યારે બે દેશો વચ્ચે વ્યાપાર અસ્તિત્વમાં ન હતો ત્યારે કાપડનું ઉત્પાદન 30 એકમ અને રબ્બરનું ઉત્પાદન 15 એકમ મળીને કુલ 45 એકમનું ઉત્પાદન થતું હતું, જ્યારે મલેશિયા માટે આવી જ રીતે કુલ ઉત્પાદન 25 એકમનું હતું. હવે આંતરરાષ્ટ્રીય વ્યાપારને કારણે બંને દેશો અનુક્રમે ભારત કાપડના ઉત્પાદનમાં અને મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરે છે. અનુક્રમે કાપડ અને રબ્બરનું ઉત્પાદન કરીને તેની નિકાસ કરશે.

ઉપરોક્ત કોષ્ટકમાં જોઈ શકાય છે કે ભારત કાપડના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરીને 60 કાપડના એકમોનું ઉત્પાદન કરશે તેમજ રબ્બરનું ઉત્પાદન બંધ કરી દેશે. જ્યારે બીજી બાજુ મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરીને 20 એકમો રબ્બરના ઉત્પન્ન કરશે તેમજ કાપડનું ઉત્પાદન બંધ કરી દેશે. આમ કુલ ઉત્પાદનમાં 40 એકમોનો વધારો થશે જે વૈશ્વિક સમૃદ્ધિ વધારશે.

12.4.2 બંને દેશો વચ્ચે વિનિમય દરનું નિર્ધારણ :

આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં જોડાયેલા દેશોને કેટલો લાભ થશે, તે બાબત ઘણી જ મહત્ત્વની છે. પ્રત્યેક દેશને આંતરરાષ્ટ્રીય વેપારથી કેટલો લાભ થશે તે વિનિમયદર દ્વારા જાણી શકાય છે. મિત્રો અહીં આપણે લીધેલા ઉદાહરણમાં ભારતનો વિનિમયદર 1:0.5 થતો હતો. તેમજ મલેશિયાનો પડતર વિનિમયદર 1:0.66 હતો તેથી બંને દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય વ્યાપારથી થતા વિનિમયનો નવો દર નક્કી થશે. કારણ કે ભારતને એક એકમ કાપડના બદલામાં રબ્બરના 0.5 કરતાં ઓછા એકમો મળે તો ભારત આંતરરાષ્ટ્રીય વ્યાપાર દ્વારા રબ્બર મેળવવાના બદલે ઘરઆંગણે જ ઉત્પાદન કરશે. આ જ પ્રમાણે ભારતના નાગરિકો એક એકમ કાપડના બદલામાં રબ્બરના 0.66થી વધુ એકમ ચૂકવવા તૈયાર થશે નહીં. પરિણામે 1 કાપડ = 0.5 રબ્બર થી 1 કાપડ = 0.66 રબ્બર વચ્ચે નવો વિનિમયદર નક્કી થશે. જેથી બંને દેશોને લાભ થશો.

ધારો કે નવો વિનિમયદર 1 કાપડ = 0.60 રબ્બર એવો નક્કી થાય તો વ્યાપાર પહેલા ભારતનો વિનિમયદર 1 કાપડ = 0.66 રબ્બર છે. 1 કાપડ = 0.66 રબ્બર હોય તો ભારતને 0.06 રબ્બરનો એક એકમ કાપડના બદલામાં લાભ થશે એટલે કે ભારતને આંતરરાષ્ટ્રીય વ્યાપાર થવાથી 1 એકમ કાપડના બદલામાં 0.06 રબ્બર ઓછા ચૂકવવા પડશે.

આ પ્રમાણે ભારતનો આંતરરાષ્ટ્રીય વ્યાપારનો સ્થાનિક પડતર વિનિમયદર 1 કાપડ = 0.5 રબ્બર હતો તેથી નવો વિનિમયદર 1 કાપડ = 0.5 રબ્બર હતો તેથી નવા વિનિમયદરને લીધે ભારતનો 0.60 રબ્બર = 0.50 રબ્બર = 0.10 રબ્બર હતો. ભારત ને 1 એકમ કાપડનો વ્યાપારિક લાભ થાય છે, કારણ કે વ્યાપાર પહેલા 1 એકમ કાપડના બદલામાં 0.50 એકમ રબ્બરના એકમો મળતા હતા હવે તે વધીને 0.60 એકમ રબ્બર થાય છે. જે આકૃતિમાં નીચે મુજબ સમજાવી શકાય.



ઉપરોક્ત આકૃતિમાં OX ધરી પર કાપડના એકમો અને OY ધરી પર રબ્બરના એકમો દર્શાવેલ છે. જ્યારે AD, BD અને CD રેખા વિનિમયદર દર્શાવે છે. આકૃતિનો અભ્યાસ કરતા જણાય છે કે સ્વાવલંબનની સ્થિતિમાં ભારતનો વિનિમય દર 1 કાપડ = 0.66 રબ્બર હતો અને મલેશિયાનો વિનિમય દર 1 કાપડ = 0.50 રબ્બર હતો. હવે આંતરરાષ્ટ્રીય વ્યાપાર શરૂ થવાથી વિનિમય દર 1 કાપડ = 0.50 રબ્બર તથા 1 કાપડ = 0.66 રબ્બર વચ્ચે ક્યાંક નક્કી થશે. આકૃતિમાં બતાવ્યા મુજબ ધારો કે નવો વિનિમયદર 1 કાપડ = 0.60 રબ્બર નક્કી થાય છે. આમ થવાથી ભારત અને મલેશિયા બંને દેશોને આંતરરાષ્ટ્રીય વ્યાપારથી લાભ થશે

એટલું જ નહીં, પરંતુ, બંને દેશોમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ થવાથી બંને દેશોનું કુલ ઉત્પાદન વધવાથી વિશ્વની કુલ સમૃદ્ધિમાં વધારો થશે. અને વૈશ્વિક આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં વધારો થશે.

❖ સિદ્ધાંતની મર્યાદાઓ :

મિત્રો, આપણે જાણીએ છીએ કે અર્થશાસ્ત્રના પિતા પ્રો. એડમ સ્મિથે સૌપ્રથમ નિરપેક્ષ ખર્ચલાભનો સિદ્ધાંત આપીને આંતરરાષ્ટ્રીય વ્યાપારને સમજાવેલ. પરંતુ, તેની મર્યાદાઓ હોવાથી તેના સુધારારૂપે પ્રો. ડેવિડ રિકાર્ડોએ તુલનાત્મક ખર્ચલાભના સિદ્ધાંત દ્વારા આંતરરાષ્ટ્રીય વ્યાપારના સિદ્ધાંતને વિગતવાર સમજાવ્યો હતો. તેમ છતાં પણ આ સિદ્ધાંતમાં પણ કેટલીક ધારણાઓરૂપી મર્યાદાઓ છે. જે આ પ્રમાણે છે.

➢ બે જ દેશો અને બે વસ્તુઓનો વ્યાપાર :

પ્રો. ડેવિડ રિકાર્ડોના સિદ્ધાંતમાં પણ પ્રો. એડમ સ્મિથના સિદ્ધાંતની જેમ વિશ્વમાં બે જ દેશો વચ્ચે બે જ વસ્તુઓનો વ્યાપાર થાય છે તેવી ધારણા કરવામાં આવી છે, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિમાં વિશ્વમાં માત્ર બે જ દેશો કે બે જ વસ્તુઓનો વ્યાપાર થતો નથી. પરંતુ વર્તમાનમાં યુનાઈટેડ નેશન્સના આંકડા પ્રમાણે 195 દેશોની યાદી છે તેમજ વસ્તુની સંખ્યા તો ન ગણી શકાય તેટલી છે. તેથી આ બંને બાબતોમાં આ સિદ્ધાંત સમજાવી શકાતો નથી.

➢ માત્ર શ્રમ એક જ ઉત્પાદનનું સાધન નથી :

પ્રો. ડેવિડ રિકાર્ડોના આ સિદ્ધાંતમાં એવુ પ્રતિપાદિત થાય છે કે શ્રમખર્ચ એ કુલ ખર્ચ છે પરંતુ ઉત્પાદનની પ્રક્રિયામાં માત્ર શ્રમખર્ચ જવાબદાર નથી, પરંતુ, મૂડીખર્ચ, જમીનનું ભાડાખર્ચ અને નિયોજકનું નફારૂપી ખર્ચ હોય છે. તેમજ આ બધા જ પ્રકારના ખર્ચને કુલ ખર્ચમાં ઉમેરવામાં આવે છે. જે આ સિદ્ધાંતની મર્યાદા છે.

➢ શ્રમિકો સમાન ઉત્પાદનશક્તિ ધરાવતા નથી :

પ્રસ્તુત સિદ્ધાંતમાં એવી ધારણા કરવામાં આવી છે કે શ્રમિકો સમાન ઉત્પાદનશક્તિ ધરાવે છે. પરંતુ, શ્રમિક સંપૂર્ણપણે એકબીજાના અવેજી બની શકે તેવી કલ્પના તદ્દન અવ્યવહારુ છે. જે આ સિદ્ધાંતની મર્યાદા છે.

➢ અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી છે તે ધારણા અવાસ્તવિક છે :

પ્રો. રિકાર્ડોદ્વારા એવી ધારણા કરવામાં આવી છે કે શ્રમિકો સમાનરૂપી છે. એટલું જ નહીં પણ શ્રમબજારમાં સંપૂર્ણ હરિફાઈ છે તેથી શ્રમિકો પૂર્ણ રોજગારીની સ્થિતિમાં હશે, તે અહીં અભિપ્રેત થાય છે, જે એક મર્યાદા છે.

➢ શ્રમની ગતિશીલતા સંબંધી અવાસ્તવિક ધારણા :

શ્રમિકો દેશની અંદર સંપૂર્ણ ગતિશીલતા ધરાવે છે, તે ધારણા સાચી નથી. કોઈ એદેશના વિવિધ પ્રદેશો વચ્ચે આંશિક ગતિશીલતા ધરાવે છે. તેવી જ રીતે એક દેશના શ્રમિકો બીજા દેશમાં ઓછા-વત્તા પ્રમાણમાં ગતિશીલતા ધરાવે છે, જે અહીં દર્શાવવામાં આવ્યું નથી, જે એક મર્યાદા છે.

➢ સ્થિર મળતરનો નિયમ અવાસ્તવિક છે :

વાસ્તવિકતામાં વર્તમાન ઔદ્યોગિક પેઢીઓ સ્થિર વળતરની જગ્યાએ વધતા, સ્થિર કે ઘટતા વળતરની સ્થિતિ પ્રમાણે કામ કરે છે, તેવી જ રીતે વારંવાર ટેકનોલોજિકલ ફેરફાર

થતા હોવાથી, સંચાલનમાં સતત સુધારા થતા હોવાથી, તથા નવી બજારવ્યવસ્થા અસ્તિત્વમાં હોવાથી સ્થિર મળતરનો નિયમ કામ આપતો નથી. પરંતુ, ઘટતા મળતરનો નિયમ કામ કરતો થઈ જાય છે, જે એક મર્યાદા છે.

➢ પરિવહનખર્ચ શૂન્ય છે તે ધારણા અવાસ્તવિક છે :

પ્રો. ડેવિડ રિકાર્ડોએ તુલનાત્મક ખર્ચને તપાસવા માટે પરિવહન ખર્ચ શૂન્ય છે, તેવું ધારી લીધેલ છે. વાસ્તવિક પરિસ્થિતિમાં પરિવહન ખર્ચ ખુબ જ મહત્ત્વનું સાધન છે. તે પ્રત્યક્ષ રીતે કિંમતતંત્રને અસર કરે છે, જે સમજૂતી આપેલ નથી, તેથી તે મર્યાદા છે.

➢ મુક્ત વ્યાપાર તથા રાજ્યની દખલગીરીનો અભાવ છે, તે ધારણા અવાસ્તવિક છે :

વર્તમાન સમયમાં મુક્ત વ્યાપારની તરફેણ કરતા દેશો વાસ્તવમાં વ્યાપારને સંપૂર્ણપણે મુક્ત વ્યાપાર બનાવી શક્યા નથી. કેટલાક દેશો વ્યાપારસંઘમાં ભળીને વ્યાપારને થોડાક અંશે મુક્ત બનાવી શક્યા છે. આ ઉપરાંત રાજ્યો આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં દખલગીરી કરતા નથી, તેમજ દેશના ઉદ્યોગો સંરક્ષણ નીતિના પ્રભાવમાં હોવાથી મુક્તવ્યાપાર વ્યવસ્થા ખોરવાઈ જાય છે, જે બધી જ બાબતો આ સિદ્ધાંતમાં પ્રો.રિકાર્ડોએ જણાવી નથી, તે એક મર્યાદા છે.

➢ સ્થિર અર્થતંત્રની ધારણા વાસ્તવિક નથી :

આ સિદ્ધાંતમાં પ્રો. ડેવિડ રિકાર્ડો એવું અનુમાન કરે છે કે અર્થતંત્ર સ્થિર અવસ્થામાં કાર્ય કરે છે. પરંતુ, અર્થતંત્રમાં તેજી-મંદીના પ્રવાહો, કિંમતતંત્રના ફેરફારો વગેરે અર્થતંત્રને ગતિશીલ બનાવે છે, જે આ સિદ્ધાંતમાં જણાવવામાં આવ્યું નથી, તે મર્યાદા છે.

➢ કલ્યાણની વિભાવના અવાસ્તવિક છે :

આ સિદ્ધાંતમાં પ્રો. ડેવિડ રિકાર્ડોએ કલ્યાણને વધારે મહત્ત્વ આપ્યું છે પરંતુ વાસ્તવમાં બધા જ લોકોને કલ્યાણ સરખી રીતે પ્રાપ્ત થતું નથી. પરંતુ ઘણીવાર અકલ્યાણ પણ થાય છે, જે આ સિદ્ધાંતની મર્યાદા છે.

➢ બંને દેશને થતા લાભનું કારણ જણાવાયું નથી :

ભારત બંને વસ્તુના ઉત્પાદનમાં કાર્યક્ષમતા ધરાવે છે, પરંતુ શા માટે આવું થાય છે? તેનું કારણ જણાવાયુ નથી. પરંતુ, નીચું ઉત્પાદન થવાથી કુદરતી પરિબળો અસર કરે છે. અથવા તો પ્રતિકૂળ સાબિત થાય છે જે સિદ્ધાંતમાં દર્શાવાયું નથી.

➢ વ્યાપારિક લાભની વહેંચણી શરતોને આધીન છે :

વિશ્વના બે દેશો વચ્ચે જે વ્યાપાર થાય છે, તે ચોક્કસ શરતોને આધીન છે, પરંતુ આ શરતો કેવી રીતે થાય છે, તેની સમજૂતી આપી નથી, જે એક મર્યાદા ગણાવી શકાય.

❖ સિદ્ધાંતનું મહત્ત્વ :

પ્રો. ડેવિડ રિકાર્ડોના આ સિદ્ધાંતમાં ઉપરોક્ત મર્યાદાઓ હોવાં છતા પણ આ સિદ્ધાંતનું ઘણું જ મહત્ત્વ રહેવા પામ્યું છે, જે આ પ્રમાણે છે.

➢ આ સિદ્ધાંત શા માટે અને ક્યારે ઉદ્ભવે છે, તેની વધુ શક્યતાઓ સમજાવે છે :

વિશ્વના બે દેશોને આંતરરાષ્ટ્રીય વ્યાપારથી જોડાવવાની જરૂરિયાત કેવી રીતે અને શા માટે ઉદ્ભવે છે, તેની વિશેષ સમજૂતી આપે છે, તેથી તે વિશેનું સંપૂર્ણ જ્ઞાન પુરું પાડવાનું

કાર્ય કરવાનો યશ આ સિદ્ધાંતના રચયિતા પ્રો. ડેવિડ રિકાર્ડોના ફાળે જાય છે, જે આ સિદ્ધાંતનું ઘણું જ મહત્ત્વ દર્શાવે છે.

➢ આ સિદ્ધાંત સર્વસામાન્ય પરિસ્થિતિનો નિર્દેશ આપે છે :

આ સિદ્ધાંત ધારણાઓને લક્ષમાં રાખીને જે સમજુતી આપે છે, તે વધુ ઉપયોગી સાબિત થાય છે, તે સર્વસામાન્ય પરિસ્થિતિનો નિર્દેશ કરે છે, જે સૌથી વધારે મહત્ત્વનું છે.

➢ દરેક દેશને આયાત-નિકાસનું માર્ગદર્શન આપે છે :

પ્રો. ડેવિડ રિકાર્ડોનો આ સિદ્ધાંત ક્યા દેશે કઈ કઈ વસ્તુની નિકાસ કરવી જોઈએ તથા કઈ કઈ વસ્તુની આયાત કરવી જોઈએ, તેનું માર્ગદર્શન પુરું પાડે છે. આ સિદ્ધાંતમાં એ ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે, જે વ્યાપારના લાભ માટે ખૂબ અગત્યનો બની જવા પામે છે.

➢ વ્યાપારની શરતો ક્યા બે અંકિત બિંદુ વચ્ચે નક્કી થાય છે તે આ સિદ્ધાંત માહિતી પૂરી પાડે છે. :

આ સિદ્ધાંત કઈ વ્યાપારની શરત નક્કી થાય છે, તે અંગેનું માર્ગદર્શન, જેમકે, 1 કાપડ = 0.60 રબ્બર, 1 કાપડ = 0.66 રબ્બર વગેરે કઈ રીતે નક્કી થાય છે, તેની વિગતવાર સમજૂતી આપે છે. કારણ કે આવી વ્યાપારિક શરતથી બંને દેશોને લાભ થાય છે, તે આ સિદ્ધાંતમાં વિગતવાર દર્શાવ્યું છે.

12.5 સારાંશ :

સૌ પ્રથમ વર્ષ 1776માં 'રાષ્ટ્રની સંપત્તિ'નામના પુસ્તકમાં પ્રો. એડમ સ્મિથે નિરપેક્ષ ખર્ચલાભના સિદ્ધાંત દ્વારા આંતરરાષ્ટ્રીય વ્યાપાર સમજાવેલ. પરંતુ, ધારણારૂપી મર્યાદાઓ હોવાથી પ્રો. ડેવિડ રિકાર્ડોએ વર્ષ 1817માં તેમના પુસ્તક 'Principle of Political Economics and Taxation' માં 'Trade theory' નામના પ્રકરણમાં તુલનાત્મક લાભનો સિદ્ધાંત વિગતવાર સમજાવ્યો હતો. આ સિદ્ધાંતની પણ ઘણી બધી મર્યાદાઓ હોવા છતાં પણ આ સિદ્ધાંત બિન-ઉપયોગી નથી. શા માટે આંતરરાષ્ટ્રીય વ્યાપારથી લાભ થાય છે ? આંતરરાષ્ટ્રીય વેપારથી કેવી રીતે શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ થાય છે ? શા માટે અમુક દેશો ચોક્કસ વસ્તુઓની આયાત-નિકાસ કરે છે ? શું આંતરરાષ્ટ્રીય વ્યાપારથી ચિજવસ્તુનું ઉત્પાદન મૂળભૂત રીતે વધે છે? તેમજ તેના પરિણામસ્વરૂપ સમૃધ્ધિની ક્ષિતિજો વિસ્તરે છે ? વગેરે મહત્ત્વના પ્રશ્નોના જવાબો આ સિદ્ધાંત આપે છે. આ સિદ્ધાંત અમુક ધારણાને ધ્યાનમાં રાખીને રચાયેલો છે, તેથી સાર્વત્રિક બની શકતો નથી. પરંતુ, આમ છતાં સમગ્ર વિશ્વની આર્થિક સમૃદ્ધિ વધારવા માટે આ સિદ્ધાંત સમજવો જરૂરી છે. જોકે, ધારણારૂપી મર્યાદાઓ હોવાથી આ સિદ્ધાંતનું ઘણું જ મહત્ત્વ છે. જે આંતરરાષ્ટ્રીય વ્યાપારને વેગ આપે છે. પરંતુ, અહીં સિદ્ધાંતના સર્જનની યાત્રા થોભી જતી નથી તે આગળ ચાલવાની છે. તેથી નોબેલ વિજેતા પ્રો. પોલ સેમ્યુલ્સન જણાવે છે, ''જે કોઈ દેશ તુલનાત્મક ખર્ચલાભના સિદ્ધાંતને અવગણે છે, તેને નીચું જીવનધોરણ અને નીચા વિકાસદરના સ્વરૂપમાં ભારે કિંમત ચૂકવવી પડે છે.'' તેથી જ પ્રો. ડેવિડ રિકાર્ડોએ જણાવ્યું છે કે દેશને જે વસ્તુના ઉત્પાદનમાં તુલનાત્મક ખર્ચે ઓછો થતો હોય છે, જે વસ્તુના ઉત્પાદનમાં વધારો કરીને વસ્તુની નિકાસ કરવામાં આવશે અને તે વસ્તુના ઉત્પાદનમાં તુલનાત્મક ખર્ચ ઓછો થતો હશે તે વસ્તુનું ઉત્પાદન ઘરઆંગણે બંધ કરીને તેની આયાત કરવામાં આવે છે, જેથી વૈશ્વીક વ્યાપારની સમૃદ્ધિ વધારી શકાય.

12.6 ચાવીરૂપ શબ્દો :

➢ આંતરિક વ્યાપાર :

એક જ દેશની હદમાં બે રાજ્યો વચ્ચે, બે જિલ્લાઓ વચ્ચે કે બે તાલુકાઓ વચ્ચે ચીજવસ્તુ કે સેવાની લેવડ-દેવડ થાય તેને આંતરિક વ્યાપાર કહેવાય.

➢ આંતરરાષ્ટ્રીય વ્યાપાર :

દેશો વચ્ચે ચીજવસ્તુઓ કે સેવાઓની આયાતનિકાસ કરવામાં આવે તેને આંતરરાષ્ટ્રીય વેપાર કહેવાય છે, જે સામાન્ય રીતે દેશની હદ બહાર થાય છે.

➢ નિરપેક્ષ ખર્ચ લાભ :

કોઈ એક દેશ એક વસ્તુના ઉત્પાદનમાં અને બીજો દેશ બીજી વસ્તુના ઉત્પાદનમાં નિરપેક્ષ ખર્ચલાભ ધરાવે તો તેને આંતરરાષ્ટ્રીય વેપારથી લાભ થાય છે.

➢ સાપેક્ષ ખર્ચ લાભ કે તુલનાત્મક ખર્ચ લાભ :

કોઈ એક દેશ અન્ય દેશની તુલનામાં બંને વસ્તુના ઉત્પાદનમાં નીચી કાર્યક્ષમતા ધરાવતો હોય તો તે આ સ્થિતિમાં આંતરરાષ્ટ્રીય વ્યાપારથી લાભ થશે.

➢ પૂર્ણ હરિફાઈ :

અર્થતંત્રમાં અસંખ્ય ખરીદનારાઓ, અસંખ્ય વેચનારાઓ, એકસમાન ગુણવત્તા ધરાવતી વસ્તુઓ, તેના સમાન ભાવ, શૂન્ય વાહનવ્યવહાર ખર્ચ હોય તેને પૂર્ણ હરિફાઈ કહેવાય છે. ટૂંકમાં, જ્યાં અપૂર્ણ હરિફાઈનાં તમામ તત્વો ગેરહાજર હોય તેને પૂર્ણ હરિફાઈ કહેવામાં આવે છે.

➢ વ્યાપારની શરત :

જયારે વિશ્વના બે દેશો વ્યાપારથી જોડાય છે ત્યારે બંને દેશોના આયાતના એકમો = નિકાસ એકમોનું ગુણોત્તર પ્રમાણ નક્કી થાય છે, તેને વ્યાપારની શરત કહેવાય છે. જે દેશ દેશ વચ્ચે જરૂરિયાતને ધ્યાનમાં રાખીને જૂદી જૂદી હોય છે.

➢ પૂર્ણ રોજગારી :

સંપૂર્ણ રોજગારી એટલે એક જ દેશમાં રોજગારીની સ્થિતિ સંપૂર્ણતઃ છે એટલે કે કોઈ પણ વ્યક્તિ બેકાર રહેતી નથી. નાગરિક એક જગ્યાએથી છૂટો થાય તો બીજી જગ્યાએ તેને અવશ્ય રોજગારી પ્રાપ્ત થાય છે.

12.7 તમારી પ્રગતિ તપાસો :

(ક) નિબંધ પ્રકારના પ્રશ્નો

(1) તુલનાત્મક ખર્ચનો સિદ્ધાંત મર્યાદાઓ સાથે સમજાવો.

(2) નિરપેક્ષ લાભનો સિદ્ધાંત સમજાવો.

(3) આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચેનો તફાવત સમજાવો.

(ખ) બહુ વૈકલ્પિય પ્રશ્નો :

(1) નીચેનામાંથી ડેવિડ રિકાર્ડો દ્વારા અપાયેલ તુલનાત્મક ખર્ચની વ્યાખ્યા કઈ છે ?

(અ) આ નિયમ જે એક દેશમાંથી ચીજવસ્તુઓના સંબંધિત મૂલ્યને નિયંત્રિત કરે છે તે કે તેથી વધુ દેશો વચ્ચેની ચીજવસ્તુઓના સંબંધિત મૂલ્યને નિયંત્રિત કરે છે.

(બ) આ નિયમ જે એક દેશમાં ચીજવસ્તુઓના સંબંધિત મૂલ્યને નિયંત્રિત કરે છે તે બે કે તેથી વધુ દેશો વચ્ચેની ચીજવસ્તુઓના સંબંધિત મૂલ્યને નિયંત્રિત કરતું નથી

(ક) આ નિયમ જે એક દેશમાં ચીજવસ્તુઓના સંપૂર્ણ મૂલ્યને નિયંત્રિત કરે છે તે બે કે તેથી વધુ દેશો વચ્ચે બદલાતી ચીજવસ્તુના સંબંધિત મૂલ્યને નિયંત્રિત કરતું નથી.

(ડ) આ નિયમ જે એક દેશમાંથી ચીજવસ્તુઓના સંપૂર્ણ મૂલ્યને નિયંત્રિત કરે છે તે બે કે તેથી વધુ દેશો વચ્ચેની ચીજવસ્તુઓના સંબંધિત મૂલ્યને નિયંત્રિત કરે છે.

(2) જો માલના ખર્ચનો ગુણોત્તર હોય તો બે દેશો વચ્ચેનો વેપાર ઉપયોગી થઈ શકે છે.

(અ) નિર્ધારિત (બ) ઘટાડો (ક) બરાબર (ડ) ભિન્ન

(3) આંતરરાષ્ટ્રીય વેપાર અને આંતરિક વેપાર આનાથી અલગ છે

(અ) સરકારની વિવિધ નીતિઓ (બ) પરિબળોની અસ્થિરતા

(ક) વેપાર પ્રતિબંધો (ડ) ઉપરોક્ત તમામ

(4) નીચેનામાંથી ક્યું પરિબળ આંતરરાષ્ટ્રીય વેપાર દર્શાવેલ્પ?

(અ) બે દેશો વચ્ચેનો વેપાર (બ) પ્રદેશો વચ્ચેનો વેપાર

(ક) પ્રાંતો વચ્ચેનો વેપાર (ડ) (બ) અને (ક) બંને

(5) આંતરરાષ્ટ્રીય વેપારના ક્યાં સિદ્ધાંત અનુસાર ઉત્પાદનનું એક માત્ર પરિબળ શ્રમ છે?

(અ) શિષ્ટ સિદ્ધાંત (બ) આધુનિક સિદ્ધાંત

(ક) આમાંથી કંઈ નહીં (ડ) ઉપરોક્ત બધા

(6) આંતરરાષ્ટ્રીય વેપારમાં અર્ધ ભાડાનો ખ્યાલ એ_________

(અ) કામદારોને ભાડુ

(બ) મકાનમાલિક અને કામદારો દ્વારા વહેંચાયેલ ભાડુ

(ક) ઉદ્યોગસાહસિકને ચૂકવવામાં આવેલ વ્યાજ

(ડ) ઉત્પાદનના પરિબળ પર પાછા ફરવું જે ટૂંકા ગાળામાં પુરવઠાને નિશ્ચિત કરે છે.

(7) નીચેનામાંથી વેતનની નિર્ભરતા થિયરીનો ઉપયોગ કોના દ્વારા કરવામાં આવ્યો હતો ?

(અ) પ્રો. કાર્લ માર્ક્સ (બ) પ્રો. રોબિન્સન

(ક) પ્રો. જે.એસ.મીલ (ડ) પ્રો. ડેવિડ રિકાર્ડો

(8) વિશ્વનાં રાષ્ટ્રો આંતરરાષ્ટ્રીય વેપાર થકી જોડાય છે કારણ કે...

(અ) કેટલાંક રાષ્ટ્રો એક વસ્તુનું ઉત્પાદન કરવાનું પસંદ કરે છે જ્યારે અન્ય લોકો અન્ય વસ્તુઓનું ઉત્પાદન કરે છે.

(બ) વેપાર સાથે જોડાયેલા બધા દેશોમાં સંસાધનો સમાનરૂપે ધરાવતા નથી.

(ક) વેપાર નફો એકત્રિત કરવાની તકોમાં વધારો કરે છે.

(ડ) બધા વ્યાપારિક દેશોમાં વ્યાજના દર સમાન નથી.

(9) આંતરરાષ્ટ્રીય વેપારમાં ટૂંકાગાળાની બેકારી સર્જાય તેવી સંભાવના છે, કારણ કે...

(અ) એવા ઉદ્યોગો કે જેમાં ન તો આયાત થાય છે ન નિકાસ થાય છે

(બ) આયાતી હરીફ ઉદ્યોગો વધે છે.

(ક) એવા ઉદ્યોગો કે જે દેશી અને વિદેશી ખરીદદારોને વેચે છે.

(ડ) એવા ઉદ્યોગો કે જે ફક્ત વિદેશી ખરીદદારોને વેચે છે.

(10) આંતરરાષ્ટ્રીય વેપારનો પ્રથમ આર્થિક સિદ્ધાંત ક્યો હતો ?

(અ) વેપારનો સિદ્ધાંત

(બ) તુલનાત્મક લાભનો સિદ્ધાંત

(ક) સંપૂર્ણ લાભનો સિદ્ધાંત

(ડ) હેક્સર-ઓહલીનનો સિદ્ધાંત

(11) પ્રો. એડમ સ્મિથનામતે બે દેશો વચ્ચેનો વેપાર નીચેનામાંથી ક્યાં પરિબળોને આધારે થવો જોઈએ.

(અ) સ્વાભાવિક રીતે બજારનાં પરિબળો અનુસાર

(બ) સરકારી નિયમન અનુસાર

(ક) ઉપલબ્ધ એવાં પરિબળોનો ઉપયોગ કરવો

(ડ) જ્યારે કોઈ દેશને સંપૂર્ણ લાભ થતો હોય

(12) નીચેનામાંથી નિરપેક્ષ ખર્ચલાભનો સિદ્ધાંત કોના દ્વારા આપવામાં આવ્યો છે.

(અ) ડેવિડ રિકાર્ડો

(બ) એડમ સ્મિથ

(ક) એફ. ડબલ્યુ. ટેલર

(ડ) ઓહલીન અને હેક્સર

(13) નીચેનામાંથી સાપેક્ષ ખર્ચલાભનો સિદ્ધાંત કોના દ્વારા આપવામાં આવ્યો છે?

(અ) ડેવિડ રિકાર્ડો (બ) એડમ સ્મિથ

(ક) એફ. ડબલ્યુ. ટેલર (ડ) ઓહલીન અને હેક્સર

(14) આંતરરાષ્ટ્રીય વેપારનું ક્યું પરિણામ નીચે આપેલું નથી?

(અ) નવપ્રવર્તનને પ્રોત્સાહન આપવામાં આવે છે.

(બ) આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

(ક) આયાત સસ્તી થાય છે.

(ડ) વપરાશ ઓછો થાય છે.

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :

(1) મન્નુર એચ.જી, આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર (2008) વિકાસ પબ્લિશીંગ હાઉસ પ્રાઈવેટ લિમિટેડ, નોઈડા, યુ.પી.

(2) કુમાર આર. (2008) આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર, એકસેલ બુક્સ, નવી દિલ્હી.

(3) સાલ્વેટોર ડી. (2019) આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર, વિલિ પબ્લિકેશન હાઉસ

(4) ગાંડોનલ્ફો જી. (2013) આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રના એલીમેન્ટ્સ, સ્પ્રીન્ગર સાયન્સ + બિઝનેશ મીડિયા

(5) લીચેસ્ટેઈન પી.એમ. (2016) આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રના સિદ્ધાંતો, રાઉટ્રેઝ પ્રિન્ટિંગ પ્રેસ, ન્યૂયોર્ક

(6) ભગવતી જે. (1997), રાઈટિંગ ઓન ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સ, ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ. એડિટેડ બાય વી.એન. બાલાસુબ્રમણ્યમ્

(7) આચાર્ય આર., કાર એસ. (2014) આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને આર્થિક વિકાસ, ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, યુનાઈટેક કિંગડમ્

(8) બર્ગ એચ.વી.ડી. (2014) ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સ એ એપ્રોચ એ હેટરોડેસ એપ્રોચ, ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ, યુનાઈટેડ કિંગડમ્

(9) ડેરપેજ જે., હાર્વે જે.ટી. (2002) ફાઉન્ડેશન ઓફ ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સ, પોસ્ટ કેન્સીયન પરસ્પેક્ટિવ્સ, રાઉટ્રેઝ પ્રિન્ટિંગ પ્રે, ન્યૂયોર્ક

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) બ	(2) ડ	(3) ડ	(4) અ
(5) અ	(6) અ	(7) ડ	(8) ડ
(9) બ	(10) બ	(11) અ	(12) ડ
(13) બ	(14) અ	(15) ડ	

*** *** ***

એકમ 13

આંતરરાષ્ટ્રીય વિનિમય દરના સિદ્ધાંત

-: રૂપરેખા :-

13.0 ઉદ્દેશો

13.1 પ્રસ્તાવના

13.2 હેક્સર-ઓહલીનનો સિદ્ધાંત

❖ હેક્સર-ઓહલીનના સિદ્ધાંતની સમજૂતી

13.3 હેક્સર-ઓહલીન સિદ્ધાંતની આલોચના

13.4 મિલનો પારસ્પરિક માંગનો સિદ્ધાંત

13.5 સારાંશ

13.6 ચાવીરૂપ શબ્દો

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

13.0 ઉદ્દેશો :

1. આંતરરાષ્ટ્રીય વેપારથી પ્રાપ્ત થતા લાભો વિશે જાણી શકશો
2. દરખાસ્ત રેખા વિશે જાણી શકશો
3. આંતરરાષ્ટ્રીય વેપારના ઉદ્ભવ વિશે જાણી શકશો
4. બે દેશો વચ્ચેની પારસ્પરિક માંગ સમજી શકશો
5. કોઇ પણ દેશ આંતરરાષ્ટ્રીય વેપાર શા માટે કરે છે અને કઇ રીતે લાભ મેળવી શકે છે, તે સમજી શકશો.

13.1 પ્રસ્તાવના :

બર્ટિલ ઓહલીન પોતાના પ્રસિદ્ધ પુસ્તક Inter-regional and International Trade (1933) માં આંતરરાષ્ટ્રીય વ્યાપારના ક્લાસિક સિદ્ધાંતની આલોચના કરી છે. અને આંતરરાષ્ટ્રીય વ્યાપારના સામાન્ય સંતુલન સિદ્ધાંત અથવા સાધન સમ્પન્નતા અથવા સાધન ગુણોત્તરનો સિદ્ધાંત બનાવ્યો કે તેને આંતરરાષ્ટ્રીય વેપારનો આધુનિક સિદ્ધાંત અથવા હેક્સર-ઓહલીન સિદ્ધાંત પણ કહે છે. વાસ્તવમાં ઓહલીનના અધ્યાપક ઈલી હેક્સરે પહેલો ૧૯૧૯માં આ વિચાર પ્રસ્તુત કર્યો હતો કે આંતરરાષ્ટ્રીય વ્યાપાર બે દેશોમાં સાધન સમ્પન્નતામાં ભિન્ન કારણોસર થાય છે. ઓહલીને આ વિચારને આગળ વધાર્યો અને તેનાથી આંતરરાષ્ટ્રીય વ્યાપારના આધુનિક સિદ્ધાંતનું નિર્માણ કર્યું.

હેક્સર-ઓહલીન સિદ્ધાંત બતાવે છે કે ઉત્પાદન વિશિષ્ટીકરણ તથા પ્રદેશોમાં વ્યાપારના માળખાનું પ્રમુખ નિર્ધારણ તત્ત્વ સાધન પુરવઠાની સાપેક્ષ પ્રાપ્યતા છે. પ્રદેશ અથવા દેશોમાં સાધન સમ્પન્નતા તેમજ સાધન પુરવઠા અલગ-અલગ હોય છે. "કોઈ દેશમાં મૂડી વધારે હોય છે તો કોઈ દેશમાં શ્રમ વધારે હોય છે. આ સિદ્ધાંત એમ કહે છે કે જે દેશમાં મૂડી વધારે હશે તે

મૂડીપ્રધાન વસ્તુઓની નિકાસ કરશે અને જે દેશમાં શ્રમ વધારે હશે તે શ્રમપ્રધાન વસ્તુઓની નિકાસ કરશે.'' ઓહલીનની દષ્ટીએ આંતરરાષ્ટ્રીય વેપાર થવાનું મુખ્ય કારણ હોય છે કે કેટલીક વસ્તુ અન્ય દેશો કરતાં સસ્તા ભાવે ખરીદી શકાય છે. જયારે તે જ વસ્તુઓ તે જ દેશમાં મોંઘા ભાવે પ્રાપ્ત થતી હોય છે. આ પ્રમાણે બે દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય વ્યાપાર થવાનું મુખ્ય કારણ વસ્તુઓની કિંમત વચ્ચેનો તફાવત છે.

આ સિદ્ધાંતના વિશ્લેષણ માટે સૌ પ્રથમ આપણે તેની ધારણાઓ વિશે જાણીશું.

13.2 હેકસર-ઓહલીનનો સિદ્ધાંત :

❖ સિદ્ધાંતની ધારણાઓ :-

1. આ સિદ્ધાંત ૨-૨-૨ ની ધારણા આધારિત છે. એટલે કે બે દેશ છે, બે વસ્તુ અને બે ઉત્પાદન સાધન છે. (શ્રમ અને મૂડી)
2. વિભિન્ન દેશોની સાધન સમ્પન્નતામાં તફાવત છે, પરંતુ ગુણાત્મક રીતે એક સમાન છે.
3. અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ પ્રવર્તે છે.
4. બંને દેશોમાં વેપાર મુક્ત અને નિરંકુશ છે.
5. વસ્તુઓની હેરફેરનો ખર્ચ શૂન્ય છે.
6. જુદી-જુદી વસ્તુઓ માટે ઉત્પાદન વિધેય જુદા-જુદા છે. પરંતુ કોઈ એક જ વસ્તુ માટે જુદા-જુદા દેશોમાં ઉત્પાદન વિધેય સમાન છે.
7. ઉત્પાદન વિધેય એ પ્રકારના છે કે જેથી સાધનપ્રચૂરની દષ્ટીએ વસ્તુઓનું સ્પષ્ટ વર્ગીકરણ કરી શકાય છે. દા.ત. જો આપણે શ્રમ અને મૂડી એવાં બે સાધનો લઈએ તો કોઈ પણ વસ્તુ કા તો શ્રમપ્રચૂર હશે કાં તો મૂડી પ્રચૂર હશે.
8. પ્રત્યેક દેશમાં આંતરિક રીતે સાધનો પૂર્ણ રીતે ગતિશીલ છે. પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે સાધનો અગતિશીલ છે.
9. પ્રત્યેક દેશમાં પ્રત્યેક વસ્તુના ઉત્પાદન પ્રમાણ એકમ બરાબર છે.
10. ટેકનિકલ જ્ઞાનમાં કોઈ પરિવર્તન નથી.
11. બંને દેશોમાંથી કોઈ પણ ઉત્પાદનમાં વિશેષીકરણ કરતું નથી.
12. બંને દેશોમાં વપરાશ કરનારના અધિમાન તથા માંગનું માળખું સમરૂપ છે.

❖ સિદ્ધાંતની સમજૂતી :

આ ધારણાઓના આધારે હેક્સર-ઓહલીન સિદ્ધાંત બે દેશો વચ્ચે સાધન વિપુલતાના અંતરને કારણે જ આંતરરાષ્ટ્રીય વેપાર થાય છે. આ સાધન વિપુલતા કિંમતની દષ્ટિએ અથવા ભૌતિક દષ્ટિએ સાધન વિપુલતા હોય શકે છે. તેઓનું માનવું છે કે જે દેશમાં જે સાધન વધારે પ્રમાણમાં ઉપલબ્ધ હોય તો આ સાધન સસ્તું હોય છે. અને આ કારણે ઉત્પાદન ખર્ચમાં પણ ઘટાડો થાય છે. જેથી નિકાસમાં વધારો થઈ શકે છે. અને જે વસ્તુના ઉત્પાદન દુર્લભ સાધનોનો ઉપયોગ વધુ થતો હોય તેવી વસ્તુઓની આયાત કરવી જોઈએ. હેક્સર-ઓહલીન પ્રમયને બે રીતે પારિભાષિત કરી શકાય છે:

1. સાધનવિપુલતા કિંમતની રીતે
2. સાધન વિપુલતા જથ્થાની રીતે.

હેક્સર-ઓહલીનની પરિભાષા પ્રમાણે દેશમાં મૂડીની પ્રચૂરતા હોય પરંતુ શરત છે. PC A<PC B જ્યા PC અને PL ક્રમશ : મૂડી અને શ્રમની કિંમતો PL દર્શાવે છે. A અને B બંને દેશો છે. બીજા શબ્દોમાં જો દેશમાં મૂડી સસ્તી હોય, તો ત્યાં મૂડીની વિપુલતા છે. અને B દેશમાં શ્રમ સસ્તો હોય તો ત્યાં શ્રમની વિપુલતા છે. આ પ્રકારે A દેશ મૂડીપ્રધાન વસ્તુઓની નિકાસ કરશે અને B દેશ શ્રમપ્રધાન વસ્તુઓની નિકાસ કરશે. જેને આકૃતિ દ્વારા દર્શાવવામાં આવ્યું છે.



આકૃતિની સમજૂતી : ઉપરની આકૃતિમાં X શ્રમપ્રધાન વસ્તુ છે. જેને OX આડી ધરી પર દર્શાવવામાં આવી છે. અને Y મૂડીપ્રધાન વસ્તુ છે. જેને OY ઊભી ધરી પર દર્શાવવામાં આવી છે.

A દેશના સંદર્ભમાં : વસ્તુ Xનું સમાનતા વક્ર XX છે. (Isoquant) અને વસ્તુ Y માટેનું સમાનતા વક્ર YY છે. આ બંને A અને B દેશ માટે એકસમાન છે. દેશ Aમાં બંને વસ્તુઓ માટે સાપેક્ષ સાધન કિંમત રેખા AA_1 દર્શાવવામાં આવી છે. એવું માની લેવામાં આવ્યું છે કે પ્રત્યેક સમાનતા તેનાથી સંબંધિત વસ્તુની એક એકમ બતાવી છે. ત્યારે Y વસ્તુની એક એકમ બનાવવા માટે મૂડીથી OC માત્રા અને શ્રમની OP માત્રા દ્વારા ઉત્પાદિત થાય છે. તે બિંદુ E દ્વારા નિર્ધારિત થાય છે. જ્યાં સમખર્ચ (Is cost) રેખા AA સમાનતા વક્ર YYને સ્પર્શ કરે છે. આ તર્ક પરથી જાણી શકાય છે કે દેશ A માં X વસ્તુના એક એકમ ઉત્પાદિત કરવા માટે મૂડીખર્ચ OM માત્રા તથા શ્રમની ON માત્રા છે. જે L બિંદુ પર નિર્ધારિત થાય છે. કેમકે, આ બિંદુ પર રેખા AA તથા વક્ર XX સ્પર્શ કરે છે. કારણ કે દેશ Aમાં મૂડી વિપુલ પ્રમાણમાં અને સસ્તી છે. માટે A દેશ મૂડીપ્રધાન વસ્તુના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરશે. આકૃતિમાં એ સ્પષ્ટ છે કે જ્યાં વસ્તુ Yના એક એકમનું ઉત્પાદન કરવા માટે તે દેશે સમાનતા વક્ર YYના બિંદુ E પર વધારે મૂડીનું પ્રમાણ OC શ્રમની સાપેક્ષ રીતે OD મેમની ઓછી માત્રનો ઉપયોગ થાય છે. બીજી બાજુ વસ્તુ Xના એક એકમના ઉત્પાદન કરવા માટે તે દેશ સમાનતા વક્ર XXના બિંદુ L પર ઓછા મૂડીનું પ્રમાણ OM તથા શ્રમનું વધારે પ્રમાણ ONનો પ્રયોગ કરે છે. આથી દેશ Aમાં સાપેક્ષ રીતે મૂડી પ્રચૂર પ્રમાણમાં પ્રાપ્ત હોવાને કારણે મૂડી સસ્તી હશે. જે A દેશ Y વસ્તુનું કે જે મૂડીપ્રધાન વસ્તુ છે, તેનું ઉત્પાદન કરશે અને B દેશમાં નિકાસ કરશે.

B દેશના સંદર્ભમાંદેશ B જ્યાં શ્રમ વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત છે, અને તેથી તે સસ્તો છે. પ્રત્યેક એકમનો ઉત્પાદન ખર્ચ જાણવા માટે સમાનતા વક્ર YYને બિંદુ G પર એક ચપટી સાધન કિંમત રેખા BB_3 નું દોરવામાં આવી છે. એક એવી જ સાધન કિંમત રેખા B_1 B_2 ને BB_3 ના સમાન્તર દોરવામાં આવી છે. જે બિંદુ S પર સમાનતા વક્ર XX ને સ્પર્શ કરે છે. હવે દેશ Bમાં

વસ્તુ Yની એક એકમ ઉત્પાદિત કરવા માટે મૂડીનું Ok પ્રમાણ તથા શ્રમનું OH પ્રમાણ જોઈએ. બીજી બાજુ B દેશમાં વસ્તુ Xની એક એકમ ઉત્પાદિત કરવા માટે મૂડીની OT માત્રા અને શ્રમની OR માત્રા જોઈએ. કારણ કે B દેશમાં શ્રમનું પ્રમાણ વધારે હોવાથી શ્રમ સસ્તો છે. આથી દેશ B શ્રમપ્રધાન વસ્તુ Xના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરશે. આથી B દેશ સમાનતા વક્ર XXને બિંદુ S પર વસ્તુ Xનું ઉત્પાદન કરશે. જેના માટે અધિકશ્રમ OR તથા ઓછી મૂડી OTની જરૂરિયાત રહેશે. જ્યારે વસ્તુ Yની એક એકમ ઉત્પાદિત કરવા માટે સમાનતા વક્ર YYને બિંદુ G પર ઓછો શ્રમ OHની સાથે અધિક મૂડી Ok જોઈશે. કારણ કે દેશ B શ્રમપ્રધાન દેશ છે. એટલા માટે તે શ્રમપ્રચૂર વસ્તુ Xનું ઉત્પાદન કરશે. અને તેને દેશ Aની મૂડી પ્રચુર વસ્તુ Y સાથે વિનિમય કરશે.

ઉપરના વિશ્લેષણથી સાબિત થાય છે કે મૂડીપ્રધાન દેશ સાપેક્ષ રીતે સસ્તી મૂડીપ્રધાન વસ્તુઓની નિકાસ કરશે અને શ્રમપ્રધાન દેશ સાપેક્ષ રીતે સસ્તી શ્રમપ્રધાન વસ્તુઓની નિકાસ કરશે.

2. સાધન વિપુલતા જથ્થાની રીતે :-

હેક્સર-ઓહલીન સિદ્ધાંતની વ્યાખ્યા ભૌતિક જથ્થાની રીતે સાધન વિપુલતાના આધારે પણ કરવામાં આવી છે. ધારો કે બે દેશ છે - અમેરિકા અને ભારત. ધારો કે ભૌતિક રીતે અમેરિકામાં મૂડીની અને ભારતમાં શ્રમની વિપુલતા છે. સૂત્રના સ્વરૂપમાં જોઈએ તો.

$$\frac{\text{મૂડીનો જથ્થો (અ)}}{\text{શ્રમનો જથ્થો (અ)}} > \frac{\text{મૂડીનો જથ્થો (ભા)}}{\text{શ્રમનો જથ્થો (ભા)}}$$

અહી અ = અમેરિકા અને ભા = ભારત દેશ છે.

X અને Y બે વસ્તુ છે. Xશ્રમ પ્રચૂર વસ્તુ છે. અને Y મૂડીપ્રચૂર વસ્તુ છે. આ પરિસ્થિતિમાં અમેરિકા અને ભારતના ઉત્પાદન શક્યતા રેખાઓ નીચેની આકૃતિમાં દર્શાવ્યા મુજબ હશે.



સમજૂતી :

ભારતની ઉથ્પાદન શક્યતા રેખા BB_1 સૂચવે છે કે ભારત પોતાના બધાં જ સાધનો Xના ઉત્પાદનમાં રોકે તો અમેરિકા કરતાં વધારે ઉત્પાદન કરી શકે છે. જ્યારે અમેરિકાની ત્પાદન-શક્યતા રેખા (AA_1) એમ બતાવે છે કે અમેરિકા Y ના બધા જ સાધનો રોકે તો ભારત કરતાં વધુ ઉત્પાદન કરી શકે છે.

અહીં આપણે માંગનાં પરિબળને અપ્રસ્તુત ગણીએ છીએ. આથી માની લઈએ કે બંને દેશોમાં વસ્તુઓની માંગ સરખા પ્રમાણમાં થશે. આ હકીકત દર્શાવવા માટે ઉદ્ગમબિંદુ O માંથી શરૂ થતી 45^o ની રેખા મહત્ત્વની છે. 45^oની રેખા ભારતની ઉત્પાદન શક્યતા રેખા BB_1 ને C બિંદુએ અને અમેરિકાની ઉત્પાદન શક્યતા રેખા AA_1 ને D બિંદુએ કાપે છે. ભારત અને અમેરિકા જો અનુક્રમે C અને D બિંદુએ બે વસ્તુઓનું ઉત્પાદન કરતાં હોય તો જ બંને દેશોમાં બંને વસ્તુઓના ઉત્પાદનનો ગુણોત્તર સરખો થશે.

C અને D બિંદુએ બંને દેશોમાં X અને Y વસ્તુઓનું સાપેક્ષ મૂલ્ય કેટલું છે, એ પણ કહી શકાય. ભારતની ઉત્પાદન શક્યતા રેખાને C બિંદુએ સ્પર્શતી EE_1 રેખા નો ઢાળ ભારતમાં Xનું મૂલ્ય (Y ના સંદર્ભમાં) દર્શાવે છે, જ્યારે અમેરિકાની ઉત્પાદન શક્યતા રેખાને D બિંદુએ સ્પર્શતી FF_1 કરતા FF_1 નો ઢાળ વધુ છે. એનો અર્થ એ થયો કે ભારત કરતાં અમેરિકામાં Xનું મૂલ્ય વધુ છે. ભારતમાં X વસ્તુ મોંઘી અને Y વસ્તુ સસ્તી છે. પરિણામે વેપાર શક્ય અને લાભદાયી બનશે. ભારત X વસ્તુની નિકાસ કરશે અને અમેરિકા Y વસ્તુની નિકાસ કરશે. આમ શ્રમસંપન્ન દેશ શ્રમપ્રચૂર અને મૂડી સંપન્ન દેશ મૂડીપ્રચૂર વસ્તુમાં વિશેષીકરણ અપનાવે છે.

માંગના સંજોગોની દૃષ્ટિએ સમજૂતી :

હવે માંગના સંજોગોની વેપારની તરેહ પર પડતી અસરો તપાસીએ.

આકૃતિ :



આકૃતિમાં ભારતની ઉત્પાદન શક્યતા રેખા BB_1 અને અમેરિકાની ઉત્પાદન શક્યતા રેખા AA_1 છે. ભારત શ્રમસંખ્યા અને અમેરિકા મૂડીસપન્ન દેશ છે. X વસ્તુ શ્રમપ્રચૂર છે. અને Y વસ્તુ મૂડીપ્રચૂર છે.

વેપાર અગાઉ ભારતમાં C બિંદુએ પ્રાપ્ત થતા X અને Y વસ્તુઓના સંયોજનની માંગ છે. જ્યારે અમેરિકામાં D બિંદુએ પ્રાપ્ત થતા સંયોજનની માંગ છે. એનો અર્થ એ થયો કે ભારતમાં

મૂડી કરતાં શ્રમ વધુ છે, તો મૂડીપ્રચૂર વસ્તુઓની સરખામણીમાં શ્રમપ્રચૂર વસ્તુઓની આંતરિક માંગ પણ વધુ છે. એવી જ રીતે અમેરિકામાં શ્રમ કરતાં મૂડીનો પુરવઠો વધુ છે. તો શ્રમપ્રચૂર વસ્તુઓની આંતરિક માંગ પણ વધુ છે. તો શ્રમપ્રચૂર કરતાં મૂડીપ્રચૂર વસ્તુઓની આંતરિક માંગ પણ વધુ છે. આથી બંને દેશોમાં બંને વસ્તુઓની કિંમતનો ગુણોત્તર સરખો છે. બંને દેશો માટે PP રેખા સમાન રાખી છે. PPનો ઢાળ C અને D બંને બિંદુઓ સરખા છે. અર્થાત્ Yના સંદર્ભમાં Xનું મૂલ્ય બંને દેશોમાં સરખું છે.

❖ પ્રશિષ્ટ સિદ્ધાંતની તુલનામાં હેકસ-ઓહલીનના સિદ્ધાંતની શ્રેષ્ઠતા :

1. આંતરરાષ્ટ્રીય વેપાર એક વિશિષ્ટ સ્થિતિ :

   ક્લાસિક (પ્રશિષ્ટ) સિદ્ધાંતથી આ સિદ્ધાંત એટલા માટે શ્રેષ્ઠ છે કે આંતરરાષ્ટ્રીય વેપારને ઓહલીન આંતર પ્રાદેશિક અથવા આંતર સ્થાનિક વેપારની વિશેષ સ્થિતિ છે, જ્યારે ક્લાસિક સિદ્ધાંત આંતરરાષ્ટ્રીય વેપારને ઘરેલુ વેપારથી બિલકુલ ભિન્ન છે.

2. સામાન્ય સંતુલન સિદ્ધાંત :

   ઓહલીનના વિશ્લેષણ મૂલ્યના યથાર્થ સિદ્ધાંત પર આધારિત હતો. આથી આ સિદ્ધાંતને અવાસ્તવિક શ્રમ સિદ્ધાંતથી મુક્ત છે.

3. ઉત્પાદનનાં બે સાધનો :

   હેક્સ ઓહલીન સિદ્ધાંત ઉત્પાદનનાં બે સાધન શ્રમ અને મૂડી ગણે છે, જ્યારે ક્લાસિક સિદ્ધાંત ઉત્પાદનના એક સાધન શ્રમ પર આધારિત છે.

4. સાધન પુરવઠામાં અંતર :

   રિકાર્ડોના સિદ્ધાંતથી હેક્સર ઓહલીન સિદ્ધાંત એટલા માટે પણ શ્રેષ્ઠ છે કે આંતરરાષ્ટ્રીય વેપારના માળખાને નિર્ધારિત કરવા માટે સાધનોના પુરવઠાના તફાવત પર આધાર રાખે છે. જ્યારે રિકાર્ડોનો સિદ્ધાંત તેના પર ધ્યાન આપતો નથી.

5. સાધનોની સાપેક્ષ કિંમત :

   હેક્સર-ઓહલીનનો સિદ્ધાંત વધારે વાસ્તવિક છે, કારણ કે તે સાધનોની સાપેક્ષ કિંમત પર આધારિત છે, જે આગળ વસ્તુઓની સાપેક્ષ કિંમતો પર અસર કરે છે, જ્યારે રિકાર્ડોનો સિદ્ધાંત ફક્ત વસ્તુઓની સાપેક્ષ કિંમત પર વિચાર કરે છે.

6. સાધનોની સાપેક્ષ ઉત્પાદકતા :

   ઓહલીનનો સિદ્ધાંત શ્રમ તથા મૂડીની સાપેક્ષ ઉત્પાદકતાના અંતરને આંતરરાષ્ટ્રીય વેપારનો આધાર માને છે. જ્યારે પ્રશિષ્ટ સિદ્ધાંત ફક્ત શ્રમની ઉત્પાદકતાને જ મહત્વ આપે છે.

7. સાધન સમ્પન્નતામાં અંતર :

   ઓહલીન મોડલનો એક ગુણ એ પણ છે કે તે વિવિધ દેશોની સાધન સંપન્નતા પર આધારિત છે. જ્યારે ક્લાસિક સિદ્ધાંતમાં એક સાધન શ્રમની ગુણવત્તાને જ ગણે છે. આ પ્રમાણે ઓહલીનનો સિદ્ધાંત શ્રેષ્ઠ છે કારણ કે આંતરરાષ્ટ્રીય મૂલ્ય નિર્માણ કરવામાં કેવળ સાધનોની ગુણવત્તા પર જ નહિં, પરંતુ તેના પ્રમાણ પર પણ ભાર આપે છે.

8. તુલનાત્મક ખર્ચમાં અંતરનું કારણ :

સેમ્યુલસન અનુસાર રિકાર્ડોનો સિદ્ધાંત તુલનાત્મક લાભના તફાવતના કારણોને સ્પષ્ટ રીતે સમજાવી શકાતો નથી. ઓહલીનના સિદ્ધાંતનો એ ફાયદો છે કે તે તેની સંતોષજનક વ્યાખ્યા આપે છે.

9. સકારાત્મક સિદ્ધાંત :

પ્રશિષ્ટ સિદ્ધાંત બે દેશો વચ્ચે વેપારથી પ્રાપ્ત થતા લાભને દર્શાવે છે. તે કલ્યાણના સિદ્ધાંત સાથે સંબંધિત છે. બીજી બાજુ ઓહલીન મોડલ વૈજ્ઞાનિક છે. અને વેપારના મૂળ કેન્દ્ર પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પ્રકારે તે સકારાત્મક સિદ્ધાંત છે.

10. બે દેશોના ઉત્પાદન વિધેય :

આ સિદ્ધાંત સ્પષ્ટ રીતે બે દેશોના ઉત્પાદન વિધેયની માન્યતા પર આધારિત છે. બીજી બાજુ પ્રશિષ્ટ સિદ્ધાંત વેપાર કરતા દેશોના ઉત્પાદનની વિભિન્નતા પર આધારિત છે.

11. પૂર્ણ વિશિષ્ટીકરણ :

ઓહલીનનો સિદ્ધાંત વધુ વાસ્તવિક છે, કારણ કે તે એક દેશ એક વસ્તુના ઉત્પાદનમાં પૂર્ણ વિશિષ્ટીકરણ તરફ લઈ જાય છે. અને બીજા દેશને બીજી વસ્તુમાં જ્યારે બે દેશ એકબીજા સાથે વેપાર કરે છે. બીજી બાજુ ક્લાસિક (પ્રશિષ્ટ) સિદ્ધાંત બંને દેશોને પૂર્ણ વિશિષ્ટીકરણ સાથે લઈ જઈ શકે પણ અને નહીં પણ.

12. વેપારનું ભવિષ્ય :

લંકાસ્ટરના અનુસાર હેક્સર ઓહલીનનો સિદ્ધાંત ક્લાસિકલ સિદ્ધાંતથી શ્રેષ્ઠ છે. કારણ કે તે વેપારના ભવિષ્ય બાબતને દર્શાવે છે. ક્લાસિકલ સિદ્ધાંત બે દેશો વચ્ચે તુલનાત્મક ખર્ચમાં તફાવત, શ્રમની કુશળતામાં તફાવત બે દેશો વચ્ચે વેપારનું કારણ છે. ભવિષ્યમાં બંને દેશોમાં શ્રમસમાન કુશળતા પ્રાપ્ત કરે તો તેમના વચ્ચે વેપાર જ નહીં થાય. પરંતુ હેક્સર-ઓહલીનના સિદ્ધાંતમાં બંને દેશોમાં શ્રમ કુશળ થશે તો પણ વેપાર સમાપ્ત નહીં થાય કારણ કે તે સાધનોની સમન્વયતા પર આધારિત છે. અને તે સાધનોની કિંમતમાં તફાવતના કારણે જ આંતરરાષ્ટ્રીય વેપાર વિકસ્યો છે.

13.3 હેક્સર-ઓહલીન સિદ્ધાંતની આલોચના/મર્યાદા :

1. 2-2-2 મોડેલ :

ઓહલીને સરળ માન્યતા આધારે 2-2-2 મોડલ પ્રસ્તુત કર્યું છે. પરંતુ ઓહલીને સ્વયં ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ સિદ્ધાંત અને વસ્તુઓ, અનેક પ્રદેશો અને અનેક સાધનો સુધી વિસ્તારિત કરી શક્યા છે. તેને તેઓએ પોતાના પુસ્તકમાં ગાણિતિક પરિશિષ્ટમાં બતાવ્યું છે.

2. સ્થૈતિક સિદ્ધાંત :

ક્લાસિક સિદ્ધાંતની જેમ જ ઓહલીનનો સિદ્ધાંત પણ સ્થૈતિક છે. તેમાં સમયના એક બિંદુમાં અર્થવ્યવસ્થાની થોડી વિશેષતાઓના આધારે જ રજૂ કરવામાં આવ્યો છે.

3. સાધન સમરૂપ નહીં :

આ સિદ્ધાંત એમ માને છે કે બંને દેશોમાં સાધન સમરૂપ હોય છે. અને તેમને

સાધનસંપન્નતા ગુણોત્તરની ગણતરી કરવા માટે માપી શકાય છે. પરંતુ વાસ્તવમાં બંને દેશોમાં સાધન ગુણવત્તાની દૃષ્ટિએ એક સમાન નથી હોતા અને એક સાથે પણ વિવિધ પ્રકારના હોઈ શકે છે. જેમકે શ્રમકુશળ અને અકુશળ છે.

4. ઉત્પાદન ટેક્નિ એકરૂપ હોતી નથી :

ઓહલીન એમ માને છે કે બંને દેશોમાં ઉત્પાદન ટેક્નિક એક સમાન હોય છે. પરંતુ બંને દેશોમાં ઉત્પાદન ટેક્નિક અલગ-અલગ હોઈ શકે છે. ઉદાહરણ તરીકે કાપડ શ્રમ સાધનનો વધુ ઉપયોગ કરીને બનાવી શકાય છે. જ્યાં મૂડીનો ઓછો ઉપયોગ થયેલ હોય છે. તો બીજી રીતે કાપડનું ઉત્પાદન ઓછા શ્રમ અને વધુ મૂડીનો ઉપયોગ કરીને પણ બનાવી શકાય છે.

5. રુચિ અને માંગનું માળખુ સમરૂપ નહીં :

આ સિદ્ધાંત એમ માને છે કે બંને દેશોમાં રુચિ અને માંગનું માળખુ એક સમાન હોય છે. આ માન્યતાના આધારે સિદ્ધાંત એમ કહેવા માંગે છે કે સમાન આવક ધરાવતા ગ્રૂપની માંગ બંને દેશોમાં એક સમાન હોય છે, જે અવાસ્તવિક છે. ઉપભોગયુક્ત વસ્તુઓમાં નવી શોધખોળ થવાને કારણે માંગના માળખામાં ફેરફાર વિકાસશીલ દેશોમાં પણ જોવા મળે છે. આ માન્યતાના આધારે એમ કહેવામાં આવે છે કે જે વસ્તુનીમાંગ વપરાશકર્તા અમેરિકામાં કરે છે, તે જ વસ્તુની માંગ વપરાશકર્તા જર્મનીમાં પણ કરે છે.

6. સ્થિર વળતરનો નિયમ જોવા મળતો નથી :

આ સિદ્ધાંત અનુસાર સ્થિર વળતરનો નિયમ લાગુ પડે છે, જે અવાસ્તવિક છે. કારણ કે દેશ જે સાધનમાં સંપન્નતા ધરાવે છે, તેનો ઉપયોગ કરીને વધુ ને વધુ ઉત્પાદન કરે છે. અને તેની નિકાસ કરે છે.જેના કારણે વધતા વળતરના નિયમ દ્વારા વળતર મળે છે, નહિ કે સ્થિર વળતરના નિયમ અનુસાર.

7. વાહનવ્યવહાર ખર્ચ વેપારને અસર કરે છે :

આ સિદ્ધાંતના વાહનવ્યવહાર ખર્ચ શૂન્ય ગણવામાં આવે છે. પરંતુ જો વાહનવ્યવહાર ખર્ચની ગણતરી કરવામાં આવે તો બંને દેશોની એક જ વસ્તુની કિંમતમાં અંતર વધતું જાય છે. જે તેના વેપારના સંબંધોને અસર કરશે.

8. સાધન કિંમત વસ્તુ કિંમતને નિર્ધારિત નથી કરતી :

પ્રો. વિજનહોલ્ડ ઓહલીનના આ મતની આલોચના કરે છે કે સાધન કિંમત વસ્તુ કિંમતનું નિર્ધારણ કરે છે. તેમનો મત છે કે વપરાશ કરનાર માટે વસ્તુની ઉપયોગિતા વસ્તુની કિંમત નક્કી કરે છે. અને કાચોમાલ તેમજ શ્રમની કિંમતો અંતિમ વસ્તુઓની કિંમતો નક્કી કરે છે. તેનો નિશ્ચિત મત છે કે સાચી પદ્ધતિ એ છે કે સાધન કિંમતને બદલે વસ્તુ કિંમતના આધારે વેપારમાં આગળ વધવામાં આવે.

9. પૂર્ણ રોજગારી અને પૂર્ણ હરિફાઈ અવાસ્તવિક ધારણા :

હેક્સર-ઓહલીનનો સિદ્ધાંત પૂર્ણ રોજગારી અને પૂર્ણ હરિફાઈની ધારણા પર આધારિત છે. પરંતુ વાસ્તવમાં કોઈ પણ દેશના અર્થતંત્રમાં ન તો પૂર્ણ રોજગારી જોવા મળે છે ન પૂર્ણ હરિફાઈ આદર્શ સ્થિતિ છે. આ બાબત વાસ્તવમાં જોવા મળતી નથી.

10. અસ્પષ્ટ અને સશરતો સિદ્ધાંત :

હેબલરના મત અનુસાર ઘણા બધા ઉત્પાદનનાં સાધનો સાથે જેમાંથી કેટલાંક સાધનો વિભિન્ન દેશોમાં ગુણાત્મક રીતે એક સમાન હોતાં નથી. તેમજ વિભિન્ન દેશોમાં અસમાન ઉત્પાદન વિધેય સાથે, વેપારના માળખા માટે કોઈ સ્પષ્ટ સામાન્યીકરણ પહેલાથી જ સંભવ નથી.

ઉપરોક્ત ચર્ચાના આધારે કહી શકાય કે હેક્સર-ઓહલીનનો સિદ્ધાંત ક્લાસિક સિદ્ધાંતની ઘણી બધી મર્યાદાઓ દૂર કરે છે. તે રિકાર્ડોના તુલનાત્મક ખર્ચનો સિદ્ધાંત તેમજ મિલનો પારસ્પરિક માંગના સિદ્ધાંતને પોતાનામાં સમાવી લે છે. તેમજ આ સિદ્ધાંત વેપાર કરતા દેશોના આર્થિક માળખાને વેપારના માળખા સાથે જોડે છે.

❖ તમારી પ્રગતિ ચકાસો (ક) :

1. હેક્સર-ઓહલીનના સિદ્ધાંતમાં સાધન વિપુલતા કિંમતની દષ્ટિએ સમજાવો (૬-૭ વાક્યમાં જવાબ આપો.)

2. હેક્સર-ઓહલીનના સિદ્ધાંતની શ્રેષ્ઠતા તુલનાત્મક રીતે ક્લાસિક સિદ્ધાંતની સરખામણી સાથે સમજાવો (૮-૧૦ વાક્યમાં જવાબ આપો)

3. હેક્સર-ઓહલીન સિદ્ધાંતની મર્યાદા સમજાવો (૮-૧૦ વાક્યમાં જવાબ આપો)

4. હેક્સર-ઓહલીન દ્વારા પ્રસ્તુત સિદ્ધાંત ક્યા નામે ઓળખાય છે. (૧-૨ વાક્યમાં જવાબ આપો)

5. સાધનપ્રમાણ તફાવતનો સિદ્ધાંત આપનાર બે અર્થશાસ્ત્રીના નામ લખો (૧-૨ વાક્યમાં જવાબ આપો)

6. ૨-૨-૨ મોડલ એટલે શું ? (૧-૨ વાક્યમાં જવાબ આપો)

7. તુલનાત્મક ખર્ચનો સિદ્ધાંત ક્યા અર્થશાસ્ત્રીએ આપ્યો છે? (૧-૨ વાક્યમાં જવાબ આપો)

❖ તમારી પ્રગતિ ચકાસો

(ક) નીચેના પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરો :

1. આંતરરાષ્ટ્રીય વેપાર ક્યા પરિબળની નીપજ છે?
   (A) રાજકીય સંબંધો (B) આંતરરાષ્ટ્રીય સમજૂતી
   (C) પ્રાદેશીક શ્રમવિભાજન (D) વિશ્વકુટુંબની ભાવના

2. આંતરરાષ્ટ્રીય વેપાર શા માટે ઉદ્ભવે છે?
   (A) અસીમિત માનવ જરૂરિયાતો (B) સીમિત સાધનો
   (C) વિશિષ્ટીકરણ (D) સાધન પ્રમાણ તફાવત

3. હેક્સર-ઓહલીન આપેલ સિદ્ધાંતમાં આંતરરાષ્ટ્રીય વેપારનું મુખ્ય કારણ ક્યું છે ?
   (A) નિરપેક્ષ ખર્ચ તફાવત (B) સાપેક્ષ ખર્ચ તફાવત
   (C) સરખો ખર્ચ તફાવત (D) સાધન પ્રમાણ તફાવત

4. નીચેની કઈ પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય વેપાર અસ્તિત્વમાં આવશે નહીં ?
   (A) નિરપેક્ષ ખર્ચ તફાવત (B) સાપેક્ષ ખર્ચ તફાવત
   (C) સરખો ખર્ચ તફાવત (D) સાધન પ્રમાણ તફાવત

5. લિયોન્તિકનો સિદ્ધાંત વિશ્વવેપારના ક્યા સિદ્ધાંતને ખોટો ઠેરવવાનો પ્રયાસ કરે છે.

   (A) એડમ સ્મિથનો સિદ્ધાંત (B) રિકાર્ડોનો સિદ્ધાંત

   (C) હેક્સર-ઓહલીનનો સિદ્ધાંત (D) જે.એસ. મિલનો સિદ્ધાંત

13.4 મિલનો પારસ્પરિક માંગનો સિદ્ધાંત :

❖ પ્રસ્તાવના :

રિકાર્ડોએ તુલનાત્મક લાભનો સિદ્ધાંત આપેલો છે, પરંતુ તેમાં સ્પષ્ટ નથી કરવામાં આવ્યું કે પરસ્પર વિનિમય ક્યાં ગુણોત્તરમાં થશે. આ સમસ્યા પર જે. એસ.મિલ પોતાના સિદ્ધાંતમાં પારસ્પરિક માંગની વિસ્તારપૂર્વક ચર્ચા કરે છે. મિલે વેપારની સંમતુલિત શરતોના નિર્ધારણની વ્યાખ્યા કરવા માટે 'પારસ્પરિક માંગ' શબ્દનો ઉપયોગ કર્યો છે. આ શબ્દ કોઈ દેશની એક વસ્તુની માંગને અન્ય વસ્તુના એ પ્રમાણના રૂપમાં દર્શાવે છે. જે તે બદલામાં છોડવા તૈયાર હોય, પારસ્પરિક માંગ જ વેપારની શરતો નિર્ધારિત કરે છે. જો આગળ પ્રત્યેક દેશ સાથે તે નિર્ધારિત કરે છે. બે વસ્તુઓ વચ્ચે સંતુલન એ વિનિમયના ગુણોત્તર પર આધારિત હશે. જેના પર પ્રત્યેક દેશ દ્વારા બીજા દેશથી આયાત કરવામાં આવતી વસ્તુની માંગ એટલી જ હશે જે એકબીજાને ચૂકવણી કરવામાં પ્રાપ્ત થતી હશે.

મિલે પોતાના સિદ્ધાંતની રજૂઆત કરવા માટે અથવા તો વ્યાખ્યા કરવા માટે પહેલા રિકાર્ડોના તુલનાત્મક ખર્ચના સિદ્ધાંતને પુનઃ પ્રસ્તુત કર્યો છે. 'તેમણે એ માન્યતાને બદલે કે બે દેશોમાં પ્રત્યેક વસ્તુના ઉત્પાદનનું પ્રમાણ આપેલું છે, જેની શ્રમખર્ચ વિભિન્ન છે, એ માન્યતા રાખી છે કે પ્રત્યેક દેશમાં શ્રમનું પ્રમાણ આપેલું છે. પરંતુ તેના ઉત્પાદનનું પ્રમાણ અલગ-અલગ છે. આ પ્રકારે રિકાર્ડોના તુલનાત્મક શ્રમખર્ચની માન્યતાના મુકાબલે મિલએ તુલનાત્મક લાભના સ્વરૂપમાં પોતાના સિદ્ધાંતની સ્થાપના કરી છે.'

❖ ધારણાઓ :

1. બે દેશ માની લો ઈંગ્લેન્ડ અને જર્મની
2. બે વસ્તુઓ માની લો લિનન-કપડા
3. બંને વસ્તુઓનું ઉત્પાદન સ્થિર વળતરના નિયમ અનુસાર થાય છે.
4. વાહનવ્યવહાર ખર્ચ શૂન્ય છે.
5. બંને દેશોની જરૂરિયાત એક સમાન છે.
6. પૂર્ણ હરિફાઈ છે.
7. પૂર્ણ રોજગાર છે.
8. મુક્ત વેપાર છે.
9. બંને દેશમાં વેપાર સંબંધ વચ્ચે તુલનાત્મક ખર્ચનો નિયમ લાગુ પડે છે.

❖ સિદ્ધાંતની સમજૂતી :

ઉપરોક્ત માન્યતા/ ધારણાના આધારે મિલે ઉદાહરણની મદદથી પોતાનો સિદ્ધાંત સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

ધારો કે જર્મની એક વર્ષ દરમિયાન લિનન10 એકમો અથવા કપડાના 10 એકમોનું ઉત્પાદન કરે છે. અને ઈંગ્લેન્ડ એટલા જ શ્રમમાં તેમજ સમયમાં લિન ના 6 એકમો અથવા કપડાના 8 એકમોનું ઉત્પાદન કરે છે. મિલના મત અનુસાર એકમોના ઉત્પાદન સંબંધિત એવી

કલ્પના કરવામાં આવે કે ઈંગ્લેન્ડના હિતમાં એ હશે કે તે જર્મનીથી ની આયાત કરે અને જર્મનીના હિતમાં હશે કે તે ઈંગ્લેન્ડથી કપડાની આયાત કરે.''

ઉત્પાદિત વસ્તુઓનું પ્રમાણ (એકમમાં)

દેશ	લિનન	કાપડ
જર્મની	10	10
ઈંગ્લેન્ડ	06	08

એનું કારણ એ છે કે જર્મનીને કાપડ તથા લિનન બંનેના ઉત્પાદનમાં નિરપેક્ષ લાભ છે. જ્યારે ઈંગ્લેન્ડને કાપડના ઉત્પાદનમાં ન્યૂનતમ હાનિ છે. તેનાથી તેના ઘરેલું વિનિમય ગુણોત્તર આ આંતરરાષ્ટ્રીય વિનિમય ગુણોત્તરને સમજી શકાય છે. $\frac{5}{3} > \frac{5}{4}$ વધારે છે. $\left(\frac{5}{3} > \frac{5}{4}\right)$ આથી લિનનના ઉત્પાદનમાં જર્મનીને તુલનાત્મક લાભ વધારે થશે. આથી જર્મનીના હિતમાં એ હશે કે ઈંગ્લેન્ડને કાપડના બદલામાં સ્થિતિ લિન ના ઉત્પાદન $\frac{3}{5}$ (આવા $\frac{6}{10}$) અને કાપડના ઉત્પાદનમાં $\frac{4}{5}$ (અથવા $\frac{8}{10}$) છે. કારણ કે $\frac{3}{5}$ થી $\frac{4}{5}$ વધારે છે. $\left(\frac{4}{5} / \frac{3}{5}\right)$ છે. એટલા માટે ઈંગ્લેન્ડના હિતમાં છે કે તે જર્મનીને લિનેના બદલા કપડાની નિકાસ કરે.

મિલનો પારસ્પરિક માંગનો સિદ્ધાંત સંભવિત શરતો સાથે સંબંધ રાખે છે. જેનામાં બે દેશો વચ્ચે-બે વસ્તુઓ પર પરસ્પર વિનિમય થાય છે. વેપારની શરતોનો અર્થ થાય છે કે ''બે દેશો વચ્ચે વેપારની વસ્તુ વિનિમયની શરત અર્થાત્ એક દેશની આયાતના પ્રમાણની સાથે નિકાસનો આપેલો ગુણોત્તર''

ઉદાહરણ તરીકે ધારો કે બે એકમ શ્રમ-સમય બગાડવાથી જર્મનીમાં લિનનો 10 એકમો તથા કાપડના 10 એકમોનું ઉત્પાદન થાય છે ત્યારે ઈંગ્લેન્ડમાં શ્રમના તેટલા જ પ્રમાણથી લિનનના 6 એકમો અને કાપડના 8 એકમોનું ઉત્પાદન થાય છે. લિનન અને કાપડ વચ્ચે ઘરેલું (સ્થાનિક) વિનિમય ગુણોત્તર જર્મનીમાં 1:1 અને ઈંગ્લેન્ડમાં 1:1.33

આ પ્રમાણે વેપારની સંભવિત શરતોની મર્યાદા જર્મનીમાં 1:1 અને ઈંગ્લેન્ડમાં 1:1.33 છે. આ પ્રમાણે બંને દેશો વચ્ચે વેપારની શરતો લિનન કાપડ 1 અથવા 1.33 કાપડ થશે.

પરંતુ વાસ્તવિક ગુણોત્તર પારસ્પરિક માંગ પર આધાર રાખે છે. અર્થાત્ 'બીજા દેશની વસ્તુ માટે પ્રત્યેક દેશની માંગની શક્તિ તથા મૂલ્યસાપેક્ષતા પર આધાર રાખે છે.' જો ઈંગ્લેન્ડના કપડા માટે જર્મનીમાં માંગ વધારે તીવ્ર હશે તો વેપારની શરત 1:1 થી વધારે નજીક હશે. ઈંગ્લેન્ડના એક એકમ કાપડના બદલે જર્મનીના લિનની એક એકમ વિનિમય કરવા માટે તૈયાર થશે. વેપારની શરત જર્મની માટે પ્રતિકૂળ અને ઈંગ્લેન્ડ માટે અનુકૂળ થશે. પરિણામ એ આવશે કે વેપારની ઈંગ્લેન્ડ કરતાં જર્મનીને ઓછો લાભ થશે. બીજી બાજુ, જો ઈંગ્લેન્ડના કાપડ માટે જર્મનીની માંગ ઓછી તીવ્ર હશે તો વેપારની શરત 1:1.33 થી નજીક હશે. વેપારની શરત જર્મનીના પક્ષમાં અને ઈંગ્લેન્ડ માટે પ્રતિકૂળ થશે. કારણ કે જર્મની 1 લિનનના બદલે ઈંગ્લેન્ડથી 1.33 કાપડ સાથે વિનિમય થશે. પરિણામ સ્વરૂપ વેપારની ઈંગ્લેન્ડની સાપેક્ષતા જર્મનીને વધુ લાભ થશે. સંક્ષિપ્તમાં કહી શકાય કે.

1. વસ્તુ વિનિમય શરતોના સંભવતઃ સીમા ક્ષેત્ર વેપારની સંબંધિત ઘરેલું શરતોથી પ્રાપ્ત થશે તેને પ્રત્યેક થશે જેને પ્રત્યેક દેશમાં તુલનાત્મક કુશળતા નિર્ધારિત કરે છે.
2. આ સીમા ક્ષેત્રની અંદર વેપારની વાસ્તવિક શરત પ્રત્યેક દેશની વસ્તુ માટે બીજા દેશની માંગ પર આધાર રાખે છે.

આકૃતિ :



ધારો કે વિશ્વમાં બે દેશ A અને B છે. અને બે વસ્તુ X અને Y છે. ત્યારે પારસ્પરિક માંગના નિયમ અનુસાર વેપારની શરતો દેશ B ના (વસ્તુ X)ના માટે A દેશની માંગ તથા દેશ A ના ઉત્પાદન (વસ્તુ Y)ના માટે દેશ B ની માંગ ધ્વારા નિર્ધારિત થાય છે. બીજા શબ્દોમાં વેપારની શરત વિદેશી વસ્તુઓ માટેની ઘરેલુ માંગની તીવ્રતા અને ઘરેલુ વસ્તુ માટે વિદેશી માંગની તીવ્રતા નિર્ધારિત કરે છે. દરખાસ્ત રેખા પારસ્પરિક માંગની સાપેક્ષતા તેને દર્શાવે છે.

$$\text{પ્રતિપૂરક માંગની મૂલ્યસાપેક્ષતા} = \frac{\text{આયાતોમાં ટકાવારી ફેરફાર}}{\left(\dfrac{\text{નિકાસી કિંમતોમાં ટકાવારી ફેરફાર}}{\text{આયાતોની કિંમતોમાં ટકાવારી ફેરફાર}}\right)}$$

આકૃતિની સમજૂતી :

દેશ Aની દરખાસ્ત રેખા દેશ Bના ઉત્પાદન Y માટેની માંગની તીવ્રતા બતાવે છે. તથા દેશ Bની દરખાસ્ત રેખા Aના ઉત્પાદન X માટેની માંગની તીવ્રતા દર્શાવે છે. સંતુલિત વેપાર શરત એ બિંદુ પર નિર્ધારિત થાય છે, જ્યાં બંને દરખાસ્ત રેખા એકબીજાને E બિંદુ પર કાપે છે. ફક્ત તે જ માત્ર એક સંતુલિત બિંદુ છે. અને મૂળબિંદુથી દોરવામાં આવેલી રેખા OT સંતુલિત વેપાર શરત રેખા છે. જે E બિંદુ પરથી પસાર થાય છે.

જો આંતરરાષ્ટ્રીય વેપાર શરતની રેખા બંને દેશોની ઘરેલું વિનિમય ગુણોત્તર રેખાઓ OA_1અને OB_1ના મધ્ય A પર છે. તો આંતરરાષ્ટ્રીય વેપારથી બંને દેશોને લાભ થશે.

વેપારની શરત એક દેશના પક્ષ અને બીજા દેશના વિપક્ષમાં હોઈ શકે છે, તો એ બાબત પર આધાર રાખે છે. તો સંબંધિત દેશમાં માંગની મૂલ્યસાપેક્ષતા શું છે. તેનાથી વેપારથી

પ્રાપ્ત કુલ લાભમાંથી તે દેશનો હિસ્સો નક્કી થાય છે.

❖ જે.એસ.મિલના સિદ્ધાંતની આલોચના મર્યાદા :

1. મિલનો સિદ્ધાંત વસ્તુની ઘરેલુ માંગ પર ધ્યાન આપતો નથી :

જેકબ વાઈનર અનુસાર જ્યાં સુધી પ્રત્યેક દેશમાં ઘરેલુ માંગને પૂરી નહીં કરવામાં આવે ત્યાં સુધી વિદેશવેપાર નહીં થાય. ઘરેલુ માંગની પૂર્તિ પછી જ વિદેશ વેપાર થશે. તે બાબતમાં મિલે ઘરેલુ માંગની જ અવગણના કરી છે.

2. બે દેશ એક સમાન આકારના ન હોઈ શકે :

મિલનું વિશ્લેષણ ત્યારે જ સાચું ઠરે જ્યારે બંને દેશોના આકાર એકસમાન હોય અને વસ્તુઓનું વપરાશ મૂલ્ય પણ એક સમાન હોય. આ બંને ધારણાના અભાવમાં જો એક દેશ નાનો હોય અને બીજા દેશ મોટો હોય તો બંને સ્થિતિમાં નાના દેશને વધારે લાભ થશે.

3. પુરવઠા પક્ષની અવહેલના :

પ્રો. ગ્રેહમના મત અનુસાર પ્રો. મિલે ફક્ત માંગ પક્ષ પર જ વધારે ભાર આપ્યો છે. જ્યારે પુરવઠા પક્ષની અવહેલના કરી છે. ગ્રેહામના મત અનુસાર પુરવઠા પક્ષ તેમજ ઉત્પાદન ખર્ચ પણ તેટલો જ મહત્ત્વ ધરાવે છે. આ પ્રમાણે તેમણે પારસ્પરિક માંગનો નિયમ ફક્ત પ્રાચીનકલાના અવશેષો તથા પુરાતન ચિત્રનો વેપાર માટે ઉપયોગી હોવાનું કહીને પ્રહાર કર્યા છે.

4. બે દેશોમાં આવકના ઉતાર-ચઢાવ પર ધ્યાન આપવામાં આવ્યુ નથી :

આ સિદ્ધાંતમાં બંને દેશોમાં આવકના ઉતાર ચઢાવ પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી. આવકના ઉતાર ચઢાવના કારણે બંને દેશોની શરતો પર અસર પડે.

5. વાસ્તવિક તથા કાલ્પનિક :

આ સિદ્ધાંત વેપારની વસ્તુ વિનિમયની શરત તથા સાપેક્ષ કિંમત ગુણોત્તર પર આધારિત છે. આ પ્રમાણે આ સિદ્ધાંત સમસ્ત કિંમત અને મજૂરીની દૃઢતા, ફુગાવો તથા લેણદેણ તુલાની સમતુલાની બધી સમસ્યાઓની ઉપેક્ષા કરે છે. તેથી જ સિદ્ધાંત અવાસ્તવિક અને કાલ્પનિક કહેવામાં આવે તો આશ્ચર્ય નથી.

6. અવાસ્તવિક ધારણા :

આ સિદ્ધાંત અવાસ્તવિક ધારણાઓ પર આધારિત છે. જેમ કે બે દેશ, બેવસ્તુઓ, સ્થિરવળતરનો નિયમ વાહનવ્યવહાર ખર્ચનો અભાવ, પૂર્ણ રોજગાર, પૂર્ણ હરિફાઈ વગેરેની આ ધારણાઓ સિદ્ધાંતને અવાસ્તવિક બનાવી દે છે.

❖ તમારી પ્રગતિ ચકાસો (ખ) :

1. પારસ્પરિક માંગ એટલે શું ? ઉદાહરણ દ્વારા સમજાવો. (ત્રણ-ચાર વાક્યમાં જવાબ આપો.)

2. પારસ્પરિક માંગના સિદ્ધાંતમાં કઈ વેપારની શરતોનું નિર્ધારણ સમજાવવામાં આવ્યું છે ? (એક-બે વાક્યમાં જવાબ આપો)

3. દરખાસ્ત રેખા એટલે શું ? (ત્રણ-ચાર વાક્યમાં જવાબ આપો)

4. પારસ્પરિક માંગના સિદ્ધાંતની ત્રણ મર્યાદાઓ સમજાવો. (પાંચ-છ વાક્યમાં જવાબ આપો)

(ખ) MCQ **બહુવૈકલ્પિક પ્રશ્નો :**

1. ક્યું પરિબળ વેપારની શરતો ને અસર કરતું નથી.

(A) આર્થિક વિકાસ (B) આયાત-જકાત

(C) ચલણનું અવમૂલ્યન (D) રાજકીય નીતિઓ

2. પારસ્પરિક માંગનો સિદ્ધાંત ક્યા અર્થશાસ્ત્રીએ આપ્યો

(A) રિકાર્ડો (B) એડમ સ્મિથ

(C) જે.એસ.મિલ (D) માર્શલ

13.5 સારાંશ :

એડમ સ્મિથે આંતરરાષ્ટ્રીય વેપારના પ્રતિષ્ઠિત સિદ્ધાંતના નિર્માણની આધારશિલા રાખી. પરંતુ ડેવિડ રિકાર્ડોએ એડમ સ્મિથના સિદ્ધાંતને વધારે સ્પષ્ટ કર્યો તેનો વિસ્તાર કર્યો અને

તેને વૈજ્ઞાનિક સ્વરૂપમાં પ્રસ્તુત કયો. આંતરરાષ્ટ્રીય વેપારના પ્રતિષ્ઠિત સિદ્ધાંતને રિકાર્ડો દ્વારા આપેલ તુલનાત્મક લાભનો સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. તુલનાત્મક લાભના સિદ્ધાંતમાં માંગ પક્ષને સંમિલિત કરે છે. બાદમાં સ્ટુઅર્ટ મિલે પારસ્પરિક માંગનો સિદ્ધાંત આપ્યો. જે.એસ.મિલે તુલનાત્મક ખર્ચના સિદ્ધાંતમાં સંશોધન કર્યું છે. અને પારસ્પરિક માંગના સિદ્ધાંતમાં બતાવ્યું કે વાસ્તવિક વેપારની શરતોનું નિર્ધારણ કેવી રીતે અને ક્યા થાય છે. માર્શલ- દરખાસ્ત રેખા દ્વારા મિલના સિદ્ધાંતને આગળ વધાર્યો.

તેવી જ રીતે હેક્સર-ઓહલીન સિદ્ધાંત જેને આધુનિક સિદ્ધાંત પણ કહેવામાં આવે, તે પ્રસ્તાવિત સિદ્ધાંતની ઘણી બધી મર્યાદાને દૂર કરે છે. તેમણે 2-2-2 નું મોડલ આપ્યું છે. તેને સાધન પ્રમાણના સિદ્ધાંત તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમના સિદ્ધાંત અનુસાર જે દેશમાં ઉત્પાદનનું જે સાધન વિપુલ માંગમાં પ્રાપ્ય હોય તેનો ઉપયોગ કરીને ઉત્પાદન કરવું જોઈએ. અને નિકાસ કરીને લાભ પ્રાપ્ત કરવો જોઈએ. જે દેશમાં ઉત્પાદનનું જે સાધન મોટા પ્રમાણમાં પ્રાપ્ય હોય, તો તે સાધન સસ્તું હશે અને આથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરીને નફાનું પ્રમાણ વધારી શકાય છે.

13.6 ચાવીરૂપ શબ્દો :

❖ **પારસ્પરિક માંગ :**

પારસ્પરિક માંગનો અર્થ થાય છે કે બે વેપાર કરતા દેશોની પોતાના ઉત્પાદનમાં એક-બીજાના ઉત્પાદન માટે માંગની સાપેક્ષ શક્તિ તથા મૂલ્ય સાપેક્ષતા અર્થાત્ વિદેશી વસ્તુઓ માટે ઘરેલું માંગની તીવ્રતા અને ઘરેલુ વસ્તુ માટે વિદેશી માંગની તીવ્રતા.

❖ **દરખાસ્ત રેખા :**

કોઈ દેશ દ્વારા વસ્તુવિશેષની એ નિશ્ચિત પ્રમાણને બદલે બીજી વસ્તુની એક નિશ્ચિત પ્રમાણ દેવાની ઈચ્છાને વ્યક્ત કરે છે. અને બીજી બાજુ વિભિન્ન સંભવિત વેપાર શરતો અથવા વિનિમય ગુણોત્તર પર એક દેશના ઉત્પાદન માટેની માંગની ઈચ્છાને વ્યક્ત કરે છે.

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :

➢ H.H.G Mannur, International Economics, Vikas Publishing House Pvt Ltd, 2001

➢ Bo Souderton, Internatinal Economics, Macmillan, 1999

➢ Paul, Kurgan and Maurice Obstfeld, International Economics Theory and Policy, Dorling Kindersley India Pvt Ltd, 2009

➢ P.M. Mithani, International Economics, Himalaya Publishing House, Mumbai-2006

➢ M.L. Xigan, International Economics, Vrudha Publishing Delhi-2010

➢ Sudamasinh & M.C. Vasya, International Economics, Oxford hard I.B.H Publishing, New Delhi-2007

(ક) MCQ ના જવાબો

1. સી-પ્રાદેશિક શ્રમવિભાજન
2. સી-વિશિષ્ટીકરણ
3. ડી-સાધન પ્રમાણ તફાવત
4. સી-સરખો ખર્ચ તફાવત
5. સી-હેક્સર-ઓહલિનના સિદ્ધાંત

(ખ) MCQ

1. ડી-રાજકીય નીતિઓ
2. સી-જે.એસ.મિલ

*** *** ***

એકમ 14

વેપારની શરતો અને વિનિમય દર

-: રૂપરેખા :-

14.0 ઉદ્દેશો

14.1 પ્રસ્તાવના

14.2 વેપારની શરતોનો ખ્યાલ

14.3 વેપારની શરતોના પ્રકાર

14.3.1 વસ્તુ વિનિમય આધારિત વેપારની શરતો

I. શુદ્ધ વસ્તુ વિનિમય શરતો

II.કુલ વસ્તુ વિનિમય શરતો / કાચી સાટ્ટા વિનિમય શરતો

III. આવક વિનિમય શરતો / આયાત શક્તિ આંક

IV. સાધન વિનિમય શરતો

(A) એક સાધન વિનિમય શરતો

(B) બે (દ્વિ) સાધન વિનિમય શરતો

14.3.3 વાસ્તવિક ખર્ચ વિનિમય શરતો

14.3.4 તુષ્ટિગુણ વિનિમય શરતો

14.4 વેપારની શરતોનું નિર્ધારણ

14.5 વેપારની શરતોને અસર કરતાં પરિબળો

14.6 વિનિમય દરનો ખ્યાલ

14.7 વિનિમય દરના પ્રકાર

14.7.1 સ્થિર વિનિમય દર / અપરિવર્તનશીલ વિનિમય દર

14.7.2 અસ્થિર વિનિમય દર / પરિવર્તનશીલ વિનિમય દર

14.8 સમ-ખરીદશક્તિનો સિદ્ધાંત

14.8.1 નિરપેક્ષ સ્વરૂપ

14.8.2 સાપેક્ષ સ્વરૂપ

14.9 સમ-ખરીદશક્તિના સિદ્ધાંત નું મહત્ત્વ

14.10 સારાંશ

14.11 ચાવીરૂપ શબ્દો

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ

14.0 ઉદ્દેશો :

વિદ્યાર્થીમિત્રો, આપણે આંતરરાષ્ટ્રીય વેપારનો ખ્યાલ, આંતરરાષ્ટ્રીય વેપાર ઉદ્ભવવાનાંકારણો, આંતરરાષ્ટ્રીય વેપારના વિવિધ સિદ્ધાંતો વગેરે બાબતો અંગે અગાઉના એકમોમાં ચર્ચા કરી ચૂક્યા છીએ. પ્રસ્તુત એકમના અભ્યાસ બાદ આપ જાણી શકશો કે બે દેશો વચ્ચે વેપાર તો થાય છે, પરંતુ આ વેપારના લાભની વહેંચણી બંને દેશો વચ્ચે કઈ રીતે થાય છે. વેપારની શરતો દેશ માટે વિવિધ પરિસ્થિતિઓમાં કેવી રહેશે, વેપારની શરતોનું નિર્ધારણ કઈ રીતે થાય છે તથા વેપારની શરતોને ક્યાં પરિબળો અસર કરે છે. એટલું જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય વેપારથી જોડાયેલા દેશોનાં ચલણોમાં ભિન્નતા હોવાથી તેમની વચ્ચે વિનિમય દર ક્યો રહેશે, વિનિમય દરના વિવિધ ખ્યાલો, તેના લાભાલાભ તથા સમ-ખરીદશક્તિના સિદ્ધાંતો દ્વારા વિનિમય દર કઈ રીતે નક્કી થાય છે, વગેરે વિવિધ બાબતો અંગે સમજણ મેળવી શકશો.

14.1 પ્રસ્તાવના :

મિત્રો, અગાઉ આપણે જોયું કે આંતરરાષ્ટ્રીય વેપારથી વિશ્વના કુલ ઉત્પાદન તેમજ વાસ્તવિક આવકમાં વધારો થાય છે. આંતરરાષ્ટ્રીય વેપારથી જોડાયેલા પ્રત્યેક દેશનો ઉદ્દેશ વેપારમાંથી મહત્તમ લાભ મેળવવાનો હોય છે. વેપારમાંથી મળતો આ લાભ આંતરરાષ્ટ્રીય વેપારથી જોડાયેલા જુદા જુદા દેશો વચ્ચે જુદા જુદા પ્રમાણમાં વહેંચાય છે. આંતરરાષ્ટ્રીય વેપારમાંથી મળતા લાભની વહેંચણીનો આધાર વેપારની શરતો પર રહેલો હોય છે. આ સંદર્ભમાં વેપારની શરતોનો ખ્યાલ મહત્ત્વ ધરાવે છે. જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ વેપારની શરતોના વિવિધ ખ્યાલો રજૂ કર્યા. જેની ચર્ચા આપણે પ્રસ્તુત એકમમાં કરવાના છીએ. એટલું જ નહિ, પરંતુ આંતરરાષ્ટ્રીય વેપારથી જોડાયેલા દેશોની ચલણવ્યવસ્થામાં તફાવત રહેલો હોવાથી વેપાર કરતા બે દેશો વચ્ચે વિનિમય દર ક્યો રહેશે તેની સમજૂતી આપણે અહીં મેળવીશું. વિનિમય દરના વિવિધ પ્રકારો સ્થિર વિનિમય દર અને પરિવર્તનશીલ વિનિમય દરનો ખ્યાલ તેમજ તેમની તરફેણ તથા વિરુદ્ધની દલીલો અંગેની ચર્ચા અહીં આપણે કરવાના છીએ. વિનિમય દર નિર્ધારણના ટંકશાળ સમતા સિદ્ધાંત, સમ-ખરીદ-શક્તિનો સિદ્ધાંત તેમજ વિદેશી હૂંડિયામણની માંગ અને પુરવઠાના સિદ્ધાંત પૈકી અપરિવર્તનીય કાગદી ધોરણ હેઠળ વિનિમય દર નિર્ધારણના સમ-ખરીદશક્તિના સિદ્ધાંત વિશેની સમજણ આપણે પ્રસ્તુત એકમમાં મેળવીશું.

14.2 વેપારની શરતોનો ખ્યાલ (Concept of Terms of Trade) :

1844માં સૌપ્રથમ બ્રિટિશ અર્થશાસ્ત્રી રોબર્ટ ટોરેન્સે તેમના પુસ્તકમાં વેપારની શરતોનો ખ્યાલ રજૂ કર્યો હતો. ત્યારબાદ 1929માં 'International Trade' નામના પુસ્તકમાં અમેરિકન અર્થશાસ્ત્રી ફ્રેન્ક ટોસિંગે 'વેપારની શરત' શબ્દનો પ્રયોગ કર્યો. સામાન્ય રીતે વેપારની શરત એટલે બે દેશો વચ્ચે જે કિંમતે વસ્તુઓની લેવડ-દેવડ થાય છે તે. આમ, વેપારની શરતો એટલે દેશની નિકાસનો જે દરે આયાતની સાથે વિનિમય થાય તે દર. બીજી રીતે કહીએ તો આયાતી વસ્તુનો એક એકમ મેળવવા માટે દેશે જેટલા એકમોની નિકાસ કરવી પડે તે બંનેના ગુણોત્તરને વેપારની શરતો કહેવામાં આવે છે.

મિત્રો, ઉદાહરણ દ્વારા વેપારની શરતોનો ખ્યાલ સમજીએધારો કે, ભારત 50 કિ.ગ્રા. ઘઉંની નિકાસ અમેરિકામાં કરે અને અમેરિકા તેના બદલામાં 100 કિ.ગ્રા. કોફીની નિકાસ ભારતમાં કરે તો 50 કિ.ગ્રા. ઘઉં = 100 કિ.ગ્રા. કોફી એ વેપારની શરત કહેવાય. આથી વેપારની શરતને વિનિમય દર તરીકે પણ ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે વિનિમય દર એ આયાત થતી વસ્તુઓની કિંમત અને નિકાસ થતી વસ્તુઓની કિંમત વચ્ચેનો સંબંધ દર્શાવે છે.

પ્રો. ડબલ્યુ. ડબલ્યુ. રોસૅવના મતે, ‘‘વેપારની શરત ઓલે જે દરે નિકાસ થતી વસ્તુઓનો વિનિમય આયાત થતી વસ્તુઓના બદલામાં થાય તે’’ નાણાકીય મૂલ્ય કે ભાવાંકની મદદથી વેપારની શરતોનું માપ જાણી શકાય છે. વેપારની શરતોના ખ્યાલ આર્થિક વિશ્લેષણમાં મહત્ત્વનો ગણાય છે. વેપારની શરતોના આધારે કોઈ પણ દેશને આંતરરાષ્ટ્રીય વેપારથી કેટલો લાભ પ્રાપ્ત થશે તે જાણી શકાય છે. સામાન્ય રીતે વેપારની શરતોને વસ્તુ વિનિમય વેપારની શરતો (Commodity Terms of Trads) તરીકે પણ ઓળખવામાં આવે છે. વેપારની શરત એ કોઈ એક દેશની નિકાસના મૂલ્યની તે દેશની આયાતના મૂલ્યના સંદર્ભમાં સરેરાશ ભાવાંક છે. આથી વેપારની શરત માટેનું સૂત્ર નીચે મુજબ મેળવી શકાય.

$$\text{વેપારની શરત} = \frac{\text{નિકાસ મૂલ્યઆંક}}{\text{આયાત મૂલ્યઆંક}} \times 100$$

જ્યારે કોઈ એક દેશની નિકાસના બદલામાં અગાઉ કરતાં વધુ પ્રમાણમાં આયાત કરી શકાય અથવા અગાઉ જેટલી જ આયાત કરવા માટે ઓછા પ્રમાણમાં નિકાસ કરવી પડે તો વેપારની શરતો તે દેશ માટે અનુકૂળ છે તેમ કહેવાય, પરંતુ જો દેશની નિકાસના બદલામાં અગાઉ કરતાં ઓછા પ્રમાણમાં આયાત કરી શકાય અથવા અગાઉ જેટલી જ આયાત કરવા માટે વધુ પ્રમાણમાં નિકાસ કરવી પડે તો વેપારની શરતો તે દેશ માટે પ્રતિકૂળ છે તેમ કહેવાય. પાયાના વર્ષનો નિકાસી વસ્તુઓ અને આયાતી વસ્તુઓનો ભાવાંક હંમેશાં 100 જેટલો હોય છે. જો વેપારની શરતો 100થી વધુ હોય તો તે દેશ માટે અનુકૂળ છે તેમ કહેવાય અને જો તે 100 કરતાં ઓછી હોય તો તે પ્રતિકૂળ ગણાય છે.

14.3 વેપારની શરતોના પ્રકાર (Types of Terms of Trade) :

વિવિધ અર્થશાસ્ત્રીઓએ જુદી જુદી પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય વેપારથી થતા લાભને દર્શાવવા માટે વેપારની શરતોના વિવિધ ખ્યાલો રજૂ કર્યા છે, જે આ મુજબ છે.

14.3.1 વસ્તુ વિનિમય આધારિત વેપારની શરતો (Commodity Terms of Trade) :

બે વસ્તુઓ વચ્ચે જે દરે વિનિમય થાય છે તેને વસ્તુ વિનિમય વેપારની શરત તરીકે ઓળખવામાં આવે છે. વસ્તુ વિનિમય આધારિત વેપારની શરતોના મુખ્યત્વે ત્રણ ખ્યાલો રજૂ કરવામાં આવ્યા છે.

(I) શુદ્ધ વસ્તુ વિનિમય શરતો (Net Barter Terms of Trade) :

પી.ટી. એલ્સવર્થે તેમના પુસ્તક ‘Economy’માં વસ્તુ વિનિમય વેપારની શરતોના ખ્યાલની રજૂઆત કરી. વિદેશી વસ્તુના એક એકમની આયાત કરવા માટે દેશની વસ્તુના જેટલા એકમોની નિકાસ કરવી પડે તે બંને વચ્ચેના ગુણોત્તરને શુદ્ધ વસ્તુ વિનિમય શરતો તરીકે ઓળખવામાં આવે છે. શુદ્ધ વસ્તુ વિનિમય શરતોને વસ્તુ વિનિમય શરતો (Comodity Term of Trade) તરીકે પણ ઓળખવામાં આવે છે. ટૂંકમાં, નિકાસ થતી વસ્તુઓના ભાવાંક અને આયાત થતી વસ્તુઓના ભાવાંકના ગુણોત્તર ને શુદ્ધ વસ્તુવિનિમય શરતો કહેવામાં આવે છે. સૂત્રના સ્વરૂપમાં તેને નીચે મુજબ રજૂ કરી શકાય :

$$TC = \frac{Px}{Pm} \times 100$$

જ્યાં, TC = શુદ્ધ વસ્તુ વિનિમય શરતો

Px = નિકાસી વસ્તુઓનો ભાવાંક

Pm = આયાતી વસ્તુઓનો ભાવાંક

વેપારની શરતોનો આ ખ્યાલ અર્થશાસ્ત્રના અભ્યાસમાં અને આર્થિક નીતિના ઘડતરમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વેપારની શરતોનો આ ખ્યાલ ચોક્કસ આંકમાં માપ રજૂ કરે છે. જ્યારે 'વેપારની શરતો' શબ્દનો ઉપયોગ થાય છે ત્યારે સામાન્ય રીતે વસ્તુ વિનિમય શરતોને જ ધ્યાનમાં લેવામાં આવે છે.

❖ મર્યાદાઓ :

શુદ્ધ વસ્તુ વિનિમય શરતોની કેલીક મર્યાદાઓ રહેલી છે. જે નીચે મુજબ છેઃ

- વેપારની શરતોના આ ખ્યાલમાં મૂડી તથા અન્ય સાધનોની હેરફેર જેવી બાબતોની અવગણના કરવામાં આવી છે.
- વસ્તુ વિનિમય વેપારની શરતોમાં માત્ર વસ્તુઓના ભાવોનો જ વિચાર કરવામાં આવે છે.
- વસ્તુ વિનિમય વેપારની શરતોમાં ઉત્પાદન ખર્ચની અવગણના કરવામાં આવી છે.
- વસ્તુ વિનિમય વેપારની શરતોમાં વસ્તુની ગુણવત્તામાં થયેલા ફેરફારોને ધ્યાનમાં લેવામાં આવતા નથી.

(II) કુલ વસ્તુ વિનિમય શરતો / કાચી વસ્તુ વિનિમય શરતો (Gross Barter Terms of Trade) :

1927 માં પ્રો. ટોસિંગે વેપારની શરતોના આ ખ્યાલની રજૂઆત કરી. કુલ વસ્તુ વિનિમય શરતો પાયાના વર્ષની સરખામણીમાં કોઈ એક વર્ષમાં કુલ નિકાસોના જથ્થા અને કુલ આયાતોના જથ્થાના ગુણોત્તર દ્વારા દર્શાવવામાં આવે છે. અહીં આયાત અને નિકાસ થતી વસ્તુઓનો જથ્થો ભૌતિક એકમોમાં દર્શાવવામાં આવતો નથી, પરંતુ જથ્થાના સૂચક આંક દ્વારા દર્શાવવામાં આવે છે. આ ખ્યાલ વસ્તુના એક એકમમાંથી દેશને પ્રાપ્ત થતા લાભના બદલે વેપારમાંથી દેશને મળતો કુલ લાભ પાયાના વર્ષની સરખામણીએ વધ્યો છે કે ઘટ્યો છે તે દર્શાવે છે. કુલ વસ્તુ વિનિમય શરતોનો ખ્યાલ પારસ્પરિક માંગના સિદ્ધાંત અને દરખાસ્ત રેખાઓની સમજૂતીમાં ઉપયોગમાં લેવામાં આવે છે. કુલ વસ્તુ વિનિમય શરતોનો ખ્યાલ પારસ્પરિક માંગના સિદ્ધાંત અને દરખાસ્ત રેખાઓની સમજૂતીમાં ઉપયોગમાં લેવામાં આવે છે. કુલ વસ્તુ વિનિમય શરતોને સૂત્રના સ્વરૂપમાં નીચે મુજબ દર્શાવી શકાયઃ

$$Tg = \frac{Qm}{Qx} \times 100$$

જ્યાં, Tg = કુલ વસ્તુ વિનિમય શરતો

Qm = આયાતી વસ્તુના ભૌતિક જથ્થાનો આંક

Qx = નિકાસી વસ્તુના ભૌતિક જથ્થાનો આંક

- વસ્તુ વિનિમય વેપારની શરતોમાં ઉત્પાદન ખર્ચની અવગણના કરવામાં આવી છે.

❖ મર્યાદાઓ :

કુલ વસ્તુ વિનિમય શરતોની કેટલીક મર્યાદાઓ નીચે મુજબ છે:

➢ કુલ વસ્તુ વિનિમય શરતોનો ખ્યાલ વ્યાપક પ્રમાણમાં ઉપયોગમાં લેવામાં આવતો નથી.

➢ વાસ્તવિક જીવનમાં આ ખ્યાલની ઉપયોગિતા નહિવત્ છે.

➢ ઉત્પાદનનાં સાધનોની કાર્યક્ષમતા બદલતાં દેશને પ્રાપ્ત થતા લાભ બદલાય છે, જેની કુલ વસ્તુ વિનિમય શરતોના ખ્યાલમાં અવગણના કરવામાં આવી છે.

(III) આવક વિનિમય શરતો / આયાત શક્તિ આંક શરતો (Income Terms of Trade) :

1949માં જી.એસ. ડોરેન્સે અલ્પવિકસિત દેશોની આયાત કરવાની શક્તિને ધ્યાનમાં રાખીને આવક વિનિમય શરતોનો ખ્યાલ રજૂ કર્યો. અલ્પવિકસિત દેશોની આયાત કરવાની શક્તિ મુખ્યત્વે બે બાબતો પર આધારિત હોય છે; (1) વસ્તુ વિનિમય શરતો અને (2) કુલ નિકાસી વસ્તુના જથ્થાનો આંક. આવક વિનિમય શરતોને સૂત્રના સ્વરૂપમાં નીચે મુજબ દર્શાવી શકાય:

$$T_I = \frac{Px}{Pm} \times Qx$$

જ્યાં, T_I = આવક વિનિમય શરતો

Px = નિકાસી વસ્તુનો ભાવાંક

Pm = આયાતી વસ્તુનો ભાવાંક

Qx = નિકાસી વસ્તુના જથ્થાનો આંક

આવક વિનિમય શરતોના આધારે દેશની આયાત કરવાની શક્તિ કેટલી વધી કે ઘટી છે તે જાણી શકાય છે. આવક વિનિમય શરતો એ શુદ્ધ વસ્તુ વિનિમય શરતોનું બદલાયેલું સ્વરૂપ માત્ર છે. વેપારની શરતોનો આધુનિક ખ્યાલ આવક વિનિમય શરતો દ્વારા સમજાવવામાં આવે છે.

❖ મર્યાદાઓ :

આવક વિનિમય શરતોની કેટલીક મર્યાદાઓ છે, જે નીચે મુજબ છે:

➢ આવક વિનિમય શરતોના ખ્યાલ દ્વારા કોઈ એક દેશના આર્થિક કલ્યાણમાં થતો ફેરફાર જાણી શકાતો નથી.

➢ આવક વિનિમય શરતો દ્વારા માત્ર દેશની આયાત ક્ષમતામાં થયેલાં પરિવર્તનો જ જાણી શકાય છે.

➢ આવક વિનિમય શરતો વસ્તુ વિનિમય શરતોની અવેજીમાં કામ આપી શકે કે કેમ તે બાબત શંકાસ્પદ છે.

(IV) સાધન વિનિમય શરતો (Factoral Terms of Trade) :

સાધન વિનિમય શરતો એ ઉત્પાદકીય સાધનો વચ્ચેના વિનિમય દર પર આધારિત હોય છે. જેના મુખ્યત્વે બે પ્રકારો પડે છેઃ

(A) એક સાધન વિનિમય શરતો (Single Factoral Terms of Trade) :

ઉત્પાદનના સાધનોની કાર્યક્ષમતામાં થતા ફેરફારોની અસરોની વસ્તુ વિનિમય શરતોમાં અવગણના કરવામાં આવી છે. વસ્તુ વિનિમય શરતોની આ મર્યાદા દૂર કરવા માટે જેક્બ વાઈનરે તેમના પુસ્તક 'Studies in the Theory of International Trade' માં સાધન વિનિમય શરતોનો ખ્યાલ રજૂ કર્યો.

એક સાધન વિનિમય શરતો ઉત્પાદનનાં સાધનોની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા ને વિશેષ મહત્ત્વ આપે છે. નિકાસ થતી વસ્તુઓના ઉદ્યોગોમાં કામ કરતા ઉત્પાદનનાં સાધનોનો એક એકમ કેટલા પ્રમાણમાં આયાત થતી વસ્તુઓ મેળવી શકે છે, તે એક સાધન વિનિમય શરતો દ્વારા જાણી શકાય છે. એક સાધન વિનિમય શરતો દ્વારા દેશની વાસ્તવિક આર્થિક સ્થિતિ જાણી શકાય છે. એક સાધન વિનિમય શરતોને સૂત્રના સ્વરૂપમાં નીચે મુજબ દર્શાવી શકાય :

$$T_S = \frac{Px}{Pm} \times \frac{Fx_0}{Fx_1}$$

જ્યાં, T_S = એક સાધન વિનિમય શરતો

Px = નિકાસી વસ્તુનો ભાવાંક

Pm = આયાતી વસ્તુનો ભાવાંક

Fx_1 = નિકાસ ઉદ્યોગોમાં સાધનોની ઉત્પાદકતાનો આંક, ચાલુ વર્ષે નિકાસ ઉદ્યોગોમાં સાધનોની ઉત્પાદકતાનો આંક અને

Fx_0 = પાયાના વર્ષે નિકાસ ઉદ્યોગોમાં સાધનોની ઉત્પાદકતાનો આંક

(B) બે (દ્વિ). સાધન વિનિમય શરતો (Double Factoral Terms of Trade) :

એક સાધન વિનિમય શરતોમાં માત્ર એક જ દેશના નિકાસી ઉદ્યોગોનાં સાધનોની ઉત્પાદકતામાં થયેલા ફેરફારોને ધ્યાનમાં લેવામાં આવે છે, જ્યારે દ્વિસાધન વિનિમય શરતોમાં દેશના નિકાસી ઉદ્યોગોનાં સાધનોની ઉત્પાદક્તા તેમજ બીજા દેશમાંથી આયાત થતી વસ્તુઓના ઉત્પાદનમાં રોકાયેલાં સાધનોની ઉત્પાદક્તામાં થયેલા ફેરફારોને પણ જાણી શકાય છે. દ્વિ-સાધન વિનિમય શરતોને સૂત્રના સ્વરૂપમાં નીચે મુજબ વર્ણવી શકાય :

$$T_d = \frac{Px}{Pm} \times \frac{Fx}{Fm}$$

જ્યાં, T_d = બે સાધન વિનિમય શરતો

Px = નિકાસી વસ્તુનો ભાવાંક

Pm = આયાતી વસ્તુનો ભાવાંક

Fx = નિકાસી વસ્તુઓ પેદા કરતાં સાધનોના ઉત્પાદકતાનો આંક

Fm = આયાતી વસ્તુઓ પેદા કરતાં સાધનોની ઉત્પાદકતાનો આંક

એક સાધન વિનિમય શરતો કરતાં દ્વિ સાધન વિનિમય શરતો દ્વારા દેશની આર્થિક સ્થિતિનો વધુ વાસ્તવિક ખ્યાલ મેળવી શકાય છે.

❖ મર્યાદાઓ :

બે-સાધન વિનિમય શરતોની કેટલીક મર્યાદાઓ રહેલી છે, જે નીચે મુજબ દર્શાવી શકાય :

➢ બે-સાધન વિનિમય શરતોનો ખ્યાલ વ્યવહારમાં ખાસ ઉપયોગી બનતો નથી.

➢ ઉત્પાદનનાં સાધનોની કાર્યક્ષમતા અને ઉત્પાદકતાનું આંકડાકીય માપ મેળવવું મુશ્કેલ છે.

➢ બે-સાધન વિનિમય શરતોના ખ્યાલમાં વાસ્તવિક ખર્ચની અવગણના કરવામાં આવી છે.

14.3.3 વાસ્તવિક ખર્ચ વિનિમય શરતો (Real Cost terms of Trade) :

સાધન વિનિમય શરતોની કેટલીક મર્યાદાઓ દૂર કરવાના ઉદ્દેશથી જેક્બ વાઈનરે વાસ્તવિક ખર્ચ વિનિમય શરતોના ખ્યાલની રજૂઆત કરી. આ ખ્યાલમાં એ બાબતને મહત્ત્વ આપવામાં આવ્યું છે કે જ્યારે વાસ્તવિક ખર્ચમાં ઘટાડો થાય ત્યારે જ વેપારથી લાભ મળે છે. આમ, જો નિકાસી વસ્તુની ઉત્પાદક્તામાં વધારો થવા સાથે નિકાસી વસ્તુના ઉત્પાદનમાં રોકાયેલાં સાધનોનું વાસ્તવિક ખર્ચ ઘટે તો જ દેશને આંતરરાષ્ટ્રીય વેપારથી લાભ થાય છે, એમ કહેવાય. સૂત્રના સ્વરૂપમાં વાસ્તવિક ખર્ચ વિનિમય શરત નીચે મુજબ દર્શાવી શકાય :

$$T_r = \frac{Px}{Pm} \times F_X \times R_X$$

જ્યાં, T_r = વાસ્તવિક ખર્ચ વિનિમય શરતો

P_X = નિકાસી વસ્તુનો ભાવાંક

P_m = આયાતી વસ્તુનો ભાવાંક

F_X = નિકાસ ઉદ્યોગોમાં ઉત્પાદક્તામાં થતા ફેરફારો સૂચવે છે.

R_X = નિકાસી વસ્તુઓના વાસ્તવિક ખર્ચનો આંક

આમ, એક સાધન વિનિમય શરતોને નિકાસી વસ્તુઓના વાસ્તવિક ખર્ચના આંક વડે ગુણતાં વાસ્તવિક ખર્ચના આંક વડે ગુણતાં વાસ્તવિક ખર્ચ વિનિમય શરતો મેળવી શકાય છે. વાસ્તવિક ખર્ચ વિનિમય શરતો દ્વારા આંતરરાષ્ટ્રીય વેપાર દેશને કેટલો વાસ્તવિક આર્થિક લાભ થાય છે, તે જાણી શકાય છે.

❖ મર્યાદાઓ :

➢ વાસ્તવિક ખર્ચનો ખ્યાલ આત્મલક્ષી હોવાથી, તેનું માપ સરળતાથી મેળવી શકાતું નથી.

➢ આયાત થતી વસ્તુઓના વાસ્તવિક ખર્ચની અહીં ઉપેક્ષા કરવામાં આવી છે.

14.3.4 તુષ્ટિગુણ વિનિમય શરતો (Utility Terms of Trade) :

રોબર્ટસનના મતે વસ્તુની નિકાસ થવાથી ગુમાવવો પડતો તુષ્ટિગુણ અને વસ્તુની આયાત થવાથી પ્રાપ્ત થતો તુષ્ટિગુણ, આ બંને ની તુલના દ્વારા લાભ માપતી વેપારની શરતને તુષ્ટિગુણ વિનિમય શરતો તરીકે ઓળખવામાં આવે છે. જેકબ વાઈનરના મતે તુષ્ટિગુણ વિનિમય શરતો વાસ્તવિક ખર્ચ વિનિમય શરતોને વિદેશમાંથી આયાત થતી વસ્તુઓના વર્તમાન સૂચક આંક વડે ગુણવાથી પ્રાપ્ત થાય છે. જેના સૂત્રના સ્વરૂપમાં નીચે મુજબ દર્શાવી શકાય :

$$T_U = \frac{Px}{Pm} \times F_X \times R_X \times Um$$

જ્યાં, T_U = તુષ્ટિગુણ વિનિમય શરતો

$\frac{Px}{Pm} \times F_X \times R_X$ = વાસ્તવિક ખર્ચ વિનિમય શરતો

Um = આયાતી વસ્તુઓનો વર્તમાન સૂચક આંક

❖ મર્યાદાઓ :

➢ તુષ્ટિગુણ વિનિમય શરતોનો ખ્યાલ આત્મલક્ષી હોવાથી તેને માપી શકાતી નથી.

➢ તુષ્ટિગુણ વિનિમય શરતો એ માત્ર સૈદ્ધાંતિક કલ્પના જ છે.

14.4 વેપારની શરતોનું નિર્ધારણ (Determinated on of Terms of Trade) :

મિત્રો, ડેવિડ રિકાર્ડોના તુલનાત્મક ખર્ચ-લાભના સિદ્ધાંત દ્વારા બે દેશો વચ્ચે બે વસ્તુઓના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય વેપાર શા માટે ઉદ્ભવે છે તે જાણી શકાય છે; પરંતુ વેપાર કરતાં ક્યા દરે થશે તે જાણી શકાતું નથી. આ બાબત 1948 માં પ્રો. જે.એસ.મિલે તેમના પુસ્તક 'Principles of Political Economy' માં પારસ્પરિક માંગના સિદ્ધાંત દ્વારા સમજાવી છે. પારસ્પરિક માંગના સિદ્ધાંત મુજબ વેપાર કરતાં બે દેશો વચ્ચે વિનિમય દર બંને દેશોની પારસ્પરિક માંગની મૂલ્યસાપેક્ષતાના આધારે નક્કી થાય છે. જે બંને દેશો વચ્ચે વહેંચાતા લાભનું પ્રમાણ નક્કી કરે છે. આ સિદ્ધાંતમાં પારસ્પરિક માંગની મૂલ્યસાપેક્ષતાને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. પારસ્પરિક માંગના સિદ્ધાંત મુજબ જે દેશની વસ્તુ મેળવવાની તીવ્રતા વધુ હશે તે દેશ માટે વેપારની શરતો ઓછી અનુકૂળ રહેશે અને જે દેશની વસ્તુ મેળવવાની તીવ્રતા ઓછી હશે તે દેશ માટે વેપારની શરતો વધુ અનુકૂળ રહેશે. ટૂંકમાં, કહી શકાય કે જે દેશની આયાતી વસ્તુની માંગ વધુ મૂલ્યસાપેક્ષ અને નિકાસી વસ્તુની માંગ મૂલ્યઅનપેક્ષ હશે તે દેશ માટે વેપારની શરતો અનુકૂળ રહેશે અને જે દેશની આયાતી વસ્તુઓની માંગ મૂલ્યઅનપેક્ષ તથા નિકાસી વસ્તુઓની માંગ મૂલ્યસાપેક્ષ હશે તે દેશ માટે વેપારની શરતો પ્રતિકૂળ રહેશે.

પ્રો. જે.એસ.મિલના પારસ્પરિક માંગના સિદ્ધાંતની રજૂઆત પ્રો. માર્શલ-એજ વર્થે દરખાસ્ત રેખા / નિવેદન રેખા (Offer Curve) દ્વારા કરી છે. ''કોઈ એક દેશ આયાતી વસ્તુના

બદલામાં પોતાની નિકાસી વસ્તુનું કેટલું પ્રમાણ આપવા તૈયાર છે, તે દર્શાવતી રેખાને નિવેદન રેખા / દરખાસ્ત રેખા કહેવામાં આવે છે.'' પ્રો. માર્શલ-એજવર્થે નિવેદન રેખા દ્વારા વેપારની શરતોનું નિર્ધારણ કઈ રીતે થાય છે, તે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. તેમના જણાવ્યા મુજબ જે વસ્તુની દેશમાંથી નિકાસ કરવામાં આવે છે, તે વસ્તુનો જથ્થો દેશમાં ધીમે ધીમે ઓછો થતો જાય છે. પરિણામે તે વસ્તુનું સીમાંત મહત્ત્વ વધતું જાય છે અને જે વસ્તુની દેશમાં આયાત કરવામાં આવે છે, તે વસ્તુનો જથ્થો દેશમાં આયાત થવાના પરિણામે ધીમે ધીમે વધતો જાય છે, આથી તે વસ્તુનું સીમાંત મહત્ત્વ ઘટતું જાય છે. આથી આંતરરાષ્ટ્રીય વેપારથી જોડાયેલા બંને દેશો આયાતી વસ્તુના એક એકમના બદલામાં નિકાસી વસ્તુના ઓછામાં ઓછા એકમો આપવા તૈયાર થાય છે. અને જ્યાં બંને દેશોની નિવેદન રેખા એકબીજાને છેદે છે ત્યાં વેપારની શરતોનું નિર્ધારણ થાય છે.

❖ તમારી પ્રગતિ ચકાસો : - I

(1) વેપારની શરતો એટલે શું?

(2) અગાઉ જેટલી જ આયાત કરવા માટે ઓછા પ્રમાણમાં નિકાસ કરવી પડે તો વેપારની શરતો તે દેશ માટે કેવી કહેવાય?

(3) 'વેપારની શરતો' શબ્દનો પ્રયોગ 1929 માં કોણે અને ક્યા પુસ્તકમાં કર્યો?

(4) પાયાના વર્ષનો નિકાસી વસ્તુઓ અને આયાતી વસ્તુઓનો ભાવાંક હંમેશાં કેટલો હોય છે?

(5) વસ્તુ વિનિમય આધારિત વેપારની શરતોના પ્રકાર જણાવો.

(6) શુદ્ધ વસ્તુ વિનિમય શરતો એટલે શું?

(7) કુલ વસ્તુ વિનિમય શરતોની રજૂઆત કોણે કરી?

(8) કુલ વસ્તુ વિનિમય શરતો શું દર્શાવે છે?

(9) $Tg = \frac{Qx}{Qm} \times 100$ એ કુલ વસ્તુ વિનિમય શરતો દર્શાવતું સૂત્ર છે. ખરું કે ખોટું? જો ખોટું તો સાચું સૂત્ર જણાવો.

(10) આવક વિનિમય શરતોનો આધાર શેના પર રહેલો છે?

(11) આવક વિનિમય શરતો દ્વારા શું જાણી શકાય?

(12) સાધન વિનિમય શરતોની રજૂઆત કોણે કરી?

(13) એક સાધન અને બે સાધન વિનિમય શરતો વચ્ચેનો તફાવત જણાવો.

(14) વાસ્તવિક ખર્ચ વિનિમય શરતોની મર્યાદાઓ જણાવો.

(15) તુષ્ટિગુણ વિનિમય શરતોની સૂત્રના સ્વરૂપમાં રજૂઆત કરો.

(16) પારસ્પરિક માંગના સિદ્ધાંત અનુસાર વેપારની શરતો દેશ માટે ક્યારે અનુકૂળ બને છે?

(17) નિવેદન રેખા એટલે શું?

❖ નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

(1) બે વસ્તુઓ વચ્ચે જે દરે વિનિમય થાય છે તેને સાધન વિનિમય શરતો કહેવામાં આવે છે.

(2) શુદ્ધ વસ્તુ વિનિમય શરતોનો ખ્યાલ પી.ટી. એલ્સવર્થે રજૂ કર્યો.

(3) જી.એસ. ડોરેન્સે કુલ વસ્તુ વિનિમય શરતોનો ખ્યાલ આપ્યો.

(4) એક સાધન વિનિમય શરતો ઉત્પાદનનાં સાધનોની કાર્યક્ષમતા અને ઉત્પાદક્તાને મહત્ત્વ આપે છે.

(5) $T_r = \frac{Px}{Pm} \times 100$ એ વાસ્તવિક ખર્ચ વિનિમય શરતોનું સૂત્રાત્મક સ્વરૂપ છે.

(6) માર્શલ - એ જ વર્થે પારસ્પરિક માંગના સિદ્ધાંતની રજૂઆત કરી.

14.5 વેપારની શરતોને અસર કરતાં પરિબળો :

વેપારની શરતોને અનેક પરિબળો અસર કરતાં હોય છે, જે પૈકીનાં કેટલાંક મહત્ત્વનાં પરિબળો નીચે મુજબ છે :

14.5.1 માંગની મૂલ્યસાપેક્ષતા :

વેપારની શરતોને અસર કરતાં પરિબળો પૈકી માંગની મૂલ્યસાપેક્ષતા એક મહત્ત્વનું પરિબળ માનવામાં આવે છે. વેપારની શરતોને આયાતી અને નિકાસી વસ્તુઓની માંગની મૂલ્યસાપેક્ષતા અસર કરે છે. જો દેશમાં આયાતી વસ્તુની માંગ મૂલ્ય અનપેક્ષ હોય તો આયાતી વસ્તુના ભાગમાં વધારો થયો હોવા છતાં તેની માંગમાં કોઈ ફેરફાર થતો નથી. પરિણામે દેશે તે વસ્તુની અગાઉ કરતાં વધુ કિંમત ચૂકવવી પડે છે. અને વેપારની શરતો તે દેશ માટે પ્રતિકૂળ બને છે. આથી વિપરીત જો દેશમાં આયાતી વસ્તુની માંગ મૂલ્યસાપેક્ષ હશે તો વસ્તુના ભાવમાં વધારો થતાં તેની માંગમાં ઘટાડો થશે એ વેપારની શરતો દેશ માટે અનુકૂળ બનશે. મિત્રો, હવે નિકાસોના સંદર્ભમાં જોઈએ તો, જો દેશમાંથી નિકાસ થતી વસ્તુની માંગ મૂલ્ય સાપેક્ષ હશે તો વસ્તુના ભાવ વધતા તેની માંગ ઘટશે અને પરિણામે વેપારની શરતો તે દેશ માટે અનુકૂળ બનશે.

14.5.2 પુરવઠાની મૂલ્યસાપેક્ષતા :

જો દેશમાં આયાત થતી વસ્તુઓનો પુરવઠો વધુ મૂલ્યસાપેક્ષ હશે તો વસ્તુની માંગ વધતાં તેનો પુરવઠો સરળતાથી વધારી શકાશે. પરિણામે વેપારની શરતો વસ્તુની આયાત કરતા દેશ માટે અનુકૂળ રહેશે પરંતુ જો આયાતી વસ્તુઓનો પુરવઠો મૂલ્યઅનપેક્ષ હશે તો તે વસ્તુની માંગ વધતાં તેના પુરવઠામાં વધારો કરી શકાતો નથી. આથી આયાતી વસ્તુઓની કિંમતમાં વધારો થશે. અને વેપારની શરતો વસ્તુની આયાત કરતાં દેશ માટે પ્રતિકૂળ બનશે. વિદ્યાર્થીમિત્રો, અહીં આપણે આયાતોના સંદર્ભમાં પુરવઠાની મૂલ્યસાપેક્ષતા અંગે ચર્ચા કરી. તો ચાલો, હવે આપણે નિકાસોના સંદર્ભમાં પુરવઠાની મૂલ્યસાપેક્ષતા તપાસીએ. જો નિકાસી વસ્તુઓનો પુરવઠો મૂલ્યસાપેક્ષ હશે તો વસ્તુની નિકાસ કરતાં દેશ માટે વેપારની શરતો પ્રતિકૂળ બનશે. આનાથી વિપરીત જો નિકાસી વસ્તુઓનો પુરવઠો મૂલ્ય અનપેક્ષ હશે તો વેપારની શરતો વસ્તુની નિકાસ કરતાં દેશ માટે અનુકૂળ બનશે. આમ, વસ્તુઓના પુરવઠાની મૂલ્યસાપેક્ષતા વેપારની શરતોને અસર કરતું એક અગત્યનું પરિબળ છે.

14.5.3 માંગનું પ્રમાણ :

સામાન્ય રીતે જો દેશમાં આયાત થતી વસ્તુઓની માંગ વધી જાય તો વેપારની શરતો ઉપર તેની પ્રતિકૂળ અસર થાય છે. પરંતુ, જો દેશમાં આયાતી વસ્તુઓની માંગ વધવાની સાથે દેશની સાપેક્ષ સોદાશક્તિમાં પણ વધારો થાય તો વેપારની શરતો દેશ માટે અનુકૂળ થઈ શકે છે. તે જ રીતે જો દેશની નિકાસી વસ્તુઓની માંગનું પ્રમાણ વધી જાય તો વેપારની શરતો ઉપર તેની અનુકૂળ અસર થાય છે, પરંતુ જો દેશની નિકાસી વસ્તુઓની માંગ વધવાની સાથે દેશની સાપેક્ષ સોદાશક્તિમાં ઘટાડો થાય તો વેપારની શરતો દેશ માટે પ્રતિકૂળ બનશે.

14.5.4 ચલણનું ઊર્ધ્વમૂલ્યન કે અવમૂલ્યન :

જો દેશમાં ચલણનું ઊર્ધ્વમૂલ્યન કે અધિમૂલ્યન થાય તો દેશની નિકાસો મોંઘી બને છે અને આયાતો સસ્તી થાય છે. પરિણામે વેપારની શરતો દેશ માટે અનુકૂળ બને છે. પરંતુ જો આ દેશ સાથે આંતરરાષ્ટ્રીય વેપારથી જોડાયેલો બીજો દેશ પણ તેના ચલણનું ઊર્ધ્વમૂલ્યન કરે તો વેપારની શરતો પર કોઈ અસર થશે નહીં. તે જ રીતે જો સામેનો દેશ તેના હૂંડિયામણ દરમાં કોઈ ફેરફાર ન કરે અને તે દેશના ચલણનું અવમૂલ્યન કરવામાં આવે તો વેપારની શરતો તે દેશ માટે (અવમૂલ્યન કરનાર દેશ માટે) પ્રતિકૂળ બનશે.

14.5.5 વસ્તુનો પ્રકાર :

જો દેશની નિકાસોમાં પ્રાથમિક પેદાશો મુખ્ય હોય તો વેપારની શરતો નિકાસકાર દેશ માટે પ્રતિકૂળ બનશે, પરંતુ જો નિકાસી વસ્તુઓમાં વૈભવ-વિલાસ (મોજશોખ)ની વસ્તુઓ મુખ્ય હોય તો વેપારની શરતો નિકાસકાર દેશ માટે અનુકૂળ બનશે. આમ, દેશમાંથી નિકાસ થતી વસ્તુઓ ક્યા પ્રકારની છે, તે બાબત વેપારની શરતોને અસર કરે છે.

❖ તમારી પ્રગતિ ચકાસો - II

(1) વેપારની શરતોને અસર કરતાં પરિબળો જણાવો.

(2) જો આયાતી વસ્તુની માંગ મૂલ્યસાપેક્ષ અને નિકાસી વસ્તુની માંગ મૂલ્ય અનપેક્ષ હોય તો વેપારની શરતો દેશ માટે કેવી રહેશે?

(3) આયાતી વસ્તુઓનો પુરવઠો મૂલ્યઅનપેક્ષ હોય તો તેની વસ્તુની કિંમત ઉપર કેવી અસર થશે?

(4) દેશની નિકાસી વસ્તુઓની માંગ વધવાની સાથે જો દેશની સાપેક્ષ સોદાશક્તિમાં ઘટાડો થાય તો વેપારની શરતો દેશ માટે કેવી રહેશે?

(5) હૂંડિયામણ દરમાં થતો ફેરફાર વેપારની શરતોને કઈ રીતે અસર કરે છે? સમજાવો.

(6) જો દેશની નિકાસોમાં ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ મુખ્ય હોય તો વેપારની શરતો દેશ માટે કેવી રહેશે?

14.6 વિનિમય દરનો ખ્યાલ (Concept of Exchange) :

આંતરરાષ્ટ્રીય વેપારમાં વિવિધ દેશો વચ્ચે વસ્તુઓ અને સેવાઓની આયાત-નિકાસ કરવામાં આવે છે. આયાતકાર દેશે નિકાસકાર દેશને આયાતી વસ્તુઓ અને સેવાઓની કિંમત ચૂકવવી પડે છે. આ વસ્તુઓ અને સેવાઓની કિંમત કેટલી ચૂકવવી તે માટે વિવિધ દેશોનાં ચલણો વચ્ચેનો અદલા-બદલીનો દર અગાઉથી નક્કી કરવામાં આવેલ હોય છે. આમ, વિનિમય દર એટલે એક દેશના ચલણને બીજી દેશના ચલણમાં રૂપાંતરિત કરવાનો દર. વિનિમય દર ને

હૂંડિયામણના દર તરીકે પણ ઓળખવામાં આવે છે. ઉદાહરણ તરીકે જો 50 રૂપિયાના બદલામાં 1 ડોલર મળતો હોય તો, વિનિમય દર 1$ = ₹ 50 કહેવાય. આમ, વિનિમય દર એ દેશના ચલણનું વિદેશી ચલણમાં વ્યક્ત થતું મૂલ્ય દર્શાવે છે. આથી વિનિમય દર એ દેશના ચલણનું બાહ્યમૂલ્ય દર્શાવે છે.

14.7 વિનિમય દરના પ્રકાર (Types of Exchange Rate) :

વિદ્યાર્થીમિત્રો, વિનિમય દર કોને કહેવાય તે અંગેની સમજૂતી આપણે મેળવી. હવે, આપણે વિનિમય દરના વિવિધ પ્રકારો અંગે સમજૂતી મેળવીશું. વિનિમય દરના મુખ્યત્વે બે પ્રકારો પાડવામાં આવે છે.

સ્થિર વિનિમય દર / અપરિવર્તનશીલ વિનિમય દર (Fixed Exchange Rate) :

અને

અસ્થિર વિનિમય દર / પરિવર્તનશીલ વિનિમય દર (Flexible Exchange Rate) :

હવે આપણે આ બંને પ્રકારોની વિગતે ચર્ચા કરીશું.

14.7.1 સ્થિર વિનિમય દર / અપરિવર્તનશીલ વિનિમય દર (Fixed Exchange Rate) :

જ્યારે વિનિમય દરને દેશની મધ્યસ્થ બેંક દ્વારા અમુક નિશ્ચિત દરે જાળવી રાખવાની નીતિ અપનાવવામાં આવે છે. ત્યારે તે દરને સ્થિર વિનિમય દર તરીકે ઓળખવામાં આવે છે. સ્થિર વિનિમય દરને અપરિવર્તનશીલ વિનિમય દર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નીતિ અન્વયે વિનિમય દરને નક્કી કરેલ સપાટીએ જાળવી રાખવા માટે વિનિમય-અંકુશનો આશ્રય લેવામાં આવે છે. આ નીતિ મુજબ દેશની મધ્યસ્થ બેંક ગમે તેટલા પ્રમાણમાં વિદેશી હૂંડિયામણનું ખરીદ-વેચાણ કરવા તૈયાર હોય છે. આમ, સ્થિર વિનિમય દરની નીતિને સમતુલા જાળવવાની નીતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. સ્થિર વિનિમય દર અંગે સમજણ મેળવ્યા બાદ હવે આપણે તેના લાભ તથા ગેરલાભ એટલે કે તેની તરફેણ તથા વિરુદ્ધની દલીલોનો અભ્યાસ કરીશું.

14.7.1.1 સ્થિર વિનિમય દરના લાભ / સ્થિર વિનિમય દરની તરફેણની દલીલો :-

સ્થિર વિનિમય દરની તરફેણની દલીલો નીચે મુજબ છેઃ

- વિદેશ વેપાર નિશ્ચિત અને ઝડપી બને છે :-

  સ્થિર વિનિમય દરના પરિણામે આયાતકાર અને નિકાસકાર દેશે હૂંડિયામણની કેટલી ચૂકવણી કરવાની કે મેળવવાનું છે તે બાબત નિશ્ચિત બને છે. પરિણામે આંતરરાષ્ટ્રીય વેપાર નિશ્ચિત બને છે. આંતરરાષ્ટ્રીય વેપાર નિશ્ચિત બનતાં તેનો વિકાસ ઝડપી થાય છે. આમ, સ્થિર વિનિમય દરની નીતિના પરિણામે વિદેશ વેપારમાં નિશ્ચિતતા તત્ત્વનો ઉમેરો થતાં તે ઝડપી બને છે.

- મૂડીરોકાણ પ્રોત્સાહિત થાય છે :-

  સ્થિર વિનિમય દરની નીતિના પરિણામે મૂડીની કિંમત સુરક્ષિત રહે છે. આથી મૂડીની આંતરરાષ્ટ્રીય હેરફેર શક્ય અને ઝડપી બને છે. આમ, સ્થિર વિનિમય દરની નીતિ અંતર્ગત મૂડી પર મળતા વળતર અંગે નિશ્ચિતતા સર્જાય છે. આથી વિદેશી મૂડીરોકાણ પ્રોત્સાહિત થાય છે.

➢ વિદેશી હૂંડિયામણની સટ્ટાકીય પ્રવૃત્તિઓ અવરોધાય છે :-

જો વિનિમય દર સ્થિર ન રહે તો વિદેશી હૂંડિયામણનાં કાળા બજાર સર્જાય છે. વિદેશી હૂંડિયામણની સટ્ટાકીય પ્રવૃત્તિઓ વેગ પકડે છે. જેથી દેશનો આર્થિક વિકાસ અવરોધાય છે. સ્થિર વિનિમય દરની નીતિના પરિણામે વિદેશી હૂંડિયામણના કાળા બજાર કે તેને લગતી સટ્ટાકીય પ્રવૃત્તિઓ અવરોધાય છે. જે દેશના આર્થિક વિકાસમાં સહાય બને છે.

➢ લેણદેણની તુલામાં સમતુલા :-

સ્થિર વિનિમય દરની નીતિના પરિણામે વિદેશ વેપારમાં નિશ્ચિતતાનું તત્ત્વ ઉમેરાય છે. જેના પરિણામે લેણદેણતુલા અનુકૂળ બને છે. આમ સ્થિર વિનિમય દરની નીતિ લેણદેણ તુલામાં સમતુલા જાળવવામાં મદદરૂપ બને છે.

➢ વિનિમય અંકુશોની આવશ્યક્તા રહેતી નથી :-

સ્થિર વિનિમય દરની નીતિના પરિણામે દેશના ચલણના બાહ્યમૂલ્યની સ્થિરતા આપોઆપ જળવાતી હોય છે. જેથી કોઈ પણ પ્રકારના વિનિમય અંકુશોની આવશ્યકતા રહેતી નથી.

14.7.1.2 સ્થિર વિનિમય દરના ગેરલાભ/ સ્થિર વિનિમય દરની વિરુદ્ધની દલીલો :-

સ્થિર વિનિમય દર નીતિની વિરુદ્ધની દલીલો નીચે મુજબ છે :

➢ વિનિમય દરમાં સ્થિરતા જાળવવા માટે ચૂકવવી પડતી કિંમત વધુ :-

બે વિશ્વયુદ્ધ વચ્ચેના સમયગાળામાં એવો અનુભવ થયો કે વિનિમય દરમાં સ્થિરતા જાળવવા માટે દેશે ખૂબ મોટી કિંમત ચૂકવવી પડે છે. એટલે કે દેશના અર્થતંત્રે આર્થિક અસ્થિરતાનો ભોગ બનવું પડે છે. સુવર્ણધોરણ હેઠળ વિનિમય દરમાં સ્થિરતા જાળવવા માટે દેશે કાં તો ફુગાવો સહન કરવો પડે છે અથવા તો નાણાં સંકોચનની પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. આમ, વિનિમય દરમાં સ્થિરતા જાળવવા માટે દેશે ખૂબ મોટી કિંમત ચૂકવવી પડતી હોય છે.

➢ પ્રવૃત્તિઓ પરિવર્તનશીલ :-

સ્થિર વિનિમય દર એ ભૂતકાળની ભાવસપાટી અને ખર્ચનું દ્યોતક છે. આથી તે વર્તમાન આર્થિક પરિસ્થિતિનું સાચું વર્ણન કરી શકે નહીં. ચલણનું આંતરિક મૂલ્ય બદલાય તેની સાથે વિનિમય દર પણ બદલાય તો જ તે આર્થિક પરિસ્થિતિઓ સાથે સુમેળ સાધી શકે. આર્થિક પ્રવૃત્તિઓ સતત પરિવર્તનશીલ છે તેથી બદલાતી જતી આર્થિક પ્રવૃત્તિઓ સાથે સુમેળ સાધવા વિનિમય દર પણ બદલાવો જોઈએ.

➢ અન્ય પરિબળોની અવગણના :-

મિત્રો, અગાઉ આપણે જોયું કે સ્થિર વિનિમય દરના પરિણામે વિદેશી મૂડીરોકાણ પ્રોત્સાહિત થાય છે. પરંતુ મૂડીરોકાણનો આધાર માત્ર સ્થિર વિનિમય દર પર જ રહેલો નથી પરંતુ અન્ય કેટલાંય પરિબળો એવાં છે કે જેના પરિણામે મૂડીરોકાણ પ્રોત્સાહિત થાય છે. જેમ કે, કુદરતી

સાધન-સંપત્તિ ભૌગોલિક પરિબળો, સાધનોની ઉપલબ્ધતા વગેરે પરિબળો પણ મૂડીરોકાણ માટે અગત્યનો ભાગ ભજવે છે, જેની અહીં અવગણના કરવામાં આવી છે.

➢ વિદેશી હૂંડિયામણના કાળા બજાર :-

વિનિમય દરને સ્થિર જાળવી રાખવા માટે વિનિમય અંકુશોનો ઉપયોગ કરવામાં આવતો હોવાથી વિદેશી હૂંડિયામણનાં કાળા બજાર રચાય છે. વિદેશી હૂંડિયામણ મેળવવા માટે અનેક પ્રકારની કુરીતિઓ અપનાવવામાં આવે છે.

➢ વિકાસ પામતા દેશો માટે પ્રતિકૂળ :-

સ્થિર વિનિમય દરની નીતિ વિકાસ પામતા દેશો માટે અનુકૂળ બનતી નથી, કારણ કે વિકાસ પામતા દેશો જ્યારે ઝડપી આર્થિક વિકાસ સાધવાના પ્રયત્નો કરે છે ત્યારે સ્થિર વિનિમય દરના પરિણામે નિકાસને પ્રોત્સાહિત કરી શકાતી નથી. એટલું જ નહિ પરંતુ આ નીતિના પરિણામે વિદેશી મૂડીરોકાણને આકર્ષવામાં પણ ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સ્થિર વિનિમય દર ની નીતીના પરિણામે કેટલીક વાર સટ્ટાકીય પ્રવૃત્તિઓને ઉત્તેજન મળે છે. તેથી અર્થતંત્રમાં અસ્થિરતાનું વાતાવરણ સર્જાય છે. પરિણામે આ નીતિથી ઝડપી આર્થિક વિકાસ સાધવાનું કાર્ય મુશ્કેલ બને છે.

➢ વિદેશી હૂંડિયામણની અનામતો જાળવવી પડે છે :-

વિનિમય દરને સ્થિર જાળવી રાખવા માટે વિદેશી હૂંડિયામણના બજારમાં દખલગીરી કરવી પડે છે. એટલે કે વિદેશી હૂંડિયામણના પુરવઠા અને માંગ વચ્ચે સંમતુલન જાળવી રાખવું પડે છે અને આમ કરવા માટે દેશે પૂરતા પ્રમાણમાં વિદેશી હૂંડીયામણનો જથ્થો અનામત તરીકે રાખી મૂકવો પડે છે. વિદેશી હૂંડિયામણના આ જથ્થાનો ઉપયોગ અન્ય કોઈ કાર્યમાં કરી શકાતો નથી, જેને એક પ્રકારનો આર્થિક દુર્વ્યય કહેવામાં આવે છે.

14.7.2 અસ્થિર વિનિમય દર/ પરિવર્તનશીલ વિનિમય દર (Flexible Exchange Rate) :

જ્યારે વિનિમય દર વિદેશી હૂંડિયામણની માંગ અને પુરવઠા દ્વારા મુક્ત રીતે નક્કી થાય છે ત્યારે તેને પરિવર્તનશીલ (અસ્થિર) વિનિમય દર તરીકે ઓળખવામાં આવે છે. અહીં વિદેશી હૂંડિયામણની માંગ અને વિદેશી હૂંડિયામણના પુરવઠાના પરિબળોમાંથી કોઈ એક કે બંનેમાં ફેરફાર થતાં વિનિમયનો દર સ્વતંત્ર રીતે બદલાતો હોય છે. પરિવર્તનશીલ વિનિમયનો દર સ્વતંત્ર રીતે બદલાતો હોય છે. પરિવર્તનશીલ વિનિમય દરની નીતિ અન્વયે મધ્યસ્થ બેંક દ્વારા વિનિમય દરને સ્થિર રાખવા માટે કોઈ પણ પ્રકારના પ્રયત્નો કરવામાં આવતા નથી. ગ્રેહામ, મીડ, મિલ્ટન ફ્રિડમેન વગેરે અર્થશાસ્ત્રીઓના મતે વિનિમય દર એ પરિવર્તનશીલ જ હોવું જોઈએ.

14.7.2.1 પરિવર્તનશીલ (અસ્થિર) વિનિમય દરના લાભ / પરિવર્તનશીલ (અસ્થિર) વિનિમય દરની તરફેણની દલીલો :-

પરિવર્તનશીલ વિનિમય દરની તરફેણની દલીલો નીચે મુજબ છે:

➢ પરિવર્તનશીલ વિનિમય દર એ અસ્થિર વિનિમય દર નથી :-

મિત્રો, આપણને એવું લાગે કે પરિવર્તનશીલ વિનિમય દર એટલે અસ્થિર વિનિમય દર. પરંતુ, એ બાબત હંમેશાં સાચી હોઈ શકે નહીં. પરિવર્તનશીલ વિનિમય દર સ્થિર પણ રહી શકે છે. પ્રો. મિલ્ટન ફ્રિડમેન આ બાબત સમજાવતાં જણાવે છે કે, જે રીતે મુક્ત બજારમાં વસ્તુઓના ભાવ વસ્તુની બજારમાંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે અને તે વારંવાર બદલાતા નથી તે જ રીતે મુક્ત હૂંડિયામણના બજારમાં વિદેશી ચલણની માંગ અને તેના પુરવઠા દ્વારા પરિવર્તનશીલ વિનિમય દર નક્કી થાય છે અને તે વારંવાર બદલાતો નથી.

➢ લેણદેણ તુલાની સમતુલા :-

પરિવર્તનશીલ વિનિમય દર વિદેશી ચલણની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થતો હોવાથી લેણદેણની તુલા આપોઆપ સંમતુલિત થવાનું વલણ ધરાવે છે. આથી જ લેણદેણની તુલાની અસમતુલા દૂર કરવાના એક શ્રેષ્ઠ ઉપાય તરીકે સ્કેમલ જેવા અર્થશાસ્ત્રીઓ પરિવર્તનશીલ વિનિમય દરની નીતિની હિમાયત કરે છે.

➢ વિદેશ વેપારનો વ્યાપ વધે છે અને તે વૈવિધ્યસભર બને છે :-

મિત્રો, આપણે અગાઉ જોયું કે પરિવર્તનશીલ વિનિમય દરની નીતિ અન્વયે લેણદેણની તુલા સ્વયં સંમતુલિત થવાનું વલણ ધરાવે છે. આથી વિદેશ વેપારનો વ્યાપ વધે છે અને તે મુક્ત બને છે. એટલુંજ નહીં પરંતુ વિદેશ વેપાર વૈવિધ્યસભર પણ બને છે.

➢ સ્વતંત્ર નાણાકીય અને રાજકોષીય નીતિ સાથે સુસંગત :-

પરિવર્તનશીલ વિનિમય દર બદલાતાં જતાં આર્થિક પ્રવાહો સાથે સરળતાથી સુમેળ સાધી સુસંગત બની શકે છે. આથી જ બદલાતાં જતાં રાજકીય પ્રવાહોના પરિણામે બદલાતી જતી નાણાકીય અને રાજકોષીય નીતિ સાથે તે સરળતાથી સુમેળ સાધી શકે છે અને અર્થતંત્રને પ્રગતિના પંથે લઈ જઈ શકે છે.

➢ ફુગાવા સાથે સુસંગત :-

ફુગાવાના પરિણામે દેશમાં વસ્તુઓના ભાવ વધતાં દેશની નિકાસો મોંઘી બને છે અને સાપેક્ષ રીતે વિદેશોમાંથી આયાતો સસ્તી બને છે. આથી દેશની નિકાસ કમાણી કરતાં દેશમાં થયેલ આયાતોના બિલની ચૂકવણીનું પ્રમાણ વધી જાય છે અને દેશની લેણદેણ તુલામાં ખાધ પડે છે. વિનિમય દર પરિવર્તનશીલ હોવાથી જો દેશના ચલણનું અવમૂલ્યન કરવામાં આવે તો આવી પરિસ્થિતિમાં દેશની પ્રતિષ્ઠાને આંતરરાષ્ટ્રીય બજારમાં હાનિ થાય છે. જે કોઈ પણ દેશની સરકાર ઈચ્છતી નથી. આવું ન થાય તે માટે દેશમાં સરકાર સતત એવા પ્રયત્નો કરતી રહે છે કે જેથી ફુગાવાનો અવકાશ જ પેદા ન થાય. આમ, પરિવર્તનશીલ વિનિમય દરની નીતિના પરિણામે સરકાર ફુગાવાનું સર્જન જ ન થાય તે માટે સજાગ રહે છે.

➢ વ્યાપાર ચક્રીય પરિવર્તનો :-

પરિવર્તનશીલ વિનિમય દરની નીતિના પરિણામે દેશના અર્થતંત્રમાં ફુગાવા અને મંદી જેવા ચક્રીય પરિવર્તનો સર્જાતા નથી. આથી જ સોહમેન જેવા અર્થશાસ્ત્રીઓના મતે પરિવર્તનશીલ વિનિમય દરની નીતિ દેશના અર્થતંત્રને ચક્રીય પરિવર્તનો સામે રક્ષણ પુરૂ પાડે છે.

➢ અન્ય પદ્ધતિઓ કરતાં ઓછી ખર્ચાળ :-

પરિવર્તનશીલ વિનિમય દરની નીતિ અન્વયે વિદેશી હૂંડિયામણનો અનામત જથ્થો જાળવી રાખવો પડતો નથી. અહીં વિનિમય દર પરિવર્તનશીલ હોવાથી લેણદેણની તુલા સ્વયં સમતુલિત થવાનું વલણ ધરાવે છે. આથી અન્ય પદ્ધતિઓ કરતાં પરિવર્તનશીલ વિનિમય દરની પદ્ધતિ ઓછી ખર્ચાળ હોય છે. આ પદ્ધતિ અન્વયે ચલણનું બાહ્ય મૂલ્ય સતત બદલાતું હોવાથી હૂંડિયામણ ખર્ચ અને હૂંડિયામણની આવક સરખાં રહેવાનું વલણ ધરાવે છે. જેથી આંતરરાષ્ટ્રીય તરલતા અને હૂંડિયામણની અનામતો રાખવાની આવશ્યકતા જણાતી નથી. કેટલાંક અર્થશાસ્ત્રીઓના મતે વિનિમય દરની અન્ય પદ્ધતિઓ કરતાં પરિવર્તનશીલ વિનિમય દરની પદ્ધતિ શ્રેષ્ઠ છે.

14.7.2.2 પરિવર્તનશીલ (અસ્થિર) વિનિમય દરના ગેરલાભ/ પરિવર્તનશીલ (અસ્થિર) વિનિમય દરની વિરુદ્ધની દલીલો :-

પરિવર્તનશીલ વિનિમય દરની વિરુદ્ધની દલીલો નીચે મુજબ છે.

➢ અર્થતંત્રમાં અસ્થિરતા અને અનિશ્ચિતતા :-

વિનિમય દર પરિવર્તનશીલ હોવાથી તેમાં સતત પરિવર્તનો આવ્યા કરતાં હોય છે. જેના પરિણામે દેશના વેપાર-ઉદ્યોગોમાં અનિશ્ચિતતાનું તત્વ ઉમેરાય છે. દેશના આયાતકારો અને નિકાસકારો માટે આયાતી વસ્તુઓ અને નિકાસી વસ્તુઓની કિંમતની બાબતમાં અસ્પષ્ટતા સર્જાય છે. જેથી સમગ્ર અર્થકારણમાં અસ્થિરતા સર્જાય છે. આમ, પરિવર્તનશીલ વિનિમય દરના પરિણામે આંતરરાષ્ટ્રીય વેપાર જોખમી અને અનિશ્ચિત બને છે.

➢ વેતન-પ્રેરિત ફુગાવાનો અવકાશ :-

સ્કેમલના મત મુજબ પરિવર્તનશીલ વિનિમય દરની નીતિના પરિણામે વેતન-પ્રેરિત ફુગાવો સર્જાવવાની શક્યતા વધુ રહે છે. આ સંદર્ભમાં તેમણે એવી દલીલ રજૂ કરી છે કે જો વિનિમય દર નીચો જાય તો દેશ માટે આયાતો મોંઘી બને છે. અને જો દેશમાં થતાં કુલ ઉત્પાદનમાં આયાતી કાચા માલનો હિસ્સો વધારે હશે તો ઉત્પન્ન થતી વસ્તુઓ મોંઘી થશે. એટલે કે ઉત્પાદનખર્ચ વધી જશે અને વસ્તુની કિંમત વધતાં વેતન વધારાની માંગણીઓ ઉદ્‌ભવશે જેના પરિણામે વેતન-પ્રેરિત ફુગાવાનું સર્જન થશે.

➢ મૂડીની ઉઠાંતરી ને ઉત્તેજન :-

પ્રો. વ્હિટલસે ના જણાવ્યા અનુસાર મુક્ત અને પરિવર્તનશીલ વિનિમય દર મૂડી ની ઉઠાંતરી ને પોષે છે. પરિણામે જે દેશના ચલણના મૂલ્યમાં ઘટાડો થઈ રહ્યો હશે અથવા ઘટાડો થવાની શક્યતા હશે તે દેશના ચલણમાં રોકાયેલી મૂડીને અન્ય મજબૂત ચલણમાં ખસેડી દેવાની વૃત્તિ પ્રબળ બનશે. આમ ન થાય તે માટે વિનિમય દરને અંકુશમાં રાખવો આવશ્યક બને છે.

➢ પરિવર્તનશીલ વિનિમય દર મૂડીરોકાણ માટે અવરોધક :-

પ્રો. હેબરલરના મતે પરિવર્તનશીલ વિનિમય દરની નીતિના પરિણામે લોકોની નાણું તરલ સ્વરૂપમાં રાખવાની વૃત્તિ પ્રોત્સાહિત થાય છે. વિનિમય દર સ્થિર ન રહેવાના પરિણામે લોકો વધુમાં વધુ નાણું રોકડ સ્વરૂપમાં રાખવાનું પસંદ કરે છે. જેથી જ્યારે જ્યારે દેશના ચલણના મૂલ્યમાં ઘટાડો થવાની શક્યતા જણાય ત્યારે લોકો પોતાનાં નાણાંને મજબૂત ચલણમાં ફેરવી શકે. આ ઉપરાંત લોકોની નાણું રોકડ સ્વરૂપમાં રાખવાની વૃત્તિના પરિણામે વ્યાજદર ઊંચા જાય છે. જેની મૂડીરોકાણ અને રોજગારી ઉપર વિપરીત અસર થાય છે. આમ, વિનિમય દરમાં સતત ફેરફારો થતા હોવાથી મૂડીરોકાણ અવરોધાય છે.

➢ રાજકીય પ્રવૃત્તિને વેગ :-

પરિવર્તનશીલ વિનિમય દરની નીતિના પરિણામે વિનિમ દરમાં સતત પરિવર્તનો આવ્યાં કરે છે. જેના પરિણામે અર્થતંત્રમાં અનિશ્ચિતતાનું વાતાવરણ સર્જાય છે. વિનિમય દર અનિશ્ચિત બનતાં સટ્ટાકીય પ્રવૃત્તિઓ વેગ પકડે છે. વિનિમય દરમાં ફેરફારો થવાના લીધે સટ્ટોડિયાઓ આ બદલાતા વિનિમય દરનો લાભ મેળવવા પ્રયત્ન કરે છે. સટ્ટાકીય પ્રવૃત્તિના લીધે તેઓ ચલણને સસ્તામાં ખરીદીને મોંઘા ભાવે વેંચવાના પ્રયાસો કરે છે. જેથી અર્થતંત્રમાં અસ્થિરતા સર્જાય છે.

➢ દેશ માટે વેપારની શરતો પ્રતિકૂળ :-

પરિવર્તનશીલ વિનિમય દરની નીતિના પરિણામે વેપારની શરતો દેશ માટે પ્રતિકૂળ બને છે. વર્તમાન સમયમાં તમામ દેશો વિનિમય અંકુશો અને વેપાર નિયંત્રણોનો ઉપયોગ કરીને વિનિમય દરને ઊંચો રાખવા પ્રયત્નો કરે છે. એટલું જ નહિ પરંતુ, વેપારની શરતો ને અનુકૂળ બનાવવાનો પણ પ્રયત્ન કરે છે. આવી પરિસ્થિતિમાં પરિવર્તનશીલ વિનિમય દરની નીતિની વેપારની શરતો પર વિપરીત અસર થાય છે.

➢ અલ્પવિકસિત દેશો માટે પ્રતિકૂળ :-

અલ્પવિકસિત દેશોએ ઝડપી આર્થિક વિકાસ સાધવા માટે વિવિધ વ્યૂહરચનાઓ અપનાવવી પડતી હોય છે. જેની માટે તેમણે યંત્રો, મૂડી સાધનો, ટેકનોલોજી, કાચોમાલ વગેરેની મોટા પાયા પર આયાત કરવી પડે છે. આ આયાતોની ચૂકવણી માટે તેમણે પુષ્કળ પ્રમાણમાં વિદેશી હૂંડિયામણની જરૂર પડે છે. અલ્પવિકસિત દેશો સામે વિદેશી હૂંડિયામણની

અછત અને લેણદેણની તુલામાં અસમતુલાની સમસ્યા સતત રહેલી હોવાથી આવા દેશોએ આયાત-નિયંત્રણો અને વિનિમય અંકુશોનો ઉપયોગ કરવો પડતો હોય છે. આથી આવા દેશો માટે પરિવર્તનશીલ વિનિમય દરની નીતિ હિતાવહ કહી શકાતી નથી.

❖ તમારી પ્રગતિ ચકાસો - III

(1) વિનિમય દર એટલે શું?

(2) સ્થિર વિનિમય દર એટલે શું?

(3) સ્થિર વિનિમય દર નીતિના લાભાલાભ જણાવો.

(4) સ્થિર વિનિમય દરની નીતિના પરિણામે લેણદેણ તુલામાં સમતુલા કઈ રીતે આવે છે?

(5) સ્થિર વિનિમય દરની નીતિ વિકાસ પામતા દેશો માટે અનુકૂળ નથી. સમજાવો.

(6) પરિવર્તનશીલ વિનિમય દર એટલે શું?

(7) પરિવર્તનશીલ વિનિમય દરની નીતિ દ્વારા અર્થતંત્રને ચક્રીય પરિવર્તનો સામે સંરક્ષણ કઈ રીતે આપી શકાય છે? સમજાવો.

(8) પરિવર્તનશીલ વિનિમય દરની નીતિના પરિણામે વેતન-પ્રેરિત ફુગાવો કઈ રીતે અસ્તિત્વમાં આવે છે?

(9) મૂડીની ઉઠાંતરી એટલે શું?

❖ નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

(1) સ્થિર વિનિમય દરની નીતિનાં પરિણામે વિદેશ વેપાર ઝડપી બને છે.

(2) સ્થિર વિનિમય દરની નીતિનાં પરિણામે વિદેશી હૂંડિયામણની સટ્ટાકીય પ્રવૃત્તિઓ વેગ પકડે છે.

(3) વિનિમય દરમાં સ્થિરતા જાળવવા માટે દેશમાં કાં તો ફુગાવાનું સર્જન થાય છે અથવા નાણાં સંકોચનની પરિસ્થિતિ સર્જાય છે.

(4) પરિવર્તનશીલ વિનિમય દર એટલે અસ્થિર વિનિમય દર

(5) પરિવર્તનશીલ વિનિમય દરની નીતિ અલ્પવિકસિત દેશો માટે અનુકૂળ નથી.

14.8 સમ-ખરીદશક્તિનો સિદ્ધાંત (Theory of Purchasing Power Parity) :

વિદ્યાર્થીમિત્રો, આપણે વિનિમય દર અંગેના મુદ્દા અંગે વિસ્તૃત ચર્ચા કરી. તો ચાલો, હવે આપણે આ વિનિમય દર કઈ રીતે નક્કી થાય છે, તે અંગેની સમજૂતી મેળવીએ. વિનિમય દર નિર્ધારણની સમજૂતી આપતા ત્રણ સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા છે, જે નીચે મુજબ છેઃ

(1) સુવર્ણ ધોરણ હેઠળ વિનિમય દર નિર્ધારણની સમજૂતી આપતો <u>ટંકશાળ સમતા સિદ્ધાંત</u>

(2) કાગદી ધોરણ હેઠળ વિનિમય દર નિર્ધારણની સમજૂતી આપતો <u>સમ-ખરીદશક્તિનો સિદ્ધાંત</u>

(3) કોઈ એક ચોક્કસ સમયે વિનિમય દર કઈ રીતે નક્કી થાય છે તેની સમજૂતી આપતો વિદેશી હૂંડિયામણની માંગ અને પુરવઠાનો સિદ્ધાંત (લેણદેણ તુલાનો સિદ્ધાંત)

સમ-ખરીદશક્તિના સિદ્ધાંતની સૌપ્રથમ રજૂઆત જહોન વ્હીટલે 1802 માં તેમના પુસ્તક 'Remarks on Currency and Commerce' માં કરી ત્યાર પછી વિલિયમ બ્લેક, ડેવિડ રિકાર્ડો, થોર્નટન વગેરે અર્થશાસ્ત્રીઓએ પણ આ સિદ્ધાંતમાં પોતાનું યોગદાન આપ્યું. સ્વીડનના અર્થશાસ્ત્રી પ્રો. ગુસ્ટાવ કેસલે આ સિદ્ધાંતને આધુનિક સ્વરૂપ આપ્યું. તેમણે 1916 અને 1921 માં આ સિદ્ધાંતનો ખ્યાલ પોતાના પુસ્તક 'Money and Exchange After 1914'માં રજૂ કર્યો.

સમ-ખરીદશક્તિના સિદ્ધાંત મુજબ અપરિવર્તનીય કાગદી ધોરણ હેઠળ બે દેશો વચ્ચેનાં ચલણી નાણાંનો વિનિમય દર બંને દેશોનાં ચલણી નાણાંની આંતરિક ખરીદશક્તિ દ્વારા નિર્ધારિત થાય છે. આ સિદ્ધાંત બે સ્વરૂપે રજૂ કરવામાં આવેલ છેઃ

નિરપેક્ષ સ્વરૂપ **અને**

સાપેક્ષ સ્વરૂપ

14.8.1 નિરપેક્ષ સ્વરૂપ (Absolute Version)

સમ-ખરીદશક્તિ સિદ્ધાંતના નિરપેક્ષ સ્વરૂપમાં કોઈ એક ચોક્કસ સમયે બે ચલણ વચ્ચેનો વિનિમય દર કઈ રીતે નક્કી થાય છે તે સમજાવવામાં આવે છે. આ સિદ્ધાંતમા આંતરિક ભાવસપાટીમાં થતા ફેરફારોને અવગણવામાં આવે છે.

❖ ઉદાહરણ દ્વારા સમજૂતી :

ધારો કે, ભારત અને અમેરિકા બે દેશો છે. કોઈ એક ચોક્કસ વસ્તુના એક એકમની કિંમત ભારતમાં ₹10 અને અમેરિકામાં $ 1 છે. તો સમ-ખરીદશક્તિના સિદ્ધાંત મુજબ વિનિમય દર 1 ડોલર = 10 રૂપિયા નક્કી થાય, કારણ કે અહીં બંને દેશોના ચલણની આંતરિક ખરીદશક્તિ સમાન થાય છે.

હવે, જો બજારમાં પ્રવર્તતો વિનિમય દર સમ-ખરીદશક્તિ મુજબ નક્કી થયેલ વિનિમય દર કરતાં જુદો હોય તો, ચલણના આંતરિક અને બાહ્ય મૂલ્યમાં તફાવત જોવા મળે છે. પરિણામ સ્વરૂપ એવાં પરિબળો ઉદ્ભવશે કે જેના લીધે ચલણની માંગ અથવા ચલણના પુરવઠામાં જરૂર મુજબના ફેરફારો થઈને ફરી પાછો સમ-ખરીદશક્તિ મુજબનો દર સ્થપાશે. ધારો કે, વિનિમય દર $ 1 = ₹ 10 છે. અને જો તે બદલાઈ ને $1 = ₹ 12 થાય તો, અમેરિકાના નાગરિકને પોતાના દેશમાંથી ખરીદી કરવાના બદલે ડોલરને રૂપિયામાં ફેરવી ભારતમાંથી વસ્તુની આયાત કરવામાં ફાયદો થશે. પરિણામ સ્વરૂપે રૂપિયાની માંગમાં વધારો થતાં રૂપિયાનું મૂલ્ય વધશે અને પુનઃ સમતુલાનો વિનિમય દર $ 1 = ₹ 10 પ્રાપ્ત થશે.

તે જ રીતે જો વિનિમય દર $ 1 = ₹ 8 થાય તો, ભારતના નાગરિકને અમેરિકામાંથી વસ્તુની ખરીદી કરવામાં ફાયદો થશે. આથી ભારતનો નાગરિક રૂપિયાને ડોલરમાં રૂપાંતરિત કરીને અમેરિકામાંથી ખરીદી વધારશે. જેના લીધે ભારતની આયાતોમાં વધારો થશે. એટલું જ નહિ પરંતુ ભારત દ્વારા ડોલરની થતી માંગમાં પણ વધારો થશે. પરિણામ સ્વરૂપ ડોલરનું મૂલ્ય વધી જશે અને ફરી સમતુલાનો વિનિમય દર $ 1 = ₹ 10 પ્રાપ્ત થશે.

❖ મર્યાદાઓ :

સમ-ખરીદશક્તિના સિદ્ધાંતના નિરપેક્ષ સ્વરૂપની કેટલીક મર્યાદાઓ નીચે મુજબ છેઃ

➢ વિદેશ વેપાર મુક્ત હોય તેવા સંજોગોમાં જ નવો વિનિમય દર અગાઉના વિનિમય દરની જેમ સમતોલ બને છે.

➢ અહીં ધારણા કરવામાં આવી છે કે બંને દેશોમાં વસ્તુઓ સમાનગુણી હોય છે. જે અવાસ્તવિક છે.

➢ માત્ર રાષ્ટ્રીય બજાર ધરાવતી વસ્તુની કિંમતમાં ફેરફાર થતાં આંતરરાષ્ટ્રીય વેપાર પર તેની કોઈ જ અસર થતી નથી. આવી પરિસ્થિતિમાં સિદ્ધાંતનું નિરપેક્ષ સ્વરૂપ બિનઉપયોગી નીવડે છે.

14.8.2 સાપેક્ષ સ્વરૂપ (Relatine Version)

સમ-ખરીદશક્તિ સિદ્ધાંતના નિરપેક્ષ સ્વરૂપમાં બે દેશોના ચલણની ખરીદશક્તિ એક જ વસ્તુના સંદર્ભમાં સમજાવવામાં આવે છે. જ્યારે સાપેક્ષ સ્વરૂપમાં બે દેશોના ચલણની આંતરિક ખરીદશક્તિ અનેક વસ્તુઓ અને સેવાઓના સંદર્ભમાં નક્કી કરવામાં આવે છે. આથી બંને ચલણોની ખરીદશક્તિમાં થતા ફેરફારોને અહીં ધ્યાનમાં લેવામાં આવે છે. આથી સમ-ખરીદશક્તિ સિદ્ધાંતનું સાપેક્ષ સ્વરૂપ વધુ વાસ્તવિક અને ઉપયોગી બને છે. સમ-ખરીદશક્તિ સિદ્ધાંતના સાપેક્ષ સ્વરૂપમાં વિવિધ વસ્તુઓના સાપેક્ષ ભાવો અને તેમાં થતાં ફેરફારોને ધ્યાનમાં લઈને ચલણની આંતરિક ખરીદશક્તિ માપવામાં આવે છે. સ્કેમલના મતે ચલણનું સાપેક્ષ મૂલ્ય મહત્ત્વનું છે. સિદ્ધાંતના સાપેક્ષ સ્વરૂપમાં કોઈ એક સમયનો વિનિમય દર સમતોલ છે તેમ ધારી લેવામાં આવે છે અને ત્યારબાદ નવો વિનિમય દર તેનાથી વધુ કે ઓછો છે તેની તુલના કરવામાં આવે છે. સમ-ખરીદશક્તિના સિદ્ધાંતના સાપેક્ષ સ્વરૂપમાં નીચેની કેટલીક બાબતો આવશ્યક માનવામાં આવે છે.

(1) પાયાના વર્ષનો વિનિમય દર

(2) આંતરિક ભાવાંક

(3) વિદેશી ભાવાંક

સિદ્ધાંતના સાપેક્ષ સ્વરૂપને સમજાવવા માટે ભાવાંકનો ઉપયોગ કરવામાં આવે છે. ઉપરોક્ત માહિતીના આધારે વિનિમય દરની ગણતરી કરવા માટે નીચેના સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે.

$$\text{નવો વિનિમય દર} = \text{પાયાના વર્ષનો વિનિમય દર} \times \frac{\text{પાયાના વર્ષની સરખામણીમાં આંતરિક ભાવાંક}}{\text{પાયાના વર્ષની સરખામણીમાં વિદેશી ભાવાંક}}$$

અથવા

$$R_1 = Ro \times \frac{Pa}{Pb}$$

જ્યાં, R_1 = નવો વિનિમય દર

R_0 = પાયાના વર્ષનો વિનિમય દર

Pa = પાયાના વર્ષની સરખામણીમાં આંતરિક ભાવાંક

Pb = પાયાના વર્ષની સરખામણીમાં વિદેશી ભાવાંક

ધારો કે, પાયાના વર્ષમાં અમેરિકા અને ભારત વચ્ચેનો વિનિમય દર

\$ 1 = ₹ 10 છે. પાયાના વર્ષની સરખામણીમાં કોઈ એક વર્ષમાં અમેરિકામાં ભાવાંક 500 જેટલો છે અને ભારત માં ભાવાંક 600 જેટલો છે, તો નવો વિનિમય દર નીચે મુજબ નક્કી થશે.

$$R_1 = Ro \times \frac{Pa}{Pb}$$

$$= 10 \times \frac{600}{500}$$

$$= 12 \text{ રૂપિયા}$$

નવો વિનિમય દર \$ 1 = ₹ 12 જેટલો હશે.

આમ, નવા વિનિમય દર પરથી કહી શકાય કે ડોલરના સંદર્ભમાં રૂપિયાનું મૂલ્ય ઘટ્યું છે. કારણ કે ડોલરની આંતરિક ખરીદશક્તિમાં ઘટાડો થયો છે તેના કરતાં રૂપિયાની આંતરિક ખરીદશક્તિમાં વધુ ઘટાડો થયો છે. આમ, જે દેશમાં ભાવો વધુ પ્રમાણમાં વધે છે તે દેશનું ચલણ બાહ્ય મૂલ્ય ગુમાવે છે.

➢ સમ-ખરીદશક્તિ સિદ્ધાંતની મર્યાદાઓ :-

સમ-ખરીદશક્તિના સિદ્ધાંતના સાપેક્ષ સ્વરૂપની કેટલીક મર્યાદાઓ રહેલી છે, જે નીચે મુજબ છેઃ

➢ વિનિમય દર નિર્ધારણને સમજાવી શકાતું નથી :-

સમ-ખરીદશક્તિના સિદ્ધાંત દ્વારા વિનિમય દરમાં પરિવર્તન કઈ રીતે અને શા માટે આવે છે, તે સમજાવી શકાય છે પરંતુ, વિનિમય દર કઈ રીતે નક્કી થાય છે, તે સમજાવી શકાતું નથી. આમ, આ સિદ્ધાંત દ્વારા વિનિમય દર નિર્ધારણની સ્પષ્ટ સમજૂતી આપી શકાતી નથી.

➢ ચલણની આંતરિક ખરીદશક્તિનું સાચું માપ મેળવી શકાતું નથી :-

સમ-ખરીદશક્તિના સિદ્ધાંતના સાપેક્ષ સ્વરૂપમાં સૂચક આંકનો ઉપયોગ કરવામાં આવે છે. સૂંચકઆંકની રચનામાં વિવિધ વસ્તુઓના ભાવોનો સમાવેશ કરવામાં આવે છે. જુદા જુદા દેશોમાં વિવિધ પ્રકારની વસ્તુઓ વપરાતી હોય છે. એટલું જ નહીં પરંતુ, ત્યાંના લોકોના રીતરિવાજ, ફેશન, ટેવ, રુચિ વગેરેમાં પણ વૈવિધ્યતા જોવા મળે છે. જેથી તેમના વપરાશમાં લેવામાં આવતી વસ્તુઓમાં પણ ભિન્નતા જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં એક શક્યતા એવી પણ છે કે જે વસ્તુનો વપરાશ એક દેશમાં થતો હોય તે જ વસ્તુનો વપરાશ અન્ય દેશમાં ન પણ થતો હોય. આથી બંને દેશોમાં એક જ વસ્તુની કિંમતમાં તફાવત પણ હોઈ શકે છે. આ ઉપરાંત, બંને દેશની આર્થિક નાણાકીય અને રાજકોષીય નીતિમાં પણ તફાવત રહેલો જોવા મળે છે. આમ, આ રીતે બે દેશોના ચલણની એક જ વસ્તુના સંદર્ભમાં ખરીદશક્તિ જુદી જુદી જોવા મળે છે. આથી સૂચકઆંક દ્વારા ચલણની આંતરિક ખરીદશક્તિનું સાચું માપ મેળવવું મુશ્કેલીભર્યું બને છે.

➢ વિનિમય દરમાં થતાં પરિવર્તનોની ભાવસપાટી પર અસર :-

સમ-ખરીદશક્તિના સિદ્ધાંતમાં માનવામાં આવે છે કે ભાવસપાટીમાં થતાં ફેરફારો વિનિમય દર પર અસર કરે છે, પરંતુ વિનિમય દરમાં થતા ફેરફારો ભાવસપાટી પર અસર કરતાં નથી, જે અવાસ્તવિક છે. વાસ્તવમાં કેટલીકવાર એવું પણ બને છે કે વિનિમય દર ભાવસપાટીથી નક્કી થતો નથી, પરંતુ ભાવસપાટીને નક્કી કરતાં પરિબળો પૈકીનું એક હોય છે. જ્યારે ચલણનું મૂલ્ય સમતુલાની સપાટીથી નીચું હોય ત્યારે દેશની નિકાસોમાં વધારો થતાં આવકમાં વધારો થાય છે. પરિણામે દેશમાં ભાવસપાટી ઊંચી જાય છે. જે દર્શાવે છે કે વિનિમય દરમાં થતા ફેરફારો ભાવસપાટીને અસર કરતાં હોય છે.

➢ લેણ-દેણની તુલાની અસર કરતાં પરિબળોની અવગણના :-

સમ-ખરીદશક્તિના સિદ્ધાંતમાં માત્ર વસ્તુઓની જ આયાત-નિકાસ ને મહત્ત્વ આપવામાં આવ્યું છે, જે વેપારતુલાનો નિર્દેશ કરે છે. પરંતુ, લેણદેણ તુલામાં દશ્ય તેમજ અદશ્ય વસ્તુઓ અને સેવાઓનો સમાવેશ કરવામાં આવે છે, જે વિદેશી ચલણની માંગ અને પુરવઠા ને અસર કરી વિનિમય દરને અસર કરે છે, જેની અહીં અવગણના કરવામાં આવી છે. વાસ્તવમાં વિનિમય દર લેણદેણ તુલાને અસર કરતાં તમામ પરિબળોના આધારે નક્કી થાય છે.

➢ માંગને અસર કરતાં અન્ય પરિબળોની ઉપેક્ષા :-

પ્રો. રેગ્નાર નર્ક્સના મત મુજબ આ સિદ્ધાંતમાં માંગને અસર કરતાં કેટલાંક મહત્ત્વનાં પરિબળોની અવગણના કરવામાં આવી છે. અહીં માત્ર ચલણની ખરીદશક્તિનો જ વિનિમય દર નિર્ધારણ માટે વિચાર કરવામાં આવ્યો છે. વાસ્તવમાં ચલણની ખરીદશક્તિ સિવાયનાં કેટલાંક આર્થિક પરિબળો, વેપાર ચક્રો વગેરે પણ આંતરરાષ્ટ્રીય વેપારના પ્રમાણ અને મૂલ્યને અસર કરી વિનિમય દરમાં ફેરફાર લાવે છે. આ બાબતોની સમ-ખરીદ શક્તિના સિદ્ધાંતમાં ઉપેક્ષા કરવામાં આવી છે.

➢ ટૂંકાગાળાના વિનિમય દરને સમજાવી શકાતો નથી :-

સમ-ખરીદશક્તિનો સિદ્ધાંત લાંબાગાળે વિનિમયનો દર કઈ રીતે નક્કી થાય છે, તે સમજાવે છે. પરંતુ, ટૂંકાગાળાનો અથવા રોજબરોજનો વિનિમય દર કઈ રીતે નક્કી થાય છે તે સમજાવી શકતો નથી. ટૂંકાગાળાનો વિનિમય દર સામાન્ય રીતે વિદેશી હૂંડિયામણની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે. આમ, સમ-ખરીદશક્તિનો સિદ્ધાંત રોજબરોજના વિનિમય દરમાં થતા ફેરફારો અંગેની આગાહી કરી શકતો નથી.

➢ વિનિમયનો દર સમતોલ છે કે કેમ તે બાબત અંગે શંકા :-

આ સિદ્ધાંત દ્વારા લાંબાગાળે પણ વિનિમયનો સમતોલ દર છે કે કેમ તે બાબત ચોક્કસપણે કહી શકાતી નથી, કારણ કે અહીં નવા વિનિમય દરની ગણતરી કરતી વખતે પાયાના વર્ષના વિનિમય દરનો ઉપયોગ

કરવામાં આવે છે. આથી જો પાયાના વર્ષનો વિનિમય દર સમતોલ હોય તો જ મેળવેલ નવો વિનિમય દર સમતોલ હોઈ શકે અન્યથા નહીં. અહીં પાયાના વર્ષનો વિનિમય દર સમતોલ જ છે, તે ચોક્કસ પણે કહી શકાતું નથી. આથી જ સ્કેમલના જણાવ્યા મુજબ જૂની ગણતરીની બધી જ ખામીઓ અને અનિશ્ચિતતાની અસર આ રીતની ગણતરી પર પડે છે. માટે બે ચલણો વચ્ચેનો સમતોલ વિનિમય દર ગણવા માટે આ સાધન પૂર્ણ નથી.

➢ વેપારની શરતોની અસરોની અવગણના :-

આ સિદ્ધાંતમાં વેપારની શરતોની વિનિમય દર પર થતી અસરોની અવગણના કરવામાં આવી છે, પરંતુ પ્રો. કિન્ડલ બર્જરના મત મુજબ વેપારની શરતો વિનિમય દરને અસર કરતાં મહત્ત્વનાં પરિબળો પૈકીનું એક પરિબળ માનવામાં આવે છે. બીજા વિશ્વયુદ્ધ પહેલાંના યુરોપના દેશોના અનુભવોના આધારે તેમણે પુરવાર કર્યું કે વેપારની શરતો પણ વિનિમય દરને અસર કરતી હોય છે.

➢ બે મહત્ત્વની મર્યાદાઓ :-

કેઈન્સના મત મુજબ આ સિદ્ધાંતની બે મહત્ત્વની મર્યાદાઓ એ છે કે આ સિદ્ધાંતમાં પારસ્પરિક માંગની મૂલ્યસાપેક્ષતાને ધ્યાનમાં લેવામાં આવી નથી અને બીજું દેશમાં થતી મૂડીની અવરજવરની અસરને પણ અહીં અવગણવામાં આવી છે. આ બંને બાબતો વિનિમય દર નિર્ધારણમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

14.9 સમ-ખરીદશક્તિના સિદ્ધાંતનું મહત્ત્વ (Significance of Theory of Purchasing Power Parity) :

સમ-ખરીદશક્તિના સિદ્ધાંતની કેટલીક ખામીઓ હોવા છતાં તેનું મહત્ત્વ ઓછું આંકી શકાય નહીં. નીચેનાં કેટલાંક કારણોની દૃષ્ટિએ આ સિદ્ધાંત અર્થશાસ્ત્રમાં આગવું મહત્ત્વ ધરાવે છે.

➢ તમામ પ્રકારની ચલણવ્યવસ્થામાં આ સિદ્ધાંત ઉપયોગી નીવડે છે.

➢ ચલણના અવમૂલ્યન અને ઊર્ધ્વમૂલ્યનની અસરો વિનિમય દર અને વિદેશ વેપાર પર કેવી રહેશે તે આ સિદ્ધાંતની મદદથી જાણી શકાય છે.

➢ અણધારી આફતો પછી ફરીથી જ્યારે નવો વિનિમય દર નક્કી કરવામાં આવે છે ત્યારે આ સિદ્ધાંત માર્ગદર્શક બની રહે છે.

➢ આ સિદ્ધાંત દ્વારા ચલણનું વાસ્તવિક મૂલ્ય શોધી શકાય છે.

❖ તમારી પ્રગતિ ચકાસો - IV

● ખાલી જગ્યા પૂરો :

(1) સુવર્ણ ધોરણ હેઠળ વિનિમય દર નિર્ધારણની સમજૂતી__________સિદ્ધાંત દ્વારા આપવામાં આવે છે.

(2) વિદેશી હૂંડિયામણની માંગ અને પુરવઠાના સિદ્ધાંત

દ્વારા_________વિનિમય દર કઈ રીતે નક્કી થાય છે તે સમજાવી શકાય છે.

(3) સમ-ખરીદશક્તિના સિદ્ધાંતની સૌપ્રથમ રજૂઆત_________એ કરી.

(4) _________એસમ-ખરીદશક્તિના સિદ્ધાંતને આધુનિક સ્વરૂપમાં રજૂ કર્યું.

- નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :
  - ➢ સમ-ખરીદશક્તિના સિદ્ધાંતના કેટલાં સ્વરૂપ રજૂ કરવામાં આવ્યાં છે ? ક્યાં ક્યાં?
  - ➢ સમ-ખરીદશક્તિના સિદ્ધાંતના નિરપેક્ષ સ્વરૂપમાં શું સમજાવવામાં આવે છે?
  - ➢ સમ-ખરીદશક્તિના સિદ્ધાંતના સાપેક્ષ સ્વરૂપમાં કઈ-કઈ બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે?
  - ➢ સમ-ખરીદશક્તિના સિદ્ધાંતના સાપેક્ષ સ્વરૂપની સૂત્રાત્મક રજૂઆત કરો.

14.10 સારાંશ :

વિદ્યાર્થીમિત્રો, પ્રસ્તુત એકમમાં આપણે વેપારની શરતો અંગેનો વિસ્તૃત ખ્યાલ મેળવ્યો. એટલું જ નહીં પણ વેપારની શરતોના વિવિધ પ્રકારો તેમની મર્યાદાઓ વગેરે અંગેની સમજણ પણ મેળવી. આંતરરાષ્ટ્રીય વેપારમાં વેપારની શરતો મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને તે ધ્યાનમાં રાખીને જ વિવિધ દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય વેપાર શક્ય બને છે. વેપાર કરતાં આ દેશો વચ્ચે વિનિમય દર કઈ રીતે નક્કી થાય છે, તેની સમજૂતી આપણે અહીં મેળવી, વિનિમય દરની જુદી જુદી પદ્ધતિઓના લાભા-લાભ અંગેની અહીં આપણે સમજણ કેળવી અપરિવર્તનીય કાગદી ધોરણ હેઠળ વિનિમય દર નિર્ધારણ અંગેના સમ-ખરીદશક્તિના સિદ્ધાંતમાં આપણે જોયું કે જ્યાં બંને દેશોના ચલણની આંતરિક ખરીદશક્તિ સમાન થાય છે ત્યાં વિનિમય દર નક્કી થાય છે, જો ચલણની ખરીદશક્તિમાં ફેરફાર થાય તો ફરીથી સમતુલાનો વિનિમય દર કઈ રીતે મેળવી શકાય છે, તે અંગેની ચર્ચા પણ અહીં આપણે કરી. સમ-ખરીદશક્તિના સિદ્ધાંતના સાપેક્ષ સ્વરૂપમાં જુદા જુદા પ્રકારની વસ્તુઓના સાપેક્ષ ભાવો અને તેમાં થતાં ફેરફારોને ધ્યાનમાં લેવામાં આવે છે અને ચલણની આંતરિક ખરીદશક્તિ માપવામાં આવે છે. આથી સમ-ખરીદશક્તિના સિદ્ધાંતનું સાપેક્ષ સ્વરૂપ વધુ વ્યવહારું અને ઉપયોગી નીવડે છે.

14.11 ચાવીરૂપ શબ્દો :

(1) વેપારની શરતો :

આયાતી વસ્તુનો એક એકમ મેળવવા માટે દેશે જેટલા એકમોની નિકાસ કરવી પડે તે બંનેના ગુણોત્તરને વેપારની શરતો કહેવામાં આવે છે.

(2) મૂલ્ય સાપેક્ષ માંગ :

જ્યારે વસ્તુની કિંમતમાં થોડોક પણ ફેરફાર થાય અને તેના પરિણામે તે વસ્તુની માંગમાં મોટું પરિવર્તન આવે ત્યારે તેને મૂલ્ય સાપેક્ષ માંગ કહેવામાં આવે છે.

(3) મૂલ્ય અનપેક્ષ માંગ :

જ્યારે વસ્તુની કિંમતમાં મોટા પ્રમાણમાં ફેરફાર થાય પરંતુ તેના પરિણામ સ્વરૂપ તે વસ્તુની માંગના પ્રમાણમાં ઓછો કે નજીવો ફેરફાર થાય ત્યારે તેને મૂલ્યઅનપેક્ષ માંગ કહેવામાં આવે છે.

(4) ચલણનું ઊર્ધ્વમૂલ્યન :

વિદેશી ચલણના સંદર્ભમાં દેશના ચલણના મૂલ્યમાં વધારો થાય ત્યારે તેને દેશના ચલણનું ઊર્ધ્વમૂલ્યન કહેવામાં આવે છે. દા.ત. જો વિનિમય દર 1 \$ = 10 ₹ હોય તે બદલાઈ ને જો 1 \$ = 8 ₹ થાય તો ડોલરના સંદર્ભમાં રૂપિયાના મૂલ્યમાં વધારો થયો હોવાથી રૂપિયાનું ઊર્ધ્વમૂલ્યન થયું કહેવાય.

(5) ચલણનું અવમૂલ્યન :

વિદેશી ચલણના સંદર્ભમાં જ્યારે દેશના ચલણના મૂલ્યમાં ઘટાડો થાય ત્યારે તેને દેશના ચલણનું અવમૂલ્યન થયું કહેવાય છે. દા.ત. જો વિનિમય દર 1 \$ = 10 ₹ હોય અને તે બદલાઈ ને જો 1 \$ = 12 ₹ થાય તો ડોલરના સંદર્ભમાં રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થયો હોવાથી રૂપિયાનું અવમૂલ્યન થયું કહેવાય.

(6) વિનિમય દર :

કોઈ એક દેશના ચલણને બીજા દેશના ચલણમાં પરિવર્તિત કરવાના દરને વિનિમય દર તરીકે ઓળખવામાં આવે છે.

(7) સ્થિર વિનિમય દર :

વિનિમય દર ને દેશની કેન્દ્રીય બેંક દ્વારા અમુક નિશ્ચિત દરે જાળવી રાખવામાં આવે ત્યારે તેને સ્થિર વિનિમય દર તરીકે ઓળખવામાં આવે છે.

(8) અસ્થિર વિનિમય દર :

વિદેશી હૂંડિયામણની માંગ અને પુરવઠા દ્વારા મુક્ત રીતે નક્કી થતા વિનિમય દરને અસ્થિર વિનિમય દર તરીકે ઓળખવામાં આવે છે.

(9) લેણદેણ તુલા :

કોઈ એક દેશના વિશ્વના અન્ય દેશો સાથે ચોક્કસ સમયગાળા દરમિયાન થયેલા તમામ પ્રકારના આર્થિક વ્યવહારોની નોંધને લેણદેણ તુલા તરીકે ઓળખવામાં આવે છે.

(10) મૂડીની ઉઠાંતરી :

કોઈ એક દેશના ચલણમાં રોકાયેલી મૂડીને અન્ય દેશના મજબૂત ચલણમાં ખસેડી દેવાની પ્રવૃત્તિને મૂડીની ઉઠાંતરી તરીકે ઓળખવામાં આવે છે.

⇨ ઉપયોગી પુસ્તકો ની યાદી :

(1) Lindert.P.H. (1991), International Economics, R.D. Irwin, Homewood

(2) Kindlberger, C.P. (1973), International Economics, R.D. Irwin, Homewood.

(3) Ingram. J.C. and Dunn.R.M. (1993) International Economics, John Wiley & Sons, Inc.

(4) Sodersten, Bo(1991), International Economics, Macmillan Press Ltd., London.

(5) Kenan, P.B. (1994), The International Economy, Cambridge University Press London.

(6) International Economics (2008), New Popular Publication, Sarat

(7) Salvatore, D.L. (1997), International Economics, Prentice-Hall, upper Saddle River, N.J.

(8) Lakadawala D.D. and Shah R.B., International Economics, University Granth Nirman Board.

⇨ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ :

❖ તમારી પ્રગતિ ચકાસો : - I

(1) વિભાગ 14.2નો પ્રથમ પેરેગ્રાફ જુઓ

(2) અનુકૂળ

(3) ફ્રેન્ક ટોસિંગ, International Trade

(4) 100

(5) વસ્તુ વિનિમય આધારિત વેપારની શરતોના મુખ્ય ત્રણ પ્રકારો પડે છે.

(1) શુદ્ધ વસ્તુ વિનિમય શરતો

(2) કુલ વસ્તુ વિનિમય શરતો

(3) આવક વિનિમય શરતો

(6) વિભાગ 14.3.1.1 નો પ્રથમ પેરેગ્રાફ જુઓ

(7) પ્રો. ટોસિંગે 1927માં કરી.

(8) વિભાગ 14.3.1.2 જુઓ.

(9) ખોટું, સાચું સૂત્ર : $Tg = \frac{Qm}{Qx} \times 100$

(10) વિભાગ 14.3.1.3 જુઓ

(11) વિભાગ 14.3.1.3 નો બીજો પેરેગ્રાફ જુઓ

(12) જેક્બ વાઈનર

(13) વિભાગ 14.3.2.2નો પ્રથમ પેરેગ્રાફ જુઓ

(14) વિભાગ 14.3.3ની મર્યાદાઓ જુઓ

(15) વિભાગ 14.3.4નું સૂત્ર જુઓ

(16) વિભાગ 14.4નો પ્રથમ પેરેગ્રાફ જુઓ

(17) વિભાગ 14.4નો બીજો પેરેગ્રાફ જુઓ

❖ ખરા-ખોટાં વિધાનોના જવાબ :

(1) ✗ (2) ✓ (3) ✗ (4) ✓ (5) ✓ (6) ✗

❖ તમારી પ્રગતિ ચકાસો : - II

(1) વેપારની શરતોને અસર કરતાં પરિબળો

- (1) માંગની મૂલ્ય સાપેક્ષતા
- (2) પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા
- (3) માંગનું પ્રમાણ
- (4) ચલણનું ઊર્ધ્વમૂલ્યન કે અવમૂલ્યન
- (5) વસ્તુનો પ્રકાર

(2) અનુકૂળ રહેશે

(3) વિભાગ 14.5.2 જુઓ

(4) પ્રતિકૂળ

(5) વિભાગ 14.5.4 જુઓ

(6) અનુકૂળ

❖ તમારી પ્રગતિ ચકાસો : - III

(1) વિભાગ 14.6 જુઓ

(2) વિભાગ 14.7.1 જુઓ

(3) સ્થિર વિનિમય દર નીતિના લાભ

- (1) વિદેશ વેપાર નિશ્ચિત અને ઝડપી બને છે.
- (2) મૂડીરોકાણ પ્રોત્સાહિત થાય છે.
- (3) વિદેશી હૂંડિયામણની સટ્ટાકીય પ્રવૃત્તિઓ અવરોધાય છે.
- (4) લેણદેણની તુલામાં સમતુલા જળવાય છે.
- (5) વિનિમય અંકુશોની આવશ્યકતા જણાતી નથી.

❖ સ્થિર વિનિમય દર નીતિના ગેરલાભ :

(1) વિનિમય દરમાં સ્થિરતા જાળવવા માટે વધુ કિંમત ચૂકવવી પડે છે.

(2) આર્થિક પ્રવૃત્તિઓ પરિવર્તનશીલ છે.

(3) અન્ય પરિબળોની અવગણના

(4) વિદેશી હૂંડિયામણના કાળા બજાર

(5) વિકાસ પામતા દેશો માટે પ્રતિકૂળ

(6) વિદેશી હૂંડિયામણની અનામતો જાળવવી પડે છે.

(4) વિભાગ 14.7.1.1.4 જુઓ

(5) વિભાગ 14.7.1.2.5 જુઓ

(6) વિભાગ 14.7.2 જુઓ

(7) વિભાગ 14.7.2.1.6 જુઓ

(8) વિભાગ 14.7.2.2.2 જુઓ

(9) વિભાગ 14.7.2.2.3 જુઓ

❖ ખરા-ખોટાં વિધાનોના જવાબ

(1) ✓ (2) × (3) ✓ (4) × (5) ✓

❖ તમારી પ્રગતિ ચકાસો : - IV

ખાલી જગ્યા પૂરો :

(1) ટંકશાળ સમતા

(2) કોઈ એક ચોક્કસ સમયે

(3) જહોન વ્હીટલે

(4) ગુસ્ટાવ કેસલે

❖ સિદ્ધાંતના બે સ્વરૂપ રજૂ કરવામાં આવ્યા છે:

(1) નિરપેક્ષ સ્વરૂપ અને

(2) સાપેક્ષ સ્વરૂપ

❖ વિભાગ 14.8.1 નો પ્રથમ પેરેગ્રાફ જુઓ

❖ સમ-ખરીદશક્તિના સિદ્ધાંતના સાપેક્ષ સ્વરૂપમાં નીચેની બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે:

(1) પાયાના વર્ષનો વિનિમય દર

(2) આંતરિક ભાવાંક અને

(3) વિદેશી ભાવાંક

❖ નવો વિનિમય દર

$$\text{નવો વિનિમય દર} = \text{પાયાના વર્ષનો વિનિમય દર} \times \frac{\text{પાયાના વર્ષની સરખામણીમાં આંતરિક ભાવાંક}}{\text{પાયાના વર્ષની સરખા વિદેશી ભાવાંક}}$$

અથવા

$$R_1 = Ro \times \frac{Pa}{Pb}$$

*** *** ***

એકમ 15

લેણદેણની તુલા

-: રૂપરેખા :-

15.0 ઉદ્દેશો

15.1 પ્રસ્તાવના / વેપારનો અર્થ

15.2 વેપારતુલાનો અર્થ અને તેના ખ્યાલો

15.3 લેણ-દેણની તુલાનો અર્થ અને તેના ખ્યાલો

15.4 વેપારતુલા અને લેણદેણની તુલા વચ્ચે તફાવત

15.5 લેણ-દેણની તુલાનું વર્ગીકરણ અને તેની હિસાબી પદ્ધતિ

- ❖ ચાલુ ખાતું
- ❖ મૂડી ખાતું
- ❖ અનામત ખાતું

15.6 ભારતીય અર્થતંત્રની લેણદેણની તુલાનું સરવૈયું

15.7 લેણ-દેણની તુલાનું કાલ્પનિક સરવૈયું

15.8 સારાંશ

15.9 તમારી પ્રગતિ ચકાસો

15.10 ચાવીરૂપ શબ્દો

- ⇨ ઉપયોગી પુસ્તકોની યાદી
- ⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

15.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી નીચેની બાબતોમાં તમારી ક્ષમતા કેળવાશે-

- ➢ આંતરિક વેપાર અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચેનો તફાવત ખબર પડશે.
- ➢ આંતરરાષ્ટ્રીય વેપાર સાથે સંકળાયેલા કેટલાક અર્થશાસ્ત્ર સંબંધિત શબ્દોનો ખ્યાલ મળશે.
- ➢ દેશની વેપારતુલા અને લેણદેણની તુલા વચ્ચેનો તફાવત જાણવા મળશે.
- ➢ દેશના આંતરરાષ્ટ્રીય વ્યાપારનો હિસાબ કેવી રીતે રખાય છે, તે જાણવા મળે છે.
- ➢ દેશ અન્ય દેશ સાથે કેવી રીતે વ્યાપાર કરે છે, તેનાથી દેશને શું લાભ અને ગેરલાભ થાય છે, તે જાણવા મળે છે.
- ➢ આયાત-નિકાસની દેશ પર પડતી અસરો જાણી શકાય છે.

15.1 પ્રસ્તાવના / વેપારનો અર્થ :

દરેક દેશની પોતાની એક ભૌગોલિક હદ નિર્ધારિત હોય જ છે અને દરેક દેશ પોતાના

દેશની હદની અંદર અને હદની બહાર વેપાર કરતો હોય છે. સામાન્ય રીતે ચીજવસ્તુઓ અને સેવાઓના વિનિમયને વ્યાપાર તરીકે ઓળખવામાં આવે છે. આ ચીજ વસ્તુઓ અને સેવાઓના વિનિમય એટલે વ્યાપારના પ્રદેશને ધ્યાનમાં રાખીને જુદા જુદા પ્રકાર પાડવામાં આવે છે. જેમ કે સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય (આંતરિક-એક જ દેશની સરહદની અંદર થતો વેપાર) અને આંતરરાષ્ટ્રીય વેપાર (એક દેશનો બીજા દેશ સાથે થતો વેપાર) દરેક દેશની પોતાની એક ભૌગોલિક હદ નિર્ધારિત હોય જ છે. દેશના અર્થતંત્રના વિકાસ માટે જેમ આંતરિક વેપાર મહત્ત્વનો છે તેવી જ રીતે આંતરરાષ્ટ્રીય વેપાર પણ એટલો જ મહત્ત્વનો છે. સામાન્ય રીતે કોઈ એક દેશ બીજા દેશ સાથે વેપાર કરતો હોય છે ત્યારે ચીજવસ્તુઓ અને સેવાઓની આપલે થતી હોય છે, જેને આંતરરાષ્ટ્રીય વેપારના સંદર્ભમાં આયાત-નિકાસ કહેવામાં આવે છે. જો એક દેશ બીજા દેશ પાસેથી વસ્તુઓ અને સેવાઓની ખરીદી કરે તેને ખરીદનાર દેશ માટે આયાત કહેવામાં આવે છે જ્યારે કોઈ એક દેશ બીજા દેશમાં વસ્તુઓ અને સેવાઓનું વેચાણ કરે છે તેને વેચનાર દેશ માટે નિકાસ કહેવામાં આવે છે. આ આયાત અને નિકાસના હિસાબની ગણતરીને લેણ-દેણની તુલા તરીકે ઓળખવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં વેપારતુલા અને લેણદેણની તુલાનો ખ્યાલ ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. લેણ-દેણની તુલા આપેલા સમયગાળા માટે આંતરરાષ્ટ્રીય લેવડદેવડનો હિસાબ દર્શાવે છે. જે એક વર્ષના સમયગાળાના સંદર્ભમાં રજૂ કરવામાં આવે છે. જોકે, અમેરિકા અને બીજા કેટલાક અન્ય દેશો આ હિસાબ ત્રણ-ત્રણ માસ માટે પણ રાખતા હોય છે. ભારતમાં પણ મધ્યસ્થ બેન્ક દ્વારા દર ત્રણ માસ માટે વિદેશ વેપારની ગણતરી કરવામાં આવે છે. સામાન્ય રીતે લેણ-દેણની તુલા એ દેશની આંતરરાષ્ટ્રીય આર્થિક સ્થિતિનો ખ્યાલ આપે છે અને તેના દ્વારા દેશની નાણાકીય નીતિ, રાજકોષીય નીતિ અને વ્યાપાર નીતિ ઘડવામાં મદદ મળે છે.

15.2 વેપારતુલાનો અર્થ અને તેના ખ્યાલો :

વેપારતુલા એ લેણદેણની તુલાનો એક ભાગ છે. કોઈ વર્ષના સમયગાળા દરમિયાન કોઈ દેશની ભૌતિક વસ્તુઓ જેવી કે અનાજ, કપડાં, યંત્રો વગેરેનું આયાત મૂલ્ય અને નિકાસ મૂલ્ય દર્શાવતું સરવૈયું એટલે વેપારતુલા. જેમાં માત્ર દૃશ્ય (ભૌતિક) વસ્તુઓની આયાત-નિકાસનો હિસાબ કરવામાં આવે છે. અમુક ચોક્કસ સમય દરમિયાન કોઈ દેશની દૃશ્ય ભૌતિક વસ્તુઓની આયાતો અને નિકાસોના સરવૈયાને વેપારતુલા કહેવામાં આવે છે. વેપારતુલાનો ખ્યાલ સંકુચિત છે અને તેના દ્વારા આર્થિક સ્થિતિનો ચોક્કસ ખ્યાલ આવી શકતો નથી. વેપારતુલા હિસાબની દૃષ્ટિએ સમતોલ, પુરાંતવાળી કે ખાધવાળી હોઈ શકે છે.

- સમતોલ વેપારતુલા :-

  જ્યારે આયાત વસ્તુનું મૂલ્ય અને નિકાસ વસ્તુનું મૂલ્ય બંને સરખાં હોય તો તેને સમતોલ વેપારતુલા કહેવામાં આવે છે.

- પ્રતિકૂળ વેપારતુલા :-

  જ્યારે આયાત વસ્તુનું મૂલ્ય નિકાસ વસ્તુના મૂલ્ય કરતાં વધારે હોય ત્યારે તેને પ્રતિકૂળ વેપારતુલા તરીકે ઓળખવામાં આવે છે. જેને ખાધવાળી વેપારતુલા કહેવામાં આવે છે.

- અનુકૂળ વેપારતુલા :-

  જ્યારે આયાત વસ્તુના મૂલ્ય કરતાં નિકાસ વસ્તુનું મૂલ્ય વધારે હોય તો તેને અનુકૂળ વેપારતુલા તરીકે ઓળખવામાં આવે છે. જેના સાનુકૂળ વેપારતુલા કહેવામાં આવે છે. જેને અન્ય શબ્દોમાં પુરાંતવાળી વેપારતુલા પણ કહેવામાં આવે છે.

15.3 લેણ-દેણની તુલાનો અર્થ અને તેના ખ્યાલો :

લેણદેણની તુલા એ કોઈ દેશની આંતરરાષ્ટ્રીય આર્થિક સ્થિતિનો ખ્યાલ મેળવવાની પારાશીશી છે. લેણદેણની તુલામાં કોઈ એક દેશે વિશ્વના અન્ય દેશો સાથે જે કંઈ પણ આર્થિક લેવડ-દેવડ કરી હોય તેની તમામ વિગતોનો સમાવેશ અને હિસાબ કરવામાં આવે છે. વેપારતુલામાં માત્ર દશ્ય વસ્તુઓનો જ હિસાબ થતા હતો, જ્યારે લેણદેણની તુલામાં ભૌતિક અને અભૌતિક તમામ વસ્તુઓ અને સેવાઓની સાથે સાથે વીમો, બેન્કને લગતી સેવાઓ, જહાજ, મૂડીની હેરફેર વગેરે જેવી અભૌતિક સેવાઓનો પણ સમાવેશ કરવામાં આવે છે. આમ, લેણદેણની તુલામાં એક દેશના વિશ્વના અન્ય દેશો સાથેના નાણાકીય અને વાસ્તવિક સોદાઓનો વ્યવસ્થિત રીતે વર્ગીકરણ કરીને હિસાબ કરવામાં આવે છે.

પ્રો. કિંડલબર્જરના મત મુજબ 'કોઈ એક દેશના નિશ્ચિત ગાળાના બધા જ પ્રકારના આંતરરાષ્ટ્રી આર્થિક વિનિમયની યાદી એટલે લેણદેણની તુલા'

પ્રો. એલ્સવર્થના મત મુજબ 'કોઈ એક અર્થતંત્રના બધા જ પ્રકારના વિદેશી વિનિમયોને સાદા અર્થમાં લેણદેણની તુલા કહેવામાં આવે છે.'

'કોઈ એક નિશ્ચિત સમયના ગાળા દરમિયાન દેશે વિશ્વના દેશો સાથે જે કંઈ પણ આર્થિક લેવડ-દેવડ કરી હોય તેના હિસાબી સરવૈયાને લેણદેણની તુલા કહેવામાં આવે છે.'

આમ, વર્ષ દરમિયાન દેશની ભૌતિક (દશ્ય) અને અભૌતિક (અદશ્ય) આયાત-નિકાસના મૂલ્ય દર્શાવતા હિસાબી સરવૈયાને લેણદેણની તુલા તરીકે ઓળખવામાં આવે છે. વેપારતુલાની સરખામણીમાં લેણદેણની તુલાનો ખ્યાલ વિસ્તૃત છે, કારણ કે લેણદેણની તુલામાં વેપારતુલાનો સમાવેશ થાય છે જ્યારે વેપારતુલામાં લેણદેણની તુલાનો સમાવેશ થતો નથી. લેણદેણની તુલામાં તમામ પ્રકારની આયાત-નિકાસનો સમાવેશ થતો હોવાથી તે દેશની આર્થિક સ્થિતિનું સાચું ચિત્ર રજૂ કરે છે. લેણદેણની તુલાને જમા અને ઉધાર એમ બે બાજુઓ હોય છે. જેમાં દેશ દ્વારા જે નિકાસ કરવામાં આવે છે અને નિકાસ દ્વારા જે આવક મેળવવામાં આવે છે તેને જમા બાજુ (આવક બાજુ) દર્શાવવામાં આવે છે, જ્યારે દેશ અન્ય દેશ પાસેથી કોઈ વસ્તુ સેવાની આયાત કરનાર દેશ માટે તે ખર્ચ બનતા તેને ઉધાર બાજુ (જાવક બાજુ)એ દર્શાવવામાં આવે છે.

15.4 વેપારતુલા અને લેણદેણની તુલા વચ્ચે તફાવત :

ક્રમ	વેપારતુલા	લેણદેણની તુલા
1	કોઈ એક દેશના વર્ષ દરમિયાન દશ્ય વસ્તુઓની આયાત અને નિકાસના હિસાબ દર્શાવતું સરવૈયું	કોઈ એક દેશના વર્ષ દરમિયાન દશ્ય અને અદશ્ય વસ્તુઓની આયાત અને નિકાસના હિસાબ દર્શાવતું સરવૈયું
2	આ ખ્યાલ સંકુચિત છે.	આ ખ્યાલ વિસ્તૃત છે.
3	વેપાર તુલામાં લેણદેણની તુલાનો સમાવેશ થતો નથી.	લેણદેણની તુલામાં વેપાર તુલાનો સમાવેશ થાય છે.
4	વેપાર તુલાના ખ્યાલથી દેશની સાચી આર્થિક સ્થિતિનો ખ્યાલ આવતો નથી.	લેણદેણની તુલાના ખ્યાલથી દેશની સાચી આર્થિક સ્થિતિનો ખ્યાલ આવે છે.
5	વેપાર તુલા હિસાબી દષ્ટિએ સમતોલ, પુરાંતવાળી કે ખાધવાળી હોઈ શકે છે.	લેણદેણની તુલા એ પાકું સરવૈયું હોવાથી તે હિસાબની દષ્ટિએ હંમેશાં સમતુલામાં હોય છે.
6	વેપારતુલા લાંબા ગાળા સુધી પ્રતિકૂળ હોય તોપણ ચિંતાનો વિષય નથી	લેણદેણની તુલા લાંબા ગાળા સુધી પ્રતિકૂળ હોય તો તે ચિંતાનો વિષય બની રહે છે.

15.5 લેણદેણની તુલાનું વર્ગીકરણ અને તેની હિસાબી પદ્ધતિ :

સામાન્ય રીતે લેણદેણની તુલાને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે અને દરેક વિભાગને બે ભાગમાં વિભાજિત કરવામાં આવે છે. જેમાં એક જમા બાજુ અને બીજી ઉધાર બાજુ હોય છે. ચાલુ ખાતું, મૂડી ખાતું, અનામત ખાતું

❖ ચાલુ ખાતું :-

જે વ્યવહારો દેશની રાષ્ટ્રીય આવકનો ઉપયોગ કરે અથવા રાષ્ટ્રીય આવકમાં વધારો કરે તેનો સમાવેશ આ ખાતામાં કરવામાં આવે છે. જેમાં દૃશ્ય અને અદૃશ્ય આયાત અને નિકાસનો સમાવેશ કરવામાં આવે છે એટલે કે આ ચાલુ ખાતામાં વેપારતુલાનો સમાવેશ કરવામાં આવે છે. આમ, ચાલુ ખાતું એ વેપારતુલાનો એક ભાગ જ છે. આ ઉપરાંત દેશની સરકારે અન્ય દેશની સરકારને આપેલ ભેટ, દાન વગેરેનો પણ સમાવેશ કરવામાં આવે છે.

ચાલુ ખાતું

ક્રમ	આવક (જમા બાજુ)	જાવક (ઉધાર બાજુ)
1	દૃશ્ય વસ્તુઓની નિકાસ	દૃશ્ય વસ્તુઓની આયાત
2	અદૃશ્ય બાબતોની નિકાસ	અદૃશ્ય બાબતોની આયાત
3	બેન્કિંગ, વીમા, વ્યાપારિક સેવા, ટેક્નીકલ સહાય વગેરે દ્વારા પ્રાપ્ત થતી આવક	બેન્કિંગ, વીમા, વ્યાપારિક સેવા, ટેક્નીકલ સહાય વગેરે માટે ચૂકવવો પડતો ખર્ચ
4	અન્ય દેશના લોકો દ્વારા આપણા દેશમાં કરેલ ખર્ચ જે આપણા દેશ માટેની આવક બને છે.	અન્ય દેશમાં આપણા દેશના લોકો દ્વારા કરેલ ખર્ચ જે આપણા દેશ માટે જાવક બને છે.
5	વિદેશમાંથી આપણા દેશને મળતી ભેટ, દાન, લોન વગેરે	આપણા દેશ દ્વારા વિદેશને આપવામાં આવતી ભેટ, દાન, લોન વગેરે
6	સોનાની નિકાસ	સોનાની આયાત
7	ટૂંકા ગાળા માટે વિદેશમાં કરેલ મૂડીરોકાણ દ્વારા પ્રાપ્ત થતી આવક	ટૂંકા ગાળા માટે વિદેશ દ્વારા આપણા દેશમાં કરેલ મૂડી રોકાણ પર આપવું પડતું વળતર

❖ મૂડી ખાતું :-

આ ખાતામાં દેશના લાંબા અને ટૂંકા સમયના ગાળાના મૂડીને લગતા વ્યવહારોનો સમાવેશ થાય છે. જેમાં કોઈ એક દેશ દ્વારા અન્ય દેશમાં કરેલ મૂડીરોકાણ તથા શેર, ડિબેન્ચર તથા જામીનગીરીઓમાં કરેલ મૂડીરોકાણનો પણ સમાવેશ કરવામાં આવે છે. આમ, મૂડી ખાતું દેશના લાંબા ગાળાના ધિરાણની કે મૂડીની હેરફેર દર્શાવે છે, જેની ઉધાર અને જમા એમ બે બાજુ હોય છે.

મૂડી ખાતું

ક્રમ	આવક (જમા બાજુ)	જાવક (ઉધાર બાજુ)
1	આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા લાંબાગાળાના મૂડીરોકાણોની રકમ	આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા લાંબાગાળાની લોનોની ચૂકવણી
2	વિદેશી સરકારો દ્વારા લોનો અને ગ્રાન્ટોના સ્વરૂપમાં આવેલ ધિરાણોની આવકો.	વિદેશી સરકારો દ્વારા લોનો અને ગ્રાન્ટોના સ્વરૂપમાં આવેલ ધિરાણો પર સરકારને પાછી આપવી પડતી લોનોની ચૂકવણી
3	ખાનગી અને આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ દ્વારા અપાતાં ટૂંકા ગાળાના ધિરાણોના રૂપમાં પ્રાપ્ત થતી આવકો	ખાનગી અને આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ દ્વારા આપતાં ટૂંકા ગાળાના ધિરાણોના રૂપમાં ચૂકવવી પડતી રકમ

❖ અનામત ખાતું :-

આ ખાતામાં વિદેશી હૂંડિયામણ અને દેશ દ્વારા કરવામાં આવતા સોનાના ખરીદ-વેચાણ દ્વારા થતી આવક-જાવકનો સમાવેશ કરવામાં આવે છે.

અનામત ખાતું

ક્રમ	આવક (જમા બાજુ)	જાવક (ઉધાર બાજુ)
1	વિદેશી હૂંડિયામણની આવકો	વિદેશી હૂંડિયામણની ચૂકવણી
2	સોનાના વેચાણથી થતી આવક	સોનાની ખરીદી પર થતો ખર્ચ

❖ હિસાબી પદ્ધતિ :-

લેણદેણની તુલા એક હિસાબી પદ્ધતિ હોવાથી તેને દ્વિનોંધી નામા પદ્ધતિ પ્રમાણે લખવામાં આવે છે. આ પદ્ધતિ મુજબ પ્રત્યેક વ્યવહારની આવક અને જાવક બંને બાજુ બેવડી નોંધણી કરવામાં આવે છે. તેથી આ પદ્ધતિ પ્રમાણે આવક અને જાવક બંને પાસાં સરખાં જ હોય છે. આમ, સમગ્ર લેણદેણની તુલાનો વિચાર કરતાં હિસાબી દૃષ્ટીએ તે હંમેશાં સમતોલ હોય છે. પરંતુ લેણદેણની તુલા સમતોલ કે અસમતોલ હોઈ શકે છે.

15.6 ભારતીય અર્થતંત્રની લેણદેણની તુલાનું સરવૈયું :

વિગત	વર્ષ				
* ચાલુ ખાતું	2013-14	2014-15	2015-16	2016-17	2017-18
1. દૃશ્ય વસ્તુઓ	-147.6	-144.2	-130.1	-112.4	-160.0
2. અદૃશ્ય વસ્તુઓ (અ+બ+ક)	115.2	116.2	107.9	97.1	113.3
અ. સેવા	73.0	75.7	69.7	67.5	77.6
સોફ્ટવેર સેવા	67.0	70.4	71.5	70.1	72.2
બ. વાહનવ્યવહાર	65.3	65.6	62.2	56.0	62.4
ક. આવક	-23.0	-25.0	-24.4	-26.3	-28.7
ચાલુ ખાતાનો કુલ સરવાળો	-32.4	-27.9	-22.2	-15.3	-48.7
* મૂડી ખાતું					
1. વિદેશી મૂડીરોકાણ (અ+બ)	26.4	73.6	31.9	43.2	52.4
અ. પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ	21.6	32.6	36.0	35.6	30.3
બ. શેર અને ડિબેન્ચરમાં મૂડીરોકાણ	4.8	40.9	-4.1	7.6	22.1
2. લોન (અ+બ+ક)	7.8	3.4	-4.6	2.4	16.7
અ. બાહ્ય સ્ત્રોત	1.0	1.6	1.5	2.0	2.9
બ. ધંધાકીય દેવું (ટૂંકો & લાંબો ગાળો)	11.8	2.7	-4.5	-6.1	-0.2
ક. ટૂંકા ગાળા	-5.0	-0.9	-1.6	6.5	13.9
* બેંક મૂડી (અ+બ)	25.4	11.6	10.6	-16.6	16.2
* કુલ	15.5	61.4	17.9	21.6	43.6

સ્ત્રોત : રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા.

15.7 લેણદેણની તુલાનું કાલ્પનિક સરવૈયું :

ચાલુ ખાતું				
જમા બાજુ (નિકાસ) આવક	₹ કરોડમાં	ઉધાર બાજુ (આયાત) જાવક	₹ કરોડમાં	તુલા
વસ્તુઓની નિકાસો	0	વસ્તુઓની આયાત	0	
વેપાર તુલા				0
સેવાઓની નિકાસ	0	સેવાઓની આયાત	0	
મૂડી આવક	0	મૂડી-ચૂકવણી	0	
એક તરફી આવક	0	એક તરફી ચૂકવણી	0	
પેટા સરવાળો (ચાલુ ખાતું)	0		0	
ચાલુ ખાતાની તુલા = (જમા ખાતાનો પેટા સરવાળો - ઉધાર ખાતાનો પેટા સરવાળો)				0
મૂડી ખાતું				
લાંબા ગાળાનું ઋણ	0	લાંબા ગાળાનું ઋણ	0	
ટૂંકા ગાળાનું ઋણ	0	ટૂંકા ગાળાનું ઋણ	0	
સોનાનું વેચાણ	0	સોનાની ખરીદી	0	
પેટા સરવાળો (મૂડી ખાતું)	0		0	
મૂડી ખાતાની તુલા = (મૂડી ખાતાની જમા બાજુનો સરવાળો - મૂડી ખાતાની ઉધાર ખાતાનો પેટા સરવાળો)				0
કુલ જમા	0	કુલ ઉધાર	0	
લેણદેણની તુલા				

15.8 સારાંશ :

આ એકમ દ્વારા આપણે ભારતના આંતરરાષ્ટ્રીય વેપાર વિશે જાણકારી મેળવી. આ ઉપરાંત ભારત દેશ પોતાના આંતરરાષ્ટ્રીય વેપારનો હિસાબ કેવી રીતે રાખે છે, તે પણ જાણવા મળે છે. આ ઉપરાંત વેપારતુલા અને લેણદેણની તુલાનો અર્થ તથા વેપારતુલા અને લેણદેણની તુલા વચ્ચેનો તફાવત જોઈ શકીએ છીએ. લેણદેણની તુલા વિવિધ ખાતાંઓમાં કેવા પ્રકારની હિસાબની નોંધ કરવામાં આવે છે, તે પણ જાણવા મળે છે.

15.9 'તમારી પ્રગતિ ચકાસો' :

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(1) આંતરિક વેપાર એટલે શું?

____

____

____

____

(2) આંતરરાષ્ટ્રીય વેપાર એટલે શું?

(3) વેપારતુલા એટલે શું?

(4) લેણદેણની તુલાનો અર્થ આપો.

(5) સમતોલ વેપારતુલાની વ્યાખ્યાઓ આપો.

(6) પ્રતિકૂળ વેપારતુલા એટલે શું?

(7) અનુકૂળ વેપારતુલાની વ્યાખ્યાઓ આપો.

(8) લેણદેણની તુલામાં કેટલાં ખાતાં હોય છે?

(9) અનામત ખાતામાં ક્યા હિસાબોની ગણતરી થાય છે?

(10) વેપારતુલા અને લેણદેણની તુલાના કોઈ પણ બે તફાવત લખો.

(ક) નિબંધ પ્રકારના પ્રશ્નો :

પ્રશ્ન-1 વેપારતુલા અને લેણદેણની તુલાનો અર્થ આપી વેપારતુલા અને લેણદેણની તુલા વચ્ચેનો તફાવત વિસ્તૃત રીતે વર્ણવો.

પ્રશ્ન-2 લેણદેણની તુલા એટલે શું ? લેણદેણની તુલાના પ્રકારો વિગતે સમજાવો.

પ્રશ્ન-3 લેણદેણની તુલાનાં વિવિધ ખાતાંઓમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે, તેનું વિગતે વર્ણન કરો.

પ્રશ્ન-4 વર્તમાન ભારતનું વિદેશ વેપારના હિસાબનું સરવૈયું.

(ખ) ટૂંકનોંધ :

(1) વેપારતુલાનો અર્થ અને તેના જુદા જુદા ખ્યાલો સમજાવો.

(2) લેણદેણની તુલાનો અર્થ અને તેના જુદા જુદા ખ્યાલો સમજાવો.

(3) લેણદેણની તુલાનું અનામત ખાતું વર્ણવો.

(4) લેણદેણની તુલાનું મૂડી ખાતું સમજાવો.

(5) લેણદેણની તુલાના ચાલુ ખાતા પર ટૂંકનોંધ લખો.

(6) આંતરિક વ્યાપાર એટલે શું ? તેના પ્રકાર ઉદાહરણ સાથે સમજાવો.

(7) આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપારનો તફાવત વર્ણવો.

(ગ) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં જણાવો :

(1) એક જ દેશની સરહદની અંદર થતાં વેપારને આંતરિક વેપાર કહેવામાં આવે છે.

(2) એક દેશનો બીજા દેશ સાથે થતો વેપાર એ વિદેશ વેપાર કહેવાય છે.

(3) વિદેશ વેપારને આંતરરાષ્ટ્રીય વેપાર તરીકે પણ ઓળખવામાં આવે છે.

(4) દેશ બીજા દેશ પાસેથી જે વસ્તુઓની ખરીદી કરે તેને નિકાસ કહેવામાં આવે છે.

(6) દેશ બીજા દેશને જે વસ્તુઓનું વેચાણ કરે તેને નિકાસ કહેવામાં આવે છે.

(7) જો દેશ વધારે આયાત કરે તો તેને વધારે વિદેશી ચલણ પ્રાપ્ત થાય છે.

(8) આયાત મૂલ્ય કરતાં નિકાસ મૂલ્ય વધારો હોય તો તે પુરાંતયુક્ત લેણદેણની તુલા કહેવાય છે.

(9) આયાત મૂલ્ય કરતાં નિકાસ મૂલ્ય ઓછું હોય તો પ્રતિકૂળ લેણદેણની તુલા કહેવાય.

(10) આયાત મૂલ્ય અને નિકાસ મૂલ્ય એકસમાન હોય તેને સમતોલ લેણદેણની તુલા કહેવામાં આવે છે.

(11) લેણદેણની તુલામાં માત્ર દશ્ય વસ્તુઓના આયાત-નિકાસની ગણતરી કરવામાં આવે છે.

(12) વેપારતુલામાં દશ્ય અને અદશ્ય વસ્તુઓના આયાત-નિકાસની ગણતરી કરવામાં આવે છે.

(13) લેણદેણની તુલાના માત્ર બે જ ખાતાં જોવા મળે છે.

(14) લેણદેણની તુલામાં દ્વિનોંધી નામા પદ્ધતિ પ્રમાણે હિસાબ કરવામાં આવે છે.

(15) લેણદેણની તુલામાં વેપારતુલાનો સમાવેશ થાય છે.

15.9 ચાવીરૂપ શબ્દો :

➢ આંતરિક વેપાર :-

એક જ દેશની સરહદની અંદર થતો વેપાર એટલે આંતરિક વેપાર. જેમાં એક જ દેશના બે શહેરો વચ્ચે થતો વેપાર, એક જ પ્રદેશના બે ગામડા વચ્ચે થતો વેપાર, બે અલગ અલગ રાજ્ય વચ્ચે થતો વેપાર. દા.ત. ગુજરાત રાજ્યના મહારાષ્ટ્ર રાજ્ય વચ્ચે થતો વેપાર.

➢ આંતરરાષ્ટ્રીય વેપાર :-

એક દેશનો બીજા દેશ સાથે થતો વેપાર. સામાન્ય રીતે કોઈ એક દેશ બીજા દેશ સાથે વેપાર કરતો હોય છે ત્યારે ચીજવસ્તુઓ અને સેવાઓની આપલે થતી હોય છે, જેને આંતરરાષ્ટ્રીય વેપારના સંદર્ભમાં આયાત-નિકાસ કહેવામાં આવે છે.

➢ વેપારતુલા :-

વેપારતુલા એ લેણદેણની તુલાનો એક ભાગ છે. કોઈ વર્ષના સમયગાળા દરમિયાન કોઈ દેશની ભૌતિક વસ્તુઓ જેવી કે, અનાજ, કપડાં, યંત્રો વગેરેનું આયાત મૂલ્ય અને નિકાસ મૂલ્ય દર્શાવતું સરવૈયું એટલે વેપારતુલા.

➢ લેણદેણની તુલા :-

'કોઈ એક નિશ્ચિત સમય ગાળા દરમિયાન દેશે વિશ્વના દેશો સાથે જે કંઈ પણ આર્થિક લેવડ-દેવડ કરી હોય તેના હિસાબો સરવૈયાને લેણદેણની તુલા કહેવામાં આવે છે. આમ, વર્ષ દરમિયાન દેશની ભૌતિક (દશ્ય) અને અભૌતિક (અદશ્ય) આયાત-નિકાસના મૂલ્ય દર્શાવતા હિસાબી સરવૈયાને લેણદેણની તુલા તરીકે ઓળખવામાં આવે છે.

➢ અનુકૂળ વેપારતુલા :-

જ્યારે આયાત વસ્તુના મૂલ્ય કરતાં નિકાસ વસ્તુના મૂલ્ય વધારે હોય તો તેને અનુકૂળ વેપારતુલા તરીકે ઓળખવામાં આવે છે. જેને સાનુકૂળ વેપારતુલા કહેવામાં આવે છે જેને અન્ય ભાષામાં પુરાંતવાળી વેપારતુલા કહેવામાં આવે છે.

➢ પ્રતિકૂળ વેપારતુલા :-

જ્યારે આયાત વસ્તુના મૂલ્ય નિકાસ વસ્તુના મૂલ્ય કરતાં વધારે હોય ત્યારે તેને પ્રતિકૂળ વેપારતુલા તરીકે ઓળખવામાં આવે છે. જેને ખાધવાળી વેપારતુલા કહેવામાં આવે છે.

➢ સમતોલ વેપારતુલા :-

જ્યારે આયાત વસ્તુનું મૂલ્ય અને નિકાસ વસ્તુનું મૂલ્ય બંને સરખાં હોય તો તેને સમતોલ વેપારતુલા કહેવામાં આવે છે.

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :

(1) પ્રા. લાકડાવાલા ડી.ટી. અને પ્રા. શાહ રમેશ બી. (2000) 'આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર' - યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

(2) www.rbi.org (રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા)

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબ :

➢ હેતુલક્ષી પ્રશ્નો (ખરા-ખોટાના જવાબો)

(1)	ખરું	(2)	ખરું	(3)	ખરું	(4)	ખોટું	(5)	ખોટું
(6)	ખોટું	(7)	ખોટું	(8)	ખરું	(9)	ખરું	(10)	ખરું
(11)	ખોટું	(12)	ખોટું	(13)	ખોટું	(14)	ખરું	(15)	ખરું

*** *** ***

એકમ 16

ભારતનો વિદેશ વેપાર - I

-: રૂપરેખા :-

16.0 ઉદ્દેશો

16.1 પ્રસ્તાવના

16.2 ભારતના વિદેશ વેપારમાં આવેલાં પરિવર્તનો

16.3 ભારતના આંતરરાષ્ટ્રીય વેપારમાં તાજેતરના ફેરફારો

16.4 સારાંશ

16.5 ચાવીરૂપ શબ્દો

16.6 તમારી પ્રગતિ ચકાસો

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

16.0 ઉદ્દેશો :

- આ એકમ ભારતમાં ખાસ કરીને 1991ના આર્થિક સુધારા પછી ભારતના વિદેશ-વેપાર ક્ષેત્રે ક્યાં-ક્યાં પરિવર્તનો આવ્યાં છે, તેની જાણકારી પ્રાપ્ત થશે.
- ભારતના વિદેશ વ્યાપારમાં મુખ્યત્વે કઈ-કઈ વસ્તુની આયાત અને નિકાસ થઈ રહી છે.
- આર્થિક વિકાસમાં થયેલા ફેરફારો જાણી શકાય છે.
- ભારતના વિદેશ વેપાર ક્ષેત્રે રહેલી તકોની સમજણ પ્રાપ્ત થઈ શકે છે.

16.1 પ્રસ્તાવના :

વિદેશ વેપાર આર્થિક વિકાસમાં અનેક રીતે ઉપયોગી સેવાઓ પૂરી પાડે છે. કારણ કે વિદેશ વ્યાપારનું મુખ્ય કાર્ય મૂડીમૂલક વસ્તુઓ કે મૂડીગત આયાતી વસ્તુઓ પરનું નિયંત્રણ ઘટાડવાનું છે. જેના પરિણામે વિકાસની પ્રક્રિયામાં જરૂરી એવાં યંત્રો, ટેક્નોલૉજી, મશીનરી વગેરેની આયાત સરળતાથી થઈ શકે છે. આમ વિદેશ વ્યાપાર વિના આર્થિક વિકાસ શક્ય નથી. આ ઉપરાંત મૂડીગત વસ્તુઓ સરળતાથી પ્રાપ્ત થવાથી આંતરિક વસ્તુઓના ઉત્પાદનમાં એક પ્રકારની ગતિ આવશે. જેના કારણે ઉત્પાદન, આવક, રોજગારી, માંગ અને અસરકારક માંગમાં વધારો થાય છે. જેના કારણે ગરીબી અને બેરોજગારી જેવા પ્રાણ પ્રશ્નો હલ થઈ શકે છે.

1995ના વર્લ્ડ બેંકના રિપોર્ટ મુજબ નિકાસ વૃદ્ધિથી વેતન દરમાં વધારો થવા પામે છે. કારણ કે શ્રમિકો અંતે ગ્રાહકો છે. આથી શ્રમિકોના વેતન દરમાં વધારો થવાથી સસ્તી આયાતી વસ્તુઓની માંગમાં વધારો થતા વિકસિત દેશમાં આધુનિક ટેકનોલૉજી અને કુશળ-કાર્યદક્ષ શ્રમિકો વિકસતા દેશોમાં આવશે. આમ, આધુનિક સમયમાં મોટાભાગનાં વિકસતાં રાષ્ટ્રો એ વિદેશ વેપારને આર્થિક વિકાસના એન્જિન તરીકે સ્વીકારેલ છે. કારણ કે ભૂતકાળના અનુભવો અને મુશ્કેલીઓ પરથી તેઓ એ તારણ પર આવેલા કે વિદેશ વેપારમાં વૃદ્ધિ કર્યા વિના તેઓનો ઉદ્ધાર શક્ય જ નથી.

આમ, આધુનિક સમયમાં અલ્પ-વિકસિત અને વિકસતાં રાષ્ટ્રો માટે "નિકાસ કરો અથવા નાશ પામો" એ કહેવત વધુ પ્રસ્તુત માનવામાં આવે છે. ભારતમાં ખાસ કરીને 1991ના આર્થિક સુધારા પછી વિદેશ વ્યાપારમાં ઘણા પરિવર્તનો નોંધાયાં છે. તે 1991 પછી ભારતના વિદેશ વ્યાપારના બંધારણમાં થયેલાં પરિવર્તનો તપાસવાનો અહીંયા પ્રયાસ કર્યો છે.

16.2 1991 પછી ભારતના વિદેશ વેપારમાં આવેલાં પરિવર્તનો અને માળખામાં થયેલાં પરિવર્તનો :

વિશ્વમાં ભારતીય અર્થતંત્રની ગણના આજે એક ખૂબ જ ઝડપથી ઉભરતા અર્થતંત્ર તરીકે થાય છે. દેશના આર્થિક વિકાસમાં વિદેશ વેપારની કામગીરી ખૂબ જ મહત્ત્વની રહી છે. ભારતમાં 1965-66થી નિકાસોના બંધારણ અને આયાતોના બંધારણ કે માળખામાં વ્યાપક સ્વરૂપમાં રૂપાંતરણની પ્રક્રિયા અમલી બનાવવામાં આવી છે. ભારતમાં 1991થી નિકાસોના અને આયાતોના માળખામાં અદ્વિતિય સુધારો થયેલ જણાય છે. આજે ભારત અને રાષ્ટ્રો સાથે બહુવિધ વેપારથી જોડાયેલ છે. કેમ કે ભારતમાં સરકારના આર્થિક સુધારણા કાર્યક્રમોને પરિણામે ઔદ્યોગીકરણની પ્રક્રિયામાં વધારો થયો છે.

કોઈ પણ દેશના વિદેશ વ્યાપારના બંધારણમાં આપણે તે દેશની આયાત અને નિકાસ માળખામાં આવેલા ફેરફારોનો અભ્યાસ કરવો જોઈએ તો જ ખ્યાલ આવે કે ભારતના આયાત વેપાર અને નિકાસ વેપારના માળખામાં 1991થી કેવા ફેરફારો થયા છે, તે બાબતની સમજૂતી ટેબલ નં.01માં દર્શાવેલ છે.

ટેલબ નં-1

ભારતની કુલ નિકાસોમાં જુદી-જુદી વસ્તુઓનો ટકાવારી હિસ્સો

ક્રમ	વસ્તુઓ	કુલ નિકાસમાં વેપારની ટકાવારી	
		1991-92	2016-17
1	પ્રાથમિક પેદાશો, ખેતી અને તેને સંબંધિત પેદાશો, ચા, કૉફી, ચોખા, દરિયાઈ પેદાશો વગેરે	23.13%	12.33%
2	તૈયાર વસ્તુઓ-જેમ કે કાપડ, ચામડું અને ચામડાની બનાવટો, રસાયણો અને તેની સંબંધિત પેદાશો, ઈજનેરી વસ્તુઓ હીરા, ઝવેરાત, હસ્તકલાની વસ્તુઓ, ગાલીચા વગેરે	73.60%	69.61%
3	ક્રૂડ અને પેટ્રોલિયમ પેદાશો	2.32%	11.43%
4	અન્ય બિનવર્ગીકૃત વસ્તુઓ	0.95%	6.19%

સ્ત્રોત – Directorate General of Commercial Intelligence and Statistics

ટેબલ નં.1નો અભ્યાસ કરતા ખ્યાલ આવે છે કે વર્ષ 1991-92માં ભારતની કુલ નિકાસોનો વેપારમાં ટકાવારી હિસ્સો અને વર્ષ 2016-17માં ટકાવારી હિસ્સો તપાસતાં ખ્યાલ આવે છે કે ભારતની કુલ નિકાસમાં પ્રાથમિક પેદાશો-ખેતી અને તેને સંબંધિત પેદાશો જેવીકે, ચા, કૉફી, ચોખા, દરિયાઈ પેદાશો વગેરેનો ટકાવારી હિસ્સો 1991-92માં 23.13% હતો, જે ઘટીને વર્ષ

2016-17માં 12.33% જોવા મળે છે.

જ્યારે વર્ષ 1991-92માં તૈયાર વસ્તુઓ જેમકે કાપડ, ચામડું અને ચામડાની બનાવટો રસાયણો અને તેની સંબંધિત પેદાશો ઈજનેરી વસ્તુઓ હીરા-ઝવેરાત, હસ્તકલાની વસ્તુઓ, ગાલીચા વગેરેનો કુલ નિકાસનો વેપારમાં હિસ્સો 73.60% હતો જે વર્ષ 2016-17માં આ વસ્તુઓ કુલ નિકાસ વેપારમાં હિસ્સો 69.61% જેટલો જોવા મળે છે. એવી જ રીતે ફૂડ અને પેટ્રોલિયમ પેદાશોનો કુલ નિકાસમાં 2.32% 1991-92માં હતો જે વધીને 2016-17માં 11.43% જોવા મળે છે. અને અન્ય બિનવર્ગીકૃત વસ્તુઓમાં ભારતની કુલ નિકાસમાં ટકાવારી હિસ્સો 0.95% હતો, જે વધીને વર્ષ 2016-17માં 6.19% જોવા મળે છે.

આમ, ભારતના વિદેશ વ્યાપારમાં ભારતની નિકાસો જુદી-જુદી વસ્તુઓનો ટકાવારી હિસ્સાનો અભ્યાસ કર્યા પછી આપણે ભારતની મુખ્ય નિકાસોમાં કઈ-કઈ વસ્તુની નિકાસો કરવામાં આવે છે, તે અંગેની વિગતો ટેબલ નં-2માં દર્શાવવામાં આવી છે.

ટેબલ નં-2

ભારતની મુખ્ય વસ્તુની નિકાસના બંધારણમાં થયેલા ફેરફારો

(આંકડા મિલિયન ડોલરમાં)

ક્રમ	વસ્તુઓ	2012-13	2013-14	2014-15	2015-16	2016-17	2017-18
1	ચા અને કોફી	1732.1	1597.6	1495.8	1503.9	1574.1	1805.9
2	અન્ય કૃષિ પેદાશો	13971	15734.7	15473	13006.5	13310.4	15877.3
3	તમાકુ	924.1	1011.4	958.6	982	958.7	934.2
4	તેલીબિયા	4406.9	4088.1	3059.6	1799.9	2160.6	2264.2
5	દરિયાઈ પેદાશ	3464.1	5016.9	5510.5	4767.5	5903.1	7387.7
6	માંસ, ડેરી અને મરઘા ઉત્પાદન	3804.3	5292.9	5385	4575.5	4368.8	4610.1
7	આયર્ન, મીઠા અન્ય ખનીજ	5466.5	5574.9	4418.8	3847.5	5111.7	5246.1
8	ચામડું અને તેની બનાવટો	4771.9	5572.8	6030.5	5407.8	5165.6	5288.9
9	સિરામિક અને કાચ	1156.1	1292.2	1644.4	1712.1	1856.6	2131.4
10	હીરા અને જ્વેલરી	42988.2	41388.3	41266.1	39284.3	43412.8	41544.4
11	દવા અને ફાર્માસ્યુટિક	14421	14949.5	15431.5	16909.5	16785	17282.4
12	ઓર્ગેનિક અને કેમિકલ	11478.8	12286	12473.6	11731.3	12336.1	15938.2
13	એન્જિનિયરિંગ અને ઈલેક્ટ્રિક વસ્તુ	67434.5	71745.7	79335.6	67909	73179	85100.2

ક્રમ	વસ્તુઓ	2012-13	2013-14	2014-15	2015-16	2016-17	2017-18
14	સુતરાઉ, યૉન, હેન્ડલૂમ પેદાશ ફેબ્સ, મેનયૉન બનાવટ	14135.7	16199.6	16049.6	14741.1	14419.3	15084.1
15	આરએમજી તમામ કાપડ	12948.7	14990.5	16833.3	16964.4	17368.2	16706.7
16	શણ મેન્યુ ફ્લોર ક્વરિંગ, કારપેટ હેન્ડીક્રાફ્ટ	2449.6	3029.2	3035.8	3383.5	3726.8	3587.4
17	પેટ્રોલિયમ પેદાશ	60865.1	63179.4	56794.1	30582.6	31545.3	37456.6
18	પ્લાસ્ટિક	14421	6147.0	5746.0	5764.2	5796.5	6850.9
19	અન્ય વસ્તુઓ	11478.8	25315.3	19410.2	17418.8	16873.7	18279.4
	કુલ નિકાસો	300400.6	314415.7	310352.0	262291.1	275852.4	303376.2

સ્ત્રોત - RBI Bulletin-2020

ટેબલ નં.-2નો અભ્યાસ કરતા જણાય છે.

➢ ખેતી અને તેને લગતી તમામ પેદાશ :-

જેમાં ચા, કૉફી, ચોખા, ઘઉં, કાચો માલ, રૂ, તમાકુ, મસાલા, તેલીબિયા, દરિયાઈ પેદાશ, માંસ, કે મચ્છી કે જે વર્ષ 2012-13માં 28302 યુ.એસ. મિલિયન ડોલર હતી. જે વધીને 2017-18માં 32879.4 યુ.એસ. મિલિયન ડોલર થઈ હતી.

➢ લોખંડ અને ખનીજ :-

જેમાં લોખંડ અને તમામ ખનીજ પેદાશો કે જેની નિકાસ વર્ષ 2012-13માં 5466.5 યુ.એસ. મિલિયન ડોલર હતી, જે નિકાસો ઘટીને વર્ષ 2017-18માં 5246.1 યુ.એસ. મિલિયન ડોલર થઈ હતી.

➢ ચામડું અને તેની બનાવટ :-

ભારતની પરંપરાગત વસ્તુઓ ચામડું અને તેની બનાવટોની નિકાસ વર્ષ 2012-13માં 4771.9 યુ.એસ. મિલિયન ડોલર હતી, જે વર્ષ 2014-15ની સરખામણીએ ઘટીને વર્ષ 2017-18માં 5288.9 યુ.એસ. મિલિયન ડોલર થઈ હતી.

➢ સિરામિક અને કાચ :-

આ કેટેગરીમાં પણ વધારો જોવા મળ્યો હતો. વર્ષ 2012-13માં તેની નિકાસ 1156.1 યુ.એસ. મિલિયન ડોલર હતી જે વધીને 2017-18માં 2132.4 યુ.એસ. મિલિયન ડોલર થઈ હતી.

➢ હીરા અને જ્વેલરી :-

હીરા અને જ્વેલરીની નિકાસ વર્ષ 2012-13માં 42988.2 યુ.એસ. મિલિયન ડોલર હતી, તે ઘટીને વર્ષ 2017-18માં 415.44.4 યુ.એસ. મિલિયન ડોલર થઈ હતી.

➢ કેમિકલ સંબંધિત પેદાશ :-

આમાં પાયાના કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, કોસ્મેટિક્સ, પ્લાસ્ટિક, રબ્બર વગેરેનો સમાવેશ થાય છે. જેમાં પણ વધારો જોવા મળે છે. દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સ ઓર્ગેનિક નિર્જીવ અને કેમિકલ અને પ્લાસ્ટિક ક્ષેત્રમાં વર્ષ 2012-13માં 14421 યુ.એસ. મિલિયન ડોલર હતી. જે વર્ષ 2018-19માં 6850.9 યુ.એસ. મિલિયન ડોલર થઈ હતી.

➢ એન્જિનિયરિંગ અને ઈલેક્ટ્રિક વસ્તુઓ :-

એન્જિનિયરિંગ વસ્તુઓ જેમાં મેટલ્સનું ઉત્પાદન મશીનરી, સાધનો, વાહન વ્યવહારના સાધનો, લોખંડ, સ્ટીલ અને તમામ ઈલેક્ટ્રોનિક વસ્તુઓ કે જે 2012-13માં 67434.5 યુ.એસ. મિલિયન ડોલરની નિકાસ થતી હતી, જે વધીને વર્ષ 2017-18માં 85100.2 યુ.એસ. મિલિયન ડોલર થઈ હતી.

➢ કાપડ અને તેની ઉત્પાદન પેદાશો :-

જેમાં રૂ યાર્ન, કુદરતી સિલ્ક યાર્ન, ઊન ફેબ્રિક્સનો સમાવેશ થાય છે કે જેની નિકાસો વર્ષ 2012-13માં 27084.4 યુ.એસ. મિલિયન ડોલર હતી, જે વધીને 31780.8 યુ.એસ. મિલિયન ડોલર વર્ષ 2017-18માં થઈ હતી.

➢ શણ અને તેની પેદાશ, હેન્ડીક્રાફ્ટ્સ :-

આ કેટેગરીની નિકાસ વર્ષ 2012-13 દરમિયાન 2449.6 યુ.એસ. મિલિયન ડોલર હતી, જે વધીને વર્ષ 2017-18માં 3587.4 યુ.એસ. મિલિયન ડોલર થઈ હતી.

➢ પેટ્રોલિયમ પેદાશ :-

આ ક્ષેત્રમાં વર્ષ 2013-14થી સતત ઘટાડો થતો જોવા મળ્યો છે. વર્ષ 2012-13ના વર્ષમાં 60865.1 યુ.એસ. મિલિયન ડોલર હતી, જે ઘટીને વર્ષ 2017-18માં 33456.6 યુ.એસ. મિલનયન ડોલર થઈ હતી.

❖ આયાત વેપારના બંધારણમાં થયેલા ફેરફારો :

આયોજન પહેલા અને પ્રથમ પંચવર્ષીય યોજના દરમિયાન ભારતની મુખ્ય આયાતો અનાજ, વપરાશી ચીજવસ્તુઓ વગેરેની હતી, જ્યારે મૂડીનાં સાધનો, ઓદ્યોગિક કાચો માલ, યંત્ર સામગ્રી વગેરેની આયાતોનું પ્રમાણ ઘણું ઓછું હતું. બીજી પંચવર્ષીય યોજનાથી ઝડપી ઔદ્યોગિકીકરણ તેમજ મોટા અને પાયાના ઉદ્યોગોને ખાસ અગ્રિમતા અપાઈ હોવાથી મૂડી સાધનો અને યંત્ર સામગ્રી વગેરેની આયાતો મહત્ત્વની બની અને તેનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું ગયું તેમજ આ ગાળામાં ખેતીક્ષેત્રે અનુકૂળ પરિસ્થિતિ નહીં હોવાથી અનાજની આયાત પણ મોટા પ્રમાણમાં કરવી પડી હતી. જ્યારે વપરાશી વસ્તુઓની આયાતોનો સાપેક્ષ હિસ્સો ઓછો રહેવા પામ્યો હતો. જ્યારે ત્રીજી યોજનાથી સંરક્ષણને લગતી આયાતો અને નિભાવ જાળવણી માટેની આયાતો પણ મહત્ત્વની બની ત્યાર પછીનાં વર્ષોમાં ખનીજ તેલ, ખાતર, ખાદ્ય તેલો વગેરેની આયોતોમાં પણ ઉત્તરોત્તર વધારો થતો રહ્યો. આમ, આપણી કુલ આયાતોમાં વિકાસલક્ષી અને નિભાવલક્ષી આયાતો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એ બાબતનો સ્પષ્ટ નિર્દેશ કરે છે કે ભારતમાં ઔદ્યોગીકરણની પ્રક્રિયા વેગ પકડી રહી છે. મૂડી માલ સામાનની વધતી જતી આયાતને લીધે અનેક પ્રકારની મૂડી ઉદ્યોગોની સ્થાપના થવા પામી છે. જેને પરિણામે ઔદ્યોગિક વિકાસ માટેનો એક સંગીન અને સુદૃઢ પાયો નાખી શકાયો છે.

વપરાશી વસ્તુઓની આયાતોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે 1990-91માં અપનાવવામાં

આવેલ આર્થિક સુધારા બાદ અનાજની તૈયારી બનાવતી વસ્તુઓની આયાતોમાં વધારો થયો હોવાના કારણે વપરાશી વસ્તુઓની કુલ આયાતોમાં હિસ્સો વધવા પામ્યો છે. 1990-91 અને 2016-17માં ભારતના આયાત માળખા અંગેની વિગતો ટેબલ નં.3માં આપવામાં આવેલ છે.

ટેબલ નં.3

ભારતની કુલ આયાતોમાં જુદી-જુદી વસ્તુઓનો ટકાવારી હિસ્સો

ક્રમ	વસ્તુઓ	કુલ આયાતોમાં ટકાવારી	
		1990-91	2016-17
1	જથ્થાબંધ આયાતી વસ્તુઓ	44.11	36.19
	(અ) પેટ્રોલિયમ, ક્રૂડ અને તેનાં ઉત્પાદનો	27.43	22.7
	(બ) જથ્થાબંધ ઉપભોગની વસ્તુઓ જેવી કે અનાજ અને તેની બનાવટો ખાદ્ય તેલ, કઠોળ, ખાંડ વગેરે	1.42	4.42
	(ક) અન્ય જથ્થાબંધ વસ્તુઓ જેવી કે ખાતર, પેપર અને પેપરબોર્ડ, બિનલોહ ધાતુઓ, ક્રૂડ રબર, પલ્પ, નકામા કાગળો, લોખંડ, સ્ટીલ વગેરે	15.17	9.07
2	બિન જથ્થાબંધ આયાતી વસ્તુ	55.89	63.81
	(અ) મૂડીપ્રચૂર વસ્તુઓ જેવી કે ઉત્પાદિત ધાતુઓ, યંત્ર સામગ્રી, ઈલેક્ટ્રિક અને ઈલેક્ટ્રોનિક મશીનો, કોમ્પ્યૂટર અને તેના ભાગો, ટ્રાન્સપોર્ટ સાધનો, પ્રોજેક્ટ સાધનો વગેરે	21.81	24.79
	(બ) મુખ્ય નિકાસ સંબંધિત વસ્તુઓ જેવી કે મોતી અને કીમતી, અર્ધકીમતી સ્ટોન, ઓર્ગેનિક અને બિનઓર્ગેનિક કેમિકલ્સ, ટેક્સ્ટાઈલ યૉન વગેરે.	18.45	10.95
	(ક) અન્ય આયાતો જેવી કે સોનુ, ચાંદી, કૃત્રિમ રેઝિન અને પ્લાસ્ટિક સામગ્રી, મેડિકલ અને ઔષધિ દવા વગેરે	15.63	28.07

ઉપરોક્ત ટેબલ નં.3નો અભ્યાસ કરતા જણાય છે કે કુલ આયાતોમાં જથ્થાબંધ આયાતી વસ્તુઓનો ટકાવારી હિસ્સો 1990-91માં 44.11હતો, જે ઘટીને 2016-17માં 36.19% થયો હતો. આયાતોના સાપેક્ષ હિસ્સામાં થયેલો આ ઘટાડો પેટ્રોલિયમ ક્રૂડ અને તેના ઉત્પાદન ઉપરાંત અન્ય જથ્થાબંધ વસ્તુઓ જેવી કે, ખાતર, બિનલોહ ધાતુઓ, લોખંડ અને સ્ટીલ વગેરેની આયાતોમાં થયેલા ઘટાડાને આભારી છે. કેમ કે 90-91માં આપણી કુલ આયાતોમાં આ પેદાશોનો ટકાવારી ફાળો અનુક્રમે 27.43 અને 15.17% હતો, જે ઘટીને 2016-17માં અનુક્રમે 22.7% અને 9.07% થયો હતો. જ્યારે બીજી બાજુ આપણી કુલ આયાતોમાં બિનજથ્થાબંધ વસ્તુઓનો ટકાવારી ફાળો 1990-91માં 55.89% હતો જે વધીને 2016-17માં 63.81% થયો હતો. બિનજથ્થાબંધ વસ્તુઓનો સાપેક્ષ ફાળો વધવાનું કારણ સોનું, ચાંદી, કૃત્રિમ રેઝિન, પ્લાસ્ટિક

સામગ્રી, મેડિકલ અને ઔષધીય વગેરેની આયાતોમાં થયેલો વધારો છે. જેમ કે 1990-91માં આપણી કુલ આયાતોમાં વસ્તુઓનો ફાળો 15.63% હતો જે વધીને 2016-17માં 28.07% થયો હતો. આ ઉપરાંત મૂડીપ્રચૂર વસ્તુઓની આયાતોના સાપેક્ષ હિસ્સામાં નોંધપાત્ર વધારો થયો છે.

આ ઉપરાંત આપણે ભારતના વિદેશ વ્યાપારમાં ભારતની આયાતોમાં જુદી-જુદી વસ્તુઓનો આયાતોના માળખામાં આવેલાં પરિવર્તનોની રજૂઆત ટેબલ નં.4માં દર્શાવવામાં આવીલ છે.

ટેબલ નં-4

ભારતની મુખ્ય વસ્તુઓની આયાતો (US Million Dollars)

ક્રમ	વસ્તુઓ	2012-13	2013-14	2014-15	2015-16	2016-17	2017-18
1	સુતરાઉ, વનસ્પતિ તેલ, કઠોળ, ફળો અને શાકભાજી	15418.4	13280.7	15582.1	16642.7	17867.1	17617.7
2	પલ્પ અને વેસ્ટ કાગળ	745.9	767.5	944	955.7	975.1	1154.6
3	ટેક્સ્ટાઈલ, ફેબ્રિક આયર્ન ફેબ્રિક બનાવેલું લાખ	1437.3	1503.6	1691.5	1715.1	1502.5	1837.4
4	ખાતરો, ફૂડ ઉત્પાદન	8755.5	6263.9	7398.7	8071.5	5024	5376.3
5	સલ્ફર અને રોસ્ટેડ આયર્ન, પેરાઈડસ	319.5	183.1	286.4	217.1	131.2	165.9
6	ધાતુ અને અન્ય ખનીજ	9152.2	8455.2	9299.4	7298.6	6194.2	9092.7
7	કોલસો અને બ્રિવેટ્સ	16995.9	16403.5	17802.6	13667.6	15779.9	22901.2
8	પેટ્રોલિયમ અને ક્રૂડ ઉત્પાદનો	164040.6	164770.3	138325.5	82944.5	86963.8	108658.6
9	લાકડું અને લાકડાનાં ઉત્પાદનો	5081.5	51273	5471	5048.1	4891.8	6027.7
10	ચામડું અને તેની પેદાશો	739.3	823.3	1005.1	968.1	935.3	1009.2
11	ઓર્ગેનિક અને સજીવ કેમિકલ	16784.1	17446.8	18593	16586.4	16598.4	20631.5
12	રંગકામ	2170	2419.1	2447.8	2247.5	2282.7	2887.5
13	કૃત્રિમ અને રેઝિન પ્લાસ્ટિક	9988.5	10464.5	12070.3	11794.6	11964	14488.1

ક્રમ	વસ્તુઓ	2012-13	2013-14	2014-15	2015-16	2016-17	2017-18
14	કેમિકલ મટિરિયલ	5663.4	5765.8	6145.3	5957.2	6225	7440.1
15	મોતી, કીંમતી સ્ટોન	22689.6	23988.4	22598.2	20069.9	23808.6	34278.9
16	લોખંડ, સ્ટીલ અલોહ ધાતુ	26731.8	21563.8	27047.4	24703.6	21551.8	27429.2
17	વાહન વ્યવહારનાં સાધનો	21286.9	19297.5	18345.4	18227.8	22607	22732.9
18	પ્રોજેક્ટ માલ વ્યાવસાયિક સાધન ઓપ્ટિકલ માલ	10309.8	8152.5	7345.9	6382.8	5931.5	6832.2
19	ઈલેક્ટ્રોનિક માલ	32892.7	32384.7	36857.1	40021.9	41930.4	51541
20	ફાર્માસ્યુટિકલ પેદાશ	5461	5245.8	5432.8	5440	4995	5480.7
21	સોનું, ચાંદી	55795.4	33244.7	38930.7	35513.4	29357.2	36871
22	અન્ય વસ્તુઓ	23790.4	22473.7	23297	24340.8	25299.2	23345.5
	કુલ આયાતો	490736.6	4502137.6	448033.4	381007.8	384357	465578.3

સ્ત્રોત -RBI Bulletin-2020

ટેબલ નં.-4 નો અભ્યાસ કરતા ખ્યાલ આવે છે કે સુતરાઉ, વનસ્પતિ તેલ, કઠોળ, ફળો અને શાકભાજીની આયાતો વર્ષ 2012-13માં 15418.4 યુ.એસ. મિલિયન ડોલર હતી, જે વર્ષ 2017-18માં વધીને 17617.7 યુ.એસ. મિલિયન ડોલર થઈ. એવી જ રીતે પલ્સ અને વેસ્ટ કાગળની આયાતોમાં જોઈએ તો વર્ષ 2012-13માં 745.9 યુ.એસ. મિલિયન ડોલર હતી, જે વર્ષ 2017-18માં વધીને 11.54.6 યુ.એસ. મિલિયન ડોલર થઈ. તેવી જ રીતે ટેકસ્ટાઈલ, આયર્ન, ફેબ્રિક, બનાવેલું લાખની આયાતો 1437.3 યુ.એસ. મિલિયન ડોલર હતી જે વધીને વર્ષ 2017-18 માં 1837.4 યુ.એસ. મિલિયન ડોલર થઈ. ખાતરો અને ફૂડ ઉત્પાદિત વસ્તુઓની આયાત વર્ષ 2012-13માં 8755.5 હતી. જેમાં ઘટાડો જોવા મળ્યો હતો. જે 2017-18માં આયાતો ઘટીને 5376.3 યુ.એસ. મિલનયન ડોલર થઈ. જ્યારે સલ્ફર અને ફુલેલું લોહ, પિરાઈડસ કે જે વર્ષ 2012-13 માં 319.5 યુ.એસ. મિલિયન ડોલર હતી, જેની આયાતો ઘટીને વર્ષ 2017-18માં 165.9 યુ.એસ. મિલિયન ડોલર થઈ હતી, ધાતુ અને અન્ય ખનીજ કે જે 2012-13માં 9152.2 યુ.એસ. મિલિયન ડોલર આયાત હતી, તે પણ ઘટીને વર્ષ 2017-18માં 9092.7 યુ.એસ. મિલિયન ડોલર થઈ હતી. કોલસો કે જેની આયાત વર્ષ 2012-13માં 16995.9 યુ.એસ. મિલિયન ડોલર હતી, જે આયાતો વધીને વર્ષ 2017-18માં 22901.2 યુ.એસ. મિલિયન ડોલર થઈ હતી. પેટ્રોલિયમ અને ફુડ ઉત્પાદનની આયાતો વર્ષ 2012-13માં 164040.6 યુ.એસ. મિલિયન ડોલર હતી જે ઘટીને 108658.6 યુ.એસ. મિલિયન ડોલર વર્ષ 2017-18માં થયેલી જોવા મળે છે. લાકડું અને લાકડાનાં ઉત્પાદનોની આયાત વર્ષ 2012-13 માં 5081.5 યુ.એસ. મિલિયન ડોલર હતી, જેની આયાતો વધીને વર્ષ 2017-18માં 6027.7 યુ.એસ. મિલિયન ડોલર થઈ હતી. ચામડું અને તેની પેદાશની આયાતો વર્ષ 2012-13માં 739.3 યુ.એસ. મિલિયન ડોલર હતી, તેની આયાતો વધીને 1009.2 યુ.એસ. મિલિયન ડોલર થઈ હતી. વર્ષ 2017-

18માં કેમિકલ મટિરિયલ્સની આયાત વધી હતી, તેવી જ રીતે મોતી અને કીંમતી સ્ટોનની આયાતો વર્ષ 2012-13માં 22689.6 યુ.એસ. મિલિયન ડોલર હતી જે વધીને વર્ષ 2017-18માં 22732.9 થઈ હતી. તેવી જ રીતે સોના, ચાંદીની આયાતો વર્ષ 2012-13ની સરખામણીએ 2017-18માં ઘટેલી જોવા મળે છે.

16.3 ભારતના આંતરરાષ્ટ્રીય વેપારમાં તાજેતરના ફેરફારો :

વિદ્યાર્થીમિત્રો, તમે આ એકમમાં ભારતની જુદી જુદી વસ્તુઓની આયાત અને નિકાસનો પરિચય મેળવ્યો. જેમાં મુખ્યત્વે રેડીમેડ ગારમેન્ટ (તૈયાર કપડાં), હીરા અને ઝવેરાત (જેમ એન્ડ જ્વેલરી) ચામડાની બનાવટો વગેરે મુખ્ય છે. તે ઉપરાંત ભારત સેવાઓની પણ નિકાસ અને આયાત કરે છે.

સેવાઓમાં બાંધકામની સેવા, રિપેરિંગ અને મેન્ટેનન્સ, હોટલ અને રેસ્ટોરન્ટ, તબીબી સારવાર, પરિવહન, સંદેશાવ્યવહાર, ફાઈનાન્સિંગ અને વીમાની સેવાઓ, રિયલ એસ્ટેટ, સામાજિક સેવાઓ, વ્યાવસાયિક અને વ્યક્તિગત સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે. તે ઉપરાંત સરકારી વસ્તુઓ અને સેવાઓના ઉપયોગની ફી, બૌદ્ધિક સંપત્તિ (Intellectual Property)ના ઉપયોગ માટેની ફી વગેરેનો પણ આંતરરાષ્ટ્રીય વેપારમાં સમાવેશ થાય છે.

ભારતના વેપારની દિશા વિશે વિશ્લેષણ કરીએ તો સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી યુ.એસ.એ. સાથે સૌથી વધુ વેપાર થતો રહ્યો છે. COVID-19 મહામારી પછીના સમયમાં ચીન સાથેના વેપારમાં ઘટાડો જોવા મળ્યો છે.

આમ, આંતરરાષ્ટ્રીય વેપારમાં માત્ર શુદ્ધ આર્થિક પરિબળો નહિ, પરંતુ રાજકીય, પ્રાકૃતિક, સામાજિક વગેરે પરિબળો પણ અસર કરે છે. આ વિભાગમાં આપણે વર્ષ 2018 પછી ભારતના આંતરરાષ્ટ્રીય વેપારમાં આવેલાં પરિવર્તનોનો અભ્યાસ કરીશું.

ટેબલ નં-5

વર્ષ 2018 પછી ભારતના આંતરરાષ્ટ્રીય વેપારમાં આવેલાં પરિવર્તનો (US Million)

વિગત	વર્ષ		
	2018-19	2019-20	વધારો/ઘટાડો%
કુલ આયાત	514.1	474.7	-7.7
કુલ નિકાસ	330.1	313.4	-5.1
સેવા ક્ષેત્રની આયાત	126.1	128.3	+1.8
સેવા ક્ષેત્રની નિકાસ	208	213.2	+2.5

Source : Annual Report 2020-21, Department of Commerce, Government of India, www.cmmercegov.in

વિદ્યાર્થીમિત્રો, ટેબલનં-5 જોતાં આપણે જાણી શકીએ કે વર્ષ 2018 પછી ભારતના આંતરરાષ્ટ્રીય વેપારમાં ઘટાડો થયો છે. જેમાં કુલ આયાતમાં 7.7 નો તથા નિકાસમાં 5.1 નો ઘટાડો જણાય છે. આ સ્થિતિ માત્ર ભારતની જ ન હતી. સમગ્ર વિશ્વમાં લોકડાઉન તથા પરિવહન અને મુસાફરીના પ્રતિબંધોને કારણે આ સ્થિતિ ઊભી થયેલી છે.

જો કે, ભારતના સેવા ક્ષેત્રનો અભ્યાસ કરતાં તમે જાણી શકશો કે સેવાક્ષેત્રની આયાત અને નિકાસમાં વધારો થયો છે. તેમાં પણ સેવા ક્ષેત્રની નિકાસમાં વધારો નોંધાયો છે. આ વિગત

એ બાબતનું પણ સૂચન કરે છે કે ભારત માટે સેવા ક્ષેત્રે નિકાસ વધારે ઘણી તકો રહેલી છે.

પુનઃ ભારતની કુલ આયાત-નિકાસની સ્થિતિ વિશે ચર્ચા કરીએ તો 2018 થી 2020ના સમયગાળામાં આયાત અને નિકાસ એમ બંને ક્ષેત્રે ઘટાડો છે, પરંતુ નિકાસમાં થયેલો ઘટાડો ઓછો છે. આયાત ક્ષેત્રનો ઘટાડો સામાન્ય રીતે આર્થિક પ્રવૃત્તિઓની ધીમી થયેલી ગતિનો નિર્દેશ કરે છે. પરંતુ ભારતમાં 'આત્મનિર્ભર ભારત'ના અભિયાનને મળેલો સફળ પ્રતિસાદ પણ હોઈ શકે.

આમ, ભારતના આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આયાત અને નિકાસ બંને પાસાંઓમાં નિકાસનું ક્ષેત્ર વધુ મજબૂત તથા ઘણી ભાવિ તકો ધરાવે છે, તેવું કહી શકાય. વળી, ભારત સરકાર દ્વારા કૃષિ ઉત્પાદનો, તૈયાર કપડાં જેવી પરંપરાગત નિકાસો ઉપરાંત બિનપરંપરાગત વસ્તુઓ અને સેવાઓની નિકાસ ઉપર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. જેમ કે વર્ષ 2018 પછી વસ્તુઓની નિકાસમાં સેનિટાઈઝર, માસ્ક, PPE કિટ વગેરેનું પ્રમાણ પણ નોંધપાત્ર હતું. આ ઉપરાંત રબર અને સિરામિકનાં ઉત્પાદનો, આયુર્વેદિક ઔષધિઓ, શાકભાજી જેવાં બિનપરંપરાગત નિકાસ ક્ષમતા ધરાવતાં ક્ષેત્રોના વિકાસ પાછળ પણ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

નિકાસ વધારવાના આ પ્રયત્નો COVID-19 ની સ્થિતિ પહેલાંથી જ ભારત-સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. WTO દ્વારા વર્ષ 2019માં જાહેર કરવામાં આવેલી માહિતી પ્રમાણે વર્ષ 2017માં કુલ વૈશ્વિક વેપારમાં ભારતનો હિસ્સો 2.1% હતો. વર્ષ 2018માં વિશ્વની કુલ આયાતના 2.6% અને કુલ નિકાસના 1.7% ભારતના ફાળે હતી. તેમાં પણ સેવાક્ષેત્રની આયાતમાં 3.2% અને નિકાસમાં 3.5% જેટલો ફાળો ભારતનો હતો.

વિદ્યાર્થી મિત્રો, ભારતના આંતરરાષ્ટ્રીય વેપારમાં તાજેતરના સમયમાં થયેલા ફેરફારો વિશે તમે જાણ્યું. આ એકમ લખાય છે ત્યારે 2021નું વર્ષ છે. પણ જ્યારે તમે વાંચશો, અભ્યાસ કરશો ત્યારે સમય ઘણો આગળ નીકળી ગયો હશે ! તેથી તે સમયના ફેરફારો જાણવા માટે તમારે વર્તમાનપત્રો, ટેલિવિઝન, સરકારી વિભાગોની વેબસાઈટ વગેરે સાથે સતત સંપર્કમાં રહેવું જોઈએ.

16.4 સારાંશ :

કોઈ પણ દેશના આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં આયાતો અને નિકાસોના બંધારણમાં સમાવેશ થતી આયાતી વસ્તુઓ અને નિકાસી વસ્તુઓનો અભ્યાસ કરવો જરૂરી છે. આપણે જોયું કે ભારતના વિદેશ વ્યાપારમાં જુદી-જુદી વસ્તુઓની નિકાસોની ટકાવારીમાં હિસ્સો અને આયાત થતી વસ્તુની ટકાવારી હિસ્સામાં જોઈએ તો ભારતની નિકાસોમાં તૈયાર વસ્તુ, ચામડું, હીરા, ઝવેરાત વગેરેનો હિસ્સો વધુ હતો, જ્યારે આયાત થતી જુદી-જુદી વસ્તુઓનો ટકાવારી હિસ્સામાં મૂડીપ્રચૂર વસ્તુઓ, કેમિકલ, ઈલેક્ટ્રોનિક, કોમ્પ્યૂટર મશીનરીની આયાતો વધુ જોવા મળી હતી, તેવી જ રીતે આયાતી વસ્તુઓ અને નિકાસી વસ્તુના પ્રમાણમાં પણ ફેરફારો થયેલા જોવા મળે છે.

16.5 ચાવીરૂપ શબ્દો :

(1) આયાતી વસ્તુઓ : બીજા દેશમાંથી જે વસ્તુ આપણા દેશમાં મંગાવવામાં આવે તેને આયાતી વસ્તુઓ કહે છે.

(2) નિકાસી વસ્તુઓ : આપણા દેશની વસ્તુ બીજા દેશમાં મોકલવામાં આવે તેને નિકાસી વસ્તુ કહે છે.

(3) નિકાસ બંધારણ : આપણા દેશમાંથી બીજા દેશમાં મોકલવામાં આવતી જુદી-જુદી વસ્તુઓને નિકાસ બંધારણ કહેવાય છે.

(4) આયાત બંધારણ : બીજા દેશમાંથી આયાત થતી જુદી-જુદી વસ્તુઓને આયાત બંધારણ કહેવાય છે.

(5) WTO : World Trade Organization :- વિશ્વ વ્યાપાર સંગઠન એ એવી એકમાત્ર સંસ્થા છે, જે વિશ્વના જુદા જુદા દેશો વચ્ચેના વેપારના નિયમોનું પાલન થાય તે જુએ છે. તેનો ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય વેપાર સરળતાથી થાય તે જોવાનો છે.

(6) બૌદ્ધિક સંપત્તિ : Intellectual Property એટલે માનસિક સંરચનાથી ઉત્પન્ન થતી સંપત્તિ, જેમ કે, વૈજ્ઞાનિક શોધ, કલાકૃતિ, સાહિત્યિક રચના, ડિઝાઈન, પ્રતીક, નામ, ચિત્ર વગેરે જેનો વેપાર થઈ શકે.

16.6 તમારી પ્રગતિ ચકાસો :

❖ નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :

(1) ભારતના વિદેશ વ્યાપારના બંધારણમાં આવેલા ફેરફારોની ચર્ચા કરો.

(2) ભારતના વિદેશ વ્યાપારના બંધારણમાં આવેલા તાજેતરના ફેરફારો તપાસો.

(3) ભારતના વિદેશ વ્યાપારના બંધારણની વિગતે ચર્ચા કરો.

(4) 1991 પછીના ફેરફારોની સમીક્ષા કરો.

❖ ટૂંકમાં જવાબ આપો :

(1) વિદેશ વ્યાપારનું માળખું એટલે શું ?

(2) વર્ષ-1991થી આવેલ બંધારણના પરિવર્તનો જણાવો.

(3) ભારના વિદેશ વ્યાપારમાં નિકાસોમાં આવેલાં પરિવર્તનો તપાસો.

(4) ભારતના વિદેશ વ્યાપારમાં આયાતોમાં આવેલાં પરિવર્તનો તપાસો.

(5) ભારતની કુલ નિકાસોમાં જુદી-જુદી વસ્તુની ટકાવારી હિસ્સો જણાવો.

(6) ભારતની કુલ આયાતોમાં જુદી-જુદી વસ્તુની ટકાવારી હિસ્સો સમજાવો.

❖ નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :

(1) ભારતના વિદેશ વ્યાપારમાં નિકાસ થતી પ્રાથમિક પેદાશોનો હિસ્સો ઘટ્યો છે?

(2) ક્રૂડ અને પેટ્રોલિયમ પેદાશોનો હિસ્સો 1991ની તુલનાએ વર્ષ 2017માં આયાતમાં વધ્યો છે.

(3) ભારતની ચા અને કૉફીની નિકાસ વર્ષ 17-18માં વધી છે.

(4) ભારતની દરિયાઈ પેદાશોની નિકાસો હંમેશાં વધી છે.

(5) પેટ્રોલિયમ, ક્રૂડ અને પેદાશોની આયાતોની ટકાવારી 1991ની તુલનાએ વર્ષ 2017માં ઘટી છે.

(6) ભારતના વિદેશ વ્યાપારમાં મૂડીપ્રચૂર આયાતોનું પ્રમાણ ઘટ્યું છે.

(7) ભારતમાં સોના અને ચાંદીની આયાતો વર્ષ 2013ની સરખામણીએ વર્ષ 2017માં ઘટી છે.

(8) ભારતની નિકાસમાં મુખ્ય વસ્તુ પેટ્રોલિયમ પેદાશ છે.

(9) ભારતમાં 1991-92 બાદ નિકાસમાં કૃષિ પેદાશ અને તેની સંબધિત વસ્તુની નિકાસમાં ઘટાડો થયેલો જોવા મળે છે.

(10) ભારતની આયાતમાં સમયની સાથે મૂડીમૂલક વસ્તુઓમાં વધારો થયો છે.

❖ **નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો (MCQ) :**

(1) વર્ષ 2017-18માં તમાકુની નિકાસ કેટલી હતી?

(અ) 924.1 યુ.એસ. મિલિયન ડોલર

(બ) 958.7 યુ.એસ. મિલિયન ડોલર

(ક) 934.2 યુ.એસ. મિલિયન ડોલર

(ડ) 1011.4 યુ.એસ. મિલિયન ડોલર

(2) વર્ષ 2017-18માં હીસા અને જ્વેલરીની નિકાસ કેટલી હતી?

(અ) 42988.2 યુ.એસ. મિલિયન ડોલર

(બ) 41388.3 યુ.એસ. મિલિયન ડોલર

(ક) 43412.8 યુ.એ. મિલિયન ડોલર

(ડ) 41544.4 યુ.એસ. મિલિયન ડોલર

(3) વર્ષ 2015-16માં ખાતરો, ફૂડ અને ઉત્પાદિત વસ્તુની આયાત કેટલી હતી?

(અ) 8755.5 યુ.એસ. મિલિયન ડોલર

(બ) 7398.7 યુ.એસ. મિલિયન ડોલર

(ક) 8071.5 યુ.એસ. મિલિયન ડોલર

(ડ) 5024 યુ.એસ. મિલિયન ડોલર

(4) વર્ષ 217-18માં રંગકામની આયાત કેટલી હતી ?

(અ) 2170 યુ.એસ. મિલિયન ડોલર

(બ) 2447.8 યુ.એસ. મિલિયન ડોલર

(ક) 2887.5 યુ.એસ. મિલિયન ડોલર

(ડ) 2282.7 યુ.એસ. મિલિયન ડોલર

(5) વર્ષ 2012-13માં વાહન વ્યવહારનાં સાધનોની આયાત કેટલી હતી ?

(અ) 21286.9 યુ.એસ. મિલિયન ડોલર

(બ) 19297.5 યુ.એસ. મિલિયન ડોલર

(ક) 18227.8 યુ.એસ. મિલિયન ડોલર

(ડ) 22732.9 યુ.એસ. મિલિયન ડોલર

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :

(1) Datt and sundaram, edition-2017. Indian Economy, S.chand publication new delhi.

(2) Economy Survey 2017-18, Government of India

(3) RBI Bulletin-2018

(4) India's Trade Performance Resilient during - 2020-21

(4) Pib.gov.in/pressreleusepage.aspx?PRID=1712892

❖ જવાબો :

(1)	ખરું	(2)	ખરું	(3)	ખરું	(4)	ખોટું	(5)	ખરું
(6)	ખોટું	(7)	ખરું	(8)	ખોટું	(9)	ખરું	(10)	ખરું

⇨ (MCQ) ના જવાબો :

(1)	ક	(2)	ડ	(3)	ક	(4)	ક	(5)	ડ

*** *** ***

એકમ 17

ભારતનો વિદેશવેપાર - II

-: રૂપરેખા :-

17.0 ઉદ્દેશો

17.1 પ્રસ્તાવના

17.2 ભારતના વિદેશ વેપારનું કદ

17.3 ભારતના વિદેશ વેપારની દિશા

17.4 લેણદેણની તુલા અને વેપારતુલાનો ખ્યાલ

17.5 ભારતમાં લેણદેણની તુલામાં અસમતુલાનાં કારણો

17.6 ભારતમાં લેણદેણની તુલામાં ખાધની અસરો

17.7 ભારતમાં લેણદેણની તુલાની ખાધ નિવારવાના ઉપાયો

17.8 સારાંશ

17.9 ચાવીરૂપ શબ્દો

17.10 તમારી પ્રગતિ ચકાસો

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

17.0 ઉદ્દેશો :

ભારતના વિદેશ વેપારમાં કુલ આયાતો અને કુલ નિકાસો દ્વારા ભારતના વિદેશ વેપારનું કદ જાણીને આ આયાતો અને નિકાસો ક્યા ક્યા દેશમાંથી થાય છે, તેની નીતિકારોને માહિતી પ્રાપ્ત થાય છે. આથી આયાતો વધુ હોય અને દેશની નિકાસ ઓછી હોય ત્યારે આ વેપારમાં ખાધ જોવા મળે છે. આ ખાધ શેના કારણે ઊભી થાય છે, તે જાણીને સરકાર દ્વારા આ ખાધને દૂર કરવા ક્યાં ક્યાં પગલાંઓ ભરવામાં આવે છે, તેની માહિતી આ એકમમાંથી પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ છે.

17.1 પ્રસ્તાવના :

શ્રમ વિભાજન અને વિશિષ્ટીકરણને પરિણામે જેનો ઉદ્‌ભવ થયો છે તેવો આંતરરાષ્ટ્રીય વેપાર દુનિયાની સમૃદ્ધિનું વિસ્તરણ કરે છે. તેથી જ વિદેશ વેપારને આર્થિક વિકાસના એક એન્જિન તરીકે ઓળખવામાં આવે છે. વિદેશ વેપારનું કદ તેમજ વેપારની શરતો એ દેશના આર્થિક વિકાસના સ્વરૂપ અને વિકાસના સ્તરને ખૂબ જ અસર કરે છે. વિશ્વના વિકસિત દેશો જેવા કે, બ્રિટન, અમેરિકા, ફ્રાંસ, જાપાન, જર્મની વગેરેના આર્થિક વિકાસનો અભ્યાસ કરતાં જણાશે કે તેમના આર્થિક વિકાસમાં વિદેશ વેપારની ભૂમિકા ખૂબ અગત્યની રહી છે.

આયાતો દ્વારા કોઈ એક દેશ જરૂરી યંત્ર સામગ્રી, મૂડીનાં સાધનો, કાચો માલ, યંત્રોના છૂટા ભાગો, ટેક્‌નિકલ જાણકારી અને અન્ય જરૂરી વસ્તુઓ મેળવી શકે છે. આ બધી આયાતો દેશના આર્થિક વિકાસને ઝડપી બનાવવામાં ખૂબ અગત્યનો ફાળો આપે છે. એ જ રીતે નિકાસો

પણ વિદેશી હૂંડિયામણ મેળવીને અર્થતંત્રને વેગ પૂરો પાડે છે, તેથી આયાત-નિકાસ વેપારને ઘડનારાં પરિબળો દેશની આંતરિક આર્થિક પરિસ્થિતિ ઘડવામાં ખૂબ અગત્યનું કામ કરે છે. એવી જ રીતે દેશની આર્થિક પરિસ્થિતિ પરથી તેના આંતરરાષ્ટ્રીય વેપારનું માળખું, વેપારની દિશા, સ્વરૂપ અને પ્રમાણનો ખ્યાલ આવી શકે છે. દા.ત. જો દેશ અલ્પવિકસિત અને ખેતીપ્રધાન હશે તો તેના વિદેશ વેપારનું કદ નાનું હશે અને નિકાસો ખેતીની પેદાશો અને અન્ય કાચી વસ્તુઓની હશે, જ્યારે તેની આયાતોમાં વપરાશી વસ્તુઓ અને અન્ય તૈયાર પેદાશોનું પ્રમાણ વધારે હશે બીજી રીતે વિકાસશીલ ઔદ્યોગિક દેશોની મુખ્ય આયાતો યંત્ર-સામગ્રી, મૂડીનાં સાધનો, ટેકનીકલ જાણકારી વગેરેની હશે.

પ્રો. હેબલરના મતે આર્થિક વિકાસ માટે જે ચાર આવશ્યક પરિબળોનો તેમણે નિર્દેશ કર્યો હતો, જે વિદેશ વેપાર દ્વારા ઉપલબ્ધ થાય છે, જેમ કે, આંતરરાષ્ટ્રીય મૂડીરોકાણ દ્વારા મૂડીની પ્રાપ્યતા, અર્ધ-તૈયાર અને તૈયાર મૂડી માલસામાનનો લાભ, કાચા માલના સ્વરૂપમાં વિકાસના સાધન તરીકેનો લાભ તેમજ યંત્ર વિદ્યાની જાણકારી. આમ એટલું જ નહિ પરંતુ વિદેશ વેપારમાં આવતી દશ્ય અને અદશ્ય બાબતો આર્થિક વિકાસના એન્જિનને સતત ગતિશીલ રાખે છે.

17.2 ભારતના વિદેશ વેપારનું કદ :

કોઈ પણ રાષ્ટ્રનું વિદેશ વેપારનું કદ એટલે કે નાણાકીય સંદર્ભે આયાત અને નિકાસનું કુલ પ્રમાણ ભારતની કુલ આયાતો અને નિકાસોના પ્રમાણમાં વર્ષ 1990-91થી 2016-17 દરમિયાન થયેલા ફેરફારોનો ખ્યાલ નીચેના કોષ્ટક પરથી આવશે.

ટેબલ નં.1

ભારતનું વિદેશ વેપારનું કદ રૂા.કરોડમાં

વર્ષ	નિકાસ વેરો	આયાત આવક વેરો	વિદેશ વેપારનું કદ	વેપાર તુલાની ખાધ	ટકાવારી નિકાસ	ફેરફાર આયાત
1950-51	606	608	1214	-2	24.9	-1.5
1960-61	642	1122	1764	-480	0.3	16.8
1770-71	1535	1634	3169	-99	8.6	3.3
1980-81	6711	12,549	19,260	-5838	4.6	37.3
1990-91	32,553	43,198	75,751	-10,645	17.7	22.3
2000-01	2,01,356	2,28,307	4,29,663	-26950	26.6	5.9
2010-11	11,36,964	16,83,867	28,20,431	-546503	34.5	23.4
2018-19	2307726	3594675	5902401	1286948	18.0	19.8

સ્ત્રોત :- Director General of Commercial Intelligence & Statistics, DGC (I&S), Kolkata

ટેબલ નં-1 નો અભ્યાસ કરતાં જણાય છે કે ભારતના વિદેશ વેપારના કદમાં નોંધપાત્ર વધારો થયેલો જણાય છે. વર્ષ 1950-51માં વિદેશ વેપારનું કદ 1214 કરોડનું હતું. જે વધીને 1990-91 માં 75,751 કરોડ થયું હતું. એવી જ રીતે વર્ષ 2018-19માં પણ ભારતના વિદેશ

વેપારનું કદ 59,02,401 કરોડ થયું હતું. આમ 1990-91થી વર્ષ 2018-19ના 28 વર્ષના સમયગાળા દરમિયાન 65 ગણો વધારો થયેલો જોવા મળે છે. પરંતુ ભારતના વિદેશ વેપારના કદમાં થયેલા આ વધારા સંદર્ભે કેટલીક બાબતો તરફ ધ્યાન રાખવું જોઈએ. જેમ કે વિદેશ વેપારના કદમાં થયેલો વધારો મોટાભાગે આયાત વૃદ્ધિના લીધે જ થયેલો જોવા મળે છે. જે વેપારતુલાની ખાધમાં વધારો થયેલો જણાય છે.

જો ભાવવધારાની અસરોનું સમાયોજન કરવામાં આવે તો વિદેશ વેપારના કદમાં થયેલ વાસ્તવિક વધારો ખરેખર ઓછો જણાય. એનો અર્થ એ થાય કે ભારતના વિદેશ વેપારના કદમાં થયેલો મોટાભાગનો વધારો નાણાકીય સ્વરૂપનો જ છે.

વિદેશ વેપારના કદમાં થયેલ મોટા ભાગનો વધારો છેલ્લા ત્રણ દાયકામાં થયેલો છે. જેમ કે, 1950-51માં ભારતનું વિદેશ વેપારનું કુલ કદ 1214 કરોડ હતું. જે વધીને 1990-91 માં 75,751 કરોડ થયું હતું. આમ 1950-51 થી 1990-91ના ચાર દાયકા દરમિયાન ભારતના વિદેશ વેપારના કદમાં 35 ગણો વધારો થયો હતો. જ્યારે 1990-91થી 2018-19 ના લગભગ ત્રણ દાયકાના સમયગાળામાં વિદેશ વેપારના કદમાં લગભગ 65 ગણો વધારો થયો હતો. આથી કહી શકાય કે આર્થિક સુધારા અપનાવ્યા બાદ ભારતના વિદેશ વેપારના કદમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે.

17.3 ભારતના વિદેશ વેપારની દિશા :

સ્વતંત્રતા પૂર્વે ભારતનો વિદેશ વેપાર રિકાર્ડોના તુલનાત્મક ખર્ચના સિદ્ધાંત અનુસાર થતો ન હતો, પરંતુ બ્રિટિશ શાસનના હિતને અનુલક્ષીને નક્કી કરવામાં આવતો હતો. એટલે કે ભારતે ક્યા દેશો પાસેથી આયાત કરવી અને ક્યા દેશોમાં તેણે નિકાસ કરવી તે અંગેનો નિર્ણય બ્રિટિશ સરકાર દ્વારા લેવામાં આવતો, જેના કારણે ભારતનો મોટાભાગનો વિદેશ વેપાર બ્રિટન અને તેના સંસ્થાન દેશો સાથે હતો. પરતુ આઝાદી પ્રાપ્ત કર્યા પછી પણ અમુક વર્ષો સુધી એ મુજબ વેપાર ચાલ્યો, પરંતુ 1951 પછીના આયોજન કાળ દરમિયાન ભારતના વિદેશ વેપારની દિશામાં ફેરફારો થયા અને જેમાં ખાસ કરીને 1991 ના આર્થિક સુધારા પછી ભારતના વિદેશ વેપારની દિશામાં ખૂબ જ મોટા ફેરફારો થયેલા જોવા મળે છે.

ટેબલ નં.2

ભારતનાં કુલ નિકાસ વેપારમાં જુદાં જુદાં રાષ્ટ્રોનો (ટકાવારી) ફાળો

ક્રમ	દેશો	કુલ નિકાસમાં 1990-91	ટકાવારી હિસ્સો 2016-17
(1)	OECD Organization for Economic Co-Operation and developmentનાં રાષ્ટ્રો	56.47	38.93
(2)	OPEC Organization of the Petrolium Exporting Countries)	5.62	17.80
(3)	પૂર્વ યુરોપના દેશો	17.87	0.94
(4)	વિકસિત રાષ્ટ્રો (વિકાસમાન)	17.07	42.03
(5)	અન્ય રાષ્ટ્રો	2.94	1.18

Source - Director General of commercial inteiligence and statistics

ઉપરોક્ત ટેબલનો અભ્યાસ કરતા ખ્યાલ આવે છે કે OECDના દેશોમાં ભારતની નિકાસનો હિસ્સો 1990-91માં 56.47% દૂતો જે ઘટીને 2016-17 માં 38.93 % જેટલી નિકાસો ભારતની OECDના દેશોમાં થતી હતી. જ્યારે OPECના દેશોમાં ભારતની નિકાસો 1990-91માં 5.62% હતી, જે વધીને આ દેશોમાં 2016-17માં 17.80 % જેટલી નિકાસો OPEC ના દેશોમાં થતી હતી. જ્યારે પૂર્વ યુરોપના દેશોમાં ભારતની નિકાસો 1990-91માં 17.87 % હતી. જે આ દેશોમાં ઘટીને 2016-17માં 0.94 % નિકાસો થતી હતી. એવી જ રીતે વિકસિત રાષ્ટ્રોમાં ભારતની કુલ નિકાસો 1990-91માં 17.07 % થતી હતી, જે 2016-17માં વધીને 42.03 % થઈ હતી. આમ જોઈ શકાય છે કે ભારતના કુલ નિકાસ વેપારમાં જુદાં જુદાં રાષ્ટ્રોની ટકાવારી ફાળો તપાસતા ભારતની કુલ નિકાસ વેપારમાં 1990-91માં OECD ના દેશોમાં ભારતની નિકાસો વધુ થતી હતી, પરંતુ એ નિકાસોનું પ્રમાણ 2016-17માં ઘટેલું જોવા મળે છે. જ્યારે 1990-91માં વિકસિત રાષ્ટ્રોમાં ભારતની નિકાસો 17.07% હતી જે વધીને 2016-17માં 42.03% જોવા મળે છે. એટલે કે ભારતના નિકાસોની તરાહ વિકાસમાન દેશો સાથે વધુ જોવા મળે છે.

આમ, ભારતના નિકાસ વેપારની દિશામાં થયેલા ફેરફારોના આધારે આપણે આયાત-વેપારની દિશામાં થયેલા ફેરફારો પણ તપાસવા જરૂરી બને છે. જેની વિગતો ટેબલ નં.3માં આપવામાં આવી છે.

ટેબલ નં.3

ભારતના કુલ આયાત-વેપારમાં જુદા જુદા રાષ્ટ્રોની ટકાવારી ફાળો.

ક્રમ	દેશો	કુલ આયાતમાં 1990-91	ટકાવારી હિસ્સો 2016-17
(1)	OECD Organization for Economic Co-Operation and development નાં રાષ્ટ્રો	57.22	29.42
(2)	OPEC (Organization of the Petrolium Exporting countries)	16.30	24.15
(3)	પૂર્વ યુરોપના દેશો	6.82	1.92
(4)	વિકસિત રાષ્ટ્રો (વિકાસમાન)	18.66	44.22
(5)	અન્ય રાષ્ટ્રો	0.01	2.63

Source - Director General of commercial Inteiligence and statistics

ઉપરોક્ત ટેબલ નં.3નો અભ્યાસ કરતા ખ્યાલ આવે છે ભારતના કુલ આયાત વેપારમાં જુદાં જુદાં રાષ્ટ્રોની ટકાવારી ફાળામાં જોઈએ તો OECDનાં રાષ્ટ્રોમાંથી થતી કુલ આયાતોનો હિસ્સો 1990-91માં 57.22% હતો, જે ઘટીને વર્ષ 2016-17માં 29.42% જેટલો ભારતના કુલ આયાત વેપારમાં આ OECDના રાષ્ટ્રોનો હિસ્સો હતો. એવી જ રીતે ભારતના કુલ આયાત વેપારમાં OPECનાં રાષ્ટ્રોમાંથી કુલ આયાત વેપારમાં ટકાવારી હિસ્સો 1990-91માં 16.30% જેટલો હતો, જેનું પ્રમાણ વર્ષ 2016-17માં વધેલું જોવા મળે છે. ભારતના કુલ આયાત વેપારમાં વિકાસમાન રાષ્ટ્રોનો ફાળો 1990-91માં 18.66% હતો, જે વધીને 2016-17માં 44.22% જેટલો થયો. છે. આમ 1990-91માં ભારતના કુલ આયાત વેપારમાં OECDનાં રાષ્ટ્રોમાંથી થતી આયાતોનો હિસ્સો વધુ હતો. પરંતુ જેમાં વર્ષ 2016-17માં આવાં રાષ્ટ્રનો હિસ્સો ઘટેલો

જોવા મળે છે. જ્યારે 1990-91માં ભારતના કુલ આયાત વેપારમાં વિકાસમાન રાષ્ટ્રોમાંથી થતી આયાતોનો હિસ્સો ઓછો હતો, જે વર્ષ 2016-17માં વધીને 44.22% જેટલો જોવા મળે છે.

આમ, ભારતના આયાત વેપારની દિશામાં જોઈએ તો ભારતના વિદેશ વેપારમાં 1990-91માં ભારતના કુલ વેપારમાં આયાતો અને નિકાસો OECDના રાષ્ટ્રોમાંથી આયાત-નિકાસ વધુ થતી જોવા મળતી હતી. જેમાં વર્ષ 2016-17માં આ વેપારની દિશામાં પરિવર્તન થયેલું જોવા મળે છે. એટલે કે ભારતના વિદેશ વેપારમાં ભારતની નિકાસો અને આયાતો વર્ષ 2016-17માં વિકસિત અને વિકાસમાન રાષ્ટ્રો સાથે વેપારનો હિસ્સો વધેલો જોવા મળે છે.

17.4 લેણદેણની તુલા અને વેપારતુલાનો ખ્યાલ :

આંતરરાષ્ટ્રીય વેપારમાં વેપારતુલા અને લેણદેણની તુલા બંને પાયાના ખ્યાલો છે. આથી આ બંને ખ્યાલોનો અર્થ જોઈએ તો.

(1) વેપારતુલા : વેપારતુલા એ એક રાષ્ટ્ર અને બાકીનાં રાષ્ટ્રો વચ્ચેના દશ્ય વસ્તુઓની આયાત અને નિકાસ અંગેનો આર્થિક હિસાબ છે.

(2) લેણદેણની તુલા : લેણદેણની તુલા કોઈપણ દેશની આંતરરાષ્ટ્રીય આર્થિક સ્થિતિનો ખ્યાલ મેળવવાની પારાશીશી છે. એટલે જ કિંડલ બર્જર મુજબ લેણદેણની તુલા એટલે કોઈ એક દેશના નિવાસીઓ અને અન્ય દેશના નિવાસીઓ વચ્ચે ચોક્કસ સમયગાળા માટે કરવામાં આવતા તમામ પ્રકારના આર્થિક વ્યવહારોનો સંક્ષિપ્ત હિસાબ.

પ્રો. પી.સી. એલ્સવર્થ અનુસાર, ''લેણદેણની તુલા એ એક એવી હિસાબી આર્થિક પ્રવૃત્તિ છે કે જેમાં કોઈ દેશના નાગરિકો અને અન્ય દેશના નાગરિકો વચ્ચે ચોક્કસ સમયગાળા દરમિયાન (સામાન્ય રીતે 1 વર્ષ) કરવામાં આવતા તમામ પ્રકારની આર્થિક લેવડદેવડની ગણતરી કરવામાં આવે છે.''

17.5 ભારતમાં લેણદેણ તુલામાં ખાધ (અસમતુલા)નાં કારણો :

1950 પછીથી વિશ્વના મોટાભાગનાં રાષ્ટ્રો લેણદેણની તુલાની ખાધનો સામનો કરી રહ્યાં છે. વિકાસ સાધતાં રાષ્ટ્રો આર્થિક વિકાસના શરૂઆતના તબક્કામાં જુદાં-જુદાં ક્ષેત્રોનો આર્થિક વિકાસ સાધવા માટે નિકાસોની તુલનામાં આયાતો વધુ કરે છે. જ્યારે નિકાસોમાં જોઈએ એટલો ઝડપથી વધારો થતો નથી. પરિણામે લેણદેણની તુલામાં ખાધ સર્જાય છે. આમ લેણદેણની તુલામાં જોઈએ તો આયાતો કરતાં નિકાસો હંમેશાં ઓછી રહી છે. જે અંગેની વિગતો ટેબલ નં.4માં દર્શાવવામાં આવેલ છે.

ટેબલ નં.4

કે લેણદેણની ખાધ (રૂા.કરોડમાં)

વર્ષ	નિકાસો	આયાતો	કે લેણદેણની તુલાની ખાધ
1950-51	606	608	-2
1981-81	6711	12549	-5838
1990-91	32553	43198	-10645
2005-06	456418	660409	-203991
2010-11	1136964	1683467	-546503
2015-16	1716384	2490306	-773921
2018-19	2307726	3594675	-1286948

Source - Director General of commercial Intelligence and statistics

(1) ભારતમાં આયોજન દરમિયાન લેણદેણ તુલાની ખાધ સતત વધતી રહી છે. જેના કારણ માટે એવું કહી શકાય કે ભારતે આર્થિક વિકાસ દરમિયાન આયાતો સવિશેષ પ્રમાણમાં કરવી પડી છે. જેના પરિણામે વેપાર તુલાની ખાધ 1950-51માં -2 કરોડ હતી, જે 2018-19માં વધીને -1286948 થઈ છે. વર્ષ 2018-19માં આમ વેપાર તુલાની ખાધ સતત વધતી જોવા પામી છે.

(2) નિકાસમાં ધીમો વધારો :-

આયોજનકાળ દરમિયાન ભારતની નિકાસોમાં વધારો થયો છે, પરંતુ જે ઝડપથી આયાતો વધી છે, તે ઝડપથી નિકાસોમાં વધારો થયો નથી. ભારતની નિકાસો 1950-51માં 606 કરોડ હતી, જે વધીને 1980-81માં 6711 કરોડ થઈ હતી. જે 2010-11માં 1136964 કરોડ થઈ હતી, જે વધીને 2018-19માં 2307726 કરોડ થઈ હતી. આમ, ભારતની નિકાસોમાં ધીમો વધારો થયો હતો. ભારતની નિકાસી વસ્તુઓ મુખ્યત્વે પ્રણાલિકાગત રહી હતી. તેમજ ભારત સરકારની આયોજનની શરૂઆતમાં નિકાસનીતિ પ્રોત્સાહન હતી. આ ઉપરાંત મૂડીવાદી દેશોની સંરક્ષણ નીતિને કારણે ભારતની નિકાસો વધી નથી.

(3) આયાતોમાં વધારો :-

ભારતના આયોજનકાળ દરમિયાન વિકાસ માટેની આયાતો અને જાળવણી આયાતોમાં સતત વધારો થયો છે. ભારતની આયાતો 1950-51માં 608 કરોડ હતી જે વધીને 1980-81માં 12549 કરોડ થઈ હતી. 2010-11માં 1683467 કરોડ અને 2018-19માં 3594675 કરોડની આયાતો થઈ હતી. આમ ભારતની જંગી આયાતોમાં વધારો થવાના કારણમાં જોઈએ તો દેશમાં વસ્તી વૃદ્ધિ અને આવક વૃદ્ધિને કારણે આયાતી વસ્તુઓની માંગમાં વધારો થયો હતો. તેમજ ખનિજ તેલ અને પેટ્રોલિયમ પેદાશોના ભાવોમાં વધારો થતા તેમજ 1949, 1966 અને 1991માં રૂપિયાનું અવમૂલ્યન કરાયું હતું, જેથી આયાતો મોંઘી થઈ હતી.

(4) યોજનાઓના કદમાં વધારો :-

ભારતમાં પ્રથમ યોજનાને બાદ કરતા આપણી બધી જ પંચવર્ષીય યોજનાઓમાં મહત્ત્વાકાંક્ષા વધતી જવાથી દરેક અનુગામી યોજનાનું કદ પુરોગામી યોજના કરતાં બમણું હતું. પરિણામે ખાધપૂરવણીથી વિદેશી દેવાના બોજામાં વધારો થયો જેના પરિણામે લેણદેણની તુલામાં ખાધ ઊભી થઈ હતી.

(5) ખાધપૂરક નાણાતંત્ર :-

ભારતની પાચવર્ષીય યોજનામાં જાહેર ક્ષેત્રના ખર્ચને પહોંચી વળવા દરેક પંચવર્ષીય યોજનામાં વિશેષ ખાધ પૂરવણી કરવી પડી છે. એટલું જ નહી લક્ષ્યાંક કરતાં પણ વિશેષ ખાધ પૂરવણી થઈ છે. પ્રથમ પંચવર્ષીય યોજનામાં રૂા.333 કરોડ હતી. જે આઠમી પંચવર્ષીય યોજનામાં રૂા.20,000 કરોડના લક્ષ્યાંક સામે ખાધ પૂરવણીનું વાસ્તવિક પ્રમાણ 38411 કરોડ થયું હતું.

(6) વિદેશી દેવાના પ્રમાણમાં વધારો :-

ભારતમાં વિદેશી દેવું પણ વધવા પામ્યું છે. વિશ્વબેંકના અંદાજ અનુસાર ભારત અતિ દેવાદાર દેશ છે. 1990-91માં વિદેશી દેવું રૂા.1,63001 કરોડ હતું, જે વધીને 1999-2000 માં 4,24,271 કરોડ હતું. જે રાષ્ટ્રીય આવકના 22 ટકા હતું. આમ, વિદેશી દેવાને કારણે મુદલ અને વ્યાજની ચૂકવણીનો બોજો વધતો ગયો હતો. જે વર્ષ-2018 માં 1,801.98 યુ.એસ. બિલિયન ડોલર થયું છે.

(7) અદશ્ય વેપાર કમાણીમાં સ્થગિતતા :-

ભારતની લેણદેણની તુલાના કારણે છેલ્લા કેટલાક સમયથી અદશ્ય આવકની સ્થગિત સપાટી, વિદેશોમાં રહેલા ભારતીયોના રેમિટન્સ અને પ્રવાસમાં આવેલી સ્થગિતતા વગેરે છે. આ સાથે દેશના આયાત મૂલ્યના બિલમાં ખનિજ તેલના ભાવ વધારાને કારણે વેપારતુલા અને લેણદેણની તુલાની ખાધ વધી છે.

17.6 ભારતમાં લેણદેણની તુલા માં ખાધની અસરો :

લેણદેણની તુલામાં ખાધની અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રો પર અનેક વિધ પ્રતિકૂળ અસર થાય છે. જેની અસરો આ મુજબ થઈ શકેઃ

(1) ઉત્પાદન, રોજગારી અને આવકમાં ઘટાડો :-

લેણદેણની તુલામાં ખાધને પરિણામે અર્થતંત્રમાં નિકાસી ઉદ્યોગોમાં નિકાસી વસ્તુની માંગ ઘટે છે. નિકાસી વસ્તુની માંગ ઘટતાં નિકાસી ક્ષેત્રોમાં ઉત્પાદન, રોજગારી, આવક અને માંગમાં ઘટાડો થાય છે. આમ નિકાસી ક્ષેત્રમાં થતા ઘટાડાની અસર અન્ય ક્ષેત્રો પર થતી જોવા મળે છે. અર્થતંત્રનાં અન્ય ક્ષેત્રો જેવાં કે વપરાશી વસ્તુની માંગ અને મૂડીગત વસ્તુની માંગમાં ઘટાડો થાય છે, પરિણામે અન્ય રાષ્ટ્રોમાં ઉત્પાદન રોજગારી, આવક, માંગમાં વધારો થાય છે.

(2) ઉદ્યોગ-ધંધા પર ખરાબ અસર :-

લેણદેણની તુલામાં ખાધને પરિણામે જે અર્થતંત્રમાં નિકાસોની તુલનામાં આયાતોનું પ્રમાણ વધુ હોય ત્યાંના વ્યાપાર-ધંધા પર ખરાબ અસર થાય છે. કેમ કે એક બાજુ નિકાસી ક્ષેત્રમાં માંગમાં ઘટાડો થવાથી આ ક્ષેત્રમાં રોકાયેલા લોકોની આવકમાં ઘટાડો થશે. આથી તેઓ અગાઉની તુલનામાં માંગ ઓછી કરશે. આને પરિણામે આંતરિક બજારમાં એક પ્રકારની મંદીનું વાતાવરણ સર્જાશે. જ્યારે બીજી બાજુ આયાતોમાં વધારો થાય છે. તે દેશના ઉદ્યોગ ધંધામાં પણ એક પ્રકારની તેજી આવે છે. આમ, લેણદેણની તુલામાં ખાધને પરિણામે અર્થતંત્રમાં ઉદ્યોગ-ધંધા પર પ્રતિકૂળ અસર થઈ શકે છે.

(3) રાષ્ટ્રીય આવકમાં ઘટાડો :-

લેણદેણની તુલાની ખાધ અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકમાં ઘટાડો કરે છે. કેમ કે જે દેશના અર્થતંત્રમાં લાંબાગાળા સુધી લેણદેણની તુલામાં ખાધ રહેતી હોય ત્યાં અર્થશાસ્ત્રના નિયમ અનુસાર નિકાસોમાં ઘટાડો થવાથી નાણાંના પુરવઠામાં અનિચ્છનીય ઘટાડાને પરિણામે જુદાં-જુદાં ક્ષેત્રના વિકાસ માટે પૂરતા પ્રમાણમાં મૂડીરોકાણ થઈ શકતું નથી. આથી રાષ્ટ્રીય આવકમાં ઘટાડો થાય છે.

(4) માથાદીઠ આવકમાં ઘટાડો :-

લેણદેણની તુલામાં ખાધને પરિણામે અર્થતંત્રમાં નિકાસોમાં ઘટાડો થવાથી આ ક્ષેત્રમાં રોકાયેલા લોકોની આવકમાં ઘટાડો થાય છે. આને પરિણામે અર્થતંત્રમાં એક પ્રકારની ગુણક અસર કામ કરે છે. તેમજ દેશની રાષ્ટ્રીય આવક ઓછી હોય તેથી દેશના લોકોની માથાદીઠ આવક ઓછી જ રહે છે.

(5) બચત અને મૂડીસર્જન પર પ્રતિકૂળ અસર :-

દેશના અર્થતંત્રમાં લેણદેણની તુલામાં ખાધ રાષ્ટ્રીય આવક, માથાદીઠ આવક પર ખરાબ અસર જન્માવે છે. તેમની સીધી અસર બચત અને મૂડીસર્જનના દર પર થાય છે. દેશમાં રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક વધુ હોય છે, તેમની પાછળનું એક કારણ લેણદેણની તુલાની

પુરાંત છે. અને લેણદેણની તુલામાં પુરાંત માત્ર રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો કરે છે, એમ કહી શકાય નહીં, પરંતુ બચત અને મૂડીસર્જનના દરમાં વધારો થાય છે. જ્યારે અલ્પવિકસિત અને વિકસતાં રાષ્ટ્રોમાં લેણદેણની તુલાની ખાધને પરિણામે રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં ઘટાડો થાય છે. આને પરિણામે બચત અને મૂડીસર્જનના દરમાં પણ ઘટાડો થવા પામે છે. આમ લેણદેણની તુલાની ખાધ બચત અને મૂડીસર્જનના દરમાં ઘટાડો કરવામાં નિર્ણાયક કામગીરી ભજવે છે.

(6) વિદેશી હૂંડિયામણની અનામતોમાં ઘટાડો :-

નિકાસોની તુલનામાં આયાતોનું પ્રમાણ વધવાથી અર્થતંત્રમાં તેટલા પ્રમાણમાં કીમતી વિદેશી હૂંડિયામણમાં ઘટાડો થાય છે. જે રાષ્ટ્રની લેણદેણની તુલામાં સતત લાંબાગાળા સુધી ખાધ રહેતી હોય તે રાષ્ટ્રને બે પ્રકારે નુકસાન થાય છે.

(1) આયાતોના સ્વરૂપમાં વસ્તુની ખરીદીના બદલામાં વિદેશી હૂંડિયામણની ચૂકવણી કરવાની રહે છે. (2) નિકાસોમાં અપેક્ષિત વધારો ન થવાથી વિદેશી હૂંડિયામણની કમાણી પ્રમાણમાં ઓછી થાય છે. આમ લેણદેણની તુલામાં ખાધને પરિણામે વિદેશી હૂંડિયામણની અનામતોમાં ઘટાડો થાય છે.

(7) આર્થિક વિકાસના દરમાં ઘટાડો :-

લેણદેણની તુલામાં સર્જાતી ખાધ દરેક દેશના આર્થિક વિકાસ પર માઠી અસર જન્માવે છે. કારણ કે રાષ્ટ્રીય આવક, માથાદીઠ આવક, ઉત્પાદન, રોજગારી, આવકમાં ઘટાડો થાય છે. જેના કારણે આર્થિક વિકાસના દરમાં અપેક્ષિત વધારો થઈ શકતો નથી.

આમ દેશની લેણદેણની તુલાની ખાધને કારણે ઉપરોક્ત પ્રકારની અસરો થાય છે. માટે લેણદેણની તુલાની ખાધ નિવારવા માટેના ઉપાયોનો અભ્યાસ કરવો જોઈએ.

17.7 ભારતમાં લેણદેણની તુલાની ખાધ નિવારવાના ઉપાયો :

ભારતમાં લેણદેણની તુલાની ખાધને નિવારવા માટે નીચેના ઉપાયો હાથ ધરવામાં આવ્યા છે.

(1) આયાતોમાં ઘટાડો :-

ભારતની પંચવર્ષીય યોજના દરમિયાન વિદેશ વેપારના પાસાને સમતોલ કરવા ભારત સરકારે આયાતો પર કડક નિયંત્રણોની શરૂઆત 1956-57થી કરી હતી, જેમાં આયાતોના વધતા પ્રમાણ પર નિયંત્રણ/અંકુશ મૂકવાની અને નિકાસોને પ્રોત્સાહન આપવાની નીતિ અપનાવી હતી. આ સાથે કેટલીક વસ્તુઓનું ઘરઆંગણે ઉત્પાદન કરવાના પ્રયાસો કર્યા છે. જેને પરિણામે કેટલીક વસ્તુઓની બાબતમાં સ્વાવલંબી બન્યા છીએ. એટલું જ નહીં યંત્ર સામગ્રી, રસાયણો, વપરાશી ચીજો અને ઉત્પાદક ચીજોની આયાતોમાં ઘટાડો નોંધાયો છે.

(2) આયાત અવેજીકરણની નીતિ :-

આયાત અવેજીકરણની પ્રક્રિયાને વેગ આપવા માટે ભારત સરકારે અનેક પગલાંઓ લીધાં છે. જેમકે, ભારતમાં જાહેર ક્ષેત્રનાં સાહસોને શક્ય હોય ત્યાં સુધી આયાતી પેદાશોના સ્થાને સ્થાનિક પેદાશો વાપરવાની સલાહ આયાતો ઉપર કડક નિયંત્રણો, દાણચોરી વિરુદ્ધ વ્યાપક ઝૂંબેશ, આયાત ખર્ચાના આયાત ક્વોટા અને આયાત પ્રતિબંધ જેવા ઉપાયો હાથ ધરવામાં આવ્યા છે.

(3) નિકાસ વધારો :-

ભારતમાં હાલના સંજોગોમાં નિકાસોની અગત્યતા જેટલી આંકીએ તેટલી ઓછી છે. તેથી નિકાસમાં વધારો કરવા બીજી યોજનાના મધ્યભાગથી પગલાંઓ લીધાં છે. તેમજ 1991 બાદ ઉદારીકરણની નીતિ હેઠળ નિકાસ વૃદ્ધિ માટે અનેક પગલાંઓ લીધાં છે. જેમાં

(1) નિકાસ પ્રોત્સાહન નીતિનો સ્વીકાર

(2) વિદેશ વેપાર બોર્ડની રચના

(3) રૂપિયાની આંશિક પરિવર્તનશીલતા

(4) સલાહકાર સમિતિઓ

(5) આંતરરાષ્ટ્રીય વેપાર સંસ્થાની રચના

(6) મુક્ત આયાત નિકાસ નીતિ

(7) આયાત જકાતમાં વધારો

(8) મુક્ત વેપાર ઝોન અને 100 ટકા નિકાસલક્ષી એકમોને મુક્તિ

(9) જકાત મુક્તિની યોજના

(10) નિકાસ સામે આયાત પરવાના આપવાની યોજના

(11) રૂપિયાનું 1991માં બે તબક્કામાં 18 ટકા અવમૂલ્યન

(12) નિકાસની આવકને કરવેરામાં રાહત આપવામાં આવી હતી.

(13) નિકાસગૃહો અને વેપારીગૃહોના વિકાસ પર ભાર મુકાયો હતો.

(4) રૂપિયાનું અવમૂલ્યન :-

ભારતમાં આયોજન દરમિયાન નિકાસો કરતાં આયાતો વધારે હતી. તેથી ભારતે 1966માં રૂપિયાના મૂલ્યમાં 57.5 ટકા ઘટાડો કર્યો હતો. તેમજ જુલાઈ 1991માં સરકારે રૂપિયાનું બે તબક્કામાં 18 ટકા અવમૂલ્યન કર્યું હતું. પરિણામે નિકાસો વધારે નફાકારક બની હતી.

(5) આગોતરા આયાત પરવાના :-

નિકાસી વસ્તુના ઉત્પાદકને આગોતરા આયાત પરવાના આપવામાં આવે છે. જેથી નિકાસકારને નિકાસ અંગે ચોક્કસ ખાતરી પ્રાપ્ત થાય છે. તેથી નિકાસકાર આવા આગોતરા આયાત પરવાના હેઠળ જકાત ભર્યા વિના કાચા માલની આયાત કરી શકે છે. જેથી લેણદેણની તુલાની ખાધ ઘટાડવામાં મદદરૂપ બને છે.

(6) વિદેશી સહાય :-

લાંબા સમયને અંતે પાકતી ઓછી વ્યાજની વિદેશી લોનને વિદેશી સહાયને મદદ કહેવામાં આવે છે. ભારતને વિદેશી સહાય કેટલીક વાર ગ્રાન્ટના સ્વરૂપમાં મળે છે. જેમાં વ્યાજ અને મુદ્દલની ચૂકવણી કરવાની હોતી નથી. જેથી નિકાસ વેપારને મદદ મેળવતા લેણ-દેણની તુલાની ખાધ ઘટે છે.

(7) જકાત પરત યોજના :-

ભારતમાં નિકાસી વસ્તુઓનું ઉત્પાદન માટે નિકાસી વસ્તુના ઉત્પાદકો કેટલીક આયાતો જેવી કે કાચોમાલ, અર્ધ તૈયાર માલ પર જે આયાત-જકાત ભરી હોય તેમજ જે આબકારી જકાત ભરી હોય તે નિકાસ કરનારા એકમોને પરત આપવાની યોજનાથી નિકાસોની હરિફાઈમાં વધારો થાય છે. આમ નિકાસો વધતાં લેણદેણની તુલાની ખાધ ઘટે છે.

17.8 સારાંશ :

ભારતના વિદેશ વ્યાપારમાં આયાત અને નિકાસોનું પ્રમાણ વધતાં વિદેશ વ્યાપારનું કદ સતત વધતું ગયું છે. એવી જ રીતે ભારતની આયાતો અને નિકાસો જુદા-જુદા સમયે જુદા-જુદા દેશોમાં થતી હતી, તેમાં પણ પરિવર્તનો થતા જોવા મળ્યાં છે. તેના પરિણામે ભારતની લેણદેણની તુલાની ખાધ સતત વધતી જતી જોવા મળે છે. આ ખાધને દૂર કરવા માટે સરકાર દ્વારા જે વિવિધ પગલાંઓ ભરવામાં આવે છે, તેને કારણે ભારતની નિકાસો વધતી જોવા મળે છે, પરંતુ નિકાસોની તુલનાએ ભારતની આયાતો વધુ વધતી જોવા મળે છે.

17.9 ચાવીરૂપ શબ્દો :

(1) વિદેશ વેપારનું કદ :-

કોઈ પણ રાષ્ટ્રનું વિદેશ વેપારનું કદ એટલે કે નાણાકીય સંદર્ભે આયાત અને નિકાસનું કુલ પ્રમાણ એટલે વિદેશ વેપારનું કદ.

(2) વિદેશ વેપારની દિશા :-

ક્યા ક્યા દેશો પાસેથી આયાત કરવી અને ક્યા ક્યા દેશોમાં નિકાસ કરવી તે અંગેનો ખ્યાલ એટલે વિદેશ વેપારની દિશા.

(3) વેપારતુલા :-

એક રાષ્ટ્ર અને બાકીનાં રાષ્ટ્રો વચ્ચેના દશ્ય વસ્તુઓની આયાત અને નિકાસ અંગેનો આર્થિક હિસાબ એટલે વેપારતુલા.

(4) લેણદેણની તુલા :-

કોઈ એક દેશના નિવાસીઓ અને અન્ય દેશના નિવાસીઓ વચ્ચે ચોક્કસ સમયગાળા માટે કરવામાં આવતી તમામ પ્રકારના આર્થિક વ્યવહારોનો હિસાબ એટલે લેણદેણની તુલા.

(5) આયાત-અવેજીકરણ :-

આયાત અવેજીકરણ એટલે આયાત વસ્તુઓની અવેજીમાં આવી શકે એવી વસ્તુઓનું આંતરિક ઉત્પાદન કરવાની નીતિ એટલે આયાત અવેજીકરણ નીતિ.

17.10 તમારી પ્રગતિ ચકાસો :

❖ નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

(1) ભારતના વિદેશવ્યાપારના કદ અને દિશામાં થયેલ તાજેતરના ફેરફારોની વિગતે ચર્ચા કરો.

(2) ભારતના વિદેશ વ્યાપારની દિશામાં થયેલા ફેરફારો તપાસો.

(3) લેણદેણની તુલાનો અર્થ આપી, લેણદેણની તુલાની અસમતુલાનાં કારણો જણાવી, આ અસમતુલાને નિવારવાના ઉપાયો જણાવો.

❖ ટૂંકમાં જવાબ આપો.

(1) વિદેશ વ્યાપારનું કદ એટલે શું?

(2) વિદેશ વ્યાપારની દિશા એટલે શું?

(3) વેપારતુલા અને લેણદેણની તુલાનો અર્થ આપો.

(4) આયાત અવેજીકરણ નીતિ એટલે શું?

(5) નિકાસ પ્રોત્સાહન પગલાંઓ જણાવો.

❖ નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

(1) ભારતમાં 1990-91માં આયાતો વધુ હતી નિકાસોની તુલનાએ.

(2) વર્ષ 2018-19માં કુલ વિદેશ વ્યાપારનું કદ 5902401 રૂપિયા કરોડ હતુ.

(3) 1990-91માં સૌથી વધુ નિકાસો OPEC રાષ્ટ્રમાં થતી હતી.

(4) 1990-91 તુલનાએ 2016-17માં વિકાસમાન રાષ્ટ્રોમાં ભારતની નિકાસો વધી છે.

(5) લેણદેણની તુલામાં માત્ર દશ્ય વસ્તુઓની ગણતરી થાય છે?

❖ ખરા ખોટાના જવાબો :-

(1) ખરું (2) ખરું (3) ખોટું

(4) ખરું (5) ખોટું

❖ નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો (MCQ)

(1) ભારતના વિદેશ વ્યાપારમાં 1950-51માં વેપારતુલાની ખાધ કેટલી હતી?

(અ) -2 (બ) -99

(ક) -480 (ડ) -22

(2) ભારતની કુલ આયાતમાં 1990-91માં OECD નાં રાષ્ટ્રોનો હિસ્સો કેટલા ટકા હતો?

(અ) 16,30 % (બ) 18,66 %

(ક) 17,07 % (ડ) 57,22 %

(3) ભારતની કુલ નિકાસો 2016-17માં વિકાસમાન રાષ્ટ્રોમાન કેટલા ટકા હિસ્સો હતો?

(અ) 17,07 % (બ) 17,87 %

(ક) 42,03 % (ડ) 38,93 %

(4) જુલાઈ 1991માં સરકારે રૂપિયાનું કેટલા તબક્કામાં અવમૂલ્યન કર્યું ?

(અ) એક (બ) બે

(ક) ત્રણ (ડ) ચાર

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :

(1) Datt and Sundram, edition 2017, Indian Economy, S. Chand Publication, New delhi

(2) Economy survey 2017-18, Government of India

(3) R.B.I. Bulletion - 2018

⇨ MCQના જવાબો :

(1) અ (2) ડ (3) ક (4) બ

*** *** ***

એકમ 18

ભારતની વર્તમાન વિદેશ વ્યાપાર નીતિ

-: રૂપરેખા :-

18.0 ઉદ્દેશો

18.1 પ્રસ્તાવના

18.2 વિદેશ વ્યાપાર નીતિના વર્તમાન પ્રવાહો

18.3 નવી વિદેશ વેપાર નીતિ (2015-2020) વર્ષ

18.4 નવી વિદેશ વ્યાપાર નીતિની સમીક્ષા

18.5 સારાંશ

18.6 ચાવીરૂપ શબ્દો

18.7 તમારી પ્રગતિ ચકાસો

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

18.0 ઉદ્દેશો :

આ એકમમો અભ્યાસ કર્યા પછી તમે

- વિદેશ વ્યાપાર નીતિમાં થયેલા ફેરફારો સમજાવી શકશો.
- વિદેશ વેપાર નીતિ માટે જરૂરી સૂચનો અને ચર્ચા કરી શકશો.

18.1 પ્રસ્તાવના :

કોઈ પણ રાષ્ટ્રની વિદેશ વ્યાપાર નીતિ એ આર્થિક નીતિઓનું એક ખૂબ જ મહત્ત્વનું અંગ છે. આજે વિશ્વનો કોઈ પણ દેશ અર્થતંત્રના વિકાસ માટે વિદેશ વ્યાપાર પર નોંધપાત્ર રીતે નિર્ભર છે. આથી જ આર્થિક આયોજનની પ્રક્રિયામાં વિદેશ વેપાર નીતિ એ અન્ય આર્થિક નીતિઓની જેમ નીતિઓનો સંકલિત ભાગ છે. ટૂંકમાં કહીએ તો, બદલાતા જતા વૈશ્વિક અર્થતંત્રમાં આર્થિક વિકાસના એક અંતર્ગત પરિબળ તરીકે વિદેશ વેપારની અવગણના કરી શકાય નહી અને વિદેશ વેપારનું વિસ્તૃતિકરણ અને આર્થિક વિકાસમાં તેના ફાળાને વધારવા માટે દેશની વિદેશ વ્યાપાર નીતિ ખૂબ જ મહત્ત્વની બની રહે છે. અહીં આપણે ભારતની વિદેશ વેપારની નીતિના તાજેતરના પ્રવાહોની ચર્ચા કરી. વર્તમાન વિદેશ વ્યાપાર નીતિના અગત્યનાં પગલાંઓ અંગે ચર્ચા કરીશું.

18.2 વિદેશ વ્યાપાર નીતિના વર્તમાન પ્રવાહો :

1980ના દસકાથી આરંભ કરેલ આયાત ઉદારીકરણની પ્રક્રિયા અને નિકાસ પ્રોત્સાહન માટે લેવાયેલાં પગલાં 1990ના દસકામાં અને તેમાંય સવિશેષ કરીને જુલાઈ 1991થી હાથ ધરાયેલા આર્થિક સુધારણાનાં પગલાંઓ બાદ ખૂબ જ ગતિથી આગળ વધારવામાં આવ્યા હતા. 1991-92થી વિદેશ વ્યાપારમાં ઉદારીકરણ માટે લેવાયેલાં પગલાં, એ આજ સુધી સ્વીકારેલી

સંરક્ષણની નીતિઓને લગભગ જાકારો આપે છે. આમ જોવા જઈએ તો 1950 અને 1960ના દાયકાઓ દરમિયાન સ્વીકારેલ વિદેશ વ્યાપાર નીતિઓ આત્મબળ અને સ્વાવલંબનના હેતુઓથી પ્રભાવિત હતી. જ્યારે 1970 અને 1980ના દાયકાઓ વચ્ચે નિકાસથી વિકાસ તથા ભારતના ઉદ્યોગોની કાર્યક્ષમતા અને હરિફાઈમાં વધારો એ જ એનો હેતુ હતો. તેથી વિરુદ્ધ, વિદેશ વ્યાપાર નીતિમાં કરેલ વર્તમાન સુધારાનો હેતુ ભારતીય અર્થતંત્રનું વૈશ્વીકરણ, દેશના ઉદ્યોગોમાં હરિફાઈનો વધારો, વિપરીત લેણદેણની તુલાને પહોંચી વળવાનો છે.

વિદેશ વ્યાપાર નીતિમાં આવેલ વર્તમાન પ્રવાહ અને તેમાં પણ જુલાઈ 1991થી હાથ ધરાયેલા આર્થિક સુધારણા અંતર્ગત નીચે પ્રમાણે છેઃ

❖ જકાતનું તાર્કિકીકરણ :-

ચેલૈયા સમિતિની ભલામણો જાન્યુઆરી-1993ને ધ્યાનમાં રાખીને સરકારે આયાત જકાત દરમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. દાખલા તરીકે આયાત જકાતનો મહત્તમ દર જે 1994 સુધી 110% રહ્યો તે અત્યારે ઘટાડીને 40%ની પણ ઓછો કરવામાં આવ્યો છે.

❖ આયાતો અને નિકાસોનું ડિકનેલાઈઝેશન :-

અગાઉ જાહેર ક્ષેત્રની પેઢીઓ જેવીકે મિનરલ્સ અને મેટલ્સ ટ્રેડિંગ કોર્પોરેશન, રાજ્ય વ્યાપાર મંડળ વગેરે દ્વારા ખૂબ વધારે પ્રમાણમાં ચીજવસ્તુઓની આયાત-નિકાસ થતી હતી. વર્તમાન સમયમાં ઘણી વસ્તુને ડિકનેલાઈઝ કરવામાં આવી છે. તેથી અર્થતંત્રમાં વધારેને વધારે વિભાગો ખાનગી ક્ષેત્રે માટે રાખવામાં આવી રહ્યા છે.

❖ આયાત-નિકાસનું વધતું જતું ઉદારીકરણ :-

1991 પહેલા દેશની વિદેશ વ્યાપાર નીતિ થોડી મુશ્કેલ અને અટપટી હતી. જેમકે, આયાતમાં જોઈએ તો આયાતકારોને જુદી જુદી રીતે વર્ગીકૃત કરવામાં આવતા હતા. જેમકે, બિનઔદ્યોગિક પેદાશોના વપરાશકર્તા અને ઔદ્યોગિક પેદાશોના વપરાશકર્તા એમ જ આયાત માટેના પરવાના પણ અલગ અલગ પ્રકારના હતા. જેમકે, ઓટોમેટિક લાઈસન્સ, પૂરક આયાત પરવાના, ઓપન જનરલ લાઈસન્સ, અને સરકારની માલિકીની સંસ્થાઓ દ્વારા થતી આયાત વગેરે.

આમ, વર્તમાન સમયમાં જુલાઈ 1991થી વિદેશ વ્યાપાર સુધારણા નીતિમાં ઓપન જનરલ લાઈસન્સનું પ્રમાણ ખૂબ વધારવામાં આવી રહ્યું છે. આયાતોની નિયંત્રિત યાદીને ખૂબ જ ઓછી કરી દેવામાં આવી છે. તેથી વધારેમાં વધારે વસ્તુઓની મુક્ત આયાત થઈ શકે. વિશ્વ વ્યાપાર સંગઠન સાથે કરેલા કરાર પ્રમાણે એપ્રિલ 1997થી 6 વર્ષના સમયગાળામાં 2,714 જેટલી વસ્તુઓની આયાત પર નિયંત્રણો અને અંકુશો દૂર કરવામાં આવ્યાં છે.

❖ જકાતમુક્તિ યોજનાનું વિસ્તરણ :-

વર્તમાન સમયમાં જકાતમુક્તિ યોજનાનો વ્યાપ વધારવામાં આવ્યો છે. જેથી આયાતો પરની જકાત 15% અને 25% એમ બે દરે અમુક શરતોને આધીન રહી રાહત આપવામાં આવે છે.

❖ વેપારી ગૃહો અને નિકાસ ગૃહોને આપવામાં આવતી સગવડો વધારવામાં આવી છે. 1994 એપ્રિલથી સુપર સ્ટાર વેપારી ગૃહો પણ સ્થાપવામાં આવ્યાં છે.

- ❖ નિકાસ માટેની વસ્તુઓ અને નિકાસ પ્રોસેસિંગ ઝોનને તેઓની નિકાસને વધુમાં વધુ પ્રોત્સાહન મળી રહે તે માટે સગવડો આપવામાં આવી છે.
- ❖ વિશ્વના બજારોમાં ભારતની નિકાસમાં સુધારો લાવી, નિકાસને પ્રોત્સાહન આપવા માટે જુલાઈ 1991માં અગત્યના વિદેશી મૂલ્યોના સંદર્ભ રૂપિયાનું 20 % જેટલું અવમૂલ્યન કરવામાં આવ્યું હતું.
- ❖ મૂડી મૂલક એકમો માટેની નિકાસ પ્રોત્સાહન યોજનામાં સુધારા સાથે તેને વધુ ઉદાર અને સરળ બનાવાઈ છે.
- ❖ સેવાક્ષેત્રની નિકાસો ઉપર વર્તમાન સમયમાં અનેક પ્રોત્સાહન પૂરા પાડવામાં આવ્યા છે.

આમ, આ મુદ્દાઓના સંદર્ભમાં આયાત-નિકાસ નીતિમાં આ મુજબના ફેરફારો જાહેર કરવામાં આવ્યા છે :

(1) જેમકે, આયાતો પરના તમામ સંખ્યાત્મક નિયંત્રણો દૂર કરવામાં આવ્યા છે. જેના લીધે આયાત ક્ષેત્રે 'ક્વોટા રાજ'નો અંત લાવવામાં આવ્યો છે. તેમજ આયાતી ચીજ-વસ્તુઓનું ઘોડાપૂર રોકવા માટે તથા દેશના ઉદ્યોગોના હિતનું રક્ષણ કરવા માટે "વહેલી ચેતવણીની પદ્ધતિ અપનાવવામાં આવશે. 300 જેટલી સંવેદનશીલ વસ્તુઓની આયાત પર નજર રાખવા માટે એક સ્ટેન્ડિંગ ગ્રૂપની રચના કરવામાં આવી છે. આ સંવેદનશીલ વસ્તુઓ અન્વયે જીપગાડીઓ, ફળો, મોટરકાર, શાકભાજી, ચા, કોફી, ડેરી-પેદાશો, રમકડાં, પેન્સિલો, ફાઉન્ટનપેનો વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જરૂર પડ્યે વિશ્વ વ્યાપાર સંગઠન (W.T.O)ની જોગવાઈ હેઠળ સંખ્યાત્મક નિયંત્રણો ફરી લાદવામાં આવશે."

(2) મેન્યુફેક્ચરિંગ વસ્તુઓની નિકાસોને પ્રોત્સાહન આપવા માટે સ્પેશ્યલ આર્થિક ઝોનોની રચના કરાઈ છે.

(3) આયાત નિકાસની કાર્યવિધિને ઉત્તરોત્તર સરળ બનવવામાં આવી છે.

(4) તદુપરાંત, સ્થાનિક ઉદ્યોગોને રક્ષણ આપવા માટે તેમજ તેમની સ્પર્ધાત્મકતા વધારવા માટે કેટલાંક સંવેદનશીલ ક્ષેત્રો અને ચીજવસ્તુઓની આયાતો નિયંત્રિત કરવા માટે અનેક પ્રકારની બિન-જકાતી દીવાલો ઊભી કરવામાં આવી છે.

- ➢ વૈશ્વિક વેપારમાં ભારતનો હિસ્સો હાલ જે લગભગ 2 % છે, તે વધારીને 2020 સુધી 3.5% જેટલો કરવાનો છે.
- ➢ વેપાર કરવા માટેની સુગમતા એ આ નીતિની પ્રાથમિક અગ્રિમતા છે કે જેથી કારોબાર માટેના થતાં ખર્ચ અને સમયનો બચાવ થાય અને ભારતની, નિકાસો વધુ સ્પર્ધાત્મક બને.
- ➢ વિદેશ વેપાર નીતિનો હેતુ ભારતની નિકાસો જે 2013-2014માં 465.9 અબજ ડોલરની હતી તેમાં લગભગ બમણો વધારો કરીને 2019-2020 સુધીમાં 900 અબજ ડોલર કરવાનો છે.
- ➢ વિદેશ વેપાર નીતિમાં સુશાસન પર વિશેષ ધ્યાન અપાયું છે. જે કાર્યક્ષમ, પારદર્શી અને જવાબદાર વ્યવસ્થા તંત્ર પર આધાર રાખે છે.
- ➢ પ્રસ્તુત વિદેશ વેપાર નીતિને સરકારના અન્ય કાર્યક્રમો જેવા કે 'મેક ઈન ઈન્ડિયા' 'ડિજિટલ ઈન્ડિયા' રોજગારી સર્જન કારોબાર સરળતાથી થઈ શકે વગેરે સાથે

ગાઢ રીતે સાંકળી લેવામાં આવી છે.

- ગુણવત્તાસભર પેદાશોનું શૂન્ય ખામી સાથે ઉત્પાદન કરવું કે જેથી ભારતીય પેદાશો વૈશ્વિક બજારોમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી શકે.
- વિદેશ વેપારના ડિરેક્ટર જનરલ દ્વારા ‘નિકાસ બંધુ’ યોજનાનો અમલ કરવામાં આવી રહ્યો છે. જેનો ઉદ્દેશ નવા અને ભાવિ નિકાસકારોને વિદેશી વેપારની જટિલતાઓ, ગૂંચવણો અને આંટીઘૂંટી અને સ્પષ્ટ સમજ આપી આ અંગે તેમને જરૂરી સલાહ સૂચન, માર્ગદર્શન અને તાલીમ આપવાનો છે. આ વ્યવસ્થા ચાલુ રાખવામાં આવશે.
- સાધનોના ઈષ્ટતમ ઉપયોગ માટે નિકાસવૃદ્ધિ સાથે સંકળાયેલા તમામ સંબંધિત પક્ષો જેમકે, કસ્ટમ વિભાગ, નિકાસ ધિરાણ અને ગેરંટી કોર્પોરેશન, બેંકો અને સંબંધિત મંત્રાલયો વચ્ચે સુયોગ્ય સંકલન સાધવું.
- મૅન્યુફેક્ચરિંગ ક્ષેત્રે નાનાં અને મધ્યમ કદનાં સાહસો વ્યૂહાત્મક મહત્ત્વ અને રોજગારી સર્જનમાં તેમના મહત્ત્વનાં

(5) ગ્રામ્ય અર્થતંત્રની નિકાસો વધારવા માટે કૃષિવિષયક આર્થિક ઝોનોની રચના કરવામાં આવી છે.

(6) ઘણી મોટી સંખ્યામાં નિકાસ પ્રોત્સાહનો પૂરાં પાડવામાં આવ્યાં છે.

18.3 નવી વિદેશ વ્યાપાર નીતિ વર્ષ (2015-2020) :

નવી વિદેશ વ્યાપાર નીતિ (2015-20)ની જાહેરાત વ્યાપાર અને ઉદ્યોગ ખાતાના કેન્દ્રીય રાજ્યક્ષાના મંત્રી શ્રીમતિ નિર્મલા સિતારમને 1લી એપ્રિલ 2015ના રોજ જાહેર કરી હતી. આ નીતિ એપ્રિલ 2015થી માર્ચ 2020 સુધીના પાંચ વર્ષના સમયગાળાને આવરી લે છે.

નવી વિદેશ વ્યાપાર નીતિ ચીજવસ્તુઓ અને સેવાઓની નિકાસમાં વધારો કરવા માટે તેમજ રોજગારી સર્જન માટે ‘ભારતમાં બનાવો અથવા ભારતમાં ઉત્પાદન કરો’ Making in Indiaની વડાપ્રધાનશ્રીની સુદીર્ઘદષ્ટિને સાકાર કરવા માટેનું માળખું પૂરું પાડે છે. આમ સમગ્ર નીતિનું કેન્દ્રબિંદુ ઉત્પાદન તથા સેવાક્ષેત્રને પ્રોત્સાહન આપી કારોબાર સરળ બનાવવાની બાબત પર ખાસ ભાર મૂકે છે. નીતિનો ઉદ્દેશ ભારતના વૈશ્વિક વ્યાપારના વિકાસ માટેની રૂપરેખા પૂરી પાડીને 2020 સુધીમાં વિશ્વના વ્યાપારમાં ભારતની મહત્ત્વની ભૂમિકા ઊભી કરવાનો છે. સરકારનો હેતુ ભારતને વિશ્વના મેન્યુફેક્ચરિંગ હબ તથા મેન્યુફેક્ચરિંગ પાવર હાઉસ બનાવવાનો છે. અને આ માટે ભારતમાંથી થતી ચીજવસ્તુઓ અને સેવાઓની નિકાસમાં વૃદ્ધિ થાય એ આવશ્યક છે. આ બંને પ્રકારની નિકાસોને એક જ યોજનામાં સમાવી લઈને તેને ભારત યોજના (Indian Scheme) નામ આપવામાં આવ્યું છે, જે આવકારદાયક છે. અલબત્ત, આગામી પાંચ વર્ષોમાં નિકાસોમાં બમણો વધારો કરવાનો ઉદ્દેશ ગુણવત્તાસભર મેન્યુફેક્ચર્ડ પેદાશોમાં પણ બમણો વધારો કરવો આવશ્યક થઈ પડશે, જે પડકારજનક બાબત છે.

❖ નવી વિદેશ વ્યાપાર નીતિના હેતુઓ :

વર્ષ 2015-20 માટે રજૂ કરેલ આ નવી વિદેશ વ્યાપાર નીતિના મુખ્ય હેતુઓ આ પ્રમાણે રજૂ કરી શકાય. સંદર્ભમાં આ સાહસો માટેના સમુદાયો તેમની નિકાસ-ક્ષમતાના આધારે તારવી કાઢવામાં આવ્યા છે, જેમને જરૂરી પ્રોત્સાહનો પૂરાં પાડવામાં આવશે.

❖ નિર્યાત બંધુ યોજનાના હેતુઓ સાકાર કરવા માટે નિકાસ પ્રોત્સાહન સમિતિઓની મદદથી 'ઉદ્યોગ ભાગીદારો' અને 'ઈચ્છૂક જ્ઞાન ભાગીદારો' તેમજ વિવિધ અભ્યાસકીય અને સંશોધન સંસ્થાઓ દ્વારા ખાસ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ હાથ ધરવી.

(1) નવી વિદેશ વેપાર નીતિનાં મુખ્ય પાસાંઓ :-

વર્ષ 2015-20ની નવી વિદેશ વેપાર નીતિના મુખ્ય મહત્ત્વનાં પાસાંઓ નીચે પ્રમાણે રજૂ કરી શકાય.

(2) અત્યાર સુધીની પાંચ યોજનાઓનાં પ્રવર્તમાન તમામ નિકાસ પ્રોત્સાહનોને બે નવી યોજનામાં આવરી લેવામાં આવ્યાં છે. અગાઉની પાંચ યોજનાઓ જેવી કે ફોક્સ પ્રોડક્ટ સ્કીમ, માર્કેટ લિન્કડ ફોક્સ પ્રોડક્ટ સ્કીમ, ફોક્સ માર્કેટ સ્કીમ, એગ્રિકલ્ચર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્સેંટિવ સ્કીમ, સ્પેશ્યલ એગ્રિકલ્ચરલ એન્ડ રૂરલ સ્કીમ જેવી યોજનાઓને બે યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

❖ ભારતમાંથી થતી ચીજવસ્તુઓની નિકાસ અંગેની યોજના

(1) ભારતમાંથી થતી સેવાઓની નિકાસ અંગેની યોજના

આમ, ઉપરોક્ત બે યોજનાઓ અન્વયે નિકાસકારોને સૌથી મોટો લાભ એ છે કે આ યોજનાઓ અન્વયે જારી કરેલ ડ્યુટી સ્ક્રીપ્ટ માટે કોઈ પણ પ્રકારની શરતો લાદવામાં આવશે નહીં. તેમની મુક્ત અને પૂર્ણ રીતે ફેરબદલી અને તેનો ઉપયોગ કસ્ટમ અને કેન્દ્રીય આબકારી જકાત તથા સેવાકરની ચૂકવણી માટે થઈ શકશે.

(2) આ ઉપરાંત વિશિષ્ટ આર્થિક ઝોનમાંથી થતી નિકાસોને વેગ આપવા માટે આ ઝોનમાં આવેલા એકમ ઉપર રજૂ કરવામાં આવેલી બંને યોજનાના લાભ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે, જેના લીધે આ ઝોનમાં આવેલ મેન્યુફેક્ચરિંગ વિભાગને ટેક્નોલોજી ફેરબદલી અને ફળદાયી રોજગારી સર્જનના લાભ પ્રાપ્ત થશે.

(3) મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે તથા રોજગારી સર્જનમાં નાના અને મધ્યમ કદના ઉદ્યોગોના વ્યૂહાત્મક મહત્ત્વના સંદર્ભમાં આ ક્ષેત્રે તેમની નિકાસ શક્યતા અને નિકાસ ક્ષમતાના અનુસંધાનમાં કેટલાક એકમોનો સમૂહ તારવી કાઢવામાં આવ્યા છે. અને જેમને નિકાસ પ્રોત્સાહન માટે રાજ્ય દ્વારા ખાસ ધ્યાન આપવામાં આવશે. આવા સમૂહમાં નિકાસ પ્રોત્સાહન સમિતિઓ તથા અન્ય ઈચ્છૂક ઉદ્યોગ ભાગીદારો અને જ્ઞાન સંબંધી ભાગીદારો દ્વારા વ્યવસ્થિત અને સંગઠિત પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. જેના કારણે નાના અને મધ્યમ કદનાં સાહસોની નિકાસ વૃદ્ધિમાં સહાયક વૃદ્ધિ થશે.

(4) મૂડી વસ્તુઓની નિકાસ પ્રોત્સાહન યોજના (Export Promation of Capital Goods scheme)-(EPCG) અન્વયે સ્થાનિક ઉત્પાદકો પાસેથી મૂડી વસ્તુ પ્રાપ્ય કરવાનું સરળ બનાવ્યું છે અને આ માટે પ્રસ્તુત યોજના હેઠળ મૂડી વસ્તુઓની નિકાસ અંગેની સામાન્ય જવાબદારી 90% ઘટાડીને 75% જેટલી કરવામાં આવી છે. જેના પરિણામે સ્થાનિક બજારમાં મૂડી વસ્તુની ઉપલબ્ધતા વધશે અને આ વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે તથા નિકાસકારોને સ્થાનિક હરિફાઈ તથા વૈશ્વિક હરિફાઈ માટે તેમની ઉત્પાદન ક્ષમતા વિકસાવવામાં સહાયભૂત થશે. આમ, Making in India કાર્યક્રમને વેગ મળશે.

(5) મેન્યુફેક્ચરિંગ પેદાશો અને અન્ય નિકાસી ચીજવસ્તુઓને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પ્રકારનાં પગલાં જેવા કે નિકાસ એકમો માટે ઝડપી વિધિ તેમજ તેઓની સમસ્યાઓના ઉકેલ માટેની તાત્કાલિક કાર્યવાહી, માળખાકીય સવલતોના ઉપયોગમાં ભાગીદારી માટેની મંજૂરી, ચીજવસ્તુઓ અંગે સેવાઓની આંતર એકમમાં ફેરબદલી, નિકાસ બંદરોની નજીકમાં કોઠારો અને વખારો બાંધવાની મંજૂરી.

(6) આ નવી નીતિ અન્વયે ઈ-કોમર્સ કંપનીઓને પ્રોત્સાહન આપવામાં આવશે, જેઓ રોજગારી સર્જન કરતાં ક્ષેત્રોમાંથી પેદાશો અને સેવાઓની નિકાસ કરતા હોય જેમકે, હેન્ડલૂમ પેદાશો, પુસ્તકો, સામયિકો, ચામડાની પેદાશો, રમકડાં, ફેશનવાળાં વસ્ત્રો વગેરેની ઈ-કોમર્સ દ્વારા થતી નિકાસોને ભારતમાંથી થતી ચીજવસ્તુઓની નિકાસ અંગેની યોજનામાં જણાવેલ લાભ મળશે. આ ઉપરાંત કુરિયર કે વિદેશી પોસ્ટ ઓફિસ દ્વારા થતી નિકાસમાં રૂા.25,000 સુધીના તમામ કન્સાઈનમેન્ટ પર પ્રોત્સાહન આપવામાં આવશે. આમ, આ યોજના અંતર્ગત જે ક્ષેત્રોને લાભ આપવામાં આવ્યો છે, તેનો પણ સમાવેશ કરવામાં આવે છે.

(7) આ નીતિમાં જે ઉત્પાદકો સ્ટેટ્સ હોલ્ડર્સ છે, તેઓ તેમણે ઉત્પાદિત કરેલી વસ્તુઓ ભારતમાં જ ઉત્પાદિત થયેલી છે, તે અંગે તબક્કાવાર સ્વયં પ્રમાણિત કરી શકશે કે જેથી તેઓને વિવિધ પ્રકારના દ્વિપક્ષીય અને પ્રાદેશિક વ્યાપારિક કરાશે.અન્વયે પસંદગી પામવાની ક્ષમતા પ્રાપ્ત થઈ રહે. આમ, આ પ્રકારની વ્યવસ્થા નિકાસકારોને આંતરરાષ્ટ્રીય બજારો સુધી ઝડપથી પહોંચવા માટે ખૂબ જ સહાયભૂત થશે.

(8) આ નીતિમાં વિદેશ વ્યાપારના ડિરેક્ટર જનરલ દ્વારા સિટિઝન ચાર્ટર પ્રદર્શિત કરવામાં આવશે, જેમાં સંબંધિત પક્ષોને વિવિધ સેવાઓ પૂરી પાડવા માટેની સમયસારણી દર્શાવવામાં આવશે.

(9) નિર્યાતબંધુ યોજના દ્વારા વિદેશ વ્યાપારના ડિરેક્ટર જનરલ નવા તથા ભાવિ નિકાસકારોના મેન્ટર (Mentor) તરીકે કાર્યકરતા રહેશે, જેથી આ યોજના વધુ અસરકારક બનવાના કારણે કૌશલ્ય ભારત (Skill India) નો ઉદ્દેશ સાકાર થઈ શકશે.

(10) ડિજિટલ ઈન્ડિયાના સ્વરૂપને અનુરૂપ ઓનલાઈન દસ્તાવેજોનું ફાઈલિંગ અને કાગળ વગરનો વેપાર પર આ નીતિ અન્વયે ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. વિદેશ વ્યાપારના ડિરેક્ટર જનરલની કચેરીના પોર્ટલ પર અરજીઓ ફાઈલ કરવા માટે તેમજ અન્ય મુદ્દાઓના સ્પષ્ટીકરણ માટે નિકાસકારોને સહાય તથા જરૂરી માર્ગદર્શન પુરું પાડવા માટે ઈ.ડી.આઈ. હેલ્પ ડેસ્ક (E.D.I. Help Desk) ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અને એવી જ રીતે ભારતમાંથી થતી આયાત નિકાસ માટે આયાત નિકાસ કોડ આવશ્યક બનાવ્યો છે. આમ, વિદેશ વ્યાપારના ડિરેક્ટર જનરલ દ્વારા ઈલેક્ટ્રોનિક ફાર્મમાં આયાતકાર-નિકાસકાર કોડ (E-IEC)ની સુવિધા દાખલ કરવામાં આવી છે.

(11) નવી વિદેશ વ્યાપાર નીતિમાં સંરક્ષણ, ફાર્માસ્યુટિકલ્સ પર્યાવરણ પાસાં તથા મૂલ્યવૃદ્ધિ નિકાસો પર ખાસ ભાર આપવામાં આવ્યો છે.

(12) સુવર્ણ અને ઝવેરાતની નિકાસ માટેના મૂલ્ય વૃદ્ધિ અને બગાડના ધોરણો વધુ વખત બનાવવામાં આવ્યા છે. આના લીધે સુવર્ણના રાઉન્ડ ટ્રિપિંગ અને સરક્યુલર ટ્રેડિંગને નિયંત્રણમાં લેવામાં મદદ મળશે, જેને પરિણામે દેશમાં સુવર્ણની આયાત નીચી લાવી શકાશે.

(13) એ જ રીતે કૃષિ અને ગ્રામોદ્યોગોની પેદાશોની વિશ્વમાં ક્યાંય પણ નિકાસ થાય તો તે માટે 3% થી 50 %ની ટેકાની જાહેરાત કરાઈ છે.

(14) વધુમાં વેપારની સુગમતા અને સરળતા તથા કારોબાર કરવાની સરળતાને વિદેશ વેપાર નીતિમાં અગ્રીમ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આપણો ઉદ્દેશ 'કાગળવિહીન પ્રક્રિયા' તરફની દિશામાં આગળ વધવાનું છે. તાજેતરમાં ભારત સરકારે આયાત-નિકાસ માટે આવશ્યક એવા દસ્તાવેજોની સંખ્યા ઘટાડીને માત્ર ત્રણ જેટલી કરી છે, જે આંતરરાષ્ટ્રીય ધોરણની લગભગ સમકક્ષ છે. અને હવે એવી સરળ વ્યવસ્થા કરવામાં આવી છે કે જે અન્વયે આયાતકાર અને નિકાસકારોને વારંવાર દસ્તાવેજો રજૂ કરવાની જરૂર રહેશે નહીં એ જ રીતે આયાત-નિકાસ પત્રકોમાં રહેલી સંદિગ્ધતાઓ, વિસંગતતાઓ, જટિલતાઓ અને અસ્પષ્ટતાઓ દૂર કરીને તેને વધુ સરળ બનાવીને ઈલેક્ટ્રોનિક શાસન પદ્ધતિનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

(15) વૈશ્વિક વેપારમાં ભારતનો હિસ્સો વધારવાના સંદર્ભમાં તથા વિશ્વ વેપાર સંગઠનને આપેલી બાહેંધરીઓના અમલ માટે પ્રસ્તુત નીતિમાં અનેકવિધ સંસ્થાઓ સ્થાપવાની પણ દરખાસ્ત છે. જેમકે, ટ્રેડ કાઉન્સિલ, નેશનલ કમિટિ ફોર ફેસિલિટેશન વગેરે. વધુમાં આ નીતિમાં નિકાસ પ્રોત્સાહન મિશનની પણ રચના કરવાની દરખાસ્ત છે, જેનો ઉદ્દેશ નિકાસો વધારવા માટે રાજ્ય સરકારો સાથે સહકાર સાધી શકે તેવું એક સંસ્થાકીય માળખું પૂરું પાડવાનો છે.

(16) પ્રસ્તુત વિદેશ વેપાર નીતિની જાહેરાતના દસ્તાવેજો અન્વયે વિદેશ વેપાર નીતિના ધ્યેયો, ઉદ્દેશો, દૃષ્ટિ વગેરેનું સર્વગ્રાહી નિરૂપણ કરવામાં આવ્યું છે. અને આવનારા વર્ષોમાં આંતરરાષ્ટ્રીય વેપાર ક્ષેત્રે ભારતની ભૂમિકાનું સ્પષ્ટ પૃથ્થકરણ કરવામાં આવ્યું છે. વળી, તેમાં બજાર અને પેદાશની વ્યૂહ-રચનાની સાથોસાથ, વેપારવૃદ્ધિ, માળખાકીય વિકાસ વગેરે માટેના પગલાનો પણ ખાસ નિર્દેશ કરવામાં આવ્યો છે. આ બધી બાબતો સ્થાનિક અને વૈશ્વિક પરિસ્થિતિઓના સંદર્ભમાં નક્કી કરવામાં આવી છે. જેનો મુખ્ય ઉદ્દેશ દેશની આર્થિક વૃદ્ધિ અને વિકાસમાં વિદેશ વ્યાપારને મહત્ત્વની ભૂમિકા આપવાનો છે. આ રાજ્ય સરકારો સહિત બધાં જ પક્ષકારો સાથે ગહન વિચારવિમર્શ કરીને વિદેશ વેપારનીતિના નિર્દિષ્ટ હેતુઓને સાકાર કરવાનો પ્રયાસ હાથ ધરવામાં આવશે.

(17) નવી વિદેશ વ્યાપાર નીતિનું એક આવકારદાયક પાસું એ છે કે આ વખતે ઉદ્યોગ ભવન અને સરકાર એક જ દિશામાં છે. બંને વચ્ચે યોગ્ય સંકલન સ્પષ્ટપણે જણાય છે. ભૂતકાળમાં ઘણી વખત એવું બનતું કે ઉદ્યોગ ભવન જે નિર્ણયો લે તેને સરકાર અટકાવી દેતી અથવા તેમાં પોતાની જાતે સુધારાવધારા કરી દેતી.

(18) અને છેલ્લે વિદેશ વેપાર નીતિની સમીક્ષા વાર્ષિક ધોરણના બદલે દર અઢી વર્ષે

કરવામાં આવશે. નીતિમાં સાતત્યતા જાળવવા માટે આમ કરવામાં આવ્યું છે.

18.4 નવી વિદેશ વ્યાપારનીતિની સમીક્ષા

વર્ષ 2015-20માં રજૂ કરેલ નવી વિદેશ વેપાર નીતિનું ટીકાત્મક મૂલ્યાંકન નીચેના મુદ્દા દ્વારા રજૂ કરી શકાયઃ

(1) નવી વિદેશ વ્યાપાર નીતિમાં ભારતની નિકાસોમાં 2020 સુધીમાં 800 અબજ ડોલર સુધી લઈ જવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ લક્ષ્યાંક કંઈ વધારે પડતો નથી અને તે સિદ્ધ થઈ શકે એમ છે. અલબત્ત, તેને સિદ્ધ કરવા માટે સામાન્ય સંજોગોમાં પ્રતિ વર્ષ 14થી 15 ટકાના દરે નિકાસો વધવી જોઈશે. જે અર્થતંત્રના વિકાસને સમાંતર હોય. વળી, આ નિકાસો ગુણવત્તાસભર, અમુક ચોક્કસ ધોરણસરની અને શૂન્ય ખામીવાળી હોવી જોઈએ, કે જેથી બ્રાન્ડ ઈન્ડિયા તરીકેની તેની ઓળખ પ્રાપ્ત થાય આમ છતાં નિકાસોમાં એકધારા વિકાસ કે વૃદ્ધિનો આધાર વૈશ્વિક અર્થતંત્ર કેટલું ઝડપથી સુધરે છે તેના પર રહેલો છે. અહીં એ ખાસ નિર્દેશ કરવો ઘટે કે નિકાસકારો માટે વિવિધ પ્રોત્સાહક જાહેરાતો કરવાથી જ નિકાસોમાં સ્પર્ધાત્મકતો લાવી શકાશે નહીં. તેને બદલે વધુ સારા, સસ્તા અને સાદા ઉપાયોમાં સોદા ખર્ચમાં ઘટાડો કરવો વિવિધ પ્રકારની મંજૂરી આપવામાં થતો વિલંબ અને આંટીઘૂંટીઓ ઘટાડવી માળખાકીય સવલતો ઊભી કરવી, શ્રમ કાયદાઓમાં સુધારા વગેરે બાબતોનો સમાવેશ થાય છે. વાસ્તવમાં, કારોબાર કરવા માટેનું વાતાવરણ સુધારવામાં આવે તો અર્થતંત્ર સક્ષમ, ગતિશીલ અને વેગવંત બની શકે અને તેને પગલે નિકાસોમાં આપોઆપ વધારો થશે. પ્રસ્તુત મૂળ મુદ્દાઓ છે કે ભારતમાં ઉત્પાદિત વસ્તુઓનો નિકાસકાર દેશ બનવા માંગતો હોય તો અર્થતંત્રમાં અને દેશની કુલ ઘરેલુ પેદાશમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો હિસ્સો વધારવો પડશે. આ સંદર્ભમાં નિકાસલક્ષી અર્થતંત્ર હોય તેવા દેશો પાસેથી ઘણું શીખી શકાય.

(2) વેપાર નીતિમાં આમ જોઈએ તો નિકાસ નીતિ અને આયાત નીતિ બંનેનો સમાવેશ થાય છે, પરંતુ પ્રસ્તુત નીતિમાં આયાતો અંગેના આયોજન અથવા આયાત લક્ષ્યાંક અંગે કોઈ ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી અને તેથી નવી વિદેશ વેપાર નીતિ મુખ્યત્વે તત્ત્વતઃ તો નિકાસ નીતિ જ કહી શકાય.

(3) બીજું કે કુલ વૈશ્વિક વેપારમાં 2% હિસ્સા સાથે ભારત આ ક્ષેત્રમાં વૈશ્વિક નેતૃત્વ કરી શકે નહીં. 2020 સુધીમાં આ હિસ્સો વધીને 3.5 % જેટલો થાય તોપણ તે એક મોટો શક્તિશાળી નિકાસ દેશ બની શકશે નહીં. આપણે વાર્ષિક 14 %-15 % નિકાસ વૃદ્ધિ કરતા વધુ ઊંચા દર અંગેનો વિચાર કરવાનો રહેશે.

અત્રે એ નોંધવું રસપ્રદ થઈ પડશે કે પ્રસ્તુત વિદેશ વેપાર નીતિમાં સ્વીકારેલ 14 %થી 15 % નિકાસ વૃદ્ધિદર 2005-2006થી 2010-2011ના પાંચ વર્ષના ગાળામાં હાંસલ કરેલ વાર્ષિક 21 % વિકાસદર કરતાં ઓછો છે. એ જ રીતે 2003થી 2010ના ગાળામાં ચીનનો નિકાસવૃદ્ધિ દર લગભગ 30 % જેટલો હતો, જેને લીધે કુલ વૈશ્વિક વેપારમાં તેનો હિસ્સો 11.7 % જેટલો હતો. આ રીતે જોતાં ચીનનો નિકાસ વૃદ્ધિદર ભારત કરતા લગભગ પાંચ ગણો વધારે જોવા મળે છે.

આમ, પ્રસ્તુત નીતિમાં ભારતનો નિકાસ વૃદ્ધિનો લક્ષ્યાંક અતિ સાવચેતીપૂર્વક અને કંઈક અંશે રૂઢિચુસ્ત રીતે નક્કી કરવામાં આવ્યો છે. જેને પરિણામે ભારત ઊભરતી જતી બાહ્ય માંગનો પૂરેપૂરો લાભ લઈ શકશે નહીં, જે રોજગારીસર્જન અને મેન્યુફેક્ચરિંગ

ક્ષમતાના વિસ્તરણ માટે આવશ્યક છે.

(4) આ ઉપરાંત એવી કેટલીક બાબતોનો પણ ખ્યાલ રાખવો જરૂરી બને છે કે,

- ભારતમાંથી થતી મેન્યુફેક્ચરિંગ ચીજવસ્તુઓની નિકાસ અંગેની પાત્રતાના ધોરણે કડક છે. બિનપાત્રતા ધરાવતી યાદીના 19 ધોરણો છે.
- સૂક્ષ્મ, નાના અને મધ્યમ કદનાં સાહસોના નિકાસકારોને હજુ પણ 'ઈન્સ્પેક્ટરરાજ'માંથી પૂરેપૂરી મુક્તિ આપવામાં આવી નથી. તેમજ તેમને માટે વિધિસર ધિરાણ સરળતાથી ઉપલબ્ધ થઈ રહે તે અંગે નીતિમાં કોઈ ખાસ ઉલ્લેખ નથી.
- વિશિષ્ટ આર્થિક ઝોનમાં આવેલા એકમો સમક્ષ હજુ પણ ન્યૂનતમ વૈકલ્પિક વેરાનો પ્રશ્ન ઊભો છે.
- ભારતીય નિકાસકારો માટે નિકાસલક્ષી પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ આકર્ષવા માટે તથા માળખાકીય નબળાઈઓને દૂર કરવા માટે પ્રસ્તુત નીતિમાં કોઈ વિશેષ પ્રયાસ કરવામાં આવ્યા હોય, તેમ જણાતું નથી. અત્રે આ યાદ રહે છે કે આ બંને બાબતો નિકાસ વૃદ્ધિ માટેની આવશ્યક શરતો પૈકીની ગણાય છે.
- પ્રસ્તુત નીતિમાં ડિરેક્ટર જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ અને આંતરરાષ્ટ્રીય વેપાર માટેના સંશોધન કેન્દ્ર અંગેની સ્થાપના માટે કોઈ સમયમર્યાદાનો નિર્દેશ કરવામાં આવ્યો નથી.
- વિદેશ પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે પણ આ નીતિમાં પૂરતો ભાર આપવામાં આવ્યો નથી. આ ક્ષેત્રે ભારતની કામગીરી પ્રમાણમાં નિરાશાજનક જણાય છે. વાર્ષિક ફક્ત 75 લાખ જેટલા વિદેશી પ્રવાસીઓ સાથે આપણી કામગીરી નબળી રહી છે. અને તેને લીધે રોજગારીની તકોનું વિસ્તરણ આપણે ગુમાવી રહ્યા છે, અત્રે એ ઉલ્લેખનીય છે કે પ્રવાસન ક્ષેત્રે રોજગારી વૃદ્ધિની વિશાળ શક્યતા ધરાવે છે.
- તદુપરાંત નિકાસ પ્રોત્સાહન માટેની અનેકવિધ સંસ્થાઓ જે પૈકીની ઘણી સંસ્થાઓની અત્યાર સુધીમાં કોઈ જ ભૂમિકા રહી નથી, તે વિશે પણ પ્રસ્તુત નીતિમાં કાંઈ જ કહેવાયું નથી.

(5) અલબત્ત, એ સાચું કે વૈશ્વિક વેપારમાં અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારતે એક અગ્રિમ ભૂમિકા નિભાવવી જોઈએ, પરંતુ તે માટે ઘર આંગણે જે કેટલાક અંતરાયો અને અવરોધો છે, તેને સત્વરે દૂર કરવા ઘટે. જેમ કે, અપૂરતી માળખાકીય સુવિધા, ઊંચો સોદા ખર્ચ, જટિલ, અટપટી અને ઘણો સમય લેતી વિધિઓ અને પ્રક્રિયાઓ, સુસ્ત શ્રમધારાઓ વગેરે. તદુપરાંત ભારત પોતે જ એટલું મોટું બજાર છે કે લગભગ તમામ બાબતોમાં આપણે મેક ઈન ઈન્ડિયા અને કન્ઝ્યુમ ઈન ઈન્ડિયાનો કાર્યક્રમ અપનાવીએ અને પછી જે અધિશેષ રહે તે વસ્તુઓની નિકાસ કરીએ તો આપણું પલ્લું ભારે રહે.

(6) વધુમાં નવી વિદેશ વેપાર નિતીનાં લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે બંદરોનો વિકાસ તેમજ અન્ય માળખાકીય સવલતોનો વિકાસ પણ એટલોજ મહત્ત્વનો છે અને આ બાબતો પ્રત્યે પણ પૂરતું ધ્યાન આપવાનું રહેશે. એ જ રીતે, આયાત-નિકાસ ક્ષેત્રે હજુ પણ પરવાના અને પરમીટ રાજથી વીંટળાયેલું છે, જેને તેમાંથી મુક્ત કે હળવું કરવાનું રહેશે. તદુપરાંત

ભારતને જો નિકાસનું પાવર હાઉસ બનાવવું હશે તો વૈશ્વિક સપ્લાય ચેઈન સાથે તેને જોડવું પડશે, અને રૂપિયાના બાહ્ય મૂલ્યને સુદૃઢ કરવા કાર્યરત રહેવું પડશે. આ પગલાં 2020 સુધીમાં 900 અબજ ડોલરનો નિકાસ લક્ષ્યાંક સિદ્ધ કરવામાં ચોક્કસ રીતે સહાયભૂત થશે.

(7) અને છેલ્લે એ પણ એટલું જ જરૂરી છે કે નિકાસ સ્પર્ધાત્મકતા હાંસલ કરવા માટે રૂપિયાનું બાહ્ય મૂલ્ય તેના વાસ્તવિક મૂલ્યની નજીક રહેવા પામે અમુક નિષ્ણાતોના મત મુજબ રૂપિયો હાલ 24 % અધિમૂલ્યાંકિત છે. અને ભારત પણ ચીનના પગલે ચાલીને તેને આ રીતે તરતો રાખે, એ ખોટો વ્યૂહ છે. એ જ રીતે યુરોપિયન સંઘના દેશો સાથે મુક્ત વેપાર કરાર પણ ભારતની નિકાસ વધારવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી શકે એમ હોવાથી આ બાબતને પાછળ ધકેલી દેવી જોઈએ નહીં.

18.5 સારાંશ :-

ભારત સરકાર દ્વારા અલગ અલગ સમયે વિદેશ વેપારને પ્રોત્સાહન આપવા વિદેશ વેપાર નીતિ જાહેર કરવામાં આવે છે. ખાસ કરીને 1991ના આર્થિક સુધારા પછી આયાત નિકાસ નીતિનો વધુ સમૃદ્ધ રીતે રજૂ કરવામાં આવેલ છે. સમયાંતરે વિદેશ વેપાર નીતિમાં અનેક પ્રકારના ઉદ્દેશો મારફતે આયાત ઓછી થાય અને નિકાસોને પ્રોત્સાહન મળે તેવા પ્રકારની નીતિઓ રજૂ કરવામાં આવી હતી એવી જ રીતે 2015-20ના પાંચ વર્ષના સમયગાળાને આવરી લેતી વિદેશ વેપાર નીતિનો મુક્ત વેપાર સંબંધો, કરારો તથા રૂપિયાના બાહ્ય મૂલ્યને વ્યાજબી સપાટીએ તરતો રાખવાનો અભિગમ જ વિદેશ વેપાર નીતિને સફળ બનાવવામાં સહાય ભૂત થશે, તેમજ દેશની નિકાસોમાં વધારો કરી 2020 સુધીમાં 900 અબજ ડોલરની નિકાસોનું વેપાર લક્ષ્યાંક પાર પાડશે નવી આંતરરાષ્ટ્રીય વેપારના ક્ષેત્રે ઊભાથતા નવા પડકારોને પહોંચી વળવા માટેની સક્ષમતા બતાવી યોગ્ય અને સાનુકૂળ પ્રતિભાવ આપી શકશે અને ભારતના વિદેશ વેપારને એક નવી ઉચ્ચતમ સપાટીએ લઈ જશે.

18.6 ચાવીરૂપ શબ્દો :-

(1) વિદેશ વેપાર નીતિ :- આયાત અને નિકાસ સંબંધી વિગતોનો સમાવેશ કરતી નીતિ એટલે વિદેશ વેપાર નીતિ.

(2) રૂપાંતરણીયતા :- જ્યારે કોઈ એક દેશના ચલણનો બીજા કોઈ દેશના ચલણમાં અથવા સોનામાં કોઈ પણ અંકુશો વિના મુક્ત રીતે વિનિમય થઈ શકે ત્યારે તેણે ચલણની સંપૂર્ણ રૂપાંતરણીયતા કહેવામાં આવે છે.

18.7 તમારી પ્રગતિ ચકાસો :-

❖ નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો :

(1) નવી વિદેશ વેપાર નીતિ (2015-2020) ના હેતુઓ તપાસો

(2) નવી વિદેશ વેપારનીતિ (2015-2020) ની સમીક્ષા કરો

❖ ટૂંકમાં જવાબ આપો.

(1) નવી વિદેશ વેપાર નીતિમાં ભારતની નિકાસો કેટલા અબજ ડોલર રાખવાનું લક્ષ્ય છે?

(2) નવી વિદેશ વેપાર નીતિ કોણે જાહેર કરી હતી?

(3) સેવાઓની નિકાસ અંગેની યોજના અને ચીજવસ્તુઓની નિકાસ અંગેની યોજના એ બે દ્વારા નવી વિકાસ નીતિ રજૂ કરવામાં આવી છે?

(4) ઈ-કોમર્સને પ્રોત્સાહન આપવા હેન્ડલૂમ પેદાશનો સમાવેશ કર્યો છે?

❖ નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો. (MCQ)

(1) વર્ષ 2015-2020 ની વિદેશ વેપાર નીતિ ક્યા વડાપ્રધાનના કાર્યકાળમાં રજૂ કરવામાં આવી છે?

(A) મનમોહનસિંહ (B) નરેન્દ્ર મોદી

(C) અટલ બિહારી વાજપેયી (D) વી.પી. સિંહ

(2) કેન્દ્રીય રાજયકક્ષાના ક્યા મંત્રી દ્વારા વર્ષ ૨૦૧૫-૨૦૨૦ની વિદેશ વ્યાપાર નીતિ રજૂ કરવામાં આવી હતી?

(A) ધર્મેન્દ્ર પ્રધાન (B) સુષમા સ્વરાજ

(C) નિર્મલા સીતારામન (D) સ્મૃતિ ઈરાની

(3) નવી વિદેશ વેપાર નીતિનો સમયગાળો ક્યો છે?

(A) એપ્રિલ 2015 - માર્ચ 2020

(B) જાન્યુઆરી 2015 - ડિસેમ્બર 2020

(C) જુલાઈ 2015 - જૂન 2020

(D) ડિસેમ્બર 2015 - જાન્યુઆરી 2020

(4) EDI હેલ્પ ડેસ્ક એ શેના માટે તૈયાર કરવામાં આવ્યું છે?

(A) આયાત-નિકાસ કોડ (B) સબસીડી કોડ

(C) લોન કોડ (D) ટેકનોલૉજી કોડ

(5) EDI એ શું છે ?

(A) નિકાસ પ્રોત્સાહન યોજના (B) આયાત પ્રોત્સાહન યોજના

(C) ભારતમાં ઉત્પાદન કરો (D) મૂલ્યવર્ધિત નિકાસ

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :-

(1) Datt and Sundaram; Edition-2017, Indian Economy, S.Chand Publication New Delhi.

(2) Economy Survey 2017-18, Government of India

(3) Annual Report Department of Commerce 2017-18

⇨ (MCQ) ના જવાબો :

(1) B (2) C (3) A (4) A (5) A

*** *** ***

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે, હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળાં પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવતારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસનાં ફૂલ મહેંકે;
બંધન નહીં કો' સ્થાન સમયનાં જવું ન ઘરથી દૂર,
ઘર આવી મા હરે શારદા દૈન્યતિમિરનાં પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે,મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીએ આપણ સૌ
ભવ્ય રાષ્ટ્રનિર્માણ...
દિવ્ય રાષ્ટ્રનિર્માણ...
ભવ્ય રાષ્ટ્રનિર્માણ

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
Website : www.baou.edu.in